Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# પ્રવચન સુધા

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'પ્રવચનસાર'
ઉપરના પ્રવચનો (ભાગ-૩)
(ગાથા ૫૩ થી ૯૨)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદાર**
૩૨, કહાનનગર
૨૭૧/૨૯૧ એન. સી. કેલકર રોડ
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
'વિમલાંચલ' હરિનગર,
અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

**પ્રથમાવૃત્તિ** : ૧૬-૦૩-૨૦૦૪
(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૨મી સમ્યક્ત્વ જયંતી)
**પ્રત** : ૧૦૦૦
**પૃષ્ઠ સંખ્યા** : ૫૪૦ + ૮ = ૫૪૮
**પડતર કિંમત** : ૧૧૦/-
**મૂલ્ય** : ૩૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૦૭૫/A
માતૃછાયા - ૪, આંબાવાડી
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૨૦૩૪૭૦

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : (૦૭૯) ૨૧૬૭૬૦૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been donated by Vitraag Sat Sahitya Trust who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Pravachan Suddha Part 3 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 17 November 2011 | First electronic version |

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ' નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદઆચાર્યના મહિમા દર્શાવતાં અનેક શીલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમ દેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદઆચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ શાસ્ત્રના પ્રવચનોમાં ફરમાવે છે – 'પ્ર + વચન + સાર. પ્ર નામ દિવ્યવચનો. જે દિવ્યધ્વનિ - ત્રણલોકના નાથ પરમાત્માની દિવ્યધ્વનિ - જે ૐ ધ્વનિ - તે અહીંયા કહે છે.' અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહા મિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું ? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો ! એ છે કહાન ગુરુદેવ !! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે ! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઇત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઇત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ પ્રતિભાને વ્યક્ત કરે છે.

એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે. તે અનેક શાસ્ત્રોમાંના એક 'પ્રવચનસાર' જેવાં ગૂઢ પરમાગમ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો પ્રકાશિત કરવાનું મહાન સૌભાગ્ય 'વીતરાગ

સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ' ને સંપ્રાપ્ત થયું છે. 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં કુલ ૨૭૪ પ્રવચનો થયાં છે. મૂળ પરમાગમ ત્રણ અધિકારમાં વિભાજીત છે. તેની અંદર બીજાં અધિકારોના વિભાગ કરવામાં આવેલ છે. જે 'પ્રવચનસાર' શાસ્ત્રની અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે. તદ્અનુસાર ૨૭૪ પ્રવચનોને આવરી લેવા અર્થે કુલ ૧૧ ભાગમાં આ પ્રવચનોને પ્રકાશિત કરવામાં આવશે. તૃતીય ભાગના આ પ્રવચનોમાં કુલ ૩૪ પ્રવચનો છે. જેમાં ૫૩થી ૯૨ ગાથાઓનો સમાવેશ થાય છે. ગાથા ૫૩થી ૬૮ 'સુખ અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે તથા ગાથા ૬૯થી ૯૨ 'શુભપરિણામ અધિકાર'ના મથાળા નીચે લેવામાં આવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયમાં સરળતા રહે તે અર્થે મૂળ સૂત્રકાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ, સૂત્ર ટીકાકાર આચાર્ય ભગવાન શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રઆચાર્યદેવની 'તત્ત્વદીપિકા' ટીકા તથા શ્રીમદ્ ભગવત્ જયસેનઆચાર્યદેવની 'તાત્પર્યવૃતિ' ટીકા સંસ્કૃતમાં આપવામાં આવેલ છે. તદ્ઉપરાંત ગુજરાતી હરિગીત તથા ટીકા પણ આપવામાં આવેલ છે.

સમાદરણીય, સિદ્ધાંતનિષ્ઠ, જિનવાણી રહસ્યજ્ઞ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના માર્ગદર્શન નીચે આ પહેલાં 'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪) પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે જ પ્રમાણે આ પ્રવચનોનાં સંકલનમાં પણ પૂર્ણ ચીવટ રાખી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અક્ષરશઃ જળવાઈ રહે તથા ભાવોનો પ્રવાહ પણ યથાવત જળવાઈ રહે તેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીના બધા જ પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી. તદર્થ બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં પુસ્તકાકારરૂપે આવી જાય તેવી પણ તેઓશ્રીની શોધ ચાલતી હતી. આ વાત તેઓશ્રીની પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવનાને પ્રદર્શિત કરે છે. માટે આ ભાવનાને અનુસરીને આ કાર્ય કરવામાં આવી રહ્યું છે. અતઃ આ પ્રસંગે તેમના ઉપકારને સ્મરણમાં લઈ તેઓશ્રીના ચરણોમાં વંદન કરીએ છીએ.

'વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની નીતિ અનુસાર આ પ્રવચનોને પ્રથમ ઑડિયો કેસેટ ઉપરથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ આ પ્રવચનોને કેસેટ ઉપરથી સાંભળતા-સાંભળતા સંપાદન કરવામાં આવે છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ પણ ભરવામાં આવેલ છે. **જ્યાં-જ્યાં વ્યક્તિગ સંબોધન કરવામાં આવેલ છે અથવા વ્યક્તિગત વાત કરવામાં આવી છે તે લેવામાં નથી આવી.** પૂર્ણરૂપે પ્રવચનો તૈયાર થયાં બાદ ફરી એકવાર અન્ય મુમુક્ષુ દ્વારા તેને કેસેટ સાથે મેળવી લેવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારની ભૂલ રહી જવા ન પામે. તેના ફળસ્વરૂપે 'પ્રવચન સુધા' ભાગ–૩ પ્રકાશિત કરતા અમોને અત્યંત હર્ષ થાય છે.

મે. હેવિકા ફાઉન્ડેનશ, લંડન તરફથી રૂ. ૨૫,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. જેમનો અત્રે હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. તદ્ઉપરાંત વીસ હજાર રૂપિયાથી નીચે આવેલ દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે.

ઑડિયો કેસેટ ઉપરથી અક્ષરશઃ પ્રવચનો ઉતારી આપવા બદલ શ્રી કનુભાઈ લક્ષ્મીચંદ શાહ, અમદાવાદનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. તથા આ પ્રવચનોના પ્રકાશનાર્થ અન્ય જે જે મુમુક્ષુઓનો સહકાર મળેલ છે તેમનો પણ અત્ર આભાર માનવામાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ મે. 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનોનાં પ્રકાશનમાં પ્રમાદવશ અથવા અજાગૃતિવશ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ જિનેન્દ્રભગવાનની, આચાર્યભગવંતોની, જિનવાણી માતાની તથા સર્વ સત્પુરુષોની શુદ્ધ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચીએ છીએ.

અંતતઃ આ પ્રવચનોની દિવ્ય દેશનાને અંતરંગમાં ગ્રહણ કરી સર્વ જીવો આત્મહિતને શીઘ્ર પ્રાપ્ત થાય, એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**આ પુસ્તકના પ્રકાશનાર્થે શ્રી શાંતિલાલ રતીલાલ શાહ પરિવાર, હ. શ્રી નેમિષભાઈ શાહ તથા કેતનભાઈ શાહ, મુંબઈ તરફથી વિશેષ સહયોગ પ્રાપ્ત થયેલ છે, જેના કારણે આ પુસ્તકની કિંમત ઘણી ઓછી રાખવામાં આવેલ છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| સળંગ પ્રવચન ક્રમાંક | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પ્રવચન–૫૩ | ગાથા–૫૩ | ००१ |
| પ્રવચન–૫૪ | ગાથા–૫૪ | ०१૯ |
| પ્રવચન–૫૫ | ગાથા–૫૫ | ०૩૬ |
| પ્રવચન–૫૬ | ગાથા–૫૬ | ०૫૨ |
| પ્રવચન–૫૭ | ગાથા–૫૭ | ०૬૮ |
| પ્રવચન–૫૭ | ગાથા–૫૮ | ०૭૬ |
| પ્રવચન–૫૭ | ગાથા–૫૯ | ०૮૪ |
| પ્રવચન–૫૮ | ગાથા–૫૯ | ०૮૮ |
| પ્રવચન–૫૯ | ગાથા–૫૯ | ૧०૩ |
| પ્રવચન–૫૯ | ગાથા–૬० | ૧૧૨ |
| પ્રવચન–૬० | ગાથા–૬० | ૧૨૧ |
| પ્રવચન–૬० | ગાથા–૬૧ | ૧૨૯ |
| પ્રવચન–૬૧ | ગાથા–૬૨ | ૧૩૮ |
| પ્રવચન–૬૧ | ગાથા–૬૩ | ૧૫૧ |
| પ્રવચન–૬૨ | ગાથા–૬૪ | ૧૫૬ |
| પ્રવચન–૬૨ | ગાથા–૬૫ | ૧૬૯ |
| પ્રવચન–૬૩ | ગાથા–૬૫ | ૧૭૪ |
| પ્રવચન–૬૩ | ગાથા–૬૬ | ૧૮૨ |
| પ્રવચન–૬૪ | ગાથા–૬૭ | ૧૯० |
| પ્રવચન–૬૪ | ગાથા–૬૮ | ૨०૪ |
| પ્રવચન–૬૫ | ગાથા–૬૮ | ૨०૮ |
| પ્રવચન–૬૫ | ગાથા–૬૯ | ૨૧૨ |
| પ્રવચન–૬૬ | ગાથા–૭० | ૨૨૬ |
| પ્રવચન–૬૬ | ગાથા–૭૧ | ૨૩૧ |
| પ્રવચન–૬૬ | ગાથા–૭૨ | ૨૩૬ |
| પ્રવચન–૬૭ | ગાથા–૭૨ | ૨૪૫ |
| પ્રવચન–૬૭ | ગાથા–૭૩ | ૨૫૪ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | | |
|---|---|---|
| પ્રવચન–૬૮ | ગાથા–૭૪ | ૨૬૧ |
| પ્રવચન–૬૮ | ગાથા–૭૫ | ૨૭૨ |
| પ્રવચન–૬૯ | ગાથા–૭૫ | ૨૭૬ |
| પ્રવચન–૬૯ | ગાથા–૭૬ | ૨૮૫ |
| પ્રવચન–૭૦ | ગાથા–૭૬ | ૨૮૯ |
| પ્રવચન–૭૦ | ગાથા–૭૭ | ૨૯૬ |
| પ્રવચન–૭૧ | ગાથા–૭૮ | ૩૦૨ |
| પ્રવચન–૭૧ | ગાથા–૭૯ | ૩૧૩ |
| પ્રવચન–૭૨ | ગાથા–૮૦ | ૩૧૭ |
| પ્રવચન–૭૩ | ગાથા–૮૦ | ૩૩૧ |
| પ્રવચન–૭૩ | ગાથા–૮૧ | ૩૪૦ |
| પ્રવચન–૭૪ | ગાથા–૮૧ | ૩૪૪ |
| પ્રવચન–૭૪ | ગાથા–૮૨ | ૩૪૭ |
| પ્રવચન–૭૫ | ગાથા–૮૩ | ૩૫૮ |
| પ્રવચન–૭૬ | ગાથા–૮૪ | ૩૭૩ |
| પ્રવચન–૭૬ | ગાથા–૮૫ | ૩૮૧ |
| પ્રવચન–૭૭ | ગાથા–૮૫ | ૩૮૮ |
| પ્રવચન–૭૭ | ગાથા–૮૬ | ૩૮૯ |
| પ્રવચન–૭૮ | ગાથા–૮૭ | ૪૦૧ |
| પ્રવચન–૭૯ | ગાથા–૮૭ | ૪૧૬ |
| પ્રવચન–૮૦ | ગાથા–૮૭ | ૪૩૧ |
| પ્રવચન–૮૧ | ગાથા–૮૮ | ૪૪૪ |
| પ્રવચન–૮૨ | ગાથા–૮૯ | ૪૫૮ |
| પ્રવચન–૮૨ | ગાથા–૯૦ | ૪૬૫ |
| પ્રવચન–૮૩ | ગાથા–૯૦ | ૪૭૬ |
| પ્રવચન–૮૪ | ગાથા–૯૧ | ૪૯૧ |
| પ્રવચન–૮૪ | ગાથા–૯૨ | ૫૦૫ |
| પ્રવચન–૮૫ | ગાથા–૯૨ | ૫૧૦ |
| પ્રવચન–૮૫ | કળશ–૫ | ૫૧૯ |
| પ્રવચન–૮૬ | કળશ–૬ | ૫૨૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

श्री सर्वज्ञवीतरागाय नमः

# શાસ્ત્ર સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः। ।१।।
कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः।
अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का। ।२।।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान्।
अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।३।।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रुगुरुवे नमः।

## ।। श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः।।

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्री समयसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया श्रृणवन्तु।।

मंगलं भगवान वीरो मंगलं गौतमो गणी। ।१।।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।
सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं ।२।।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम्।




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ॐ

**नम: श्रीसिद्धेभ्य:**

अथ ज्ञानादभिन्नस्य सौख्यस्य स्वरूपं प्रपञ्चयन् ज्ञानसौख्ययोः हेयोपादेयत्वं चिन्तयति -

**अत्थि अमुत्तं मुत्तं अदिंदियं इंदियं च अत्थेसु।**
**णाणं च तहा सोक्खं जं तेसु परं च तं णेयं।।५३।।**

**अस्त्यमूर्तं मूर्तमतीन्द्रियमैन्द्रियं चार्थेषु।**
**ज्ञानं च तथा सौख्यं यतेषु परं च तत् ज्ञेयम् ।।५३।।**

अत्र ज्ञानं सौख्यं च मूर्तमिन्द्रियजं चैकमस्ति। इतरदमूर्तमतीन्द्रियं चास्ति। तत्र यदमूर्तमतीन्द्रियं च तत्प्रधानत्वादुपादेयत्वेन ज्ञातव्यम्। तत्राद्यं मूर्ताभिः क्षायोपशमिकी-भिरुपयोगशक्तिभिस्तथाविधेभ्य इन्द्रियेभ्यः समुत्पद्यमानं परायत्तत्वात् कादाचित्कं क्रमकृतप्रवृत्ति सप्रतिपक्षं सहानिवृद्धि च गौणमिति कृत्वा ज्ञानं च सौख्यं च हेयम्। इतरत्पुनरमूर्ताभिश्चैतन्यानु-विधायिनीभिरेकाकिनीभिरेवात्मपरिणामशक्तिभिस्तथाविधेभ्योऽतीन्द्रियेभ्यः स्वाभाविकचिदाकार-परिणामेभ्यः समुत्पद्यमानमत्यन्तमात्मायत्तत्वान्नित्यं युगपत्कृतप्रवृत्ति निःप्रतिपक्षमहानिवृद्धि च मुख्यमिति कृत्वा ज्ञानं सौख्यं चोपादेयम् ।।५३।।

---

एवमष्टाभिः स्थलैर्द्वात्रिंशद्गाथास्तदनन्तरं नमस्कारगाथा चेति समुदायेन त्रयस्त्रिंश-त्सूत्रैर्ज्ञानप्रपञ्चनामा तृतीयोऽन्तराधिकारः समाप्तः। अथ सुखप्रपञ्चाभिधानान्तराधिकारेऽष्टादश गाथा भवन्ति। अत्र पञ्चस्थलानि, तेषु प्रथमस्थले `अत्थि अमुत्तं' इत्याद्यधिकारगाथासूत्रमेकं, तदनन्तरमतीन्द्रियज्ञानमुख्यत्वेन `**जं पेच्छदो**' इत्यादि सूत्रमेकं, अथेन्द्रियज्ञानमुख्यत्वेन `**जीवो सयं अमुत्तो**' इत्यादि गाथाचतुष्टयं, तदनन्तरमतीन्द्रियसुखमुख्यतया `**जादं सयं**' इत्यादि गाथाचतुष्टयं, अथानन्तरमिन्द्रियसुखप्रतिपादनरूपेण गाथाष्टकम्, तत्राप्यष्टकमध्ये प्रथमत इन्द्रियसुखस्य दुःखत्वस्थापनार्थं `मणुआसुरा' इत्यादि गाथाद्वयं,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ मुक्तात्मनां देहाभावेऽपि सुखमस्तीति ज्ञापनार्थं देहः सुखकारणं न भवतीति कथनरूपेण `**पप्पा इट्ठे विसये**' इत्यादि सूत्रद्वयं, तदनन्तरमिन्द्रियविषया अपि सुखकारणं न भवन्तीति कथनेन `तिमिरहरा' इत्यादि गाथाद्वयम्, अतोऽपि सर्वज्ञनमस्कारमुख्यत्वेन `तेजोदिट्ठि' इत्यादि गाथाद्वयम्। एवं पञ्चमस्थले अन्तरस्थलचतुष्टयं भवतीति सुखप्रपञ्चाधिकारे समुदायपातनिका।। अथातीन्द्रियसुखस्योपादेयभूतस्य स्वरूपं प्रपञ्चयन्नतीन्द्रियज्ञानमतीन्द्रियसुखं चोपादेयमिति, यत्पुनरिन्द्रियजं ज्ञानं सुखं च तद्धेयमिति प्रतिपादनरूपेण प्रथमतस्तावदधिकारस्थलगाथया स्थलचतुष्टयं सूत्रयति - **अत्थि** अस्ति विद्यते। किं कर्तृ। **णाणं** ज्ञानमिति भिन्नप्रक्रमो व्यवहितसम्बन्धः। किंविशिष्टम् **अमुत्तं मुत्तं** अमूर्तं मूर्तं च। पुनरपि किंविशिष्टम्। **अदिंदियं इंदियं च** यदमूर्तं तदतीन्द्रियं मूर्तं पुनरिन्द्रियजम्। इत्थंभूतं ज्ञानमस्ति। केषु विषयेषु। **अत्थेसु** ज्ञेयपदार्थेषु, **तहा सोक्खं च** तथैव ज्ञानवदमूर्तमतीन्द्रियं मूर्तमिन्द्रियजं च सुखमिति। **जं तेसु परं च तं णेयं** यत्तेषु पूर्वोक्तज्ञानसुखेषु मध्ये परमुत्कृष्टमतीन्द्रियं तदुपादेयमिति ज्ञातव्यम्। तदेव विव्रियते-अमूर्ताभिः क्षायिकीभिर-तीन्द्रियाभिश्चिदानन्दैकलक्षणाभिः शुद्धात्मशक्तिभिरुत्पन्नत्वादतीन्द्रियज्ञानं सुखं चात्माधीनत्वेना-विनश्वरत्वादुपादेयमिति, पूर्वोक्तामूर्तशुद्धात्मशक्तिभ्यो विलक्षणाभिः क्षायोपशमि-केन्द्रियशक्तिभिरुत्पन्नत्वादिन्द्रियजं ज्ञानं सुखं च परायत्तत्वेन विनश्वरत्वाद्धेयमिति तात्पर्यम्।।५३।।

---

હવે, જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવતાં જ્ઞાન અને સુખનું હેય-ઉપાદેયપણું (અર્થાત્ ક્યું જ્ઞાન તેમ જ સુખ હેય છે અને ક્યું ઉપાદેય છે તે) વિચારે છે :-

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.**

**અન્વયાર્થ** :- **[अर्थेषु ज्ञानं]** પદાર્થો સંબંધી જ્ઞાન **[अमूर्तं मूर्तं]** અમૂર્ત કે મૂર્ત, **[अतीन्द्रियं ऐन्द्रियं च अस्ति]** અતીન્દ્રિય કે ઐન્દ્રિય હોય છે; **[च तथा सौख्यं]** અને એ જ પ્રમાણે (અમૂર્ત કે મૂર્ત, અતીન્દ્રિય કે ઐંદ્રિય) સુખ હોય છે. **[तेषु च यत् परं]** તેમાં જે પ્રધાન-ઉત્કૃષ્ટ છે **[तत् ज्ञेयम्]** તે ઉપાદેયપણે જાણવું.

**ટીકા :–** અહીં, (જ્ઞાન તેમ જ સુખ બે પ્રકારનું છે –) એક જ્ઞાન તેમ જ સુખ મૂર્ત અને ઇન્દ્રિયજ છે; અને બીજું (જ્ઞાન તેમ જ સુખ) અમૂર્ત અને અતીન્દ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીન્દ્રિય છે તે પ્રધાન હોવાથી ઉપાદેયપણે જાણવું.

ત્યાં, પહેલું જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી કાદાચિત્ક, ક્રમે પ્રવર્તતું, સપ્રતિપક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને સહાનિવૃદ્ધિ છે તેથી ગૌણ છે એમ સમજીને તે હેય અર્થાત્ છોડવાયોગ્ય છે; અને બીજું જ્ઞાન તેમ જ સુખ અમૂર્ત એવી ચૈતન્યાનુવિધાયી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે તથાવિધ અતીન્દ્રિય સ્વાભાવિક-ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી નિત્ય, યુગપદ્ પ્રવર્તતું, નિઃપ્રતિપક્ષ અને અહાનિવૃદ્ધિ છે તેથી મુખ્ય છે એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે. ૫૩

---

ગાથા–૫૩
પ્રવચન નં. – ૫૩
તા. ૨૮-૦૨-૭૯

('પ્રવચનસાર') 'જ્ઞાન-અધિકાર' બાવન (ગાથામાં) પૂરો થયો. **'હવે જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવતાં જ્ઞાન અને સુખનું હેય-ઉપાદેયપણું...'** (સંસ્કૃતમાં) છે ને માથે ? **'ज्ञानसौख्ययोः हेयोपादेयत्वं चिन्तयति'** (અર્થાત્) એનો વિચાર કરે છે. **'(અર્થાત્ ક્યું જ્ઞાન તેમ જ સુખ હેય છે અને ક્યું ઉપાદેય છે તે) વિચારે છે.'** આચાર્યને વિચાર (કરવો) પડતો હશે ? (એને) લઈને વાત કરે છે.

**अत्थि अमुत्तं मुत्तं अदिंदियं इंदियं च अत्थेसु।**
**णाणं च तहा सोक्खं जं तेसु परं च तं णेयं।।५३।।**

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.**

**ટીકા :– 'અહીં, (જ્ઞાન તેમ જ સુખ બે પ્રકારનું છે–) એક જ્ઞાન તેમ જ સુખ મૂર્ત અને ઇન્દ્રિયજ છે; અને બીજું (જ્ઞાન તેમ જ સુખ) અમૂર્ત અને અતીંદ્રિય છે.'** બે પ્રકાર લીધા. ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ, એક કોર અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ. **'(તેમાં જે અમૂર્ત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અને અતીંદ્રિય છે તે) પ્રધાન હોવાથી...**' પાઠમાં '**परं**' કહ્યું છે – '**परं णेयं**' એટલે ઉત્કૃષ્ટ ઉપાદેય એમ કહ્યું. પરમ ઉત્કૃષ્ટ પણ જાણવામાં. જાણવાનો અર્થ અહીં ઉપાદેય છે. આહા..હા...! તે પણ પાછું પરમ કહ્યું છે તો ઉત્કૃષ્ટ કહ્યું. ત્યારે ઇન્દ્રિયજ્ઞાન કાંઈ હેઠે છે ? પણ જણાવવું જોઈએ ને (એટલે કહ્યું). પછીની ટીકામાં આગળ લેશે (કે), ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ ગૌણ છે અને અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ મુખ્ય છે. આ..હા...! આ તો મુખ્ય–ગૌણ કરીને સમજાવે છે. મુખ્ય આ છે અને ઇન્દ્રિયસુખ એનાથી કંઈ ગૌણ છે (એમ કહ્યું) પણ એ ખરેખર સુખ છે જ નહિ. એને અહીં ગૌણ કરીને (કહ્યું છે).

જેમ ('સમયસાર'ની) અગિયારમી ગાથામાં પર્યાય છે તે ગૌણ કરીને અભૂતાર્થ કહેવામાં આવી છે. અગિયારમાં ! એમ આ ઇન્દ્રિયજ્ઞાન અને (ઇન્દ્રિય)સુખ ગૌણ કરીને હેય કહેવામાં આવ્યું છે. આહા..હા...! ભાષા ટૂંકામાં સંકેલવી હોય એટલે (એમ કહ્યું) પછી ટીકાકાર એનો ખુલાસો કરે. (ઇન્દ્રિયસુખ) છે એટલી વાત, (કેમકે) અજ્ઞાની માને છે ને ? એ માટે આને (અતીન્દ્રિયસુખને) પરમ કહ્યું. (અજ્ઞાની) માને છે ને (એટલે). આહા..હા...! આને પરમ કહ્યું ત્યારે એને ગૌણ કહ્યું. આ ઉત્કૃષ્ટ કહ્યું ત્યારે એની અંદર કાંઈ ઓછું પણ (સુખ) છે એમ નહિ પણ વિપરીત છે. આહા..હા...! છે શબ્દ ? '**તેમાં જે અમૂર્ત અને અતીંદ્રિય છે તે પ્રધાન હોવાથી...**' જુઓ ! '**परं**' શબ્દ છે ને ? મૂળ પાઠમાં '**परं**' – પ્રધાન એટલે મુખ્ય હોવાથી. અતીન્દ્રિયસુખ એ જ મુખ્ય વસ્તુ છે. અતીન્દ્રિય આનંદ અને સુખ ! ઇન્દ્રિયસુખને તો કલ્પિત માન્યું છે. એને તો અહીંયાં ગૌણ કરીને હેય કહેશે. ગૌણ કરીને હેય કહેશે. આહા..હા...!

(હવે કહે છે) '**ત્યાં, પહેલું જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું...**' આ..હા..હા...! ઇન્દ્રિય દ્વારા જ્ઞાન અને ઇન્દ્રિય દ્વારા માન્યતાનું સુખ (અર્થાત્) આ મને સુખ થાય છે. આહા..હા...! પાંચે ઇન્દ્રિયોના વિષયો તરફના ઝુકાવથી મને જાણે સુખ થાય છે અને મને જ્ઞાન થાય છે (એમ માને છે). આહા..હા...! (પરંતુ) એ પરાધીન છે.

'**ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી કાદાચિત્ક,...**' (અર્થાત્) કોઈવાર હોય એવું. કારણ કે એ તો અનિત્ય છે ને ? ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ કાદાચિત્ક (એટલે) કોઈવાર થાય. આહા..હા...! આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન થયું પછી એ (ઇન્દ્રિયજ્ઞાન અને સુખ) છે જ નહિ. સમ્યગ્દર્શન થતાં આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખસ્વરૂપ છે એનો સ્વાદ આવતા અતીન્દ્રિયનું જ્ઞાન (થયું) એ અતીન્દ્રિય સુખ થયું. ભલે એને થોડું થયું પણ એ અતીન્દ્રિય જ્ઞાનમાંથી અતીન્દ્રિય જ્ઞાન અને સુખ થયું એ જ મુખ્ય વસ્તુ છે. આ..હા..હા...!

શ્રોતા :– આપે એને મુખ્ય કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– કીધું ને ? આમાં જરી શૈલી આ છે, એ તો ખ્યાલ છે. તે દી' આ વાત થઈ ગઈ છે. બધા લોકો માને છે ને ! અમે સુખી છીએ ! ધૂળમાં પણ સુખી નથી ! (અહીંયાં કોઈક આવ્યું હતું તે કહેતું હતું કે) 'અમારા વેવાઈ સુખી છે.' (મેં) કીધું 'સુખીની વ્યાખ્યા શું ? સુખી એટલે શું ?' એ કહ્યું ને ? એ તો ગૌણ કરીને આની મુખ્યતા બતાવવા ઉપાદેય બતાવવું છે. જ્ઞેયનો અર્થ જ ઉપાદેય કર્યો. પરમ જાણવા લાયક છે, એમ કહ્યું. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ જાણવા લાયક છે – એનો અર્થ જ કે, એ જાણવા લાયક છે એટલે કે ઉપાદેય છે. એમ. (આ તો) ગાથા છે ને ? ગાથામાં તો ટૂંકા શબ્દો હોય છે ને તેથી ટીકાકારે આનો ખુલાસો વધારે કર્યો છે અને ખુલાસો વધારે કર્યા વિના એ ખ્યાલમાં ન આવે. (તેથી અહીંયાં) પરમ કહ્યું.

ભગવાનઆત્મા ! તેનું સમ્યગ્દર્શન પામતાં અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ ત્યાંથી શરૂ થાય છે. એ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ ત્યાંથી શરૂ થાય છે. આહા..હા...! પ્રધાન, મુખ્ય એ ચીજ છે અને ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ ગૌણ કરીને હેય કહ્યું છે. અહીં એવી ટૂંકી શૈલી લીધી છે. તેથી તો પહેલાં કહ્યું. 'જયસેનાચાર્ય'ની ટીકામાં ચોખ્ખું છે. ત્યાં બીજું કાંઈ (નથી કહ્યું). આ ઉપાદેય છે અને આ હેય છે એટલી વાત (લીધી છે) પણ 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં (આમ લીધું છે). ગાથાના થોડા શબ્દોમાં ઘણું બતાવવું છે ને ! આહા..હા...!

'**પહેલું જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ...**' ક્ષયોપશમ ઉપયોગશક્તિ ! '**તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા...**' આહા..હા...! સુખ અને જ્ઞાન '**ઊપજતું થકું પરાધીન હોવાથી કાદાચિત્ક,...**' તે પણ કદાચિત્ છે. આ..હા..હા...! એવા જીવ લીધા છે કે, એને ઇન્દ્રિયસુખ અને જ્ઞાન નાશ થશે અને અતીન્દ્રિયજ્ઞાન અને સુખ (પ્રગટ થશે). એટલે કદાચિત્ અનિત્ય છે પણ કદાચિત્ એને અમુક કાળ સુધી થાય. આ..હા..હા...! સમજાય છે કાંઈ આમાં ? છે ને નીચે ? કાદાચિત્કનો અર્થ કર્યો છે, જુઓ ! કાદાચિત્ક = કદાચતિ્–કોઈ વાર હોય એવું; અનિત્ય.

અહીંયાં તો વજન દેવાનું છે કે, ઇન્દ્રિયજ્ઞાન અને સુખ છે એ વસ્તુ નથી. એ તો કલ્પેલું માન્યું છે. અંતર જ્ઞાનનો સાગર પ્રભુ છે એને સ્પર્શીને જ્ઞાન થાય એ અતીન્દ્રિય છે અને એને સ્પર્શીને જ્ઞાન થાય એ આનંદના સ્વાદ સાથે થાય. સમજાય છે કાંઈ ? માટે તે '**परं णेयं**' (છે અર્થાત્) ઉત્કૃષ્ટપણે ઉપાદેય છે. આ..હા...! પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને પૂર્ણ અતીન્દ્રિય સુખ તો ભગવાન અરિહંતને છે. એ તો ઉપાદેય હોય જ. એને ઉપાદેય હોય, એમ નહીં, બીજાને (ઉપાદેય હોય). એને તો થઈ ગયું છે. આ..હા...! આ વકીલાતનું જ્ઞાન, વકીલાતમાં આમ જરી હરખ આવે, (ક્યારેક) જીતે તો ઓ..હો..હો...! (થાય) એ બધું ઇન્દ્રિયજ્ઞાન અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇન્દ્રિયસુખ (છે). આહા..હા...!

શ્રોતા :– એ તો કુજ્ઞાન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ કહે છે કે, ઇન્દ્રિયજ્ઞાન (અને) સુખ એ કાલ્પનિક છે. માટે તેને (છોડવા યોગ્ય છે).

અહીં તો ભાષા બીજી લીધી છે, જુઓ ! (એ ઇન્દ્રિયજ્ઞાન તેમજ સુખ) '**(પરાધીન) હોવાથી કાદાચિત્ક, ક્રમે પ્રવર્તતું,...**' (છે). ઉપયોગ છે એ ક્રમે પ્રવર્તે છે ને ? ભલે એના ઉઘાડમાં ઘણું હોય પણ ઉપયોગ ક્રમે પ્રવર્તે. સમજાણું કાંઈ ? આ..હા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે ને ? ઇન્દ્રિયજ્ઞાન (કેવું) છે ? કે, એક માણસને કીધું કે તું અહીં જા પણ આ માણસને સાથે લઈને જા. (તેના જેવું છે). 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં (આવે છે). એમ ક્ષયોપશમજ્ઞાન ઇન્દ્રિયાધીન છે અને તે ઇન્દ્રિયાધીન સુખની કલ્પના કરે છે, ત્યારે એ ઇન્દ્રિયાધીન (થઈને) જાણી શકે છે. આ..હા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. એમ કહે (છે કે) ઉપયોગ જ એ જાતનો છે કે, એક–એક ઇન્દ્રિયથી જાણે. ઉઘાડ(માં) તો પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ છે છતાં પણ એ જ્ઞાન એ જાતનું છે કે, એક–એક ઇન્દ્રિયને નિમિત્ત કરીને જાણે. '**ક્રમે પ્રવર્તતું**' છે એમ કીધું ને ? એ વાત ચાલે છે – ક્રમે પ્રવર્તતું. આ..હા...! પાંચે ઇન્દ્રિયનું એને એકસાથે (જ્ઞાન) ન થાય. ઇન્દ્રિયમાં ક્રમે પ્રવૃત્તિ થાય. આહા..હા...! '**સપ્રતિપક્ષ...**' (છે).

શ્રોતા :– ક્ષયોપશમભાવને મૂર્તિક કહ્યો ?

સમાધાન :– મૂર્ત જ છે ! ક્ષયોપશમભાવ એક ન્યાયે મૂર્ત છે અને એક ન્યાયે બંધનું કારણ છે. પર તરફનો ક્ષયોપશમ થયો છે એ બંધનું કારણ છે. સ્વ તરફનો અતીન્દ્રિય ક્ષયોપશમ થાય એ સુખનું કારણ છે. આ..હા..હા...! આવું છે. કહો, આ પૈસાવાળા સુખી છે ? (તો કહે છે કે) એ અજ્ઞાની ઇન્દ્રિયાધીન સુખી (છે એમ) માને છે. એમ કહે છે.

શ્રોતા :– શરીર તો મજબૂત થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય શરીર મજબૂત (થતું નથી). આ તો માટી છે, ધૂળ – આ માટી છે. મજબૂત થાય કે ન થાય એની સાથે શું (લેવાદેવા) ? ખીલો વાગે ત્યારે આમ નથી કહેતા ? ખીલો કે ચૂંક વાગે ત્યારે કહે છે, 'મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહિ.' ત્યાં એમ કહે કે, 'મારી માટી પાકણી છે !' આ માટી ! ખીલો વાગે ને ? ચૂંક વાગે (તો કહે) 'પાણી અડવા દેશો નહિ.' વળી કહે કે, 'એ શરીર મારું છે !' એક કોર માટી કહે અને એક કોર પોતાનું કહે !!

શ્રોતા :– પૈસા આવે તો આંગળીઓ ખૂબ જાડી થઈ જાય !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ ધૂળેય નથી. પાતળા કેટલાય હોય છે કરોડોપતિઓ ! પાતળું શરીર હોય પાતળું અને અબજોપતિ હોય. એમાં શું છે ? આ..હા..હા...! 'અમેરીકા'માં નથી ? દોઢ માઈલમાં કસાઈખાનું છે, દોઢ માઈલમાં ! અબજોપતિ છે. કસાઈખાનું ! કસાઈ – કાપનારા ! ગાયું, ભેસુંને કાપનારા કસાઈ ! 'અમેરીકા'માં દોઢ માઈલમાં એનું કારખાનું છે, અબજોપતિ છે. એ ચાંદીની ખુરશીમાં બેસે ! ચાંદીની ખુરશી...! એથી શું ? એ શું સુખ છે ? અરે...! પેલો નહિ એક ? એક કલાકના દોઢ કરોડ રૂપિયાની પેદાશ છે ! બીજો એક દેશ છે ક્યાંક ! એક દિવસની એક અબજની પેદાશ છે ! આ..હા...!

શ્રોતા :– પેટ્રોલ નીકળે એટલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેશ નાનો છે (એમાં) પેટ્રોલના કૂવા નીકળ્યા. (એવું) પૂર્વનું કોઈ પુણ્ય ! (પણ) પાપાનુબંધી પુણ્ય !

શ્રોતા :– પેટ્રોલને કાળુ સોનું કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કહે, કહે. સાંભળ્યું છે ને ! બહુ નીકળે ખરું ને ! (એટલે) પૈસા એકદમ ઊપજે ને ! અરે...! ધૂડ છે ! કહે છે. એ ઇન્દ્રિયાધીન જ્ઞાન પણ ખોટું છે. અહીં તો હેય કહ્યું છે. એનો અર્થ જ એ કે, એ અસત્યાર્થ છે. જેમ ભૂતાર્થની પાસે પર્યાય(ને) ગૌણ કરીને અસત્યાર્થ (કહે) છે એમ અતીન્દ્રિય સુખ અને જ્ઞાનની પાસે ઇન્દ્રિયજ્ઞાન અને સુખ અસત્ય અને અભૂતાર્થ છે, જૂઠું છે. અહીં તો ગાથા છે ને ! (એટલે) ટૂંકામાં નાખવું છે.

શ્રોતા :– સુખ ઊપજે છે અને જૂઠું ?

સમાધાન :– તદ્દન જૂઠું ! અસત્ય ! એ દુ:ખને સુખ માને છે. અજ્ઞાનને એ જ્ઞાન માને છે. આહા..હા...! આવી વાત છે. આ..હા...! જુઓ ! છે ?

(ઇન્દ્રિયજ્ઞાન અને સુખ) '**સપ્રતિપક્ષ અને સહાનિવૃદ્ધિ છે...**' (સપ્રતિપક્ષનો અર્થ નીચે કર્યો છે). સપ્રતિપક્ષ = પ્રતિપક્ષ અર્થાત્ વિરોધી સહિત (મૂર્ત ઇંદ્રિયજ જ્ઞાન તેના પ્રતિપક્ષ–અજ્ઞાનસહિત જ હોય છે અને મૂર્ત ઇંદ્રિયજ સુખ તેના પ્રતિપક્ષભૂત દુ:ખ સહિત જ હોય છે). જોયું ? હવે વધારે તો આ છે. '**તેથી ગૌણ છે...**' તેથી 'નથી' એમ ન કહ્યું. લોકો માને છે એટલે એ પ્રમાણે (કહ્યું છે). આહા..હા...! ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયથી થતાં સુખની કલ્પના એ વસ્તુ જૂઠી છે. એ જ્ઞાન પણ નથી અને એ સુખ પણ નથી. પણ અહીંયાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખની ઉત્કૃષ્ટતા બતાવવી છે તેથી તે ઇન્દ્રિયજ્ઞાન (અને) સુખને ગૌણ કરીને... એમ કીધું છે, જોયું ? '**ગૌણ છે એમ સમજીને તે હેય...**' છે. ગૌણ છે એમ સમજીને તે હેય છે. આહા..હા...! પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. અગિયારમી ગાથા ! પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી, એમ નહિ. પર્યાય છે, પર્યાય વિનાનું દ્રવ્ય હોય જ નહિ. આહા..હા...! કહો, આ પૈસાવાળા એમ માને કે, અમે સુખી છીએ ! (તો) એ મૂઢ છે એમ કહે છે. આ..હા...! એમાં પાંચ–પચ્ચીસ લાખની પેદાશ હોય ! (એ) હોય તોપણ શું અને ન હોય તોપણ શું ? એની સાથે શું છે ? આહા..હા...! એ પૈસાની સંખ્યા વધારે હોય તોપણ શું (અને) ઓછી હોય તોપણ શું ? એના ઉપર જેટલી મમતા છે... મમતા છે એટલું દુઃખ છે. આ..હા..હા...!

શ્રોતા :– જેને દુઃખ જરાય નથી માટે મમતા નથી એમ થયું ?

સમાધાન :– મમતા છે. મમતા ન હોય તો એનું લક્ષ કેમ જાય છે ? આહા..હા...! ભગવાન આનંદસ્વરૂપ છે ત્યાં કેમ લક્ષ જાતું નથી ? મહા ભંડાર ભર્યો છે ! આહા..હા...! અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ અપરંપાર ભર્યો છે ! આ..હા...! એની અપેક્ષાએ ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયનું સુખ મૂર્ત કહ્યું, ક્રમે પ્રવર્તતું કહ્યું, પ્રતિપક્ષવાળું કહ્યું અને હાનિવૃદ્ધિવાળું કહ્યું – તેથી ગૌણ છે. ગૌણ છે (એમ કહ્યું) તો કાંઈક હેઠે છે ને ? એ 'છે', એમ એટલું બતાવવું છે.

શ્રોતા :– સુખ છે ખરું !

સમાધાન :– માને છે, સુખ છે કે'દી ? એ માને છે એટલે એની ભાષાથી કહે ને ? આહા..હા...! '**એમ સમજીને તે હેય અર્થાત્ છોડવાયોગ્ય છે;...**' આહા..હા...! આ શાસ્ત્રજ્ઞાન છે એ પણ ઇન્દ્રિયજ્ઞાન છે. ('સમયસાર') 'બંધ અધિકાર'માં (૨૭૬–૨૭૭ ગાથામાં) એને કહ્યું છે ને ? શબ્દજ્ઞાન ! આત્મજ્ઞાન નહિ. શાસ્ત્રનું જ્ઞાન એટલે શબ્દનું જ્ઞાન. આ..હા..હા...! અને વ્યવહાર ચારિત્ર જે કીધું (છે એને) ત્યાં શું કીધું ? કે, છ જીવ-નિકાય (ચારિત્ર). કારણ કે લક્ષ ત્યાં જાય છે ને ? (એટલે એમ કહ્યું કે) છ કાયના જીવ તે ચારિત્ર. અને વ્યવહાર શ્રદ્ધા (કોને કહી ? કે) નવ તત્ત્વ તે સમકિત. નવ તત્ત્વની શ્રદ્ધા (તે સમકિત). કારણ કે, શ્રદ્ધા નવ તત્ત્વની છે. ચારિત્રમાં પણ અજ્ઞાનીનું વ્યવહાર ચારિત્ર (છે એમાં) એનું લક્ષ છ કાયના જીવ ઉપર છે. એ એક જ લીધું છે (બાકીના) ચાર મહાવ્રત નથી લીધા. કારણ કે એ છ કાયમાં પાંચેય મહાવ્રત આવી જાય છે. (આમ) ત્યાં 'બંધ અધિકાર'માં લીધું છે. સમજાણું કાંઈ આમાં ? શું કીધું ?

જે જ્ઞાન ઇન્દ્રિયોથી થાય (છે) એ (જ્ઞાન), જે અતીન્દ્રિયજ્ઞાન છે અને અતીન્દ્રિયસુખ છે એનાથી વિપરીત છે. આહા..હા...! તેથી ઇન્દ્રિયથી થતાં જ્ઞાનને અને ઇન્દ્રિયથી થતાં કલ્પનાના સુખને ગૌણ કરીને, તેને સમજીને ગૌણ કરીને તે હેય છે (અર્થાત્ છોડવા યોગ્ય છે). આહા..હા...! આ ગાથાની ભાષા જરી અટપટી છે. (જે) નથી તેને ગૌણ (કરીને, એમ કહ્યું છે). સુખ નથી અને જ્ઞાન પણ નથી છતાં તેને ગૌણ કરીને હેય છે એમ કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– જે હોય એ હેય–ઉપાદેય હોય ને ?

સમાધાન :– છે તે માટે કીધું ને ! છે માટે તેને ગૌણ કરીને હેય કહ્યું. વ્યવહારનો વિષય નથી ? પણ છે તે હેય છે. આહા..હા...! ('સમયસાર'ની બારમી ગાથાની ટીકામાં એમ કહ્યું કે) '**परिज्ञायमानस्तदात्वे**' એ નિશ્ચય સાથેની વાત છે. નિશ્ચય ભૂતાર્થનું જ્ઞાન થયું છે અને સુખ પણ થયું છે તેને, એ પર્યાયમાં જેટલી અશુદ્ધતા વર્તે (છે) અને શુદ્ધતાનો અંશ છે તેને તે કાળે જાણવો. '**परिज्ञायमानस्तदात्वे**' તે કાળે, તે–તે સમયે. કારણ કે બીજે સમયે પાછો શુદ્ધિનો અંશ વધશે અને અશુદ્ધિનો ઘટશે. એટલે તે–તે સમયનું તે–તે પ્રકારનું જ્ઞાન જાણેલું પ્રયોજનવાન છે, આદરેલું નહિ. જેમાં શુદ્ધતાનો અંશ છે. આ ઇન્દ્રિયજ્ઞાનમાં તો શુદ્ધતાનો અંશ છે જ નહિ. શું કહે છે સમજાણું ? આ..હા...!

ઇન્દ્રિયજ્ઞાનમાં તો અતીન્દ્રિયજ્ઞાનનો વિરોધ છે. ઇન્દ્રિયસુખમાં અતીન્દ્રિયસુખનો પ્રતિપક્ષ છે. આહા..હા...! પણ અહીંયાં ટૂંકી ભાષામાં સમજાવવું છે એટલે એને ગૌણ કરીને (એમ કહ્યું). અને ત્યાં પણ એમ કહ્યું,,, આહા..હા...! જ્ઞાન છે જ નહિ – શાસ્ત્રજ્ઞાન એ શબ્દજ્ઞાન છે અને નવ તત્ત્વની શ્રદ્ધા છે એ શ્રદ્ધા (છે) એ નવ તત્ત્વ છે. એનો વિષય છે તે એમ છે. એમ છે એમ જાણવું અને ચારિત્ર–વ્યવહાર ચારિત્ર  મહાવ્રતનો વિકલ્પ છે. છ કાય તે ચારિત્ર છે (એમ કહ્યું). એના તરફ વલણ થયું છે એ ચારિત્ર ન લેતાં છ કાય તે ચારિત્ર છે (એમ કહ્યું) ! આ..હા..હા...! એ વ્યવહાર છે એ હેય છે. આહા..હા...!

વ્યવહાર વિના પણ નિશ્ચય હોય છે, એમ આવે છે ને ? કેમકે જ્યાં યથાખ્યાત સ્થિર થઈ ગયો અંદર ત્યારે તો વ્યવહાર છે નહિ. એટલે વ્યવહાર નથી પણ સ્વઆશ્રય છે તો વસ્તુ છે. આહા..હા...! અને (નીચેના ગુણસ્થાને) સ્વઆશ્રય થયો છે અને વ્યવહાર પણ હોય છે છતાં પણ એ વ્યવહાર હેય છે. અને જ્યાં આ બાજુ પૂર્ણ થઈ ગયો તો ત્યાં વ્યવહાર હોતો નથી. વ્યવહાર વિના નિશ્ચય હોય છે. નિશ્ચય વિના વ્યવહાર હોતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

સ્વના આશ્રયના જ્ઞાન અને આનંદ વિના વ્યવહાર રત્નત્રયને વ્યવહાર રત્નત્રય કહી શકાય જ નહિ. એ વસ્તુ જ નથી. આનો (નિશ્ચયનો) ત્યાં ઉપચાર કરીને મોક્ષમાર્ગ કીધો, બાકી છે તો એ બંધનો માર્ગ. આહા..હા...! ભગવાનઆત્મા ! જે પૂર્ણાનંદનો નાથ ! એનો જે આશ્રય લીધો... નિશ્ચય સ્વઆશ્રિત, વ્યવહાર પરઆશ્રિત. 'નિયમસાર'માં આ શબ્દ છે. મૂળ વસ્તુ એમાં છે. પરઆશ્રિત વ્યવહાર તે બધો હેય છે. આહા..હા...! વ્યવહારનય હેય છે. આહા..હા...!

'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં 'દીપચંદજી'એ કહ્યું છે કે, એ (વ્યવહાર) હેય છે પણ રાખજે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કારણ કે ભગવાન છે, એની પૂજા છે, એનો વિનય છે. બહુ એકદમ (નિશ્ચય) કરી નાખીશ નહિ. એવું લીધું છે ! કારણ કે વ્યવહાર હેય છે અને વ્યવહાર આવો છે (એમ કહ્યું તો) ભગવાનનો વિનય કરવો એ વ્યવહાર છે, ભગવાનની વાણી સાંભળવી એ વ્યવહાર છે. જરી ખ્યાલમાં રાખવું (પણ) છે એ છોડવાનો. વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે એટલું લક્ષમાં રાખજે. આ..હા...! એ ત્યાં 'અધ્યાત્મ પંચ સંગ્રહ'માં કહ્યું અને 'પદ્મનંદી પંચવિંશતી'માં કહ્યું. 'પદ્મનંદી પંચવિંશતી'માં શ્લોક છે કે, વ્યવહાર પૂજ્ય છે. એવો પાઠ છે. એ વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે. છે ને, કહ્યું છે–પૂજ્ય છે. નિશ્ચયથી પૂજ્ય નથી. આહા..હા...! ભાઈ ! કેટલા શબ્દો અને કેટલી અપેક્ષાઓ ! આ..હા..હા...! એનો સરવાળો ક્યાં છે ? કે, સ્વઆશ્રયમાં જા ! એ વિના તને જ્ઞાન અને સુખ નહિ થાય, ભાઈ ! આ..હા..હા...!

પૂર્ણાનંદનો નાથ ત્યાં છે, એને આશ્રયે ભલે થોડું જ્ઞાન થાય પણ એ થોડું (થાય છે) તેને પણ 'વિજ્ઞાન' કહે છે. વિજ્ઞાન ! ચૌદમી ગાથાની ટીકા છે. સમજાણું ? સ્વનું – ચૈતન્યમૂર્તિ પ્રભુનું જ્ઞાનનું જ્ઞાન ભલે થોડું હોય પણ એ વિજ્ઞાન છે. આ..હા..હા...! અને ઇન્દ્રિયજ્ઞાન છે એ ગમે એટલું અગિયાર અંગનું જ્ઞાન હોય છતાં તે શબ્દજ્ઞાન છે. આહા..હા...! માટે તે હેય છે.

શ્રોતા :– જે હેય હોય એનું જ્ઞાન જ શું કરવા કરાવ્યું ?

સમાધાન :– કહે, વ્યવહારથી કહ્યું છે, પાઠ છે. આમાં બન્ને પાઠ છે ને ? મૂર્ત-અમૂર્ત જ્ઞાન અને મૂર્ત-અમૂર્ત સુખ. પાઠ છે કે નહિ ? '**अत्थि अमुत्तं मुत्तं अदिंदियं इंदियं च अत्थेसु।**' પદાર્થને વિષે – પર પદાર્થને વિષે છે એ ઇન્દ્રિયસુખ અને ઇન્દ્રિયજ્ઞાન (છે) અને સ્વ પદાર્થ ભગવાનઆત્માને આશ્રયે છે એ અતીન્દ્રિયસુખ અને અતીન્દ્રિયજ્ઞાન. આહા..હા...! '**अत्थेसु**' છે ને ? '**अत्थेसु**' એટલે શું લીધું છે ? '**अर्थेषु**' એટલે પદાર્થો સંબંધી જ્ઞાન. (અન્વયાર્થમાં) પહેલો શબ્દ છે '**अर्थेषु**' છે ને ? પાઠમાં બીજું (પદ છે) '**अत्थेसु**' – અર્થોથી એટલે પદાર્થ સંબંધી જ્ઞાન. આ ગાથા જરી એવી છે. અર્થ એટલે પદાર્થ સંબંધી. આમ પદાર્થ સંબંધી (ઇન્દ્રિય)જ્ઞાન અને ઇન્દ્રિયસુખ અને આમ પદાર્થ સંબંધી (અતીન્દ્રિય)જ્ઞાન (અને) અતીન્દ્રિયસુખ. આહા..હા...!

કહો, આ બધા પૈસાવાળા સુખી છે એ માને છે કે, અમે સુખી છીએ ! (એ) મોટો મૂઢ છે, કહે છે. પાગલ છે – ગાંડા છે. એ પૈસા જડ–માટી–ધૂળ છે એ તો, અને એ માને છે કે, મારાં છે, મેં ભેગા કર્યા. જે જડ–માટી છે (એને) તેં ક્યાંથી ભેગા કર્યા ? તારો અધિકાર છે પરદ્રવ્યને મેળવવાનો ? આહા..હા...!

શ્રોતા :– બોલબોલા એની છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– બોલબોલા એની કાંઈ નથી. એ મરીને જવાના હેઠે. આ..હા...! પૈસાવાળાની બોલબોલા ! મરીને જાશે ક્યાંકના ક્યાંક !

શ્રોતા :– ગરીબજાતને કોઈ ઊભું પણ ન રહેવા દે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– અરે...! ગરીબને ઊભો રહેવા દે ! બાહ્યનો ગરીબ અને અંતરનો તવંગર ! ત્યાં ધર્મમાં ઊભો રહે મોઢા આગળ ! આ..હા...! 'લહી ભવ્યતા મોટું નામ' પરમાત્મા કહે કે, આ ભવ્ય જીવ છે અને સમકિતી છે ! પછી એ ગરીબ હોય અને (બીજું) કાંઈ હોય તોપણ હવે તારે જોવે શું બીજું ? કહે છે. આહા..હા...! 'લહી ભવ્યતા મોટું નામ' ભગવાનના હુકમમાં આવ્યું કે, આ જીવ મોક્ષગામી છે, અલ્પભવમાં મોક્ષ જશે ! બસ, દુનિયાના માન(નું) તારે હવે શું કામ છે ? અને ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે, આ જીવ અભવી અને નાલાયક છે ! હવે તારે કોનું અપમાન જોવે છે ? ત્રણ લોકના નાથની વાણીમાં આવ્યું કે, એ અભવી છે (એના જેવું અપમાન ક્યુ હોય ?) આહા..હા...! એ પહેલાં નથી આવ્યું ? એ પહેલાં આવી ગયું છે. ભગવાનને અતીન્દ્રિય આનંદ અને સુખ છે એમ ન માને તે અભવી છે. અભવી એટલે લાયક નથી એમ. (પણ) કીધો હતો અભવી ! કીધો છે અભવી એમ ખ્યાલ છે ને ! અભવી છે ! જે કોઈ ભગવાન અરિહંતના સુખને અને અતીન્દ્રિય જ્ઞાનને ન માને અને એ આહાર લે ત્યારે સુખી થાય, આહાર લે અને રોગ (થાય તો) દવા લે ત્યારે ઠીક થાય (એમ જે માને છે) એ બધા અભવી છે, કહે છે. અભવીનો અર્થ અત્યારે લાયક નથી. એ જીવ અભવી જ હોય એમ કંઈ નથી. આહા..હા...! ધર્મને લાયક નથી. આહા..હા...!

'**ત્યાં, પહેલું જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી...**' ખોટું છે. '**તેથી ગૌણ છે એમ સમજીને તે હેય અર્થાત્ છોડવાયોગ્ય છે;...**' આ..હા..હા...! ઇન્દ્રિયથી અગિયાર અંગનું જ્ઞાન થયું... આહા..હા...! એ છોડવા યોગ્ય છે. અને અંદર અતીન્દ્રિયજ્ઞાન (થોડુંક) થયું (તો તે ઉપાદેય છે). તુષ-માષ નહિ ? 'શિવભૂતિ' (મુનિ) ! (તેમને) દ્રવ્યશ્રુત નહોતું, ઉઘાડ જરીયે નહોતો. દ્રવ્યશ્રુતના શબ્દના ઉઘાડની એટલી યોગ્યતા નહોતી. આહા..હા...! ભાવશ્રુત હતું. આ..હા..હા...! દ્રવ્યશ્રુત કાંઈ નહોતું, જરીયે નહોતું. યાદ કરે એવું નહોતું. મા-તુષ અને મા-રુષ એ પણ યાદ નહોતું રહ્યું ! ફક્ત એનો અર્થ પોતે કરી નાખ્યો હતો કે, કોઈ અનુકૂળતામાં સંતોષાઈશ નહિ, પ્રતિકૂળતામાં અણગમો કરીશ નહિ, એટલે કે વીતરાગતા રાખજે. મા-તુષ અને મા-રુષ એ શબ્દ પણ ભૂલી ગયા ! આ..હા...! દ્રવ્યશ્રુત તો એટલું પણ યાદમાં ન રહ્યું. ભાવશ્રુત – અંદર આત્માને સ્પર્શીને જે જ્ઞાન થયું... આ..હા..હા...! એ જ્ઞાનથી એકદમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાન પામ્યા ! કોઈ બાઈ આમ અડદના ઓલા કાઢતી હશે... એને શું કહેવાય ? ફોતરા ! પલાળેલી હોય ને ? આ છૂટી દાળ કરે છે ને ? પોતે મુનિ ત્યાં ઊભા હતા. બીજી બાઈએ પૂછ્યું, 'બેન શું કરો છો ?' (તો એણે કહ્યું) 'તુષ-માષ !' માષ એટલે અડદ અને તુષ એટલે ફોતરા. એને જુદાં કરું છું. એટલો શબ્દ જ્યાં સાંભળ્યો ત્યાં... ઓ..હો..હો...! ભગવાન–માષ– અડદ જેવો ! માષનો પિંડલો પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદ ! અને આ પુણ્ય–પાપના ભાવ, વિકલ્પ આદિ છે એ ફોતરા છે. આ..હા...!

શ્રોતા :– એ તો અનંતમાં એક થાય !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ભલે (એક) થાય. આ તો થાય છે કે નહિ ? એમાં શું છે ? મૂળ વસ્તુને પહોંચી ગયો પછી એને (દ્રવ્યશ્રુત) ઓછું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આ..હા..હા...! સમજાણું કાંઈ ? પ્રયોજન તો આત્માને સ્પર્શવો અને એનું સુખ લેવું એ પ્રયોજન છે. ધર્મીનું ધર્મ – પ્રયોજન તો આ છે. એ પ્રયોજન સિદ્ધ ન થાય અને એકલા ઇન્દ્રિયજ્ઞાનમાં રોકાઈ જાય તો થઈ રહ્યું...! આહા..હા...! એમ અહીંયાં અતીન્દ્રિય જ્ઞાન અને સુખ કહે છે. જુઓ !

'**બીજું જ્ઞાન તેમ જ સુખ અમૂર્ત...**' (પહેલાં કીધું એ) મૂર્ત હતું. '**એવી ચૈતન્યાનુવિધાયી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે...**' જોયું ? આહા..હા...! (નીચે અર્થ આપ્યો છે) ચૈતન્યાનુવિધાયી = ચૈતન્ય–અનુવિધાયી; ચૈતન્યને અનુસરીને વર્તનારી; ચૈતન્યને અનુકૂળપણે– વિરૂદ્ધપણે નહિ–વર્તનારી. આહા..હા...! શું કહે છે ? અતીન્દ્રિય ભગવાનઆત્મા ! એનું જ્ઞાન જે છે એ ચૈતન્યસ્વભાવને અનુસરીને થાય છે. કોઈ સાંભળવું (વગેરે) ઇન્દ્રિયના નિમિત્તથી (થાય છે) એ કાંઈ છે નહિ. આહા..હા...!

આ..હા...! '**આત્મપરિણામશક્તિઓ વડે...**' '**ચૈતન્યાનુવિધાયી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે...**' આ..હા..હા...! જેમાં કોઈ શબ્દ આદિનું નિમિત્ત પણ નથી. આ..હા..હા...! '**તથાવિધ અતીંદ્રિય સ્વાભાવિક–ચિદાકારપરિણામો...**' (અર્થાત્) સ્વાભાવિક જ્ઞાનાકાર પરિણામો દ્વારા. જ્ઞાનાકાર (અર્થાત્) જ્ઞાનસ્વરૂપ આત્માના આશ્રયે ઉત્પન્ન થયું. '**ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી...**' આ..હા..હા...! જે આત્મા અખંડ જ્ઞાનની મૂર્તિ પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સાગર ! આહા..હા...! એને આશ્રયે જે જ્ઞાન અને આનંદ થયો એ આત્માધીન – અત્યંત આત્માધીન (છે). પેલામાં તો ઇન્દ્રિયનું આધીનપણું, પરાધીનપણું, હાનિવૃદ્ધિ થાય તેવું અને કોઈ વખતે હોય એવું (હતું). આ તો થયું એ થયું ! આ..હા..હા...!

વસ્તુ છે – અતીન્દ્રિયઆનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા છે ! એ અતીન્દ્રિયજ્ઞાન છે તે અમૂર્ત છે. તેનું સુખ પણ અમૂર્ત છે અને તે અત્યંત આત્માધીન હોવાથી નિત્ય છે. જુઓ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પ્રગટે છે એ નિત્ય સુખમાંથી પ્રગટે છે ને ? બીજી રીતે કહીએ તો જે અતીન્દ્રિય(સુખ) પ્રગટ્યું છે... આહા..હા...! એ કાયમ રહેનારું છે. સમજાણું કાંઈ ? ઇન્દ્રિય(સુખને) તો હેય કીધું, પરાધીન ! પરાધીન કીધું, આહા..હા...! '**...ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી...**' એ પરાધીન (છે) અને અહીંયાં આત્માધીન હોવાથી (એમ કહ્યું). એકલું આત્માધીન નહિ – '**અત્યંત આત્માધીન હોવાથી**' (કહ્યું છે) ! આહા..હા...! જેને મનના વિકલ્પ અને મનની અપેક્ષા પણ નથી. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા ! અતીન્દ્રિયઆનંદનો સાગર પ્રભુ ! એને આશ્રયે થયેલું (સુખ) આત્માધીન છે અને અત્યંત આત્માધીન છે. અત્યંત આત્માધીન છે ! આ..હા..હા...!

શ્રોતા :– ગુરુદેવ ! અહીંયાં આત્મપરિણામશક્તિઓ વડે અને ચિદાકારપરિણામો દ્વારા – એ બેમાં શું ફેર છે ?

સમાધાન :– એ તો ત્રિકાળીની વાત કીધી. આ '**અતીન્દ્રિય સ્વાભાવિક–ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું**' એમ કીધું ને ? એ પરિણામ છે – પર્યાય છે.

શ્રોતા :– એ દ્વારા ઊપજે છે ?

સમાધાન :– અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ પ્રગટે છે ને ! છે તો અતીન્દ્રિય ત્રિકાળ પણ અતીન્દ્રિય પરિણામ દ્વારા એ પ્રગટે છે. છે જુઓને ! '**આત્મપરિણામશક્તિઓ વડે તથાવિધ અતીંદ્રિય સ્વાભાવિક–ચિદાકારપરિણામો**' એમ પરિણામની વાત લેવી છે ને ? એકલું અતીન્દ્રિય છે એમ પણ નહિ.

શ્રોતા :– પરિણામની બન્ને વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, બન્ને છે ને ! '**આત્મપરિણામશક્તિઓ વડે**' (અર્થાત્) આત્માના પરિણામની શક્તિ વડે. વર્તમાન અતીન્દ્રિય પરિણામ તે. '**તથાવિધ અતીંદ્રિય સ્વાભાવિક–ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું...**' આહા..હા...! ઊપજ્યું કેમ ? ઊપજ્યું કેમ ? એ તદાકાર–ચિદાકારપણે ઊપજ્યું.

ખરેખર તો અતીન્દ્રિયજ્ઞાનનો અંશ જે ત્રિકાળના આશ્રયે પરિણામ થઈને પરિણમ્યો એ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ(ની) પરિણતિ (થઈ) એ ષટ્કારકથી પરિણતિ થઈ છે. આહા..હા...! એ પરિણામ છે એ ષટ્કારકે પરિણમિત થયું છે. આ..હા..હા...! આત્મા તો ફક્ત એમાં નિમિત્ત છે. ઉપાદાન અને મુખ્ય તો એ છે. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ પર્યાયના ષટ્કારકપણે પરિણમ્યું છે. તેને અહીં કીધું. '**એકલી જ આત્મપરિણામશક્તિઓ**' એમ. આત્મપરિણામશક્તિ ! એ '**વડે તથાવિધ અતીંદ્રિય સ્વાભાવિક–ચિદાકાર...**' પરિણમે છે. પરિણામશક્તિઓ વડે પોતાની પર્યાયમાં પરિણમે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**(ચિદાકાર)પરિણામો દ્વારા ઊપજતું થકું...**' આ..હા..હા...! '**અત્યંત આત્માધીન હોવાથી...**' આ..હા..હા...! '**નિત્ય...**' છે. (પેલું) અનિત્ય છે તો આ નિત્ય છે. ત્રિકાળી નિત્ય છે એ તો (નિત્ય) છે (પણ) આ તો પ્રગટ્યું છે એ એમને એમ રહેવાનું છે (માટે નિત્ય કહ્યું). આહા..હા...! અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખનો પિંડ પ્રભુ ! આત્માના પરિણામે કરીને જે ઊપજ્યું છે... આહા..હા...! તે અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ અત્યંત આત્માધીન છે, કાયમ રહેવાનું છે. પરિણામ આત્માધીન છે ને ? પરિણામ લેવું છે ને ? એ પરિણામ આત્માધીન છે. આત્માધીન એટલે એ આત્મારૂપ છે એમ નહિ. અતીન્દ્રિયજ્ઞાન (અને) સુખ આત્માને આધીન છે. એનો સ્વ તરફ આશ્રય થયો ને એટલે આધીન છે (એમ કહ્યું છે). જેમ અહીં ઇન્દ્રિયાધીન હતું, (એમ) અહીં (આત્માધીન છે). એમ અપેક્ષાએ એવી વાત છે. નહિતર તો એ અતીન્દ્રિય જ્ઞાન, આનંદના પરિણામ જે પ્રગટ્યા છે એ તો ખરેખર તો સ્વદ્રવ્ય ઉપર લક્ષ કર્યું છે એટલું, બાકી પરિણતિ છએ કારકે ઉત્પન્ન થઈ છે. આવું છે, આહા..હા...! એ અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયસુખ કર્તા થઈને સ્વતંત્રપણે પોતે દ્રવ્ય તરફનું લક્ષ કરે છે. એવો જે એનો સ્વભાવ છે. આહા..હા...! તે પરિણામોથી ઉત્પન્ન થયેલું... આહા..હા...! '**એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે...**' અને તે રીતે '**અતીંદ્રિય સ્વાભાવિક–ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું...**' આહા..હા...! બહુ ગજબ છે ને !

'**અત્યંત આત્માધીન હોવાથી નિત્ય,...**' છે. અતીન્દ્રિયજ્ઞાન અને સુખ તો પર્યાય છે. પરિણામથી ઊપજ્યું છે ને ? ઊપજ્યું છે તો પર્યાય છે. આહા..હા...! પણ નિત્ય છે. અહીં ટીકાની એવી શૈલી છે ! કે, પ્રગટ્યું એ પ્રગટ્યું, એનાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન લીધે છૂટકો ! આ..હા..હા...! સમજાણું કાંઈ ? એક કોર કહેવું કે, કેવળજ્ઞાન સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે, એક કોર કહેવું કે, કેવળજ્ઞાનની પર્યાય હેય છે ! 'નિયમસાર !' આ..હા...! કઈ અપેક્ષા છે, બાપુ ? કેવળજ્ઞાન અને મતિ–શ્રુતજ્ઞાન અને એવા બધી પર્યાયો હેય છે. એક ત્રિકાળી ભગવાન જ ઉપાદેય છે. આહા..હા...! પણ અહીંયાં અતીન્દ્રિયજ્ઞાન આત્માને આધીન થઈને પ્રગટ્યું છે. આધીન થયું છે એ પોતે કર્તા થઈને સ્વતંત્ર આધીન થયું છે. આ..હા..હા...! આવી વાત ! વ્યવહારના રસીલાને તો આ બધું કઠણ પડે, એકાંત લાગે. (પરંતુ) વસ્તુસ્થિતિ (આ) છે,

પ્રભુ ! ભગવાન છે આત્મા ! ભગવાન છે એને આશ્રયે પર્યાય પ્રગટી એ ભગવાનસ્વરૂપ છે. આહા..હા...! અક્ષય ! અમેય ! અક્ષય (એટલે) ક્ષય થાય નહિ અને અમેય (એટલે) મર્યાદા વિનાનું એવું જે અતીન્દ્રિય જ્ઞાન અને સુખ... આ..હા..હા...! છે ? એ '**યુગપદ્ પ્રવર્તતું...**' (અર્થાત્) એક સાથે છે. ઇન્દ્રિય સુખમાં ક્રમે–ક્રમે (હોય) (અર્થાત્) પાંચે ઇન્દ્રિયોનું એક સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સુખ ન હોય, જ્ઞાન ન હોય. એક ઇન્દ્રિયનું હોય તો બીજી ઇન્દ્રિયનું હોય નહિ. આહા..હા...! એમાં પણ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. ક્રમિક જ્ઞાન ઉપયોગથી લેવું છે ને ? લબ્ધરૂપ ભલે થયું હોય પણ ઉપયોગમાં તો લાલ રંગને દેખે એ વખતે કાળાને નથી દેખતું, કાળાને દેખે ત્યારે લીલાને નથી દેખતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, ભાઈ ! ક્રમે પ્રવર્તતું ! અંદર ઉઘાડ તો એક સાથે થયો છે પણ એ ઉપયોગમાં ક્રમે–ક્રમે ખ્યાલમાં આવે છે. આહા..હા...! ઓ..હો..હો...! આવું છે.

'**યુગપદ્ પ્રવર્તતું...**' અને '**નિઃપ્રતિપક્ષ...**' (એટલે) એની સામે કોઈ વિરોધ નથી. આ..હા..હા...! અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ ! આ..હા..હા...! એને કોઈ પ્રતિપક્ષ છે નહિ. '**અને અહાનિવૃદ્ધિ...**' (અર્થાત્) એમાં હાનિવૃદ્ધિ નથી. આહા..હા...! અહાનિવૃદ્ધિ ! એ તો પ્રગટ્યું એ પ્રગટ્યું ! આ..હા...! એક કોર કહેવું કે, કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. અગુરુલઘુ ! આ..હા..હા...! એ બીજી વાત છે. એ તો કેવળજ્ઞાનનો મહિમા વર્ણવ્યો છે. બાપા, એ બધું તું જાણ (તો પછી) કેવળજ્ઞાનનું માહાત્મ્ય શું ? આહા..હા...! સમજાણું કાંઈ ? શું કીધું ? (શ્રોતાઃ– કેવળજ્ઞાનમાં બધું જણાય (એમ) શ્રુતજ્ઞાનમાં જણાય જાય તો એનું માહાત્મ્ય શું ?)

મારે બીજું કહેવું છે કે, કેવળજ્ઞાનની પર્યાયમાં પણ એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. અનંતમા ભાગે, અનંતમે ગુણે, અસંખ્ય ભાગે, અસંખ્ય ગુણે, સંખ્ય ભાગે, સંખ્ય ગુણે, એક સમયમાં હોં ! કોઈ અલૌકિક વાતું છે ! આ..હા...! કેવળજ્ઞાનની પર્યાયમાં, પૂર્ણાનંદની પર્યાયમાં... આહા..હા...! એના પુરુષાર્થની એક સમયની પર્યાયમાં અગુરુલઘુ(ગુણથી) ષટ્ગુણહાનિવૃદ્ધિ ! આ..હા...! અહીં તો એક સમયે હોય છે. ષટ્ગુણહાનિ અને વૃદ્ધિ... આ..હા..હા...! આ તો હાનિવૃદ્ધિ વિનાનું (કહ્યું) એને અંદર ષટ્ગુણહાનિવૃદ્ધિ છે એમ (કહેવું છે) ! આહા..હા...! સમજાય છે કાંઈ ? '**અહાનિવૃદ્ધિ છે...**'

'**તેથી...**' મૂળ પાઠમાં '**परं**' શબ્દ છે તેથી અહીં '**મુખ્ય છે...**' એમ કીધું. (અતીન્દ્રિય જ્ઞાન અને સુખ) મુખ્ય છે, ઇન્દ્રિય જ્ઞાન (અને) સુખ તે ગૌણ છે. ગૌણ અને મુખ્યની વાત કરી છે. આહા..હા...! 'સમયસાર'ના શ્લોકો ઘણાં ગંભીર છે. આ તો સીધી વીતરાગની વાણી ! સંતો.. મુનિઓ...! આ..હા..હા...!

કાલે એક સ્થાનકવાસી સાધુ આવ્યો હતો. ગોંડલ સંઘેણાનો એક (સાધુ) કાલે આવ્યો હતો, નરમ હતો બિચારો, હોં ! મેં કીધું 'ભાઈ ! સાધુપણું – સમકિત તો કાંઈ જુદી ચીજ છે.' (તેણે કહ્યું) 'સાચી વાત, સમકિતના ફાંફાં છે !' નરમ હતો, જુવાન સાધુ ! આહા..હા...! 'શાતા છે આપને ?' એમ કીધું. ઊભો રહ્યો (એટલે) મેં કીધું 'બાપુ ! સાધુપણું કોઈ જુદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ છે, સમકિત કોઈ જુદી ચીજ છે. (તેણે કહ્યું) 'સાચી વાત, સમકિતના ફાંફાં છે !' પણ હવે જાય ક્યાં બિચારા ? શું કરે ? આહા..હા...!

અહીં (કહે છે) અતીન્દ્રિયસુખ અને જ્ઞાન યુગપદ્ પ્રવર્તતું, નિત્ય અને પ્રતિપક્ષ વિનાનું અને અહાનિવૃદ્ધિ (સ્વરૂપ છે). હાનિવૃદ્ધિ નહિ. એ જે ઊપજ્યું છે એમાં કોઈ ઘટાડો નહિ થાય. હાનિ (તો નહિ), પાછી વૃદ્ધિ નહિ ! ત્યાં પૂર્ણની અપેક્ષા છે. પૂર્ણ છે તેમાં હાનિ નહિ અને પૂર્ણ છે તેમાં વૃદ્ધિ નહિ. આહા..હા...! આ..હા..હા...! એ અતીન્દ્રિયજ્ઞાનના પેટામાં સાધક આવી જાય છે. આહા..હા...!

'**એમ સમજીને ઉપાદેય...**' (અર્થાત્) મુખ્ય સમજીને ઉપાદેય, મુખ્ય સમજીને '**ગ્રહણ કરવા યોગ્ય છે.**' આ..હા..હા...! સમજાય છે કાંઈ ? (આ) વીતરાગની વાણી છે, બાપા ! આહા..હા...! સર્વજ્ઞ પરમાત્માની સાક્ષાત્ સાંભળેલી વાણી ! સાક્ષાત્ પ્રગટેલું એ આ બધી રચના છે ! આહા..હા...! ('કુંદકુંદાચાર્યદેવ') ભગવાન પાસે (ગયા હતા, ત્યાંથી આવીને) પછી આ શાસ્ત્રો રચ્યા છે ! 'પ્રવચનસાર' ! દિવ્યધ્વનિ ! 'ૐકાર દિવ્યધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' આ..હા..હા...! 'રચિ આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે' આહા..હા...! એવા જીવ અહીં લીધા છે. આહા..હા...! ('સમયસાર'ની) પાંચમી (ગાથામાં) તો એ કહ્યું ને (કે), પ્રમાણ કરજો ! એમ 'પ્રવચનસાર'ના છેલ્લા બે શ્લોક છે (એમાં કહ્યું છે કે) આજ જ ! આજ ! કાલ નહિ. આહા..હા...! 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે.' ભાઈએ ('શ્રીમદ્જી'એ) કીધું છે ને ? આજ જ કર, કહે છે. જ્યારથી સાંભળ્યું ત્યારથી ઉપાડ, એમ કહે છે ! આહા..હા...! કાલ... કાલ... પછી... પછી... કરીશ (તો) પછીમાં પહેલું આવશે નહિ. પછીમાં પછી રહેશે. આહા..હા...! બે શ્લોકમાં આવે છે. 'આજ' (શબ્દ) આવે છે. આજ કર ! આજ કર ! પ્રમાણ કર ! આ..હા..હા...! અનુભવ કરીને પ્રમાણ કર ! આ..હા..હા...! ગજબ વાત છે ! એ વાત ક્યાં છે ?

પેલાને (ઇન્દ્રિય જ્ઞાન અને સુખને) ગૌણ કહ્યું હતું, આને (અતીન્દ્રિય જ્ઞાન અને સુખને) મુખ્ય કહ્યું, એટલો શબ્દફેર (છે). (મૂળ) પાઠમાં '**परं**' કહ્યું તેનો 'ઉત્કૃષ્ટ' અર્થ કરીને મુખ્ય છે, એમ કીધું. આહા..હા...! પાઠમાં '**परं**' શબ્દ છે ને ? એ પરમ આદરણીય છે. '**णेयं**', '**णेयं**' જાણવા લાયક (છે). આહા..હા...! આમાં પછી જરી (એમ કહ્યું કે) ઇન્દ્રિય જ્ઞાન અને સુખ ગૌણ છે, એ આદરણીય નથી એટલે હેય છે અને આ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ ઉપાદેય છે... આહા..હા...! તેથી તે મુખ્ય છે. મુખ્ય છે માટે તે ઉપાદેય છે. આહા..હા...!

અહીં બીજું કહેવું છે કે, કેવળજ્ઞાનની પર્યાય છે એ ઉપાદેય છે ? પર્યાય (ઉપાદેય) ? પણ પેલા ઇન્દ્રિય જ્ઞાન અને સુખની અપેક્ષાએ આને ઉપાદેય (કહ્યું). નહિતર તો કેવળજ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય પણ હેય છે. 'નિયમસાર'માં ('શુદ્ધભાવ અધિકાર'ની) પહેલી ગાથા છે, ભાઈ ! આ..હા..હા...! ગજબ શૈલી છે ! (અહીંયાં કહે છે કે) **'ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે.'** 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'ની પહેલી ગાથા ! '**जीवादिबहित्तच्चं**' '**बहित्तच्चं**'માં કેવળજ્ઞાન પણ બાહ્ય તત્ત્વ છે. આ..હા..હા...! તે '**हेयं**' (કહ્યું). પણ અહીં પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય (કહ્યું). પ્રગટ્યું છે એ અપેક્ષાએ એને ઉપાદેય કહે છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ? કેટલાં પડખાં પડે ! અલૌકિક ચીજ છે !

પદાર્થ – ભગવાનઆત્મા ! એના અનંત... અનંત... અનંત... ચૈતન્ય ચમત્કારી ગુણ ! આ..હા..હા...! તેનાથી થતાં પરિણામ, એ પરિણામથી પરિણમતો... આ..હા...! નિત્ય છે, પ્રતિપક્ષ વિનાનો છે, હાનિવૃદ્ધિ રહિત છે તેથી તે મુખ્ય છે. હવે આવું બધું (સમજવું) ! આમ છે. **'એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે.'** આ..હા...! ઓ..હો..હો...! પૂર્ણની અપેક્ષાએ અત્યારે આ વાત છે. પહેલાં આવી ગયું હતું ને ? પહેલાં આવી ગયું હતું કે, આ વાત પૂર્ણની અપેક્ષાએ છે. નથી આવ્યું પહેલાં ? (૪૯ ગાથાના ભાવાર્થમાં) છેલ્લું – **'આ કથન એકદેશ જ્ઞાનની અપેક્ષાથી નથી પરંતુ પૂર્ણ જ્ઞાનની (કેવળજ્ઞાનની) અપેક્ષાથી છે.'** અંદરથી સાધકપણું કાઢવું એ પણ છે, પણ મુખ્ય આ છે. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક (જાણે). અતીન્દ્રિય જ્ઞાનનો સ્વભાવ જે પ્રભુ છે એને આશ્રયથી થયેલું (જ્ઞાન) અત્યંત આત્માને આધીન છે અને હાનિવૃદ્ધિ વિનાનું છે. આ..હા...!

એની એક પર્યાયમાં એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ ! અનંતમે ભાગે વધે અને અનંતગુણ વધે. અસંખ્યમા ભાગે (વધે), અસંખ્યગુણ વધે. સંખ્યગુણ વધે અને સંખ્યાતભાગે વધે. આ..હા..હા...! અને અનંતગુણ હાનિ થાય, અસંખ્યગુણ હાનિ. ઓ..હો..હો...હો...! એ પર્યાયનો કોઈ સ્વભાવ (એવો છે) ! (અહીં) હાનિવૃદ્ધિ નથી (એમ કહ્યું) એ તો પર્યાય ઓછી થાતી નથી એ અપેક્ષાએ (કહ્યું છે) પણ પર્યાયમાં એવી કોઈ સૂક્ષ્મતા (છે), એક–એક પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિની (સૂક્ષ્મતા છે)... આ..હા..હા..હા...! કે, કેવળજ્ઞાન વિના જણાય નહિ, એમ કહે છે. આ..હા..હા...! તેથી મતિ–શ્રુતજ્ઞાન થયું છે એ જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. 'ધવલ'માં (આવે) છે (કે) 'બોલાવે છે ! આવ... આવ... આવ...!' અમે અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશું એમ એનો અર્થ છે. આ..હા..હા...! મતિ–શ્રુતજ્ઞાન થયું એ થયું... આ..હા..હા...! હાનિવૃદ્ધિ વિનાનું (કહ્યું એ તો) પૂર્ણની અપેક્ષાએ (કહ્યું). પણ આ થયું છે એ પૂર્ણને પામશે. એ રીતે અહીં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? આ..હા...! એ ૫૩ ગાથા (પૂરી થઈ).

અતીન્દ્રિયસુખ ઉપાદેય છે એમ કહ્યું તો અતીન્દ્રિયસુખનું સાધન અતીન્દ્રિયજ્ઞાન છે. અતીન્દ્રિયજ્ઞાન ઊપજે છે ત્યારે અતીન્દ્રિયસુખ થાય છે. આહા..હા...! અતીન્દ્રિયજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિયસુખનું સાધન છે. છે તો એક સમયમાં બન્ને, પણ અતીન્દ્રિયજ્ઞાન થાય તેને અતીન્દ્રયઆનંદ આવે. જ્ઞાનનો અધિકાર તો પૂરો કર્યો પણ અહીં સુખના અધિકારમાં આમ લીધું. (આ) છે તો સુખનો અધિકાર.

'**હવે અતીંદ્રિય સુખના સાધનભૂત (–કારણરૂપ) અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે–એમ તેને પ્રશંસે છે :–**' એમ ગાથા છે. (વિશેષ કહેશે...)

**અહો ! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતા મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતા પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યાં છે. આવા મહાન શાસ્ત્રની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ પદે-પદે કેટલું ગંભીર રહસ્ય છે ! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે. (પરમાગમસાર–૧૦૦૬)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथातीन्द्रियसौख्यसाधनीभूतमतीन्द्रियज्ञानमुपादेयमभिष्टौति -

**जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।५४।।**

**यत्प्रेक्षमाणस्यामूर्तं मूर्तेष्वतीन्द्रियं च प्रच्छन्नम्।**
**सकलं स्वकं च इतरत् तद्ज्ञानं भवति प्रत्यक्षम् ।।५४।।**

अतीन्द्रियं हि ज्ञानं यदमूर्तं यन्मूर्तेष्वप्यतीन्द्रिय यत्प्रच्छन्नं च तत्सकलं स्वपरविकल्पान्तःपाति प्रेक्षत एव। तस्य खल्वमूर्तेषु धर्माधर्मादिषु, मूर्तेष्वप्यतीन्द्रियेषु परमाण्वादिषु, द्रव्यप्रच्छन्नेषु कालादिषु, क्षेत्रप्रच्छन्नेष्वलोकाकाशप्रदेशादिषु, कालप्रच्छन्नेष्वसांप्रतिकपर्यायेषु, भावप्रच्छन्नेषु स्थूलपर्यायान्तर्लीनसूक्ष्मपर्यायेषु सर्वेष्वपि स्वपरव्यवस्थाव्यवस्थितेष्वस्ति द्रष्टत्वं, प्रत्यक्षत्वात्। प्रत्यक्षं हि ज्ञानमुद्भिन्नानन्तशुद्धिसन्निधानमनादिसिद्धचैतन्यसामान्यसंबन्धमेकमेवाक्षनामानमात्मानं प्रति नियतमितरां सामग्रीममृगयमाणमनन्तशक्तिसद्भावतोऽनन्ततामुपगतं दहनस्येव दाह्याकाराणां ज्ञानस्य ज्ञेयाकाराणामनतिक्रमाद्यथोदितानुभावमनुभवत्तत् केन नाम निवार्येत। अतस्तदुपादेयम् ।।५४।।

---

एवमधिकारगाथया प्रथमस्थलं गतम्। अथ पूर्वोक्तमुपादेयभूतमतीन्द्रियज्ञानं विशेषेण व्यक्तीकरोति - **जं** यदतीन्द्रियं ज्ञानं कर्तृ। **पेच्छदो** प्रेक्षमाणपुरुषस्य जानाति। **किं किम्। अमुत्तं** अमूर्तमतीन्द्रियनिरुपरागसदानन्दैकसुखस्वभावं यत्परमात्मद्रव्यं तत्प्रभृति समस्तामूर्तद्रव्यसमूहं **मुत्तेसु अदिंदियं च** मूर्तेषु पुद्गलद्रव्येषु यदतीन्द्रियं परमाण्वादि। **पच्छण्णं** कालाणुप्रभृतिद्रव्यरूपेण प्रच्छन्नं व्यवहितमन्तरितं, अलोकाकाशप्रदेशप्रभृति क्षेत्रप्रच्छन्नं, निर्विकारपरमानन्दैक-सुखास्वादपरिणतिरूपपरमात्मनो वर्तमानसमयगतपरिणामास्तत्प्रभृतयो ये समस्तद्रव्याणां वर्तमानसमयगतपरिणामास्ते कालप्रच्छन्नाः, तस्यैव परमात्मनः सिद्धरूपशुद्धव्यञ्जनपर्यायः शेषद्रव्याणां च ये यथासंभवं व्यञ्जनपर्यायास्तेष्वन्तर्भूताः प्रतिसमयप्रवर्तमानषट्प्रकारप्रवृद्धिहानिरूपा अर्थपर्याया भावप्रच्छन्ना भण्यन्ते। **सयलं** तत्पूर्वोक्तं समस्तं ज्ञेयं द्विधा भवति। कथमिति चेत्। **सगं च इदरं** किमपि यथासंभवं स्वद्रव्यगतं इतरत्परद्रव्यगतं च। तदुभयं यतः कारणाज्जानाति तेन कारणेन **तं णाणं** तत्पूर्वोक्तज्ञानं **हवदि** भवति। कथंभूतम्। **पच्चक्खं** प्रत्यक्षमिति। अत्राह शिष्य :- ज्ञानप्रपञ्चाधिकारः पूर्वमेव गतः, अस्मिन् सुखप्रपञ्चाधिकारे सुखमेव कथनीयमिति। परिहारमाह - यदतीन्द्रियं ज्ञानं पूर्वं भणितं तदेवाभेदनयेन सुखं भवतीति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ज्ञापनार्थं, अथवा ज्ञानस्य मुख्यवृत्त्या तत्र हेयोपादेयचिन्ता नास्तीति ज्ञापनार्थं वा। एवमतीन्द्रियज्ञानमुपादेयमिति कथनमुख्यत्वेनैकगाथया द्वितीयस्थलं गतम् ।।५४।।

---

હવે અતીન્દ્રિય સુખના સાધનભૂત (–કારણરૂપ) અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે – એમ તેને પ્રશંસે છે :--

**દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,**
**તે સર્વને–પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.**

**અન્વયાર્થ :–** **[प्रेक्षमाणस्य यत्]** દેખનારનું જે જ્ઞાન **[अमूर्तं]** અમૂર્તને, **[मूर्तेषु]** મૂર્ત પદાર્થોમાં પણ **[अतीन्द्रियं]** અતીન્દ્રિયને, **[च प्रच्छन्नं]** અને પ્રચ્છન્નને **[सकलं]** એ બધાંયને – **[स्वकं च इतरत्]** સ્વ તેમ જ પરને – દેખે છે, **[तद् ज्ञानं]** તે જ્ઞાન **[प्रत्यक्षं भवति]** પ્રત્યક્ષ છે.

**ટીકા :– જે અમૂર્ત છે, જે મૂર્ત પદાર્થોમાં પણ અતી**ન્દ્રિય છે, અને જે પ્રચ્છન્ન છે, તે બધાંયને – કે જે સ્વ અને પર એ બે ભેદોમાં સમાય છે તેમને – અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે. અમૂર્ત એવાં જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે, મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય એવા જે પરમાણુ વગેરે, તથા દ્રવ્યે પ્રચ્છન્ન એવાં જે કાળ વગેરે (–દ્રવ્ય અપેક્ષાએ ગુપ્ત એવાં જે કાળ, ધર્માસ્તિકાય વગેરે), ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના પ્રદેશ વગેરે, કાળે પ્રચ્છન્ન એવા જે અસાંપ્રતિક પર્યાયો તથા ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો, તે બધાંયનું – કે જે સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે તેમનું – ખરેખર તે અતીન્દ્રિય જ્ઞાનને દ્રષ્ટાપણું છે (અર્થાત્ તે બધાંયને તે અતીન્દ્રિય જ્ઞાન દેખે છે) કારણ કે તે (અતીન્દ્રિય જ્ઞાન) પ્રત્યક્ષ છે. જેને અનંત શુદ્ધિનો સદ્ભાવ પ્રગટ થયો છે એવા, ચૈતન્ય-સામાન્ય સાથે અનાદિસિદ્ધ સંબંધવાળા એક જ 'અક્ષ' નામના આત્મા પ્રતિ જે નિયત છે (અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે – આત્મા દ્વારા સીધું પ્રવર્તે છે), જે (ઇન્દ્રિયાદિ) અન્ય સામગ્રી શોધતું નથી અને જે અનંત શક્તિના સદ્ભાવને લીધે અનંતતાને (–બેહદપણાને) પામ્યું છે એવા તે પ્રત્યક્ષ જ્ઞાનને – જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી તેમ જ્ઞેયાકારો જ્ઞાનને નહિ અતિક્રમતા હોવાથી – યથોક્ત પ્રભાવને અનુભવતું (–ઉપર્યુક્ત પદાર્થોને જાણતું) કોણ રોકી શકે ? (અર્થાત્ કોઈ ન રોકી શકે.) આથી તે (અતીન્દ્રિય જ્ઞાન) ઉપાદેય છે. ૫૪.

હવે ઇન્દ્રિયસુખના સાધનભૂત (–કારણરૂપ) ઇન્દ્રિયજ્ઞાન હેય છે – એમ તેને નિંદે છે :–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૫૪
પ્રવચન નં. – ૫૪
તા. ૦૧-૦૩-૭૯

'પ્રવચનસાર' ૫૪ ગાથા. '**હવે અતીંદ્રિય સુખના સાધનભૂત...**' એટલે કારણ. અતીન્દ્રિ સુખની પ્રાપ્તિ થાય તે અતીન્દ્રિય જ્ઞાનથી થાય. આ.હા...! '**અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે**' એવું અતીન્દ્રિય જ્ઞાન થાય તે ઉપાદેય છે. જ્ઞાનની મુખ્યતાથી વાત કરી છે. જ્ઞાનનો અધિકાર થઈ ગયો છે, હવે સુખનો અધિકાર (કહે છે). જ્ઞાન છે – અતીન્દ્રિય જ્ઞાન તે અતીન્દ્રિય આનંદનું સાધન છે.

શ્રોતા :– એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયમાં સાધન છે ?

સમાધાન :– સાધન છે, નિમિત્ત છે ને ? નિમિત્ત–સાધન. નિમિત્ત તરીકે સાધન છે. એક ગુણ બીજા ગુણને નિમિત્ત છે. એક પર્યાયને બીજી પર્યાય નિમિત્ત છે. એ અપેક્ષાએ સાધન કહ્યું છે.

અહીં તો એમ બતાવવું છે કે, અત્યારે તો પૂર્ણ અતીન્દ્રિય આનંદની વાત છે. એની પ્રાપ્તિ થાય એ અતીન્દ્રિય જ્ઞાનથી (થાય છે). અંતર જ્ઞાયક... '**जीवादिबहित्तच्चं हेयं**' જીવ, અજીવ, (આસ્રવ), સંવર, નિર્જરા, મોક્ષ એ પર્યાયને પણ હેય કરીને (જેને) ત્રિકાળી આત્મા ઉપાદેય છે તેને (એટલે કે) સાધકને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ આવે, પણ થોડો (આવે). અહીં તો પૂરાની વાત છે. આહા..હા...!

એ જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ ! એ અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ જ છે અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, આ પ્રભુ ! એને અતીન્દ્રિય આનંદની પૂર્ણ પ્રાપ્તિ માટે અતીન્દ્રિય જ્ઞાનનું સાધન છે, એમ. સાધન એટલે નિમિત્ત છે. એ તો વ્યવહારને સાધન કહે છે ને ? વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. એનો અર્થ કે ત્યાં નિમિત્ત છે, એમ. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' નિશ્ચય છે (એટલે કે) જ્યાં સ્વદ્રવ્યનો આશ્રય લઈ સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પ્રગટ થયા તે નિશ્ચય (છે) અને તે કાળે રાગ બાકી છે તેને વ્યવહાર સાધન કહે છે. સાધનનો અર્થ નિમિત્ત છે, એમ. સમજાણું કાંઈ ? વ્યવહારને સાધન કહે છે, નિશ્ચયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સાધ્ય કહે – એનો અર્થ આટલો. ત્યાં એ નિમિત્ત છે, એક વસ્તુ છે. એને અહીં સાધન તરીકે કહ્યું છે. એને એમ માની લે કે, એ વ્યવહાર સાધન છે માટે વ્યવહારથી નિશ્ચય થઈ જાય (તો) એમ નથી. કારણ કે એને વ્યવહાર ત્યારે કહેવાય કે, જ્યાં નિશ્ચયનો આશ્રય લઈને દર્શન, જ્ઞાન, ચારિત્ર અંશે થયા હોય તેને કંઈ રાગ બાકી હોય તેને વ્યવહાર કહેવાય. આહા..હા...! અજ્ઞાનીના રાગના ભાવને વ્યવહાર કહેવાય નહિ. આહા..હા...!

અહીંયાં તો શિષ્યએ પ્રશ્ન એ કર્યો છે કે, તમે જ્ઞાનની વાત તો પૂરી કરી દીધી. એમાં છે ને, ભાઈ ? ટીકામાં છે. વળી પાછું અહીં જ્ઞાન કેમ લીધું ? જ્ઞાન અધિકાર તો પૂરો કર્યો, હવે સુખનો અધિકાર લેતાં પાછું જ્ઞાન (કેમ લ્યો છો ?) તો (કહે છે કે), જ્ઞાન–આ જ્ઞાન અતીન્દ્રિય સુખનું કારણ છે એ બતાવવા માટે અહીં લીધું (છે). આહા..હા...!

સમ્યગ્દર્શન, સમ્યક્ શ્રુતજ્ઞાન – ભાવ થાય તેમાં પણ દ્રવ્યસ્વભાવનો (આશ્રય છે). અતીન્દ્રિય જે દ્રવ્ય છે તેના આશ્રયથી જે સમ્યગ્દર્શન થાય એ પણ અતીન્દ્રિય (સ્વભાવના) આશ્રયથી થાય છે અને સમ્યગ્દર્શન એ પોતે ઇન્દ્રિયજન્ય વાત નથી. આ..હા...! (એ) અતીન્દ્રિય છે. આ..હા..હા...!

એક આર્જિકા છે ને ? એ એમ લખે રાખે છે – ઘણાં વખત(થી) કહે છે કે, '**अज्ज वि तिरयणसुद्धा**' સાધુ છે ! ભાવલિંગી છે ! ન માને તે અજ્ઞાની છે.' અરે... પ્રભુ ! એ 'મોક્ષપાહુડ'માં (૭૭ ગાથામાં) આવે છે ને ? '**अज्ज वि तिरयणसुद्धा**' એમ કે, એ સાધુ સ્વર્ગમાં જઈને પછી મોક્ષે જશે. પણ સાધુ હોય એ (જાશે) ને ? સાધુના લક્ષણ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યા છે. એના લક્ષણ દેખીને માનવા ? કે, હંસ નથી તો કાગડાને હંસ માનવો ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે. આહા..હા...! અરે...! સાધુપણું કોને કહેવું ? બાપા ! એ તો અલૌકિક વાત ! હજી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણાં નથી. આજે (લખાણ) આવ્યું છે.

અહીં કહે છે કે, અતીન્દ્રિય સુખના કારણ રૂપ – નિમિત્ત રૂપે '**અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે**' એક ગુણથી બીજો ગુણ ન થાય. સમજાણું કાંઈ ? એક ગુણથી એક ગુણની પર્યાય થાય, બીજા ગુણથી એના ગુણની પર્યાય થાય. એક ગુણને બીજો ગુણ નિમિત્ત કહેવાય. ઉપાદાન તો (પોતાનો) ગુણ છે એમાંથી (પર્યાય) થાય છે. આહા..હા...! પણ સાધન કેમ કહ્યું ? (કેમકે) તે નિમિત્ત છે. અતીન્દ્રિય આનંદ વખતે અતીન્દ્રિય જ્ઞાન હોય છે અને એનાથી અતીન્દ્રિય (આનંદ) થાય છે, એમ નિમિત્તથી કથન છે. આહા..હા...!

**जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।**
**सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।५४।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,**
**તે સર્વને–પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.**

**ટીકા :–** '**જે અમૂર્ત છે, જે મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિય છે,...**' આહા..હા...! પરમાણુ આદિ આગળ કહેશે. '**અને જે પ્રચ્છન્ન છે,...**' (અર્થાત્) ગુપ્ત, ઢંકાયેલ છે. એની વ્યાખ્યા કરશે. પ્રચ્છન્નની (વ્યાખ્યા) કરશે. '**તે બધાંયને–**' તે બધાંયને એટલે ? અમૂર્તને અને મૂર્ત પદાર્થમાં પણ અતીન્દ્રિય છે તેને (એટલે કે) કાળાણુ અને પરમાણુ આદિ. '**અને જે પ્રચ્છન્ન છે,...**' કાળથી અને ભાવથી. ભૂત, ભવિષ્યની પર્યાય પ્રચ્છન્ન છે ને ? અને ભાવથી અગુરુલઘુ આદિ લેશે. '**તે બધાંયને–કે જે સ્વ અને પર એ બે ભેદોમાં સમાય છે...**' સ્વ અને પર બેમાં બધું આવી જાય છે. એ સ્વને પણ જાણે અને પર (કે) જે ત્રિકાળ અતીન્દ્રિય વસ્તુ (છે) તેને (પણ) જાણે. '**તેમને–અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે.**' હવે ખુલાસો કરે છે. એ તો શબ્દાર્થ કર્યો.

શ્રોતા :– જ્ઞાન દેખે કે જ્ઞાન જાણે ?

સમાધાન :– દેખે છે, જાણે છે. એ બધું એક જ સાથે દેખે છે ને ? એમ જ કહેવાય ને ? શ્રદ્ધે છે ત્યાં દેખે છે અને શ્રદ્ધા છે, એમ કહેવાય છે. કઈ અપેક્ષા છે ? દેખે છે એટલે તત્ત્વને શ્રદ્ધે છે. ત્યાં શ્રદ્ધે છે એવો (અર્થ છે). અહીં દેખે છે એટલે જ્ઞાનમાં જણાય છે, તેને દર્શનમાં દેખાય છે એમ લેવું. દર્શન એટલે શ્રદ્ધા નહિ, દર્શન ઉપયોગ. આ..હા...! બન્ને જુદી વાત છે. આહા..હા...!

'**અમૂર્ત એવાં જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે,...**' દેખો ! આને પણ અતીન્દ્રિય જ્ઞાન જાણે છે કે, જે જ્ઞાન અતીન્દ્રિય આનંદનું સાધન છે. આહા..હા...! આ પૂરા (જ્ઞાનની) વાત છે. નહિતર અધૂરામાં પણ સમ્યગ્દર્શન છે એ અતીન્દ્રિય આત્માને પકડવાથી સમ્યગ્દર્શન થાય છે. આ..હા...! અને તે સમ્યગ્દર્શન વખતે અતીન્દ્રિય આનંદ પણ વ્યક્ત – પ્રગટ થાય છે. એ તો પ્રગટ થાય પણ જેટલાં ગુણો છે તેનો એક અંશ પ્રગટ થાય છે. 'સર્વ ગુણાંશ તે સમકિત' 'શ્રીમદ્'માં આવે છે ને ? (બીજું) 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. છદ્મસ્થને જ્ઞાનાદિ એકદેશ પ્રત્યક્ષ છે (અને) કેવળીને પૂર્ણ (પ્રત્યક્ષ) છે.

આહા..હા...! આવો જે અમૂર્ત ભગવાનઆત્મા ! એ અમૂર્તને – પોતાને પણ જાણે. આહા..હા...! સ્વ અને પર કીધું ને ? અમૂર્ત છે (એટલે કે) રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે એને એ જ્ઞાન પોતાના અમૂર્ત (સ્વરૂપને) જાણે અને બીજા અમૂર્ત જે ધર્માસ્તિકાય છે તેને પણ જાણે. આહા..હા...!

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિય એવા જે પરમાણુ વગેરે,...'** પરમાણુ છે એ અતીન્દ્રિય છે, એ ઇન્દ્રિયથી ગ્રાહ્ય ન થાય. એક રજકણ–છેલ્લો Point (છે) એને અતીન્દ્રિય કહેવામાં આવે છે. આ..હા..હા...! અતીન્દ્રિય જ્ઞાન પરમાણુને પણ જાણે. અહીં તો અત્યારે અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ વાત છે. નીચે(ના ગુણસ્થાને) શ્રુતજ્ઞાન થાય છે ખરું એ પણ અતીન્દ્રિય છે, (શુદ્ધ) ભાવ છે. એ પણ પરોક્ષ રીતે આ સ્વને અને પરને બધાને જાણે, પણ અલ્પ છે. ઉપયોગમાં એને ક્રમ પડે છે અને આ તો અક્રમ એક સમયમાં અનંત જ્ઞાન, આનંદ ! અનંત જ્ઞાન સાથે અનંત આનંદ ! આ..હા..હા...!

કારણ કે જગતના પ્રાણી(ને) આનંદનો હેતુ છે ને ? સુખી થવું છે ને ? કોઈ રીતે પણ સુખી થવું છે. પ્રાણ મૂકી દે, ઝેર ખાય તોપણ એને સુખી થવું છે (માટે ઝેર પીવે છે). પ્રતિકૂળતા આવી પડે કે કાંઈ સહન ન થાય તો ઝેર પીવે. (એમાં) હેતુ તો એ છે કે, આનાથી મારે મુક્ત થવું છે, સુખી થવું છે. આહા..હા...! એ કાંઈ ઉપાય નથી, પણ કરે છે ને ? માને છે ને ? મોટા શેઠિયા હોય તોપણ ઝેર પીવે ! આહા..હા...! 'અમદાવાદ'માં શેઠિયો થઈ ગયો નહિ ? કાંઈ બરાબર ન ચાલ્યું (એટલે) ઝેર પીને મરી ગયા ! આહા..હા...! બળી મરે છે ને ? ગ્યાસતેલ આદિથી કોઈ કુદરતે મરે એ જુદી વાત (છે). આ તો પોતે ગ્યાસતેલ છાંટીને બળે. (એનો અર્થ) એમ કે, એટલી પ્રતિકૂળતા આવી હોય તો એને એમ (છે) કે, આટલી પ્રતિકૂળતા મારાથી સહન નહિ થાય. માટે આનાથી છૂટીને સુખી થઈશ. પણ છૂટીને ત્યાં ક્યાં માસીબા બેઠી છે કાંઈ ? આહા..હા...! આવા જે પરિણામ કરે એ તો દુર્ગતિ(માં જઈને) વધારે દુઃખી થશે. ઘણાં માંસ ન ખાતા હોય એ તો તિર્યંચમાં જાય. માંસ, દારૂ ખાતા હોય તો મરીને નરકમાં જવાના. આ..હા..હા...! આકરૂ કામ છે. મનુષ્યપણાંમાં પણ જો પુણ્યનો ભાવ વિશેષ નહિ હોય અને આખો દિ' પાપ જ હશે તો તો એનું કાંઈ ઠેકાણું નથી. સમ્યગ્દર્શન તો નહિ પણ જેને પુણ્ય – દયા, દાન, વ્રતાદિના પરિણામ, ધર્મ પ્રભાવનાના પરિણામ એવા એકાદ કલાક આવે એમાં શું થયું ? ત્રેવીસ કલાક બીજું (ચાલે). એ તો એરણની ચોરી (અને) સોયનું દાન !

શ્રોતા :– તો અમારે ધંધો મૂકી દેવો એમ કહેવા માગો છો ?

સમાધાન :– ધંધો મૂકી દે કે ન મૂકી દે પણ બે–ચાર કલાક શાસ્ત્ર વાંચન, સત્‌શાસ્ત્ર, સત્સમાગમ એ તો કરવો જોઈએ કે નહિ ? આખો દી' એકલા પાપમાં બાવીસ કલાક કાઢે ! છોકરાં, છોડીયું ન હોય એ પણ એમાં ઘૂસી જાય ! આ..હા...! અંતે તો એકલો છે. અત્યારથી હવે મારું શું થશે ? એમ જો અત્યારે કરશે તો કોઈની સાથે સંબંધમાં રહેશે નહિ. વેપારનો સંબંધ કરે છે એ પોતાની મમતાથી કરે છે. માને કે, આ છોકરા માટે કર્યું પણ વાત તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એમ છે કે) મમતા છે માટે (કરે છે). આહા..હા...!

શ્રોતા :– છોકરાઓને શીખવવા તો કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– છોકરાને શીખવવા માટે નથી (કરતો), મમતા માટે (કરે) છે. છોકરા ભણે અને પાપ કરીને પૈસા ખર્ચે. એકલું પાપ છે. પાપ કરીને પૈસા ભેગા કર્યા છે અને (છોકરાને) ભણાવ્યો, એ પણ પાપ ! આ તો વસ્તુની સ્થિતિ એવી છે, બાપુ ! શું થાય ? અરે...! એકલો અનાદિનો છે. એને એના પોતાના જે ધર્મના પરિણામ થવા એ તો બહુ મુશ્કેલ (છે), અશક્ય જેવું તો નથી પણ દુર્લભ તો છે. પણ એને સારા પરિણામના સંસ્કાર નાખવા... આહા..હા...! અને જેથી તેમાં ચાર–ચાર કલાક, પાંચ કલાક, છ કલાક પુણ્ય બંધાય, સમજાય છે ?

શ્રોતા :– આપ કલાક એક તો રાખો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એક કલાકમાં દાળિયા શું થાય ? ત્રેવીસ કલાક એકલા પાપના જોદ્ધા ! અને એક કલાક પાતળી (પુણ્ય) ! ત્યાંય અમારા પાલેજવાળા કાંઈ નહોતા કરતા ને પછી એના બાએ કીધું કે, 'આને કાંઈક કહો, મહારાજ ! એક કલાક તો વાંચે !' ધંધા મોટા, નવરાશ ન મળે. મોટા ગોદામ ભરેલા, ચોખા આમ ભરેલાં, મોટી દુકાનો ! ત્રણ છોકરાને ત્રણ મોટી દુકાનો છે. હવે, નવરાશ ન મળે. સવારે પોણો કલાક જાતા હશે. ઘરના મકાન છે, ઘરની દુકાન છે, પૈસાવાળા છે. ચાલીસ લાખ રૂપિયા છે. ભેગા હતા ત્યારે ત્રણ–ચાર લાખની પેદાશ હતી, હવે થોડી થઈ ગઈ. એક અબજના કારખાના કરે છે. દસ હજાર, વીસ હજાર માણસ એ વધશે, પણ એમાં વધારે ગૂંચાઈ જશે. આ..હા...! આહા..હા...!

અહીં કહે છે (કે), અમૂર્ત ધર્માસ્તિ આદિને જાણે (અને) મૂર્તમાં પણ અતીન્દ્રિય પરમાણુ, કાળાણુ વગેરે (જાણે). કાળાણુ છે ને કાળાણુ ? ભગવાન જ્ઞાનમાં એને જાણે. '**દ્રવ્યે પ્રચ્છન્ન એવાં જે કાળ વગેરે...**' અહીં કાળ આવ્યો. આ..હા...! '**કાળ વગેરે (–દ્રવ્ય અપેક્ષાએ ગુપ્ત એવાં જે કાળ, ધર્માસ્તિકાય વગેરે),...**' અરૂપી કાળ દ્રવ્ય ગુપ્ત છે ને ?

શ્રોતા :– ઇન્દ્રિય દ્વારા દેખાતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નથી, ઇન્દ્રિય દ્વારા એને જણાય નહિ. '**ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના પ્રદેશ...**' આ..હા..હા...! અહીંનું આમ જરી દેખાય કે, છે. (પણ આ તો) અલોકાકાશના પ્રદેશને પણ દેખે. આહા..હા...! એનો સ્વભાવ જ એટલો છે. ત્રણકાળ, ત્રણલોકને, સ્વ–પરને જાણવું એટલા સ્વભાવવાળો છે, એટલો તો એ મોટો છે ! એથી કંઈ વિશેષ નથી. ત્રણકાળ, ત્રણલોકને જાણે અને સ્વ–પરને જાણે એ કોઈ વિશેષ નથી, એ તો એનું સ્વરૂપ જ એવું છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'શુદ્ધભાવ અધિકાર'માં તો સમ્યગ્દર્શનની વાત લીધી છે. '**जीवादिबहित्तच्चं हेयं**' આ..હા..હા...! જીવની પર્યાય, ત્યાં અજીવનું જ્ઞાન થાય તેને અજીવ કહીએ, પછી પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ અને સંવર, નિર્જરા અને કેવળજ્ઞાન–મોક્ષ, એ બધાં બહિર્તત્ત્વ છે, એક–એક સમયનું તત્ત્વ છે, બહિર્તત્ત્વ છે. આહા..હા...! '**उपादेयमप्पणो अप्पा**' આત્મા અનંત ગુણનો પિંડ અરૂપી અતીન્દ્રિય... આહા..હા...! એ જ સમ્યગ્દર્શનમાં આદરણીય છે, ઉપાદેય એ છે, બાપુ ! આહા..હા...! જેને પરમપારિણામિકભાવ કહીએ. પછી કંઈક શબ્દ છે ને ? '**कम्मोपाधिसमुब्भव**' એ ગાથામાં છે. એટલે એમ કે, નિમિત્ત છે તો એ નહિ (અર્થાત્) જેમાં કર્મનું નિમિત્તપણું છે એ નહિ. (જેમાં) નિમિત્તનો અભાવ છે એ ક્ષાયિકભાવ આદિ પણ નહિ. જ્ઞાયક ત્રિકાળી પરમ સ્વભાવભાવ ! (તે જ એક ઉપાદેય છે). આહા..હા...! કારણ કે સંવર, નિર્જરા અને મોક્ષમાં ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ તો આવી ગયો. આહા..હા...! નિમિત્ત હો અને નિમિત્તનો અભાવ એવી જે અપેક્ષા છે એ રીતથી પણ ભિન્ન છે. આ..હા..હા...! શુદ્ધ પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ, એવું જે નિજ તત્ત્વ ભગવાનઆત્મા ! તે ધર્મીને–સમકિતીને ઉપાદેય છે. આહા..હા...! એને જે રાગાદિ આવે પણ એ બધું હેય છે. આહા..હા...! અહીં પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનની વાત ચાલે છે.

'**કાળે પ્રચ્છન્ન એવા જે અસાંપ્રતિક પર્યાયો...**' કાળે એટલે ? વર્તમાન પર્યાય સંપ્રત–વર્તમાન છે પણ ભૂત અને ભવિષ્યની પર્યાય પ્રચ્છન્ન – ઢંકાયેલી છે એને પણ જાણે. (અસાંપ્રતિકનો અર્થ નીચે છે) અસાંપ્રતિક = અતાત્કાલિક; વર્તમાનકાલીન નહિ એવા; અતીત–અનાગતને જાણે. આહા..હા...! અનંતકાળ પછી અનંતી... અનંતી... પર્યાય થાય... અનંતકાળ પછી પણ જે અનંતી... અનંતી... પર્યાય થાય એ બધા કાળ પ્રચ્છન્ન છે એને સર્વજ્ઞ જાણે. આહા..હા...! એવું તો એની પર્યાયનું સામર્થ્ય છે ! એને લઈને અતીન્દ્રિય આનંદ પણ સાથે હોય છે. સમજાણું કાંઈ ?

એમ સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આત્માને પકડતા જે સમ્યક્જ્ઞાન થાય એ જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ પણ હોય. આહા..હા...! સમજાણું કાંઈ ? અનંત ગુણના અંશો પ્રગટ થાય ! આહા..હા...! એને સમ્યગ્દર્શન કહે છે. એને સમ્યક્જ્ઞાન – ભાવશ્રુતજ્ઞાન કહે છે. આ..હા...!

'**અસાંપ્રતિક પર્યાયો...**' એટલે વર્તમાન સિવાય, ભૂત–ભવિષ્યની પર્યાયો '**ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો,...**' (અર્થાત્) અગુરુલઘુ(ગુણની) બધી ષટ્ગુણહાનિવૃદ્ધિ ! આહા..હા...! સ્થૂળ પર્યાય એટલે આ એક–એક સમયની પર્યાય છે પણ એની અંદર ષટ્ગુણહાનિવૃદ્ધિવાળી પર્યાય સૂક્ષ્મ છે. આહા..હા...! એને પણ અતીન્દ્રિય જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે છે. આ..હા..હા...!

**'સ્થૂળ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો,...'** સ્થૂળ એટલે એક સમયની પર્યાય છે એ સ્થૂળ છે અને એમાં જે અગુરુલઘુની ષટ્ગુણહાનિવૃદ્ધિની પર્યાય (છે) એ સૂક્ષ્મ છે. આહા..હા...! એક સમયની પર્યાય છે એ તો સ્થૂળ તરીકે છે અને એમાં અગુરુલઘુથી જે ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય... આ..હા..હા...! (એ) કોઈ સૂક્ષ્મ છે. એને બધાને ભગવાનનું અતીન્દ્રિય જ્ઞાન જાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'સ્થૂળ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો,...'** એ સ્થૂળ પર્યાયનો અર્થ આટલો છે. એક સમયની જે પર્યાય છે એ સ્થૂળ છે. આહા..હા...! અને એ પર્યાયમાં અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિ સૂક્ષ્મ છે, એ અંતર્લીન છે. આહા..હા...! આ..હા..હા...!

**'તે બધાંયનું–કે જે સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે...'** (અર્થાત્) સ્વના દ્રવ્ય, ગુણ, પર્યાય, પરના દ્રવ્ય, ગુણ, પર્યાય અને એ સ્વના અને પરના વર્તમાન એક પર્યાયમાં પણ સૂક્ષ્મ અગુરુલઘુની પર્યાય, (એ) બધાને તે જાણે છે. છે ? **'સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે તેમનું – ખરેખર તે અતીંદ્રિય જ્ઞાનને દૃષ્ટાપણું છે.'** આ..હા...! જોયું ? અહીં દેખે છે (એમ લીધું). જ્ઞાન પૂર્ણ દેખે છે. આહા..હા...! એના જ્યાં માહાત્મ્ય આવ્યા એને ઇન્દ્રિયના જ્ઞાન અને ઇન્દ્રિયના સુખની બુદ્ધિ ઊડી જાય છે. આહા..હા...! ચક્રવર્તીના છ ખંડના રાજ હોય, જેની એક રાણી(ની) હજાર દેવ સેવા કરે છે ! રાણીની ! એવી બીજી સાધારણ ૯૬,૦૦૦ સ્ત્રી છે. આહા..હા...! ચક્રવર્તીની એક દાસી હોય છે, એવી દાસી કે પોતે ગાદીએ બેસે ત્યારે કરોડ રૂપિયાનો, અબજનો હીરો હોય (એને) હાથે આમ કરી નાખે ! એવી તો એ બાઈની શક્તિ હોય ! એવા તો એના ઘરે નોકર–બાઈ હોય. એ બાઈ જ્યારે ગાદીએ બેસે ત્યારે હીરાનો ચાંદલો કરે ! હીરાને ચોળી નાખી અને હીરાનો ચાંદલો કરે ! આહા..હા...!

શ્રોતા :– આવું આપ કહો ત્યારે હીરાની કીમત બહુ વધી જાય !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધા ઇન્દ્રિયસુખ (છે) એ દુઃખ છે. ઇન્દ્રિયજ્ઞાન પરાધીન છે, ઇન્દ્રિયસુખ પરાધીન છે. આહા..હા...! ભગવાન તો અતીન્દ્રિયજ્ઞાન અને આનંદથી ભરેલો છે ને ! આ..હા...! પ્રગટે છે ક્યાંથી ? છે એમાંથી પ્રગટે છે. આહા..હા...! તારી મહાસત્તા પ્રભુ (એવી છે). આહા..હા...! બધા થઈને મહાસત્તા કહે છે એ જુદી વસ્તુ હોં ! આ તો આત્માની મહાસત્તા ! અનંત ગુણની અને અનંતી પર્યાયની ! આહા..હા...! એવી મહાસત્તાને – સ્વને અને પરને અતીન્દ્રિયજ્ઞાન પ્રચ્છન્નને, ભૂત–ભવિષ્યને, પ્રચ્છન્ન કાળ આદિ પરમાણુને આ..હા...! અને સૂક્ષ્મ અગુરુલઘુની ષટ્ગુણીની વૃદ્ધિ પર્યાય, હીણી પર્યાય એક સમયમાં થાય ! એને તો સર્વજ્ઞ ભગવાન(નું) અતીન્દ્રિયજ્ઞાન પૂર્ણ જાણે છે. આ..હા...! પ્રભુ ! તું એવડો છો !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...! પામર તરીકે માન્યો છે ને ! પર્યાયમાં પામર તરીકે માને એ તો અતીન્દ્રિય આનંદના આદરમાં પૂર્ણ દશા નથી એટલે પર્યાયમાં પામર માને. આ તો દ્રવ્યમાં પામર છું, હું તો ભિખારી છું (એમ માને) ! ઈશ્વરનો અંશ છું કોઈ વળી એમ માને, લ્યો ને ! આ..હા...! ધૂળેય નથી. ઈશ્વર – પૂર્ણ ઈશ્વર તું છો ! એક–એક ગુણે ઈશ્વર એવા અનંતા ગુણે ઈશ્વરે પૂરો તું છો ! આ..હા..હા...! તારા જ્ઞાન અને આનંદને માટે ઇન્દ્રિયો અને પરપદાર્થની અપેક્ષા નથી. આહા..હા...!

આવું જે જ્ઞાન (છે) તેને '**દૃષ્ટાપણું છે...**' બધાને દેખે છે. '**(અર્થાત્ તે બધાંયને તે અતીંદ્રિય જ્ઞાન દેખે છે) કારણ કે તે (અતીંદ્રિય જ્ઞાન) પ્રત્યક્ષ છે.**' આ કારણ આપ્યું. એ તો પાઠમાં છે. પ્રત્યક્ષ છે ! ભવિષ્યની અનંતી... અનંતી... પર્યાયો થશે અને એક–એક દ્રવ્ય(ની) ભૂતકાળની અનંતી પર્યાય થઈ ગઈ એને વર્તમાન પ્રત્યક્ષ (જાણે છે). એ આપણે આવી ગયું છે. એ અસદ્‌ભૂત હોવા છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે વિદ્યમાન છે. આહા..હા...! વાતું મોટી બહુ, ભાઈ !

આ..હા...! આત્મા એવડો મોટો છે કે, એક–એક ગુણે ઈશ્વર છે ! એવા તો અનંતા ગુણે ઈશ્વર છે !! અનંત ઈશ્વરનો ધરનાર છે ! આહા..હા...!

શ્રોતા :– દરેક ગુણ ઈશ્વર ?

સમાધાન :– દરેક ગુણમાં ઈશ્વરતા છે. દરેક ગુણમાં ઈશ્વરતા અને પર્યાયમાં પણ ઈશ્વરતા છે. આ..હા..હા...! એની પર્યાય પણ સ્વતંત્ર નિજ પ્રતાપથી શોભિત છે. આહા..હા...! એવો જે ભગવાનઆત્મા ! એ અતીન્દ્રિય જ્ઞાનથી બધું જાણે, (એમ) કહે છે.

'**જેને અનંત શુદ્ધિનો સદ્‌ભાવ પ્રગટ થયો છે...**' જેને અનંત શુદ્ધિનો સદ્‌ભાવ પ્રગટ થયો છે. જોયું ? શક્તિમાંથી વ્યક્તિ (પ્રગટ થઈ). '**એવા, ચૈતન્ય-સામાન્ય સાથે અનાદિસિદ્ધ સંબંધવાળા...**' આહા..હા...! આ..હા..હા...! ચૈતન્યસામાન્ય જે ત્રિકાળી છે એને અતીન્દ્રિય શક્તિનો સદ્‌ભાવ પ્રગટ થયો છે. (અર્થાત્) શક્તિ છે એમાંથી પર્યાય પ્રગટ થઈ છે. પ્રાપ્તની પ્રાપ્તિ (છે). અંદર પૂર્ણ છે એ પ્રાપ્ત થઈ ગયું. ભગવાનને એક સમયમાં પ્રાપ્ત થઈ ગયું ! આ..હા..હા...!

'**એવા, ચૈતન્ય-સામાન્ય સાથે અનાદિસિદ્ધ સંબંધવાળા એક જ 'અક્ષ' નામના આત્મા...**' (અક્ષનો) નીચે અર્થ કર્યો છે. 'આત્માનું નામ 'અક્ષ' પણ છે. '(ઇન્દ્રિયજ્ઞાન અક્ષ એટલે ઇન્દ્રિય દ્વારા જાણે છે; અતીંદ્રિય પ્રત્યક્ષ જ્ઞાન અક્ષ એટલે આત્મા દ્વારા જ જાણે છે).' ઇન્દ્રિયને અક્ષ કીધું તો ઇન્દ્રિય દ્વારા જાણે. અહીં તો આત્મા દ્વારા જાણે એને અતીન્દ્રિય કહે છે. '**'અક્ષ' નામના આત્મા પ્રતિ જે નિયત છે (અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે–)...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...! જ્ઞાનસ્વભાવ આત્મા સાથે વળગેલો છે – તદાત્મ્ય છે. '**(આત્મા દ્વારા સીધું પ્રવર્તે છે),...**' એને કોઈ ઇન્દ્રિય અને મનની અપેક્ષા નથી. આહા..હા...! એવો ચૈતન્ય ભગવાન ! આહા..હા...! '**જે (ઇન્દ્રિયાદિ) અન્ય સામગ્રી શોધતું નથી...**' અતીન્દ્રિયજ્ઞાન, આ ઇન્દ્રિય હોય તો ઠીક, આ મન હોય તો ઠીક અથવા મારી સામે પદાર્થ હોય તો ઠીક એ (બધું) અતીન્દ્રિય જ્ઞાન શોધતું નથી. આહા..હા...! અતીન્દ્રિય જ્ઞાન તો સામે હોય–ન હોય, ભૂત–ભવિષ્યની બધી પર્યાયો અને સૂક્ષ્મ પરમાણુ, કાળાણુને પ્રત્યક્ષ દેખે છે. આહા..હા...! એવું અતીન્દ્રિયજ્ઞાન તે ઉપાદેય છે, એમ કહે છે.

અહીંયાં અત્યારે અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય કહ્યું અને (ત્યાં 'નિયમસાર'માં) કહ્યું કે, અતીન્દ્રિયજ્ઞાન જે કેવળજ્ઞાન છે તેને હેય કીધું, બહિર્તત્ત્વ કીધું. શું કહ્યું ? અહીં 'પ્રગટ' થયો ને ? પ્રગટ કીધું છે ને ? '**શુદ્ધિનો સદ્‌ભાવ પ્રગટ થયો છે**' એ પર્યાય છે. અતીન્દ્રિયજ્ઞાન એક સમયની શુદ્ધિની પ્રગટ પર્યાય છે. અહીંયાં આ ઉપાદેય છે, જ્ઞાનનો અધિકાર છે માટે એને ઉપાદેય પણ કહ્યું અને 'નિયમસાર'માં તો કેવળજ્ઞાનની જે પર્યાય છે... આ..હા..હા...! એ પરતત્ત્વ છે, આ..હા..હા...! બહિર્તત્ત્વ છે. અંતઃતત્ત્વ પરમપારિણામિક પ્રભુ આખો ! આ..હા..હા...! એ અંતર્ તત્ત્વ છે એની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ બહિર્તત્ત્વ છે. અંતર્ તત્ત્વ જે પૂર્ણ છે તે જ આદરણીય છે. આ..હા..હા...! અહીં તો જ્ઞાનપ્રધાન કથનની અંદર અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય છે. (એ) છે તો પર્યાય.

શ્રોતા :– પ્રગટ કરવાની અપેક્ષાએ કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, એની આટલી કીમત છે ને ! આવડી મોટી છે ! અને અતીન્દ્રિય(જ્ઞાન) પ્રગટ થાય, એને પ્રગટ કરે એટલે આદરણીય છે. પ્રગટ કરવા માટે આદરણીય છે અને પ્રાપ્ત થયું તે આદરણીય થયું તો એની સાથે અતીન્દ્રિય આનંદ પણ આવ્યો છે. આ..હા..હા...! જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ ન આવે તે જ્ઞાન જ્ઞાન નહિ. આહા..હા...! આવું છે !

'**–'અક્ષ' નામના આત્મા પ્રતિ જે નિયત છે (અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે– આત્મા દ્વારા સીધું પ્રવર્તે છે),...**' એ અતીન્દ્રિયજ્ઞાન જે છે એ આત્મા દ્વારા સીધું (પ્રવર્તે છે અર્થાત્) એને કોઈની અપેક્ષા નથી કે, આ સાંભળેલું હતું તો સંસ્કારને લઈને આ પ્રગટ થયું, એમ પણ નથી. આહા..હા...! એ પહેલાં આવી ગયું છે.

'**જે (ઇન્દ્રિયાદિ) અન્ય સામગ્રી શોધતું નથી...**' આ..હા..હા...! એ એક સમયના અતીન્દ્રિયજ્ઞાનની માહાત્મ્ય દશા ! એ જ્ઞાન થવામાં તેને બીજાં સાધનોની જરૂર નથી. આહા..હા...! એવું એ સ્વતઃસિદ્ધ પરિપૂર્ણ ભગવાનઆત્માનું જ્ઞાન છે. આહા..હા...! પરમાત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટ થયું છે. બીજા આત્માને અંદર સ્વભાવ–શક્તિ રૂપે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'નિયમસાર'માં સિદ્ધ સમાન કીધાં છે ને ? સંસારી જીવ સિદ્ધ સમાન છે ! એનો આત્મા છે એ પૂર્ણાનંદથી ભરેલો આખો છે. આહા..હા...! (એવી) ગાથા છે (કે), સિદ્ધ સમાન છે. સમાનનો અર્થ પર્યાય સિદ્ધ સમાન છે એમ નહિ, વસ્તુ સિદ્ધ સમાન છે – દ્રવ્ય આખું ! ઓ..હો..હો...! અનંતા... અનંતા... અનંતા... અતીન્દ્રિય ગુણોનો પિંડ પ્રભુ ! ઓ..હો...! એ આત્મા (છે) અને એ આત્મા દ્રવ્યે સિદ્ધ છે. દ્રવ્યથી એ પરમાત્મા છે. દ્રવ્યથી પરમાત્મા છે, દ્રવ્યથી જિનસ્વરૂપે છે. આ..હા..હા...! દ્રવ્યે તે ઈશ્વર પૂર્ણ છે ! આ..હા..હા...! એવો જે ભગવાનઆત્મા ! એની જે પ્રગટ દશા થાય તે પરને આધીન નથી, (એમ) કહે છે. છે ને ?

**'અને જે અનંત શક્તિના સદ્ભાવને લીધે...'** ઓ..હો...! પ્રગટેલાની વાત છે, હોં ! **'અનંત શક્તિના સદ્ભાવને લીધે અનંતતાને (–બેહદપણાને) પામ્યું છે...'** જેની કોઈ મર્યાદા નથી ! આ..હા..હા...! લોકાલોક છે, ત્રણકાળ છે (એમ) જાણે, પણ એથી પણ બેહદ છે ! આહા..હા...! ત્રણકાળથી વધારે તો શું હોય ? અને અલોકાકાશથી વધારે શું હોય ? પણ એથી અનંતગુણુ આકાશ હોય અને અનંતગુણો કાળ હોય તો (તેને પણ જાણે એવું) તે બેહદ જ્ઞાન છે ! હદ નામ એને મર્યાદા નથી. આ..હા..હા...! આવા જ્ઞાનનું માહાત્મ્ય છે !

**'અનંત શક્તિના સદ્ભાવને લીધે અનંતતાને...'** અનંતતાને ! **'પામ્યું છે...'** આહા..હા...! **'(–બેહદપણાને) પામ્યું છે એવા તે પ્રત્યક્ષ જ્ઞાનને...'** 'બેહદ' ક્યાંક આવી ગયું છે, નહિ ? બેહદ આવી ગયું છે. 'સમયસાર !' 'બેહદ શુદ્ધ ચૈતન્ય !' ૯૬ (ગાથા). અંદર બેહદ શુદ્ધ ચૈતન્ય ધાતુ ભગવાન ! આહા..હા...! અંતર ભગવાન કેવડો છે (એની) એને ખબર પણ નથી અને એને ધર્મ થઈ જાય ! સામાયિક ને પૌષધ ને પ્રતિક્રમણ ને... ક્યાં હતું ? એ તો રાગની ક્રિયા છે અને ધર્મ માને છે તો મિથ્યાત્વને પોષે છે. આવી વાતું...! આહા..હા...! વિકલ્પનો કણ પણ પૂર્ણાનંદના નિર્વિકલ્પ (સ્વરૂપ) આગળ હેય છે. આહા..હા...! ત્યારે પૂર્ણ સ્વરૂપ ભગવાન ઉપાદેય છે. અહીંયાં પ્રગટ થયેલું જ્ઞાન ઉપાદેય છે, એમ કહેવું છે. આહા..હા...!

**'પ્રત્યક્ષ જ્ઞાનને – જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી...'** શું કહે છે ? પ્રત્યક્ષ જ્ઞાનને જેમ દાહ્યાકારો એટલે બળવા લાયક જે પદાર્થો છે એ અગ્નિને અતિક્રમતા નથી. બધા અગ્નિમાં દહન થઈ જાય છે. આહા..હા...! બળવા લાયક છે એ બધા અગ્નિમાં બળી જાય છે, અગ્નિમય થઈ જાય છે. **'તેમ જ્ઞેયાકારો...'** આ..હા..હા...! અગુરુલઘુની ષટ્ગુણહાનિવૃદ્ધિ એક–એક પર્યાયમાં, એક–એક ગુણની એક–એક પર્યાયમાં ! આ..હા..હા...! અનંતા ગુણો અને એની એક સમયમાં અનંતી પર્યાયો ! આહા..હા...! અને એક–એક પર્યાયમાં... આ..હા..હા...! એક–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક પર્યાયમાં અનંતગુણી ષટ્ગુણીહાનિવૃદ્ધિ – એ જ્ઞેય જ્ઞાનાકારને ઓળંગતા નથી. એ જ્ઞેય જ્ઞાનાકાર થઈ જાય છે. એ જ્ઞેય આખું બધું છે એ જ્ઞાનાકારમાં આવી જાય છે. છે ?

**'(જેમ) દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી તેમ જ્ઞેયાકારો જ્ઞાનને નહિ અતિક્રમતા હોવાથી–'** (અતિક્રમતા એટલે) જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી. આ..હા..હા...! એક–એક પર્યાયમાં અનંતી ષટ્ગુણીહાનિવૃદ્ધિ એવી અનંતી પર્યાયમાં (ષટ્ગુણહાનિવૃદ્ધિ) ! એક પ્રગટ (પર્યાયમાં) હોં ! એ બધા જ્ઞેયોને જ્ઞાન ઓળંગતું નથી. એ જ્ઞેયપણું છે એ જ્ઞાનને ઓળંગતું નથી. જ્ઞાન એને જાણી લે છે અને જ્ઞેય છે એ જ્ઞાનાકાર આમાં થઈ જાય છે – જણાઈ જાય છે. આહા..હા...!

જ્ઞેયાકારો જ્ઞાનને... આહા..હા...! અતિક્રમતા નથી. છે નીચે ? જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી. આ..હા..હા...! એ જ્ઞેય(નું) જેટલું સ્વરૂપ છે (અર્થાત્) દ્રવ્યનું, ગુણનું (અને) પ્રગટ પરિણમનનું (તેમાં પણ) પ્રગટ પરિણમનની અનંતી પર્યાય ! અને એક–એક પર્યાયની અનંતી તાકાત – અગુરુલઘુની ષટ્ગુણહાનિવૃદ્ધિ. આ..હા..હા...! એ જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી. એટલે કે બધાનું જ્ઞાન થઈ જાય છે. જ્ઞાનની હદ બહાર જઈ શકતા નથી. જ્ઞાન અપરિમિત છે તેથી હદ બહાર જઈ શકતા નથી. જ્ઞાનમાં જણાઈ જ જાય છે. આ..હા..હા...!

એક દ્રવ્ય છે – પરમાણુ કે આત્મા (તેમાં) અનંતા તો ગુણ છે. અનંતા... અનંતા... અનંતા... અનંતા... આકાશના પ્રદેશ છે એથી અનંતગુણા ! ઓ..હો..હો...! એક ગુણની એક સમયમાં અનંતી પર્યાય છે (અર્થાત્) એક ગુણની એક (પર્યાય) એવી અનંત ગુણની પર્યાય ! એ એક પર્યાયમાં અનંતી ષટ્ગુણહાનિવૃદ્ધિની સૂક્ષ્મ પર્યાય ત્યાં લીન છે. એટલે પર્યાયમાં છે, એમ. આહા..હા...! એ બધાને – એ બધા જ્ઞેયાકારો છે એ બધું જ્ઞાનમાં આવી જણાય છે.

શ્રુતજ્ઞાનીવાળાને તો એમ કહ્યું છે કે, ષટ્ગુણહાનિવૃદ્ધિ શું છે ? કારણ કે, એક સમયની પર્યાય કેવળજ્ઞાન (છે) એ કેવળજ્ઞાન કંઈ કમી થાય ? ઓછું થાય છે ? જેટલું જાણે એટલું જ (જાણે). પણ એ પર્યાયમાં કોઈ ષટ્ગુણહાનિવૃદ્ધિ (એવી રીતે થાય છે) ! આહા..હા...! પર્યાયમાં અનંત... અનંત... અનંત... કેવળીઓને જાણે એવી એક પર્યાય ! અને એ પર્યાયમાં અગુરુલઘુ(ની) ષટ્ગુણહાનિવૃદ્ધિ ! એક સમયમાં ! આ..હા..હા...! એવડી તો અનંતી પર્યાયો છે !! એક (જ્ઞાનગુણની પર્યાય) આટલામાં છે તો (એવો) બીજો શ્રદ્ધાનો પર્યાય પણ એટલી જ તાકાતવાળો છે, આનંદની પર્યાય એટલી જ તાકાતવાળો છે, વીર્યની પર્યાય એટલી જ તાકાત(વાળો) છે. આહા..હા...! ફક્ત (એ પર્યાયો) જાણે નહિ એ જુદી વાત (છે), જાણે જ્ઞાન. પણ એ સિવાયની (બીજી) અનંતી પર્યાયો (છે). અનંતી ! જેવી આ તાકાત છે એવી એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તાકાત છે. એ બધા જ્ઞેયાકારો જ્ઞાનમાં જણાઈ જાય છે. આહા..હા...!

હવે આવી આત્માની વાત મૂકી દઈને બહારની વાતું કરે બિચારા ! આમ કરો ને આ કરો – પ્રતિક્રમણ કરો... શું છે ? ધૂડમાં તારા પ્રતિક્રમણ ક્યાં હતા ? હજી મિથ્યાત્વથી પાછો વળ્યો નથી, ત્યાં અવ્રતથી પાછા વળવાનું પ્રતિક્રમણ તારે ક્યાંથી આવી ગયું ? આહા..હા...! મિથ્યા ભ્રાંતિનો ત્યાગ નથી અને બહારનો ત્યાગ આવ્યો તો ત્યાગ ક્યાંથી થઈ ગયો તને ?

શ્રોતા :– બહારનું તો બહાર જ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ત્યાગ છે જ. (એવી) ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે. પરના ત્યાગથી તો આત્મા શૂન્ય છે. ગ્રહણથી પણ શૂન્ય છે અને ત્યાગથી પણ શૂન્ય છે. આહા..હા...!

આહા..હા...! એક સજ્ઝાયમાં આવે છે 'હોંશિડા હોંશ ન કીજે' એક આખી સજ્ઝાય છે. ચાર સજ્ઝાયમાળા છે ને ? ચાર સજ્ઝાયમાળા છે. એ દુકાન ઉપર બધી જોયેલી, વાંચેલી. પિતાજીની ઘરની દુકાન હતી ને ! મારા ભાગીદાર ત્યાં થડે બેઠા હોય અને હું અંદર એકલો વાંચુ. એ ન હોય ત્યારે બેસવું પડે. આહા..હા...! એમાં એક શ્લોક આવે છે – મોટી સજ્ઝાય આવે છે. 'હોંશિડા મત હોંશ ન કીજે' કોઈ બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં હોંશ ન કર, ભાઈ ! આહા..હા...! પછી તો ઘણું હશે, પણ આટલું યાદ રહી ગયું છે. તે દી' તો ઘણું બધું વાંચેલું ને ! આહા..હા...! ચાર સજ્ઝાયમાળા આવે છે. એક સજ્ઝાયમાળામાં ૨૦૦-૨૫૦-૩૦૦ સજ્ઝાય આવે છે. એક–એક સજ્ઝાયમાં ૧૦-૧૫ શ્લોક આવે છે. આ..હા...!

તે દી' એમાં આ પણ આવ્યું હતું –'સહજાનંદી રે આત્મા, સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહ તણા રે રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે... લૂંટે જગતના જંત રે...' બાયડી–છોકરા (એમ કહે કે) 'અમે તમારા છીએ, અમને મોટા કરશો, તમે ક્યાં જશો ?' બાયડી કહે કે, 'હાથ મારો ઝાલ્યો હતો તમે !' એ જગતના ઠગારા પ્રાણી તને ઠગે છે ! ધૂતારાઓ છે બધા ! (આ પાછો) હોંશે કરીને ત્યાં ઠગાય છે ! 'લૂંટે જગતના જંત' આહા..હા...! 'કોઈ વિરલા ઉગરંત, સહજાનંદી રે આત્મા...' (એમ) મોટો શ્લોક છે. ચાર સજ્ઝાયમાળામાં આવે છે. તે દી' દુકાન ઉપર બધું (જોયેલું). આ તો બધી (સંવત) ૬૫-૬૬ની વાત છે ! સંવત ૧૯૬૫-૧૯૬૬ ! ૧૯૭૦માં તો દીક્ષા (લીધી). એના પહેલાંની આ વાત છે. આહા..હા...! ભારે ભાઈ, આ તો ! 'સહજાનંદી રે આત્મા' સહજાનંદી (એટલે) પેલા 'સ્વામીનારાયણ'ના સહજાનંદી નહિ, હોં !

એક ફેરી અમારે એવું થયું હતું (કે) 'સહજાનંદી રે આત્મા' બોલતા હતા ત્યાં એક શેઠાણી સામે બેઠા હતા. (એને એમ થયું કે), 'સહજાનંદી આપણે ક્યાંથી આવ્યું ?! સ્વામીનારાયણને સહજાનંદી હોય !' કાંઈ બિચારાને ખબર ન મળે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સહજાનંદ ! સ્વભાવિક આનંદનો દરિયો ભગવાન છે ! જેના આનંદ માટે પરની અપેક્ષા નથી, આહા..હા...! જેના આનંદ આગળ ઇન્દ્રિયના સુખ ઝેર જેવા લાગે. આહા..હા...! જેના આનંદની આગળ શુભભાવ ઝેર લાગે ! તો ઇન્દ્રિયના સુખ તો ઝેર લાગે ! આ..હા..હા...! (અંદર મોટો) પ્રભુ છે એની મોટપની શું વાતું કરવી ! કહે છે.

એ અહીંયાં કહ્યું, જોયું ? જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગતા નથી. **'યથોક્ત પ્રભાવને અનુભવતું...'** યથોક્ત એટલે જે યથા – (આ) બધું કહ્યું એવા પ્રભાવને અનુભવતું. આ..હા..હા...! એવો જેનો પ્રભાવ છે કે, **'(–ઉપર્યુક્ત પદાર્થોને જાણતું) કોણ રોકી શકે ?'** આ..હ..હ...!

'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં પુદ્‌ગલનું આવ્યું છે કે, પુદ્‌ગલની એવી કોઈ શક્તિ છે કે, કેવળજ્ઞાનાવરણીને આવરે ! એ તો પરમાણુમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પર્યાય થાય તો કેવી થાય એ બતાવી છે. એ જ્ઞાનાવરણીયના પરમાણુ ત્યાં સુધી પરિણમ્યા છે કે, પોતે પોતાનું જ્ઞાન હીણું કરે છે એમાં એ નિમિત્ત થાય છે. આવી પરમાણુની પર્યાય – જ્ઞાનાવરણીયની જેવી પર્યાય બીજાં કોઈ પદાર્થમાં હોય નહિ, એમ (કહેવું છે). શું કહ્યું એ ? એ પરમાણુની પર્યાય આવડી મોટી છે, એટલું સિદ્ધ કર્યું છે. કેવળજ્ઞાનસ્વરૂપ આખો જે ભગવાનઆત્મા ! એને પોતે – જાતે જ્યારે ભાવઘાતિથી હીણી (પર્યાય) કરે ત્યારે તેને નિમિત્ત કહેવાય. એવી પરમાણુની (પર્યાય છે). એક વિષ્ટાપણે પરિણમે, ગોળપણે પરિણમે, સાકરપણે પરિણમે, વિંછીના ડંખપણે પરિણમે, સર્પના ઝેરપણે પરમાણુ પરિણમે (એમ) આ પરમાણુ કેવળજ્ઞાનાવરણીયપણે પરિણમે, એમ એટલું બતાવવું છે. આહા..હા...! એને ઠેકાણે (અજ્ઞાની એમ) કહે કે, 'જુઓ ! એને લઈને ઢંકાઈ ગયું છે !' આહા..હા...! પોતાના ભાવથી – ભાવઘાતિકર્મથી ઢંકાઈ ગયું છે. આ..હા...! વિષય જે પૂર્ણ થવો જોઈએ, માનવો જોઈએ એને ઠેકાણે થોડો કરીને ત્યાં રોકાઈ ગયો છે. આહા..હા...! આકરું કામ છે !

અત્યારે (એમ) કહે છે કે, 'આવા સાધુ ન માનો તો અજ્ઞાન છે !' લ્યો ! 'અત્યારે બધાને સાધુ માનો !' કહે છે. એને શું બેઠું હશે ! 'હસ્તિનાપુર'માં ૮૧ ફૂટનો મોટો માનસ્તંભ બનાવ્યો છે. એનો મોટો મહોત્સવ છે.

(અહીંયાં કહે છે) **'(–ઉપર્યુક્ત પદાર્થોને જાણતું) કોણી રોકી શકે ?'** આહા..હા...! **'(અર્થાત્ કોઈ ન રોકી શકે). આથી તે (અતીંદ્રિય જ્ઞાન) ઉપાદેય છે.'** લ્યો ! સરવાળો આ લાવવો છે. અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ કરવું એવું તે ઉપાદેય છે. આ..હા...! પણ એ અતીન્દ્રિયજ્ઞાન કેમ પ્રગટ થાય ? કે, જેમાં – ભગવાનઆત્મામાં અતીન્દ્રિયજ્ઞાન ભર્યું છે એનો આશ્રય લે તો અતીન્દ્રિયજ્ઞાન થાય. એનું તાત્પર્ય તો પાછું આ છે.

અતીન્દ્રિયજ્ઞાન ઉપાદેય (કહ્યું) પણ અતીન્દ્રયજ્ઞાન પ્રગટે કેમ ? કોઈ દયા, દાન, વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભક્તિના પરિણામથી (પ્રગટે) ? એ તો રાગ છે. આહા..હા...! અંદર જ્ઞાનનો દરિયો ભર્યો છે, પ્રભુ ! બેહદ શક્તિવાળું તત્ત્વ છે અંદર ! એનો આશ્રય લે, એની સન્મુખતા થાય તો તે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટે. આહા..હા...! બીજાંને નવી વાત લાગે ! આ..હા...! પણ બાપુ ! વીતરાગનો માર્ગ આ છે ! જિનેશ્વરદેવ ત્રણલોકના નાથ ! પરમેશ્વરનો આ હુકમ છે ! પરમેશ્વરની આ આજ્ઞા છે ! આ..હા...!

આવું જે અતીન્દ્રિયજ્ઞાન કીધું -- દ્રવ્યથી પ્રચ્છન્ન, ક્ષેત્રથી ઢાંકેલા, કાળને ઢાંકેલા, ભાવથી ઢાંકેલા પર્યાયો આદિ... આહા..હા...! બધાને એક સમયમાં જાણવાને કોણ રોકી શકે ? આહા..હા...! આવો તારો નાથ છે ! એક સમયની અતીન્દ્રિય પર્યાય એવી અતીન્દ્રિય પર્યાય અનંતી ! એવી અનંતી અતીન્દ્રિય પર્યાયનો (પિંડ) તે જ્ઞાનગુણ છે. આહા..હા...! એમ સમકિતની – ક્ષાયિક સમકિતની પર્યાય અનંતી થાય, એ અનંતી પર્યાયનો પિંડ અંદર શ્રદ્ધા ગુણ છે. આ..હા...! ચારિત્રની પર્યાય જે શાંતિ છે – દશામાં ચારિત્ર પર્યાય (છે) એ શાંતિ છે એવી તો અનંતી ચારિત્રપર્યાય એના ચારિત્રગુણમાં છે. કેવડો મોટો ઇ પ્રભુ ! ત્યાં ('સમયસાર'માં) બેહદ કીધું ને ? આ..હા..હા...! ભગવાનને એક સમયનો અનંતો પુરુષાર્થ – વીર્ય પ્રગટ્યું ! અનંતો પુરુષાર્થ ! એવો-એવો સાદિઅનંત પર્યાયનો અનંતો પુરુષાર્થ ! એ બધી અનંતી શક્તિ વીર્યગુણમાં પડી છે. આહા..હા...! અરે...! એના ગાણા સાંભળ્યા નહિ. (એવું) '**(અતીંદ્રિય જ્ઞાન) ઉપાદેય છે.**' લ્યો ! આહા..હા...!

'**હવે ઇંદ્રિયસુખના સાધનભૂત...**' (પહેલાં) અતીન્દ્રિયજ્ઞાનનું સાધન (કહ્યું) હતું. '**હવે ઇંદ્રિયસુખના સાધનભૂત (–કારણરૂપ) ઇંદ્રિયજ્ઞાન હેય છે–**' આ..હા...! ઇન્દ્રિયનું જે માનેલું સુખ છે (તે હેય છે). ભાષા તો શું કરે ? અતીન્દ્રિય સુખની સામે ઇન્દ્રિયનું સુખ લીધું. (એ) સુખ નથી, એ તો દુઃખ છે, પણ લોકો માને છે ને ! (તેથી સુખ કહ્યું). આ..હા...! બરાબર ભૂખ લાગી હોય અને ચૂરમાના લાડવા અને પત્તરવેલિયાનાં ભજિયા ને અડદની હદડી દાળ ને ચટણી ને (બધું) મૂકે ને મજાનું ખાય (એટલે) જાણે ઓ..હો...! (થઈ જાય) ! (સાથે) પાપડ આપે પાપડ ! મોટા–મોટા (લગ્નમાં) તો બદામના પાપડ આપે, પિસ્તાના પાપડ આપે ! પહેલાં તો એમ હતું, હવે તો મોંઘું થઈ ગયું. આ..હા...! આવો નાથ પ્રભુ અંદર બિરાજે છે ! એ ઘણાંને જમાડે એવો છે ! અનંતા... અનંતા... ગુણને જમાડે એવો આનંદનો નાથ છે, પ્રભુ ! આહા..હા...! એની મોટપ ન આવે અને બહારની મોટપમાં હોંશું આવે ! આ..હા...! આનંદના નાથની મોટપ ન મળે અને દુઃખ અને રાગ અને નિમિત્ત... આહા..હા...! એમાં પ્રમોદ આવે, એને હોંશ આવે ! આવો સ્વભાવ છે તેનો એ અનાદર કરે છે. હજારનો પગાર હોય અને પાંચસો (રૂપિયા) વધ્યા (હોય તો) ઓ..હો..હો...! (થઈ જાય). આજે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ (ખુશી) છે, લાપશી કરો આજે ! આહા..હા...! જેને (જેની) હોંશું હોય એ ગમે તે કરે ! થવાની પર્યાય (હોય) તે થાય, કરે શું ? આ..હા...!

અહીં તો કહે છે, 'ઇન્દ્રિયસુખ' એમ આચાર્યો પણ ભાષા વાપરે. કહેવું શી રીતે ? આ..હા...! બાળક લાકડીના ઘોડે બેઠો હોય, આમ... ચડ્યો હોય... અને એનો બાપ કેરી લઈને આવ્યો (હોય અને એમ કહે કે) 'ચાલ અંદર, તારો ઘોડો છોડી દે !' લાકડી છોડી દે (એમ ન કહે કેમકે) એને ધુન છે કે આ ઘોડો છે. એટલે એનો બાપ (એમ) શબ્દ વાપરે (કે), 'ઘોડો છોડી દે, ચાલ અંદર ખાવા !' એમ આ ભાષા એવી છે. ઇન્દ્રિયસુખમાં માનનારા માણસ માટે ભાષા એવી છે. વિશેષ કહેશે...

**સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પવિત્રતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.**

**ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો, હવે મારું શું થશે ! એમ ડર નહિ. મૂંઝા નહિ, હતાશ થા નહીં... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ... સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઊછાળ. (પરમાગમસાર–૫૯૩)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथेन्द्रियसौख्यसाधनीभूतमिन्द्रियज्ञानं हेयं प्रणिन्दति -

**जीवो सयं अमुत्तो मुत्तिगदो तेण मुत्तिणा मुत्तं।**
**ओगेण्हित्ता जोग्गं जाणदि वा तं ण जाणादि।।५५।।**
**जीवः स्वयममूर्तो मूर्तिगतस्तेन मूर्तेन मूर्तम्।**
**अवगृह्य योग्यं जानाति वा तन्न जानाति।।५५।।**

इन्द्रियज्ञानं हि मूर्तोपलम्भकं मूर्तोपलभ्यं च। तद्वान् जीवः स्वयममूर्तोऽपि पञ्चेन्द्रियात्मकं शरीरं मूर्तमुपागतस्तेन ज्ञप्तिनिष्पत्तौ बलाधाननिमित्ततयोपलम्भकेन मूर्तेन मूर्तं स्पर्शादिप्रधानं वस्तूपलभ्यतामुपागतं योग्यमवगृह्य कदाचित्तदुपर्युपरि शुद्धिसंभवादवगच्छति, कदाचित्तद-संभवान्नावगच्छति, परोक्षत्वात्। परोक्षं हि ज्ञानमतिदृढतराज्ञानतमोग्रन्थिगुण्ठनान्नि-मीलितस्यानादिसिद्धचैतन्यसामान्यसंबन्धस्याप्यात्मनः स्वयं परिच्छेत्तुमर्थमसमर्थस्योपात्तानु-पात्तपरप्रत्ययसामग्रीमार्गणव्यग्रतयात्यन्तविसंष्ठुलत्वमवलम्बमानमनन्तायाः शक्तेः परिस्खल-नान्नितान्तविक्लवीभूतं महामोहमल्लस्य जीवदवस्थत्वात् परपरिणतिप्रवर्तिताभिप्रायमपि पदे पदे प्राप्तविप्रलम्भमनुपलम्भसंभावनामेव परमार्थतोऽर्हति। अतस्तद्धेयम् ।।५५।।

---

अथ हेयभूतस्येन्द्रियसुखस्य कारणत्वादल्पविषयत्वाच्चेन्द्रियज्ञानं हेयमित्युपदिशति - **जीवो सयं अमुत्तो** जीवस्तावच्छक्तिरूपेण शुद्धद्रव्यार्थिकनयेनामूर्तातीन्द्रियज्ञानसुखस्वभावः, पश्चादनादिबन्धवशात् व्यवहारनयेन **मुत्तिगदो** मूर्तशरीरगतो मूर्तशरीरपरिणतो भवति। **तेण मुत्तिणा** तेन मूर्तशरीरेण मूर्तशरीराधारोत्पन्नमूर्तद्रव्येन्द्रियभावेन्द्रियाधारेण **मुत्तं** मूर्तं वस्तु **ओगेण्हित्ता** अवग्रहादिकेन क्रमकरणव्यवधानरूपं कृत्वा **जोग्गं** तत्स्पर्शादिमूर्तं वस्तु। कथंभूतम्। इन्द्रियग्रहणयोग्यं **जाणदि वा तण्ण जाणादि** स्वावरणक्षयोपशमयोग्यं किमपि स्थूलं जानाति, विशेषक्षयोपशमाभावात् सूक्ष्मं न जानातीति। अयमत्र भावार्थ :- इन्द्रियज्ञानं यद्यपि व्यवहारेण प्रत्यक्षं भण्यते, तथापि निश्चयेन केवलज्ञानापेक्षया परोक्षमेव। परोक्षं तु यावतांशेन सूक्ष्मार्थं न जानाति तावतांशेन चित्तखेदकारणं भवति। खेदश्च दुःखं, ततो दुःखजनकत्वादिन्द्रियज्ञानं हेयमिति ।।५५।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી**
**કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.**

**અન્વયાર્થ :–** **[स्वयं अमूर्तः]** સ્વયં અમૂર્ત એવો **[जीवः]** જીવ **[मूर्तिगतः]** મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો **[तेन मूर्तेन]** તે મૂર્ત શરીર વડે **[योग्यं मूर्तं]** યોગ્ય મૂર્ત પદાર્થને **[अवगृह्य]** અવગ્રહીને (–ઇન્દ્રિયગ્રહણયોગ્ય મૂર્ત પદાર્થનો અવગ્રહ કરીને) **[तद्]** તેને **[जानाति]** જાણે છે **[वा न जानाति]** અથવા નથી જાણતો (–કોઈ વાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો).

**ટીકા :–** ઇન્દ્રિયજ્ઞાનને ઉપલંભક પણ મૂર્ત છે અને ઉપલભ્ય પણ મૂર્ત છે. એ ઇન્દ્રિયજ્ઞાનવાળો જીવ પોતે અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા પંચેન્દ્રિયાત્મક શરીરને પ્રાપ્ત થયો થકો, જ્ઞપ્તિ નીપજવામાં બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી જે ઉપલંભક છે એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી સ્પર્શાદિપ્રધાન વસ્તુને – કે જે યોગ્ય હોય અર્થાત્ જે (ઇન્દ્રિયો દ્વારા) ઉપલભ્ય હોય તેને – અવગ્રહીને, કદાચિત્ તેનાથી ઉપર ઉપરની (–અવગ્રહથી આગળ આગળની) શુદ્ધિના સદ્ભાવને લીધે તેને જાણે છે અને કદાચિત્ અવગ્રહથી ઉપર ઉપરની શુદ્ધિના અસદ્ભાવને લીધે નથી જાણતું, કારણ કે તે (ઇન્દ્રિયજ્ઞાન) પરોક્ષ છે. પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં જે અતિ દ્રઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે એવો આત્મા પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ હોવાથી ઉપાત્ત અને અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી અત્યંત ચંચળ-તરલ-અસ્થિર વર્તતું થકું, અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી અત્યંત વિક્લવ વર્તતું થકું, મહા મોહમલ્લ જીવતો હોવાથી પરપરિણતિનો (–પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું હોવા છતાં પદે પદે (–ડગલે ડગલે) છેતરાતું થકું, પરમાર્થે અજ્ઞાન ગણાવાને જ યોગ્ય છે. આથી તે હેય છે.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત સ્થૂલ ઇન્દ્રિયગોચર પદાર્થોને જ જ્ઞાનના ક્ષાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે છે. પરોક્ષ એવું તે ઇન્દ્રિયજ્ઞાન, ઇન્દ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને (–અસ્થિરતાને) લીધે અતિશય ચંચળ–ક્ષુબ્ધ છે, અલ્પ શક્તિવાળું હોવાથી ખેદખિન્ન છે, પર પદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય કરતું હોવા છતાં પગલે પગલે ઠગાય છે (કારણ કે પર પદાર્થો આત્માને આધીન પરિણમતા નથી); તેથી પરમાર્થે તો તે જ્ઞાન 'અજ્ઞાન' નામને જ યોગ્ય છે. માટે તે હેય છે. ૫૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૫૫
પ્રવચન નં. – ૫૫
તા. ૦૨-૦૩-૭૯

'પ્રવચનસાર' ગાથા–૫૫. **'હવે ઇંદ્રિયસુખના સાધનભૂત...'** આ..હા..હા...! **'ઇંદ્રિયજ્ઞાન હેય છે...'** એ બતાવશે. જડ પાંચ ઇન્દ્રિય છે, આ તો શરીર માટી–જડ છે, એનાથી – ઇન્દ્રિયોથી પ્રાપ્ત થતું જે જ્ઞાન, એ ઇન્દ્રિય જ્ઞાન ઇન્દ્રિયના સુખનું સાધન છે, એટલે કે દુઃખનું સાધન છે. આહા..હા...! એ કહેશે. ગાથા :–

**जीवो सयं अमुत्तो मुत्तिगदो तेण मुत्तिणा मुत्तं।**
**ओगेण्हित्ता जोग्गं जाणदि वा तं ण जाणादि।।५५।।**

**પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી**
**કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.**

**ટીકા :– 'ઇંદ્રિયજ્ઞાનને ઉપલંભક...'** (એટલે) જાણવામાં નિમિત્ત (એવી) આ જડ ઇન્દ્રિયો. ઇન્દ્રિયજ્ઞાનમાં જાણવામાં નિમિત્ત આ જડ ઇન્દ્રિયો. આકરી વાત છે ! અનંતકાળમાં એણે આત્મા શું છે (એનું) અતીન્દ્રિયજ્ઞાન કર્યું નથી અને અતીન્દ્રિયજ્ઞાન વિના અતીન્દ્રિયસુખ મળે નહિ અને એના વિના જન્મ–મરણ ટળે નહિ. ચોરાશીમાં અવતાર કરી–કરીને એ ઇન્દ્રિયજ્ઞાનમાં સુખ માન્યું. આહા..હા...! અતીન્દ્રિય આનંદમય એ સુખ અંદર આત્મામાં છે, એને ઠેકાણે આ ઇન્દ્રિયોના જ્ઞાનને સુખનું સાધન માન્યું. આ..હા...! એ કહે છે.

**'ઇંદ્રિયજ્ઞાનને ઉપલંભક...'** (ઉપલંભક એટલે) 'જણાવનાર; જાણવામાં નિમિત્તભૂત. (ઇન્દ્રિયજ્ઞાનને પદાર્થો જાણવામાં નિમિત્તભૂત મૂર્ત પંચેન્દ્રિયાત્મક શરીર છે).' આ તો માટી, મૂર્ત છે એ ઇન્દ્રિયજ્ઞાનમાં જાણવામાં નિમિત્ત છે. આહા..હા...! આકરી વાત છે. **'અને ઉપલભ્ય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પણ મૂર્ત છે.**' (અર્થાત્) જણાવા યોગ્ય જે ચીજ છે એ મૂર્ત છે. શું કહ્યું ? કે, ઇન્દ્રિયજ્ઞાનમાં જણાવવામાં નિમિત્તભૂત છે એ જડ છે અને જાણવા યોગ્ય જે ચીજ છે એ પણ મૂર્ત છે. આ..હા..હા...! આ (ચક્ષુ) ઇન્દ્રિયથી જણાય (એ) તો જડ છે, જાણે છે તો આત્મા પણ જાણવામાં આ શરીર નિમિત્ત છે. જાણવામાં નિમિત્ત (તે પણ મૂર્ત છે) અને જણાવા યોગ્ય ચીજ છે તે પણ મૂર્ત છે. ઇન્દ્રિયથી મૂર્તને જાણે. આહા..હા...!

આ બધા તમારા હીરા, માણેકની પરીક્ષાઓ (કરે છે એ) મૂર્ત ઇન્દ્રિય(થી કરે છે) અને મૂર્ખાઈ (છે). આ..હા...! અનંતકાળથી એણે (આ જ) કર્યું છે. વાસ્તવિક આત્મા શું છે ? અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદમય છે એની દૃષ્ટિ અનંતકાળમાં એક ક્ષણ – (એક) સમય કરી નથી. આહા..હા...! એથી અહીં કહે છે, આગળ કહેશે કે, ઇન્દ્રિયજ્ઞાન અનાદિસિદ્ધ છે તેની સાથે સંબંધ છે છતાં પણ મોહને લઈને અજ્ઞાનીને મારી નાખ્યો છે. એ આગળ કહેશે, ભાઈ ! ટીકામાં લેશે.

અહીંયાં તો કહે છે, પ્રભુ ! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી છે એ સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. પ્રભુ ! તું ક્યાં છો ? તારું જ્ઞાન સામાન્ય જે ત્રિકાળી ધ્રુવ છે ત્યાં તારી નજરું નથી. જેમાં આખો ભંડાર ભર્યો છે. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદનો ભંડાર છે ત્યાં તારી નજર નથી અને જે અતીન્દ્રિયજ્ઞાનથી વિરૂદ્ધ ઇન્દ્રિયજ્ઞાન છે એના ઉપર તારી પ્રીતિ અને પ્રેમ છે. એના સુખનું સાધન ઇન્દ્રિયજ્ઞાન છે એમ તું માને છે. આહા..હા...! છે ?

**'એ ઇંદ્રિયજ્ઞાનવાળો જીવ પોતે અમૂર્ત હોવા છતાં...**' આ..હા..હા...! પ્રભુ તો અમૂર્ત છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આત્મામાં નથી. આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી જડ ઇન્દ્રિયો એને જાણવામાં જડ નિમિત્ત અને જણાવામાં મૂર્ત જણાણું. આહા..હા...! કે દી' પણ એ વિચાર કર્યો હોય ? આખો દી' પાપમાં નવરાશ કે દી' (મળે) ? આખો દી' પાપ – બાવીસ કલાક, ચોવીસ કલાક ! એમાં આ શું મૂર્ત છે ? શું ઇન્દ્રિય છે ? શું ઇન્દ્રિયાતીત છે ? (એ સમજવાનો વખત ન મળે). આહા..હા...! અનંતકાળ થયા એણે એ કદી કર્યું નથી. આ..હા..!

એ અહીં કહે છે કે, પોતે અમૂર્ત છે. પ્રભુ આત્મા તો અમૂર્ત છે. આ જડ ઇન્દ્રિયો અને આ ખંડ–ખંડ ભાવેન્દ્રિયો પણ એમાં નથી. આહા..હા...! અતીન્દ્રિયજ્ઞાનની વાત થઈ ગઈ પછી એની સામે ઇન્દ્રિયજ્ઞાન બતાવે છે. પ્રભુ અંદર ચૈતન્યસ્વરૂપ જે છે એ તો અમૂર્ત છે. એમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ કે આ જડ ઇન્દ્રિયો નથી. આહા..હા...!

**'અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા પંચેન્દ્રિયાત્મક શરીરને પ્રાપ્ત થયો થકો,...**' આ..હા..હા...! પ્રભુ આત્મા રંગ, ગંધ, સ્પર્શ, રસ વિનાનો છે. એવો અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા શરીર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇન્દ્રિયો આદિને પ્રાપ્ત થયો છે. એનું લક્ષ ત્યાં ગયું છે, બસ ! આહા..હા...! શરીર હું, ઇન્દ્રિય હું, એનાથી જણાય તે જ્ઞાન, એનાથી મળે તે સુખ – ઇન્દ્રિયોથી મળે તે સુખ ! અ..ર..ર..ર..! ઝેર છે. ઝીણી વાત છે, ભાઈ ! પરમાત્મા અતીન્દ્રિયજ્ઞાનનો આદર કરાવવા ઇન્દ્રિયજ્ઞાનનું હેયપણું બતાવે છે. આહા..હા...! કહેશે, જુઓ !

'**મૂર્ત એવા પંચેન્દ્રિયાત્મક શરીરને...**' પંચેન્દ્રિયસ્વરૂપ આ શરીર છે ને ? (આ) પંચેન્દ્રિયસ્વરૂપ છે એને '**પ્રાપ્ત થયો થકો,...**' આ..હા..હા...! અમૂર્ત એવો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ ! એને પ્રાપ્ત ન કરતાં શરીર જે જડ છે, આ માટી છે, આ તો ધૂડ છે, એ પાંચ ઇન્દ્રિયને પ્રાપ્ત કરે છે. આ..હા...!

'**જ્ઞપ્તિ નીપજવામાં બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી...**' શું કહે છે ? જાણવાની ક્રિયામાં શરીરને બળ ધારણનું નિમિત્ત. જાણવાની પર્યાય તો પોતાની (છે) પણ એમાં ઇન્દ્રિય નિમિત્ત (છે) અને શરીર નિમિત્ત (છે). એમ. શરીર કહો કે જડ ઇન્દ્રિય કહો (બન્ને એક જ છે). આહા..હા...! બળ-ધારણનું નિમિત્ત એટલે ? જે ઇન્દ્રિયજ્ઞાનથી કામ લે છે એ બળ-ધારણ (છે) અને એમાં આ શરીર અને આ જડ ઇન્દ્રિયો છે એ નિમિત્ત છે. ઇન્દ્રિયો જ્ઞાનને બળ-ધારણ આપે છે એમ અહીં પ્રશ્ન નથી. આ તો આત્મા જે ઇન્દ્રિયોનું જ્ઞાન કરે, અતીન્દ્રિય ભગવાનને ભૂલી જઈને... આહા..હા...! મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની શરીરને પ્રાપ્ત થઈને, અશરીરી ભગવાનને છોડી દઈને (જે જ્ઞાન કરે છે તેની વાત કરે છે) આહા..હા...! આવું આકરું કામ ! ધંધા આડે નવરાશ ન મળે ! આખો દી' આ રળ્યા ને આ કર્યા ને...! આહા..હા...! નવરો થાય તો બાયડી–છોકરાંને સાચવવા ! નવરો થાય તો છ–સાત કલાક ઊંઘમાં (જાય) ! થઈ રહ્યું...! કલાક મળે (અને) ક્યાંક સાંભળવા જાય ત્યાં જે–તે ઠેકાણા વિનાની વાતું સાંભળે ! એ કલાક પણ લૂંટાઈ જાય ! અરે...! ભગવાન શું થાય ?

આહા..હા...! આચાર્ય મહારાજ પોકારે છે કે, શરીર, ઇન્દ્રિયોના જાણવામાં જાણવાનું બળ-ધારણ તો ઇન્દ્રિયોના નિમિત્તથી છે પણ એમાં આ શરીર નિમિત્ત થતું હોવાથી '**જે ઉપલંભક છે...**' (અર્થાત્) જણાવા લાયક છે. ઉપલંભક (આગળ) કીધું છે ને ? (આગળના પાને) આવ્યું છે. ઉપલંભક=જણાવનાર; જાણવામાં નિમિત્તભૂત. (ઇન્દ્રિયજ્ઞાનને પદાર્થો જાણવામાં નિમિત્તભૂત મૂર્ત પંચેન્દ્રિયાત્મક શરીર છે). આહા..હા...! '**એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી સ્પર્શાદિપ્રધાન વસ્તુને–**' પાંચ ઇન્દ્રિય. (સ્પર્શાદિપ્રધાન એટલે) 'સ્પર્શ, રસ, ગંધ વગેરે ગુણો જેમાં મુખ્ય છે (એવી).'

'**જે યોગ્ય હોય અર્થાત્ જે (ઇંદ્રિયો દ્વારા) ઉપલભ્ય હોય...**' એટલે શું કહે છે ? ઇન્દ્રિય દ્વારા જણાવા યોગ્ય હોય. જે જણાવા યોગ્ય નથી એને તો એ જાણી શકે નહિ. નજીક હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લક્ષ હોય **'તેને–અવગ્રહીને,...'** ઇન્દ્રિય દ્વારા નજીકના જે પદાર્થો છે એને પકડવા અને જાણવા એ ઇન્દ્રિયજ્ઞાન છે. **'તેને–અવગ્રહીને...'** અવગ્રહે (એટલે) પકડે કે, આ શરીર છે, આ ઇન્દ્રિય છે, આ પૈસા છે, આ મકાન છે, આ આબરૂ છે એ બધું જડ છે. એ જડને ઇન્દ્રિય દ્વારા... આહા..હા...! **'ઉપલભ્ય હોય તેને...'** અવગ્રહે છે. એને જ્ઞાનમાં પકડે છે. પકડે છે એટલે આ શું છે ? એવું પકડે છે.

**'કદાચિત્ તેનાથી ઉપર ઉપરની (–અવગ્રહથી આગળ આગળની) શુદ્ધિના સદ્ભાવને લીધે...'** (એમ કહે છે કે) કદાચિત્ અવગ્રહથી જણાણું (અને) એનાથી આગળ કંઈક ક્ષયોપશમ હોય તો વિશેષ પણ જાણે. આહા..હા...! **'તેને જાણે છે અને કદાચિત્ અવગ્રહથી ઉપર ઉપરની શુદ્ધિના અસદ્ભાવને લીધે...'** (અર્થાત્) પકડાણું કે આ જડ છે – શરીર, માટી, પૈસો–ધૂડ, મકાન એમ ખ્યાલમાં આવ્યું. એ ખ્યાલમાં જે પહેલો અવગ્રહ છે એનાથી વિશેષ શુદ્ધિનો ઉઘાડ હોય તો પકડે પણ વિશેષ શુદ્ધિનો ઉઘાડ ન હોય તો અવગ્રહથી અટકી જાય. આવું પરાધીન છે ! આવો ઉપદેશ સાંભળવો કઠણ પડે ! આહા..હા...! આ બધા અબજોપતિ અને કરોડોપતિ છે ને એ બધા દુઃખી છે, એમ કહે છે !

શ્રોતા :– ત્યાગીઓ તો એમ જ કહે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભગવાન એમ કહે છે ! આ એ કહે છે ને ! ઇન્દ્રિયજ્ઞાન હેય છે એ તો ભગવાન બતાવે છે. એને ક્યાં (ખબર છે) ભગવાન કોણ કહે છે ? આહા..હા...!

અહીં તો (એમ કહે છે કે), જડ શરીરને પ્રાપ્ત થઈને, અમૂર્ત પ્રભુ છે તેને છોડી દઈને. આહા..હા...! (અર્થાત્) અતીન્દ્રિય આનંદનો નાથ મહાત્મા – મહા + આત્મા ! અતીન્દ્રિય આનંદ આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ ! એને પ્રાપ્ત કરવો છોડી દઈને... આ..હા..હા...! આ જે પાંચ ઇન્દ્રિયો શરીરની થઈ એ શરીરને પ્રાપ્ત થઈ ગયો. (એટલે કે) 'આ હું' 'હું આ (અતીન્દ્રિય આત્મા) છું' એ છોડી દઈને 'આ (શરીર) હું' (એમ અનુભવે છે). આ..હા..હા...! આ તમારા બધા પૈસાવાળાને અહીં દુઃખી કહે છે ! (આગળ) કહેશે (કે), દુઃખરૂપ છે, ઇન્દ્રિયજ્ઞાન ખેદ કરનાર છે. ખેદ ! ખેદ ! દુઃખી છે ! ખેદખિન્ન છે.

આ..હા...! **'કારણ કે તે (ઇંદ્રિયજ્ઞાન) પરોક્ષ છે.'** ઇન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી. કારણ કે ઇન્દ્રિયજ્ઞાનમાં આ જડ નિમિત્ત (છે) અને જણાવા યોગ્ય તે મૂર્ત (છે) તેથી તે પરોક્ષ છે, પ્રત્યક્ષ નથી (એટલે કે) આત્માથી સીધું જણાય એવું એ નથી. એ જ્ઞાનમાં – ઇન્દ્રિયજ્ઞાનમાં તો શરીર આદિ જડ નિમિત્ત છે તેથી તે પરોક્ષ છે. આહા..હા...!

**'પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે...'** જુઓ એ આવ્યું, ભાઈ ! શું કહે છે ? જુઓ ! આ ઇન્દ્રિયો જડ છે એના નિમિત્તથી થતું જ્ઞાન, જ્ઞાન તો પોતાથી થાય છે (પણ) એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિમિત્ત આ છે. (તો) કહે છે કે, એવું જે પરોક્ષ જ્ઞાન... પરોક્ષ જ્ઞાન... સાંભળજો ! '**ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...**' એ જ્ઞાનને પણ સંબંધ તો આત્માની સાથે છે ને ? એ જ્ઞાન ક્યાં જડનું છે ? આ..હા..હા...! શું કહે છે ? કે, આ પરોક્ષ જ્ઞાન જાણવામાં ઇન્દ્રિયો નિમિત્ત છે, શરીર નિમિત્ત છે એવું જે જ્ઞાન. એ '**અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...**' કોની સાથે ? (તો કહે છે કે), ચૈતન્યસામાન્ય સાથે. આહા..હા...! એ ચૈતન્ય જે ત્રિકાળી ભગવાનઆત્મા ! એના ઉપર આ ઇન્દ્રિયજ્ઞાન થાય છે. એ જ્ઞાનનો સંબંધ તો ચૈતન્યસામાન્ય સાથે છે પણ એ એની ઉપર દૃષ્ટિ કરતો નથી. આહા..હા...! આહા..હા...! આવો ઉપદેશ હવે ! છે ?

'**પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે...**' એટલે આત્મા સાથે '**અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...**' એ જ્ઞાનની પર્યાયને સંબંધ તો દ્રવ્ય સાથે છે ને ? એમ કહે (છે). પર્યાય છે એ કાંઈ બહારથી આવે છે ? આ..હા...! પણ '**સંબંધ હોવા છતાં જે અતિ દૃઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે...**' આ..હા..હા...! અજ્ઞાનીને ભ્રમણાનો પાર ન મળે, કહે છે. અતિ દૃઢતર અજ્ઞાન પાછું ! તમોગ્રંથિ (એટલે) અંધકારનો ગઠ્ઠો; અંધકારનો સમૂહ. એના વડે અવરાઈ ગયું છે. આહા..હા...!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે ! સામાન્ય જે ધ્રુવ છે, નિત્યાનંદ પ્રભુ છે ! આ ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ તો ત્યાં છે. છતાં તે અવરાઈ ગયેલું જ્ઞાન... આ..હા..હા...! '**દૃઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ...**' મહા મિથ્યાત્વનો ગાઢ (અંધકાર) ! આહા..હા...! (એવો આત્મા) '**અવરાઈ જવાથી બિડાઈ ગયો છે...**' આહા..હા...! જ્ઞાનનો વિકાસ બિડાઈ ગયો છે. આહા..હા...! કેમકે આમ જે સામાન્ય ચૈતન્ય ભગવાન છે.... સામાન્ય એટલે સમજાણું ? આ સામાન છે ઇ સામાન (નહિ). સામાન નહિ, સામાન્ય ! સામાન અને સામાન્યમાં મોટો ફેર છે. સામાન તો વસ્તુને કહે અને સામાન્ય (એટલે) આત્મા જે ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ ! (એ સામાન્ય છે). એક સમયની પર્યાય વિનાની ચીજને અહીંયાં સામાન્ય કહેવામાં આવે છે. આહા..હા...!

સામાન્ય આ ચૈતન્ય અંદર ભગવાન નિત્યાનંદ પ્રભુ છે. નિત્ય કહો કે સામાન્ય કહો (એવી) સદૃશ વસ્તુ ત્રિકાળ આનંદનો મહાત્મા પ્રભુ છે. એ અનંત ગુણનો ગાંઠડો છે ! આ..હા..હા...! અનંત... અનંત... સુખ અને અનંત જ્ઞાન ! એવી અનંતી... અનંતી... શક્તિઓ(થી) પૂર્ણ ભરપૂર ભરેલો ભગવાન સામાન્ય એટલે ધ્રુવ છે. આહા..હા...! એની સાથે સંબંધ હોવા છતાં... આહા..હા...! '**અતિ દૃઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી...**' ઢંકાઈ ગયો છે. આહા..હા...! '**એવો આત્મા પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ...**' છે. શું કહે છે ? એવો આત્મા પદાર્થને સ્વયં (એટલે) ઇન્દ્રિયના નિમિત્ત વિના, શરીરના નિમિત્ત વિના જાણવાને અસમર્થ છે. આહા..હા...! ઝીણી વાતું બહુ, બાપુ ! એણે અનંતકાળમાં ધર્મ કર્યો નથી. અનંતકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોરાશીના અવતારમાં એક–એકમાં અનંતા અવતાર કર્યા ! આ..હા...! પણ સમ્યગ્દર્શન શું ? અને આત્મા અંતર આનંદનો નાથ, પૂર્ણાનંદ પ્રભુ (છે) એની દૃષ્ટિ કરી નહિ. કેમકે ઇન્દ્રિયને પ્રાપ્ત થયો તો પ્રભુ સ્વરૂપને પ્રાપ્ત ન થયો. આ જડને પ્રાપ્ત થયો તો એનાથી જે જણાય – જ્ઞાન (થાય) એ જ્ઞાન તો અવગ્રહાદિવાળું છે અને તમોગ્રંથિ અજ્ઞાનથી ઢંકાઈ ગયું છે. તમોગ્રંથી (એટલે) અંધકારનો સમૂહ છે તેમાં ઢંકાઈ ગયું છે (એમ) કહે છે.

આ..હા...! ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રભુ છે ! આહા..હા...! આત્મા અંદર ચૈતન્યપ્રકાશનું પૂર અને નૂર ભગવાન છે ! એમાં આ ઇન્દ્રિયજ્ઞાન છે એમાં તમોગ્રંથિ – અંધકાર છવાઈ ગયો છે. આ..હા...! એક ઇન્દ્રિયનું થોડું જાણે (અને) વિશેષ ન જાણે ત્યાં ખેદ થઈ જાય (કે) આ કેમ જણાતું નથી ? કેમ આ જણાતું નથી ? આમ જોવે કે, આ ફલાણું જણાય છે પણ એના પછી શું છે એ જણાતું નથી. એમ એક પછી એક જાણવામાં અવરાઈ ગયેલું હોવાથી ખેદ થાય છે. આહા..હા...!

પોતાના આત્માથી એકલો જાણવાને અસમર્થ હોવાથી '**ઉપાત્ત...**' (એટલે) મેળવેલા. (ઇન્દ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે). ઇન્દ્રિય અને મન જોડે છે (સાથે છે) એ મેળવેલા પદાર્થ (કહેવાય). છે ? '**અને અનુપાત્ત...**' (એટલે) અણમેળવેલા (પ્રકાશ વગેરે અનુપાત્ત પર પદાર્થ છે). આ પ્રકાશ વગેરે છે એને કાંઈ મેળવવું પડતું નથી. પ્રકાશ હોય, ઇન્દ્રિયો હોય ત્યારે તે નિમિત્તને આધીન (થઈને) જાણી શકે. આ..હા..હા...! જુદી વાત છે, બાપુ ! આ તો ધર્મ કેમ થાય એની વાત છે. આ ઇન્દ્રિયજ્ઞાનથી ઇન્દ્રિયના સુખનું સાધન (થાય) એ દુઃખ છે, એ અધર્મ છે. આહા..હા...! હવે એમાં જુવાન શરીર હોય અને પાંચ-પચાસ લાખ પેદા થતા હોય...

શ્રોતા :– મમતાની પેદાશ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– મમતાની પેદાશ છે ! પૈસા એટલે શું ? એ તો ધૂળ છે – કાંકરા ! આહા..હા...! કાંકરાનો આત્મામાં અભાવ છે. એક ચીજમાં બીજી ચીજનો તો અભાવ છે. એને ઠેકાણે (એમ માને કે એ) મારા છે (તો) એ મહા મિથ્યાત્વ અજ્ઞાન છે. આહા..હા...!

શ્રોતા :– દુનિયામાં બોલબાલા એની થાય છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયા ગાંડી–પાગલ બોલબોલા કરે એટલે શું ? દુનિયા પાગલ છે ! ('ગોવા'ના એક ભાઈ હતા). બે અબજ ચાલીસ કરોડ ! મરી ગયો ! ચાલીસ લાખના મકાન, દસ-દસ લાખના બે મકાન ! 'ગોવા'માં સાઠ લાખના મકાન છે અને બે અબજ ચાલીસ કરોડ ! બસ્સો ચાલીસ કરોડ ! ધૂડ ! ધૂડ ને ? એ મરી ગયો, 'મુંબઈ'માં. એની વહુને હેમરેજ થયેલું (એટલે) આવેલો. બે-ચાર દિવસ પછી (કહે) 'અરે...! મને દુઃખે છે. દાક્તરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બોલાવો !' જ્યાં દાક્તરને બોલાવવા ગયા અને આવે ત્યાં તો... જાવ રખડો ચોરાશીના અવતારમાં ! અ.ર..ર..ર...! શું ધૂડ ત્યાં કામ કરે ? (પૈસામાં) એકલી મમતા–મમતા પોષી હોય તો એના અવતાર પણ કેવા થાય ? બધી સમજવા જેવી વાત છે.

અહીં પરમાત્મા એમ કહે છે, ઇન્દ્રિયજ્ઞાન તમોગ્રંથિ વડે અવરાઈ ગયું છે. આહા..હા...! અંધકાર – અજ્ઞાનના અંધકારે અવરાઈ ગયેલું જ્ઞાન વિશેષ જાણી શકતું નથી. '**ઉપાત્ત અને અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને...**' શોધે. જોવું હોય તો ઇન્દ્રિયોને શોધે, મનને... આહા..હા...! પ્રકાશને, દીવાને (શોધે કે) મારે રાતે જોવું હોય તો દીવો–પ્રકાશ છે કે નહિ ? એવું એ પરાધીન પરને ગોતે – શોધે. આહા..હા...! '**શોધવાની વ્યગ્રતા...**' પાછી ભાષા શું છે ? (વ્યગ્રતા) ! ઇન્દ્રિયો અને મન વિગેરે પરપદાર્થ. ઇન્દ્રિયો સારી છે કે નહિ ? ઇન્દ્રિયો સારી હોય તો હું બરાબર જોઈ શકું. આંખમાં બરાબર (ભરે), શું કહેવાય એ ભરે ઇ ? અંજન ! આખા શરીરને તેલ ચોપડીને ચીકણું રાખે. એમ બહારની સામગ્રી શોધવા જાય. વ્યગ્રતા ! આહા..હા...! એને લઈને એ દુઃખી છે. '**અત્યંત ચંચળ...**' છે. આ..હા..હા...! હવે આ બધો ફેરફાર કરવો ! દુનિયાની (જાતથી) આ જુદી જાત છે. આહા..હા...! એ અત્યંત ચંચળ છે, ઇન્દ્રિયનું જ્ઞાન તો અત્યંત ચંચળ છે. ઘડીકમાં એક ઇન્દ્રિય તરફનું જોવે, ઘડીકમાં બીજી ઇન્દ્રિય તરફનું જોવે. ચક્ષુથી કોઈ રૂપ જોવે તો કાનથી સાંભળવાનું (કરે), સ્પર્શથી સ્પર્શવાનું કરે. આહા..હા...! (એ રીતે) ઇન્દ્રિયજ્ઞાન એક–એક ઇન્દ્રિયને આધીન થયેલું ચંચળ છે. '**અત્યંત ચંચળ...**' છે. આ..હા..હા...!

એમ કહીને બતાવવું છે (કે), અતીન્દ્રિયજ્ઞાન આત્માની દૃષ્ટિ કર ! નહિતર મરી જઈશ ચોરાશીના અવતારમાં ! આહા..હા...! એને–ભગવાનને, મુનિને ક્યાં પડી છે કે, જગતને ઠીક લાગશે કે નહિ ? એ તો વીતરાગી મુનિ છે (અને કહે છે કે) આ માર્ગ છે, બાપા ! આ..હા..હા...! આમ ઇન્દ્રિયના જ્ઞાનમાં રોકાઈ ગયો તો મરીને જાઈશ, ઢોર આદિ થાઈશ. આહા..હા...! ઢોર કેમ કીધું ? (કેમકે) વાણીયા દારૂ-માંસ ન ખાય એટલે ઢોર કીધાં. દારૂ-માંસ ખાનારા છે એ તો બધા મરીને નરકે જવાના. આહા..હા...! છે ને એ ? ક્યુ ગામ કીધું ? 'ઇટાલી' ! 'ઇટાલી'ને ? 'ઇરાન' ! એક કલાકમાં દોઢ કરોડની તેલની પેદાશ છે ! દેશ નાનો ! કૂવા બહુ નીકળ્યા છે. એ તો એને (કાળુ) સોનું કહે. એક કલાકમાં દોઢ કરોડની પેદાશ ! એ સિવાય બીજો દેશ છે એમાં એક દિવસની એક અબજની પેદાશ છે ! કૂવામાંથી તેલ નીકળે છે. દેશ નાનો છે. પણ એ મરીને નરકે જવાના બચારા, સીધાં ! કારણ કે એ તો મુસલમાન છે (એટલે) માંસ ખાય, દારૂ પીવે. આહા..હા...! અને વાણીયાને તો એ ન હોય એટલે એને અજ્ઞાનમાં રાગ અને દ્વેષ અને તીરછા–આડા બહુ કષાય હોય તો એ મરીને આડોડાઈમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જશે, એના શરીર સીધા નહિ થાય. ગાય, ભેંસ, ઘોડા આમ આડા છે કે નહિ ? એ (વાણીયા) બધા ત્યાં જશે. વાણીયો એટલે વેપાર કરે એ વાણીયો. આ..હા..હા...! બહુ આકરું કામ !

એ તો મારો ઘરનો અનુભવ નહોતો (કીધો) ? તે દી' અમારે ફઈના દીકરા ભાગીદાર હતા ને ? એને દુકાનની મમતા બહુ ! અમારી બે દુકાનો હતી. (એકમાં) એના મોટા ભાઈ અને હું અને એકમાં મારા મોટા ભાઈ અને એ (ભાગીદાર હતા). (સંવત) ૧૯૬૬ની વાત છે. વીસ વર્ષની ઉંમર હતી. કેટલા (વર્ષ) થયા ? ૬૯ વર્ષ થયા ! ૮૯(મું વર્ષ) ચાલે છે ને ! હું તો 'ભગત' કહેવાતો ને ! પહેલેથી મારું રટણ આ હતું ને ! શાસ્ત્ર વાંચતો ત્યાં. કુંવરજીભાઈ મારાથી ચાર વર્ષ મોટા હતા. ફઈના દીકરા ભાગીદાર હતા. હમણાં આઠ દી' 'પાલેજ' ગયા હતા ને ? 'વડોદરા'થી 'પાલેજ' ગયા હતા. (એમને) એટલી મમતા (કે), મેં આમ દુકાન સાચવી ! મેં દુકાન વધારી ! મારાથી ચાર વર્ષ મોટા હતા, મેં કીધું 'યાદ રાખો, કુંવરજીભાઈ...!' ૧૯૬૬ની વાત ! તમારા જન્મ પહેલાંની બધી વાતું (છે) ! 'કુંવરજીભાઈ હું કહું તમને ?' મારી સામે બોલે નહિ કોઈ ! (એમ કહે) 'ભગત છે એની સામું બોલશો નહિ !' (મેં કહ્યું) 'જુઓ કુંવરજીભાઈ ! હું કહું તમને ? મરીને નરકે નહિ જાઓ કારણ કે આપણે કાંઈ માંસ અને માછલાં ખાતા નથી. તારા દેવ જવાના લખણ મને નથી લાગતા, તેમ મનુષ્યમાં જવાના લખણ લાગતા નથી.' સાંભળે હોં ! બોલે નહિ સામે ! 'ભગત છે બોલશો નહિ ! એ કહે ઈ સાંભળો !' (પછી કીધું) 'પશુ થઈશ, યાદ રાખજે !' તારા બે લાખની પેદાશ શું ધૂડ (છે) ! આખો (દી') મમતા–આડી... આડી... કષાય – ક્રોધ, માન, માયા, લોભ ! (એના ફળમાં) તીરછા–પશુ થઈશ ! એ મરતાં (વખતે) સનેપાત થયો. સનાપત થયો તો લવાલવ થવા માંડ્યું. 'મેં આમ કર્યું... મેં આમ કર્યું... મેં આમ કર્યું...!' મરીને ઢોર થયો હશે. છોકરાઓ કહે 'મહારાજે તે દી' કહ્યું હતું એ આ સરવાળો આવ્યો.' બહુ અભિમાન ! બુદ્ધિ થોડી હતી, બુદ્ધિ કાંઈ એવી નહોતી. બધી સમજવા જેવી હતી. અમે તો ભેગા રહેલાં ને (એટલે ખબર છે). પણ રળવાનું અભિમાન ઘણું ! આહા..હા...! મરીને બાપા ! ભાઈ ! તું તિર્યંચ થઈશ હોં ! આહા..હા...! ૨૧ની સાલમાં મરી ગયો. કેટલાં થયાં ? ચૌદ વર્ષ પહેલાં ! તિર્યંચમાં ગયો હશે ! કોઈ વાછરડો થયો હોય કે બકરી થયો હોય ! અર..ર..ર...!

બાપુ ! આ ભગવાન એમ કહે છે કે, જેણે માંસ અને દારૂ નથી (ખાધાં) પણ જેણે વિષય-કષાયના પરિણામ આડા–સ્વભાવથી અવળા છે એને બહુ સેવ્યા હોય એના ફળમાં; મનુષ્ય ઊભા છે (અને) તિર્યંચ આમ આડા છે–ગાય, ભેંસ, ખીસકોલી એ બધા આડા–આડોડાઈમાં જવાના. આડોડાઈ કરી એ આડામાં જવાના. આહા..હા...!

અહીં કહ્યું છે, જુઓ ને ! **'અત્યંત ચંચળ–તરલ–અસ્થિર વર્તતું થકું,...'** આહા..હા...!

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ ઇન્દ્રિયજ્ઞાન બાપા...! આ લખવું ને આ ચોપડા લખવા ને આ લખવા ને આ લખવા... આહા..હા...! (એવું) **'અસ્થિર વર્તતું થકું, અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી...'** આ..હા..હા...! સરવાળો પાછો આ લેવો છે. પ્રભુ અંદરમાં અનંત શક્તિવાળો આનંદ છે. અંદર અનંત આનંદનો ગાંઠડો પ્રભુ છે, ભાઈ ! તને ખબર નથી. આત્મામાં અતીન્દ્રિય આનંદ છલોછલ ભર્યો છે. અતીન્દ્રિયજ્ઞાન આત્મામાં છલોછલ ભર્યું છે. એવી અનંતી શક્તિથી ચ્યુત થયો છે. ખસી ગયું છે એને ! અહીં નથી કહેતા મગજ ખસી ગયું છે ? આને મગજ ખસી ગયું હતું એમ અહીં કહે છે. એ લૌકિકમાં ડાહ્યા કહેવાય પણ ખસી ગયું હોય એ ગાંડા કહેવાય. પણ ખરા ગાંડા આ છે. આહા..હા...! છે ?

**'અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી...'** આ..હા..હા...! એ પાંચ ઇન્દ્રિય તરફના જ્ઞાનથી... આહા..હા...! અજ્ઞાનથી, મિથ્યાત્વથી ઢંકાઈ ગયો છે. એથી એનું ચંચળ, અસ્થિર થયેલું જ્ઞાન અનંત શક્તિથી ચ્યુત થયું છે. પ્રભુ ! અનંત શક્તિનો ધણી અંદર બિરાજે છે ! આ..હા..હા...! જેમાં કેવળજ્ઞાન – એક સમયની કેવળ શક્તિ ત્રણ કાળ ત્રણ લોકને જાણે ! એવી એક સમયની કેવળજ્ઞાન (શક્તિ) ! એવી અનંતી કેવળજ્ઞાનની શક્તિ આ જ્ઞાનગુણમાં પડી છે. આ..હા...! સમજાણું કાંઈ ? ભગવાન કેવળજ્ઞાન(માં) એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોવે. એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી કેવળ(જ્ઞાનની) અનંતી પર્યાય ! એક સમય, બીજે સમયે, ત્રીજે સમયે... (એવી) અનંતી ! એ અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ એક જ્ઞાનગુણ ! એવા–એવા અનંત ગુણનો ધણી શક્તિવાન પ્રભુ છે !! એ શક્તિવાનથી ચ્યુત થઈ ગયો છે. તમારે ત્યાંના કરતાં આ બીજી જાત છે. આહા..હા...!

શ્રોતા :– અમારી દેખાય એવી જાત છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– કાંઈ ધૂડેય નથી ને ! આહા..હા...!

આ..હા..હા...! અહીં કહે છે, **'અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી...'** આહા..હા...! ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયના સુખનું સાધન એટલે દુઃખનું સાધન (છે). એ ઇન્દ્રિયજ્ઞાન, અનંત શક્તિનો ધણી પ્રભુ ! એમાંથી ચ્યુત થઈ ગયું (છે) – ભ્રષ્ટ થઈ ગયું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'અત્યંત વિક્લવ વર્તતું થકું,..'** આહા..હા...! (વિક્લવ એટલે) અત્યંત ખિન્ન; દુઃખી; ગભરાયેલું. ઇન્દ્રિયજ્ઞાન અતિ ખિન્ન, દુઃખી ગભરાયેલું જ્ઞાન છે.

ઓ..હો..હો...! આ ભગવાનની વાણી છે. સંતો આડતિયા થઈને જગતને જાહેરાત કરે છે. પ્રભુ ! શું કર્યું તેં ? અનંત ગુણનો ધણી પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો નાથ ! એને ભૂલી જઈ અને આ ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખમાં તેં સર્વસ્વ માન્યું !? તું ભ્રષ્ટ થયો છો. આ..હા..હા...! સુખ તો આત્મામાં છે એને ઠેકાણે ઇન્દ્રિયસુખમાં સુખ માન્યું, ઇન્દ્રિયના જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને સુખ (માન્યું). સાધન કીધું છે ને એને ? આહા..હા...! આવું સાંભળવું કઠણ પડે ! માર્ગ આવો છે, ભાઈ ! દુનિયા ગમે તે (રીતે) આત્માને રાજી કરે પણ એ દુઃખી છે. આહા..હા...!

'**વિક્લવ વર્તતું થકું,...**' વિક્લવ = ખિન્ન, દુઃખી, ગભરાયેલું. અરે...! આટલું જાણવામાં નથી આવતું.. અરે..! આટલું જાણવામાં આવતું નથી...! આહા..હા...! દીકરા–દીકરીને પરણાવવા હોય તો ગભરાય કે, આપણાં મોભા પ્રમાણે કન્યા મળે તો આપણું ઠીક રહેશે, નહિતર ઠીક નહિ કહેવાય. અને આપણી કન્યા પણ કંઈક ઠીકમાં જાય તો આપણો મોભો સરખો કહેવાય. આ..હા..હા...! (એ) ગભરાયેલું જ્ઞાન છે, (એમ) કહે છે. દુઃખી છે ઇ. આ..હા..હા...! આપણા મભા પ્રમાણે – ઘરનો મભો હોય એના પ્રમાણમાં જોઈને ને બધું !

'આલો ખાચર' હતો ને 'આલો ખાચર' ? 'જસદણ દરબાર' 'વિંછીયા' ! એ એવાને કન્યા આપતો કે બકરાને ચારતો હોય એવાને બોલાવે. એ હોય કાઠી, એને બોલાવીને કન્યા આપે અને એક ગામ આપે. એ બાઈ જીવે ત્યાં સુધી રહે પણ બાઈ મરી જાય પછી એ ગામ લઈ લે ! આ 'જસદણ' 'મોઢુકા' છે ને ? જોયા છે ને બધા જોયા છે. એ આવતો, એનો જમાઈ અમારી પાસે આવતો. આ..હા...! એમ કહે કે, જો આ હોય તો બાઈને બહારનું અનુકૂળ સુખ મળે. એ ગભરાયેલું છે ! અમારી પાસે એનો જમાઈ આવતો. આહા..હા...!

શ્રોતા :– ઇન્દ્ર તો ભગવાનને હજાર આંખ કરીને જોવે છે !

સમાધાન :– એ તો સમકિતી છે. એ તો અંદર સમ્યગ્દર્શન, અતીન્દ્રિયજ્ઞાનનો ધણી છે. પછી ઇન્દ્રિય તો એનો વ્યવહાર છે. ભગવાનનું રૂપ એવું હોય છે ! આત્મા તો એનો અનંત... અનંત... કેવળજ્ઞાન પામશે (એવી) પાત્રતા છે. માતાના પેટમાં આવે ત્યારથી એ તો ત્રણ જ્ઞાનનો ધણી છે પણ એના શરીરની એવી સુંદરતા હોય છે કે, ઇન્દ્ર હજાર આંખ કરીને (જોવે તોપણ) તૃપ્તિ ન (થાય) ! આહા..હા...! પણ છે ઇન્દ્ર સમકિતી ! એકાવતારી છે ! એને એ જાતનો પ્રેમ–રાગ આવે છે એટલે ભક્તિ કરે છે. શક્રેન્દ્ર છે, સુધર્મ દેવલોક છે ને ? ૩૨ લાખ વિમાન છે, એક–એક વિમાનમાં અસંખ્ય દેવ છે. ઉપર ૩૨ લાખ વિમાન છે એનો એ સાહેબો છે ! એ એક ભવે મોક્ષ જવાના છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે અને એની એક પત્ની છે – સ્ત્રી... કરોડો ઇન્દ્રાણીઓ છે એમાં એક ઇન્દ્રાણી–પટરાણી એવી છે કે, એ પણ એકાવતારી છે. ઊપજી ત્યારે મિથ્યાત્વમાં (હતી). બાઈ–સ્ત્રી ખરી ને ? સ્ત્રીપણે ઊપજે એ બધા મિથ્યાદૃષ્ટિ હોય. સમજાય છે કાંઈ ? દેવલોકમાં સ્ત્રીપણે ઊપજી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી પણ પછી ઇન્દ્રની સાથે સમવસરણમાં ભગવાન પાસે જાતા એમાંથી સમકિત પામી અને એવી છે કે એ પણ મનુષ્ય થઈને મોક્ષ જવાની. પતિ–પત્ની બે છે, સુધર્મ દેવલોક ! આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન પાસે આવતા પણ એને બધું ભાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું કે, આ વિકલ્પ છે એ દુઃખ છે, રાગ છે. ભક્તિનો રાગ આવે છે એ પણ રાગ છે અને આ જરી વિષયની વાસના ઊઠે છે એ પાપ અને ઝેર છે. આહા..હા...! ઇન્દ્રિયમાં સુખ છે એમ બિલકુલ માનતા નહોતા. આહા..હા...! વાસના ઉત્પન્ન થાય તો ઝેર જેવી લાગે. આહા..હા...! એવો દેવ અને એની દેવી એક ભવે મોક્ષ જનારા છે. એ ભગવાનને હજાર આંખથી જોવે છે. આહા..હા...! છતાં એને સમકિત છે તો અતીન્દ્રિયજ્ઞાન છે. અતીન્દ્રિયજ્ઞાન સાથે સંબંધ છે. આહા..હા...!

અહીં (અજ્ઞાનીએ) અતીન્દ્રિયજ્ઞાન સાથે સંબંધ તોડી નાખ્યો છે. ઇન્દ્રિયજ્ઞાનમાં અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એનો સંબંધ તોડી નાખ્યો છે. આહા..હા...! ચ્યુત થયું ને ? '**અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી અત્યંત વિક્લવ વર્તતું થકું,...**' દુઃખી વર્તતું થકું, આહા..હા...! પણ એને ક્યાં દુઃખ લાગે છે ? લાગે ક્યાંથી ? આત્માનો આનંદ જોયો હોય તો એની સાથે મેળવે તો લાગે ને ! ઇન્દ્રિયોમાં દુઃખ લાગે છે ક્યાં એને ? આહા..હા...! એ તો દુઃખ છે. ઇન્દ્રિયોના વિષયો (છે) તે દુઃખ છે, ઝેર છે, ઝેરના પ્યાલા છે. આહા..હા...! એ આમ કહે છે જુઓ !

'**અત્યંત વિક્લવ વર્તતું થકું, મહા મોહમલ્લ જીવતો હોવાથી...**' આહા..હા...! એમાં સુખ છે – એવી મિથ્યાદૃષ્ટિ મહામોહ છે. આ..હા..હા...! એ ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ છે, તે સુખ છે, એ મને જ્ઞાન છે (એ મહામોહ છે). આહા..હા...!

'ભરત ચક્રવર્તી' હતા, 'ઋષભદેવ' ભગવાનના પુત્ર ! ચક્રવર્તી હતા ! દેવ તરફથી મોટા પાંચ મહેલ બનાવે. જબરા મહેલ ! ચક્રવર્તીને હોય, બીજાને હોય નહિ. એક–એક અબજો રૂપિયાની કીમતનો ! સવારમાં ઊઠીને એક વાર આમ સૂર્ય સામે નજર કરે ! આંખનો વિષય કેટલો છે એ બતાવવું છે. 'ભરત ચક્રવર્તી' ! એ ભવે મોક્ષ જનારા ! એ દેહ છૂટીને મોક્ષ જવાના છે, મોક્ષ ગયા. પણ એ જ્યારે ગૃહસ્થાશ્રમમાં હતા (ત્યારે) એક વાર સૂર્યની સામે એટલી ઊંચેથી નજર ગઈ કે, સૂર્યમાં જિનનું મંદિર છે ! સૂર્યમાં શાશ્વત મૂર્તિનું મંદિર છે ! આ દેખાય એ તો પથરા છે પણ એમાં શાશ્વત મૂર્તિ છે એના દર્શન કર્યા ! આંખની આટલી શક્તિ ! છતાં એ આંખનું જ્ઞાન ઢંકાયેલું છે. એ પણ જાણે છે. આ..હા...! ક્યાં અહીં ભરતક્ષેત્રનો માણસ ! એવા પાંચ મોટા મકાન કે, જેનો એક–એક પથરો નીલમણિનો ભરેલો ! નીલમણિ ! એક–એક કટકાના કરોડો રૂપિયા ! એવા પાંચ આખા મકાનોના મકાનો ! એના ઉપર ચડીને એકવાર આમ જોયું (અને) સૂર્યમાં ભગવાનની મૂર્તિ છે ત્યાં નજર ગઈ. તેથી આ અજ્ઞાની લોકો સવારમાં સૂર્યને પગે લાગે છે ને ! સૂર્ય તો જડ છે. (તો) 'ભરત' પગે લાગ્યા (ને) ? પણ 'ભરત' તો પગે લાગ્યા હતા શાશ્વત પ્રતિમા છે એને ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવું છે !

આવું જ્ઞાન '**વિક્લવ વર્તતું થકું, મહા મોહમલ્લ જીવતો હોવાથી...**' અરે...! મિથ્યા માન્યતા જીવતી હોવાથી, એ ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન છે, ઇન્દ્રિયસુખ તે સુખ છે એવું મિથ્યાત્વ ! મહા મોહમલ્લ જીવે છે. મહા મોહમલ્લે એને જીતી લીધો છે. આહા..હા...! આ..હા..હા...! '**મહા મોહમલ્લ જીવતો હોવાથી પરપરિણતિનો (–પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું...**' હવે શું કહે છે ઇ ? 'આ ઇન્દ્રિયોને આવી રાખું !' એ તો જે સમયમાં (જેમ) રહેવાની હશે (એમ) રહેશે. પણ 'ઇન્દ્રિયોને આવી રાખું, કાનને આમ રાખું, જીભને આમ રાખું, શરીરની સ્પર્શેન્દ્રિયને આમ રાખું...' એમ પરદ્રવ્યને પરિણમાવવાનો અભિપ્રાય કરતું (પરિણમે છે) અને ઇન્દ્રિયજ્ઞાનના નિમિત્તો છે એને મેળવવા માટે '**અભિપ્રાય કરતું...**' (એવો) મિથ્યા અભિપ્રાય કરતું. આહા..હા...! આકરી વાત છે ! આવો ઉપદેશ કઈ જાતનો ! આમાં અમારે કરવું શું એ શું આવ્યું ? બાપુ ! કરવાનું ઇ છે (કે), અંદર અતીન્દ્રિય આત્મા ભગવાન છે એમાં સુખ ભર્યું છે, એમાં આનંદ છે, એમાં ઈશ્વરતા છે. આહા..હા...! એમાં સ્વચ્છતા છે, એમાં સ્વસંવેદન પ્રત્યક્ષ થવાની તાકાત છે. આ..હા..હા...! ત્યાં નજર કર ! આ છોડ હવે, ઇન્દ્રિયજ્ઞાનને છોડ ! આહા..હા...! ભારે આકરું કામ ! સારા નામા લખે, આમ મોતીના દાણા જેવા (અક્ષરથી) ! પાંચ હજારનો પગાર, દસ હજારનો પગાર આપે ! અબજોપતિ હોય તો દસ–દસ હજારનો પગાર આપે ! (અહીંયાં) એ કહે છે કે, પરનું કરવા માટે ખેદખિન્ન છે. પરનું કરવા માટે ખેદખિન્ન છે, મિથ્યાદૃષ્ટિ, મૂંઢ છે. પરનું કાંઈ કરી શકતો નથી. આ..હા...! (છોકરાને) સાચવવાનો ભાવ એ મૂંઢ છે, એમ અહીં તો કહે છે. આહા..હા...! અરે..રે...!

અહીં કહે છે, વિક્લવ, અત્યંત વિક્લવ – અત્યંત દુઃખી છે. ઇન્દ્રિયજ્ઞાનવાળા અત્યંત દુઃખી છે. આહા..હા...! જેને અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા નજરે પડ્યો નથી, નજર કરતો નથી, ત્યાંથી ચ્યુત થઈ ગયો છે. અહીં તો આવી વાતું છે, બાપા ! આહા..હા...! કહે છે કે, '**(–પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું...**' (અર્થાત્) ઇન્દ્રિયોને આમ રાખું, એને આવા ખોરાક આપું, એને ભસ્મ આપું ! આ..હા...! એને સાલમપાક આપું ! એમાં ધૂડમાં શું છે. આહા..હા...!

ચક્રવર્તીને જે બત્રીસ કવળ(નો) ખોરાક હોય છે, એ એક–એક કવળની અબજોની કીમત ! એકલી ભસ્મ હોય છે. એની રોટલી કરે (એમાં) ભસ્મ નાખે ! અબજો રૂપિયાની ! એવા બત્રીસ કવળ હોય એ બત્રીસ ખાઈ શકે ! એનો એક કવળ છન્નુ કરોડ પાયદળ ન પચાવી શકે ! છન્નુ કરોડ પાયદળ ચક્રવર્તીનો બત્રીસ (કવળ પચાવી ન શકે) ! એ બત્રીસ કવળ ખાય અને હોય અંદર સમકિતી ! (છતાં) એના ઉપર લક્ષ નથી, એનો આશ્રય નથી. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હેય છે, હેય છે. આ..હા..હા...! 'ભરત ચક્રવર્તી'માં વાત આવે છે. એના ખોરાક માટે એવું હોય છે (કે), ૩૬૦ અમલદાર હોય છે. મોટા અમલદાર, હોં ! એ અમલદાર બાર મહિના સુધી રસોઈની તૈયારી કરે ! એક દી' રસોઈયાને હુકમ કરવો, રસોઈયા હોય છે એને ૩૬૦ અમલદાર હોય. એમાં એક–એક અમલદારને ૩૬૦ દિવસમાં એક દિવસનો રસોઈનો હુકમ કરવો એ બધી તૈયારી એ ૩૬૦ દી' કરે ! છતાં આત્મજ્ઞાની – જેને અંતર આત્મા(ના) આનંદનું ભાન છે એ એમાં સુખ માનતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? હીરાની ભસ્મ થાય છે ને ? હીરા ! કરોડોના હીરા હોય છે (એની) ભસ્મ કરે, ભસ્મ કરીને ઊના ઘીમાં દાણા નાખે અને એ ભસ્મ નાખે. એટલે એ ઘઉંના દાણા ભસ્મ પી જાય. ઘઉંના દાણા પી જાય પછી એનો કરે લોટ અને એની કરે રોટલી !

શ્રોતા :– પચી જાય એને ?

સમાધાન :– એને ક્યાંય પચી જાય ! જેમ તમારા રોટલા પચે એમ એને ઇ પચી જાય. અહીં તો દુધપાક આકરો આવ્યો હોય તો પચવો મુશ્કેલ પડે ! આહા..હા...!

અહીં તો કહે છે, ઇન્દ્રિયનું જ્ઞાન અને ઇન્દ્રિયનું સુખ એ '**(–પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું...**' આહા..હા...! આંખને આમ રાખું ને કાનને આમ રાખું, નાકને આમ રાખું... આહા..હા...! એને જોવા માટે ઇન્દ્રિયોના પદાર્થ મારી સામે રાખું કે જેથી જોવામાં સામે મળે. આહા..હા...! નજીક રાખું, સામે રાખું એમ કરવા માગે પણ એનાથી પરપદાર્થ પરિણમશે નહિ. અહીં આવવું કે ન રહેવું એ તો પદાર્થની સ્વતંત્ર સ્થિતિ છે. પણ આ અભિપ્રાય – મિથ્યાત્વ એવો સેવે (કે, હું એને પરિણમાવી દઉં). આહા..હા...! છે ? '**પરપરિણતિનો (–પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું...**' મિથ્યાશ્રદ્ધા ! આહા..હા...! '**કરતું હોવા છતાં પદે પદે (–ડગલે ડગલે) છેતરાતું થકું,...**' ઇ ક્ષણે–ક્ષણે છેતરાય છે. આહા..હા...! પદે–પદે છેતરાતું (એટલે) એક–એક જ્ઞાનમાં છેતરાય જાય છે. (અર્થાત્) કાંઈકનું કાંઈક જણાય જાય. અરે...! આ જણાણું નહિ, અરે...! મને આ થયું નહિ. એક વિષય લેતાં બીજા વિષયની તૈયારી થઈ જાય (અને) ત્યાં બીજો વિષય ન હોય તો ખેદ... ખેદ... (થઈ જાય) આ..હા...!

(એ રીતે) ડગલે ને પગલે છેતરાતું થકું '**પરમાર્થે અજ્ઞાન ગણાવાને જ યોગ્ય છે.**' એ ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખમાં અજ્ઞાન છે. મિથ્યાત્વની ભ્રમણા છે, એમ કહે છે. આહા..હા...! '**આથી તે હેય છે.**' (આ) સરવાળો ! ઇન્દ્રિયજ્ઞાન પરમાર્થે અજ્ઞાન ગણાવાને યોગ્ય છે (કેમકે) પગલે–પગલે ઠગાય છે. જાણવાનું કાંઈક હોય અને જણાય જાય કાંઈક ! બીજા પદાર્થને પરિણમાવવાને – બદલાવવાને અભિપ્રાય કરતું (પરિણમે છે) છતાં બદલવું–ન બદલવું એને આધીન નથી. એ ક્ષણે–ક્ષણે છેતરાય છે. એવું જ્ઞાન (છે) તેને હેય કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! કહો, સમજાણું કાંઈ આમાં ? છે ? '**તે હેય છે.**' આહા..હા...!

અતીન્દ્રિયજ્ઞાન ભગવાન ! ઇન્દ્રિયજ્ઞાનથી લક્ષ છોડી દઈ, ઇન્દ્રિયના સુખથી પણ લક્ષ છોડી દઈ, પ્રભુ અતીન્દ્રિયજ્ઞાન અને આનંદનો નાથ અંદર છે ! આહા..હા...! ભગવત્ સ્વરૂપ છે ! મહાત્મા છે ! મહા આત્મા છે ! ભગવત્ સ્વરૂપ જ છે. જિનસ્વરૂપ પ્રભુ છે. આ..હા..હા...! ત્યાં દૃષ્ટિને જોડી દે. ત્યાં તને સુખ થશે, બાકી ક્યાંય સુખ છે નહિ. આહા..હા...!

**ભાવાર્થ :–** '**ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત સ્થૂલ ઇન્દ્રિયગોચર...**' (અર્થાત્) ઇન્દ્રિયને ગમ્ય '**પદાર્થોને જ જ્ઞાનના ક્ષાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે છે. પરોક્ષ એવું તે ઇંદ્રિયજ્ઞાન ઇંદ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ...**' (અર્થાત્) પ્રકાશ હોય તો થાય, દીવો હોય તો થાય, ફલાણું હોય તો જોવાય (એવી) '**વ્યગ્રતાને (–અસ્થિરતાને) લીધે અતિશય ચંચળ–ક્ષુબ્ધ છે, અલ્પ શક્તિવાળું હોવાથી ખેદખિન્ન છે,...**' આહા..હા...! '**પર પદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય કરતું...**' (અર્થાત્) પર પદાર્થ અહીંયાં આમ લાવું, આમ મૂકું, આમ છોડું. પણ પર પદાર્થ સ્વતંત્ર છે. '**પગલે પગલે ઠગાય છે...**' આહા..હા...! '**(કારણ કે પર પદાર્થો આત્માને આધીન પરિણમતા નથી);...**' આહા..હા...! '**તેથી પરમાર્થે તો તે જ્ઞાન 'અજ્ઞાન' નામને જ યોગ્ય છે.**' એ જ્ઞાન અજ્ઞાન છે, (એમ) કહે છે. કુજ્ઞાન છે, આ..હા..હા...! (ઇન્દ્રિય)સુખ છે એ દુઃખ છે. (ઇન્દ્રિય)જ્ઞાન છે તે અજ્ઞાન છે અને સુખ છે તે દુઃખ છે. આહા..હા...!

ભગવાનઆત્મા ! એનું અંતર જ્ઞાન થવું અને અંદરમાં સુખ મળવું એ વસ્તુ છે. એ બતાવવા માટે આ બતાવ્યું છે. એનું તાત્પર્ય કાંઈ આમાં ઊભો રાખવા માટે છે ? બાપુ ! આ છોડવા જેવું છે અને અંતરમાં ભગવાન બિરાજે છે ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે, ત્યાં તને સુખ મળશે. વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथेन्द्रियाणां स्वविषयमात्रेऽपि युगपत्प्रवृत्त्यसंभवाद्धेयमेवेन्द्रियज्ञानमित्यवधारयति -

**फासो रसो य गंधो वण्णो सद्दो य पोग्गला होंति।**
**अक्खाणं ते अक्खा जुगवं ते णेव गेण्हंति ।।५६।।**
**स्पर्शो रसश्च गन्धो वर्णः शब्दश्च पुद्गला भवन्ति।**
**अक्षाणां तान्यक्षाणि युगपत्तान्नैव गृह्यन्ति ।।५६।।**

इन्द्रियाणां हि स्पर्शरसगन्धवर्णप्रधानाः शब्दश्च ग्रहणयोग्याः पुद्गलाः। अथेन्द्रियैर्युगपत्तेऽपि न गृह्यन्ते, तथाविधक्षयोपशमनशक्तेरसंभवात्। इन्द्रियाणां हि क्षयोपशमसंज्ञिकायाः परिच्छेत्र्याः शक्तेरन्तरङ्गायाः काकाक्षितारकवत् क्रमप्रवृत्तिवशादनेकतः प्रकाशयितुमसमर्थत्वात्सत्स्वपि द्रव्येन्दियद्वारेषु न यौगपद्येन निखिलेन्द्रियार्थावबोधः सिद्ध्येत्, परोक्षत्वात् ।।५६।।

---

अथ चक्षुरादीन्द्रियज्ञानं रूपादिस्वविषयमपि युगपन्न जानाति तेन कारणेन हेयमिति निश्चिनोति - **फासो रसो य गंधो वण्णो सद्दो य पुग्गला होंति** स्पर्शरसगन्धवर्णशब्दाः पुद्गला मूर्ता भवन्ति। ते च विषयाः। केषाम्। **अक्खाणं** स्पर्शनादीन्द्रियाणां। **ते अक्खा** तान्यक्षाणीन्द्रियाणि कर्तृणि **जुगवं ते णेव गेण्हंति** युगपत्तान् स्वकीयविषयानपि न गृह्यन्ति न जानन्तीति। अयमत्राभिप्राय :- यथा सर्वप्रकारोपादेयभूतस्यानन्तसुखस्योपादानंकारणभूतं केवलज्ञानं युगपत्समम्तं वस्तु जानत्सत् जीवस्य सुखकारणं भवति, तथेदमिन्द्रियज्ञानं स्वकीयविषयेऽपि युगपत्परिज्ञानाभावात्सुखकारणं न भवति ।।५६।।

---

હવે, ઇન્દ્રિયો માત્ર પોતાના વિષયોમાં પણ યુગપદ્ નહિ પ્રવર્તતી હોવાથી ઇન્દ્રિયજ્ઞાન હેય જ છે એમ નક્કી કરે છે :–

**રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે**
**છે ઇંદ્રિવિષયો, તેમનેય ન ઇંદ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્વયાર્થ :–** **[स्पर्शः]** સ્પર્શ, **[रसः च]** રસ, **[गन्धः]** ગંધ, **[वर्णः]** વર્ણ **[शब्दः च]** અને શબ્દ – **[पुद्गलाः]** કે જેઓ પુદ્ગલ છે તેઓ – **[अक्षाणां भवन्ति]** ઇન્દ્રિયોના વિષયો છે. **[तानि अक्षाणि]** (પરંતુ) તે ઇન્દ્રિયો **[तान्]** તેમને (પણ) **[युगपद्]** યુગપદ્ **[न एव गृह्णन्ति]** ગ્રહતી (–જાણતી) નથી.

**ટીકા :–** મુખ્ય એવાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તથા શબ્દ – કે જેઓ પુદ્ગલ છે તેઓ – ઇન્દ્રિયો વડે ગ્રહાવાયોગ્ય (–જણાવાયોગ્ય) છે. (પરંતુ) ઇન્દ્રિયો વડે તેઓ પણ યુગપદ્ ગ્રહાતા (–જણાતા) નથી, કારણ કે ક્ષયોપશમની તે પ્રકારની શક્તિ નથી. ઇન્દ્રિયોને જે ક્ષયોપશમ નામની અંતરંગ (–અંદરની) જાણનારી શક્તિ તે કાગડાની આંખના ડોળાની જેમ ક્રમે પ્રવર્તતી હોવાને લીધે અનેકતઃ પ્રકાશવાને (–એકીસાથે અનેક વિષયોને જાણવાને) અસમર્થ છે તેથી દ્રવ્યેન્દ્રિય-દ્વારો વિદ્યમાન હોવા છતાં સમસ્ત ઇન્દ્રિયોના વિષયોનું (–વિષયભૂત પદાર્થોનું) જ્ઞાન એકીસાથે થતું નથી, કારણ કે ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે.

**ભાવાર્થ :–** કાગડાને આંખ બે હોય છે પણ પૂતળી (–કીકી) એક જ હોય છે. જે આંખથી કાગડાને જોવું હોય છે તે આંખમાં પૂતળી આવી જાય છે; તે વખતે તે બીજી આંખથી જોઈ શકતો નથી. આમ હોવા છતાં પૂતળી એટલી ઝડપથી બે આંખોમાં ફરે છે કે બન્ને આંખોમાં જુદી જુદી પૂતળી હોય એમ લોકોને લાગે છે. વાસ્તવિક રીતે પૂતળી એક જ હોય છે. આવી જ દશા ક્ષાયોપશમિક જ્ઞાનની છે. દ્રવ્ય-ઇન્દ્રિયરૂપી દ્વારો તો પાંચ છે પણ ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક ઇન્દ્રિય દ્વારા જ જાણી શકે છે; તે વખતે બીજી ઇન્દ્રિયો દ્વારા કાર્ય થતું નથી. ક્ષાયોપશમિક જ્ઞાન જ્યારે નેત્ર દ્વારા વર્ણને જાણવાનું (–જોવાનું) કાર્ય કરતું હોય છે ત્યારે તે શબ્દ, ગંધ, રસ કે સ્પર્શને જાણી શકતું નથી અર્થાત્ જ્યારે તે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે, નાકમાં કેવી ગંધ આવે છે વગેરે ખ્યાલ રહેતો નથી. જોકે જ્ઞાનનો ઉપયોગ એક વિષયમાંથી બીજા વિષયમાં ઝડપથી પલટાતો હોવાથી જાણે કે બધા વિષયો એકીસાથે જણાતા હોય એમ સ્થૂલ દૃષ્ટિએ જોતાં લાગે છે તોપણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક જ ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતું સ્પષ્ટ રીતે ભાસે છે. આ રીતે ઇન્દ્રિયો પોતાના વિષયોમાં પણ ક્રમે પ્રવર્તતી હોવાથી પરોક્ષ એવું ઇન્દ્રિયજ્ઞાન હેય છે. ૫૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૫૬
પ્રવચન નં. – ૫૬
તા. ૦૩-૦૩-૭૯

'પ્રવચનસાર' ૫૬–ગાથા. **'અબ, ઇન્દ્રિયાં માત્ર અપને વિષયોંમેં ભી યુગપત્ પ્રવૃત્ત નહીં હોતીં,...'** ક્યા અધિકાર ચલતા હૈ ? કિ, જો ઇન્દ્રિયજ્ઞાન હૈ વહ હેય હૈ. અતીન્દ્રિયજ્ઞાન ભગવાનઆત્મા અંતર મેં ઉપાદેય હૈ. આ..હા...! બાહ્ય ચીજ તો હેય હૈ પરંતુ ઇન્દ્રિયજ્ઞાન ભી હેય હૈ. પુણ્ય-પાપ કા ભાવ તો હેય હૈ પરંતુ યહ જડ ઇન્દ્રિયોં કે નિમિત્ત સે જો જ્ઞાન હોતા હૈ વહ ભી હેય હૈ, દુઃખદાયક હૈ. આહા..હા...! **'ઇસલિયે ઇન્દ્રિયજ્ઞાન હેય હી હૈ, ઐસા નિશ્ચય કરતે હૈં:-'** આહા..હા...! ૫૬ (ગાથા).

**फासो रसो य गंधो वण्णो सद्दो य पोग्गला होंति।**
**अक्खाणं ते अक्खा जुगवं ते णेव गेण्हंति।।५६।।**

**રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્‌ગલિક તે,**
**છે ઇન્દ્રિવિષયો, તેમનેય ન ઇન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.**

**ટીકા :–** **'મુખ્ય સ્પર્શ, રસ, ગંધ ઔર વર્ણ – યહ પુદ્‌ગલકે મુખ્ય ગુણ હૈં. મુખ્ય ઐસે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તથા શબ્દ – જો કિ પુદ્‌ગલ હૈં...'** વહ તો જડ પુદ્‌ગલ હૈ ના ? આહા..હા...! **'વે – ઇન્દ્રિયોંકે દ્વારા ગ્રહણ હોને યોગ્ય (–જ્ઞાત હોને યોગ્ય) હૈં.'** આહા..હા...! રંગ, ગંધ, રસ, સ્પર્શ ઔર શબ્દ, ઇન્દ્રિયોં દ્વારા ગ્રહણ કરને યોગ્ય હૈં. **'(કિન્તુ) ઇન્દ્રિયોં કે દ્વારા વે ભી યુગપદ્ (એકસાથ) ગ્રહણ નહીં હોતે (–જાનને મેં નહીં આતે),...'** આહા..હા...! પાંચ ઇન્દ્રિય સે ગ્રહણ હોતા હૈ લેકિન પાંચોં ઇન્દ્રિય કે વિષય એકસાથ ગ્રહણ નહીં હોતે. અભી ઔર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશેષ કહેંગે, હાં ! આહા..હા...!

ઇન્દ્રિયજ્ઞાન હેય હૈ, દુઃખરૂપ હૈ, ખેદ હૈ. આ..હા...! (અજ્ઞાની જીવ) ઇસ ઇન્દ્રિયજ્ઞાન મેં અનાદિ સે સુખ માન રહા હૈ. ઉસકે લિયે બાત કરતે હૈં. આહા..હા...! પર ચીજ તો હેય હૈં, શુભાશુભભાવ ભી હેય હૈં પરંતુ ઇન્દ્રિયજ્ઞાન ભી હેય હૈ. જ્ઞાન મેં ઇન્દ્રિયજ્ઞાન ભી હેય હૈ. આહા..હા...! વાસ્તવ મેં તો ઇન્દ્રિયજ્ઞાન સે જો શાસ્ત્ર સુનને મેં આયા ઔર શાસ્ત્ર કા જ્ઞાન હુઆ વહ ભી ઇન્દ્રિયજ્ઞાન હૈ. આહા..હા...! દુઃખરૂપ હૈ. શ્રવણ કરકે અપની પર્યાય મેં જ્ઞાન હુઆ વહ જ્ઞાન આત્મા કા નહીં હૈ, વહ તો શબ્દોં કા જ્ઞાન, શાસ્ત્ર કા જ્ઞાન હુઆ. આ..હા..હા...! વહ ભી દુઃખરૂપ હૈ. ઐસી બાત હૈ ! આહા..હા...! સુખરૂપ તો યહ આત્મા અંતર આનંદમૂર્તિ પ્રભુ હૈ, ઉસકી દૃષ્ટિ કરને સે જો જ્ઞાનમેં સે જ્ઞાન આતા હૈ ઔર ઉસકે સાથ અતીન્દ્રિય આનંદ આતા હૈ ઉસ જ્ઞાન કો જ્ઞાન કહને મેં આતા હૈ. સમજ મેં આયા ?

**'ઇન્દ્રિયોં કે દ્વારા ગ્રહણ હોને યોગ્ય (–જ્ઞાત હોને યોગ્ય) હૈં. (કિન્તુ) ઇન્દ્રિયોંકે દ્વારા વે ભી યુગપદ્ (એકસાથ) ગ્રહણ નહીં હોતે (–જાનનેમેં નહીં આતે), ક્યોંકિ ક્ષયોપશમકી ઉસપ્રકારકી શક્તિ નહીં હૈ.'** (અર્થાત્) ક્ષયોપશમ જ્ઞાન મેં ઇતની શક્તિ નહીં હૈ કિ, સબકો એકસાથ જાને. આહા..હા...! ક્ષયોપશમ સમજતે હો ? જ્ઞાન કા જો વિકાસ હૈ – ક્ષયોપશમ, ઇસ ક્ષયોપશમ મેં ભી ઇતની તાકત નહીં હૈ કિ, એકસાથ પાંચોં ઇન્દ્રિયોં કે વિષય જાને. આ..હા...! **'ક્યોંકિ ક્ષયોપશમકી ઉસપ્રકારકી શક્તિ નહીં હૈ.'**

**'ઇન્દ્રિયોંકે જો ક્ષયોપશમ નામકી અન્તરંગ જ્ઞાતૃશક્તિ હૈ...'** (યાની કિ) જાનને કી (શક્તિ હૈ) **'વહ કૌવેકી આંખકી પુતલીકી ભાંતિ...'** કૌવા હોતા હૈ ના કૌવા ? કૌવે કો એક પુતલી હોતી હૈ, આંખેં દો (હોતી હૈં). આંખેં દો હોતી હૈં, પુતલી એક હોતી હૈ. એકદમ ઇસ ઓર ઘૂમે તો યહાં કા દેખે ઔર દૂસરી ઓર ઘૂમે તો વહાં દેખે. પુતલી એક હી હોતી હૈ. લોગોં કો ખ્યાલ નહીં આયે કિ, યહ દો હૈં યા એક હૈ. કૌવા હોતા હૈ ના કૌવા ? વહ ચપલ કહા જાતા હૈ. ઉસે આંખે દો હોતી હૈં લેકિન દેખને કી પુતલી એક હી હોતી હૈ. ઇસ ઓર ઘૂમે તો ભી દિખે ઔર દૂસરી ઓર ઘૂમે તો ભી દિખે. આહા..હા...! (ઇસ તરહ) **'કૌવેકી આંખકી પુતલીકી ભાંતિ ક્રમિક પ્રવૃત્તિવાલી...'** હોતી હૈ. જૈસે ઉસકી પુતલી ભી એક કે બાદ એક જાને (અર્થાત્) ઇસ ઓર રખે તો યહાં કા દેખે, એકસાથ દોનોં કો જાન નહીં સકતી. ઇસ પ્રકાર ઇન્દ્રિયજ્ઞાન ક્રમિક પ્રવૃત્તિવાલા હોને સે (અર્થાત્) ક્રમિક એક વિષય કો જાને તો દૂસરે કો નહીં જાને અર્થાત્ એક છોડકર દૂસરે કો જાને. આ..હા..હા...!

**'અનેકતઃ પ્રકાશકે લિયે (–એક હી સાથ અનેક વિષયોંકો જાનનેકે લિયે) અસમર્થ હૈ,...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક રાજા થા (ઉસકી બાત) સુની થી (કિ), આહાર લે, સામને વેશ્યા નાચ કરે, બાગ કે ફૂલોં (કે બીચ) બૈઠે ઇસલિયે સુગંધ લે સકે. એસા માને કિ પાંચોં ઇન્દ્રિયોં કો એકસાથ (ગ્રહણ કરે). એકદમ વિષય ફિરતા હૈ – એક મેં લક્ષ હોતા હૈ ઉસ સમય દૂસરે મેં નહીં હોતા, દૂસરે મેં હોતા હૈ ઉસ સમય તીસરે મેં નહીં હોતા. ઉસકી ભી કહાં ખબર હૈ. આંખ સે રૂપ દેખે તબ સુનને મેં લક્ષ નહીં હોતા, આ..હા...! સુનને મેં લક્ષ હો તબ આંખ સે દેખે નહીં. એક ઇન્દ્રિય કા એક હી વિષય દેખે. એસા હૈ, સમજ મેં આયા ? આહા..હા...! (ઇસ પ્રકાર) '**ક્રમિક પ્રવૃત્તિવાલી હોનેસે અનેકતઃ પ્રકાશકે લિયે (–એક હી સાથ અનેક વિષયોંકો જાનનેકે લિયે) અસમર્થ હૈ,...**' આ..હા..હા...!

'**ઇસલિયે દ્રવ્યેન્દ્રિયદ્વારોંકે વિદ્યમાન હોને પર ભી...**' ક્યા કહતે હૈં ? કિ, યે દ્રવ્યેન્દ્રિય વિદ્યમાન હૈં. આંખ, કાન સબ ભલે હો ! (ફિર ભી) '**સમસ્ત ઇન્દ્રિયોંકે વિષયોંકા (–વિષયભૂત પદાર્થોંકા) જ્ઞાન એક હી સાથ નહીં હોતા,...**' જડ કાન, આંખ, નાક, જીભ, સ્પર્શ (આદિ) દ્રવ્યેન્દ્રિય તો એકસાથ હૈં પરંતુ એક ઇન્દ્રિય કે વિષય મેં દૂસરા વિષય જાન નહીં સકતા. આ..હા...! ક્યા કહતે હૈં યહ ? ભગવાન(આત્મા) તો અણઇન્દ્રિય હૈ ના ! અનાદિકાલ સે પાંચ ઇન્દ્રિય કી ઓર કે ઝુકાવ કે કારણ એક ઇન્દ્રિય કે વિષય ઉપર લક્ષ (હો તબ દૂસરે વિષય કા લક્ષ નહીં હોતા). દ્રવ્યેન્દ્રિયાં પાંચોં પડી હૈં પરંતુ સુનને મેં લક્ષ હો તો રૂપ કો નહીં દેખ સકતા. રૂપ ઉપર લક્ષ હો ઉસ વક્ત સુન નહીં સકતા. આ..હા...! જ્ઞાન ઐસા અલ્પ ઔર અધીર હૈ. આ..હા...! ઐસા તો જ્ઞાન ક્રમિક (હૈ). કહાં તક લે ગયે ?!

આત્મા કે અલાવા દૂસરે પદાર્થ તો હેય હૈં, તેરે મેં હૈં હી નહીં. સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસા, મકાન વે તો ધૂલ (હૈં) બાહર (હૈં). અંદરમેં કર્મ હૈં વે ભી હેય હૈં.

શ્રોતા :– હેય હૈં કિ જ્ઞેય હૈં ?

સમાધાન :– હેય હૈં. હેયરૂપ જ્ઞેય હૈં ઔર આત્મા ઉપાદેયરૂપ જ્ઞેય હૈ. બાપૂ ! બહુત સૂક્ષ્મ બાત, ભાઈ ! આહા..હા...! જ્ઞેય–જાનને લાયક તો દોનોં ચીજ હૈં. પરંતુ યે ઇન્દ્રિય સે જ્ઞેય જાનતે હૈં વહ હેય હૈ ઔર અતીન્દ્રિય (જ્ઞાન સે) અંતર મેં જાનતે હૈં વહ ઉપાદેય (હૈ) – આત્મા ઉપાદેય હૈ. ઐસી બાતેં ! આહા..હા...!

વહ કબ નિવૃત્તિ લે ઔર અપની ચીજ અંદર મેં પરમાત્મસ્વરૂપ બિરાજમાન હૈ (ઉસકો જાને) ? ઉસ ઓર વર્તમાન જ્ઞાન કી પર્યાય કા ઝુકાવ કરને સે... પર્યાય કા ઝુકાવ કરને સે, પર્યાય સ્વતંત્ર હૈ (તો) સ્વતંત્રરૂપ સે ચૈતન્યમૂર્તિ ભગવાન ઉપર દૃષ્ટિ કરને સે ઉસકો જો જ્ઞાન – આત્મજ્ઞાન હોતા હૈ વહ સચ્ચા જ્ઞાન હૈ ઔર ઇસ જ્ઞાન મેં સુખ હૈ. યે પૈસે મેં, સ્ત્રી-પુત્ર મેં સુખ નહીં હૈ, ઐસા કહતે હૈં. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– ઘર મેં ક્લેશ હોતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ક્લેશ તો અંદર તૂ કરતા હૈ, તેરી ઇન્દ્રિયોં સે (ઇન્દ્રિય)જ્ઞાન મેં મજા હૈ, યહ ક્લેશ કરતા હૈ. આ..હા..હા...! 'મૃગ કી નાભિ મેં કસ્તૂરી, મૃગ કો ખબર નહીં !' હિરન... હિરન ! (ઉસકી) નાભિ મેં કસ્તૂરી (હૈ લેકિન) ખબર નહીં. કસ્તૂરી કી ગંધ માનો બાહર સે આતી હૈ (ઐસા માનકર બાહર ઢૂંઢતા હૈ). આ..હા...! ઇસ પ્રકાર મૃગ જૈસે મનુષ્ય, સુખ તો અંદર મેં હૈ પરંતુ સુખ માનો બાહર સે કહીં સે મિલેગા... આ..હા...! ઇન્દ્રિયમેં સે સુખ મિલેગા (ઐસા માનકર બાહર ઢૂંઢતા હૈ).

શ્રોતા :– મૃગ જૈસે મનુષ્ય ?

સમાધાન :– મૃગ સે ભી હલકે ! મૃગ કો તો સુનને કા યોગ ભી નહીં હૈ ઔર ઇસે તો સુનને કા યોગ હૈ ફિર ભી છોડતા નહીં હૈ !! આહા..હા...! ઉસકી કસ્તૂરી કી બેચારે કો ખબર નહીં હૈ. શિકારી ઉસે મારે તબ નાભિમેં સે કસ્તૂરી નિકલતી હૈ, વહ કસ્તૂરી શિકારી લે જાતા હૈ. આહા..હા...! નાભિ મેં કસ્તૂરી હોતી હૈ, કીમતી ! આ..હા...!

વૈસે યહ પરમાત્મસ્વરૂપ ભગવાન અંદર, દ્રવ્યેન્દ્રિય ઔર ભાવેન્દ્રિય સે ભી પાર (બિરાજમાન હૈ). યહ તો જડ દ્રવ્યેન્દ્રિય હૈ ઔર એક–એક વિષય કો જાને વહ ભાવેન્દ્રિય (હૈ), ઉસસે ભી પાર અંદર ભિન્ન હૈ. આ..હા..હા...! એસે પરમાત્મા કો અંતર્મુખ હોકર જાનના યહ આનંદ કા કારણ હૈ, બાકી ઇન્દ્રિયજ્ઞાન તો દુઃખ કા કારણ હૈ. આહા..હા...! પુણ્ય દુઃખ કા કારણ હૈ, દુઃખરૂપ હૈ. પાપ કા પરિણામ દુઃખરૂપ હૈ. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના – યે ભાવ દુઃખરૂપ હૈં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ કે પરિણામ રાગ હૈ, દુઃખરૂપ હૈં. ઓ..હો..હો...! ઇસસે ભી આગે (કહતે હૈં કિ) ઇન્દ્રિય સે જ્ઞાન કરતા હૈ વહ ભી દુઃખરૂપ હૈ. આહા..હા...! સમજ મેં આયા ? આહા..હા...! કહાં તક લે ગયે હૈં !

શ્રોતા :– પૈસા મિલના યે દુઃખરૂપ હૈ ?

સમાધાન :– પૈસા દુઃખ કા નિમિત્ત હૈ. દુઃખ તો ઉત્પન્ન કરતી હૈ – મમતા. પૈસા મેરા, મૈંને કમાયે, મૈં પૈસેવાલા હુઆ – ઐસી મમતા દુઃખરૂપ હૈ. પૈસા દુઃખ મેં નિમિત્ત હૈ. આહા..હા...! પૈસે કી સંખ્યા ઉપર મમતા નહીં હૈ. ચક્રવર્તી કા રાજ હો પરંતુ સમ્યક્દૃષ્ટિ હૈ ! આહા..હા...! ૯૬ હજાર સ્ત્રી હૈં, ૯૬ ક્રોડ પાયદલ હૈ, જિસકા આહાર... કલ કહા થા ના ? ચક્રવર્તી કો બત્તીસ કવલ કા આહાર હૈ. બત્તીસ કવલ કા (આહાર) ! એક કવલ કી અબજોં કી કીમત ! હીરે કી ભસ્મ બનાકર રોટી બનાવે. હીરે કી ભસ્મ કરે ઔર ઘી મેં ગરમ કરકે (ઉસમેં) ભસ્મ ડાલે ઔર ગેહૂં ડાલે, ગેહૂં ! ગેહૂં ભસ્મ કો પી જાયે. ઉસ ગેહૂં કી રોટી બનાયે. ઉસકે બત્તીસ કવલ હો, ઉસે (વે) ખાતે હૈં. એક કવલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૯૬ ક્રોડ પાયદલ હજમ કર સકે નહીં ! આહા..હા...! ફિર ભી વે ધર્મી – સમકિતી હૈં ! આહા..હા...! અંતર (મેં) ભાન હૈ કિ, મૈં તો આનંદ ઔર જ્ઞાન હૂં. વહ (બાહર કી) ચીજ મુજે સુખરૂપ નહીં હૈ, મેરી સુખરૂપ ચીજ તો અંદર હૈ. આ..હા..હા...! ઐસી ચીજ મેં (સંયોગ કે બીચ) રહને પર ભી શ્રીફલ મેં જૈસે (અંદર) ગોલા ભિન્ન રહતા હૈ, વૈસે ધર્મી શરીર સે, શ્રીફલ કે ગોલે કી ભાંતિ ભિન્ન રહતે હૈં. આ..હા..હા...! અજ્ઞાની કો પતા નહીં હૈ કિ, આત્મા ક્યા હૈ (ઔર) શરીર ક્યા હૈ ? આહા..હા...!

યહાં પર યહ કહતે હૈં કિ, '**ઇસલિયે દ્રવ્યેન્દ્રિયદ્વારોંકે વિદ્યમાન હોને પર ભી...**' યહ પહલે કહા કિ, કાન હો, નાક હો યે તો જડ–મિટ્ટી ભલે હો, (વહ) જડઇન્દ્રિય હોને પર ભી '**સમસ્ત ઇન્દ્રિયોંકે વિષયોંકા (–વિષયભૂત પદાર્થોંકા) જ્ઞાન એક હી સાથ નહીં હોતા,...**' આ..હા..હા...! ક્યા કહતે હૈં ? પાંચ જડઇન્દ્રિયાં એકસાથ હૈં ફિર ભી ઉન પાંચોં ઇન્દ્રિયોં કા જ્ઞાન અજ્ઞાની કો એકસાથ નહીં હોતા. આહા..હા...! કૌવે કી પુતલી કી ભાંતિ, પુતલી એક હૈ, આંખેં દો હૈં તો ઐસે–ઐસે ફિરતી હૈ. વૈસે જાનનેવાલા એક–એક ઇન્દ્રિય દ્વારા જાને, દૂસરી ઇન્દ્રિય કી ઓર લક્ષ કરે તો દૂસરે કો જાને, સામાન્ય(રૂપ સે) ઐસા લગે કે, મૈં તો સબકો એકદમ જાનતા હૂં. (લેકિન) ઐસા હૈ નહીં. આહા..હા...! ઐસી સૂક્ષ્મ બાતેં ! ઇન્દ્રિયજ્ઞાન ભી જહર ઔર દુઃખ ! અ..ર..ર...! ઇન્સાન કબ નિવૃત્ત હો ?

આનંદમૂર્તિ પ્રભુ હૈ ! સુખાનંદ કી ધર્મશાલા હૈ ! 'મુંબઈ'મેં ઐસા કુછ હૈ ના ? 'સુખાનંદ કી ધર્મશાલા' હૈ. યહ આત્મા સુખાનંદ કી ધર્મશાલા હૈ ! સુખ ઔર આનંદરૂપી ધર્મ કી શાલા ભગવાનઆત્મા હૈ. આ..હા..હા...! ઉસ ઓર અંતર્મુખ દેખના (ઉસમેં) અનંત પુરુષાર્થ (હૈ). અપની વર્તમાન જ્ઞાનપર્યાય કો ત્રિકાલી કી ઓર લે જાના... આહા..હા...! ઉસમેં જો જ્ઞાન હોતા હૈ વહ આનંદ–અતીન્દ્રિય આનંદ લેકર જ્ઞાન હોતા હૈ. આહા..હા...! ઔર પાંચોં ઇન્દ્રિયાં તો એકસાથ હયાત હૈં ફિર ભી એક-એક ઇન્દ્રિય કા વિષય ક્રમિક જાનતે હૈં. પાંચોં ઇન્દ્રિય કા (વિષય) એકસાથ જાન સકતે નહીં. આહા..હા...! હૈ ? ઇસલિયે યહ ઇન્દ્રિયજ્ઞાન આત્મા કે લિયે પ્રત્યક્ષ નહીં હો સકતા. આ..હા..હા...! પ્રત્યક્ષ તો અપના આત્મા કે આશ્રય સે હો વહ પ્રત્યક્ષ (જ્ઞાન) હૈ. યે (ઇન્દ્રિયજ્ઞાન) પ્રત્યક્ષ નહીં, પરોક્ષ હૈ. આહા..હા...! અપને આયા થા ના પરોક્ષ જ્ઞાન ? કલ આયા થા ના ? પરોક્ષ જ્ઞાન નહીં આયા થા ? સૂક્ષ્મ તો હૈ.

પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય – ચૈતન્ય ભગવાન સામાન્ય નિત્યાનંદ પ્રભુ ! ઉસકે સાથ અનાદિરૂઢ સંબંધ હોને પર ભી... આ..હા..હા...! અપને સ્વભાવ સે ભિન્ન હૈ. ક્યા કહા ? ઇસમેં આયા થા ના ? ૫૫ (ગાથા) ! (દૂસરે પન્ને પર ટીકા કી) ચૌથી પંક્તિ હૈ. '**પરોક્ષજ્ઞાન,...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! ઇન્દ્રિયોં સે જો જ્ઞાન હોતા હૈ વહ પરોક્ષ હૈ. **'ચૈતન્યસામાન્યકે સાથ...'** ભગવાન ચૈતન્ય સામાન્યરૂપ કાયમ રહનેવાલી ધ્રુવ ચીજ હૈ. આહા..હા...! **'(આત્માકા) અનાદિસિદ્ધ સંબંધ હોને પર...'** આ..હા..હા...! ભાષા દૂસરી ! ક્યા કહતે હૈં ? કિ, જો યહ ઇન્દ્રિય સે એક–એક ઇન્દ્રિય કા જ્ઞાન હોતા હૈ વહ સબ પરોક્ષ જ્ઞાન હૈ ઔર યહ પરોક્ષ જ્ઞાન જો હૈ (વહ) પ્રત્યક્ષ નહીં (ક્યોંકિ) આત્મા કે આશ્રય સે (નહીં હુઆ ઇસલિયે) પરોક્ષ હૈ. ઉસ કારણ સે... આહા..હા...! ચૈતન્યસામાન્ય કે સાથ... થોડી સૂક્ષ્મ બાત હૈ. ચૈતન્યસામાન્ય જો ત્રિકાલી હૈ, ધ્રુવસ્વરૂપ ભગવાનઆત્મા ! ધ્રુવ સામાન્યસ્વરૂપ જો ધ્રુવ હૈ... આહા..હા...! ઉસકે સાથ **'અનાદિસિદ્ધ સંબંધ હોને પર...'** ચૈતન્યસામાન્ય જો ધ્રુવ ભગવાનઆત્મા ! ઉસકે સાથ પરોક્ષજ્ઞાન કા સંબંધ અનાદિ કા હૈ. અનાદિ સે ઇન્દ્રિયજ્ઞાન હી કિયા હૈ પરંતુ (ઉસકા) સંબંધ ચૈતન્યસામાન્ય કે સાથ હૈ. આ..હા..હા...!

ચૈતન્યસામાન્ય જો આનંદકંદ પ્રભુ હૈ ઉસકા વિશેષ હો તો તો આનંદ, જ્ઞાન ઔર શાંતિ મિલે. પરંતુ વહ વિશેષ જ્ઞાન નહીં કરકે, ચૈતન્યસામાન્ય મેં અનાદિ સે ઇન્દ્રિય કા સંબંધ હોને સે અનાદિરૂઢ દ્રઢતર હો ગયા હૈ. આહા..હા...! હૈ ? **'અનાદિસિદ્ધ સંબંધ હોને પર ભી જો અતિ દ્રઢતર અજ્ઞાનરૂપ તમોગ્રન્થિ (અન્ધકારસમૂહ) દ્વારા આવૃત્ત હો ગયા હૈ,...'** આ..હા..હા...! શબ્દ અલગ પ્રકાર કે !

ચૈતન્ય આનંદકંદકી ગાંઠ હૈ, પ્રભુ ! ત્રિકાલ એકરૂપ સામાન્ય ! ઉસ પર યહ ઇન્દ્રિય જ્ઞાન **'અનાદિસિદ્ધ સંબંધ હોને પર ભી જો અતિ દ્રઢતર અજ્ઞાનરૂપ તમોગ્રન્થિ (અન્ધકારસમૂહ) દ્વારા આવૃત્ત હો ગયા હૈ, ઐસા આત્મા પદાર્થકો સ્વયં જાનનેકે લિયે અસમર્થ હોનેસે...'** આ..હા..હા...! અપની પર્યાય મેં અપને સે જાનને કો અસમર્થ હુઆ. બાહર ઢૂંઢતા હૈ કિ, પ્રકાશ મિલે, ઇન્દ્રિય ઠીક મિલે તો મૈં જાનું ! (ઐસે) પરાધીન હો ગયા. આહા..હા...! અબ ક્યા કરના ? ઇન્દ્રિય સે જ્ઞાન કરે વહ ભી દુઃખરૂપ ! તો અબ ઉસે જાના કહાં ? પૈસે દુઃખ કા નિમિત્ત, સ્ત્રી દુઃખ કા નિમિત્ત, મકાન બડે–બડે પચીસ–પચીસ લાખ કે મકાન દુઃખ કા નિમિત્ત !

('વડોદરા'મેં મંદિર કે લિયે પૈસે ઇકટ્ઠે હુએ તો કહતે હૈં કિ) પૈસે તો દાસી હૈ, પૈસે પુણ્ય કી દાસી હૈ. આહા..હા...! ધૂલ મેં ક્યા હૈ ? ચક્રવર્તી કા રાજ ! જિન્હેં ૯૬ કરોડ પાયદલ ! નવ નિધાન ! સોલહ હજાર દેવ ! એક ક્ષણ મેં છોડ દિયા ! જૈસે બલગમ (કફ–બળખો) નિકાલ દે વૈસે ! બલગમ નિકાલ દે ઐસે એક ક્ષણ મેં છોડ દિયા ! ચલે ગયે જંગલ મેં ! હમારા આનંદ કા નાથ યહાં હૈ, ઉસ આનંદ કો સાધને કો વન મેં ચલે જાતે હૈં. આહા..હા...! વહ બગીચે, સ્ત્રિયોં કે વૃંદ મેં કહીં સુખ નહીં હૈ. આહા..હા...! એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષણ મેં બલગમ છોડકર જંગલ મેં ચલે જાતે હૈં. આહા..હા...!

'શાંતિનાથ' કા પુરાણ આતા હૈ. 'શાંતિનાથ' ચક્રવર્તી થે ના ? ૯૬,૦૦૦ સ્ત્રિયાં થી. વે જબ દીક્ષિત હુએ, દીક્ષા લેને કો જાતે હૈં ઉસ વક્ત સ્ત્રિયાં બાલ ખીંચતી હૈં, તો પ્રભુ કહતે હૈં 'હે, સ્ત્રિયાં ! મૈં અભી તક રહા થા વહ આપ કે કારણ નહીં રહા થા. મુજે રાગ થા તો રહા થા. માતા ! અબ મેરા રાગ ટૂટ ગયા હૈ. તુમ ક્યા કરોગી ?' આ..હા..હા...!

'ભર્તૃહરિ' (રાજા કી બાત) નહીં આયી થી ? (હમને) તો બહુત નાટક ભી દેખે હૈં ના ! બડે નાટક (હોતે થે). ભર્તૃહરિ ! (એક) અમરફલ ઉનકે પાસ આયા તો રાજાને રાની કો દિયા. રાનીને અશ્વકુમાર કો દિયા, અશ્વકુમાર યાની ઘોડે કા બડા અધિકારી (ઉપરી કો દિયા). ઉસને વેશ્યા કો દિયા, વેશ્યાને લાકર વાપિસ રાજા કો દિયા ! આહા..હા...! (રાજા કો દેખકર લગા) અરે..રે...! ઇસ અમરફલ કા ક્યા હુઆ ? મેરે પાસ આયા થા. મૈને સ્ત્રી કો – 'પિંગળા' કો દિયા થા (તો) યહ મેરે પાસ કહાં સે આયા ? તો વેશ્યાને કહા, 'મુજે તો અશ્વપાલને દિયા હૈ.' અશ્વપાલ કહતા હૈ, 'મુજે 'પિંગળા'ને દિયા હૈ !' અર..ર...! (રાજા કહતા હૈ) 'દેખા નહીં કુછ સાર, જગત મેં દેખા નહીં કુછ સાર...' ઇસ પ્રકાર અંદર મેં બોલતા હૈ. 'પ્યારી મેરી રાની 'પિંગળા', અશ્વપાલ કો યાર' અરે...! યહ સંસાર કૈસા હૈ ? આહા..હા...! મૈંને મેરી સ્ત્રી કો પ્રેમ સે દિયા તો ઉસને 'અશ્વપાલ' કો દિયા ! આહા..હા...! છોડ દિયા... ગૃહસ્થાશ્રમ, રાજ-કુટુંબ છોડ દિયા ! 'ભર્તૃહરિ'કો ઉનકે ગુરુ કહતે હૈં 'જાઓ ! આજ 'પિંગળા' કે પાસ આહાર લે આઓ !' આ..હા..હા...! નાટક મેં આતા હૈ, દેખા હૈ કિ નહીં ? નહીં દેખા ? હમને તો સબ નાટક ભી દેખે હૈં ઔર 'મુંબઈ'મેં ફિલ્મ ભી દેખી હૈ ! મેરી તો ઐસી આદત થી કિ, નાટક કે પૈસે દેતે થે તો કહતે થે કિ, કિતાબ દો, આપ લોગ બોલતે હો વહ કિતાબ દો ! પૈસે લે લો ! આપ લોગ ક્યા બોલતે હો ઉસકા હમે પતા ચલે, ઐસે હી બોલતે રહો... (ઐસે નહીં ચલેગા). આહા..હા...!

'ભર્તૃહરિ' (રાજ) છોડ દેતે હૈં. ઉનકે ગુરુ કહતે હૈં 'જાઓ, 'પિંગળા' કે પાસ !' (રાજા) 'પિંગળા' કે પાસ ગયા (ઔર કહા) 'માતા ! આહાર દે !' રાની કહતી હૈ 'રાજન ! મુજે માતા મત કહો !' આહા..હા...! (વે) થે તો અજ્ઞાની લેકિન વૈરાગ્ય મેં સાધુ હુએ થે. 'ભર્તૃહરિ'કા વૈરાગ્યશતક બનાયા હૈ. પઢા હૈ, સબ પઢા હૈ. ('ભર્તૃહરિ' કહતે હૈં) 'માતા ! આહાર દે !' (તો 'પિંગળા' કહને લગી) 'રાજન ! માતા મત કહો ! મેરે પાસ આહાર નહીં હૈ. મૈં ઉદાસ હૂં. મેરી બાત બાહર આ ગયી હૈ, મુજે કહીં ચૈન નહીં હૈ. એક ક્ષણ ખડે રહો !' આહા..હા...! આ..હા...! 'એક ક્ષણ મેં ખીર બનાતી હૂં, બાકી મેરે પાસ રાજન ! કુછ નહીં હૈ !' 'ખીર રે બનાઉં ક્ષણ એકમાં, જમતા જાઓ જોગીરાજજી !' (ઇસલિયે રાજા કહતે હૈં કિ), 'માતા

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મૈં ખડા નહીં રહ સકતા ! મેરી ટોલી ચલી જા રહી હૈ !' આ..હા..હા...! અજ્ઞાની થે, ઉન્હેં સમકિત નહીં થા. આહા..હા...! ઐસા યહ સંસાર ! જિસકે પ્રતિ મેરા પ્રેમ થા (ઉસકે સાથ) યહ હુઆ ?! આહા..હા...! ગુપ્ત હો તબ તક માલૂમ નહીં પડતા, (બાત) ખુલ જાતી હૈ તો માલૂમ પડતા હૈ.

ઇન્દ્રિયજ્ઞાન કે રસીકજનો ! ઇન્દ્રિયજ્ઞાન મેં મજા માનનેવાલે દુ:ખી હૈં. યહાં યહ કહતે હૈં કિ, પાંચ ઇન્દ્રિયોં કી હયાતી હોને પર ભી એકસાથ સબકા કામ લે સકતે નહીં.

**ભાવાર્થ :–** '**કૌવેકી દો આંખેં હોતી હૈં...**' ભાવાર્થ હૈ ના ? '**કૌવેકી દો આંખે હોતી હૈં કિન્તુ પુતલી એક હી હોતી હૈ.**' દેખને કી પુતલી એક હોતી હૈ. વહ ભી માલૂમ નહીં હોતા. '**કૌવેકો જિસ આંખસે દેખના હો ઉસ આંખમેં પુતલી આ જાતી હૈ;...**' ઐસે ઘૂમા લેતા હૈ '**ઉસ સમય વહ દૂસરી આંખસે નહીં દેખ સકતા.**' કૌવા એક આંખ સે દેખતા હૈ, દૂસરી (આંખ સે) દેખતા નહીં. '**ઐસા હોને પર ભી વહ પુતલી ઇતની જલ્દી દોનોં આંખોંમેં આતી-જાતી હૈ કિ લોગોંકો ઐસા માલૂમ હોતા હૈ કિ દોનોં આંખોંમેં દો ભિન્ન ભિન્ન પુતલિયાં હૈં; કિન્તુ વાસ્તવમેં વહ એક હી હોતી હૈ.**' લોગ દેખે તો ઐસા લગે કિ, દો આંખેં હૈં, દો પુતલિયાં હૈં. (લેકિન) ઉસે એક હી પુતલી હોતી હૈ. આહા..હા...! દેખો ! કુદરત કા નિયમ ! આંખેં દો હોતી હૈં, પુતલી એક હૈ. આહા..હા...! યહ તો દૃષ્ટાંત દેકર સિદ્ધાંત કહેંગે.

'**ઐસી હી દશા ક્ષાયોપશમિક જ્ઞાનકી હૈ.**' લો ! ઐસી દશા ક્ષયોપશમ (જ્ઞાન કી હૈ). ઇન્દ્રિય(જ્ઞાન કા) અલ્પ વિકાસ હૈ, ઐસી દશા હૈ. '**દ્રવ્ય-ઇન્દ્રિયરૂપી દ્વાર તો પાંચ હૈં,...**' આંખ, કાન, નાક, જીભ, સ્પર્શ – યે દ્રવ્યેન્દ્રિયાં પાંચ હૈં. '**કિન્તુ ક્ષાયોપશમિક જ્ઞાન એક સમય એક ઇન્દ્રિય દ્વારા હી જાના જા સકતા હૈ;...**' આ..હા..હા...! '**ઉસ સમય દૂસરી ઇન્દ્રિયોં કે દ્વારા કાર્ય નહીં હોતા. જબ ક્ષાયોપશમિક જ્ઞાન નેત્રકે દ્વારા વર્ણકો દેખનેકા કાર્ય કરતા હૈ...**'(યાની) આંખોં સે રૂપ દેખે '**તબ વહ શબ્દ, ગંધ, રસ યા સ્પર્શકો નહીં જાન સકતા;...**' આહા..હા...! કિન્તુ એકદમ ઐસે જ્ઞાન ઘૂમતા હૈ તો માલૂમ નહીં પડતા. આ..હા..હા...! '**અર્થાત્ જબ ઉસ જ્ઞાનકા ઉપયોગ નેત્રકે દ્વારા વર્ણકે દેખનેમેં લગા હોતા હૈ તબ કાનમેં કૌનસે શબ્દ પડતે હૈં યા નાકમેં કૈસી ગન્ધ આતી હૈ ઇત્યાદિ ખ્યાલ નહીં રહતા.**' આ..હા..હા...! ઇસકા ભી કબ વિચાર કિયા હૈ ? આ..હા...!

'**યદ્યપિ જ્ઞાનકા ઉપયોગ એક વિષયમેંસે દૂસરેમેં અત્યન્ત શીઘ્રતાસે બદલતા હૈ,...**' જૈસે કૌવે કી પુતલી એકદમ ઘૂમતી હૈ ના ? વૈસે યહાં જ્ઞાન એક કો જાને કિ તુરંત રૂપ કો દેખે, રૂપ દેખકર તુરંત સુનતા હૈ તો ઉસે લગતા હૈ કિ, મૈં એકસાથ સબ જાનતા હૂં. લેકિન ઐસા હૈ નહીં. '**ઇસલિયે સ્થૂલદષ્ટિસે દેખનેમેં ઐસા લગતા હૈ કિ માનોં સભી વિષય એક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હી સાથ જ્ઞાત હોતે હોં,...**' આ..હા..હા...!

યહાં તો અતીન્દ્રિય પ્રભુ ભગવાન ! પૂર્ણાનંદ કા નાથ ! અતીન્દ્રિય સાહેબા ! આ..હા..હા...! જિસે કોઈ ઇન્દ્રિય કે નિમિત્ત કી જરૂરત નહીં હૈ, ઐસા પ્રભુ હૈ. આહા..હા...! ઐસે ભગવાનઆત્મા કો અંદર દેખ ! તુજે આનંદ હોગા, આત્મા કા જ્ઞાન હોગા ઔર જન્મ–મરણ કા અંત હોગા. આહા..હા...! ચોરાશી લાખ (યોનિ મેં) જન્મ-મરણ કરતે–કરતે અનંતકાલ બીત ગયા. આહા..હા...! ઐસે વિચાર કા અવકાશ ભી કહાં હૈ કિ, ક્યા યહ હોતા હૈ યા નહીં ? પાંચ ઇન્દ્રિયાં હોને પર ભી મૈં એક હી ઇન્દ્રિય સે જાન સકતા હૂં, (ઉસ સમય) દૂસરી ઇન્દ્રિય સે નહીં જાન સકતા હૂં, ઐસા વિચાર ભી કબ કિયા હૈ ? અવસર કહાં હૈ ? દુનિયા કી હોલી જલ રહી હો (ઉસમેં યહ સબ દેખને કા કહાં અવસર હૈ ?) આ..હા..હા...! ચારોં ઓર હો.. હા...! હો... હા...! ધંધે મેં હો... હા...! ક્લેશ ! સ્ત્રી-પુત્ર કો સંભાલને મેં ક્લેશ ! ઉન્હેં રાજી રખને મેં ક્લેશ ! આ..હા..હા...! ઉસમેં યે વિચાર કરનેકા અવસર કબ લે ? ઐસા મનુષ્યભવ કા અવસર તો અનંતકાલ કે બાદ મિલે. (તો) કહતે હૈં કિ, ઉસમેં ઇન્દ્રિયજ્ઞાન કો હેય કરકે અતીન્દ્રિયજ્ઞાન સ્વસંવેદન પ્રગટ નહીં કિયા;... આ..હા..હા...! જો અતીન્દ્રિયજ્ઞાન હૈ – યહ સ્વસંવેદન (યાની) અપને સે વેદન હોતા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન ઔર સમ્યક્‌જ્ઞાન (હૈ), ઐસા યદિ નહીં કિયા (તો) ચોરાશી કે અવતાર મેં ભટકેગા !આહા..હા...! કુદરત કે નિયમ મેં કુછ દૂસરા નહીં હોગા. દુનિયા પ્રશંસા કરે કિ, ઓ..હો..હો...! યહ તો ઉદ્યોગપતિ હૈં, પૈસેવાલે હૈં, દાન બહુત દેતે હૈં ! લેકિન દુનિયા વહાં કામ મેં નહીં આયેગી. આ..હા...!

શ્રોતા :– યહાં ભી કહાં કામ મેં આતી હૈ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– માનતા હૈ ના ! શ્વેતાંબર મેં તો શાસ્ત્ર મેં એક લેખ હૈ કિ, બહુત પૈસે ઇકટ્ઠે કિયે હો તો મરણ કે સમય... હાય.. હાય...! મુજે કોઈ બચાઓ ! મુજે કોઈ બચાઓ ! મુજે પીડા હો રહી હૈ, દુઃખ હો રહા હૈ ! કૌન બચાયે ? જાઓ ! પૈસે કા ઢેર કરકે બોલ ! ઉસકે પાસ પ્રાર્થના કર ! દસ લાખ, બીસ લાખ, કરોડ–દો કરોડ ઇકટ્ઠે કિયે હોં ! (ઉસે જાકર બોલ કિ) બચાઓ ! મૈંને તેરે લિયે સારી જિંદગી નિકાલી હૈ, અબ બચાઓ ! ધૂલ બચા સકતે હૈં ?

શ્રોતા :– અચ્છે સે અચ્છા ડૉક્ટર બુલાયેં !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ડૉક્ટર મર ગયા ! ડૉક્ટર કે આને સે પહલે (મર ગયા) ! કહા થા ના ? (એક જન કે પાસ) દો અબજ ચાલીસ કરોડ ! 'ગોવા !' ચાલીસ લાખ કા મકાન હૈ, દસ-દસ લાખ કે દો મકાન હૈં. સાઠ લાખ કે તીન મકાન હૈં. પત્ની કો હેમરેજ હો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગયા થા ઇસલિયે 'બંબઈ' આયા થા. દો-ચાર દિન કે બાદ રાત કો દેઢ બજે ઊઠા,... દોસૌ ચાલીસ કરોડ ! કહને લગા, 'દુખતા હૈ.' (તો દૂસરે મિત્રસે કહા) 'ડૉક્ટર કો બુલાઓ !' ડૉક્ટર કો બુલાને ગયે ઉતને મેં તો દેહ છૂટ ગયા ! હાય... હાય...! જાઓ ! ચાર ગતિ મેં રખડને ! અર..ર..ર...!

'સિકંદર'ને નહીં કહા ? 'મૈંને અબજો રૂપયા ઇકટ્ઠા કિયા હૈ. મૈંને હકીમ કો પૈસે દિયે હૈં. અભી મુજે કોઈ મદદ કરતા નહીં. મેરે મરણ કે બાદ ઉસ હકીમ કે પાસ મેરા જનાજા ઉઠવાના !' ઉસકા ખાયા હૈ તો કુછ તો કરે ! આતા હૈ ના ઉસમેં ? 'મારો જનાજો એ જ હકીમોને ખભે ઉપડાવજો' હકીમ હોતે હૈં ના વૈદ્ય ! મુસલમાન ! આ..હા..હા...! આતા હૈ, પહલે બોલતે થે, અબ ભૂલ ગયે. આહા..હા...!

યહાં કહતે હૈં, તેરી લાખ–કરોડ(કી) સબ મિલકત પડી હો, બડા બંગલા હો ઔર દસ-પંદ્રહ લાખ કા મકાન કે અંદર ફર્નીચર ભરા હો.... આહા..હા...! વહ બિસ્તર પર પડા બોલે કિ, અરે..રે...! મુજે દુઃખ હો રહા હૈ ! કોઈ ડૉક્ટર કો બુલાઓ ! કોઈ તેરી (સુનનેવાલા) નહીં હૈ. ડૉક્ટર ખુદ નહીં મર જાતે ક્યા ? મર જાતે હૈં કિ નહીં ? 'ભાવનગર' કે ડૉક્ટર ! પૂરી અસ્પતાલ કે બડે સર્જન ! કિસીકા કામ કર રહે થે (ઉતને મેં) કહા કિ, મુજે દુઃખ રહા હૈ. Heart fail હો ગયા ! દેહ કી સ્થિતિ પૂરી હો ઉસે રોકે કૌન ? આહા..હા...!

અરે...! એક બાર દેહ કો છોડકર જાના હૈ. કહાં જાના હૈ ? કહાં તુજે ઉતારા કરના હૈ ? આહા..હા...! વંટોળિયા... વંટોળિયા કહતે હૈં ? ક્યા કહતે હૈં ? બગૂલા ! (આંધી) ! આંધી મેં તિનકા ઉડતા હૈ તો કહાં જાકર ગિરેગા ? ઐસે જિસકો મિથ્યાત્વભાવ હૈ (અર્થાત્) ઇન્દ્રિયજ્ઞાન મેરા હૈ, ઇન્દ્રિય મેં સુખ હૈ (ઐસા જો માનતા હૈ વહ) આંધી મેં કહીં ભી ગિરેગા. કોઈ રિશ્તેદાર નહીં, કોઈ પરિચિત ક્ષેત્ર નહીં, ઉસમેં જન્મ લે. આહા..હા...! વહાં સે મરકર સિંહ આદિ હો, (વહાં સે) મરકર નરક મેં ચલા જાયે. આહા..હા...! અરે..રે...! ઐસે ભવ ! પુણ્ય ઔર પાપ કે ભાવ દુઃખરૂપ હૈ ઐસા ખ્યાલ ન આવે ઔર ઇન્દ્રિય કા જ્ઞાન દુઃખરૂપ હૈ ઐસા ખ્યાલ ન આવે તબ તક અતીન્દ્રિયજ્ઞાન ભગવાનઆત્મા કી ઓર કા ઝુકાવ નહીં હોતા. આહા..હા...!

અંતર્મુખ પરમાત્મા હૈ ઉસ ઓર કા ઝુકાવ (કર) ! બાહર કા પૈસા ઔર ઇન્દ્રિય કા જ્ઞાન ભી દુઃખ હૈ તો દૂસરે પુણ્ય-પાપભાવ તો દુઃખ હૈ હી. આહા..હા...! સુખી હોના હો તો અંદર મેં જા, જહાં ભગવાન બિરાજતે હૈં ! આ..હા..હા...! દેહદેવળ મેં – મંદિર મેં ભગવાન બિરાજતે હૈં. આ..હા...! કૈસે માને ?

શ્રોતા :– દિખતા નહીં હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પરંતુ દેખને કા પ્રયત્ન કહાં કરતા હૈ ? જિતના પર મેં રસ હૈ ઉતના (રસ અંતર મેં દેખને કા) કહાં આયા હૈ ? લડકા હૈ, (ઉસે) ૧૦૦૦-૧૨૦૦ કા પગાર હો ઉસમેં કિતના રસ હૈ ! 'બાપૂ !' ઐસા કહે ! આહા..હા...! પર મેં રસ હૈ તો અપને મેં રસ આયા નહીં. આહા..હા...! અંતર મેં (જાના) હૈ (તો) ઉસે કૌન રોકતા હૈ ? કિ, પર મેં રસ-મીઠાસ હૈ. કોઈ રાગ મેં, કોઈ ઇજ્જત મેં, કોઈ પુણ્યમેં, કોઈ પાપમેં (રસ હૈ). આ..હા..હા...! અંતરમેં ઉપયોગ (લે) જાના હૈ (વહ) તો સૂક્ષ્મ હૈ, તો સૂક્ષ્મ ઉપયોગ નહીં હૈ ઉસકા કારણ ક્યા ? કિ, સ્થૂલ ઉપયોગ બાહ્ય ચીજ મેં ઘૂમતા હૈ. આ..હા..હા...! સૂક્ષ્મ બહુત, ભાઈ ! દુનિયા કે ખેલ સે (યે) સબ બાત અલગ હૈં. આહા..હા...!

**ભાવાર્થ :–** '**શુભોપયોગજન્ય પુણ્યના ફળરૂપે...**' શુભઉપયોગ (એટલે) દયા, દાન, વ્રત, ભક્તિ, તપ (આદિ) શુભભાવ કર્યા હોય એનાથી જન્ય એટલે ઉત્પન્ન થયેલું '**પુણ્યના ફળરૂપે દેવાદિકની સંપદાઓ મળે...**' લ્યો ! આ દેવની, શેઠિયાઓની, પૈસાની – ધૂડની, અબજોપતિ થાય... આ..હા..હા...! પણ એને ક્યાં ભાન બચારાને ! એકલા ધૂડમાં રંગાઈ ગયેલા હોય ! આહા..હા...! મારો નાથ અંદર શુભરાગથી પણ જુદો છે. પૈસાથી તો જુદો છે, બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા, બાપા ! એ ક્યાં (તારા) છે ? પણ અંદર દયા, દાન (આદિના) શુભભાવ થાય એનાથી પણ તારી ચીજ પ્રભુ અંદર જુદી છે. એ તો ક્ષણિક ઉપાધિ છે અને તારો સ્વભાવ ત્રિકાળી નિરુપાધિ છે. આ..હા..હા...! એ નિરુપાધિ તત્ત્વને તું ઉપાધિ(રૂપ) તત્ત્વ સાથે મેળ કરવા જા (એમાં) મરીશ, દુઃખને મળીશ. આહા..હા...! દુનિયાથી જુદી વાતું છે.

(કહે છે) '**શુભોપયોગજન્ય પુણ્યના ફળરૂપે...**' લ્યો ! આમાં તો કીધું, ભાઈ ! પુણ્યના ફળ તરીકે દેવાદિ (થાય). આ તો (એક મોટા વિદ્વાન) ના પાડે છે ને ! (આવી વાત તો) બે-ત્રણ ઠેકાણે આવે છે. પાઠ છે ને અહીં ચોખ્ખો ! આહા..હા... '**પુણ્યની સંપદાવાળા દેવાદિક**' એમ ટીકામાં પાઠ છે. આહા..હા...! (એ) એમ કહે છે કે, 'સમાજમાં વ્યવસ્થા કરતા આવડતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી એટલે પંડિતો ગરીબ દેખાય છે એ એને લઈને (છે). પુણ્ય ઓછા છે એટલે નહિ !' પણ પુણ્ય ઓછા હોય એમાં વાંધો શું છે ? અને બીજાને પુણ્ય વધારે છે માટે એમાં હીણપ-ઓછપ શું આવી ? પોતા પાસે પૈસા નથી એટલે 'અમે પુણ્યહીન છીએ' એમ કોઈ કહે (તે બેસતું નથી). પુણ્યહીન છીએ, સાંભળને ! અમે તો આત્મા આનંદકંદ છીએ ! આ..હા..હા...! પુણ્યથી તો હીન છીએ. આ..હા..હા...! સચ્ચિદાનંદ પ્રભુ ! હું શાશ્વત વસ્તુ ! જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે એને પુણ્યવાળો માનવો એ ભ્રમણા છે. આ..હા..હા...! ભારે કામ આકરું !

'**(પુણ્યના ફળરૂપે) દેવાદિકની સંપદાઓ મળે છે અને અશુભોપયોગજન્ય પાપના ફળરૂપે નારકાદિક...**' હલકા નિર્ધન મનુષ્ય કે તિર્યંચ(ની) '**આપદાઓ મળે છે.**' આ..હા..હા...! પરંતુ તે '**દેવાદિક...**' દેવ અને શેઠિયા આદિ '**તથા નારકાદિક...**' ઢોર વગેરે '**બન્ને પરમાર્થે દુઃખી જ છે.**' આ..હા..હા...! કહ્યું નહોતું એકવાર ? ઘણાં વર્ષ પહેલાં સ્વાધ્યાયમંદિરમાં (એક ભાઈ કહેતા હતા) 'અમારા વેવાઈ સુખી છે !' (મેં કહ્યું) 'સુખીની વ્યાખ્યા શું ?' આ પૈસા–ધૂળ મળી એટલે સુખી ? આહા..હા...! જ્યાં આત્માના આનંદનો સ્વાદ નથી, જ્યાં ભગવાન સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એની જેને ગંધ નથી... આ..હા..હા...! એ પ્રાણી સુખી કેમ કહેવાય ? આહા..હા...! ભલે બહારમાં આબરૂ મોટી હોય ! મોટા પૂછડાં લગાડ્યા હોય–ઉદ્યોગપતિ ! આ લગાવે છે ને ? ઉદ્યોગપતિ ! ઉદ્યોગપતિ ને ? બહારના વેપારનો – જડનો પતિ ! આહા..હા...! એ આત્માનો પતિ નહિ. આહા..હા...! (લોકો એમ કહે કે), બાપ પૈસા નહોતા મૂકી ગયા, બાહુબળે (ધંધો) વધારીને પચીસ, પચાસ, કરોડ અને અબજ કર્યા છે. અરે...! ધૂળેય નથી, સાંભળને ! ગાંડા છે, પાગલ ! આવી વાતું છે !

શ્રોતા :– એના બાપ પાસે પૈસા નહોતા આની પાસે થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં થયું શું ? ડાળિયા શું થયા પણ ? બાપ પાસે નહોતા એટલે ? (એને) નજીક નહોતા અને આને નજીક આવ્યા, પણ એમાં વધી શું ગયું ? આ..હા...! બહારમાં ન હોય એની સાથે સંબંધ શું છે ? બહાર હોય, ન હોય એની સાથે (કાંઈ સંબંધ નથી). આહા..હા...! (અહીંયાં) એ જ કહે છે ને ?

'**એ રીતે બન્નેનું ફળ સમાન હોવાથી શુભોપયોગ અને અશુભોપયોગ બન્ને પરમાર્થે સમાન જ છે...**' આ..હા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ – પરમાર્થે બન્ને એક જાતના દુઃખના ઉત્પન્ન કરાવનારા છે. આ..હા..હા...! '**અર્થાત્ ઉપયોગમાં – અશુદ્ધોપયોગમાં–શુભ અને અશુભ એવા ભેદ પરમાર્થે ઘટતા નથી.**' શું કીધું ઇ ? અશુદ્ધઉપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એટલે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયના ભાવ – બન્ને અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગમાં કાંઈ ઘટતું-વધતું નથી, આ સારું – આ નરસું (–ખરાબ) એમ નથી. આહા..હા...! એવા '**અશુદ્ધોપયોગમાં...**' એટલે '**શુભ અને અશુભ એવા ભેદ પરમાર્થે ઘટતા નથી.**' આ..હા..હા...! આવી ગાથા છે !

વીતરાગનો માર્ગ બહુ જુદો, બાપુ ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ (એમ ફરમાવે છે કે) અંતરના શુદ્ધ ઉપયોગને પામે તો એ સુખી છે. નહિતર તો અશુદ્ધ ઉપયોગના બન્ને ભાવને પામે એ દુઃખી છે. આહા..હા... ! શુભ-અશુભ ભાવરહિત, શુદ્ધ ઉપયોગ જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એના પરિણામ કરે તે સુખી છે. સુખી જગતમાં સંત, ભાઈ ! આ..હા...!

'સુખિયા જગતમાં સંત, દૂરિજન દુઃખિયા' શુદ્ધઉપયોગસ્વરૂપ જે આત્મા ! આનંદમૂર્તિ પ્રભુ ! એના તરફનો ઉપયોગ અને વેપાર (છે) તે જીવ સુખિયા (છે), સંત સુખી છે. 'દૂરિજન દુઃખિયા' (અર્થાત્) શુભ અને અશુભ પરિણામ કરનારા દૂરિજન છે. આ..હા..હા...! બહારમાં મોટા વખાણ ચાલે – ઉદ્યોગપતિ છે ! એની જિંદગીમાં...

શ્રોતા :– કેટલાયે માણસોને નભાવે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કીધું હતું ને ? (એક ભાઈ પાસે અબજો રૂપિયા હતા તો આપણા એક મુમુક્ષુએ કહ્યું) 'હવે ક્યાં સુધી ? તમે આ શું કરો છો ? આટલા-આટલા પૈસા તોપણ...!' (ત્યારે એમણે કહ્યું) 'આ શું અમે અમારા માટે કરીએ છીએ ? આ માણસોને પૈસાથી સુખી કરવા માટે (કરીએ છીએ) !' ગાંડપણના ગામ કાંઈ જુદાં હોય છે ? આવા ગાંડા ! બે અબજ ચાલીસ કરોડ !

શ્રોતા :– તોપણ ગાંડા ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાગલ મોટા ! (એમ કહે) 'અમે અમારા માટે કરીએ છીએ ? અમે મનુષ્યને મદદ મળે, આજીવિકા મળે (માટે કરીએ છીએ) !' એના માટે કરતો હશે ? કે, તારી મમતા માટે કરે છે ? આહા..હા...! જીવની ઊંધાઈનો પાર ન મળે ! અનાદિથી ઊંધાઈ સેવી છે. આહા..હા...!

અહીં તો (એમ કહે છે કે) પરની દયાનો ભાવ (એ) રાગ છે, એ સ્વરૂપની હિંસા છે, એ શુભઉપયોગ છે અને શુભઉપયોગનું ફળ પાછુ દુઃખ છે. આહા..હા...! પરની દયા પાળી શકતો તો નથી પણ ભાવ આવે એનું ફળ કહે છે કે, દુઃખ છે. આહા..હા...! એમાંથી કદાચિત્ સંપદા મળે પણ તેના તરફના વલણમાં અશુભભાવથી દુઃખી થઈશ. આ..હા..હા...! બહુ આકરું કામ !

સંસારમાંથી દૃષ્ટિને ફેરવવી... દૃષ્ટિને ફેરવવી ! પછી સ્થિરતા (થવી) જુદી વાત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ शुभोपयोगजन्यं फलवत्पुण्यं विशेषेण दूषणार्थमभ्युपगम्योत्थापयति -

**कुलिसाउहचक्कधरा सुहोवओगप्पगेहिं भोगेहिं।**
**देहादीणं विद्धिं करेंति सुहिदा इवाभिरदा ।।७३।।**
**कुलिशायुधचक्रधराः शुभोपयोगात्मकैः भोगैः।**
**देहादीनां वृद्धिं कुर्वन्ति सुखिता इवाभिरताः ।।७३।।**

यतो हि शक्राश्चक्रिणश्च स्वेच्छोपगतैर्भोगैः शरीरादीन् पुष्णन्तस्तेषु दुष्टशोणित इव जलौकसोऽत्यन्तमासक्ताः सुखिता इव प्रतिभासन्ते, ततः शुभोपयोगजन्यानि फलवन्ति पुण्यान्यवलोक्यन्ते ।।७३।।

---

एवं स्वतन्त्रगाथाचतुष्टयेन प्रथमस्थलं गतम्। अथ पुण्यानि देवेन्द्रचक्रवर्त्यादिपदं प्रयच्छन्ति इति पूर्वं प्रशंसां करोति। किमर्थम्। तत्फलाधारेणाग्रे तृष्णोत्पत्तिरूपदुःखदर्शनाथ। **कुलिसाउहचक्कधरा** देवेन्द्राश्चकवर्तिनश्च कर्तारः। **सुहोवओगप्पगेहिं भोगेहिं** शुभोपयोगजन्यभोगैः कृत्वा **देहादीणं विद्धिं करेंति** विकुर्वणारूपेण देहपरिवारादीनां वृद्धिं कुर्वन्ति। कथंभूताः सन्तः। **सुहिदा इवाभिरदा** सुखिता इवाभिरता आसक्ता इति। अयमत्रार्थः- यत्परमातिशयतृप्तिसमुत्पादकं विषयतृष्णाविच्छित्तिकारकं च स्वाभाविकसुखं तदलभमाना दुष्टशोणिते जलयूका इवासक्ताः सुखाभासेन देहादीनां वृद्धिं कुर्वन्ति। ततो ज्ञायते तेषां स्वाभाविकं सुखं नास्तीति ।।७३।।

---

પહેલાં શ્રદ્ધામાંથી છોડવું. પછી આસક્તિ છૂટે એ તો પછી છૂટે. આ..હા..હા...! અંદર શ્રદ્ધામાંથી પુણ્ય અને પાપ, શુભ અને અશુભ ભાવ બન્ને સરખા બંધના કારણ છે, બન્ને છોડવા લાયક છે, એમ શ્રદ્ધામાં તો પહેલું આવવું જોઈએ. નહિ તો એ રસ્તે નહિ આવે. આહા..હા...! આવી વાતું આવી ક્યાંથી ? કોઈ એમ કહે છે ! વીતરાગની (વાતું) છે, બાપુ ! આ..હા..હા...!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આ ધ્વનિ છે, એમનો અવાજ આ છે ! ઇચ્છા વિના પ્રભુને આવી વાણી નીકળી ! આ..હા..હા...! એમાં તો ફક્ત જોગનું (અને) જ્ઞાનનું નિમિત્ત હતું. આ..હા..હા...! નિમિત્તનો અર્થ એનાથી કાંઈ થયું નથી. એ વાણી ભગવાનની, તીર્થંકર ત્રિલોકનાથની છે કે, શુભ અને અશુભભાવમાં કાંઈ ફેર નથી. **'ભેદ પરમાર્થે ઘટતા નથી.'** આ..હા..હા...! છે ? **'ઉપયોગમાં – અશુદ્ધોપયોગમાં–શુભ અને અશુભ એવા ભેદ પરમાર્થે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(જેમ ઇન્દ્રિયસુખને દુઃખરૂપ અને શુભોપયોગને અશુભોપયોગ સમાન દર્શાવ્યો તેમ) હવે શુભોપયોગજન્ય એવું જે ફળવાળું પુણ્ય તેને વિશેષતઃ દૂષણ દેવા માટે (અર્થાત્ તેમાં દોષ દર્શાવવા અર્થે) તે પુણ્યને (–તેની હયાતીને) સ્વીકારીને તે (પુણ્યની) વાતનું ઉત્થાન કરે છે :–

**ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

**અન્વયાર્થ :–** **[कुलिशायुधचक्रधराः]** વજ્રધરો અને ચક્રધરો (–ઇંદ્રો અને ચક્રવર્તીઓ) **[शुभोपयोगात्मकैः भोगैः]** શુભોપયોગમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે **[देहादीनां]** દેહાદિની **[वृद्धिं कुर्वंति]** પુષ્ટિ કરે છે અને **[अभिरताः]** (એ રીતે) ભોગોમાં રત વર્તતા થકા **[सुखिताः इव]** સુખી જેવા ભાસે છે (માટે પુણ્યો વિદ્યમાન છે ખરાં).

**ટીકા :–** શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે શરીરાદિને પોષતા થકા – જેમ જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી સુખી જેવી ભાસે છે તેમ – તે ભોગોમાં અત્યંત આસક્ત વર્તતા થકા સુખી જેવા ભાસે છે; માટે શુભોપયોગજન્ય ફળવાળાં પુણ્યો જોવામાં આવે છે (અર્થાત્ શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની હયાતી જોવામાં આવે છે).

---

**ઘટતા નથી.**' વ્યવહારે કહેવાય કે, આ પાપ કરે છે એ કરતાં પુણ્ય શુભ છે. પણ એથી એના આત્માને માટે કાંઈ લાભ છે, એમ નથી. આ..હા..હા...! એ ૭૨ (ગાથા પૂરી) થઈ. ૭૩ (ગાથા).

**कुलिसाउहचक्कधरा सुहोवओगप्पगेहिं भोगेहिं।**
**देहादीणं विद्धिं करेंति सुहिदा इवाभिरदा।।७३।।**

નીચે હરિગીત :–

**ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી,**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** જે ભોગોમાં આસક્ત વર્તતા થકા ઇંદ્રો વગેરે જળોની માફક સુખી જેવા ભાસે છે, તે ભોગો પુણ્યનાં ફળ છે; માટે પુણ્યની હયાતી છે ખરી. (આ પ્રમાણે આ ગાથામાં પુણ્યનું વિદ્યમાનપણું સ્વીકારીને હવેની ગાથાઓમાં પુણ્યને દુઃખના કારણરૂપ દર્શાવશે.) ૭૩.

---

શુભઉપયોગ (અર્થાત્) રાગ – દયા, દાન, વ્રત આદિ શુભભાવ.

**ટીકા** :– '**શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ...**' આ..હા..હા...! શકરેન્દ્ર સુધર્મ દેવલોકનો દેવ છે. (એની પાસે) ૩૨ લાખ વિમાન છે. એક-એક વિમાનમાં ઘણામાં અસંખ્ય દેવ છે. એનો સ્વામી શકરેન્દ્ર છે. એ શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ (એટલે) મનુષ્યના ચક્રવર્તી – ઇન્દ્ર ! પેલા દેવના ઇન્દ્ર અને આ મનુષ્યના ઇન્દ્ર – ચક્રવર્તી ! જેને ઘરે ૯૬ કરોડ પાયદળ ! આ..હા..હા...! જેને ઘરે નવ નિધાન ! જેની સેવામાં સોળ હજાર દેવો ઊભા હોય ! આ..હા..હા...! એ બધા '**પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે...**' આ..હા..હા...! '**શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે શરીરાદિને પોષતા થકા...**' (મૂળમાં) પાઠ એ છે ને ? '**देहादीणं विद्धिं करेंति**' કરે શું એ ? પુણ્યથી કોની વૃદ્ધિ કરે ? આ શરીર ને વાણી ને મન ને મકાન ને ધૂડ ને એની વૃદ્ધિ કરે. આ..હા..હા...! પુણ્યથી કરે શું એ ? આત્માની પુષ્ટિ થાય છે એમાંથી ? આહા..હા...!

'**શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે...**' '**ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો**' ! જેવી ઇચ્છા હતી એવું પુણ્ય હતું તો મળ્યું, એમ કહે છે. આહા..હા...! ઇચ્છાને લઈને મળ્યું નથી પણ ઇચ્છા પ્રમાણે પુણ્ય હતું અને ઇચ્છા પ્રમાણે મળ્યું. કેમકે પુણ્યવંત પ્રાણી છે. શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ ! આ..હા..હા...! બે મોટા નાખ્યા – દેવમાં શક્રેંદ્ર અને મનુષ્યમાં ચક્રવર્તી. નારકી અને ઢોરની તો વાતું શું કરવી ? આહા..હા...!

'**પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે શરીરાદિને...**' (અર્થાત્) શરીરને, કુટુંબને, નાતને, દેશને પોષતા થકા. એને પોષે. આહા..હા...! શરીરને પોષે, વાણીને પોષે, શરીરના સંબંધીઓ – બાયડી, છોકરા, કુટુંબોને પોષે – આને મદદ કરું, આને રાજી રાખું, બાયડીને રાજી રાખું, છોકરાઓને રાજી રાખું ! આ..હા..હા...! એવા '**શરીરાદિને પોષતા થકા–જેમ જળો...**' જળો ! જળો આવે છે ને ? (તે) '**દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી...**' આ..હા...! જળો એવી હોય કે જે ખરાબ લોહી હોય એ પીવે. જળો એવી હોય છે, જળો ખરાબ લોહી હોય એ પીવે. આહા..હા...!

'**જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી...**' આ..હા..હા...! '**સુખી જેવી ભાસે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે...**' લોહી અહીં પીવે ને ? પોઢી થાય. જળો આમ પોઢી થાય. આ..હા...! '**તેમ–તે ભોગોમાં અત્યંત આસક્ત વર્તતા થકા...**' આહા..હા...! જળોની જેવા. '**જેમ જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી સુખી જેવી ભાસે છે...**' પોઢી થાય, આમ મોટી (થાય). બહુ ગૂમડાં (થયા) હોય ત્યાં જળો મૂકે, પછી પાછી એને નીચોવે, વળી ફરીને મૂકે. આહા..હા...! (એ) સુખી જેવી ભાસે છે. લોહીમાં આસક્ત વર્તતી થકી જળો '**સુખી જેવી ભાસે છે...**' સુખી છે એમ નહિ, સુખી જેવી ભાસે છે.

'**તેમ–તે ભોગોમાં અત્યંત આસક્ત વર્તતા થકા...**' આ..હા..હા...! પલંગમાં બેઠા હોય, માથે પવન નાખવાનું હોય છે ને ? મોટા પંખા આમથી આમ ચાલે. પંખા તો અત્યારે સાધારણ થઈ ગયા. પહેલાં કૉર્ટમાં લૂગડાંની મોટી હોય એને પટાવાળો ખેંચે. જોઈ છે ને ! 'વડોદરા' ! (સંવત) ૬૩ની સાલની 'વડોદરા'ની વાત છે. અમારી મોટી ટીકા ચાલી હતી ને ! કેસ ચાલ્યો હતો. '૬૩ની વાત છે. સત્તર વર્ષની ઉંમરની વાત (છે). ૭૩ વર્ષ પહેલાં ! કેસ ચાલતો હોય ત્યારે માથે લૂગડું હોય તેનું દોરડું બહાર રાખે એને માણસ ખેંચે એટલે હવા આવે. આ..હા..હા...! એ સુખી જેવા ભાસે છે. અંદર મોટો બેઠો હતો. ત્રણ હજારનો પગાર ! તે દી' ની વાત છે, હોં ! પ્રેસિડેન્ટ ! '૬૩ની સાલની વાત છે. 'વડોદરા' બહાર મોટી કૉર્ટ છે. તે દી' સત્તર વર્ષની ઉંમર હતી. ૭૩ વર્ષ પહેલાંની વાત છે ! એ કેસ ચાલતો હતો ત્યારે ત્યાં જાવું પડ્યું હતું. અમારી ઉપર પોલીસોએ અફીણનો ખોટો કેસ નાખ્યો હતો. દુકાને (બક્ષિસ) લેવા આવ્યો હતો. આઠ આના આપ્યા તો ન લીધા અને રૂપિયો માંગ્યો, એમાં તોફાન થયું ! એમાં મોટો કેસ ચાલ્યો. '૬૩ની વાત છે. પ્રેસિડેન્ટ અને એનો માણસ હતો ! કારકૂન મોટો ! અંદર બાંધેલું હોય, કોઈ પેસી શકે નહિ. અમને જોઈને કહ્યું કે, 'આ લોકો લાકડાના પીંજરામાં ઊભા નહિ રહે. ખુલ્લામાં રાખો !' નહિતર ગુનેગારને અંદર લાકડાના (પીંજરામાં) રાખે અને સાક્ષી લે. મારે ત્રણ કલાક સાક્ષી દેવી પડી હતી. '૬૩ની સાલ ! ત્રણ કલાક ! પ્રેસિડેન્ટનો ત્રણ હજારનો (પગાર) ! આપણે તો સત્ય હતું (તે કહ્યું). તદ્દન કલ્પના ! મારે અફીણનું શું (કામ) હોય ? મારી સાથે 'ગાંડાભાઈ' હતા. મારી ઉંમર નાની ને ! ૧૭ વર્ષની ! (એટલે) પૂછ્યું 'કેમ થયું, ભાઈ ? ત્રણ કલાક સુધી (ચાલ્યું).' મેં કીધું 'અહીં શું થાય ? સત્ય હતું તેમ આપણે કૉર્ટમાં મૂક્યું છે. અહીં કાંઈ ન મળે. કૉર્ટનું દબાણ અહીં ન મળે !' કૉર્ટે છેલ્લે પછી 'પાલેજ' આવીને ચૂકાદો આપી દીધો. ત્યાં અમારું ગામ હતું ને ! 'પાલેજ'માં ખોટો ગુનો (દાખલ) કરેલો (એટલે) 'પાલેજ' આવ્યા અને કહ્યું 'કેસ બિલકુલ ખોટો છે. પોલીસે જૂઠો કેસ ઉપાડ્યો છે. માટે જે પૈસાનો ખર્ચ તમને થયો હોય એ પોલીસ પાસે માગો !' (મેં કહ્યું) 'રહેવા દે ને બિચારાને, ગરીબ માણસ (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



!' આ તો '૬૩ની વાત છે. એ લોકો બહારમાં એવા હતા પણ એ શુભઉપયોગથી પદવી પામેલા બધા દુઃખી છે. ત્રણ હજારનો પગાર ! આ..હા..હા...! તે દી' ત્રણ હજારનો પગાર એટલે ! '૬૩ની સાલ ! અત્યારે ત્રીસ ગણા કહેવાય ! નેવું હજાર ! 'વડોદરા'માં જંગલમાં મકાન છે.

અહીં કહે છે એ બધા દુઃખી છે. આ..હા..હા...! ત્રણ હજારના પગારવાળા પ્રેસિડેન્ટ ! આ..હા..હા...! પોતાના શરીરને પોષતા થકા... આ..હા..હા...! સવારમાં આ લાવો, માખણ લાવો, ફલાણું લાવો, રસ લાવો, રસગુલ્લા લાવો, મેસૂબ બનાવો, પત્તરવેલિયા બનાવો, એને ઘીમાં તળો ! આ બધું શરીરને પોષવા માટે પૂર્વના પુણ્યના ફળ તરીકે બચારા દુઃખી છે. આ..હા..હા...!

શ્રોતા :– ઘીમાં ન બનાવે અને તેલમાં બનાવે તો ?

સમાધાન :– ઘીમાં બનાવે કે તેલમાં બનાવે, બધા દુઃખી છે બચારા ! આહા..હા...! છે ?

**'જેમ જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી સુખી જેવી ભાસે છે તેમ–તે ભોગોમાં...'** પૂર્વના પુણ્યના ફળથી **'અત્યંત આસક્ત વર્તતા થકા...'** આ..હા..હા...! **'સુખી જેવા ભાસે છે;...'** ભાસે છે, છે નહિ. અજ્ઞાનીઓ એને સુખી કહે ! ઉદ્યોગપતિ ! એણે પાંચ-પચાસ કરોડ ભેગા કર્યા ! મા-બાપ પાસે નહોતા, બાહુબળે કર્યા ! ધૂડેય બાહુબળ નથી. એ તો પૂર્વના કોઈ પુણ્યના પરમાણુ પડ્યા હોય એ જ્યારે ખરવાનું ટાણું હોય ત્યારે ખરે અને બહારમાં પૈસા દેખાય. દેખાય ! એની પાસે ક્યાં આવે છે ? એની પાસે તો મમતા આવે છે. પૈસો પૈસામાં રહે છે. આ..હા..હા...! ફેર બહુ ! જગતની વાતથી ફેર બહુ ! વીતરાગનો માર્ગ ! આખી દુનિયાથી ફેર છે, બાપુ ! આહા..હા...!

**'(અર્થાત્ શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની હયાતી જોવામાં આવે છે).'** એટલું. આવા છે, એટલું (કહેવું છે). આ.હા...! છે, પુણ્યનું ફળ છે (એમ કહેવું છે). પુણ્યનું અસ્તિત્વ છે, એમ આમાં આવે છે ને ? પુણ્યનું અસ્તિત્વ છે ને ! શુભભાવ છે (તે) અસ્તિ છે ને ? એના ફળ તરીકે દુઃખી તરીકે બહાર આવે. અસ્તિત્વ છે, પુણ્ય નથી એમ નહિ. આ..હા..હા...! પુણ્ય છે, પુણ્યનું અસ્તિત્વ છે, પુણ્ય–શુભભાવની હયાતી છે. આ..હા..હા...! કરોડો, અબજો રૂપિયા ખર્ચીને મોટાં મંદિરો બનાવે. (એવો) કદાચિત્ શુભરાગ હોય (તો) પુણ્ય થાય. એ પુણ્યની હયાતી છે. પુણ્યને લઈને બહારમાં શરીરને પોસશે. એવી એને સામગ્રી મળશે. આ..હા...! અર..ર..ર...! આવી વાતું ! એમાં જુવાન અવસ્થા (હોય), એમાં હજી તો તૃષ્ણાનો પાર ન હોય, આ કરું... આ કરું... આ કરું...! એમાં આ કહે કે, પુણ્ય અને પાપના ફળ તને દુઃખરૂપ છે ! આહા..હા...! **'(અર્થાત્ શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હયાતી જોવામાં આવે છે).**' છે, વસ્તુ છે.

**ભાવાર્થ :– 'જે ભોગોમાં આસક્ત વર્તતા થકા...**' આ..હા..હા...! અંતર આનંદસ્વરૂપ પ્રભુ છે, ભગવાન અંદર સુખનો સાગર છે, અતીન્દ્રિય સુખનો સાગર ભગવાનઆત્મા ! એને ભૂલીને '**ભોગોમાં આસક્ત વર્તતા થકા...**' આ..હા..હા...! '**ઇન્દ્રો..**' (જેને) કરોડો અપ્સરાઓ ! જેને (ખોરાકમાં) અનાજ નથી ! આ તો અનાજના ઢીંગલા ! બે દી' અનાજ ન ખાય તો એં.. એં.. એં... મોઢું થઈ જાય ! પેલા અનાજ વિનાના. આહા..હા...! હજાર વર્ષે અમૃતની ધારા નીકળે. કંઠમાંથી અમૃત ઝરે ! એ દુઃખી (છે) ! આહા..હા...! પખવાડિયે તો શ્વાસોશ્વાસ લે ! (શ્વાસ) હેઠે-ઉપર મૂકે એમાં એને એક પખવાડિયું જોઈએ ! પુણ્યના ફળ તરીકે સ્વર્ગમાં (આવું મળે છે). પણ એ બધા દુઃખી (છે). આવો મેળ કરવો આકરો !

શ્રોતા :– પૈસા હોય તો 'કાશ્મીર'માં જઈ શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'કાશ્મીર' જાય એમાં શું ડાળિયા વળ્યા ? 'કાશ્મીર' જાય તોપણ એ બધું પાપનું સ્થાન છે. આ..હા...! પૈસા હોય તો 'નાઈરોબી' જાય છે. 'નાઈરોબી'ની માંગણી છે ને ! ચાર હજાર રૂપિયાની ટિકિટ, જતા-આવતાની આઠ હજારની. છતાં અહીંના બસો-પાંચસો માણસો જશે તો એના એ લોકો ચાર હજાર કરી નાખશે. 'નાઈરોબી – આફ્રિકા' ! મહા સુદમાં માંગણી છે. થાય એ ખરું ! આહા..હા...!

'**જે ભોગોમાં આસક્ત વર્તતા થકા ઇન્દ્રો વગેરે જળોની માફક...**' આ..હા..હા...! '**સુખી જેવા ભાસે છે,...**' જળો લોહી પીને પોઢી દેખાય છે પણ એ પોઢી એને દુઃખ છે. પછી આમ નીચોવી નાખે (અને લોહી) કાઢી નાખે, આહા..હા...! નહિતર મરી જાય. આહા..હા...! '**જળોની માફક સુખી જેવા ભાસે છે, તે ભોગો પુણ્યનાં ફળ છે;...**' પૂર્વના કોઈ પુણ્યને લઈને બાયડી, છોકરા, કુટુંબ, મકાન, આબરૂ, દુકાન આદિ બધું મળ્યું હોય, આ..હા..હા...! '**માટે પુણ્યની હયાતી છે ખરી.**' જોયું ? આ..હા..હા...!

'**(આ પ્રમાણે આ ગાથામાં પુણ્યનું વિદ્યમાનપણું સ્વીકારીને હવેની ગાથાઓમાં પુણ્યને દુઃખના કારણરૂપ દર્શાવશે).**' અહીં દર્શાવ્યું તો છે, હવે વિશેષ (દર્શાવશે). પુણ્યનું હયાતીપણું છે, એ શુભભાવ છે ખરો અને અશુભભાવ પણ છે – હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, લોભ, રાગ એ પાપ(ના પરિણામ છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પ્રભુનું નામસ્મરણ – એ બધું પુણ્ય (છે). બન્ને છે ખરા, પણ બન્ને દુઃખરૂપ છે. અ..ર..ર..ર...! વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં એનું ફળ દુઃખ છે. વર્તમાન દુઃખ છે ! રાગ છે ને (એટલે). જગતને આ બેસવું કઠણ પડે (પણ) શું થાય ?

શ્રોતા :– પણ કરવું શું ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાધાન :– એણે આ શુભ-અશુભભાવથી આત્માને ભિન્ન કરવો એ કરવાનું છે. આહા..હા...! શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા. આ તો જડ–માટી છે. આની તો રાખ થશે. પણ અંદર શુભ અને અશુભભાવ (થાય છે) એ પર દિશા તરફના ભાવ (છે) એને સ્વ દિશા તરફ વાળીને શુદ્ધ ઉપયોગ કરવો. એ કરવાનું છે, બાપુ ! આહા..હા...! આકરું કામ, બાપુ ! અનંતકાળનો અજાણ્યો માર્ગ અને વર્તમાનમાં તો એ ચાલતું નથી, અત્યારે તો બધે ગોટો ! વાડામાં – સંપ્રદાયમાં આ કરો ને આ કરો (ચાલે છે). આ..હા...!

શ્રોતા :– 'મહાવીર ભગવાને' સાડા બાર વર્ષ તપ કર્યું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ માને (છે) એમ નહોતું કર્યું. અંતરમાં અતીન્દ્રિય આનંદમાં રમતા હતા. ઇચ્છા ઉત્પન્ન થઈ નહોતી ત્યારે આહાર મળ્યો નહિ, એમ હતું. તે વખતે આહાર મળવાનો નહોતો તેથી મળ્યો નહિ. પણ અંતર અતીન્દ્રિયમાં રમતા હતા, એ સુખમાં હતા. એને તપસ્યા કહેવામાં આવે છે. બાકી જે આત્માના ભાન વિના આ વર્ષીતપ આદિ કરે છે એ બધી લાંઘણું છે અને એમાં ધર્મ માને છે તો મિથ્યાત્વને પોષે છે. આકરું કામ, બાપા ! દુનિયાથી એ જાત જુદી છે, બાપા ! આહા..હા...! '**(હવેની ગાથાઓમાં પુણ્યને દુઃખના કારણરૂપ દર્શાવશે).**' ૭૩ થઈ ને ? આહા..હા...! ૭૪ (ગાથા) :–

'**હવે, એ રીતે સ્વીકારવામાં આવેલાં પુણ્યો દુઃખના બીજના હેતુ છે...**' (મથાળું) છે ઉપર ? શુભભાવ પણ દુઃખના બીજ છે ! અર..ર..ર...! દયા, દાન, ભક્તિ, વ્રત, ભગવાનનું સ્મરણ કરવું – ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... એ બધો વિકલ્પ અને શુભરાગ (છે). આ..હા..હા...! એ '**પુણ્યો દુઃખના બીજના હેતુ છે...**' આકરી વાત છે, પ્રભુ ! અત્યારે તો મળે એવું નથી એટલે આકરું લાગે. જ્યાં હોય ત્યાં હો..હા.. હો..હા... આ..હા..હા...! '**(અર્થાત્ તૃષ્ણાનાં કારણ છે) એમ ન્યાયથી પ્રગટ કરે છે :–**'

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवमभ्युपगतानां पुण्यानां दुःखबीजहेतुत्वमुद्भावयति -

**जदि संति हि पुण्णाणि य परिणामसमुब्भवाणि विविहाणि।**
**जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं ।।७४।।**

**यदि सन्ति हि पुण्यानि च परिणामसमुद्भवानि विविधानि।**
**जनयन्ति विषयतृष्णां जीवानां देवतान्तानाम् ।।७४।।**

यदि नामैवं शुभोपयोगपरिणामकृतसमुत्पत्तीन्यनेकप्रकाराणि पुण्यानि विद्यन्त इत्यभ्युपगम्यते, तदा तानि सुधाशनानप्यवधिं कृत्वा समस्तसंसारिणां विषयतृष्णामवश्यमेव समुत्पादयन्ति। न खलु तृष्णामन्तरेण दुष्टशोणित इव जलूकानां समस्तसंसारिणां विषयेषु प्रवृत्तिरवलोक्यते। अवलोक्यते च सा। ततोऽस्तु पुण्यानां तृष्णायतनत्वमबाधितमेव ।।७४।।

---

अथ पुण्यानि जीवस्य विषयतृष्णामुत्पादयन्तीति प्रतिपादयति - **जदि संति हि पुण्णाणि य** यदि चेन्निश्चयेन पुण्यपापरहितपरमात्मनो विपरीतानि पुण्यानि सन्ति। पुनरपि किंविशिष्टानि। **परिणामसमुब्भवाणि** निर्विकारस्वसंवित्तिविलक्षणशुभपरिणामसमुद्भवानि **विविहाणि** स्वकीयानन्तभेदेन बहुविधानि। तदा तानि किं कुर्वन्तिं। **जणयंति विसयतण्हं** जनयन्ति। काम्। विषयतृष्णाम्। केषाम्। **जीवाणं देवदंताणं** दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षारूपनिदानबन्धप्रभृतिनानामनोरथहयरूप-विकल्पजालरहितपरमसमाधिसमुत्पन्नसुखामृतरूपां सर्वोत्मप्रदेशेषु परमाह्लादोत्पत्तिभूतामेकाकार-परमसमरसीभावरूपां विषयाकाङ्क्षाग्निजनितपरमदाहविनाशिकां स्वरूपतृप्तिमलभमानानां देवेन्द्रप्रभृतिबहिर्मुखसंसारिजीवानामिति। इदमत्र तात्पर्यम् - यदि तथाविधा विषयतृष्णा नास्ति तर्हि दुष्टशोणिते जलयूका इव कथं ते विषयेषु प्रवृत्तिं कुर्वन्ति। कुर्वन्ति चेत् पुण्यानि तृष्णोत्पादकत्वेन दुःखकारणानि इति ज्ञायन्ते ।।७४।।

---

હવે, એ રીતે સ્વીકારવામાં આવેલાં પુણ્યો દુઃખના બીજના હેતુ છે (અર્થાત્ તૃષ્ણાનાં કારણ છે) એમ ન્યાયથી પ્રગટ કરે છે :–

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્વયાર્થ :–** **[यदि हि]** (પૂર્વોક્ત રીતે) જો **[परिणामसमुद्भवानि]** (શુભોપયોગરૂપ) પરિણામથી ઊપજતાં **[विविधानि पुण्यानि च]** વિવિધ પુણ્યો **[सन्ति]** વિદ્યમાન છે, **[देवतान्तानां जीवानां]** તો તેઓ દેવો સુધીના જીવોને **[विषयतृष्णां]** વિષયતૃષ્ણા **[जनयन्ति]** ઉત્પન્ન કરે છે.

**ટીકા :–** જો એ રીતે શુભોપયોગપરિણામથી જેમની ઉત્પત્તિ થાય છે એવાં અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે એમ સ્વીકારવામાં આવે છે, તો તેઓ (–તે પુણ્યો) દેવો સુધીના સમસ્ત સંસારીઓને વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે (એમ પણ સ્વીકારવું પડે છે). ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ, સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે. પરંતુ તે તો જોવામાં આવે છે. માટે પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો (અર્થાત્ પુણ્યો તૃષ્ણાનાં ઘર-રહેઠાણ – છે એમ અવિરોધપણે સિદ્ધ થાય છે).

**ભાવાર્થ :–** ૭૩મી ગાથામાં કહ્યું તેમ અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે, તો ભલે હો. તેઓ સુખનાં સાધન નથી પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ સાધન છે. ૭૪.

ગાથા–૭૪,૭૫
પ્રવચન નં. – ૬૮
તા.૦૯-૦૫-૭૯

'પ્રવચનસાર' ૭૪ ગાથાનું મથાળું. '**હવે, એ રીતે સ્વીકારવામાં આવેલાં પુણ્યો...**' પુણ્ય છે, પુણ્યની હયાતી છે, એમ કહ્યું. ૭૩ (ગાથામાં) કહ્યું હતું (કે) પુણ્યની હયાતી છે. '**(...શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની હયાતી જોવામાં આવે છે).**' (અહીંયાં મથાળામાં આવ્યું) '**પુણ્યો દુઃખના બીજના હેતુ છે...**' આહા..હા...! શુભભાવ – દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, નામસ્મરણ એ બધો શુભભાવ પુણ્ય છે. તે દુઃખના બીજના હેતુ છે. આહા..હા...! એના ફળમાં તો સ્વર્ગાદિ મળે ત્યાં દુઃખ છે. ત્યાં દુઃખ ભોગવશે. અશુભભાવના ફળમાં પણ દુઃખ અને શુભભાવના ફળમાં પણ દુઃખ. એમાં ક્યાંય સુખ નથી. આ..હા..હા...!

એવા '**પુણ્યો દુઃખના બીજના હેતુ...**' એટલે ? '**(તૃષ્ણાનાં કારણ છે).**' પુણ્ય જે ફળે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં તૃષ્ણા વધશે, મોહ ફાટી નીકળશે. આ..હા...! **'એમ ન્યાયથી પ્રગટ કરે છે :–'** ૭૪ (ગાથા).

## जदि संति हि पुण्णाणि य परिणामसमुब्भवाणि विविहाणि।
## जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं।।७४।।

નીચે હરિગીત :–

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્‌ભવ કરે. ૭૪.**

એ પુણ્ય છે તે વિષયની તૃષ્ણાને ઉત્પન્ન કરે. આ..હા..હા...! અહીં એમ કહે છે કે, શુભભાવ કરે તો અંદર શુદ્ધ નિશ્ચય થાય.

શ્રોતા :– સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર તો મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મળે છે એટલે શું થયું ? (એ) તો અનંતવાર મળ્યા ! એ પુણ્યના ફળમાં અનંતવારમાં તૃષ્ણા થઈ – એને સાંભળું, એને આમ કરું... એ તૃષ્ણા છે ! આ..હા..હા...! આવું આકરું છે !

અહીં તો '**દુઃખના બીજના હેતુ**'નો અર્થ '**તૃષ્ણાનાં કારણ છે.**' એ પુણ્યના ફળ ફળશે (એમાંથી) તૃષ્ણા ફાટશે. એ પહેલાં આવી ગયું છે, નહિ ? મહા મોહરૂપી ભૂતડું ! એમાં પણ તૃષ્ણા છે. મહા મોહ(નું) ભૂતડું વળગ્યું છે એનાથી તૃષ્ણા ફાટી. એણે પાંચેય ઇન્દ્રિયોનો ઘેરો ઘાલ્યો છે. આ..હા..હા...! પુણ્યના ફળ તરીકે એને ઇન્દ્રિયોના વિષયો મળ્યા, એને તૃષ્ણા ઘેરો ઘાલે છે. આ..હા..હા...! અંદર ભગવાનઆત્મા ! એના તરફ જવાની એમાં કંઈ પણ ગંધ નથી.

આહા..હા...! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, દુઃખ છે. એનો જ્યારે નાશ કરે છે ત્યારે એ તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે છે. કેવળી થાય ત્યારે ! એમાં શુભભાવે શું કર્યું ? શુભભાવ(થી) પ્રકૃતિ બંધાણી એ દુઃખ હતું. ઝેરના ઝાડ ! ઝેરના ઝાડ કહ્યા છે. એના ફળ આવ્યા ત્યારે સંયોગ (મળ્યા). કેવળજ્ઞાન થયા પછી (એનું) ફળ આવ્યું. શુભભાવનો નાશ કર્યો, વીતરાગ થયા, કેવળજ્ઞાન થયું ત્યારે પુણ્યના (ફળરૂપે) તીર્થંકર પ્રકૃતિના સંયોગો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવ્યા એમાં આત્માને શું ? આહા..હા...! એ કહે છે.

**ટીકા :– 'જો એ રીતે શુભોપયોગપરિણામથી...' 'શુભોપયોગપરિણામથી'** ચોખ્ખા શબ્દો વાપર્યા છે. દયા, દાન, વ્રત, અપવાસ, ભક્તિ, પૂજા, મંદિર બનાવવાનો (ભાવ એ બધો શુભભાવ છે). એક ઠેકાણે તો એમ લખે કે, તલના તુષ જેટલી મૂર્તિ પણ સ્થાપે તો એના પુણ્યને સરસ્વતી ન કહી શકે. પણ પુણ્ય ને ? 'પદ્મનંદી'માં (કહ્યું છે). એ તો પુણ્યની વાત થઈ. આ..હા..હા...!

ભગવાનઆત્મા ! શુભ અને અશુભ ઉપયોગરહિત છે એની જ્યાં સુધી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એને જન્મ-મરણ નહિ મટે. આ..હા...હા...! ચાહે તો લાખ અપવાસ કરે ને લાખ મંદિર બનાવે ને અબજો રૂપિયા દાનમાં ખર્ચે ! એ શુભરાગ છે. એ પરાશ્રિત શુભભાવ છે અને એના ફળ તરીકે પુણ્યના ફળ આવશે ત્યારે તૃષ્ણા ફાટશે, એમ કહે છે. આ ભોગવું... આ ભોગવું... આ ભોગવું... આ લઉં... આ..હા..હા...! જગતને (આ) ઝિરવવું મુશ્કેલ છે !

**'શુભોપયોગપરિણામથી જેમની ઉત્પત્તિ થાય છે એવાં અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે...'** પુણ્ય છે **'એમ સ્વીકારવામાં આવે છે,...'** પુણ્ય નથી એમ નહિ. પણ એ આત્માની શાંતિ અને સ્વભાવથી વિપરીત ભાવ છે. આત્માનો સ્વભાવ શાંત, જ્ઞાન અને આનંદથી શુભભાવ વિપરીત – ઝેર છે. ભગવાનઆત્મા અમૃતસ્વરૂપ છે એનાથી વિરુદ્ધનો પરિણામ – શુભભાવ ઝેરકુંભ છે – વિષકુંભ છે. આ..હા..હા...! **'એવાં અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે...'** અનેક પ્રકારનાં પુણ્ય (છે). આ..હા..હા...! કરોડો રૂપિયા આવે, અબજો રૂપિયા આવે, દીકરા-દીકરી એવા પાકે... આ..હા..હા...! જાણે કે આ શું ફળ્યું ! એ બધાં પુણ્યના ફળ(માં) તૃષ્ણા ફાટી ! (એમ) કહે છે. આ..હા..હા...! આવો વીતરાગમાર્ગ લોકોને એકાંત લાગે. (એમ કહે કે) શુભભાવથી કંઈ પણ લાભ ન થાય ? થાય ને ! પુણ્ય બંધાય અને તૃષ્ણા વધે ! એ થાય. આ..હા..હા...!

શુભ-અશુભભાવથી રહિત અંદર પ્રભુ છે. વીતરાગમૂર્તિ પ્રભુ છે. શાંત... શાંત... શાંત... શાંતિનો સાગર... જેમાં શુભ અને અશુભ વિકલ્પ નામ રાગનો પણ અભાવ છે. એવી ચીજને પકડ્યા વિના... આ..હા..હા..! એવી ચીજના આશ્રયે દશા થયા વિના એનું પરિભ્રમણ મટે એવું નથી. આચાર્યો તો ચોખ્ખું કહે છે – શુભઉપયોગનું ફળ પુણ્ય છે, એમ કહે છે. અને પુણ્યનું ફળ આ બધું મળે. સાધારણ માણસ પાસે રૂપિયા દેખાય. કીધું નહિ ? 'મુંબઈ' ! (એક વૈષ્ણવ છે) ઘરે બધી સ્ત્રીઓ શ્વેતામ્બર જૈન. પચાસ કરોડ રૂપિયા ! દર્શન કરવા આવ્યા હતા. આવ્યા હતા બચારા ! બૈરા શ્વેતામ્બર જૈન ખરા ને, એને પ્રેમ એટલે આવ્યા હતા. એના મકાનમાં પગલાં કરવા લઈ ગયા હતા. મોટા મકાન ! ઓ..હો..હો...! રાજાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મકાન એણે સાઠ લાખમાં લીધું હશે, અત્યારે સવા કરોડ રૂપિયા ઊપજે એવું છે ! એવા-એવા મોટા મકાનોની અંદર પગલાં કરાવ્યા. અરે..રે...! (એમાં) શું પણ ? બહારના દેખાવમાં તૃષ્ણાનો પાર ન મળે. અહીં દુકાન ને ફલાણે દુકાન ને... 'હોંગકોંગ'માં મોટી દુકાન છે. (કોઈક) કહેતું હતું. પચાસ કરોડ રૂપિયા એટલે ! આ..હા..હા...! ઉકરડો ફાલે ! એ બધો ઉકરડો છે ! આ પુણ્યના ફળ આવા, એમ કહે છે. આ..હા...!

'**(એવા અનેક પ્રકારનાં) પુણ્યો વિદ્યમાન છે એમ સ્વીકારવામાં આવે છે,...**' છે ? '**તો તેઓ (–તે પુણ્યો) દેવો સુધીના...**' મનુષ્યને પુણ્ય ફળે એ તો ઠીક, તિર્યંચને પણ કોઈ ભોગભૂમિના (પુણ્ય ફળે) પણ દેવ સુધીના પુણ્ય (ફળે). સ્વર્ગના દેવ (બને) ! આ..હા..હા...! જેને હજારો વર્ષે તો અમૃતનો ઓડકાર આવે ! જેને પંદર-પંદર દી' એ શ્વાસ લેવાય ! ઉપરથી હેઠે એક શ્વાસ લેવામાં પંદર દી' જાય ! એવા સુખનાં સાધન ! એવા '**દેવો સુધીના સમસ્ત સંસારીઓને...**' દેવો સુધીના એટલે ? જુગલિયા તિર્યંચને પણ ભોગભૂમિમાં અનુકૂળતા હોય છે. કલ્પવૃક્ષ (છે તેથી) ઇચ્છે એ પ્રમાણે (થાય છે). અસંખ્ય અબજ વર્ષ ! પલ્યોપમ, બે પલ્યોપમ, ત્રણ પલ્યોપમ(નું આયુષ્ય હોય છે) ! અરે...! તિર્યંચને પણ કલ્પવૃક્ષ મળે ! આ..હા..હા...! એ તિર્યંચ, મનુષ્યથી માંડીને દેવો સુધીના (સમસ્ત સંસારી જીવો). દેવોને પણ પુણ્યના – શુભના ફળ ફળે. આ..હા..હા...!

પરની દયાનો ભાવ એ શુભરાગ છે અને શુભરાગનું ફળ પુણ્ય છે અને પુણ્યના ફળમાં જે સંયોગ મળે એમાં એની તૃષ્ણા ફાટશે, (એમ) કહે છે. આ..હા..હા...! આવો માર્ગ છે. '**દેવો સુધીના સમસ્ત સંસારીઓને વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' એ પૂર્વના પુણ્યને (લઈને) જે સામગ્રી મળે એમાં વિષયતૃષ્ણા ઉત્પન્ન કરે. અંતરમાં જવાનું તો કાંઈ છે નહિ એને બહારમાં જવાની તૃષ્ણા (છે). આનું આમ કરું ને આનું આમ કરું ને આનું આમ કરું...! આહા..હા...! પાંચ-પાંચ કરોડની ઊપજ હોય તોપણ વેપાર વધારું, નોકરો વધારું !આ..હા..હા...! એવી તૃષ્ણા ! 'જામનગર'ના શ્વેતામ્બર શેઠ છે એને સાડા ત્રણ કરોડની ઊપજ છે, પેદાશ ! એ પણ હજી વધારવા માંગે છે ! એ તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... મારી નાખે ! ગાંડી અને પાગલ દુનિયા એને સુખી કહે ! વર્ષની સાડા ત્રણ કરોડની પેદાશ, હોં ! મૂડી નહિ, મૂડી તો ઘણી ! વર્ષની સાડા ત્રણ કરોડની પેદાશ ! હોય ને પણ એમાં શું ? ધૂડમાં શું છે ? આ..હા..હા...!

કહે છે, એ (પુણ્યો) '**વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' શુભભાવ(થી) પુણ્ય બંધાણા, પુણ્યના ફળ આવ્યા એને જરૂર વિષયની તૃષ્ણા (ઉત્પન્ન કરે છે). પાંચ ઇન્દ્રિયના વિષયો તરફની તૃષ્ણા ઉત્પન્ન કરે છે. અનિન્દ્રિય એવો જે ભગવાનઆત્મા ! એનો તો એ અનાદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરશે. આહા..હા...! એક ગરીબ માણસ હશે અને આત્માનું જ્ઞાન થયું હશે, રોટલા પણ માંડ-માંડ મળતા હોય એવાઓની તો એને ગણતરી પણ નહિ અને આવા કરોડો, અબજો રૂપિયા પેદા (કર્યા હોય એની ગણતરી અને કિંમત) !

શ્રોતા :– લૌકિકમાં તો પુણ્યની બોલબાલા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બોલબાલા મૂઢતાની છે. વાત સાચી, પાગલના પુણ્ય-પાપના બોલબાલા છે. આહા..હા...! શરીર કંઈ ઠીક મળે, બાયડી ઠીક મળે, પૈસા ઠીક મળે, વેપારમાં મુનિમો એવા મળે, દુકાનો એવી ચાલે, દેશ-પરદેશ બધે ચાલે... આ..હા..હા...! બે-પાંચ-દસ કરોડની ઊપજ થાય (તો અહીંયાં) કહે છે, તૃષ્ણા ફાટી, બાપા ! આ..હા..હા...! રાગ વિનાનો પ્રભુ ! અસંગ તત્ત્વ પ્રભુ ! એવો જે ભગવાનઆત્મા ! એની હયાતીનો એણે અનાદર કર્યો અને આ પુણ્યની હયાતીનો તૃષ્ણા કરીને સ્વીકાર કર્યો. આ..હા..હા..! બહારનો દેખાવ એવો છે. બહારના ભપકા ! બહુ સરસ વાત લીધી છે ! આહા..હા...! સમાજ સમતોલ રહેશે કે નહિ ? (એની) મુનિને શું પડી છે ? 'નાગા બાદશાહથી આઘા' છે. ઠીક પડે તો માનો, ન પડે તો તમારે ઘરે રહો !

શુભભાવનું ફળ પુણ્ય છે અને પુણ્યનું ફળ સામગ્રી મળશે (અને) એને મેળવવા તમારી તૃષ્ણા ફાટશે. એમાં, આત્મા ચિદાનંદ પ્રભુ ! અનંત... અનંત.. અનાકૂળ આનંદનો સાગર અંદર ડોલે (છે) એનો તને અનાદર થશે. કેમકે શુભભાવ વખતે જ તેં અનાદર કર્યો છે. આ..હા..હા...! શુભભાવ વખતે જ તેં તેમાં હિત માન્યું અને ભગવાન પૂર્ણાનંદના નાથને હેય માન્યો. એ શુભભાવને ઉપાદેય માન્યો, આદરણીય માન્યો એ જ વખતે ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મા ! સચ્ચિદાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન ! અતીન્દ્રિય અનંત... અનંત... ગુણનો સાગર ! શુભભાવના આદરમાં, પ્રભુ ! તેં સ્વભાવનો અનાદર કર્યો. આ..હા..હા...! એવી નાની ભૂલ કરી નહોતી. એના ફળ તરીકે ભલે ચક્રવર્તીનું પદ મળે અને દેવ સુધી લીધું છે ને ? '**દેવો સુધીના**' એમ કહ્યું ને ? આહા..હા...!

એ વિષયતૃષ્ણા '**સમસ્ત સંસારીઓને...**' સમસ્ત સંસારીઓને ! (એમાં) દેવ સુધીના (બધા આવી ગયા). આહા..હા...! '**વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' (આવો) એકાંત ? અનેકાંત કરો ને ! શુભભાવના (ફળમાં) એને સારા દેવ, ગુરુ, શાસ્ત્ર મળશે તો એમાંથી ધર્મ પામે ! એવું આવે છે ને ? કે, શુભભાવ (એવા) હશે તો નિમિત્તો એવા (મળશે). એ તો કથન કર્યું છે. આહા..હા...! રાગના ફળ તરીકે નિમિત્તો મળે પણ એના ઉપર લક્ષ જતા રાગ જ થશે. પરાશ્રયભાવ થતા રાગ જ થશે. અને તેમાં પ્રભુ ! પરમાત્મા...! સવારમાં નહોતું આવ્યું ? પરમાત્મા, જ્ઞાનાત્મા... આ..હા..હા...! આત્મખ્યાતિ... આવ્યું હતું ને ? આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવો જે ભગવાનઆત્મા ! એને પડખે જવું છોડી એનો તો અનાદર કર્યો. આ..હા..હા...! ચાર બોલ આવ્યા હતા ને ? પ્રત્યક્ષ જ્યોતિ, આત્મખ્યાતિરૂપ અનુભૂતિ એ સમયસાર (છે). આ..હા..હા...!

(સ્વ) દ્રવ્યનો જે શુભ વિકલ્પ–રાગ છે, બીજા તરફનો નહિ (પણ) હું આવો છું અને તેવો છું એવો જે રાગ... આ..હા..હા...! એ પણ એના આત્મામાં અંતર જવાને વિઘ્ન કરે છે. એ રાગ દયા અને દાનનો નથી. એ છે શુભઉપયોગ પણ આ બહારનો પૂજા, ભક્તિનો (રાગ) નથી. ફક્ત અંદર પરમાત્મસ્વરૂપ છું – એવો જે વિકલ્પ ઊઠ્યો... આ..હા..હા...! તેથી એને આત્માનો લાભ નથી. આ..હા..હા...! અહીં સુધી આવ્યો છતાં એને કેવો વિકલ્પરહિત છે એનો સ્પર્શ થયો નહિ – એનું એને વેદન ન આવ્યું. આ..હા..હા...! એ સ્વ તરફના વિકલ્પવાળાને પણ દુઃખ છે, એમ કહે છે. પરની દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામની તો શું વાતું કરવી ! આ..હા..હા...! આકરું પડે જગતને ! બહારમાં માનીને બેઠા ! આ..હા...! બહારની પ્રવૃત્તિ કરતાં કંઈક પૈસા ફળે, એમાં કાંઈક પાંચ-પચીસ હજાર આપે, લાખ-બે લાખ આપે, લ્યો ને, એટલે એમ થઈ જાય કે આપણે કંઈક (આગળ વધ્યા) ! લોકો પણ વખાણ કરે – આહા...! પૈસાનો સદુપયોગ કર્યો, ભાઈ ! જડનો સદુપયોગ કર્યો !

શ્રોતા :– પૈસા કમાતા પણ આવડ્યું અને વાપરતા પણ આવડ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી :– રળતા પણ આવડ્યું અને વાપરતા પણ આવડ્યું. કહેનારા આવા મૂર્ખાઓ મળે એમાં એ રાજી થાય ! આ..હા..હા...!

અહીં તો ત્રણલોકનો નાથ ! વીતરાગ પ્રભુ એમ કહે છે, પ્રભુ ! તું વીતરાગની જાતની–નાતનો છો, નાથ ! તારી જાત જ વીતરાગની છે. આ..હા..હા...! એમાં રાગની જાત ભલે શુભની ઉત્પન્ન થાય (પણ) એ કજાત છે. એમાં બંધન થશે, એના સંયોગો મળશે, ત્યાં તારી તેના તરફની તૃષ્ણા ફાટી નીકળશે. આ..હા..હા...! એ તૃષ્ણાને તું છોડી નહીં શકે. આહા..હા...! '**વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે...**' આ..હા..હા...!

પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ એનો ઝુકાવ – રૂપમાં, શ્રવણમાં, ગંધમાં, રસમાં, સ્પર્શ ઇન્દ્રિયના સ્પર્શમાં.. આ..હા..હા...! એક-એક ઇન્દ્રિયથી જે જાણે છે એ આખો આત્મા પોતે જાણનારો જુદો છે. પરાશ્રયથી જાણે છે એટલો એ (આત્મા) નથી. આ..હા...! એ પરાશ્રયથી જાણનારો છે પણ એટલો એ નથી. આ..હા..હા...! એ શુભરાગને પણ જાણે કે, શુભરાગ છે, આ પુણ્ય છે, એનાથી બંધન થશે. પણ એ ચૈતન્યસ્વરૂપનો નથી. આહા..હા...! આ તો શાંત... શાંત... ધીરજથી અને શુભઉપયોગને ઓળંગી જઈને ભગવાનના ભેટા કરે એને જન્મ-મરણ મટે. આહા..હા...! બાકી શુભભાવમાં પણ આવે અને ત્યાં રોકાય... આહા..હા...! એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તૃષ્ણા વધી જશે, કહે છે. તૃષ્ણા ફાટશે ! આ..હા...! '**(એમ પણ સ્વીકારવું પડે છે).**

'**ખરેખર તૃષ્ણા વિના...**' (અર્થાત્) જો તૃષ્ણા ન હોય તો '**જેમ જળોને દૂષિત લોહીમાં તેમ,...**' (જેમ) જળો દૂષિત લોહી પીવે છે તેમ '**સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' આ..હા..હા...! જળો જેમ દૂષિત લોહી પીવા જાય છે એ તૃષ્ણા છે. એમ સંસારીને જો તૃષ્ણા ન હોય તો '**વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' '**તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ, સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' એની પ્રવૃત્તિ ત્યાં જોવામાં (આવે છે). આમ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને મુનિમો વધાર્યા... આ..હા..હા...! દસ-દસ લાખ રૂપિયા વેપારીને (આપી) આપણે માણસ રાખ્યો, એવી પચાસ દુકાનો કરી, બધાને દસ-દસ લાખ આપ્યા છે, દોઢ ટકાનું વ્યાજ લેશું, મહિને સંભાળશું અને પેદાશ કરે એનો અડધો ભાગ દેશું. આહા..હા...! દેશમાં-પરદેશમાં એવી પચાસ-સો દુકાનો કરે ! શું છે આ ? પાગલ છે, કહે છે. આહા..હા...!

'**તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં...**' પ્રવૃત્તિ ન હોય તેમ સંસારીને તૃષ્ણા વિના '**વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે.**' એમ કહે છે. આમ બહારમાં પ્રવૃત્તિ જુઓ ને ! આ..હા..હા...! સ્વ-વિષય ભગવાન છે એને ન જોતા, એ શુભભાવના ફળમાં પર વિષયોમાં પ્રવૃત્તિ જોશે. આ..હા...! અબજોપતિ ! આહા..હા...! પૈસા ઘણાં, ફાટી ગયેલા પ્યાલા ! અજ્ઞાનની તૃષ્ણાના ફાટેલા પ્યાલા ! તૃષ્ણાના દારૂ પીધા છે એણે ! આ..હા..હા...! એ દારૂના પીધેલાં ગાંડા છે, એમ ગાંડા છે, કહે છે. આવું હશે ? સંસારના તો ડાહ્યા કહેવાય ! આ..હા...! રખડવાની તૃષ્ણાના ડાહ્યા ! આહા..હા...!

તૃષ્ણા–પુણ્યને સમેટીને અને ચૈતન્ય ભગવાનના ઘરમાં જાવું. બહારમાં ભલે ગરીબાઈ હોય, સમજણ વિશેષ ન હોય, સમજાવતા આવડતું ન હોય પણ સમજનારને અંદરથી સમજ્યો... આ..હા..હા...! ન્યાલ થઈ ગયો ! એ અલ્પકાળમાં કેવળજ્ઞાન લક્ષ્મીને પામશે. આ શુભભાવની તૃષ્ણામાં તૃષ્ણાથી ઘેરાઈ જશે. આ..હા..હા...!

'**પરંતુ તે તો જોવામાં આવે છે.**' અહીં તો એમ કહે છે. પુણ્યના ફળવાળાને સામગ્રીની તૃષ્ણા જોવામાં આવે છે. મકાન બનાવો પચાસ લાખનું ! આ..હા..હા...! કપડા આવા બનાવો, પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખના ! બૈરાઓને ઊંચા કપડા આપો ! આહા..હા...! દાગીના આપો, દીકરીઓને દહેજ આપો ! દહેજમાં બે-પાંચ-દસ લાખ આપો ! આહા..હા...! આવી તૃષ્ણા અજ્ઞાનીઓને શુભભાવના ફળમાં જોવામાં આવે છે. આ..હા..હા...!

'**માટે પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો...**' આ..હા..હા...! એ પુણ્યમાં તૃષ્ણાનું ઘર વિઘ્ન વિના રહો. આહા..હા...! શું કહે છે ? ભગવાનનું ઘર દુઃખના વિઘ્ન વિનાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય, અતીન્દ્રિય આનંદ (હોય). આહા..હા...! પ્રભુનું ઘર, નિજસત્તાના ઘરમાં જાય ત્યાં તો દુઃખના ભાવરહિત આનંદ હોય. **'પુણ્યોનું તૃષ્ણાયતન...'** તૃષ્ણાનું આયતન એટલે ઘર. આ..હા..હા...! **'અબાધિત જ હો.'** તૃષ્ણાનું ઘર વિઘ્ન ન થાઓ, તૃષ્ણાઓ રહો ! ભારે...! આ શુભભાવના ફળનું વર્ણન ! લાખ-બે લાખ પેદા કર્યા ને લાખ આમ કર્યા ને આમ ખર્ચ્યા !

આ જુઓ ને ! 'મુંબઈ'માં પંદર દી' (જેમના ઘરે) રહ્યા એમાં એક લાખ સાઠ હજાર ખર્ચ્યા ! એના ઘરમાં રહ્યા એના – એક લાખ સાઠ હજાર !

શ્રોતા :– એટલો ધર્મ કર્યો ને ?

સમાધાન :– એ જ કહું છું, એથી શું થયું, બાપા ? ભાઈ ! (જન્મજયંતીમાં) લોકોનો ઉત્સાહ બહુ પણ વાત આ – શુભભાવ ઉપર વલણ ! આહા..હા...! ખાર જમીનમાં જેમ પાણી દેખાય એ પાણી નથી, બાપુ ! આહા..હા...! એ બહારના બધા ભપકાઓ તૃષ્ણાના ઘર છે, ભાઈ ! આહા..હા...! છે ?

**'પુણ્યોનું તૃષ્ણાયતનપણું...'** ભાષા તો જુઓ આચાર્યની ! શુભભાવ, એનું ફળ પુણ્ય, એનું ફળ સામગ્રી. એવા પુણ્યોનું તૃષ્ણાયતનપણું – તૃષ્ણાનું આયતન – તૃષ્ણાનું ઘર. પુણ્ય છે એ તૃષ્ણાનું ઘર (છે). આ..હા..હા...! ગજબ વાત છે ! સમાજમાં (આવી વાત) મૂકતા લોકોને (શું લાગશે ? એવી) સંતોને શું પડી છે ! વીતરાગી મુનિ છે. એ તો સત્ય છે (તેનો) આમ ઢંઢેરો પીટે છે ! આ..હા..હા...! ભાઈ ! તું બહારમાં ડહોળાઈ ગયો છે. એ પુણ્યના ભાવમાં ડહોળાઈ ગયો છે, ડહોળાઈ ગયો, પ્રભુ ! આહા..હા...! એ તૃષ્ણાનું આયતન–ઘર અબાધિત થયું. જોયું ? એ તૃષ્ણાનું ઘર (અબાધિત થયું એટલે) તને વિઘ્ન ન થયું એ રીતે તૃષ્ણા ફાટી છે, એમ કહે છે. આ..હા..હા...! શુભભાવના ફળમાં પુણ્ય બંધાણું અને એની સામગ્રીમાં તને તૃષ્ણા થઈ, એ તૃષ્ણાનું જે આયતન–ઘર તારે અબાધિત રહ્યું. એમાં વિઘ્ન ન આવ્યું (અર્થાત્) જરીયે સંતોષ ન આવ્યો. આ..હા..હા...!

કહો, આ 'નાઈરોબી'માં વીસ લાખ ખર્ચે છે ! સજ્ઝાય તો પચીસ-ત્રીસ વર્ષથી ત્યાં ચાલે છે. આહા..હા...! (એક મુમુક્ષુએ) ત્રણ લાખ આપ્યા, પણ બાપુ ! એ તો જરી રાગની મંદતા – શુભ(ભાવ) છે. અરે..રે...!

નાથ ! વીતરાગમૂર્તિ પ્રભુ ! 'ઘટ ઘટ અંતર જિન વસે' એ જિનની પાછળ, જિનની સાથમાં શુભરાગ... આ..હા..હા...! ઝેરના ઘર ! એના ફળમાં તૃષ્ણાના સ્થાન અબાધિત રહેશે. આ..હા..હા...! તૃષ્ણા જરીયે નહિ ઘટે, એમ કહે છે. છે ને ? **'પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો. (અર્થાત્) પુણ્યો તૃષ્ણાનાં ઘર-રહેઠાણ-છે તેમ અવિરોધપણે સિદ્ધ થાય છે).'** આ..હા..હા...! ગજબ વાત છે ! પુણ્યના પ્રેમીઓને તો એક વાર પરસેવા ઉતારી નાખે એવું છે ! આકરું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાગે ! આ..હા...! અબજોપતિ, કરોડપતિ – ધૂડપતિ ! એ કરોડ તો રૂપિયા છે, કરોડ-પતિ તો જડનો પતિ થયો ? એ જડનો ધણી ! લખપતિ, કરોડપતિ અને અબજપતિ ! પત્નીનો પતિ, આ પૈસાનો પતિ ! પેલો નરપતિ – રાજા નરપતિ ! આવું ક્યાંથી આવ્યું બધું ? પતિ.. પતિ... પતિ...! એ તૃષ્ણાના ઘરમાંથી બધું ઊભું થયું. આ..હા..હા...!

ત્રણલોકનો નાથ ! સચ્ચિદાનંદ પ્રભુ ! ત્રિકાળ નિરાવરણ ! ત્રિકાળ અખંડ એક ! જેમાં પર્યાયનો ભેદ પણ નહિ, એવી ચીજના આદર વિના આવા શુભના આદરમાં પ્રભુ તૃષ્ણાનું ઘર વિઘ્ન વિના રહેશે. આહા..હા...! એ તૃષ્ણાનું ઘર અવિરોધપણે સિદ્ધ થશે. તૃષ્ણામાં વિરોધ આવશે જ નહિ. તૃષ્ણા જ ફાટશે એકલી, કહે છે ! આ..હા..હા...! શું શૈલી ! દિગંબર સંતોની શૈલી ! આ..હા...!

**ભાવાર્થ :–** '**૭૩મી ગાથામાં કહ્યું તેમ અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે,...**' પુણ્ય છે. જેમ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ છે તેમ પુણ્ય પણ છે, વસ્તુ નથી એમ નહિ. આહા..હા...! જેમ ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવી તત્ત્વ અસ્તિ છે, પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેમ છે એમ પુણ્ય પણ છે. આહા..હા...! '**અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે,...**' હયાતી ધરાવે છે. આ..હા..હા...! '**તો ભલે હો. તેઓ સુખનાં સાધન નથી...**' આ..હા..હા...! શુભભાવના ફળ તરીકે પુણ્યબંધ અને પુણ્યબંધ તરીકે સામગ્રી (મળે) એ સુખનાં સાધન નથી '**પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ સાધન છે.**' આ..હા..હા...! પૈસાવાળા (પૈસા) વાપરતા હોય તો જાણે કે અમે ધર્મી થઈ ગયા ! બે-પાંચ કરોડ વાપરતા હોય તો અપાસરામાં, દેરાસરમાં તખ્તી લગાવી દે ! ફલાણા ભાઈએ, ફલાણા ભાઈ વતી... કેટલા તો એમાં નામ નાખે ! આટલા પૈસા આપ્યા. ત્રણ-ચાર-પાંચ-છ નામ નાખે ! આ..હા..હા...! અરે..રે...! કહે છે, તૃષ્ણા ફાટી ! તૃષ્ણાને વિઘ્ન ન આવ્યું ! આહા..હા...!

જેમ ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદની દૃષ્ટિમાં નિજઘર ફાટે ત્યાં એને વિઘ્ન ન આવે, કહે છે. એને હવે વિઘ્ન ન મળે. આહા..હા...! એમ એનાથી વિરુદ્ધ પુણ્યભાવના ફળ તરીકે સામગ્રી મળી, એને તૃષ્ણાનું ઘર થયું, એને વિઘ્ન નહિ આવે. તૃષ્ણાને વિઘન નહિ આવે (અર્થાત્) તૃષ્ણા રોકાશે નહિ હવે. આ..હા..હા...! આવું છે. ૭૫ (ગાથા) :–

'**હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે...**' એનો વિજય છે, પુણ્યના ફળમાં દુઃખનો વિજય છે. આ..હા..હા...! '**પુણ્યમાં દુઃખના બીજનો...**' (વિજય છે). શુભભાવ, એનાથી પુણ્ય બંધાય એ દુઃખના બીજનો વિજય છે. દુઃખના બીજની જાહેરાત છે, એનો વિજય છે, ત્યાં દુઃખનો વિજય છે, આનંદની હાર છે. પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એમાં પુણ્યના પરિણામવાળાનો વિજય છે, એને સ્વરૂપની હાર છે. આહા..હા...! આકરું કામ છે ! સમજાણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ ?

પુણ્યના જેટલા શુભભાવ (છે) એમાં દુઃખના બીજનો વિજય છે. એ દુઃખના બીજડા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ – શુભભાવ(માં) દુઃખના બીજનો વિજય છે. આ..હા..હા...! ગજબ વાત છે ! એ દુઃખના બીજ છે. એ બીજ ફાટશે તો દુઃખ ફાટશે. એમાં કંઈ આત્માની સુખ, શાંતિ જરીયે નથી. આહા..હા...! શુભઉપયોગ, શુભરાગ... આ..હા..હા...! દયા, દાન, વ્રત ને તપ ને અપવાસ ને સમકિત વિનાના સંથારા ક્લેશ (છે). શુભભાવમાં દુઃખના બીજનો વિજય છે. વિજય એનો છે, ત્યાં પ્રભુનો વિજય નથી. આહા..હા...!

આત્મા આનંદમૂર્તિ પ્રભુ ! પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન છે, એનો ત્યાં વિજય નથી. અને પુણ્યના પરિણામમાં દુઃખના બીજનો વિજય થાય છે. એની ધજા ફરકે છે, કહે છે. આ..હા..હા...! અરે..રે...! વાત સાંભળવી કઠણ પડે ! છે કે નહિ એમાં ? જુઓ ને ! '**પુણ્યમાં દુઃખના બીજનો વિજય**' સંસ્કૃત છે, જુઓ ! '**पुण्यस्य दुःखबीजविजयमाघोषयति-**' માથે (મથાળામાં) 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું સંસ્કૃત છે. આ..હા..હા...! શું પણ શૈલી ! શુભભાવને હેય બતાવવા (આમ કહે છે). પ્રભુ એ શુભભાવથી ભિન્ન છે. એ દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામથી ભગવાન તો અંદર જુદો છે. એની જાહેરાત ન થતાં શુભભાવમાં દુઃખના બીજનો વિજય થશે. દુઃખના બીજમાંથી તો દુઃખ ફાટશે. આ..હા..હા...! અને સમ્યગ્દર્શનમાં ત્રિકાળી સ્વરૂપના આદરમાં એ આનંદનું બીજ છે. આ..હા..હા...! એમાંથી આનંદ ફાટશે અને કેવળજ્ઞાન થશે, આને દુઃખ ફાટશે. અરે...! આટલી વાતું ! છતાં એને ગળેથી (ઉતારવું કઠણ પડે) !

શુભભાવ, શુભભાવ ધર્મ ! 'ગિરનાર'ની જાત્રા કરી, 'પાલીતાણા'ની જાત્રા કરી (એટલે) થઈ ગયો ધર્મ ! ધૂડમાં પણ ધર્મ નથી. આ..હા..હા...! 'સમેદશીખર'ની જાત્રા, લ્યો ! 'એક વાર વંદે જો કોઈ, નરક-પશુ નહિ હોય' લ્યો ! (આવું સાંભળે ત્યાં) રાજી-રાજી થઈ જાય ! અહીં કહે છે, 'સમેદશીખર'ને લાખવાર વંદન કર, એમાં જે શુભભાવ થાય, એનું જે પુણ્ય બંધાય, એ પુણ્યના ફળ આવે, એ દુઃખનો વિજય જાહેર કરે છે. એ દુઃખી છે, તેમ વિજય જાહેર કરે છે. આ..હા..હા...!

આ કરોડોપતિ અને અબજોપતિ દુઃખનો વિજય જાહેર કરે છે. એ દુઃખનો વિજય જાહેર કરે છે, આહા..હા...! બહારથી મોટા માનપત્ર આપે એમાં રાજી થઈ જાય ! એ બધા શુભરાગ,... આ..હા..હા...! એ શુભરાગ દુઃખના બીજનો વિજય છે, ભગવાનની એમાં હાર છે. આ..હા..હા...! પ્રભુ-આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ! જિનસ્વરૂપી આત્મા ! એની એમાં હાર છે અને પુણ્યના ફળમાં દુઃખનો વિજય છે, દુઃખનો વિજય છે ! આ..હા..હા...! અરે..રે...! આવું સાંભળવું કઠણ ! જ્યાં હોય ત્યાં (એમ) સાંભળવા મળે, આ કરો... આ કરો... દયા પાળો, 'સમેદશીખર'ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुण्यस्य दुःखबीजविजयमाघोषयति -

**ते पुण उदिण्णतण्हा दुहिदा तण्हाहिं विसयसोक्खाणि।**
**इच्छंति अणुभवंति य आमरणं दुक्खसंतत्ता ।।७५।।**

**ते पुनरुदीर्णतृष्णाः दुःखितास्तृष्णाभिर्विषयसौख्यानि।**
**इच्छन्त्यनुभवन्ति च आमरणं दुःखसंतप्ताः ।।७५।।**

अथ ते पुनस्त्रिदशावसानाः कृत्स्नसंसारिणः समुदीर्णतृष्णाः पुण्यनिर्वर्तिताभिरपि तृष्णाभिर्दुःखबीजतयाऽत्यन्तदुःखिताः सन्तो मृगतृष्णाभ्य इवाम्भांसि विषयेभ्यः सौख्यान्यभिलषन्ति। तद्दुःखसंतापवेगमसहमाना अनुभवन्ति च विषयान्, जलायुका इव, तावद्यावत् क्षयं यान्ति। यथा हि जलायुकास्तृष्णाबीजेन विजयमानेन दुःखाङ्कुरेण क्रमतः समाक्रम्यमाणा दुष्टकीलालमभिलषन्त्यस्तदेवानुभवन्त्यश्चाप्रलयात् क्लिश्यन्ते, एवममी अपि पुण्यशालिनः पापशालिन इव तृष्णाबीजेन विजयमानेन दुःखाङ्कुरेण क्रमतः समाक्रम्यमाणा विषयानभिलषन्त-स्तानेवानुभवन्तश्चाप्रलयात् क्लिश्यन्ते। अतः पुण्यानि सुखाभासस्य दुःखस्यैव साधनानि स्युः ।।७५।।

---

જાત્રા કરો, ગંગાની (જાત્રા) કરો ! કહે છે કે, એમાં થતો જે શુભભાવ, એમાં જે પુણ્ય બંધાશે, એના ફળ તરીકે દુઃખના બીજનો (વિજય) જાહેર થશે. આ..હા..હા...! સંતોને ક્યાં પડી છે જગતની કે જગતને આ બેસશે કિ નહિ ? આ..હા..હા...! સમાજના ભાગલા પડશે કે નહિ ? અરે... પ્રભુ !

આ..હા..હા...! '**પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે (અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે...)**' શું કીધું ? તૃષ્ણાનું બીજ '**દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે...**' દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે, એ દુઃખરૂપે ત્યાં '**ફલે છે...**' શુભભાવના ફળ તરીકે દુઃખવૃક્ષનું ફળ ફાલે છે. અને આનંદ ભગવાન ચિદાનંદ પ્રભુ ! એનો અનુભવ અને દૃષ્ટિ થતાં... આ..હા..હા...! ચૈતન્યના વિજયની જાહેરાત થાય છે, એને આનંદની જાહેરાત થાય છે. આ..હા..હા...! સમકિત પામતા, ધર્મ પામતા, ધર્મની પહેલી સીડી ! આનંદનો નાથ પ્રભુ ! સચ્ચિદાનંદ આત્મા ! એની જ્યાં દૃષ્ટિમાં પ્રસિદ્ધિ – આત્મખ્યાતિ કરી, કહે છે કે, એને આનંદનો વિજય થયો. એને હવે આનંદનો વિજય ફરક્યો. આ..હા..હા...! અને પુણ્યના ફળ તરીકે દુઃખનો વિજય ફરક્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुण्यानि दुःखकारणानीति पूर्वोक्तमेवार्थं विशेषेण समर्थयति - ते **पुण उदिण्णतण्हा** सहजशुद्धात्मतृप्तेरभावात्ते निखिलसंसारिजीवाः पुनरुदीर्णतृष्णाः सन्तः **दुहिदा तण्हाहिं** स्वसंवित्तिसमुत्पन्नपारमार्थिकसुखाभावात्पूर्वोक्ततृष्णाभिर्दुःखिताः सन्तः। किं कुर्वन्ति। **विसयसोक्खाणि इच्छंति** निर्विषयपरमात्मसुखाद्विलक्षणानि विषयसुखानि इच्छन्ति। न केवलमिच्छन्ति, **अणुभवंति य** अनुभवन्ति च। किंपर्यन्तम्। **आमरणं** मरणपर्यन्तम्। कथंभूताः। **दुक्खसंतत्ता** दुःखसंतप्ता इति। अयमत्रार्थः- यथा तृष्णाद्रेकेण प्रेरिताः जलौकसः कीलालमभिलषन्त्यस्तदेवानुभवन्त्यश्चामरणं दुःखिता भवन्ति, तथा निजशुद्धात्मसंवित्तिपराङ्मुखा जीवा अपि मृगतृष्णाभ्योऽम्भांसीव विषयानभिलषन्तस्तथैवानुभवन्तश्चामरणं दुःखिता भवन्ति। तत एतदायातं तृष्णातङ्कोत्पादकत्वेन पुण्यानि वस्तुतो दुःखकारणानि इति ।।७५।।

---

હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે (અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે – ફાલે છે એમ જાહેર કરે છે) :–

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઇચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

**અન્વયાર્થ :–** **[पुनः]** વળી, **[उदीर्णतृष्णाः ते]** જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો **[तृष्णाभिः दुःखिताः]** તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા, **[आमरणं]** મરણપર્યંત **[विषयसौख्यानि इच्छन्ति]** વિષયસુખોને ઇચ્છે છે **[च]** અને **[दुःखसंतप्ताः]** દુઃખથી સંતપ્ત થયા થકા (– દુઃખદાહને નહિ સહી શકતા થકા) **[अनुभवन्ति]** તેમને ભોગવે છે.

---

આહા..હા...! દિગંબર મુનિઓ આમ કહે ! જગતની એને કાંઈ પડી નથી, સત્ય આ છે. આહા..હા...! '**(પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે–ફાલે છે) એમ જાહેર કરે છે :–**' ૭૫ (ગાથા).

**ते पुण उदिण्णतण्हा दुहिदा तण्हाहिं विसयसोक्खाणि।**
**इच्छंति अणुभवंति य आमरणं दुक्खसंतत्ता।।७५।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** વળી, જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે દેવપર્યંત સમસ્ત સંસારીઓ, તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે પુણ્યજનિત તૃષ્ણાઓ વડે પણ અત્યંત દુઃખી વર્તતા થકા, મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખોને ઇચ્છે છે અને તે દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી વિષયોને ભોગવે છે. ક્યાં સુધી ? વિનાશ (–મરણ) પામે ત્યાં સુધી. કોની જેમ ? જળોની જેમ. જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી, ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે, તેમ આ પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતા હોવાથી, વિષયોને ઇચ્છતા અને તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (–મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.

આથી પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ સાધન છે.

**ભાવાર્થ :–** જેમને સમસ્તવિકલ્પજાળ રહિત પરમસમાધિથી ઉત્પન્ન સુખામૃતરૂપ, સર્વ આત્મપ્રદેશે પરમ-આહ્‌લાદભૂત સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી એવા સમસ્ત સંસારી જીવોને નિરંતર વિષયતૃષ્ણા વ્યક્ત કે અવ્યક્તપણે વર્તે જ છે. તે તૃષ્ણારૂપી બીજ ક્રમશઃ અંકુરરૂપ થઈ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં, એ રીતે દુઃખદાહનો વેગ અસહ્ય થતાં, તે જીવો વિષયોમાં પ્રવૃત્ત થાય છે. માટે જેમને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે એવા દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.

આ રીતે દુઃખભાવ જ પુણ્યોને–પુણ્યજનિત સામગ્રીને – અવલંબતો હોવાથી, પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ આલંબન–સાધન છે. ૭૫.

---

નીચે હરિગીત :–

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઇચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

આ..હા..હા...! ગાથાઓ બહુ સરસ છે ! આ..હા...! પર તરફની, પુણ્ય તરફની હોંશું ઉડાડી દે એવું છે ! શુભભાવની હરખાઈ, શુભભાવ કરીને હરખમાં ચડી ગયા હોય... આ..હા..હા...! (તેને કહે છે) એ શુભભાવ ઝેરના પ્યાલા છે ! આ..હા..હા...! ત્યાં તો દુઃખની જાહેરાત છે. એ પોતે દુઃખ છે અને એના ફળ તરીકે તૃષ્ણા ફાટશે તો દુઃખની તૃષ્ણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ફાટશે. આહા..હા...!

**ટીકા :– 'વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...'** (અર્થાત્) જેને તૃષ્ણા છે. ભગવાનઆત્મા ! આનંદનો નાથ પ્રભુ ! કલ્યાણ અને સંતોષની મૂર્તિ પ્રભુ ! એનાથી વિરુદ્ધ એવો શુભભાવ એના ફળ તરીકે જેમને તૃષ્ણા ઉદિત છે. આહા..હા...! **'એવા તે દેવપર્યંત સમસ્ત સંસારીઓ,...'** કહે છે કે, તિર્યંચને પણ ભોગભૂમિમાં બહારની સુખની – કલ્પવૃક્ષની સંપદા દેખાય, મનુષ્યને હોય છે, નારકીઓને તો છે નહિ. દેવપર્યંત (એટલે) તિર્યંચ, મનુષ્ય અને દેવ પર્યંતના પુણ્યના ફળ (હોય છે).

**'સમસ્ત સંસારીઓ, તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે...'** એ પુણ્યના ફળની જે તૃષ્ણા છે, એ દુઃખના બીજ હોવાને લીધે **'પુણ્યજનિત તૃષ્ણાઓ વડે પણ...'** પુણ્યજનિત (એટલે) પુણ્યથી ઉત્પન્ન થયેલી તૃષ્ણા. આહા..હા...! આમ મકાન બનાવું ને આમ હું બનાવું ને આમ વેપાર-ધંધો વધારું ને વેપાર-ધંધો પાંચ લાખની પેદાશનો છે (તો) પચાસ લાખનો કરું... આ..હા..હા...! ફાટી નીકળેલા પ્યાલા છે, કહે છે ! દુઃખના (પ્યાલા છે) !

**'પુણ્યજનિત તૃષ્ણાઓ વડે પણ અત્યંત દુઃખી વર્તતા થકા,...'** આ..હા..હા...! ભારે ગાથાઓ, ભાઈ ! આ 'જ્ઞાન અધિકાર' છે ને ? જ્ઞાન કરાવે છે. આહા..હા...! એ શુભભાવના ફળ તરીકે તૃષ્ણા ફાટવાથી દુઃખની જાહેરાત (થઈ). આહા..હા...! **'અત્યંત દુઃખી વર્તતા થકા, મૃગતૃષ્ણામાંથી જળની માફક...'** આહા..હા...! (મૃગતૃષ્ણા એટલે) 'જેમ ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઇંદ્રિયવિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.' આ..હા..હા...! ઝાંઝવાના જળ કહેવાય છે એ જળ નથી. ખારેલી જમીનમાં સૂર્યના કિરણો (પડવાથી) અંદર (પાણી જેવું) દેખાય. એમ ઇન્દ્રિયના વિષયોમાં સુખ નથી, દુઃખ જ છે. આ..હા..હા...! ભારે કામ ! છે ?

**'મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખોને ઇચ્છે છે...'** વિષયમાં સુખ છે, એમ માને છે. આહા..હા...! એ વિષય (એટલે) સ્પર્શનો વિષય, આંખનો વિષય, નાકનો, રસનો, એ બધા વિષયોના... આ..હા..હા...! **'સુખોને ઇચ્છે છે...'** એમાંથી જાણે સુખ (મળે છે) – મજા પડે છે. આહા..હા...! **'અને તે દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...'** વિષયની તૃષ્ણા આવી તે દુઃખસંતાપના વેગને (નહિ સહી શકવાથી). દુઃખસંતાપ = દુઃખદાહ; દુઃખની બળતરા–પીડા. એ વિષયતૃષ્ણા દુઃખની બળતરા (છે). અર..ર..ર...! આહા..હા...! એ દુઃખની પીડાની બળતરાને ભોગવે છે. **'દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી વિષયોને ભોગવે છે.'** આ..હા...! હવે ક્યાં સુધી ભોગવે છે, એ વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૭૫,૭૬
પ્રવચન નં. – ૬૯
તા. ૧૦-૦૫-૭૯

'પ્રવચનસાર' ૭૫ (ગાથા). (મથાળું) '**હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય...**' આહા..હા...! શુભભાવથી જે પુણ્ય બંધાય એમાં દુઃખના બીજનો વિજય છે. આ..હા..હા...!

**ટીકા :–** '**વળી, જેમને તૃષ્ણા ઉદિત છે...**' આત્માના અંતર સ્વભાવની ભાવના વિના પર તરફની તૃષ્ણા જેને ઉદિત છે '**એવા તે દેવપર્યંત સમસ્ત સંસારીઓ,...**' ભોગભૂમિના તિર્યંચ, ભોગભૂમિના મનુષ્ય કે કર્મભૂમિના (મનુષ્ય) કે દેવો (તે) '**સમસ્ત સંસારીઓ, તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે...**' એ તૃષ્ણા જે છે... આહા..હા...! એ તૃષ્ણા દુઃખનું બીજ છે. તૃષ્ણા પોતે દુઃખ છે અને એમાંથી દુઃખનું બીજ, વિશેષ દુઃખ ફાટે છે. આહા..હા...! પહેલાં આવી ગયું છે ને ? ('સમયસાર' ચોથી ગાથા) મોહ ! મોહ મોટો ! એમાંથી તૃષ્ણા ફાટી. આહા..હા....!

પર તરફના રાગના પ્રેમમાં તૃષ્ણા ફાટી. આ..હા..હા...! એણે ઇન્દ્રિયના વિષયોનો ઘેરો ઘાલ્યો. આહા..હા...! અનિન્દ્રિય ભગવાનઆત્મા ! તેના તરફનો અનાદર કરી અને ઇન્દ્રિયના વિષયો(માં) ઘેરો ઘાલ્યો. એક પછી એક, એક પછી એક... એણે પાંચે ઇન્દ્રિયના વિષયોમાં સુખ છે (એવી માન્યતા કરી) એ તૃષ્ણાના બીજનું દુઃખ છે. આ..હા..હા...!

'**પુણ્યજનિત તૃષ્ણાઓ વડે...**' એ તૃષ્ણા પુણ્યજનિત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નાખ્યું છે ને ? તૃષ્ણાના ચાર બોલ નાખ્યા છે. એક પાપને ટાળવાની ઇચ્છા, એક પુણ્યને ભોગવવાની ઇચ્છા વગેરે. આહા..હા...! '**પુણ્યજનિત તૃષ્ણાઓ વડે...**' એ શુભભાવથી બંધાયેલું પુણ્ય અને એનાથી મળી સામગ્રી... આ..હા..હા...! એમાં તૃષ્ણા વડે '**અત્યંત દુઃખી વર્તતા થકા,...**' અનિન્દ્રિય ભગવાનઆત્મા ! સુખનો સાગર છે. તેના તરફનો અનાદર કરીને પુણ્યના ફળવાળા... આ..હા..હા...! '**પુણ્યજનિત તૃષ્ણાઓ વડે અત્યંત દુઃખી વર્તતા થકા...**' આ કરોડોપતિ હોય, અબજોપતિ હોય, લ્યો ! પાંચ-પાંચ, દસ-દસ કરોડની પેદાશ હોય ! કહે છે, એ બધા પુણ્યજનિત તૃષ્ણા વડે દુઃખી (છે). આ..હા..હા...!

'**મૃગતૃષ્ણામાંથી જળની માફક...**' ઝાંઝવામાં જાણે પાણી હોય એમ '**વિષયોમાંથી સુખોને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ઇચ્છે છે...**' મૃગતૃષ્ણા (એટલે) ઝાંઝવામાં જેમ પાણી નથી... ખારેલી જમીનમાં સૂરજના કિરણો પડતા જાણે પાણી હોય એવું લાગે એની પેઠે '**વિષયોમાંથી સુખોને ઇચ્છે છે...**' આ..હા..હા...! મૃગજળની પેઠે ! સમ્યક્દૃષ્ટિ(ને) પણ, જેટલા પુણ્ય છે અને એની તરફનું વલણ છે એટલી એને રાગની ધારા – દુઃખધારા છે. આહા..હા...! એકલા જે અજ્ઞાની છે – આત્માની તરફ બિલકુલ (વલણ નથી), શુદ્ધ ચૈતન્યની અસ્તિપણાની સત્તાનો – સ્વભાવનો જ્યાં વિશ્વાસ જ નથી, એ પુણ્યના ફળમાં બહારના સુખોને ઇચ્છે છે.

'**તે દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...**' આ..હા..હા...! એ વિષયોની જે ઇચ્છા (છે) એ દુઃખનો સંતાપ (છે). (અર્થાત્) દુઃખદાહ, દુઃખની બળતરા અને પીડા (છે). આ..હા..હા...! '**દુઃખસંતાપના વેગને...**' અંદરમાં દુઃખના સંતાપનો વેગ હોવાથી. અતીન્દ્રિય આનંદ તરફનો અનાદર થઈને... આહા..હા...! ઇન્દ્રિયોના વિષયોના દુઃખના સંતાપનો વેગ નહિ સહી શકવાથી. '**દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...**' આ..હા..હા...! (ઇન્દ્રિયો) તરફનો વેગ આવ્યો એને નહિ સહી શકવાથી '**વિષયોને ભોગવે છે.**' આ..હા..હા...!

શ્રોતા :– ભોગવે ત્યારે તો શાંતિ થાય ને ?

સમાધાન :– ભોગવે ત્યારે એને દુઃખ થાય. આહા..હા...! રાગ છે, તૃષ્ણા છે. આહા..હા...! (એ) દુઃખ છે.

'**દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી...**' આ..હા..હા...! એના વેગને સહી નહિ શકવાથી ! '**વિષયોને ભોગવે છે.**' દુઃખના સંતાપના વેગને નહિ સહી શકવાથી, એમ કીધું. એ દુઃખનો સંતાપ છે. આહા..હા...! ચાહે તો આબરૂ તરફ હો, રૂપ તરફ હો, પાંચ ઇન્દ્રિય તરફના વિષય (તરફ હો), કોઈ પણ સ્પર્શના ભોગ તરફ હો એ દુઃખસંતાપનો વેગ (છે). આ..હા..હા...! એને નહિ સહી શકવાથી '**વિષયોને ભોગવે છે. ક્યાં સુધી ?**'

'**વિનાશ (–મરણ) પામે ત્યાં સુધી.**' આ..હા..હા...! એને જણાય કે આ શરીર જીર્ણ થઈ ગયું, આ વિષય ભોગવતા એમાં કોઈ વખતે દેહ નાશ થઈ જાય, છતાં વિષયના ભોગને છોડે નહિ ! આ..હા..હા...! છે ? '**વિનાશ (–મરણ) પામે ત્યાં સુધી.**' મરણ દેખે કે, આમાં દેહ છૂટી જશે ! આ..હા...! ત્યાં દવાખાનું છે ને ? શું કહેવાય એ ? જિથરી ! જિથરીનું દવાખાનું – ક્ષયનું દવાખાનું. એમાં એક દર્દી હતો તેણે ઠેઠ સુધી દવા કરી. (બીજે દિવસે) રજા આપવાની હતી. (ત્યાં) કામ કરનારી બાઈ કો'ક હતી. આહા..હા...! એની સાથે એણે વિષય લીધો. (ત્યાંને ત્યાં) મરી ગયો ! રજા આપવાની હતી, બધી તૈયારી (થઈ ગયેલી) કે, જાઓ, હવે ! આ..હા..હા...! વિષયના વેગમાં, કામ કરનારી બાઈ હશે (તેની સાથે વિષય લીધો અને) ત્યાં મરી ગયો ! રજા થવાની હતી ત્યાં મરી ગયો ! એ વિષયના '**દુઃખસંતાપના**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વેગને નહિ સહી શકવાથી...**' મરણ સુધી પણ... દેહ છૂટી જશે એમ લાગે ! આ વિષયમાં દેહ છૂટી જશે એમ લાગે તોપણ કરે !! આ..હા..હા...!

'**કોની જેમ ? જળોની જેમ.**' જળો લોહી ચૂસે, એટલું બધું ચૂસે કે એ મરી જાય, (શરીર) ફાટી જાય ! એટલું ચૂસે ! આ..હા..હા...! જળો થાય છે ને ? લોહી ચૂસે, એટલું ચૂસે (કે) પેટ ફાટી જાય ! ત્યાં સુધી ચૂસે. મરી જાય ત્યાં સુધી ચૂસે ! આ..હા..હા...!

શ્રોતા :– દબાવીને (લોહી) કાઢી નાખે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ પછી કાઢે. પછી બીજા કાઢે. એમને એમ જો રહેવા દે તો મરી જાય તરત જ ! એનું કારણ છે, કેમકે બીજાનું લોહી મૂકવું હોય ને એટલે કાઢે. એનું પેટ તો એટલું (ફૂલી) ગયું હોય કે, ફાટી જાય, ફટ ! આ..હા..હા...! એમ દુઃખના સંતાપને સહી શકવાને સમર્થ નહિ હોવાથી મરણ સુધીના વેગને પણ (ગણકાર્યા વિના) વિષયના ભોગને ભોગવે છે ! આ..હા..હા...!

'**જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી,...**' (અર્થાત્) લોહી પીને ક્રમશ પેટ ફાટતું હોવાથી.. આ..હા..હા...! '**ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી...**' આ..હા..હા...! '**વિનાશપર્યંત ક્લેશ પામે છે,...**' મરી જાય ત્યાં સુધી એ લોહી પીવે ! આહા..હા...! વાત સૂક્ષ્મ છે પણ વાત મુદ્દાની છે. આ..હા...! પર તરફના આબરૂમાં, ભોગમાં, વિગેરે(માં દોડીને દુઃખ ભોગવે છે.) આહા..હા...! ક્યાં સુધી ? કે, મરણના છેડા આવ્યા હવે. તોપણ એ તૃષ્ણાના સંતાપને સહી શકતો નથી, ભોગવે છે. મરી જશે તોપણ ભોગવે છે ! આહા..હા...!

'**દુઃખાંકુર વડે...**' છે ? '**તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી,...**' જળો ! '**ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે, તેમ આ પુણ્યશાળીઓ પણ...**' જોયું ? પુણ્યશાળીઓ ! પચાસ-પચાસ કરોડ ને અબજ ને બે અબજ – ધૂડ ! '**પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક,...**' આ..હા..હા...! ગરીબ જે પાપાશાળી છે એની માફક. આ..હા..હા...! '**તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે...**' દુઃખનો ભાવ વિજય પામે છે, દુઃખની પ્રસિદ્ધિ થાય છે, દુઃખ વેદે છે. આહા..હા...! '**ક્રમશઃ આક્રાંત થતા હોવાથી,...**' એટલું બધું દુઃખ ભોગવે કે, આક્રાંત થઈ જાય.

(એવા પુણ્યશાળીઓ) '**વિષયોને ઇચ્છતા અને તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (– મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.**' આહા..હા...! આ પુણ્યના ફળની વાતું કરે છે. પુણ્યશાળીઓ પણ પાપશાળીઓની માફક (દુઃખી છે). આહા..હા...! પાપાશાળીઓ પણ જેમ તૃષ્ણાથી (દુઃખસંતાપનો) વેગ સહન નહિ થતા ત્યાં મરે છે એમ પુણ્યશાળીઓ પણ તૃષ્ણાના વેગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મરણ પામે ત્યાં સુધી તૃષ્ણા છોડતા નથી. આ..હા..હા...! વાત બહુ સાદી છે પણ વાત મુદ્દાની છે.

શ્રોતા :– તૃષ્ણા થાય છે કેમ ?

સમાધાન :– તૃષ્ણા કરે છે ત્યારે થાય છે. (પોતામાં) આનંદનું અસ્તિત્વ છે, સુખસાગરની હયાતી છે તેના તરફનો એને વિશ્વાસ નથી. તેથી તેને એ પુણ્યફળમાં વિશ્વાસ છે કે, આને લઈને અમે સુખી છીએ ! પુણ્યશાળી છીએ. આહા..હા...!

આ..હા...! '**પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક,...**' આ..હા..હા...! '**તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર...**' ત્યાં તો દુઃખની ઉત્પત્તિનો વિજય છે. આ.હા...! આકરું કામ બહુ ! વસ્તુ તો જેવી હોય એવી વર્ણવાય. વર્ણન તો જેવું હોય એવું થાય ને ! આ..હા...! '**વિષયોને ઇચ્છતા અને તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (–મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.**' ઠેઠ સુધી ક્લેશ પામે, છતાં તેનાથી પાછો વળે નહિ. એ પુણ્યના ફળ જ એવા છે, કહે છે. એમાં તૃષ્ણા જ હોય અને દુઃખ જ હોય, એમ (કહેવું છે). આ..હા..હા...!

ભગવાનઆત્માના આનંદનું ફળ, એનો અંતર વિશ્વાસ, સત્તાનો, સુખનો અને જ્ઞાન ને આનંદનો વિશ્વાસ (છે) એને લઈને એ (જ્ઞાની) સુખી છે. (જ્ઞાનીને) વિષયતૃષ્ણાનો વેગ આવે, છતાં એમાં તણાઈ ન જાય, એકમેક ન થાય, તેને ભિન્ન રાખે. આ..હા..હા...! રાગ આવે પણ સુખના સાગરનો વિશ્વાસ હોવાથી એ રાગના દુઃખને હેય તરીકે (જાણે છે). જ્ઞાનધારામાં રાગધારાને ભેળવે નહિ. આ..હા...! અજ્ઞાની તો એકલી તૃષ્ણાધારામાં (વહે છે). આ..હા..હા...!

'**આથી પુણ્યો સુખાભાસ એવા...**' પુણ્ય છે તે સુખાભાસ – સુખ જેવો દેખાવ આવે. '**એવા દુઃખનાં જ સાધન છે.**' દુઃખના જ સાધન છે. આ..હા...! કહો ! પચીસ-પચાસ લાખ, કરોડ રૂપિયા મળે (એ) દુઃખનાં સાધન છે.

શ્રોતા :– અનુકૂળતા મળે તોપણ ?

સમાધાન :– ક્યાં હતી પણ ? ઇ સુખના સાધન જ ક્યાં છે ? આહા..હા...! કીધું નહોતું ? હમણાં એક 'મુંબઈ'માં આવ્યો હતો. પચાસ કરોડ રૂપિયા ! વૈષ્ણવ છે, ઘરે (બૈરા બધા) જૈન છે. આવ્યા હતા, બચારા પણ કાંઈ સૂઝ નહિ. મોટા-મોટા કરોડો રૂપિયાના તો રહેવાના મકાનો ! કરોડોના મકાન ! આ..હા..હા...! અને હૂંફ... હૂંફ... આમ બધી ! બધા સગાંવહાલાં પણ એને મોટી નજરે જોવે. આ..હા..હા...! આપણો (સગો) પચાસ કરોડનો આસામી ! એ પુણ્યશાળીઓ, પાપશાળીઓની માફક વિષયોને ઇચ્છતા અને તેને ભોગવતા મરણ સુધીના ક્લેશને પામે છે. આ..હા..હા...! દેહ છૂટવાના ટાણા આવે તોપણ (વિષયને ભોગવે) ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'વાવડી' છે, 'વાવડી' નથી ? 'રાણપર' પાસે. (ત્યાં) એક વાર એક માણસ હતો, મરવાની તૈયારી (હતી). એમાં તાકડે તે દી' અમે ત્યાં ગયા. એટલે બીજા બધાએ કહ્યું કે, 'મહારાજ આજે જ તાકડે આવ્યા છે (તો) બાધા લ્યો, બાધા !' આમ મરવાની તૈયારી ! આ..હા...! તો કહે, 'મારો ભાવ થતો નથી.' અને એ (જ) રાતે મરી ગયો. દિવસે અમે ગયા હતા. ગામડામાં તો એક દી' રહીએ ને ! મૂળ ત્રિકમની 'વાવડી' છે ને ? 'વાવડી', 'રાણપર' પાસે. એક દિવસ રહેવાનું હોય. એથી પેલા કહ્યું કે, 'મહારાજ તાકડે આવ્યા છે અને દેહ છૂટવાનું (ટાણું છે તો કાંઈક બાધા લો).' એવો કોઈક આકરો રોગ હતો. દેહ છૂટી જવાનો, મરી જવાનો નક્કી થઈ ગયેલું. (બીજાઓએ) એમ કહ્યું કે, 'અત્યારે બાધા એક દી' લ્યો તમે !' આ..હા..હા...! (એને એમ હતું કે) કોણ જાણે આમાંથી વળી સાજો થઈ જાવ (તો) ! આહા..હા...! ઘણાં અનુભવમાં આવ્યા છીએ ને ! જોડે મકાનમાં ઉતર્યા હતા, નાનો અપાસરો હતો, રાતના બાર વાગે સાંભળ્યું કે, દેહ છૂટી ગયો ! દિવસે 'ના' પાડી, રાતે ખલાસ થઈ ગયો ! આહા..હા...! બધાએ એને કહ્યું કે, 'અત્યારે રોગ છે, મહારાજ આવ્યા છે તાકડે...' અરે...! પણ કેમ છૂટે ? કદાચિત્ હજી આમ છે (પણ) આમાંથી સારુ થાય તો ? (બાધા લીધી હોય તો ભોગવી ન શકાય !) અર..ર..ર...! છેલ્લી સ્થિતિ આમ ! જળંધર કે ભગંદર કંઈક મોટું હતું, પેટ ફાટી ગયું હતું અને આમ મરવાની તૈયારી ! અરે...! ક્યાં સુધી ? સડેલા ગધેડા ગંધાય ને એવું એનું ગંધાતું શરીર ! એવું અંદર સડી ગયેલું શરીર ! જોડે ઊભેલાને ગંધાય ! અમે ગયા હતા. જોડે ઊભા રહ્યા હતા. આ..હા..હા...! એણે તૃષ્ણા વાવી છે, બાપા ! (તો) એમાંથી ફાટે શું ? તૃષ્ણા ફાટશે, દુઃખના અંકુર ફાટશે. આહા..હા...! ચાહે તો દીકરા સારા થયા હોય, બાયડી ઠીક હોય, પૈસા ઠીક હોય, પાંચ-પચીસ લાખના સારા મકાન હોય, વેપાર સારો ધમધોકાર ચાલતો હોય, ઉદ્યોગપતિ (કહેવાતો હોય) ! આહા..હા...! એ તૃષ્ણા(ને કારણે) મરતા સુધી પણ દુઃખી થશે. આ..હા...!

**'આથી પુણ્યો સુખાભાસ...'** સુખી છે એવો આભાસ (છે). આહા..હા...! સુખી છે નહિ, સુખીનો આભાસ (છે). **'એવા દુઃખનાં જ સાધન છે.'** એ પુણ્ય દુઃખના જ સાધન છે. આ..હા..હા...! એ શુભઉપયોગ – દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો શુભઉપયોગ દુઃખના સાધન છે. એને અહીં (અજ્ઞાની) ધર્મના સાધન (કહે) ! **'પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ સાધન છે.'** આ..હા..હા...! પાપ જેમ દુઃખના સાધન છે, એમ પુણ્ય દુઃખના જ સાધન છે. બેમાં કાંઈ ફેર નથી, એમ કહે છે. આ..હા..હા...! ૭૭ (ગાથામાં) એ આવશે. શુભ અને અશુભભાવમાં જરી પણ વિશેષ માનશે કે, અશુભ કરતાં શુભ કાંઈક ઠીક છે, એમ વિશેષ માનશે (તો) એ મિથ્યાદૃષ્ટિ '**मोहसंछण्णो घोरमपारं संसारं हिंडदि**' નરક અને નિગોદમાં રખડશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર..ર..ર...! આ..હા..હા...! ૭૭માં આવશે. દિગંબર સંતો આમ જાહેર કરે છે. જગતની એને પડી નથી કે, આ અબજોપતિને દુઃખ થશે તો નહિ (સાંભળે) ! આ..હા...!

'પદ્મનંદી પંચવિંશતિ'માં 'બ્રહ્મચર્ય'નો અધિકાર વર્ણવ્યો. દિગંબર સંત ! આ..હા..હા...! સિદ્ધની નાતમાં ભળેલા ! આ..હા..હા...! વેદનમાં જેને અતીન્દ્રિય આનંદના ઊભરા આવે ! આ..હા..હા...! એ સંતો એમ કહે કે, બ્રહ્મચર્ય નામ ધર્મ નામ આનંદમાં ચરવું એનું નામ બ્રહ્મચર્ય (છે). શરીરથી બાળબ્રહ્મચારી તરીકે બ્રહ્મચર્ય પાળવું એ પણ બ્રહ્મચર્ય નહિ. એ પણ એક શુભરાગ છે. આ..હા..હા...! સ્ત્રીનો ત્યાગ કરીને બ્રહ્મચર્ય પાળવું એ પણ એક શુભરાગ છે. આ..હા..હા...! ખૂબ વર્ણન કર્યું ! બ્રહ્મ નામ આનંદ. પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ ! એમાં ચરવું, એમાં રમવું, એમાં લીન થવું એને અહીંયાં બ્રહ્મચર્ય કહે છે. આ..હા..હા...! પછી એમ કહ્યું કે, અરે... જુવાનો ! તમારા જુવાન શરીર અને પાંચ-પચીસ લાખ મળ્યા હોય, એમાં આ વાત તમને ન ગોઠે, પ્રભુ ! આ..હા..હા...! જુવાની ફાટેલી હોય, પૈસા હોય, બાયડી-છોકરા પણ સારા મળ્યા હોય, થયા હોય, આ..હા...! તમને અમારી આ વાત... જુવાનો ! ન રુચે તો પ્રભુ, માફ કરજો ! મુનિ પાસેથી શું આશા રાખશો ? આ..હા..હા...! મુનિરાજ એમ કહે છે. માફ કરજો ! અમારી પાસે બીજી શું આશા રાખશો ? આહા..હા...!

એમ અહીંયાં 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે, પુણ્યશાળીઓ પાપશાળીઓની પેઠે... આ..હા..હા...! દુઃખના જ સાધનવાળા છે. આ..હા..હા...! તમને વર્તમાનમાં બાહ્યમાં પૈસાના પ્રેમમાં આ વાત ન રુચે, ન ગોઠે તો માફ કરજો, પ્રભુ ! અમારી પાસે શું આશા રાખશો ? આ..હા..હા...! અમે તો સંત આચાર્ય છીએ, બ્રહ્મચર્ય અને પુણ્યના ત્યાગી છીએ, શુભભાવના ત્યાગી છીએ. આ..હા...હા...! બહારના ત્યાગી નહિ, બહારના ત્યાગ-ગ્રહણ તો આત્મામાં છે નહિ. આહા..હા...! શુભભાવના પણ ત્યાગી છીએ એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે, કહે છે. આહા..હા...! અમારું સ્વરૂપ છે એ શુભરૂપે થતું જ નથી, એવો જ ભગવાન છે. આ..હા..હા...!

અમારો નાથ પ્રભુ ચૈતન્યબ્રહ્મ આનંદકંદ છે, એ દ્રવ્યસ્વભાવ, શુભ એટલે દયા, દાનના શુભભાવ, એ રૂપે એ થતો જ નથી, થયો જ નથી. આહા..હા...! આ..હા..હા...! એવા આત્માને પુણ્ય છે એ દુઃખના સાધન છે, સુખના સાધન જરીયે નથી. અનુકૂળ સાધન મળશે – મનુષ્યપણું મળશે, પાંચ ઇન્દ્રિય મળશે. અરે...! દેવ, ગુરુ અને શાસ્ત્ર મળશે ! પણ એથી શું ? એ તો પરદ્રવ્ય છે. આ..હા..હા...! પરદ્રવ્ય તરફમાં વલણ રહે છે ત્યાં સુધી તો રાગ છે. આ..હા..હા...! પુણ્યના ફળમાં તો રાગ અને દુઃખ થાશે. ભગવાનને સાંભળવા જઈશ તો રાગ થશે. આહા..હા...! બહુ વાતું આકરી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :– 'જેમને સમસ્તવિકલ્પજાળ રહિત પરમસમાધિથી ઉત્પન્ન...'** એ પુણ્ય કેવું છે, એમ હવે કહે છે. **'સમસ્તવિકલ્પજાળ રહિત પરમસમાધિથી ઉત્પન્ન સુખામૃતરૂપ,...'** સુખરૂપી અમૃત ભગવાનઆત્મા ! આ..હા..હા...! **'સર્વ આત્મપ્રદેશે...'** અસંખ્ય પ્રદેશે આ..હા..હા...! **'પરમ-આહ્લાદભૂત...'** પરમ આહ્લાદ – આનંદરૂપ, સુખરૂપ (આહ્લાદભૂત) **'સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી...'** જેને આવા પરમ-આહ્લાદરૂપ સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી... આ..હા..હા...! એવાને આ તૃષ્ણા હોય છે, એમ કહે છે. આ..હા..હા...!

**'એવા સમસ્ત સંસારી જીવોને નિરંતર વિષયતૃષ્ણા વ્યક્ત કે અવ્યક્તપણે વર્તે જ છે.'** 'જયસેનાચાર્યદેવ'ની ટીકાનું નાખ્યું (છે). સમસ્ત સંસારી જીવને – જેને અંદર સમસ્ત વિકલ્પજાળરહિત પરમ શાંતિથી ઉત્પન્ન સુખામૃત એવો સર્વ આત્મપ્રદેશે પરમ-આહ્લાદ(રૂપ) આનંદની તૃપ્તિ જેને નથી. એ દ્રવ્યલિંગી સાધુ ભલે હો ! આ..હા..હા...! નગ્ન હોય, અઠ્ઠાવીસ મૂળગુણ પાળતો હોય, પંચ મહાવ્રત નિરતિચાર પાળતો હોય... આહા..હા...! એ વ્યક્ત કે અવ્યક્ત (એટલે) કોઈને પ્રગટ દેખાય અને એને સૂક્ષ્મપણે પણ તૃષ્ણા છે. આહા..હા...! વિષયતૃષ્ણા એટલે પરપદાર્થ તરફની તૃષ્ણાનો ભાવ કો'કને સૂક્ષ્મ છે અને કો'કને સ્થૂળ છે. આ..હા..હા...! મુનિ થઈને નવમી ગ્રૈવેયક જાય એને અવ્યક્તપણે રાગ – તૃષ્ણા વર્તે. આ..હા..હા...!

ભગવાન અમૃતસ્વરૂપ ! એના તરફનો ઝુકાવ નથી એને સ્વરૂપની તૃપ્તિ વર્તતી નથી તેથી તેને વ્યક્તપણે કે અવ્યક્તપણે.... છે ? વિષયતૃષ્ણા જ છે. અહીં આ બાજુનું વલણ નથી તો એને (પર) બાજુનું વલણ છે, એમ કહે છે. આ..હા..હા...! ભગવાન સમરસી તૃપ્ત પ્રભુ ! એનાથી જે રહિત છે તે બધા સંસારીપ્રાણી વ્યક્ત કે અવ્યક્ત... આ..હા..હા...! વિષયતૃષ્ણાપણે બાહ્ય પદાર્થના વલણપણે (જ વર્તી રહ્યા છે). આ..હા..હા...! ('સમયસાર'ની) ૩૧ ગાથામાં તો ભગવાન અને ભગવાનની વાણીને ઇન્દ્રિય (કીધાં) ! આ..હા..હા...! પુણ્યશાળીને એ મળે પણ અવ્યક્તપણે અંદર તૃષ્ણા છે. રાગ છે, રાગ ! ભગવાન પ્રત્યેનો રાગ અને વાણી પ્રત્યેનો રાગ ! આ..હા..હા...!

**'તે તૃષ્ણારૂપી બીજ...'** વ્યક્તપણે કે અવ્યક્તપણે પરદ્રવ્ય તરફની તૃષ્ણા **'વર્તે જ છે.'** આ..હા..હા...! પરમ સમાધિ(થી ઉત્પન્ન) આત્માની તૃપ્તિ જેને નથી, આત્માના અતીન્દ્રિય આનંદની તૃપ્તિ જેને નથી તેને સૂક્ષ્મપણે વ્યક્તપણે (કે) અવ્યક્તપણે (તૃષ્ણા વર્તે જ છે). બહારથી એમ દેખાય કે, આ તો ત્યાગી છે, પંચ મહાવ્રત પાળે છે, હજારો રાણી છોડી છે, પણ અંદરમાં વસ્તુની તૃપ્તિ નથી તેથી તેને રાગની તૃષ્ણા ઊભી જ છે. આ..હા..હા...! ભલે એ પંચ મહાવ્રતના પરિણામ હોય પણ એ બધી બાહ્યના વિષયની તૃષ્ણા છે. બાહ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પદાર્થની એ વૃત્તિ છે. આહા..હા...! આવું આકરું લાગે ! આ..હા...!

આવી વસ્તુના સુખની તૃપ્તિ જેને નથી વર્તતી – (એ) 'જયસેનાચાર્યદેવ'ની (ટીકાની) વાત છે. 'જયસેનાચાર્યદેવ'ની છે ને ? 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. આહા..હા...! ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિનો સાગર તેના તરફની જેને તૃપ્તિ વર્તતી નથી, તેના તરફનો જેને કલ્યાણ અને સંતોષ થયો નથી, એને અંદર વ્યક્તપણે કે અવ્યક્તપણે, પ્રસિદ્ધપણે હો કે અપ્રસિદ્ધપણે હો... આ..હા..હા...! પણ વિષયતૃષ્ણા એટલે બાહ્ય પદાર્થ તરફની તૃષ્ણા ત્યાં ઊભી જ છે. અંતર્ તત્ત્વ તરફની જ્યાં તૃપ્તિ નથી તેથી બાહ્ય પદાર્થ તરફ (તૃષ્ણા વર્તે જ છે). ચાહે તો ત્રણલોકનો નાથ હોય... આ..હા..હા...! પણ એ પરપદાર્થ છે. પુણ્યને લઈને સંયોગ થાય, એની પણ ઇચ્છા અને તૃષ્ણા વર્તે (છે). આ..હા..હા...!

'**તે તૃષ્ણારૂપી બીજ ક્રમશઃ અંકુરરૂપ થઈ...**' એ બીજ ફાટ્યું ! '**દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં,...**' આ..હા..હા...! દુઃખના વૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં. આ..હા..હા...! આવું તો બાવા થઈ જાય તો થાય, એમ કહે. બાવો જ છે, બાપુ ! આ..હા..હા...! સવારમાં નહોતું આવ્યું ? એ તો એવો જ આનંદકંદ પ્રભુ છે. તીર્થંકરગોત્ર બાંધે એવા વિકલ્પની સાથે પણ જેને સંબંધ નથી. જેને એની સાથે સંબંધ નથી. જેને એની પર્યાય સાથે સંબંધ નથી, એવો જે દ્રવ્ય–વસ્તુ ભગવાન ! એની જેને અંતરમાં તૃપ્તિ અને સન્મુખતા નથી, એને પર તરફના વલણવાળી પરદ્રવ્યની તૃષ્ણા ઊંડે... ઊંડે... ઊભી છે. આ..હા..હા...!

શ્રોતા :– ધ્રુવ પદાર્થની ઇચ્છા કરે તો ?

સમાધાન :– એને છે જ ક્યાં ? ઇચ્છા કરે તોપણ એને ધ્રુવ છે ક્યાં ? અંદર તૃપ્તિ નથી. ધ્રુવનું વેદન નથી એટલે એ તરફનું વલણ જ નથી. એમ કહ્યું ને ? કીધું નહિ ? '**સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી**' એમ કીધું ને ? ધ્રુવ તરફ વળે તો સ્વરૂપતૃપ્તિ વર્તે. આ..હા...! પછી કાંઈ રાગાદિ આવે તો એને સુખબુદ્ધિમાં નથી. એ દુઃખમાં છે. આહા..હા...!

સમકિતી – ૯૬ હજાર સ્ત્રી ! ક્ષાયિક સમકિતી ! 'શ્રેણિકરાજા' ! હજારો રાણી ! પણ એ રાગ અને દુઃખરૂપ (જાણે છે). એ તૃષ્ણાનું બીજ દુઃખ (અનુભવે છે). મારી તૃપ્તિથી તે ભિન્ન ચીજ છે. મારા આનંદની તૃપ્તિથી તે ભિન્ન ચીજ છે અને જે આનંદની તૃપ્તિથી ભિન્ન છે એને પોતે એકપણે કેમ માને ? જે આનંદની તૃપ્તિથી ભિન્ન છે તેને સ્વામીપણે કેમ કરે ? આહા..હા...! પોતાના આનંદની તૃપ્તિથી જે ભિન્ન છે તેને કરવાલાયકપણે કરે કેમ ? કરવાલાયક છે એમ કરીને કરે કેમ ? આ..હા..હા...! ભારે કામ !

(અહીંયાં કહે છે) '**દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં, એ રીતે દુઃખદાહનો વેગ અસહ્ય થતાં,...**' દુઃખસંતાપનો અર્થ છે ને નીચે ? દુઃખદાહ. દુઃખદાહનો વેગ. પુણ્યના ફળમાં એની તૃષ્ણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ લઉં ને આ ભોગવું ને આ મેળવું ને દુકાન વધારે કરું, બે કરોડની પેદાશ છે એને પાંચ કરોડની કરું...! આહા..હા...! જળો જેમ માઠું લોહી (પીને) મરવાની તૈયારી થાય... આ..હા..હા...! એમ જેને આત્માના આનંદની તૃપ્તિ નથી તેને બહારના પરપદાર્થ (તરફના) વિષયના વલણમાં દુઃખના અંકુર જ ઉત્પન્ન થાય છે. આ..હા..હા...!

હવે આ લોકો એમ કહે છે કે, શુભભાવ સાધન છે. પાધરું શુદ્ધ ન થાય ! અહીં કહે છે કે, પાધરું નિરપેક્ષ જ શુદ્ધ થાય. વસ્તુ અખંડ પૂર્ણ પડી જ છે, એની પ્રાપ્તિ માટે પરની કોઈ અપેક્ષા છે જ નહિ. વ્યવહાર રત્નત્રયની કે અંદર આ ગુણી આવો છે અને એનો ગુણ આનંદ છે, એવા વિકલ્પની પણ જેને અપેક્ષા નથી. એવું એ તત્ત્વ છે. આ..હા..હા...! આવી વાતું આવે ત્યારે એમ કહે કે, 'સોનગઢવાળા' એકલી નિશ્ચયની વાતું કરે છે. વ્યવહારનું કરવું અને એના ફળ(ની કોઈ વાત કરતા નથી). આ વ્યવહારનું ફળ આવે છે ને ? આ..હા..હા...!

વીતરાગસ્વભાવથી ભરેલો, અનાકુળ આનંદનો સાગર ! તેની જેને તૃપ્તિ નથી, સ્વરૂપની તૃપ્તિ નથી, સ્વરૂપની તૃપ્તિ નથી... આ..હા..હા...! એને પરપદાર્થ તરફના વલણનો સૂક્ષ્મ કે અસૂક્ષ્મ, વ્યક્ત કે અવ્યક્ત રાગ – તૃષ્ણા રહે છે, (એમ) કહે છે. આહા..હા...! બહારમાં પ્રસિદ્ધ પામે કે ન પામે પણ અંદર અવ્યક્તપણે પરપદાર્થ (તરફની તૃષ્ણા હોય જ છે). સ્વપદાર્થ પ્રત્યેની જ્યાં તૃપ્તિ નથી (ત્યાં તૃષ્ણા વર્તે જ છે). આ..હા..હા...!

'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું ને ? '**परदव्वादो दुग्गई**' 'કુંદકુંદાચાર્ય' પોતે કહે અને ભગવાન પોતે કહે – સ્વદ્રવ્યનો આશ્રય છોડીને કોઈપણ પરદ્રવ્ય તરફ તું જઈશ... ભલે દેવ, ગુરુ અને શાસ્ત્ર તરફ (જા) પણ એ રાગ છે અને રાગ છે એ પુણ્ય છે અને પુણ્યની તૃષ્ણા દુઃખને વધારનાર છે. આ..હા..હા...! આવી વાત કેમ બેસે ? માણસને એકાંત લાગે ને ! તેથી (એમ કહે કે) 'સોનગઢ'નો પંથ એકાંત છે ! કહે, બિચારા...!

શ્રોતા :– આવું ભાસશે તો કોઈ વ્યવહાર નહિ કરે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વ્યવહાર આવ્યા વિના રહેશે નહિ. પૂર્ણ ન હોય એને વ્યવહાર આવે, પણ છે એ દુઃખદાયક. પૂર્ણ વીતરાગ ન થાય એમાં વ્યવહાર આવે. અરે...! અશુભરાગ પણ આવે. આ..હા..હા...! રૌદ્રધ્યાન પણ આવે છતાં તેમાં સુખબુદ્ધિ નથી, દુઃખબુદ્ધિ છે. આ..હા...! તેથી તેમાં તેને સંતોષ નથી પણ અસંતોષ છે. સંતોષ તો આત્મામાં છે. ('સમયસાર'ની) ૨૦૬ ગાથામાં ન આવ્યું ? કલ્યાણ, તૃપ્તિ અને સંતોષ. 'નિર્જરા અધિકાર' ૨૦૬ ગાથા. રાગ થાય, પણ એ દુઃખદાયક છે. દુઃખદાયક એટલે દુઃખદાતા. આ..હા..હા...! રાગ એ દુઃખદાતા છે, ભગવાનઆત્મા સુખદાતા છે. પુણ્યનો ભાવ પણ દુઃખદાતા ! સાંભળવું કઠણ પડે. અનાદિકાળથી રખડે છે. આ..હા..હા...! ક્યાંક... ક્યાંક... ક્યાંક... અટકીને ચોરાશીના અવતાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुनरपि पुण्यजन्यस्येन्द्रियसुखस्य बहुधा दुःखत्वमुद्योतयति -

**सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं।**
**जं इंदिएहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ।।७६।।**
**सपरं बाधासहितं घिच्छिन्नं बन्धकारणं विषमम्।**
**यदिन्द्रियैर्लब्धं तत्सौख्यं दुःखमेव तथा ।।७६।।**

सपरत्वात् बाधासहितत्वात् विच्छिन्नत्वात् बन्धकारणत्वात् विषमत्वाच्च पुण्यजन्यमपीन्द्रियसुखं दुःखमेव स्यात्। सपरं हि सत् परप्रत्ययत्वात् पराधीनतया, बाधासहितं हि सदशनायोदन्यावृषस्यादिभिस्तृष्णाव्यक्तिभिरुपेतत्वात् अत्यन्ताकुलतया, विच्छिन्नं हि सदसद्वेद्योदयप्रच्यावितसद्वेद्योदयप्रवृत्ततयाऽनुभवत्वादुद्भूतविपक्षतया, बन्धकारणं हि सद्विषयोपभोगमार्गानुलग्नरागादिदोषसेनानुसारसंगच्छमानघनकर्मपांसुपटलत्वादुदर्कदुःसहतया, विषमं हि सदभिवृद्धिपरिहाणिपरिणतत्वादत्यन्तविसंष्ठुलतया च दुःखमेव भवति। अथैवं पुण्यमपि पापवद्दुःखसाधनमायातम् ।।७६।।

---

છોડતો નથી. અને જેને ભવનો ભાવ છે એ ભાવવાળા તો નરક અને નિગોદમાં પણ જશે. આ..હા..હા...!

હવે સરવાળો કરે છે '**માટે જેમને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે...**' '**દુઃખદાહનો વેગ અસહ્ય થતાં, તે જીવો વિષયોમાં પ્રવૃત્ત થાય છે. માટે જેમને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે એવા દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.**' દેવ દુઃખી ! આ..હા...! કરોડોપતિ દુઃખી ! અબજોપતિ દુઃખી ! આ..હા..હા...! એક હુકમ કરે ત્યાં હજાર તૈયાર થઈ જાય. (એ સુખી) કે દુઃખી ? એ પરપદાર્થની તરફ વલણ છે. એ તો પરપદાર્થની તૃષ્ણા છે, બાપુ ! આ..હા..હા...! સ્વપદાર્થની તૃપ્તિ નથી, તે પરપદાર્થની તૃષ્ણા છે. આ..હા..હા...! '**દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.**'

'**આ રીતે દુઃખભાવ જ પુણ્યોને–પુણ્યજનિત સામગ્રીને–**' આહા..હા...! દુઃખભાવ જ પુણ્યોને એટલે પુણ્યજનિત સામગ્રીને '**અવલંબતો હોવાથી,...**' લ્યો, અહીં તો સામગ્રી આવી, ભાઈ ! પુણ્યને લઈને સામગ્રી આવી. '**આ રીતે દુઃખભાવ જ પુણ્યોને...**' એટલે કે '**પુણ્યજનિત સામગ્રીને–**' લીટી કરીને એનો અર્થ કર્યો. પુણ્યને એટલે પુણ્યજનિત સામગ્રીને. એટલે કે એને '**અવલંબતો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुनरपि पुण्योत्पन्नस्येन्द्रियसुखस्य बहुधा दुःखत्वं प्रकाशयति - **सपरं** सह परद्रव्यापेक्षया वर्तते सपरं भवतीन्द्रियसुखं, पारमार्थिकसुख तु परद्रव्यनिरपेक्षत्वादात्माधीनं भवति। **बाधासहियं** तीव्रक्षुधातृष्णाद्यनेकबाधासहितत्वाद्बाधासहितमिन्द्रियसुखं, निजात्मसुखं तु पूर्वोक्तसमस्त-बाधारहितत्वादव्याबाधम्। **विच्छिण्णं** प्रतिपक्षभूतासातोदयेन सहितत्वाद्विच्छिन्नं सान्तरितं भवतीन्द्रियसुखं, अतीन्द्रियसुखं तु प्रतिपक्षभूतासातोदयाभावान्निरन्तरम्। **बधकारणं** दृष्टश्रुतानु-भूतभोगाकाङ्क्षाप्रभृत्यनेकापध्यानवशेन भाविनरकादिदुःखोत्पादककर्मबन्धोत्पादकत्वा-द्वन्धकारणमिन्द्रियसुखं, अतीन्द्रियसुखं तु सर्वापध्यानरहितत्वादबन्धकारणम्। **विसमं** विगतः शमः परमोपशमो यत्र तद्विषममतृप्तिकरं हानिवृद्धिसहितत्वाद्वा विषमं, अतीन्द्रियसुखं तु परमतृप्तिकरं हानिवृद्धिरहितम्। **जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा** यदिन्द्रियैर्लब्धं संसारसुखं तत्सुखं यथा पूर्वोक्तपञ्चविशेषणविशिष्टं भवति तथैव दुःखमेवेत्यभिप्रायः ।।७६।।

---

હવે ફરીને પણ પુણ્યજન્ય ઇન્દ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે :–

**પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇંદ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.**

**અન્વયાર્થ :– [यत्]** જે **[इन्द्रियैः लब्धं]** ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે, **[तत् सौख्यं]** તે સુખ **[सपरं]** પરના સંબંધવાળું, **[बाधासहितं]** બાધાસહિત, **[विच्छिन्नं]** વિચ્છિન્ન, **[बन्धकारणं]** બંધનું કારણ **[विषमं]** અને વિષમ છે; **[तथा]** એ રીતે **[दुःखम् एव]** તે દુઃખ જ છે.

---

**હોવાથી,...**' આ..હા..હા...! (અર્થાત્) પરદ્રવ્યના વલણવાળો હોવાથી '**પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ આલંબન–સાધન છે.**' એ બધા પુણ્ય છે એ સુખના આભાસ જેવા (છે). આ..હા..હા...! કરોડોપતિ સુખી દેખાય, બંગલા (હોય), આ..હા..હા...! ત્રણ-ત્રણ મખમલના ગાદલા ઉપર સૂવે ! માથે પંખા ફરે ! કહે છે કે, બધા દુઃખીના ડાળિયા છે બચારા ! આહા..હા...! ત્યારે તો આ લાવ.. આ લાવ... આ લાવ... (કરે છે).

'**પુણ્યજનિત સામગ્રીને – અવલંબતો હોવાથી, પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ આલંબન–સાધન છે.**' આ..હા..હા...! એ ૭૫ (ગાથા પૂરી) થઈ. એક-એક ગાથા અલૌકિક છે ! દૃષ્ટિ ફેરવવાની વાત છે. પુણ્યના ફળ તરીકે પરદ્રવ્ય તરફ વલણ છે, એ બધું દુઃખ છે, કહે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** પરના સંબંધવાળું હોવાથી, બાધાસહિત હોવાથી વિચ્છિન્ન (તૂટક) હોવાથી, બંધનું કારણ હોવાથી અને વિષમ હોવાથી, ઇન્દ્રિયસુખ-પુણ્યજન્ય હોવા છતાં પણ દુઃખ જ છે.

ઇન્દ્રિયસુખ (૧) 'પરના સંબંધવાળું' હોતું થકું પરાશ્રયપણાને લીધે પરાધીન છે, (૨) 'બાધાસહિત' હોતું થકું ખાવાની ઇચ્છા, પાણી પીવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા ઇત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (–તૃષ્ણાની પ્રગટતાઓ) સહિત હોવાને લીધે અત્યંત આકુળ છે, (૩) 'વિચ્છિન્ન' હોતું થકું અશાતાવેદનીયનો ઉદય જેને ચ્યુત કરે છે એવા શાતાવેદનીયના ઉદય વડે પ્રવર્તતું અનુભવમાં આવતું હોવાને લીધે વિપક્ષની ઉત્પત્તિવાળું છે, (૪) 'બંધનું કારણ' હોતું થકું વિષયોપભોગના માર્ગને લાગેલી (–વળગેલી) રાગાદિ દોષોની સેના અનુસાર કર્મરજનાં ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે પરિણામે દુઃસહ છે, અને (૫) 'વિષમ' હોતું થકું હાનિવૃદ્ધિમાં પરિણમતું હોવાને લીધે અત્યંત અસ્થિર છે; માટે તે (ઇન્દ્રિયસુખ) દુઃખ જ છે.

જો આમ છે (અર્થાત્ જો ઇન્દ્રિયસુખ દુઃખ જ છે) તો પુણ્ય પણ, પાપની જેમ, દુઃખનું સાધન છે એમ ફલિત થયું.

**ભાવાર્થ :–** ઇન્દ્રિયસુખ દુઃખ જ છે, કારણ કે તે પરાધીન છે, અત્યંત આકુળ છે, વિપક્ષની (–વિરોધીની) ઉત્પત્તિવાળું છે, પરિણામે દુઃસહ છે અને અત્યંત અસ્થિર છે.

આમાંથી એમ ફલિત થયું કે પુણ્ય પણ દુઃખનું જ સાધન છે. ૭૬.

---

છે. આહા..હા...! અહીં તો જરી બે લાખ, પાંચ લાખ પેદા થાય (ત્યાં એમ કહે કે), અમારે ધંધો સારો ચાલે છે ! એમ કહે કે નહિ ? ધંધો સારો ચાલે છે. છોકરાઓ રસ્તે ચડ્યા છે. શેને (રસ્તે) ? દુઃખને (રસ્તે ચડ્યા છે) ! આ..હા...! દુનિયાથી ઊલટું છે. આ..હા...!

**'હવે ફરીને પણ પુણ્યજન્ય ઇંદ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે :–'** પુણ્યજન્ય જે બાહ્ય ઇન્દ્રિયસુખ છે એને ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે. આહા..હા...!

**सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं।**
**जं इंदिएहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा।।७६।।**

આ..હા..હા...! શું કહે છે ? કે, જે શુભજોગ થયો, પુણ્ય થયું એનાથી પુણ્યબંધન થયું અને એનાથી સામગ્રી મળી. આહા..હા...! એ પુણ્યજન્ય ઇન્દ્રિયસુખ ઘણા પ્રકારે દુઃખરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નીચે હરિગીત :–

**પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇંદ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.**

આ..હા..હા...! પૈસાવાળા, ઇન્દ્રિયોના સુખના સાધનવાળા આમ ખમ્મા... ખમ્મા... થતા હોય ! આ..હા...! પાણીને બદલે મોસંબી મળતી હોય, લ્યો ! આ..હા...! 'પાણી લાઓ' (એમ કહે તો) મોસંબી આપે ! નારંગીના પાણી (આપે) ! પાણી જ નહિ, આ જ પીવો, બસ ! આ..હા..હા...! એ પુણ્યજનિત ઇન્દ્રિયસુખમાં નારંગીના પાણી, સંતરાના પાણી, મોસંબીના પાણી (મળે). ઘણા એવા હોય કે, આ જ પાણી પીવે, બસ ! આ..હા...! એ ઇન્દ્રિયસુખના ઘણા પ્રકાર (છે) એ દુઃખપણું જ છે. એના તરફનું વલણ છે – રાગ, તૃષ્ણા એ દુઃખ છે. આહા..હા...! પીણામાં ભલે આ મળતું હોય. આહા..હા...!

**ટીકા :–** '**પરના સંબંધવાળું હોવાથી,...**' કોણ ? ઇન્દ્રિયનું સુખ. '**પરના સંબંધવાળું હોવાથી, બાધાસહિત હોવાથી,...**' વિઘ્નવાળું (છે). એમાં – ઇન્દ્રિયના સુખમાં વિઘ્ન આવે. '**વિચ્છિન્ન (તૂટક) હોવાથી, બંધનું કારણ હોવાથી...**' આટલા શબ્દો મૂક્યા છે. '**અને વિષમ હોવાથી,...**' આ..હા..હા...! '**ઇંદ્રિયસુખ–પુણ્યજન્ય હોવા છતાં પણ...**' આ..હા..હા...! છોકરા ઠેકાણે પડ્યા, છોકરીઓ ઠેકાણે પાડી, સારે ઘરે વરાવ્યા, બધું ઠીક છે, (એમ) કહે. અહીં કહે કે, ધૂડમાં પણ સુખ નથી ! કારણ કે, એ પરના સંબંધવાળું છે, એમાં વિઘ્ન આવે. પાપનો ઉદય આવે તો વળી પ્રતિકૂળ થઈ જાય. તૂટક થઈ જાય. આહા..હા...! મળેલું તૂટી જાય. બંધનું કારણ છે. આ..હા..હા...! અને વિષમ હોવાથી '**ઇંદ્રિયસુખ–પુણ્યજન્ય હોવા છતાં...**' ઇન્દ્રિયસુખ (પુણ્યજન્ય) એટલે પુણ્યથી ઉત્પન્ન હોવા છતાં '**દુઃખ જ છે.**' એમાં વિશેષ કહેશે....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૭૬,૭૭
પ્રવચન નં. – ૭૦
તા. ૧૧-૦૫-૭૯

'પ્રવચનસાર' ગાથા–૭૬. ઇન્દ્રિયસુખ કેવું છે, એ (કહે છે). બતાવવાનું તો એ છે કે, શુભભાવ જે થાય એનું ફળ પુણ્ય બંધાય અને એની બહાર(માં) સામગ્રી મળે, એ બધું પરાધીન દુઃખ છે. આ..હા...! માટે તે શુભભાવ અશુભભાવની પેઠે હેય છે. આહા..હા...!

'**ઇંદ્રિયસુખ (૧) 'પરના સંબંધવાળું' હોતું થકું પરાશ્રયપણાને લીધે પરાધીન છે,...**' આત્માનું સુખ સ્વઆશ્રયપણાને લીધે સ્વાધીન છે. (આ) બધું 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં સામ-સામે (લીધું) છે. આહા..હા...! ઇન્દ્રિયનું સુખ પરાધીન (છે). (કેમકે) પરાશ્રય છે ને ? ત્યાં તો દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને એનો વિષય બધા પર છે. પરના આશ્રયે ત્યાં ઇન્દ્રિયનું સુખ મનાય છે. એ બધું પરાધીન છે. આ..હા..હા...! ભગવંત આત્માનું સુખ અતીન્દ્રિય, સ્વાધીન સ્વઆશ્રયે છે. બન્ને(માં) વિરોધ છે. માટે અતીન્દ્રિય સુખની પ્રાપ્તિનો ઉપાય શુદ્ધ ઉપયોગ (છે) તે આદરણીય છે. ઇન્દ્રિયના સુખનો જે ઉપાય શુભભાવ (છે) તે હેય છે. કેમકે (તે) પરાધીન દુઃખવાળું છે માટે.

'(૨) '**બાધાસહિત' હોતું થકું...**' વિઘ્નવાળું છે. '**ખાવાની ઇચ્છા, પાણી પીવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા ઇત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (–તૃષ્ણાની પ્રગટતાઓ) સહિત હોવાને લીધે...**' આ..હા..હા...! '**અત્યંત આકુળ છે,...**' આકુળતાવાળું છે. કેટલા વિશેષણ આપ્યા ! બાધાસહિત હોતું થકું વિઘ્ન(રૂપ) છે. '**ખાવાની ઇચ્છા, પાણી પીવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા ઇત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (–તૃષ્ણાની પ્રગટતાઓ) સહિત હોવાને લીધે અત્યંત...**' ઇચ્છા છે એટલે '**આકુળ છે,...**' આ..હા..હા...! ભગવાનઆત્માનું સુખ અનાકુળ છે. એમાં કોઈ ઇચ્છા નથી. આ..હા..હા...! અનાકુળ અતીન્દ્રિય આનંદ ! જેના અનુભવને માટે કોઈ ઇચ્છા કે પરનો આશ્રય ત્યાં છે નહિ. અતીન્દ્રિય આનંદ ઉપાદેય છે માટે તેનું કારણ જે શુદ્ધઉપયોગ તે ઉપાદેય છે. આ..હા..હા...! બે (થયા).

ઇન્દ્રિયનું સુખ વિચ્છિન્ન છે. '**(૩) વિચ્છિન્ન' હોતું થકું...**' એટલે કે શાતાવેદનીયનો ઉદય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય ત્યાં સુધી એને દેખાય, પણ '**અશાતાવેદનીયનો ઉદય જેને ચ્યુત...**' કરી નાખે છે. અશાતાનો ઉદય હોય ત્યાં... આ..હા..હા...! મોટા ચક્રવર્તી પણ ખાટલામાં પરાધીન (થઈ જવાથી) પાણી પીવા પણ ઊભા થઈ શકે નહિ. એવું પરાધીન છે. આહા..હા...! '**અશાતાવેદનીયનો ઉદય જેને ચ્યુત કરે છે...**' (ચ્યુત કરવું) = ખસેડવું. એટલે કે શાતાથી (જે) મળે (એ) અશાતાના ઉદયથી ખસી જાય. 'પદભ્રષ્ટ કરવું. (શાતાવેદનીયનો ઉદય તેની સ્થિતિ અનુસાર રહીને ખસી જાય છે અને અશાતાવેદનીયનો ઉદય આવે છે).' આ..હા..હા...! બેસીને પાણી પી શકે નહિ, એટલી પરાધીનતા થઈ જાય ! પાણી પી શકે નહિ, ખાઈ શકે નહિ. આ..હા..હા...! તદ્દન પરાધીન ! સૂતા-સૂતા દિશાએ જાય ! આ..હા...! એ દિશા કો'ક લૂછે, કાઢે...! આહા..હા...! સૂતા-સૂતા પાણી પીવાના ! આ..હા...! આ શરીર-ઇન્દ્રિયના બહારના સાધનો પ્રગટ અશાતાના ઉદયને લઈને, શાતાના જે સાધનો મળ્યા હોય, એને ત્યાં ચ્યુત કરી નાખે છે. આહા..હા...!

ચક્રવર્તી જેવાને લ્યો ને ! આહા..હા...! 'બ્રહ્મદત્ત' ! સોળ હજાર દેવ (સેવા કરે) ! આ..હા..હા...! ૯૬ હજાર સ્ત્રીઓ ! મરતાં, એ રત્નનાં ઢોલિયે સૂતા, હાય... હાય...! કુરુમતિ...! સ્ત્રીને કુરુમતિ... કુરુમતિ... કરતો (હતો) ! આહા..હા...! ક્યાંય શાતા વળે નહિ, અશાતાનો ઉદય આવ્યો. આ..હા...! મરીને પાછુ જાવું નરકમાં ! આ..હા..હા...! ક્યાંક રહેવું તો છે ને ? ઇન્દ્રિયના સુખો વિચ્છિન્ન હોવાથી અશાતાનો ઉદય આવે એટલે ત્યાંથી શાતાનો (ઉદય) ખસી જાય અને મરીને પછી... આ..હા..હા...! એ અશાતાના ઉદયથી ટળવળતો... ટળવળતો... (જાય નરકમાં) ! આ શુભભાવનું વર્ણન છે ! આ..હા..હા...! શુભભાવને ભલો કેમ કહેવો ? (એમ) કહે છે. આ..હા..હા...! જેના ફળમાં શાતાવેદનીય બંધાય અને એને ઉદયની સામગ્રી આવે એને તો મુદત છે, એની હદ છે. અશાતાનો ઉદય આવે (ત્યાં) થઈ રહ્યું... આ..હા..હા...! કોઈ પાણી પાનાર ન હોય, જંગલમાં ! આહા..હા...!

એક ગામમાં એક વૃદ્ધ બાઈ એકલી એના મકાનમાં સૂતેલી. ગામ આપણે જોયું હતું. ઘણા ગામ જોયા એટલે (યાદ ન રહે). વૃદ્ધ ! કોઈ પાણી પાનાર ન મળે. આમ પડી હતી. મકાન જીર્ણ, (સાથે) કોઈ ન સૂવે, પાણીનો કળશો સાથે રાખ્યો હોય, એને પીવું હોય તો (પી ન શકે). નજરે જોયેલું છે. ક્યું ગામ કીધું ? 'ભાડલા.. ભાડલા !' આ..હા..હા...! વૃદ્ધ હોં ! બેસી શકે નહિ ! આ..હા...! કોઈ ઘરમાં માણસ નહિ, કોઈ છોકરો નહિ, છોડી નહિ, વહુ નહિ. એકલી મકાનમાં પડી હોય. આ..હા..હા...! જ્યાં સુધી જુવાની હોય ત્યાં સુધી એવું અનુકૂળ લાગે, પાણીની ઇચ્છા હોય અને પાણી મળે, આહારની ઇચ્છા હોય તો આહાર મળે. પણ આવું જ્યાં થાય... આ..હા..હા...! પરાધીન... પરાધીન... પરાધીન...! ઇચ્છા–વૃત્તિ પોતે જ દુઃખ છે. ઇચ્છા પોતે જ દુઃખ છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભ-અશુભભાવથી રહિત, ભગવાન એનાથી રહિત જ છે. છે તેને મેળવવો છે ને ? આહા..હા...! આવ્યું હતું નહિ ? એવો જ છે. નહોતું આવ્યું ? એવો જ છે. હમણાં ક્યાંક આવ્યું હતું. છે... અંદર વસ્તુ. ઓ..હો..હો...! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની નિત્યતાથી ભરેલી વસ્તુ છે. એનો આશ્રય કરવાથી જે સુખ મળે તેને વિઘ્ન ન હોય. એને કોઈ અશાતાનો ઉદય આવીને વિઘ્ન કરે એવું ન હોય. આહા..હા...!

'**શાતાવેદનીયના ઉદય વડે પ્રવર્તતું અનુભવમાં આવતું હોવાને લીધે વિપક્ષની ઉત્પત્તિવાળું છે.**' અશાતાનો ઉદય આવે. આહા..હા...! ભલે કરોડપતિ હોય, અબજપતિ હોય, પચાસ-પચાસ લાખના મકાન (હોય) પણ એકલો ટળવળતો હોય. આ..હા..હા...!

ચોથો બોલ. '**બંધનું કારણ' હોતું થકું...**' એ તો બંધનું કારણ છે. આ..હા..હા...! પેલો શુભભાવ છે એ બંધનું કારણ છે. એ એક કોર રાખ્યું. અહીં તો હવે (એમ કહે છે કે) એનાથી મળતી સામગ્રીને ભોગવતા બંધનું કારણ છે. આ..હા..હા...! '**બંધનું કારણ' હોતું થકું વિષયોપભોગના માર્ગને લાગેલી (–વળગેલી) રાગાદિ દોષોની સેના...**' આ..હા..હા...! ઇચ્છા અને રાગ ! જેમ પુણી સાંધે... દોરાની પુણી ! એમ એક પછી એક રાગની ઇચ્છા ચાલ્યા જ કરે.. આ..હા..હા...! '**રાગાદિ દોષોની સેના...**' આ..હા..હા...! જુદી જાત છે, બાપુ ! ધર્મ કોઈ જુદી ચીજ છે. આહા..હા...! આવા શુભભાવ, એમાં ધર્મ માને ! દયા, દાન, ભક્તિ, વ્રત, તપમાં (ધર્મ માને). અહીં તો કહે છે એ બંધનું કારણ છે.

'**વિષયોપભોગના માર્ગને લાગેલી (–વળગેલી)...**' આ..હા..હા...! '**રાગાદિ દોષોની સેના...**' આ..હા..હા...! પ્રેમ ને રતિ ને અરતિ ને રાગ (એ દોષોની સેના છે). આહા..હા...! એ વિષયોના સામગ્રીના ભાવને ભોગવવા રાગની સેના હોય છે, (એમ) કહે છે. આ..હા..હા...! અને ભગવાનઆત્માનું સુખ અબંધસ્વરૂપ છે. આ..હા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! નિત્ય છતી ચીજ છે તેની દૃષ્ટિ કરતાં – સમ્યગ્દર્શન થતાં તેના ફળમાં અતીન્દ્રિય સુખ મળે. એ અતીન્દ્રિય સુખને વિચ્છિન્ન – વિઘ્ન કરનાર કોઈ નથી. આ..હા...! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' આ..હા..હા...! આ તો (ધર્મના) નામે ધમાલ (કરે) ! ગજરથ ને વરઘોડા ને પાંચ પૈસા ખર્ચ્યા હોય એમાં જાણે એકદમ (ધર્મ થઈ ગયો) !

('મુંબઈ'માં જન્મજયંતીમાં) ઉત્સાહ... ઉત્સાહ... ઉત્સાહ... લોકોમાં ! આ..હા..હા...! બેનની ગેરહાજરીમાં લોકોને દુઃખ થાતુ હતું. બે દી' ન આવ્યા. લોકોને ઉત્સાહ.. ઘણો ઉત્સાહ ! દસ-બાર લાખ રૂપિયા ખર્ચ્યા ! પણ વાત એ (કે) એ પર તરફ(નો ભાવ છે) ! આહા..હા...! એ પરની હોંશું... એ શુભભાવ (છે). આ..હા..હા...! ગજબ કામ છે, પ્રભુ ! બહારમાં ઉત્સાહ... ઓ..હો..હો...! શું જાણે આનું ફળ આવશે ! શુભભાવ છે, એનું ફળ તો આ છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો દુનિયાથી જુદી જાત છે. આહા..હા...!

**‘રાગાદિ દોષોની સેના અનુસાર કર્મરજનાં ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે...’** આ..હા..હા...! ઘન પટલ = ઘટ્ટ (ઘાટાં) થર; ઘણો જથ્થો. આ..હા..હા...! વિષયતૃષ્ણામાં રાગની સેના એટલે અનેક પ્રકારના રાગ (રહેલા છે). આ..હા..હા...! એનાથી કર્મોનું ઘન પટલ બંધાય, કહે છે. આ..હા..હા...! લોકોને આકરું લાગે ! શુભભાવનું આવું ફળ ! આ તો વસ્તુસ્થિતિ આવી છે, બાપુ ! આહા..હા...! કોને કોઈ (સાથે) સંબંધ છે ? એક દ્રવ્ય અને બીજા દ્રવ્યની વચ્ચે તો અત્યંત અભાવ છે. આ..હા..હા...! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આ..હા..હા...! તો પછી એને ભોગવે એ તો ક્યાં રહ્યું, બાપુ ? આહા..હા...! કહે છે કે, રાગની તૃષ્ણાની સેના ઉત્પન્ન થાય. આ..હા..હા...! ઇચ્છા ને રાગ ને રતિ ને.. આહા..હા...! એને લઈને કર્મરજના ઘનપટલનો સંબંધ થાય. **‘પરિણામે દુઃસહ છે,...’** જેનું પરિણામ... આ..હા..હા...! દુઃસહ છે. સહન થવું કઠણ એવું પરિણામ છે, ભાઈ ! આ..હા..હા...! શેની વાત ચાલે છે આ ? આ તો શુભભાવના ફળ તરીકે દુઃસહ છે, પ્રભુ ! આકરું પડશે, ભાઈ ! આ..હા..હા...!

શ્રોતા :– હોંશ ક્યાં કરવી ?

સમાધાન :– હોંશ આત્મામાં કરવી. આત્મા અંતર આનંદસ્વરૂપ ભગવાન નિત્ય કાયમ ટકતું તત્ત્વ પ્રભુ છે, છતી ચીજ મોજૂદ છે... આ..હા..હા...! તેની રુચિ અને પ્રેમ થઈને આદર (થવો) એ ધર્મની પર્યાય છે. આહા..હા...! શુભ-અશુભભાવ જ્ઞાનીને પણ આવે, પણ તેના જાણનાર રહે અને દુઃખ થાય તેને કર્મધારા તરીકે વેદે. આ..હા..હા...! ભગવાનની જ્ઞાનધારા જુદી ચીજ છે અને રાગધારા એ વિકાર–કર્મધારા છે. આનંદ અને દુઃખ – બે ધારા એકસાથે ચાલે ! આ..હા..હા...! જ્ઞાનીને પણ એ શુભભાવના ફળ તરીકે ચક્રવર્તીના રાજ આદિ મળે. આ..હા..હા...! તીર્થંકરનો ઉદય તો વળી કેવળી થાય ત્યારે આવે (છે). આ..હા..હા...! શું શૈલી ! ‘પ્રવચનસાર’ ! ભગવાનની દિવ્યધ્વનિનો સાર ! આ..હા..હા...!

એક ભાઈ પૂછતા હતા ને ? ‘નાઈરોબી’નું ! આ તમારા ‘નાઈરોબી’માં પંદર-વીસ લાખ ખર્ચે છે ને ? તો પૂછતા હતા કે, ‘આ મંદિર બંધાય એમાં ધર્મ પ્રભાવના થાશે ને ?’ શું કહેવું, બાપુ ! આ..હા...! એ તો એક શુભભાવ છે. આ..હા..હા...! ધર્મ તો શુભભાવથી ભિન્ન ભગવાન કાયમ બિરાજે છે... આહા..હા...! પરિણામને તેના ત્રિકાળી પરિણામી સાથે સંબંધ કરવો એ ધર્મ છે. બાકી પાંચ-પચીસ લાખના મકાન કરે અને મંદિર બનાવે માટે ધર્મ શોભા (વધી), પ્રભાવના થઈ ! (તો એમ નથી). ‘મુંબઈ’માં આ વખતે જુઓ ને ! આ..હા..હા...! ધમાધમ હતી, સવાર-બપોર-રાત (માણસો આવે) ! રાતે માણસ (આવતું), ત્રણ-ત્રણ હજાર (માણસ) રાતે આવતું, લ્યો ! જગ્યા મોટી-પહોળી હતી ને ! બેનની ખામી લોકોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાગતી કે, આવી સ્થિતિમાં બેનની બે દી' હાજરી નહિ. પણ એ સ્થિતિ... બાપુ ! એ બધી પર તરફના વલણવાળી વૃત્તિઓ છે, ભાઈ ! એ વૃત્તિઓના ફળ તરીકે તો અહીં કહે છે કે, (એ) બધા સાધનમાં રાગની સેના ઉત્પન્ન થાશે. આ..હા..હા...!

શ્રોતા :– તીર્થંકરના જન્મકલ્યાણક અને દીક્ષાકલ્યાણક થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– થાય તો શું છે ? એ રાગ છે. ઇન્દ્રો કેવળજ્ઞાનકલ્યાણકનો મહોત્સવ કરે એ રાગ છે. આ..હા..હા...! બહુ વાતો એવી !

પરદ્રવ્ય તરફનું વલણ ગમે તે જાતનું હો, (એ રાગ જ છે). આ..હા..હા...! ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ ! 'ઘટ ઘટ અંતર જિન વસે' એને પરદ્રવ્ય તરફના વલણમાં લઈ જવું... આ..હા..હા...! એ જિનસ્વરૂપથી તો વિરુદ્ધ છે. દુનિયાને ખટકે છે, બાપુ ! આહા..હા...! જ્ઞાનીને પણ એ ભાવ આવે પણ એ ભાવનું ફળ ઇન્દ્રિયોની સામગ્રી અને તેના તરફના વલણમાં... આ..હા..હા...! રાગની સેના ઉત્પન્ન થશે. આહા..હા...! એને (કર્મરજના) '**ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે પરિણામે દુઃસહ છે,...**' ઇન્દ્રિયના વિષયો તરફ રાગાદિની સેના થતા જેનું પરિણામ દુઃસહ છે. આ..હા..હા...! સહન થઈ શકે નહિ, એવી એની સ્થિતિ છે. આ શુભપરિણામનું ફળ ! આવી વાત !

પ્રભુ અંદર ચૈતન્ય વીતરાગમૂર્તિ છે, એ સ્વદ્રવ્યનો આશ્રય કર્યા સિવાય જેટલો પરદ્રવ્યનો આશ્રય જાય... એ તો પ્રભુએ કહ્યું નહિ ? 'કુંદકુંદાચાર્યે' ! '**परदव्वादो दुग्गई**' આ..હા..હા...! આ 'નાઈરોબી'માં મંદિર બનાવે છે ને ? અહીં તો '**परदव्वादो दुग्गई**' એમ કહે છે ! આ..હા..હા...! પર તરફના વલણની વૃત્તિ તો રાગ છે. ગમે એવા કરોડ રૂપિયાના મકાન બનાવે ! હાથી, ઘોડા... આહા..હા...! ઘોડાને લાખો રૂપિયાના શણગાર કરીને સેંકડો ઘોડા કાઢે તો આમ... આ..હા..હા...! શું ધર્મની પ્રભાવના (થઈ, એમ માને) ! (પણ) ભાઈ ! એ તો શુભભાવ (છે) અને બહારની ક્રિયા તો થવાની હતી તે થાય. આ..હા...!

અહીં તો (એમ કહે છે કે) '**ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે...**' પુણ્ય–શુભભાવ '**પરિણામે દુઃસહ છે,...**' જેનું પરિણામ દુઃસહ છે. આ..હા..હા...! છોકરાના પરિણામ આવે છે ને ? કે, પાસ થયો કે નાપાસ થયો. એમ શુભભાવનું પરિણામ... આ..હા..હા...! આકરી વાત છે, પ્રભુ ! (પોતાના સ્વભાવની) જાતને ભૂલીને જે ભાવ થાય એના બંધનમાં પુણ્ય આદિ બંધાય અને એનાથી સામગ્રી (મળે અને) તે પર તરફના વલણમાં તો રાગની સેના ઉત્પન્ન થાય. પ્રભુ તરફના વલણમાં વીતરાગતા થાય. આ..હા..હા...! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ વીતરાગસ્વરૂપ છે, તેના અવલંબન અને આશ્રયમાં તો વીતરાગતા થાય કે જે અબંધનું કારણ છે. આ તો બંધનું કારણ છે. ત્યારે (તે) કરવું કે ન કરવું ? પણ એ પ્રશ્ન (જ નથી). એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ આવે, સમકિતીને આવે, પણ જાણે કે, આ રાગ બંધનું કારણ છે. આહા..હા...!

પાંચમો બોલ. એ ઇન્દ્રિયનું સુખ '(૫) **'વિષમ' હોતું થકું...**' એ વિષમ છે. આ..હા..હા...! '**હાનિવૃદ્ધિમાં પરિણમતું હોવાને લીધે...**' ઓછું-વત્તું થઈ જાય. આ..હા...! ભગવાનઆત્માના આનંદમાં જાય ત્યાં એકધારા – સરખી ધારા (રહે) છે. આ..હા..હા...! શુભભાવથી થતો સંસાર (એમાં) આ સામગ્રી (મળે). આહા..હા...! (એક ભાઈ મુંબઈમાં મળવા) આવ્યા હતા. કોઈ કહે, એની પાસે પચાસ કરોડ છે ! પણ શું એમાં ? થયું શું પણ એમાં ? બૈરાને લઈને (આવ્યા હતા). બૈરા (બધા) જૈન અને મંગળિક સાંભળવાનો પ્રેમ. આ કરતા-કરતા કર્યા કરે. પચાસ કરોડ રૂપિયા ! મોટા-મોટા શહેરોમાં મકાનો, પેલું શું કહેવાય ? દુકાનો ! આહા..હા...! અરે..! પણ શું ચીજ છે એ ?

શ્રોતા :– જેને રહેવાનું ઘર ન હોય એને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– રહેવાનું ઘર ન હોય તો (એને) આ રહેવાનું ઘર અંદર છે ને ! અંદર ઘર છે કે નહિ ? અહીં એની વાત તો ચાલે છે. આ..હા..હા...! નિજઘર અંદર છે અને તે જ શાશ્વત ઘર છે. આ..હા..હા..! એના પરિણામ ભલે પલટતા (હોય) પણ વસ્તુ શાશ્વત છે. નિત્યપરિણામી છે ને ? નિત્ય છે એ કોઈ ખાલી નથી. આ..હા..હા...! એમાં અનંત.. અનંત.. નિત્ય ગુણ ભર્યા છે. અનંત.. અનંત... નિત્ય ગુણ ભર્યા છે. આ..હા..હા...! એવો જે ભગવાનઆત્મા ! એનું અવલંબન છોડીને જેટલું પરના અવલંબનમાં (વલણ જાય), ભલે દેવ, ગુરુ, શાસ્ત્રના અવલંબનમાં જાય, છતાં એ શુભભાવનું ફળ '**વિષમ' હોતું થકું હાનિવૃદ્ધિમાં પરિણમતું...**' આહા..હા...! એકદમ કરોડપતિ હોય ને બીજે દિવસે બધું ખલાસ થઈ જાય. ઓલું આવે છે ને ? શું કહેવાય ? ધરતીકંપ ! ધરતીકંપ થયો. (એક) કરોડપતિ હતો, બહાર (ફરવા) ગયો, (પાછો આવ્યો ત્યારે) પોતા પાસે આઠ-દસ હજાર હશે બાકી બધું ખલાસ ! ધરતીકંપમાં મકાન, બાયડી, છોકરા (બધું ખલાસ) ! આ..હા..હા...! એ 'જામનગર' આવ્યો, ભાષણ કરતો હતો, ભાષણ કરતા-કરતા દેહ છૂટી ગયો ! આ..હા..હા...!

મૂળ તત્ત્વ છે એ વાત આખી પડી રહી અને ઉપરના તત્ત્વો – બહારના ઉપરના જે તરતા તત્ત્વો (છે તેમાં રોકાઈ ગયો). અરે...! એક સમયની પર્યાય છે એ ઉપરનું તત્ત્વ છે. એને બહિર્તત્ત્વ કહ્યું છે ને ? આ..હા..હા...! એ બહિર્તત્ત્વના પ્રેમ અને ઉત્સાહમાં સ્વતત્ત્વનો અનાદર થઈ જાય છે એ એને ખ્યાલમાં આવતું નથી. આ..હા...!

બહારના વિષયસુખ વિષમ છે. એટલે '**હાનિવૃદ્ધિમાં પરિણમતું હોવાને લીધે અત્યંત અસ્થિર છે;...**' આ..હા..હા...! '**માટે તે (ઇંદ્રિયસુખ) દુ:ખ જ છે.**' આ..હા..હા...! '**જો આમ છે (અર્થાત્ જો ઇંદ્રિયસુખ દુ:ખ જ છે) તો પુણ્ય પણ, પાપની જેમ, દુ:ખનું સાધન છે...**' આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મુંબઈ'માં એક અન્યમતિ કરોડપતિ જુવાન વૈષ્ણવ હતો. એણે એકવાર સાંભળ્યું કે, પુણ્ય છે તે સોનાની બેડી છે. એને એમ થઈ ગયું કે... આ..હા..હા...! વાહ...! જુવાન હતો, વૈષ્ણવ ! સોનાની બેડી ! લોઢાની બેડી હળવી હોય અને સોનાની બેડી વધારે તોલદાર (હોય). આહા....! બહુ આકરું કામ ! જગતથી આ આખી જુદી જાત છે. વીતરાગમાર્ગ...!

અહીં કહે છે કે, '**જો આમ છે...**' (એટલે) આ બધું (જે) કહ્યું '**(અર્થાત્ જો ઇંદ્રિયસુખ દુઃખ જ છે)...**' આ..હા..હા...! જુવાન શરીર હોય, પાંચ-પચીસ લાખ (રૂપિયા) હોય. આ..હા...! પેલો એક નહોતો ? એક રાતમાં એક કરોડ ખર્ચ્યા હતા ! 'ઈટાલી'માં ! છાપામાં આવ્યું હતું. એક કરોડ રૂપિયા ! એક રાતમાં એક કરોડ ખર્ચ્યા ! પહેલી રાતના ! એટલે એને તો એમ થઈ જાય કે, આ..હા..હા...!

અમે એક થોડુંઘણું જોયું હતું. 'પાલેજ'થી એક લગ્નમાં ગયા હતા. 'ચમાર' ગામ છે, ત્યાં વોરાના લગ્ન હતા. પાડોશી જોડે પ્રેમ એટલે ગયા હતા. હું અને 'કુંવરજીભાઈ' બન્ને (ગયા હતા). આમ દીવા... દીવા... દીવા... ચારેકોર ! ભપકા ! આ..હા..હા...! (સંવત) ૬૪-૬૫ની વાત છે. અમારું જમવાનું જુદું કરે. વોરા (હતા) એના લગ્નમાં ગયા હતા. આ..હા..હા...! દેખાવ જુઓ તો રાતે આમ ભપકા... ભપકા...! પ્રકાશ ને આમ ને હો..હા... હો..હા... જાણે શું રમતમાં આવી ગયા ! શું સુખમાં અમે આવી ગયા ! આ..હા..હા...! અરે..રે...!

(અહીંયાં કહે છે) '**(જો ઇન્દ્રિયસુખ દુઃખ જ છે)...**' એમ તો સિદ્ધ કર્યું '**તો પુણ્ય પણ, પાપની જેમ,...**' આ..હા..હા...! '**દુઃખનું સાધન છે એમ ફલિત થયું.**' આ..હા..હા...!

**ભાવાર્થ :– 'ઇંદ્રિયસુખ દુઃખ જ છે, કારણ કે તે પરાધીન છે, અત્યંત આકુળ છે, વિપક્ષની (–વિરોધીની) ઉત્પત્તિવાળું છે,...**' (એટલે કે) અશાતાની (ઉત્પત્તિવાળું છે). '**પરિણામે દુઃસહ છે...**' આ..હા..હા...! '**અને અત્યંત અસ્થિર છે.**' આ..હા..હા...! શું વર્ણન ! '**આમાંથી એમ ફલિત થયું કે પુણ્ય પણ દુઃખનું જ સાધન છે.**' આ..હા..હા...! એક કોર એમ કહે કે, એક જવના (દાણા) જેટલી (જિન) પ્રતિમા સ્થાપે તો તેના પુણ્યનું (વર્ણન) સરસ્વતી પણ કહી શકે નહિ ! 'પદ્મનંદી પંચવિંશતિ' ! એ તો એનું – શુભભાવનું વર્ણન (કરે ત્યારે એમ કહે). આ..હા..હા...! પણ એ દુઃખ છે, (એમ) કહે છે. ઇન્દ્રિયનું સુખ તે દુઃખ છે. આ..હા..હા...! ભલે એ પુણ્યને સરસ્વતી કહી શકે નહિ એટલું પુણ્ય હોય પણ છે તે દુઃખ. એનું ફળ દુઃખ (છે). એ પોતે દુઃખ (છે) અને એનું ફળ પણ દુઃખ (છે). આ..હા..હા...!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે. એવા અતીન્દ્રિય પ્રભુની મહાસત્તા (છે). રાગની ક્ષણિક, વિકૃત અને દુઃખરૂપ સત્તા (છે). આ બાજુ ભગવાન અતીન્દ્રિય આનંદના સુખનો સાગર, અતીન્દ્રિય નિત્ય અને શાશ્વત પ્રભુ પડ્યો છે... આ..હા..હા...! એના તરફ ઝૂક ને ! ઝૂકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पुण्यपापयोरविशेषत्वं निश्चिन्वन्नुपसंहरति -

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ।।७७।।**

**न हि मन्यते य एवं नास्ति विशेष इति पुण्यपापयोः।**
**हिण्डति घोरमपारं संसारं मोहसंछन्नः ।।७७।।**

एवमुक्तक्रमेण शुभाशुभोपयोगद्वैतमिव सुखदुःखद्वैतमिव च न खलु परमार्थतः पुण्यपापद्वैतमवतिष्ठते, उभयत्राप्यनात्मधर्मत्वाविशेषत्वात्। यस्तु पुनरनयोः कल्याणकालायसनिगडयोरिवाहङ्कारिकं विशेषमभिमन्यमानोऽहमिन्द्रपदादिसंपदां निदानमिति निर्भरतरं धर्मानुरागमवलम्बते स खलूपरक्तचित्तभित्तितया तिरस्कृतशुद्धोपयोगशक्तिरासंसारं शारीरं दुःखमेवानुभवति ।।७७।।

---

एवं पुण्यानि जीवस्य तृष्णोत्पादकत्वेन दुःखकारणानि भवन्तीति कथनरूपेण द्वितीयस्थले गाथाचतुष्टयं गतम्। अथ निश्चयेन पुण्यपापयोर्विशेषो नास्तीति कथयन् पुण्यपापयोर्व्याख्यानमुपसंहरति - **ण हि मण्णदि जो एवं न हि** मन्यते य एवम्। किम्। **णत्थि विसेसो त्ति पुण्णपावाणं** पुण्यपापयोर्निश्चयेन विशेषो नास्ति। स किं करोति। **हिंडदि घोरमपारं संसारं** हिण्डति भ्रमति। कम्। संसारम्। कथंभूतम्। घोरम् अपारं चाभव्यापेक्षया। कथंभूतः। **मोहसंछण्णो** मोहप्रच्छादित इति। तथा हि - द्रव्यपुण्यपापयोर्व्यवहारेण भेदः, भावपुण्यपापयोस्तत्फलभूतसुखदुःखयोश्चाशुद्धनिश्चयेन भेदः,

---

જા ને ! આ..હા..હા...! એની કોર ઝૂક ! આ..હા..હા...! શુભભાવ તરફ ઝૂકવાથી એનું ફળ તો દુઃખ છે. આ..હા..હા...! હવે ૭૭ (ગાથા) :–

‘**હવે પુણ્ય અને પાપનું અવિશેષપણું...**’ આ ગાથા બહુ આકરી છે ! આહા..હા...! ‘**પુણ્ય અને પાપનું અવિશેષપણું...**’ એટલે કે સામાન્યપણું એટલે કે એકરૂપપણું – બેમાં કંઈ ફેર નથી. આ..હા..હા...! શુભ અને અશુભ, પુણ્ય અને પાપના બન્ને ભાવમાં કાંઈ ફેર નથી. સામાન્યપણે બન્ને એક જ બંધના કારણ છે. આ..હા..હા...! એવું અવિશેષ(પણું) એટલે સામાન્યપણું ‘**નિશ્ચિત કરતા થકા (આ વિષયનો) ઉપસંહાર કરે છે :–**’ ૭૭. આ ગાથા ‘પરમાત્મપ્રકાશ’માં પણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



शुद्धनिश्चयेन तु शुद्धात्मनो भिन्नत्वाद्भेदो नास्ति। एवं शुद्धनयेन पुण्यपापयोरभेदं योऽसौ न मन्यते स देवेन्द्रचक्रवर्तिबलदेववासुदेवकामदेवादिपदनिमित्तं निदानबन्धेन पुण्यमिच्छन्निर्मोह-शुद्धात्मतत्त्वविपरीतदर्शनचारित्रमोहप्रच्छादितः सुवर्णलोहनिगडद्वयसमानपुण्यपापद्वयबद्धः सन् संसाररहितशुद्धात्मनो विपरीतं संसारं भ्रमतीत्यर्थः ।।७७।।

---

હવે પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતા થકા (આ વિષયનો) ઉપસંહાર કરે છે :–

**નહિ માનતો – એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

**અન્વયાર્થ :–** **[एवं]** એ રીતે **[पुण्यपापयोः]** પુણ્ય અને પાપમાં **[विशेषः नास्ति]** તફાવત નથી **[इति]** એમ **[यः]** જે **[न हि मन्यते]** નથી માનતો, **[मोहसंछन्नः]** તે મોહાચ્છાદિત વર્તતો થકો **[घोरं अपारं संसारं]** ઘોર અપાર સંસારમાં **[हिण्डति]** પરિભ્રમણ કરે છે.

---

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

નીચે હરિગીત :–

**નહિ માનતો–એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

મોહ એટલે મિથ્યાત્વ. આ..હા..હા...! આવા સ્પષ્ટ લેખ ! એમાં તકરારું કરે (કે), નહિ (શુભભાવ) સાધન છે, કહ્યું છે. 'જયસેનાચાર્યદેવ' (ની ટીકામાં કહ્યું છે કે), વ્યવહાર સાધન છે (અને) નિશ્ચય સાધ્ય છે. એ વ્યવહાર પણ નિશ્ચયથી વ્યવહારે હોય ક્યારે ? ખરેખર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** એમ પૂર્વોક્ત રીતે, શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્યપાપનું દ્વૈત ટકતું–રહેતું નથી; કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું અવિશેષ અર્થાત્ સમાન છે. (પરમાર્થે જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હયાત નથી, જેમ સુખ અને દુઃખરૂપ દ્વૈત હયાત નથી, તેમ પુણ્ય અને પાપરૂપ દ્વૈત પણ હયાત નથી; કારણ કે પુણ્ય અને પાપ બન્ને આત્માના ધર્મ નહિ હોવાથી નિશ્ચયથી સમાન જ છે.) આમ હોવા છતાં, જે જીવ તે બેમાં – સુવર્ણની અને લોખંડની બેડીની માફક – અહંકારિક તફાવત માનતો થકો, અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત ધર્માનુરાગને અતિ નિર્ભરપણે (–ગાઢપણે) અવલંબે છે, તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે (–ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત કર્મોપાધિના નિમિત્તે રંગાયેલી–મલિન–વિકૃત હોવાને લીધે) જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો, સંસારપર્યંત (–જ્યાં સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાંસુધી અર્થાત્ સદાને માટે) શારીરિક દુઃખને જ અનુભવે છે.

**ભાવાર્થ :–** જેમ સુવર્ણની બેડી અને લોખંડની બેડી બન્ને અવિશેષપણે બાંધવાનું જ કામ કરે છે, તેમ પુણ્ય અને પાપ બન્ને અવિશેષપણે બંધન જ છે. જે જીવ પુણ્ય અને પાપનું અવિશેષપણું કદી માનતો નથી, તેને આ ભયંકર સંસારમાં રઝળવાનો કદી અંત આવતો નથી. ૭૭.

---

તો વ્યવહાર પણ ક્યારે કહેવાય ? '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' ('બૃહદ દ્રવ્યસંગ્રહ' ગાથા–૪૭) આહા..હા...! આ તો સિદ્ધાંત છે. અંતરમાં સ્વભાવની દૃષ્ટિ કરતાં જે નિશ્ચય પ્રગટ થાય તે ધર્મ – મોક્ષમાર્ગ (છે) અને ત્યાં ધ્યાનમાં પણ રાગ બાકી રહે એને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપ(થી) કહેવાય. આવો પાઠ છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**' આમ વિકલ્પમાં હોય અને સમકિત પામી જાય (એમ નથી). આ..હા..હા...! શું કીધું ઇ ? શાસ્ત્ર ભણે, બહુ વાંચન કરે, વિકલ્પો ઘણા થાય માટે એનાથી સમકિત પામી જાય (એમ નથી). આ..હા..હા...! એ વિકલ્પનો પણ અભાવ થઈને ધ્યાન અંદર સ્વરૂપમાં – ધ્યેયમાં લાગી જાય. આ..હા..હા...! સ્વરૂપને ધ્યેય બનાવીને ધ્યાનમાં જે નિર્મળતા પ્રગટે ત્યાં નિશ્ચય કીધો અને ત્યાં રાગ બાકી રહ્યો તેને વ્યવહાર કહ્યો. ત્યાં એમ નથી કહ્યું કે, રાગ પહેલો, વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી. વ્યવહાર સાધન છે માટે નિશ્ચય પ્રગટે, એમ કહ્યું નથી. 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'નું એ વચન છે. આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો ભગવાનનું વચન છે – 'કુંદકુંદાચાર્ય'નું !

**ટીકા :– 'એમ પૂર્વોક્ત રીતે,...'** પૂર્વે ઉક્ત નામ કહ્યા એ પ્રકારે. આ..હા..હા...! **'શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક...'** શુભ અને અશુભ જેમ બે છે તેમ **'સુખ-દુઃખના દ્વૈતની માફક,...'** (એટલે) ફળ તરીકે. **'પરમાર્થે પુણ્યપાપનું દ્વૈત ટકતું–રહેતું નથી;...'** આ..હા..હા...! પરમાર્થે પુણ્ય-પાપ, શુભ-અશુભભાવનું દ્વૈત – બેપણું – વિશેષપણું ટકતું – રહેતું નથી. બન્ને એક જ જાત છે. આ..હા..હા...! કોઈ એમ કહે કે, એ તો બંધનને એક સરખા કીધા છે, ભાવને શું ? 'પુણ્ય-પાપ (અધિકાર)'માં તો એ બધું લીધું છે. ભાવ, બંધન એનું ફળ બધું લીધું છે અને એનો આશ્રય કોણ, ચાર લીધું છે ને ? આ..હા...!

**'એમ...'** (એટલે) જે આ રીત કીધી **'પૂર્વોક્ત રીતે, શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું–રહેતું નથી;...'** આ..હા..હા...! **'पुण्यपापद्वैतमवतिष्ठते'** આહા..હા...! નથી, ફેર નથી એમાં. **'न खलु परमार्थतः पुण्यपापद्वैतमवतिष्ठते।'** પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું નથી. અંદર આવે છે – વ્યવહારે ફેર ગણે, એ તો સમજવા માટે કથન (છે) બાકી પરમાર્થે તો એ દુઃખરૂપ જ છે. ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ ! અતીન્દ્રિય આનંદનો સુખસાગર, દરિયો આ..હા...! એક-એક ગુણ જેનો સુખસાગર દરિયો ! એવા અનંતા... અનંતા... ગુણોનો સાગર એવો ભગવાનઆત્મા ! એનાથી વિરુદ્ધ શુભ અને અશુભ પરિણામ–ભાવ અને એનું ફળ દુઃખ હોવાથી શુભ-અશુભભાવમાં કાંઈ ફેર નથી. આ..હા..હા...! પુણ્ય-પાપનું પરમાર્થે બેપણું ટકતું નથી. એટલે પુણ્ય અને પાપ એક જ બંધનું કારણ છે, બસ ! દુઃખ જ છે અને બંધનું જ કારણ છે. પુણ્ય પણ દુઃખના સાધન છે માટે તે પુણ્ય અને પાપ બન્ને એક જ જાતના છે. આ..હા..હા...!

આમાં વિદ્વાનો વાંધા લે. અહીંયાં તો એકાંતે કીધું છે. બીજે ઠેકાણે (બીજું) કીધું છે – વ્યવહાર સાધન છે નિશ્ચય સાધ્ય છે. અરે...! ભગવાન ! અહીંથી વિરુદ્ધ કહે એ કાંઈ વિરુદ્ધ તત્ત્વ કહેવાય ? પૂર્વાપર વિરોધ – રહિત વાત હોય તે વીતરાગની વાત હોય, ભાઈ ! બીજે ઠેકાણે કહ્યું છે કે, આમ (કરે) તો આમ થાય. પરંપરાએ થાય, નથી આવતું ? 'પ્રવચનસાર'માં ! એના જે પુણ્યભાવ છે એને પરંપરા મોક્ષનું (કારણ કહ્યું છે). પરંપરાનો અર્થ શું ? આ..હા..હા...! અત્યારે શુભમાં અશુભ ટળે છે, પછી શુભ ટાળશે, એમ પરંપરા(નો અર્થ છે). એનાથી કંઈ થાય, એમ નથી. આહા..હા...! મોટી તકરાર ! 'સોનગઢ'ને નામે મોટી તકરાર ! એકાંત છે... એકાંત છે...! આહા..હા...!

**'કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું...'** શું કીધું ઇ ? શુભ અને અશુભ બન્ને ભાવમાં અનાત્મધર્મપણું (છે). એ આત્મધર્મ નથી, એ તો અનાત્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજા, પંચ પરમેષ્ઠીનું સ્મરણ, પંચ પરમેષ્ઠીનો વિનય, ભક્તિ... આહા..હા...! એ બન્ને અનાત્મધર્મ (છે). શુભભાવ-અશુભભાવ અનાત્મ છે  અને શુભભાવ અનાત્મધર્મ છે. આ..હા..હા...! આવું આકરુ લાગે ! '**અનાત્મધર્મપણું અવિશેષ અર્થાત્ સમાન છે.**' બન્નેને અનાત્મધર્મપણું સરખું છે. આત્મધર્મ નથી. તેથી તે શુભ અને અશુભભાવ, ચાહે તો મહાવ્રતનો હોય કે પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહારનો હો, એ બધો ભાવ અવિશેષપણે (સમાન છે). પુણ્ય અને પાપ બન્ને અનાત્મધર્મ છે. આ..હા..હા...! એ આત્મધર્મ નહિ, અનાત્મધર્મ છે. અનાત્મધર્મ છે એટલે કે અધર્મ છે. આ..હા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ અનાત્મધર્મ છે ! આ..હા..હા...! રાડ નાખે ! (પણ) શું થાય ?

શ્રોતા :– એના ફળમાં તીર્થંકરના જન્મકલ્યાણક થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તીર્થંકર શું થાય, રાગ ટાળે ત્યારે થાય. આ..હા...! રાગ છે એ બંધન છે અને એ રાગ ટાળે ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે. આહા..હા...! તીર્થંકરપ્રકૃતિ બંધાણી માટે આત્માને વીતરાગતા આવશે, એમ ક્યાં છે ? આ..હા..હા...! એ શુભભાવથી પ્રકૃતિ બંધાણી એને તો ઝેરના ઝાડ કહ્યા. ૧૪૮ પ્રકૃતિ... આ..હા..હા...! વિષના વૃક્ષ છે ! ભગવાનઆત્મા ! અમૃતનું ઝાડ છે. જેમાંથી અમૃત ઝરે અને પ્રકૃતિમાંથી તો ઝેર ઝરે ! આ..હા..હા...! સંયોગ મળે અને એમાં લક્ષ જાય એટલે રાગની સેના ઊભી થાય. આકરું કામ છે, ભાઈ ! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય. વીતરાગમાર્ગ રાગથી ઉત્પન્ન થાય નહિ. આહા..હા...!

'**(પરમાર્થે જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હયાત નથી,...)**' બે પ્રકાર એમાં છે જ નહિ. શુભઉપયોગ અને અશુભઉપયોગ બન્ને એક જ જાત છે. આ..હા..હા...! ભગવાન એમ કહે (કે), અમારી સામું જોઈને તું અમારી ભક્તિ કર અને તારા બાયડી, છોકરાનો અશુભભાવ – બન્ને એક જાત છે ! દ્વૈત હયાત નથી (એટલે) બન્ને જુદાં પડતા નથી, કહે છે. આહા..હા...! બન્ને બંધના કારણ અને બન્ને દુઃખના સાધન અને વર્તમાન બન્ને આકુળતાસ્વરૂપ – દુઃખસ્વરૂપ (છે). આ..હા...!

'**(...જેમ સુખ અને દુઃખરૂપ દ્વૈત હયાત નથી,...)**' (અર્થાત્) ઇન્દ્રિયનું બહારનું સુખ અને દુઃખ બન્ને હયાત નથી, બન્ને એક જ (જાતના) દુઃખ છે. '**(...તેમ પુણ્ય અને પાપરૂપ દ્વૈત પણ હયાત નથી;...)**' આ..હા..હા...! એમ પુણ્ય અને પાપનું બેપણું હયાત નથી. આ..હા..હા...! '**(...કારણ કે પુણ્ય અને પાપ બન્ને આત્માના ધર્મ નહિ હોવાથી...)**' આ..હા..હા...! શુભ અને અશુભભાવ – દયા, દાન, જાત્રા, ભક્તિ, પૂજા, વ્રત એ બધો અનાત્મધર્મ (એટલે કે) અધર્મ છે. અર..ર..ર....! (આવું સાંભળીને અજ્ઞાની) રાડ નાખે ! જેમ પાપ છે એ અધર્મ છે એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ શુભભાવ છે એ અધર્મ છે. (જો એ ધર્મ હોય તો) ધર્મથી કંઈ બંધન થાય ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અધર્મ છે. આ..હા..હા...! એ અપરાધ છે. ષોડશકારણભાવના પણ અપરાધ છે, રાગ છે, દુઃખ છે. (તેથી) એ પુણ્ય અને પાપ બન્નેમાં કાંઈ ફેર નથી. આ..હા..હા...! આવું આકરુ લાગે ! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' જેમ 'નાગા બાદશાહથી આઘા' ! જેને દુનિયાની કાંઈ પડી નથી. સત્ય આ છે ! તમને બેસે ને બેસે (તમે જાણો) ! આ..હા..હા...!

પરમ સત્ય પ્રભુ ! અનાકુળ અતીન્દ્રિય જ્ઞાનનો સાગર ! એમાં શુભાશુભભાવ થાય એ એનાથી તદ્દન વિરુદ્ધ ઝેરના પંથ છે, એ દુઃખના પંથ છે. આ..હા..હા...! '(**...પુણ્ય અને પાપ બન્ને આત્માના ધર્મ નહિ હોવાથી નિશ્ચયથી સમાન જ છે). આમ હોવા છતાં, જે જીવ તે બેમાં–સુવર્ણની અને લોખંડની બેડીની માફક...**' સોનાની બેડી ઠીક છે અને લોઢાની ઠીક નથી (એમ) '**અહંકારિક તફાવત માનતો થકો,...**' આ..હા..હા...! (અર્થાત્) સોનાની બેડી ઠીક અને લોઢાની ઠીક નહિ, એમ અશુભભાવ ઠીક નહિ અને શુભભાવ ઠીક એમ (અહંકારિક તફાવત માનતો થકો). (અહંકારિકનો) અર્થ નીચે (આપ્યો) છે. 'પુણ્ય અને પાપમાં તફાવત હોવાનો મત અહંકારજન્ય (–અવિદ્યાજન્ય, અજ્ઞાનજન્ય) છે.' આ..હા...! (લોકો) એમ કહે છે કે, આ 'સોનગઢવાળા'નું છે ! પણ આ કોનું છે ? 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'ની તો ગાથાઓ છે અને એની ટીકા છે.

'**અહંકારિક તફાવત માનતો થકો...**' (અર્થાત્) લોખંડની બેડી કરતા આ સોનાની બેડી ઠીક છે, એમ અશુભભાવ કરતા શુભભાવ ઠીક છે, એમ માનતો થકો. '**અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત...**' લ્યો ! અહમિંદ્રપદ ત્યાં સુધી લઈ ગયા ! નવમી ગ્રૈવેયક સુધી (લઈ ગયા). મિથ્યાદૃષ્ટિ મુનિ પંચ મહાવ્રત ધારણ કરી, આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળે અને એમાં ધર્મ માને ! અઠ્ઠાવીસ મૂળગુણ પાળે એને ધર્મ માને ! એ તો રાગ છે. પંચ મહાવ્રત તો અધર્મ છે. આહા..હા...! એનું ફળ '**અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત ધર્માનુરાગને...**' એ ધર્મનો અનુરાગ – પ્રેમ છે. તેને '**અતિ નિર્ભરપણે (–ગાઢપણે) અવલંબે છે,...**' આ..હા..હા...! એ ધર્મના પ્રેમને – રાગને અવલંબે છે. આ..હા...હા...!

'**તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે (–ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત કર્મોપાધિના નિમિત્તે રંગાયેલી–મલિન–વિકૃત હોવાને લીધે)...**' આ..હા..હા...! શુભભાવને ઠીક માનનારની પરિણતિ રંગાયેલી મલિન, વિકૃત છે. '**જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે...**' આ..હા..હા...! શુદ્ધસ્વરૂપ ભગવાનઆત્મા પવિત્ર છે, તેના તરફનો જે શુદ્ધઉપયોગ (છે), (અજ્ઞાનીએ) શુભભાવમાં આવી, એના પ્રેમમાં આવી અને શુદ્ધઉપયોગનો તિરસ્કાર કર્યો (છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એમ કહે કે) 'એમ શુદ્ધ થઈ જાય ? કંઈક અશુભ ટાળે, પછી શુભ(માં) આવે તો શુભ કરતા-કરતા શુદ્ધ થાય.' એમ અજ્ઞાની માને. બન્ને મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આહા..હા...!

**'શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો, સંસારપર્યંત (–જ્યાંસુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાંસુધી અર્થાત્ સદાને માટે) શારીરિક દુઃખને જ અનુભવે છે.'** આ..હા..હા...! ગાથા આકરી, ભાઈ ! પુણ્યના ફળ તરીકે, શુભભાવના ફળ તરીકે, સંસારનો અંત નથી તેવા સંસારના દુઃખને ભોગવશે. એમાં આત્માનો કાંઈ પણ લાભ થશે નહિ. વિશેષ કહેશે...

卐 卐

ગાથા–૭૮,૭૯
પ્રવચન નં. – ૭૧
તા. ૧૯-૦૩-૭૯

'પ્રવચનસાર' ૭૭ ગાથાનો ભાવાર્થ. **'જેમ સુવર્ણની બેડી અને લોખંડની બેડી બન્ને અવિશેષપણે બાંધવાનું જ કામ કરે છે,...'** અવિશેષ એટલે બન્ને બાંધવાનું જ કામ કરે છે, એમાં કાંઈ ફેર (નથી). લોખંડની કે સોનાની (બેડી) બંધન(ની) અપેક્ષાએ સમાન જ છે. **'તેમ પુણ્ય અને પાપ બન્ને અવિશેષપણે...'** ફેરફાર વિના **'બંધન જ છે.'** આહા..હા...! **'જે જીવ પુણ્ય અને પાપનું અવિશેષપણું કદી માનતો નથી,...'** પુણ્ય અને પાપમાં ફેર માને (એટલે કે) પુણ્ય એ ઠીક છે અને પાપ એ અઠીક (છે) એમ જ્યાં સુધી માને ત્યાં સુધી **'તેને આ ભયંકર સંસારમાં...'** આહા...હા...! પુણ્ય અને પાપમાં સમાનતા ન માને અને શુભ-અશુભભાવમાં એક સરખું જ બંધન છે એમ ન માને **'તેને આ ભયંકર સંસારમાં રઝળવાનો કદી અંત આવતો નથી.'** આહા...હા...! એ ૭૭ (ગાથા પૂરી થઈ), હવે ૭૮ (ગાથા).

**'હવે, એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું...'** એકપણું અવધારીને, અવિશેષ એટલે સામાન્ય (અર્થાત્) બન્ને એક જ સરખા છે (એવું અવધારીને) **'સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે...'** આહા...હા...! શુભ અને અશુભ બેય દુઃખનું કારણ છે, બંધનું કારણ છે એમ જાણી જે આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवमवधारितशुभाशुभोपयोगाविशेषः समस्तमपि रागद्वेषद्वैतमपहासयन्नशेषदुःखक्षयाय सुनिश्चितमनाः शुद्धोपयोगमधिवसति-

**एवं विदिदत्थो जो दव्वेसु ण रागमेदि दोसं वा।**
**उवओगविसुद्धो सो खवेदि देहुब्भवं दुक्खं ।।७८।।**

**एवं विदितार्थो यो द्रव्येषु न रागमेति द्वेषं वा।**
**उपयोगविशुद्धः सः क्षपयति देहोद्भवं दुःखम् ।।७८।।**

यो हि नाम शुभानामशुभानां च भावानामविशेषदर्शनेन सम्यक्परिच्छिन्नवस्तुस्वरूपः स्वपरविभागावस्थितेषु समग्रेषु ससमग्रपर्यायेषु द्रव्येषु रागं द्वेषं चाशेषमेव परिवर्जयति स किलैकान्तेनोपयोगविशुद्धतया परित्यक्तपरद्रव्यालम्बनोऽग्निरिवायःपिण्डादननुष्ठितायःसारः प्रचण्डघनघातस्थानीयं शारीरं दुःखं क्षपयति। ततो ममायमेवैकः शरणं शुद्धोपयोगः ।।७८।।

---

अथैवं शुभाशुभयोः समानत्वपरिज्ञानेन निश्चितशुद्धात्मतत्त्वः सन् दुःखक्षयाय शुद्धोपयोगानुष्ठानं स्वीकरोति - **एवं विदिदत्थो जो** एवं चिदानन्दैकस्वभावं परमात्मतत्त्वमेवोपादेयमन्यदशेषं हेयमिति हेयोपादेयपरिज्ञानेन विदितार्थतत्त्वो भूत्वा यः **दव्वेसु ण रागमेदि दोसं वा** निजशुद्धात्मद्रव्यादन्येषु शुभाशुभसर्वद्रव्येषु रागं द्वेषं वा न गच्छति **उवओगविसुद्धो सो** रागादिरहितशुद्धात्मानुभूतिलक्षणेन शुद्धोपयोगेन विशुद्धः सन् सः **खवेदि देहुब्भवं दुक्खं** तप्तलोहपिण्डस्थानीयदेहादुद्भवं अनाकुलत्वलक्षणपारमार्थिकसुखाद्विलक्षणं परमाकुलत्वोत्पादकं लोहपिण्डरहितोऽग्निरिव घनघातपरंपरास्थानीयदेहरहितो भूत्वा शारीरं दुःखं क्षपयतीत्यभिप्रायः ।।७८।।

---

શુદ્ધોપયોગ તરફમાં વસે છે એને મુક્તિ (મળે છે) અને દુઃખનો અંત આવે છે. આહા...હા...! એ ગાથા.

**एवं विदिदत्थो जो दव्वेसु ण रागमेदि दोसं वा।**
**उवओगविसुद्धो सो खवेदि देहुब्भवं दुक्खं।।७८।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને, સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દૃઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે (–તેને અંગીકાર કરે છે) :–

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.**

**અન્વયાર્થ :–** **[एवं]** એ રીતે **[विदितार्थः]** વસ્તુસ્વરૂપ જાણીને **[यः]** જે **[द्रव्येषु]** દ્રવ્યો પ્રત્યે **[रागं द्वेषं वा]** રાગ કે દ્વેષને **[न एति]** પામતો નથી, **[सः]** તે **[उपयोगविशुद्धः]** ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો **[देहोद्भवं दुःखं]** દેહોત્પન્ન દુઃખનો **[क्षपयति]** ક્ષય કરે છે.

**ટીકા :–** જે જીવ શુભ અને અશુભ ભાવોના અવિશેષદર્શનથી (–સમાનપણાની શ્રદ્ધાથી) વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને, સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલાં જે સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવશેષપણે છોડે છે, તે જીવ, એકાંતે ઉપયોગવિશુદ્ધ (–સર્વથા શુદ્ધોપયોગી) હોવાને લીધે જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે એવો વર્તતો થકો – લોખંડના ગોળામાંથી લોખંડના સારને નહિ અનુસરતા અગ્નિની માફક – પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક દુઃખનો ક્ષય કરે છે. (જેમ અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના સત્ત્વને ધારણ કરતો નથી તેથી અગ્નિને પ્રચંડ ઘણના ઘા પડતા નથી, તેમ પરદ્રવ્યને નહિ અવલંબતા આત્માને શારીરિક દુઃખનું વેદન હોતું નથી.) માટે આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે. ૭૮.

---

પાઠમાં '**दव्वेसु**' છે (એટલે) દ્રવ્ય. પછી અર્થકારે – 'અમૃતચંદ્રાચાર્યે' સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બેય લીધા છે (અને) 'જયસેનાચાર્યે' એક પરદ્રવ્ય લીધું છે.

નીચે હરિગીત :

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.**

**ટીકા :– 'જે જીવ શુભ અને અશુભ ભાવોના અવિશેષદર્શનથી...'** (અવિશેષ નામ) એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ પ્રકારની '**(–સમાનપણાની શ્રદ્ધાથી)...**' આહા...હા...! ચાહે તો શુભ મહાવ્રતના પરિણામ હો કે અશુભ અવ્રતના પરિણામ હો... આહા...હા...! બેય એક જ સમાન છે (અર્થાત્) બંધનું કારણ છે. (એવી) '**(–સમાનપણાની શ્રદ્ધાથી) વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને,...**' શુભ અને અશુભની એક જ જાત છે એમ જાણી. '**વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને, સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલાં...**' બેય ભેગા લે છે – સ્વદ્રવ્ય પણ લે છે અને પરદ્રવ્ય પણ લે છે. '**સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલાં જે સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો...**' સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બધાં (આવી ગયા) '**તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવશેષપણે છોડે છે,...**' આહા...હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં સાતમા અધ્યાયમાં આવે છે – 'નિજદ્રવ્ય ભલું, પરદ્રવ્ય બૂરું' એ રાગ-દ્વેષ છે. આહા..હા...! નિજદ્રવ્ય ભલું છે – એ રાગ છે (અને) પરદ્રવ્ય બૂરું – એ દ્વેષ છે. સાતમા અધ્યાયમાં છે. આહા..હા...! અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બેયની પર્યાયસહિત જે દ્રવ્ય છે... આહા...હા...! તેમના '**પ્રત્યે રાગ અને દ્વેષ...**' સ્વદ્રવ્યમાં પણ રાગ-દ્વેષ નહિ અને પરમાં પણ (નહિ). સ્વદ્રવ્ય પર્યાયસહિત છે અને તેથી મને એમાં રાગ છે, મારી ચીજ છે, એમ નહિ. આહા...હા...! પર ચીજ છે એ મારાથી અન્ય છે એથી તે અનિષ્ટ છે એમ નહિ અને સ્વદ્રવ્ય તે ઇષ્ટ છે (એમ નહિ). આહા...હા...! આમ તો 'પ્રવચનસાર'માં લીધું છે – પર્યાયમાં ઇષ્ટ-અનિષ્ટતા.

શ્રોતા :– તેનો અભાવ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભાવમાં – પર્યાયમાં ઇષ્ટ-અનિષ્ટતા... આહા...હા...! પર્યાય છે તે ઇષ્ટ છે એમ છોડી દે (અને) પર્યાય અનિષ્ટ છે એ પણ છોડી દે. પર્યાયમાં વિકાર અનિષ્ટ છે એ છોડી દે. સ્વરૂપ છે એ ઇષ્ટ છે ત્યાં એમ આવ્યું છે. આહા...હા...! સ્વસ્વરૂપ ઇષ્ટ છે – શુદ્ધ જ્ઞાનઘન એ ઇષ્ટ છે, પર્યાયમાં તે ઇષ્ટ છે અને અશુદ્ધ છે તે અનિષ્ટ છે. જેણે અનિષ્ટનો નાશ કર્યો છે અને ઇષ્ટની પ્રાપ્તિ કરી છે તે મોક્ષ, એમ છે એમાં. આહા...હા...! કઈ અપેક્ષા છે ? ત્યાં ઇષ્ટ સ્વદ્રવ્ય અને એના ગુણોની પ્રાપ્તિ એ ઇષ્ટ છે અને વિકારમાત્ર અનિષ્ટ છે. તેથી પરમાત્માએ અનિષ્ટનો નાશ કરી અને ઇષ્ટની પ્રાપ્તિ કરી. એ જુદી ચીજ થઈ. અને નિજદ્રવ્યને ભલું જાણવું અને પરદ્રવ્યને બૂરું જાણવું એ રાગ-દ્વેષ થયો. તેથી અહીં (સ્વ અને પર) બે નાખ્યા. એ સાતમા અધ્યાયમાં નાખ્યું છે એ અપેક્ષાએ (વાત કરી). નિજદ્રવ્ય ભલું અને પરદ્રવ્ય બૂરું (જાણવું) એ તો રાગ-દ્વેષ થયો. આહા...હા...!

'**વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને...**' 'જાણીને' એમ કહ્યું. ભલે પોતે જેમ છે તેમ જાણે અને પર છે તેમ જાણે, પછી '**સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલાં જે સમસ્ત પર્યાયો**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સહિત સમગ્ર દ્રવ્યો...**' સમસ્ત પર્યાયો સહિત બધાં દ્રવ્યો – સ્વ અને પર (બધાં દ્રવ્યો). આહા...હા...! '**તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવશેષપણે છોડે છે,...**' કાંઈ પણ બાકી રાખ્યા વિના છોડે છે. આહા...હા...! સ્વદ્રવ્ય ઠીક છે એ પણ છોડી દે છે. આહા...હા...! ઉપાદેયપણે છે એ જુદી વસ્તુ છે – નિજદ્રવ્ય ત્રિકાળી ઉપાદેયપણે છે (એ જુદી વસ્તુ છે) પણ એ ઇષ્ટ છે, પ્રિય છે, ભલું છે એવો રાગ તો નુકસાન કરનાર છે. આ..હા...હા...!

'**એવા બે વિભાગમાં રહેલાં જે સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો...**' એમાં પોતે પણ આવી ગયો. આ..હા...હા...! પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પણ પોતાને જાણે, પણ તેમાં રાગ અને દ્વેષનો નાશ કરે, રાગ-દ્વેષ ન કરે. આહા...હા...! વિકલ્પ ઉઠાવીને 'આ ઠીક છે' એમ ન કરે, (એમ) કહે છે. આહા...હા...! એકકોર શુદ્ધ દ્રવ્યને ઉપાદેય કહેવું, એકકોર અનિષ્ટનો નાશ કરીને ઇષ્ટની પ્રાપ્તિ કરવી (એમ કહે). 'પ્રવચનસાર !' આહા...હા...! એ પર્યાયની અપેક્ષાએ વાત છે. એ બધી જેટલી વિકારી પર્યાયો છે તે બધી અનિષ્ટ છે. પર અનિષ્ટ નથી એટલું નક્કી કરવા એ વિકારને અનિષ્ટ કીધો. પર(પદાર્થ) અનિષ્ટ નહીં. તેમ ઇષ્ટ... આ..હા...હા...! જે ઇષ્ટ છે તે પ્રાપ્ત કર્યું છે. (અર્થાત્) શુદ્ધ ઉપયોગની પરિણતિથી શુદ્ધભાવને પ્રાપ્ત કર્યો તે ઇષ્ટની પ્રાપ્તિ થઈ અને અનિષ્ટનો નાશ કર્યો.

અહીં કહે છે કે, એ જે કહ્યું હતું એ અપેક્ષા બીજી છે, આ અપેક્ષા બીજી છે. આહા...હા...! સ્વદ્રવ્યના ગુણ-પર્યાય સહિત જે સમગ્ર દ્રવ્ય તેના પ્રત્યેનો રાગ કે 'આ ઠીક છે' અને આ પરદ્રવ્ય તે (પ્રત્યે) દ્વેષ એટલે 'ઠીક નથી' એવો સમગ્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ છોડી દે. આ..હા...હા...! ચારિત્રની વ્યાખ્યા વિશેષ દે છે ને ? (એટલે) હવે ચારિત્રને આગળ લઈ જાય છે. આહા...હા...!

સાતમા અધ્યાયમાં બે ઠેકાણે આવે છે ઇ તો બીજી અપેક્ષા છે. આ રાગ છે તે અનિષ્ટ છે એના પર દ્વેષ કરવો એમ નહિ અને શુભરાગ છે તે ઠીક છે એમ કરીને ત્યાં પ્રેમ કરવો એમ નહિ. એમ આ સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્મળ પર્યાય સહિત દ્રવ્ય-ગુણ છે તે પ્રિય છે, ઇષ્ટ છે એમ રાગ કરવો, એમ નહિ. આ..હા...હા...! ભારે વીતરાગ માર્ગ...!! એ સાતમા અધ્યાયમાં છે, હમણાં કાઢ્યું હતું. ૨૧૮ પાને છે. '**જો પરદ્રવ્યનું પરદ્રવ્યરૂપ શ્રદ્ધાનાદિ કરવાથી સમ્યગ્દર્શનાદિ ન થતાં હોય, તો કેવળીભગવાનને પણ તેનો અભાવ થાય. જ્યાં પરદ્રવ્યને બૂરાં જાણવાં તથા નિજદ્રવ્યને ભલુ જાણવું થાય ત્યાં તો રાગ-દ્વેષ સહજ જ થયા.**' આ શૈલી લીધી. આહા...હા...! જેમ છે તેમ જાણવું એ જુદી વસ્તુ છે અને જાણ્યાં ઉપરાંત 'આ ભલું છે' અને 'આ બૂરું છે' એમ જ્યાં કરે તો રાગ-દ્વેષ છે. આહા...હા...! આહા...હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક !' સ્વ-પર બે આશય આવી ગયા. આહા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયાં કહે છે) સ્વદ્રવ્ય અને એ પર્યાય સહિત સ્વદ્રવ્ય, નિર્મળ પર્યાય સહિત સ્વદ્રવ્ય તેના પ્રત્યે પણ રાગ નહિ અને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા કે પંચપરમેષ્ઠી એના પ્રત્યે પણ રાગ નહિ. આહા...હા...! તેમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર – એ પરદ્રવ્ય પ્રત્યે દ્વેષ નહિ. જાણવું જુદી વાત છે એમ કહે છે. એ પહેલો શબ્દ લીધો ને ? '**વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને**' જાણવું જુદી વાત (છે). આ..હા...હા...! આવી સૂક્ષ્મ વાતું !! અંદર ક્યાં થોડો ફેર પડે છે ઇ અંતર ન સમજે અને પછી ગોટો વાળે. આહા...હા...!

'**સમગ્ર દ્રવ્યો તેમના પ્રત્યે...**' અરિહંતનું દ્રવ્ય, પંચપરમેષ્ઠીનું (દ્રવ્ય) એ તો પરદ્રવ્ય છે અને આ દ્રવ્ય તે સ્વદ્રવ્ય છે. બેય દ્રવ્યો, પર્યાય સહિત દ્રવ્યો '**તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવશેષપણે છોડે...**' (કોઈ) અંશે પણ રાગ (બાકી રાખ્યા વિના), મને મારું આ દ્રવ્ય ઠીક છે એવો અંશે પણ રાગ છોડી દઈને. આહા...હા...! અને પરદ્રવ્ય પંચપરમેષ્ઠી... આહા...હા...! પરમેષ્ઠી કહે છે ને ? પંચપરમેષ્ઠી કહે છે ! (એટલે કે) પરમ ઇષ્ટ છે. એ તો રાગની અપેક્ષાએ ઇષ્ટ કહ્યું છે. આહા...હા...! શુભરાગ આવે એટલે ઇષ્ટ કહ્યું છતાં પણ એ વસ્તુસ્વરૂપ નહિ. આ..હા...હા...હા...! પંચપરમેષ્ઠી તે ઇષ્ટ તરીકે નહિ, ભગવાન ! આવું છે ! નિજદ્રવ્ય પરિપૂર્ણ પરમાત્મા અને નિર્મળ વીતરાગી પર્યાય સહિત એમ જણાણું. આહા...હા...! તો જાણે, પણ 'આ ભલું છે' એવો ભેદ ન પાડે. આહા...હા...!

સમગ્ર દ્રવ્યો, પર્યાય સહિત દ્રવ્યો, એમ એકલા દ્રવ્યો નહીં પાછા. આ..હા...હા...! અને ત્યાં 'પ્રવચનસાર'માં પર્યાય અનિષ્ટ કીધી. એ અપેક્ષાથી (કહ્યું છે). આ..હા...! અનિષ્ટ કેમ (કહ્યું) કે, છોડવાલાયક છે માટે. અને ઇષ્ટ (એટલે) વસ્તુની નિર્મળપર્યાય પ્રાપ્ત કરી એ ઇષ્ટ છે. અનિષ્ટનો નાશ કર્યો અને ઇષ્ટની પ્રાપ્તિ કરી ત્યાં એમ છે. ત્યાં આગળ ઇષ્ટ-અનિષ્ટનો અર્થ રાગ-દ્વેષ નહિ. ત્યાં ઇષ્ટની પ્રાપ્તિ કરી (અર્થાત્) પૂર્ણાનંદની દશાને પ્રાપ્ત કરી અનિષ્ટ એવા વિકારભાવોનો નાશ કર્યો. આ..હા...હા...!

'**રાગ અને દ્વેષને નિરવશેષપણે...**' કાંઈ બાકી રાખ્યા વિના. પંચપરમેષ્ઠીમાં અંશે-અંશે જરીક તો રાગ રાખું... આ..હા...હા...! પરદ્રવ્યમાં થોડો તો રાગ રાખું, એમાં નહીં તો સ્વદ્રવ્યમાં થોડો તો રાગ રાખું (એમ પણ નહિ). આહા...હા...! આ..હા...હા...! શું વીતરાગમાર્ગ !! આ એની શૈલી તો જુઓ !! આ..હા...હા...! એકલી વીતરાગની (વીણા) વાગે છે ! વીતરાગની વીણા વાગે છે !! આહા...હા...! રાગની જ્યાં ગંધ નહિ. આ..હા...હા...! મારું દ્રવ્ય ઇષ્ટ છે એવો રાગ પણ નહિ (અને) પરદ્રવ્ય અનિષ્ટ છે તે દ્વેષ પણ નહિ. આ..હા...હા...હા...! જેમ છે તેમ તેને જાણવું.

'**તે જીવ, એકાંતે ઉપયોગવિશુદ્ધ...**' અહીંયાં વિશુદ્ધ શબ્દ શુદ્ધના અર્થમાં છે. વિશુદ્ધ શબ્દ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુભના અર્થમાં નહિ. શુભના અર્થમાં પણ વિશુદ્ધ આવે, શુદ્ધના અર્થમાં પણ વિશુદ્ધ આવે. આહા...હા...! અહીંયાં ઉપયોગવિશુદ્ધ એટલે કે જે શુભ-અશુભ ઉપયોગ હતો તે અશુદ્ધ હતો. આહા...હા...! અને ચૈતન્યસ્વરૂપ તરફનો ઉપયોગવિશુદ્ધ એટલે કે શુભ-અશુભ રાગ રહિત વિશુદ્ધ એટલે કે શુદ્ધ. આહા...હા...! '**એકાંતે ઉપયોગવિશુદ્ધ**' ભાષા જોઈ ? કાંઈ પણ રાગની અપેક્ષા રાખ્યા વિના, આહા...હા...! પંચપરમેષ્ઠી પ્રત્યેનો રાગનો અંશ રાખીને કામ લેવું એમ પણ નહિ (એમ) કહે છે. આ..હા...હા...! ટીકા તે ટીકા છે ને ! આ..હા...હા...!

'**એકાંતે ઉપયોગવિશુદ્ધ...**' ઉપયોગને કથંચિત્ શુભની અપેક્ષા પણ હોય એમ નહિ. આહા...હા...! એકાંતે ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આનંદ પવિત્ર પ્રભુ ! તેનો શુદ્ધ ઉપયોગ. શુભ-અશુભ ભાવ એ બંધનું કારણ અને રાગ-દ્વેષ છે. આ શુદ્ધ ઉપયોગ ભાવ એ અબંધસ્વરૂપી પ્રભુ !... આહા...હા...! અબંધસ્વરૂપી ભગવાનનો અબંધ પરિણામ એટલે શુદ્ધ ઉપયોગ. આ..હા...હા...! અબંધસ્વરૂપી પ્રભુ ! તેના તરફનો ઉપયોગ તે શુદ્ધ ઉપયોગ. તેને '**ઉપયોગવિશુદ્ધ**' કહ્યો છે. આહા...હા...! પરદ્રવ્યમાં અને સ્વદ્રવ્યમાં રાગનો વિકલ્પ ઉઠવો તે અશુદ્ધ છે એમ કહ્યું છે. આ..હા...હા...! અને તે બેય બાજુના રાગના અંશને પણ છોડીને. (આ) પંચમ આરાના મુનિ કહે છે, જુઓ તો ખરા ! આ..હા...હા...! પાંચમા આરામાં આમ છે ને તેમ છે (એ વાત મૂકી દે એમ) કહે છે. આ..હા..હા...!

'**એકાંતે ઉપયોગવિશુદ્ધ (–સર્વથા શુદ્ધોપયોગી) હોવાને લીધે...**' આ..હા...! '**જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે...**' અહીં શુદ્ધઉપયોગ થયો ને ? એટલે જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે. '**એવો વર્તતો થકો...**' આહા...હા...! જેણે ત્રણલોકના નાથ તીર્થંકર અને કેવળી અને એની વાણીનું પણ અવલંબન છોડ્યું છે... આ..હા...હા...! કેમકે પરદ્રવ્ય તરફના લક્ષમાં રાગ થાય છે તેથી તે પ્રત્યેનું વલણ છોડી '**નિરવશેષ...**' (અર્થાત્) રાગનો અંશ બાકી રાખ્યા વિના. કાંઈક થોડો રાગ રાખું... થોડો રાગ રાખું... તો આગળ વધાશે એ બિલકુલ નહિ. આ..હા...હા...! સમજાણું કાંઈ ? અટપટી વાત આવી છે. આ..હા...!

(અજ્ઞાની) કહે છે કે, 'અત્યારે પંચમ આરામાં શુભઉપયોગ જ છે' આમ છાપામાં આવ્યું હતું. (એક સાધુ કહે છે કે) 'આ પંચમ આરામાં શુભઉપયોગ જ હોય, શુદ્ધ ઉપયોગ અત્યારે હોય નહિ !' અર..ર... પ્રભુ ! પ્રભુ ! શું કરે છે તું આ ? એને પાછા સાધુ માનવા ! બાપુ ! પ્રભુ ! માર્ગ આમ નથી, ભાઈ ! આ..હા...હા...!

પંચમ આરામાં પણ પ્રભુ આત્મા છે કે નહિ ? એવો ચોથે આરે છે, એવો પાંચમે આરે, એવો છઠ્ઠે આરે (છે). આરો-ફારો એને નડે છે ક્યાં ? એ તો ભગવાન પૂર્ણાનંદનો નાથ (છે) ! આ..હા...હા...! ગમે તે કાળના પ્રસંગમાં એ તો પવિત્રતાનો ધામ પ્રભુ છે. એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળ નડતો નથી. આ..હા...હા...હા...! એને આ નરક (આદિ) ગતિ હોતી નથી, આ..હા...હા...! એને ગુણસ્થાન ભેદ હોતા નથી. આહા...હા...હા...! એમાં ક્ષાયિક ભાવ હોતો નથી. આહા...હા...! એવો ભાવ પણ પંચમ આરામાં ચૈતન્યની સત્તાના અસ્તિત્વ સ્વરૂપે બિરાજે છે ! આ..હા...હા...હા...! જેનું સત્ત્વ જ – ચૈતન્ય સત્ છે તેનું સત્ત્વ જ પવિત્ર અને પૂર્ણ છે. આ..હા...હા...! એવું પવિત્ર અને પૂર્ણપણું (છે) એને કોઈ કાળે કાળ લાગું પડતો નથી. આ..હા...હા...! એટલે એને વિશ્વાસ કરવા માટે આવી ચીજ અત્યારે હોય કે નહિ ? આ..હા...હા...! એવા સંદેહને સ્થાન નથી. આહા...હા...! સવારે, બપોરે અધિકાર સારો આવ્યો, ભાઈ ! આહા...હા...! આવી વાત છે, બાપા ! આ..હા...હા...! શું છે ? આ..હા...હા...! વીતરાગસ્વભાવની રેલમછેલ ! પંચમ આરાએ પ્રભુ ! આ..હા...હા...!

કહે છે '**એકાંતે ઉપયોગવિશુદ્ધ (–સર્વથા શુદ્ધોપયોગી) હોવાને લીધે...**' આ..હા...હા...! '**જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે...**' આ..હા...! શુદ્ધ ઉપયોગ છે એથી સ્વદ્રવ્યનું આલંબન છે. એણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે. આ..હા...! '**એવો વર્તતો થકો...**' જેણે શુદ્ધ ઉપયોગ હોવાને લીધે (સ્વદ્રવ્યનું અવલંબન લીધું છે). એકાંતે દ્રવ્ય સ્વભાવ, ભગવાન પરમાત્મસ્વરૂપ પ્રભુ ! એનો ઉપયોગ તે શુદ્ધ (ઉપયોગ), '**એવો વર્તતો થકો...**' આ..હા...હા...! '**જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે એવો વર્તતો થકો–લોખંડના ગોળામાંથી લોખંડના સારને નહિ અનુસરતા...**' આહા...હા...! '**અગ્નિની માફક–પ્રચંડ ઘણના ઘા સમાન...**' આ..હા...હા...! '**શારીરિક દુઃખનો ક્ષય કરે છે.**' પરદ્રવ્યનું આલંબન છોડી – ચાહે તો પંચપરમેષ્ઠી હો, સાક્ષાત્ સીધી સર્વજ્ઞની વાણી હો. આહા...હા...હા...! એનું આલંબન છોડી એકાંતે વિશુદ્ધ નામ શુદ્ધ ઉપયોગ હોવાથી... આહા...હા...! પરદ્રવ્યનું આલંબન નથી.

તેથી '**લોખંડના ગોળામાંથી લોખંડના સારને નહિ અનુસરતા...**' આહા...હા...! 'સાર – લોખંડનો સાર = સત્ત્વ, ઘનતા, કઠિનતા.' '**અગ્નિની માફક – પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક...**' આહા...હા...! એ લોઢામાં અગ્નિ પેઠી. '**પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક દુઃખનો ક્ષય કરે છે.**' પ્રભુ ! જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે અને સ્વદ્રવ્યના આલંબનથી શુદ્ધ ઉપયોગ જેણે પ્રગટ કર્યો છે એને લઈને તે '**શારીરિક દુઃખનો ક્ષય કરે છે.**' સમજાવવું છે ને ? એવું જ્યાં થાય છે ત્યાં શારીરિક દુઃખ એને હોતું નથી. તેને તે ક્ષય કરે છે એમ કહે છે.

આ..હા...હા...! શું સર્વજ્ઞની વાણી ! દિગંબર સંતોની વાણી !! જેને ગણધરો અને ઇન્દ્રો સાંભળતા હશે ! આહા...હા...હા...! લોકના નાયક – દક્ષિણના અર્ધલોકના નાયક શક્રેન્દ્ર, ઉત્તરના અર્ધલોકનો નાયક ઇશાનઇન્દ્ર. એ લોકના સ્વામી જે સાંભળતા હશે એ વાણી કેવી હોય ભાઈ ?! આ..હા...હા...! એ ભગવાનના શ્રીમુખે નીકળેલી, ઇચ્છા વિના ! વીતરાગભાવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોષક !! આહા...હા...હા...! સરાગભાવની નાશક, વીતરાગભાવની પોષક, આહા...હા...!

શુદ્ધ ઉપયોગપણે જે વર્તે છે એને લઈને એ શારીરીક દુઃખનો નાશ કરે છે. આહા...હા...! અને અશરીરી એવો ભગવાનઆત્મા ! એના આનંદની પ્રાપ્તિ કરે છે. આ..હા...! '**(જેમ અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના સત્ત્વને ધારણ કરતો નથી...**' '**અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના** (સાર અને) **સત્ત્વને ધારણ કરતો નથી તેથી અગ્નિને પ્રચંડ ઘણના ઘા પડતા નથી,...**' જુદી અગ્નિ છે તેથી. '**તેમ પરદ્રવ્યને નહિ અવલંબતા આત્માને શારીરિક દુઃખનું વેદન હોતું નથી.)**' શારીરિકમાં માનસિક (દુઃખ) બધું આવી ગયું હોં. આહા...હા...! '**માટે આ જ એક શુદ્ધોપયોગ...**' આહા...હા...હા...!

પંચમ આરાના મુનિ ! એક હજાર વર્ષ પહેલાં, આ ટીકા (થઈ). પંચમ આરાના વર્ષ કેટલાં થઈ ગયા, હજાર વર્ષ પછી હજાર થયા ને ? આ..હા...! ૨૫૦૦ વર્ષ ! આહા...હા...! એ મુનિ એમ કહે છે, પ્રભુ ! એક વાર સાંભળ તો ખરો ! આહા...હા...! '**માટે આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.**' પંચમ આરામાં ! આ..હા...હા...! જુઓ ! આ સંતોની દશા !! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ આવે છે ને ? પંચપરમેષ્ઠી ! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે છે. આહા...હા...હા...! શુદ્ધ ઉપયોગને અંગીકાર કરે છે. મહાવ્રતને અંગીકાર (કરે છે એમ નહિ). આવે છે ને ? અને 'પ્રવચનસાર'(ની) પહેલી પાંચ ગાથા. આહા...હા...! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આચાર્ય – અંદર પાંચ પ્રકારના શુદ્ધ ઉપયોગનું આચરણ (કરનાર) – જ્ઞાનાચાર, દર્શનાચાર (આદિ) શુદ્ધોપયોગના આચરણમાં પડ્યા છે. આહા...હા...! એને મુનિ કહે છે. શુભભાવને અંગીકાર કર્યો છે, દીક્ષા લીધી છે એ વાત 'પ્રવચનસાર'માં આવે (છે) પણ કહે છે એ તો ગૌણપણાની વાતું છે. આ..હા...હા...હા...! ચરણાનુયોગમાં આવે ને ? દ્રવ્યલિંગ આપ્યું, દ્રવ્યલિંગ લીધું. આ..હા...હા...! એ ચરણાનુયોગમાં નિમિત્તના કથનો છે. અહીં તો કહે છે કે '**આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.**' આહા...હા...! અમે પંચમ આરાના છદ્મસ્થ મુનિ છીએ છતાં અમને તો એક શુદ્ધ ઉપયોગ જ શરણ છે. આહા...હા...! પંચ પરમેષ્ઠી શરણ છે નહિ, પંચપરમેષ્ઠી તરફના વલણવાળો શુભરાગ જે દુઃખનો વિજય કરે છે... આહા...હા...હા...! એ અમે નહિ. આહા...હા...!

'**માટે આ જ એક શુદ્ધોપયોગ...**' જુઓ એકાંત કર્યું ! '**માટે આ જ એક...**' '**આ જ એક**' કથંચિત્ શુભરાગ અને કથંચિત્ અશુદ્ધરાગ (એમ નથી). આહા...હા...! છે ? કથંચિત્ શુભરાગ નહિ ? આહા...હા...! કથંચિત્ શુભરાગ સાધન અને કથંચિત્ શુદ્ધ ઉપયોગ સાધન એમ નહિ, (એમ) કહે છે. પ્રભુ ! ક્યાંક કહ્યું હોય તો તે જ્ઞાન કરવા કહ્યું છે. આહા..હા...હા...! અરે...રે...! આવો વીતરાગસ્વરૂપ ભગવાન ! મોજૂદ ચીજ પડી છે, તેનો આશ્રય લઈને જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધોપયોગ (થયો એ) મુનિ કહે છે કે એ જ અમારું શરણ છે. અરિહંતા શરણં, સિદ્ધા શરણં નહિ એમ કહે છે. આ..હા...હા...! અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળીપણત્તો ધમ્મો – શુદ્ધ ઉપયોગ અમારું શરણ. આહા...હા...! અત્યારે તો દ્રવ્યના આશ્રયની વાત છે ને ?! જ્ઞાનનો અધિકાર છે ને ? (એટલે શુદ્ધ ઉપયોગ અમારું શરણ છે એમ કહે છે). આહા...હા...હા...!

મુમુક્ષુ :– આવું તો ખાલી મુનિ કરી શકે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલાં જ્ઞાન તો સાચું કરી શકે છે કે નહિ ? પહેલાં મુનિ અને કેવળીનું સાચું જ્ઞાન તો કરી શકે છે કે નહિ ? આહા...હા...! તેથી તો ('સમયસાર'ની) ૧૭મી ગાથામાં કીધું ને કે, પહેલાં તત્ત્વનું જ્ઞાન કરે છે. પહેલું જ પોતાનું સ્વરૂપ છે (તેવું) આત્માનું જ્ઞાન (કરે). એને કંઈ પહેલું આ કરવું, આ કરવું એમ ૧૪૪ (ગાથામાં) લીધું છે એ નથી લીધું. આહા...હા...! પહેલાં આત્માને જાણવો અને પછી તેને શ્રદ્ધવો. પછી તેને શ્રદ્ધામાંથી એમ આવ્યું કે આ ભગવાન પૂર્ણ આનંદ અને શાંતિનો સાગર છે એમાં હું જેટલો રમીશ, ઠરીશ... આ..હા...હા...! એ શુદ્ધઉપયોગમાં જેટલો રહીશ... આહા...હા...! એ મારું સ્વરૂપ છે. આહા...હા...!

**'આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે.'** બોલતાં, લખતાં વખતે વિકલ્પ નથી ? વિકલ્પ હોવા છતાં તેને ગૌણ કરી નાખીને, તેનો આદર નથી, તેના તરફની દૃષ્ટિ નથી, તેને હેય તરીકે જાણીને, મારો શુદ્ધસ્વરૂપ ઉપયોગ તે જ મને શરણ છે. આહા...હા...હા...! **'માટે આ જ એક...'** પાછું એમ. **'આ જ'** અને એક જ આ શુદ્ધ ઉપયોગ. કથંચિત્ શુદ્ધ ઉપયોગ અને કથંચિત્ શુભ ઉપયોગ. એ મારું શરણ છે એમ નથી લીધું. આહા...હા...હા...! આ ગાથા, આ સિદ્ધાંત કહેવાય ! જ્યાં અમૃતના રેલારેલ હાલે !! આહા...હા...હા...! અમારું શરણ (એક શુદ્ધ ઉપયોગ છે). અરિહંત શરણ નહિ ? પ્રભુ ! એનો અનાદર નથી થતો ?! પ્રભુ ! શુદ્ધ ઉપયોગ મારું શરણ (છે) એમાં જ અરિહંતનો આદર છે. કારણ કે ભગવાનની આજ્ઞા એ છે. વીતરાગની આજ્ઞા વીતરાગતા ઉત્પન્ન કરવાની છે. આહા...હા...હા...! એથી તે શુદ્ધ ઉપયોગ અમારું શરણ કહીએ છીએ, તે વીતરાગની આજ્ઞા છે (અને) વીતરાગતા ઉત્પન્ન કરવાની એ જ અમારી આ વાત છે. આ..હા...હા...! એ ૭૮ (ગાથા પૂરી) થઈ.

**'હવે, સર્વ સાવદ્યયોગને છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હોવા છતાં...'** આ..હા...હા...! **'ચારિત્ર અંગીકાર કર્યું હોવા છતાં...'** અશુભ સાવદ્યયોગનું પચ્ચખાણ તો એ કરે છે ને ? **'જો હું શુભોપયોગપરિણતિને...'** આ..હા...હા...હા...! **'વશપણે મોહાદિકનું ઉન્મૂલન ન કરું,...'** આહા...હા...હા...! એ વ્રત – પંચ મહાવ્રતાદિના પરિણામને, અઠ્ઠાવીસ મૂલગુણના પરિણામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ '**શુભોપયોગપરિણતિને વશપણે મોહાદિકનું ઉન્મૂલન ન કરું,..**' અહીંયાં ચારિત્રમોહની વાત છે. આહા...હા...! 'ઉન્મૂલન = જડમૂળથી કાઢી નાખવું તે; નિકંદન.' નિકંદન કરી નાખવું. આ..હા...હા...હા...! પંચમ આરાના સંતનો પોકાર છે !! આરાને ન જો, કાળને ન જો, પરદ્રવ્યને ન જો. આ..હા..હા...હા...! તારો નાથ ભગવાન પરમાત્મા ! પૂર્ણ સ્વરૂપે પર્યાયની અંતર્મુખમાં વર્તે છે ને ! આહા...હા...! એ શુદ્ધ ઉપયોગ અમારું શરણ (છે). આ શુભ ઉપયોગનું આચરણ (છે) એને ઉન્મૂલન ન કરું;... આહા...હા...! એને રાખું એમ નહિ, પંચમહાવ્રતના પરિણામ આવ્યા માટે રાખું (એમ નહિ). આહા...હા...! અશુભ સાવદ્યયોગનો ત્યાગ કર્યો અને આમ પચ્ચખાણમાં શુભઉપયોગનો ત્યાગ કર્યો નથી પણ કહે છે કે, હવે હું એનો ત્યાગ – નાશ ન કરું.. આહા...હા...! '**ઉન્મૂલન ન કરું,...**' નિકંદન કરી નાખું, આહા...હા...હા...! મારો પ્રભુ ! શુદ્ધ સ્વરૂપે બિરાજમાન છે તેની સન્મુખના શુદ્ધોપયોગથી આ..હા...હા...! એ શુભ ઉપયોગનું નિકંદન ન કરું '**તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય...**' આહા...હા...હા...! આમ હોય ને તેમ હોય, એમ નથી, પોતે જાતની વાત કરે છે. આહા...હા...! આ..હા...હા...! આવી વાણી દિગંબર સિવાય ક્યાં છે ? આહા...હા...!

મુમુક્ષુ :– 'શ્રીમદ્'માં આવે છે કે 'સાધન તજવા નોય'

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વ્યવહારની વાતું. 'નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય' એ બધો વ્યવહાર (છે), બધી ખબર છે. આ વાત આખી જુદી છે. આહા...હા...! ત્યાં 'નિશ્ચય રાખી લક્ષમાં' (કહ્યું) (એ) સાધન એટલે ત્યાં વ્યવહાર આવ્યો. એ વખતે લોકોની એવી શૈલી હતી (તો) એમની એ શૈલી(થી વાત કરી).

આ સંતોની વાણી ! દિગંબર મુનિ ! ઓ...હો...હો...! ટંકોત્કીર્ણ શાશ્વત ચૈતન્ય પ્રભુ ! એને અવલંબીને જે શુદ્ધ ઉપયોગ થાય (તો) કહે છે કે હવે હું આ શુભ ઉપયોગનું નિકંદન નહિ કરું.. આ..હા...હા...! '**તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય...**' એ શુભ ઉપયોગથી મને શુદ્ધ (આત્માની) પ્રાપ્તિ નહિ થાય, એમ (કહે છે). સાવદ્યયોગનો ત્યાગ કર્યો, શુભયોગનો ત્યાગ કર્યો નહિ, એનું કંઈ પચ્ચખાણ કર્યું નથી પણ આને હું મૂળમાંથી નિકંદન (કરી નાખું), કાઢી નાખું (નહિ) ત્યાં સુધી મને શુદ્ધની પ્રાપ્તિ નહિ થાય. આહા...હા...હા...! એ 'સમયસાર'માં આવે છે ભાઈ ! કે, કંદમૂળનો ત્યાગ કરે છે અને વનસ્પતિ હરિતકાય ખાય છે છતાં પણ એને કાંઈ ધર્મ માનતો નથી. એમ સાવદ્યયોગનો ત્યાગ કર્યો છે, શુભયોગનો ત્યાગ ભેગો નથી. કારણ કે શુભયોગનો ત્યાગ ભેગો હોય તો તો શુદ્ધ થઈ જાય.

'જયધવલ'માં તો એમ પણ કહ્યું છે... 'જયધવલ !' 'અરે...! મેં તો એક શુદ્ધ ઉપયોગ ગ્રહણ કરવો એ જ મેં તો ગ્રહણ કર્યું હતું, એમાં આ શુભ આવ્યો છે એ તો મારા પ્રત્યાખ્યાન(નો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ यदि सर्वसावद्ययोगमतीत्य चरित्रमुपस्थितोऽपि शुभोपयोगानुवृत्तिवशतया मोहादीन्नोन्मूलयामि, ततः कुतो मे शुद्धात्मलाभ इति सर्वारम्भेणोत्तिष्ठते -

**चत्ता पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्मि।**
**ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं ।।७९।।**
**त्यक्तवा पापारम्भं समुत्थितो वा शुभे चरित्रे।**
**न जहाति यदि मोहादीन्न लभते स आत्मकं शुद्धम् ।।७९।।**

यः खलु समस्तसावद्ययोगप्रत्याख्यानलक्षणं परमसामायिकं नाम चारित्रं प्रतिज्ञायापिशुभोपयोगवृत्त्या बकाभिसारिकयेवाभिसार्यमाणो न मोहवाहिनीविधेयतामवकिरति स किल समासन्नमहादुःखसङ्कटः कथमात्मानमविप्लतं लभते। अतो मया मोहवाहिनीविजयाय बद्धा कक्षेयम् ।।७९।।

---

एवमुपसंहाररूपेण तृतीयस्थले गाथाद्वयं गतम्। इति शुभाशुभमूढत्वनिरासार्थं गाथादशकपर्यन्तं स्थलत्रयसमुदायेन प्रथमज्ञानकण्डिका समाप्ता। अथ शुभाशुभोपयोगनिवृत्तिलक्षणशुद्धोपयोगेन मोक्षो भवतीति पूर्वसूत्रे भणितम्। अत्र तु द्वितीयज्ञानकण्डिकाप्रारम्भे शुद्धोपयोगाभावे शुद्धात्मानं न लभते इति तमेवार्थं व्यतिरेकरूपेण दृढयति - **चत्ता पावारंभं** पूर्वं गृहवासादिरूपं पापारम्भं त्यक्त्वा **समुट्ठिदो वा सुहम्मि चरियम्हि** सम्यगुपस्थितो वा पुनः। क्क। शुभचरित्रे। **ण जहदि जदि मोहादी** न त्यजति यदि चेन्मोहरागद्वेषान् **ण लहदि सो अप्पगं सुद्धं** न लभते स आत्मानं शुद्धमिति। इतो विस्तरः- कोऽपि मोक्षार्थी परमोपेक्षालक्षणं परमसामायिकं पूर्वं प्रतिज्ञाय पश्चाद्विषयसुखसाधकशुभोपयोगपरिणत्या मोहितान्तरङ्ग सन् निर्विकल्पसमाधिलक्षण-पूर्वोक्तसामायिकचारित्राभावे सति निर्मोहशुद्धात्मतत्त्वप्रतिपक्षभूतान् मोहादीन्न त्यजति यदि चेत्तर्हि जिनसिद्धसदृशं निजशुद्धात्मानं न लभत इति सूत्रार्थः ।।७९।।

---

ભંગ થયો.’ આહા...હા...હા...હા...! જુઓ આ સત્‌ની વાણી !! આ..હા...હા...! અમે તો શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો છે એમાં આ પંચમહાવ્રતનો વિકલ્પ આવ્યો અને આ વ્યવહાર આવ્યો, એ અમારું પચ્ચખાણ ભંગ થયું છે. આહા...હા...હા...! એથી સંથારે એનું નવું પચ્ચખાણ કરે છે. આ..હા..હા...!

શૈલી તો જુઓ !! દિગંબર સંતોની શૈલી જુઓ !! એ કોઈ પક્ષ નથી, એ વાડો નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, સર્વ સાવદ્યયોગને છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હોવા છતાં જો હું શુભોપયોગપરિણતિને વશપણે મોહાદિકનું ઉન્મૂલન ન કરું, તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય – એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી (–ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે :–

**જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,**
**જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.**

**અન્વયાર્થ :–** **[पापारम्भं]** પાપારંભ **[त्यक्तवा]** છોડીને **[शुभे चरित्रे]** શુભ ચારિત્રમાં **[समुत्थितः वा]** ઉદ્યત હોવા છતાં **[यदि]** જો જીવ **[मोहादीन्]** મોહાદિકને **[न जहाति]** છોડતો નથી, તો **[सः]** તે **[शुद्धं आत्मकं]** શુદ્ધ આત્માને **[न लभते]** પામતો નથી.

**ટીકા :–** જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ ધૂર્ત અભિસારિકા સમાન શુભોપયોગપરિણતિથી અભિસાર (–મિલન) પામતો થકો (અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો) મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી, તે (જીવ), જેને મહા દુઃખસંકટ નિકટ છે એવો, શુદ્ધ (–વિકાર રહિત, નિર્મળ) આત્માને કેમ પામે ? (ન જ પામે.) તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે. ૭૯.

---

એ વસ્તુના સ્વરૂપની પ્રસિદ્ધિ છે. આહા...હા...હા...! પણ લોકોને એવું લાગે. દિગંબર પક્ષ જ સાચો એમ એને થઈ જાય. (આ) પક્ષ નથી, બાપુ ! પ્રભુ ! વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ ! એવું સ્વરૂપ ક્યાંય છે નહિ. શ્વેતાંબરમાં, સ્થાનકવાસીમાં તદ્દન વિરુદ્ધ તત્ત્વ છે. આકરું પડે પ્રભુ ! શું થાય ? આ..હા...હા...!

મુનિરાજ એમ કહે છે, એ શુભભાવને વશે, મોહાદિ એટલે ચારિત્રમોહનો... આ..હા...હા...! એ શુભભાવ (છે) એ ચારિત્રમોહ છે. એનું '**ઉન્મૂલન...**' હોં ! એમ શબ્દ છે ને ? જડ મૂળથી કાઢી નાખવું. આહા...હા...હા...! શુભરાગને જડમૂળથી કાઢી નાખવા. આહા...હા...હા...! પંચમ આરાના સંત હજાર વર્ષ પછી આ ટીકા કરનાર પોતે પોતાની વાત કરતાં (આમ કહે છે) ! આહા...હા...હા...! '**(મોહાદિકનું ઉન્મૂલન ન કરું), તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય–એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે...**' એ શુભભાવના નાશ – નિકંદન પ્રત્યે. આહા...હા...હા...! મોહાદિ શબ્દે – એ પર તરફનો રાગ, રતિ આદિ, પ્રેમ આદિ, પંચપરમેષ્ઠી પ્રત્યેનો રાગ (આદિ) કોઈ પણ પ્રકાર, (તેના) '**ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**(–ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે :–**' આહા...હા...હા..!

શુભરાગને ઉન્મૂલન – નિકંદન કરવાને (કટિબદ્ધ થાય છે). આ..હા...હા...! હવે અહીં (અજ્ઞાની) કહે છે કે 'શુભરાગ છે એ શુદ્ધતાનું કારણ છે !' આહા...હા...! (દિગંબરના એક મોટા વિદ્વાને) 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા કરી ! એમાં એ નાખ્યું છે. અરે.. પ્રભુ ! આમ કેમ થાય ? એમ કહે (છે કે), 'આ વ્રત અને પડિમા એ બધો શુભભાવ છે એ પછી શુદ્ધતાનું કારણ છે.' આહા...હા...!

અહીં કહે છે કે, '**સર્વ આરંભથી (–ઉદ્યમથી)...**' એનું નિકંદન કરવાને હું તો તૈયાર થયો છું. એને રાખીને મને કાંઈ લાભ થશે, પંચ મહાવ્રત આદિની શુભ ક્રિયા, આહા...હા...! ભગવાનનું સ્મરણ, મંત્ર... મંત્ર... મંત્ર... ૐ મંત્ર, ૐ મંત્ર પંચપરમેષ્ઠીનો મંત્ર... એવા વિકલ્પથી મને લાભ થશે એ (વાત) તો નહિ પણ એ વિકલ્પનું નિકંદન કરવાને હું તૈયાર થયો છું. આહા...હા...! આ..હા...હા...હા...! જગતને કઠણ પડે. મૂળ તત્ત્વની, વસ્તુની ખબર ન મળે અને મૂળ તત્ત્વ તરફ વલણમાં કેવી દશા હોય કે જેથી તત્ત્વની પ્રાપ્તિ થાય (એની ખબર ન મળે). આહા...હા...હા...!

મુનિરાજ પોતે પોતાને માથે નાખી (કહે છે કે) હું '**સર્વ આરંભથી (–ઉદ્યમથી),...**' આ..હા..હા...! એટલે મારામાં જેટલી પુરુષાર્થની તાકાત છે... આહા...હા...હા...! એ પુરુષાર્થથી શુભરાગનું નિકંદન કરવા (મેં) કડ બાંધી છે ! આ કડ નથી બાંધતા ? માણસ જરી કડ બાંધે છે (ને) ? આ..હા...હા...! આ તો કહે છે કે, શુભભાવનું નિકંદન કરવા મેં કડ બાંધી છે. આ..હા...હા...! એ ૭૯ (ગાથાનું મથાળું થયું).

**चत्ता पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्मि।**
**ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं।।७९।।**

'**सुहम्मि**' (કહ્યું છે) જોયું ?

(નીચે હરિગીત)

'**જીવ છોડી પાપારંભને...**' મુનિ થાય તો પચ્ચખાણ લે ત્યારે સાવદ્યનો ત્યાગ કરે ને ? એમ કહે (છે).

**જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,**
**જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા...હા...! આ..હા...!

**ટીકા :– '**જે (જીવ) **સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ...**' આહા...હા...! આ 'પ્રવચનસાર' ! ભગવાનની દિવ્યધ્વનિ ! પ્રવચન એટલે દિવ્યધ્વનિનો સાર. ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણીનું આ એકલું માખણ...!! આ..હા...હા...! ભાગ્યશાળીને સાંભળવા મળે એવી વાત છે !! આ..હા...હા...! વ્યવહારના રસિકજનોને આ વાત એકાંત લાગે.

આચાર્ય તો પોકાર કરે છે (કે), અમે '**(સમસ્ત) સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ ધૂર્ત અભિસારિકા સમાન...**' આહા...હા...હા...! (અભિસારિકા એટલે) 'સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.' આહા...હા...હા...! '**(ધૂર્ત અભિસારિકા) સમાન શુભોપયોગપરિણતિથી અભિસાર (–મિલન) પામતો થકો...**' આહા...હા...હા...! પ્રેમીને જેમ પ્રેમી સ્ત્રી મળવા જાય એમ અંદર આ શુભોપયોગ થાય છે... આહા...હા...! (તે) શુભોપયોગપરિણતિથી મિલન પામતો થકો આહા...હા...હા...! વ્યભિચારી સ્ત્રી પ્રેમીને મળવા જાય એમ આ શુભોપયોગને મળવા જાવું... આ..હા...હા...હા...! ગજબ વાત છે !

'**(અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમામાં ફસાતો થકો) મોહની સેનાને વશ વર્તવાપણું ખંખેરી નાખતો નથી,...**' આ..હા...હા...! પંચમહાવ્રતનો રાગ એ મોહની સેના છે. એ સ્વરૂપનું સાધન નહિ. આહા...હા...! '**જેને મહા દુઃખસંકટ નિકટ છે એવો, શુદ્ધ (–વિકારરહિત, નિર્મળ) આત્માને કેમ પામે ?...**' આ..હા...હા...! જે આ શુભને ખંખેરી નાખતો નથી અને જેમ પેલી સ્ત્રી મળવા જાય... આહા...હા...! એ '**(–વિકાર રહિત, નિર્મળ) આત્માને કેમ પામે ? (ન જ પામે). તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા...**' આ..હા...હા....! આ મોહની (સેના) એટલે રાગ – ચારિત્રમોહ, હોં ! '**મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.**' આ..હા...હા...હા...! '**કમર કસી છે.**' કડ બાંધી છે. રાગનો નાશ કરવા માટે મેં કમર કસી છે કે જેનાથી મને મુક્તિ થાય. વગેરે (વિશેષ આવશે...)

卐 卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ कथं मया विजेतव्या मोहवाहिनीत्युपायमालोचयति -

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ।।८०।।**
**यो जानात्यर्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः।**
**य जानात्यात्मानं मोहः खलु याति तस्य लयम् ।।८०।।**

यो हि नामार्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः परिच्छिनत्ति स खल्वात्मानं परिच्छिनत्ति, उभयोरपि निश्चयेनाविशेषात्। अर्हतोऽपि पाककाष्ठागतकार्तस्वरस्येव परिस्पष्टमात्मरूपं, ततस्तत्परिच्छेदे सर्वात्मपरिच्छेदः। तत्रान्वयो द्रव्यं, अन्वयविशेषणं गुणः, अन्वयव्यतिरेकाः र्यायाः। तत्र भगवत्यर्हति सर्वतो विशुद्धे त्रिभूमिकमपि स्वमनसा समयमुत्पश्यति। यश्चेतनोऽयमित्यन्वयस्तद्द्रव्यं, यच्चान्वयाश्रितं चैतन्यमिति विशेषणं स गुणः, ये चैकसमयमात्रावधृतकालपरिमाणतया परस्परपरावृत्ता अन्वयव्यतिरेकास्ते पर्यायाश्चिद्विवर्तनग्रन्थय इति यावत्। अथैवमस्य त्रिकालमप्येककालमाकलयतो मुक्ताफलानीव प्रलम्बे प्रालम्बे चिद्विवर्तांश्चेतन एव संक्षिप्य विशेषणविशेष्यत्ववासनान्तर्धानाद्धवलिमानमिव प्रालम्बे चेतन एव चैतन्यमन्तर्हितं विधाय केवलं प्रालम्बमिव केवलमात्मानं परिच्छिन्दतस्तदुत्तरोत्तरक्षणक्षीयमाणकर्तृकर्मक्रियाविभागतया निष्क्रियं चिन्मात्रं भावमधिगतस्य जातस्य मणेरिवाकम्पप्रवृत्तनिर्मलालोकस्यावश्यमेव निराश्रयतया मोहतमः प्रलीयते। यद्येवं लब्धो मया मोहवाहिनीविजयोपायः ।।८०।।

---

अथ शुद्धोपयोगाभावे यादृशं जिनसिद्धस्वरूपं न लभते तमेव कथयति -

**तवसंजमप्पसिद्धो सुद्धो सग्गापवग्गमग्गकरो।**
**अमरासुरिंदमहिदो देवो सो लोयसिंहरत्थो ।।५।।**

**तवसंजमप्पसिद्धो** समस्तरागादिपरमावेच्छात्यागेन स्वस्वरूपे प्रतपनं विजयनं तपः, बहिरङ्गेन्द्रियप्राणसंयमबलेन स्वशुद्धात्मनि संयमतात्समरसीभावेन परिणमनं संयमः, ताभ्यां प्रसिद्धो जात उत्पन्नस्तपःसंयमप्रसिद्धः, **सुद्धो** क्षुधाद्यष्टादशदोषरहितः, **सग्गापवग्गमग्गकरो** स्वर्गः प्रसिद्धः केवलज्ञानाद्यनन्तचतुष्टयलक्षणोऽपवर्गो मोक्षस्तयोर्मार्गं करोत्युपदिशति स्वर्गापवर्गमार्गकरः, **अमरासुरिंदमहिदो** तत्पदाभिलाषिभिरमरासुरेन्द्रैर्महितः पूजितोऽमरासुरेन्द्रमहितः, **देवो सो** स एवंगुणविशिष्टोऽर्हन् देवो भवति। **लोयसिहरत्थो** स एव भगवान् लोकाग्रशिखरस्थः सन् सिद्धो भवतीति जिनसिद्धस्वरूपं ज्ञातव्यम् ।।५।। अथ तमित्थंभूतं निर्दोषिपरमात्मानं ये श्रद्दधति मन्यन्ते तेऽक्षयसुखं लभन्त इति प्रज्ञापयति-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**तं देवदेवदेवं जदिवरवसहं गुरुं तिलोयस्स।**
**पणमंति जे मणुस्सा ते सोक्खं अक्खयं जंति ।।६।।**

**तं देवदेवदेवं** देवदेवाः सौधर्मेन्द्रप्रभृतयस्तेषां देव आराध्यो देवदेवदेवस्तं देवदेवदेवं, **जदिवरवसहं** जितेन्द्रियत्वेन निजशुद्धात्मनि यत्नपरास्ते यतयस्तेषां वरा गणधरदेवादयस्तेभ्योऽपि वृषभः प्रधानो यतिवरवृषभस्तं यतिवरवृषभं, **गुरुं तिलोयस्स** अनन्तज्ञानादिगुरुगुणैस्त्रैलोक्यस्यापि गुरुस्तं त्रिलोकगुरुं, **पणमंति जे मणुस्सा** तमित्थंभूतं भगवन्तं य मनुष्यादयो द्रव्यभावनमस्काराभ्यां प्रणमन्त्याराधयन्ति **ते सोक्खं अक्खयं जंति** ते तदाराधनाफलेन परंपरयाऽक्षयानन्तसौख्यं यान्ति लभन्त इति सूत्रार्थः ।।६।।

अथ `चत्ता पावारंभं' इत्यादिसूत्रेण यदुक्तं शुद्धोपयोगाभावे मोहादिविनाशो न भवति, मोहादिविनाशाभावे शुद्धात्मलाभो न भवति, तदर्थमेवेदानीमुपायं समालोचयति - **जो जाणदि अरहंतं** यः कर्ता जानाति। कम्। अर्हन्तम्। कैः कृत्वा। **दव्वत्तगुणत्तपज्जयत्तेहिं** द्रव्यत्वगुणत्वपर्यायत्वैः। **सो जाणदि अप्पाणं स** पुरुषोऽर्हत्परिज्ञानात्पश्चादात्मानं जानाति, **मोहो खलु जादि तस्स लयं** तत आत्मपरिज्ञानात्तस्य मोहो दर्शनमोहो लयं विनाशं क्षयं यातीति। तद्यथा - केवलज्ञानादयो विशेषगुणा, अस्तित्वादयः सामान्यगुणाः, परमौदारिकशरीराकारेण यदात्मप्रदेशानामवस्थानं स व्यज्जनपर्यायः, अगुरुलघुकगुणषड्वृद्धिहानिरूपेण प्रतिक्षणं प्रवर्तमाना अर्थपर्यायाः, एवं लक्षणगुणपर्यायाधारभूतममूर्तमसंख्यातप्रदेशं शुद्धचैतन्यान्वयरूपं द्रव्यं चेति। इत्थंभूतं द्रव्यगुणपर्यायस्वरूपं पूर्वमर्हदभिधाने परमात्मनि ज्ञात्वा पश्चान्निश्चयनयेन तदेवागमसारपदभूतयाऽध्यात्मभाषया निजशुद्धात्मभावनाभिमुखरूपेण सविकल्पस्वसंवेदनज्ञानेन तथैवागमभाषयाधःप्रवृत्तिकरणा-पूर्वकरणानिवृत्तिकरणसंज्ञदर्शनमोहक्षपणसमर्थपरिणामविशेषबलेन पश्चादात्मनि योजयति। तदनन्तरमविकल्पस्वरूपे प्राप्ते, यथा पर्यायस्थानीयमुक्ताफलानि गुणस्थानीयं धवलत्वं चाभेदनयेन हार एव, तथा पूर्वोक्तद्रव्यगुणपर्याया अभेदनयेनात्मैवेति भावयतो दर्शनमोहान्धकारः प्रलीयते। इति भावार्थः ।।८०।।

---

હવે, 'મારે મોહની સેનાને કઈ રીતે જીતવી' – એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે :–

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્માને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

**અન્વયાર્થ :– [यः]** જે **[अर्हन्तं]** અર્હંતને **[द्रव्यत्वगुणत्वपर्ययत्वैः]** દ્રવ્યપણે, ગુણપણે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયપણે **[जानाति]** જાણે છે, **[सः]** તે **[आत्मानं]** (પોતાના) આત્માને **[जानाति]** જાણે છે અને **[तस्य मोहः]** તેનો મોહ **[खलु]** અવશ્ય **[लयं याति]** લય પામે છે.

**ટીકા :–** જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે, કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી; વળી અર્હંતનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (–સર્વ પ્રકારે સ્પષ્ટ) છે; તેથી તેનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે. ત્યાં અન્વય તે દ્રવ્ય છે, અન્વયનું વિશેષણ તે ગુણ છે, અન્વયના વ્યતિરેકો (–ભેદો) તે પર્યાયો છે. સર્વતઃ વિશુદ્ધ એવા તે ભગવાન અર્હંતમાં (–અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં) જીવ ત્રણે પ્રકારમય સમયને (–દ્રવ્યગુણપર્યાયમય નિજ આત્માને) પોતાના મન વડે કળી લે છે – સમજી લે છે – જાણી લે છે. તે આ પ્રમાણેઃ 'આ ચેતન છે' એવો જે અન્વય તે દ્રવ્ય છે, અન્વયને આશ્રિત રહેલું 'ચૈતન્ય' એવું જે વિશેષણ તે ગુણ છે અને એક સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળપરિણામ હોવાથી પરસ્પર અપ્રવૃત્ત એવા જે અન્વયવ્યતિરકો (–એક બીજામાં નહિ પ્રવર્તતા એવા જે અન્વયના વ્યતિરકો) તે પર્યાયો છે – કે જેઓ ચિદ્‌વિવર્તનની (–આત્માના પરિણમનની) ગ્રંથિઓ છે.

હવે એ રીતે ત્રિકાળિકને પણ (–ત્રિકાળિક આત્માને પણ) એક કાળે કળી લેતો તે જીવ, જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચિદ્‌વિવર્તોને ચેતનમાં જ સંક્ષેપીને (–અંતર્ગત કરીને) તથા વિશેષણવિશેષ્યપણાની વાસનાનું અંતર્ધાન થવાથી – જેમ ધોળાશને હારમાં અંતર્હિત કરવામાં આવે છે તેમ – ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને, જેમ કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં, તેની ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી, નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે; અને એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્ર ભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે.

જો આમ  છે તો મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.

**ભાવાર્થ :–** અર્હંતભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે; વળી અર્હંતભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે, તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે તો ''આ જે 'આત્મા, આત્મા' એવો એકરૂપ (–કથંચિત્ સદ્રશ) ત્રિકાળિક પ્રવાહ તે દ્રવ્ય છે, તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાયો છે'' એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ–પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે. એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને પછી – જેમ મોતીઓને અને ધોળાશને હારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ – આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને કેવળ આત્માને જાણતાં પરિણામી–પરિણામ–પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે અને તેથી મોહ (–દર્શનમોહ) નિરાશ્રય થયો થકો વિનાશ પામે છે.

જો આમ છે, તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે – એમ કહ્યું. ૮૦.

---

ગાથા–૮૦
પ્રવચન નં. – ૭૨
તા. ૧૩-૦૫-૭૯

('પ્રવચનસાર') એવી શૈલી લીધી છે કે, ૭૯ ગાથામાં એમ કહ્યું કે, મેં સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરી પરમસામાયિકની પ્રતિજ્ઞા કરી, છતાં (જે) શુભભાવ (આવે છે તે) અભિસારિકા જેમ પ્રેમીને મળવા જાય એમ શુભભાવને મળવા જાય (છે). અભિસારિકા વિષાદ જેવી છે. આહા...હા..! સામાયિકની પૂર્ણ પ્રતિજ્ઞા (કરી છે, અર્થાત્) રાગરહિત (થવાની) પ્રતિજ્ઞા કરી છતાં શુભ(ભાવ આવે છે તે) અભિસારિકા (સમાન છે) એટલે (કે) પ્રેમીને મળવા જનારી (સ્ત્રી છે) એમ રાગને મળવા જવું (એવું છે). આહા...હા...હા...! એ વ્યભિચારને મળવા જવું (તેના જેવું છે), એમ કહે છે. આહા...હા...હા...! એને હવે ખંખેરી નાખવા '**મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે.**' '**કમર કસી છે.**' (એટલે) કડ બાંધી છે. આહા...હા...હા...! આ પંચમ આરાના મુનિ એમ કહે છે (કે) અમે તો '**કમર કસી છે.**' ! શુભભાવનો અભાવ કરવા શુદ્ધ ઉપયોગરૂપી પરિણમન કરવા... આહા...હા...હા...! '**કમર કસી છે.**' એ પછી આ અધિકાર લીધો. એ અધિકાર પછી આ ગાથા લીધી. આહા...હા...!

'**હવે, 'મારે મોહની સેનાને...**' એ મોહની સેના કોણ ? કે, પેલો શુભરાગ. આહા...હા...! ઇ મોહની સેના છે. વ્રતનો, દયા, દાનાદિ, ભક્તિનો રાગ આવે એ મોહની સેના છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચારિત્રમોહની હોં ! આહા...હા...! એને '**કઈ રીતે જીતવી' – એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છે.**' એને કાંઈ નવો ઉપાય વિચારવો છે, (એવું) નથી. બીજાને કહેવું છે એ અપેક્ષાએ '**ઉપાય વિચારે છે**' એમ કહે છે. આહા...હા...! શ્રોતાને સાથે લઈને એમ કહે છે કે, હવે વિચારીએ આપણે. આહા...હા...! એને વિચારવું કાંઈ બાકી નથી પણ કથનનો વિકલ્પ આવ્યો (છે તેથી આમ કહે છે). આહા...! શુભ(ભાવ) વ્યભિચાર છે. આહા...હા..! એનું મૂળ નિકંદન કરવા કડ બાંધી છે. આહા...! એના પછી આ અધિકાર લીધો છે. આ..હા...! એ રાગની સેનાને કઈ રીતે જીતવી એમ ઉપાય વિચારે છે.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

એક બાજુ એમ કહે કે, પરદ્રવ્યનો કાંઈ પણ વિચાર હોય એ બધો વિકલ્પ છે. '**परदव्वादो दुग्गई**' ! પોતાના સ્વભાવના આશ્રય વિના પરદ્રવ્યનો કાંઈ પણ વિચાર (કરવો), એના દ્રવ્ય-ગુણ-પર્યાયનો (વિચાર) કરવો, અરે...! પોતાનો જે સ્વભાવ છે -- દ્રવ્ય-ગુણ-પર્યાય (એ) ત્રણનો વિચાર કરવો તે (પણ) શુભરાગ, વ્યભિચાર છે, અનાવશ્યક છે. આહા...હા...હા...! પરના દ્રવ્ય-ગુણ-પર્યાય વિચારવા એ તો શુભભાવ છે પણ અહીં આવે છે એટલી વાત અંદર લીધી છે. આહા...!

અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર આવે છે, આવે છે તેનો હેતુ બીજો છે. હેતુ, ત્યાં એના વિચારમાં રોકાવું એમ (નથી). આ..હા...હા...! એનું તાત્પર્ય તો પોતાની પર્યાયને દ્રવ્યમાં ભેળવી અને ગુણને દ્રવ્યમાં ભેળવી... આહા...હા...હા...! નિર્વિકલ્પ વીતરાગતા પ્રગટ કરવી એ એનું તાત્પર્ય છે. સમજાય છે કાંઈ ? આવી વાત ઝીણી છે.

આ બોલ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં ભાઈએ ('સોગાનીજી'એ) લીધો છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય તો પરદ્રવ્ય છે. એનાથી આત્માને લાભ થાય ? આહા...હા...! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે. વાત એટલી કે, એ આમ વચ્ચે આવે છે. છે તો એ શુભભાવ, અભિસારિકા – વ્યભિચારને મળવા જવું (છે). આ..હા...હા...! પણ એનું તાત્પર્ય તો એનાથી ખસી – અરિહંતના દ્રવ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ-પર્યાયના ભેદથી પણ ખસી અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય મનના વિકલ્પથી જાણી (લેવા તે છે). પોતાના ત્રણને (દ્રવ્ય-ગુણ-પર્યાયને) પણ વિકલ્પથી જાણવું. આહા...હા...! પછી તેને – પર્યાયને દ્રવ્યમાં સમાડવી અને ગુણને દ્રવ્યમાં સમાડવા. એનું નામ વીતરાગી અવ્યભિચારી વીતરાગીપર્યાય છે. આહા..હા...! એમ અહીંયાં બતાવવા માગે છે.

**ટીકા :–** '**જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે...**' અહીંયાં પણ '**ખરેખર**' શબ્દ વાપર્યો છે. છે (તો એ) પરદ્રવ્ય, પણ પરદ્રવ્યને પણ જે રીતે છે તે રીતે (જાણે). આહા...હા...! '**જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે,...**' એવી જ અહીં તો વાત લીધી છે. એ પરદ્રવ્યને જાણે છે, એવું તો અગિયાર અંગ જાણવામાં પરદ્રવ્યને અનંતવાર જાણ્યું છે. પણ અહીંયાં તો વાત એવી લીધી છે કે, જેણે આને જાણ્યું, એ જાણીને આત્મામાં જાણવાનું કરશે – એવા જીવને લીધો છે ! આ..હા...હા...! તે પણ પંચમ આરાના જીવને માટે કહેનારે કહ્યું છે ! આહા...હા...! પંચમ આરાના જીવને માટે છે ને આ ? ખરેખર તો અપ્રતિબુદ્ધ છે તેને માટે આ છે, એમ કહે છે. અને એ પંચમ આરાનો અપ્રતિબુદ્ધ પણ ગુરુ – સંત એને સત્ કહે છે એટલે એ અપ્રતિબુદ્ધ, પ્રતિબુદ્ધ પામે જ છે. આહા...હા...! ('સમયસાર'ની) ૩૮મી ગાથામાં લીધું છે ને ? ૯૨માં લીધું છે, 'પ્રવચનસાર' ૯૨ (ગાથા). પામે જ છે. અને તે કેવું (પામે છે) ? અપ્રતિહત ! આ..હા...હા...! એવી ધીરજની વાતું છે.

'**જે ખરેખર અર્હંતને...**' જાણે છે (એટલે કે તેમના) દ્રવ્ય, ગુણ, પર્યાયને (જાણે છે) '**તે ખરેખર આત્માને જાણે છે,...**' વાત એ લીધી છે. એને (માત્ર) જાણવા માટે જાણવું એમ નથી લીધું. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે – એ અપેક્ષા લઈને એને પરદ્રવ્યનું જ્ઞાન પહેલું કહ્યું છે. છતાં એ પરદ્રવ્યનું જ્ઞાન છે એ તો વિકલ્પ અને પરદ્રવ્ય (છે), પર અપેક્ષિત છે. આહા...હા...! (છતાં) કેમ એમ (કહ્યું) છે ? '**કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી;...**' ભગવાનઆત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય અને પરમેશ્વરના દ્રવ્ય-ગુણ-પર્યાય (બન્નેમાં) વસ્તુસ્થિતિએ ફેરફાર નથી. બન્નેમાં ખરેખર તફાવત નથી. 'નિયમસાર'માં તો એમ પણ કહ્યું છે ને ? કે, 'સિદ્ધના આઠ ગુણ છે એવા સંસારી જીવને આઠ ગુણ છે.' એ છે ઇ કંઈ વ્યક્તપણે નથી. કહ્યું છે ને ? જેવા સિદ્ધને આઠ ગુણ છે એવા (સર્વ) જીવોને છે, સંસારીને પણ છે. આહા...હા..!

શ્રોતા :– સંસારી પણ અષ્ટ ગુણ મંડિત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શક્તિરૂપ (મંડિત છે). ત્યાં વ્યક્તરૂપ મંડિત – સહિત નથી. વસ્તુ જ એવી છે. આહા...હા...! વસ્તુ એવી છે કે, સિદ્ધના આઠ ગુણસ્વરૂપે જ ઇ વસ્તુ છે. આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ કહ્યું કે, સિદ્ધને આઠ ગુણ તો પર્યાયપણે છે. એમ આને પર્યાયપણે પણ છે એમ નહિ. પણ તેનો સ્વભાવ જ એવો છે. આઠ ગુણ સંપન્ન – શક્તિ, સામર્થ્ય (સંપન્ન છે), સત્તાનું સત્ત્વ જ ઇ છે. આ..હા...હા...! એથી સિદ્ધ જેવા સંસારી કહેવામાં આવ્યા છે. આહા...હા...! વીતરાગની વાતું ભારે !

'**ખરેખર આત્માને જાણે છે,...**' પાધરું અહીં તો એમ લીધું ને ? અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. એને જાણવાનું જે લક્ષ કર્યું હતું એ પોતાના આત્માને જાણવા માટે કર્યું હતું. ત્યાં જાણીને રોકાવું છે... આહા...હા...! એ માટે નહિ. આહા...હા...! '**કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી;...**' જુઓ ! અરિહંતને તો પ્રગટેલ પર્યાય છે અને આત્મામાં તો પર્યાય પ્રગટ્યો નથી. આ તો તેની તે વાત આવી – સિદ્ધ જેવા સંસારી ! આ..હા...હા...!

શ્રોતા :– સંસારીને કોઈ નયના બળે પ્રગટેલી પર્યાય કહેવાય કે નહીં ?

સમાધાન :– પર્યાય બધી વ્યવહાર છે. સિદ્ધ(ની પર્યાય) વ્યવહાર, મોક્ષમાર્ગ વ્યવહાર – મોક્ષ (અને) સંસાર(ની પર્યાય) વ્યવહાર (છે). આહા...હા...! વસ્તુ તો સિદ્ધસ્વરૂપી જ છે. એનો સ્વભાવ જ એવો છે અને ત્રિકાળી તે શુદ્ધ છે. આહા...હા...! જેમાં ઉદયભાવ તો નથી પણ જેમાં ક્ષાયિકભાવ પણ નથી એવું જ એનું સ્વરૂપ જ છે. આ..હા...હા...! ક્ષાયિકભાવે પ્રગટેલા સિદ્ધો (જેવો સંસારીજીવને) કીધો એ તો શક્તિના સ્વભાવની અપેક્ષાએ કીધો. સમજાય છે કાંઈ ? આહા...હા...! સિદ્ધ એવા સંસારી ! વસ્તુ તો એવી જ છે. (ફેર એટલો કે) અહીં (અરિહંતને) પ્રગટી છે (એટલું). પણ અહીં પર્યાય ઉપરનું લક્ષ જ નથી. આહા...હા...!

વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. ધ્રુવ પરમ સ્વભાવભાવનું અસ્તિત્વ પૂર્ણ શુદ્ધ જ છે, એમાં અને સિદ્ધમાં કાંઈ ફેર નથી. અહીંયાં અરિહંતમાં અને આત્મામાં કાંઈ ફેર નથી એમ કીધું. આ..હા...હા...! એને અંદર વિશ્વાસ (આવવો જોઈએ), અંદર વિશ્વાસમાં બેસે... આહા...હા...! (કે) ભલે ભગવાનને પ્રગટ થયેલ છે, પણ હું તેવો જ છું આહા...હા...! પ્રગટ-અપ્રગટની કોઈ અપેક્ષા વિના (હું તેવો જ છું). આહા...હા...હા...! વિશ્વાસ(માં) – દૃષ્ટિમાં (આવવું જોઈએ કે) પૂર્ણાનંદનો નાથ પૂર્ણ પ્રભુ છે. જેવા અરિહંત છે તેવો હું છું. જેવા સિદ્ધ છે તેવો હું છું ! આહા...હા...! ત્યાં આગળ દ્રવ્યના સ્વભાવનું અસ્તિત્વ જે પૂર્ણ શુદ્ધ છે એનું જોર આપ્યું છે. આહા...હા...! અંતરના વિશ્વાસમાં સિદ્ધ જેવો છું અને અરિહંત જેવો જ છું... આહા...હા...! એમ જેણે જાણ્યું છે તેણે આત્માને જાણ્યો. '**કારણ કે બન્નેમાં...**' ખરેખર તફાવત નથી. લ્યો ! એ કઈ રીતે તફાવત નથી ? વસ્તુસ્વભાવ જ એવડો છે. અને એવો સ્વભાવ જેણે જાણ્યો એને અરિહંતની પર્યાય પ્રગટ થવાની જ છે.

અહીં તો અપ્રતિહત પૂર્ણ દ્રવ્યસ્વભાવ છે એની પ્રતિતી, સ્વજ્ઞેયનું પર્યાયમાં જ્ઞાન થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવડા મોટા પ્રભુનું જ્ઞાન (થયું). એક સમયની પર્યાયમાં પૂર્ણ દ્રવ્યનો પ્રતિભાસ (થયો). દ્રવ્ય (પર્યાયમાં) આવ્યું નહિ. આ..હા...હા...! પણ દ્રવ્યનું જેટલું, જેવડું સ્વરૂપ છે એવું અહીં પર્યાયમાં આવી ગયું. આહા...હા...હા...! એથી... આહા...હા...હા...! વિશ્વાસ અંદરથી આવ્યો છે કે, બેમાં કાંઈ તફાવત નથી. અરે...! આવું છે. કહેવાની શૈલી– રીત આ છે. બીજી રીતે એની શૈલી છે જ નહિ. આહા...હા...હા...!

'**વળી અર્હંતનું સ્વરૂપ,...**' હવે (એમ કહે છે કે) બન્ને સરખા છે, એમ કેમ કહ્યું ? અને એની સાથે કેમ આત્માને મેળવ્યો ? (તે કહે છે). કે '**અર્હંતનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક,...**' સોનાને તાપ આપતાં–આપતાં છેલ્લામાં છેલ્લું સોળ વલું સોનું થાય એમ ભગવાનના આત્માને સોળવલું સોનું થયું છે. આહા...હા...! એ દ્રવ્ય સ્વભાવમાં એકાગ્રતાના તાપ આપતાં... આ..હા...! પર્યાયમાં સોળવલું સર્વજ્ઞપણું, અનંત આનંદ પર્યાયપણે પ્રગટ્યા છે. આહા...હા...! '**છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક,...**' સોનાંનાં સ્વરૂપની માફક, સોળવલું પામેલા સુવર્ણના સ્વરૂપની માફક. આહા...હા...! '**પરિસ્પષ્ટ (–સર્વ પ્રકારે સ્પષ્ટ)...**' પરિસ્પષ્ટ છે ને ? (સ્પષ્ટ) એકલો શબ્દ નથી. પરિસ્પષ્ટ ! જેવા દ્રવ્ય અને ગુણ પૂર્ણ પરિસ્પષ્ટ છે તેવી જ એની પર્યાય પરિસ્પષ્ટ છે. આહા...હા...! '**(–સર્વ પ્રકારે સ્પષ્ટ છે;...**' (એ) 'પરિ'નો અર્થ કર્યો.

'**તેથી તેનું જ્ઞાન થતાં...**' સોનામાં પૂર્ણ તાપ આપતાં, જેમ છેલ્લું સોળવલું થયું એમ ભગવાનની – પ્રભુની પર્યાયનું સ્વરૂપ... આહા...હા...! અંતરના ધ્યાનના તાપ આપતાં સોળવલું પૂરું થઈ ગયું. '**તેથી તેનું જ્ઞાન થતાં...**' જુઓ હવે શું કહે છે ? '**સર્વ આત્માનું જ્ઞાન થાય છે....**' એમ કીધું. (અર્થાત્) બધા આત્મા એવા છે આહા...હા...! સાધારણ વાત નથી, બાપુ ! અંદર ભાવ (ગંભીર છે). '**સર્વ આત્મા...**' આમાં અભવીનો (આત્મા) પણ લીધો. 'સર્વ જીવ છે સિદ્ધસમ' આ..હા...હા...! '**સર્વ આત્માનું જ્ઞાન...**' આત્મા આવો છે – પરિપૂર્ણ દ્રવ્ય-ગુણ અને પર્યાય જેને પ્રગટ થઈ ગયા છે એવા જ સર્વ આત્માઓ છે. આ..હા...! ભલે (વર્તમાનમાં) પ્રગટ નથી પણ એ પ્રગટ થવાની શક્તિ છે તેથી પ્રગટ થશે જ. એથી તે સર્વ આત્મા સરખા જ છે. આહા...હા...!

હવે ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણની વ્યાખ્યા કરે છે. '**અન્વય તે દ્રવ્ય છે,...**' હવે એનો ઇ... ઇ... ઇ... ઇ... રહેનાર તે દ્રવ્ય છે. અન્વય નામ તે... તે... તે... તે... તે... તે... રહે છે તે દ્રવ્ય છે. આહા..હા...! '**અન્વયનું વિશેષણ તે ગુણ છે,...**' તે... તે... તે... રહેનાર... રહેનાર... રહેનાર... તેનું વિશેષણ એટલે ગુણ. દ્રવ્ય તે વિશેષ છે અને એના ગુણ તે વિશેષણ છે. આ...હા...! '**અન્વયના વ્યતિરેકો (–ભેદો) તે પર્યાયો છે.**' દ્રવ્ય જે છે... છે... છે... છે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે... છે... તેની ભિન્ન-ભિન્ન વ્યતિરેક અવસ્થાઓ (થાય છે) તે પર્યાય છે. આહા...હા...!

'જયસેનાચાર્યે' ટીકામાં થોડું બીજું લીધું (છે). 'ચેતન છે તે દ્રવ્ય છે, ચૈતન્ય છે તે ગુણ છે, કેવળજ્ઞાનાદિ તે વિશેષગુણ છે, અસ્તિત્વ આદિ સામાન્ય ગુણ છે' સંસ્કૃતમાં (લીધું છે). 'કેવળજ્ઞાનાદિ (અર્થાત્) કેવળ – એકલું જ્ઞાનાદિ એ વિશેષગુણ છે અને અસ્તિત્વ છે એ બીજામાં પણ છે માટે અસ્તિત્વ આદિ સામાન્યગુણ છે. શરીર પ્રમાણે આત્મપ્રદેશોની આકૃતિ છે તે તેની વ્યંજનપર્યાય છે. અગુરુલઘુગુણની ષટ્ગુણહાનિવૃદ્ધિ આદિની એને પર્યાય છે તે અર્થપર્યાય છે. પણ તે દ્રવ્યમાં કેવળજ્ઞાનાદિને વિશેષગુણ તરીકે કહ્યું. અસ્તિત્વઆદિને સામાન્ય(ગુણ) કહ્યું, એની આકૃતિના પ્રદેશને વ્યંજનપર્યાય (કહ્યું) અને અગુરુલઘુને અર્થપર્યાય (કહ્યું). પણ એ બધાનો આધાર એક દ્રવ્ય છે એમ લીધું (છે). એનો આધાર – વસ્તુ એક છે. ભેદ ભલે છે. આહા...હા..! સંસ્કૃતમાં છે. મૂળ ત્યાં દ્રવ્ય લીધું. અંદર (સંસ્કૃત ટીકામાં) છે. '**लक्षणगुणपर्यायाधारभूतममूर्तमसंख्यातप्रदेशं**' પ્રદેશ નાખ્યા પાછા. આહા...હા...! 'જયસેનાચાર્યદેવ'ની ટીકા છે. અસંખ્યપ્રદેશી ! આહા...હા...! એવા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો, એનો આધાર જે વસ્તુ છે તે દ્રવ્ય છે. આહા...હા...! આવું ઝીણું !

(વર્તમાન મુનિ) કહે છે કે, 'અત્યારે તો શુભઉપયોગ જ હોય.' અરે... પ્રભુ ! શું કરે છે ? આ..હા...! અત્યારે તો શુભઉપયોગ જ હોય, ઇ એમ કહે છે. આહા..હા...! (બીજો મુનિ એમ કહે છે) -- ('સમયસાર'ની ૧૫મી ગાથામાં) '**अपदेससन्तमज्झं**' (આવે) છે (એમાં) '**अपदेस**'નો અર્થ અખંડપ્રદેશી દ્રવ્ય, એમ લીધું ! આ..હા..હા...! એમ નથી. 'આવું પૂર્ણ સ્વરૂપ છે' – તે કથન છે તે દ્રવ્યશ્રુત છે અને પૂર્ણની પ્રાપ્તિ છે તે ભાવશ્રુત છે. આ..હા...હા...! ખરેખર તો આમ છે. '**अपदेस**' – કથન. '**सन्त**' (શબ્દમાં) વળી વાંધા ઊઠ્યા છે. (બીજા સાધુએ) એમ અર્થ કર્યો છે કે, સૂત્ર લેવું '**अपदेस**'માં અખંડ પ્રદેશ ન લેવા. એ વિશેષણ જૈનશાસનનું છે. એ '**अपदेस**' વિશેષણ – અખંડ પ્રદેશ – એ આત્માનું વિશેષણ નથી. સમજાણું ? '**अपदेस**' એમ કહીએ તો અખંડ પ્રદેશ (થાય). (એમ કહીએ તો) આત્માનું વિશેષણ થઈ ગયું. પણ '**अपदेस**' એ જૈનશાસનનું વિશેષણ છે. જૈનશાસનમાં કથન આવે છે અને ભાવશ્રુત છે તે જૈનશાસન છે. આહા...હા...!

અહીં 'જયસેનાચાર્ય'(ની ટીકામાં) દ્રવ્ય-ગુણ-પર્યાય (કહ્યાં) એનો આધાર દ્રવ્ય (છે) એમ કીધું. અને અહીંયાં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે, '**અન્વય તે દ્રવ્ય છે, અન્વયનું વિશેષણ તે ગુણ છે,...**' અને વ્યતિરેકો એટલે ભિન્ન... ભિન્ન... ભિન્ન... દશા (તે) પર્યાયો છે.

'**સર્વતઃ વિશુદ્ધ એવા તે ભગવાન અર્હંતમાં...**' આ..હા...હા...! '**(–અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં) જીવ ત્રણે પ્રકારમય સમયને...**' ત્રણ પ્રકારના સમય એટલે દ્રવ્યસમય, ગુણસમય અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયસમય. આહા...હા...! **'પોતાના મન વડે કળી લે છે...'** હજી તો આ વિકલ્પ છે ને ? શું કીધું ઇ ? અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાય મન વડે કળી લે છે. કારણ કે ત્યાં હજી વિકલ્પ છે. પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય છે ને એટલે મન વડે કળી લે છે એમ કીધું. આત્મા વડે જાણી લે છે, એમ નહિ. આ..હા...હા...! **'મન વડે કળી લે છે.'** કોને ? ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયનો ખ્યાલ કરતા પોતાને પણ મન વડે કળી લે છે. પોતાને પણ મન વડે કળી લે છે. એટલે ત્યાં હજી વિકલ્પ છે. આહા...હા...! એને મન વડે કળી લે છે, છે ?

'**(–અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં) જીવ ત્રણે પ્રકારમય સમયને (–દ્રવ્યગુણપર્યાયમય નિજ આત્માને) પોતાના મન વડે...**' આત્માના પણ ત્રણ ભેદ પડ્યા ને ? (એટલે મન વડે કળી લે છે એમ કહ્યું). આ..હા...હા...! અન્વય તે દ્રવ્ય છે અને વિશેષણ તે ગુણ છે, વ્યતિરેક તે પર્યાય છે એ પણ પોતાના મનમાં કળી લે છે, હજી એ વિકલ્પ છે. આ..હા..હા...! ત્યાં સુધી હજી સમ્યગ્દર્શન નથી. આહા..હા...! પરમાત્માને મન વડે કળી લ્યે છે, એ તો પરદ્રવ્ય છે. પણ અહીંયાં તો પોતામાં ત્રણ (ભેદ) પડ્યા ને ? ત્રણ (ભેદ) પડ્યા માટે હજી વિકલ્પથી કળી લે છે. આ..હા...! હજી અનુભવથી કળી લે છે, એમ નથી. આ..હા..હા...! '**પોતાના મન વડે કળી લે છે – સમજી લે છે –**' લીટી કરીને '**કળી લે છે**' એનો અર્થ કર્યો. એટલે કે કળી લે છે કહો, સમજી લે છે કહો, '**–જાણી લે છે**' કહો (બધું એકાર્થ છે). '**તે આ પ્રમાણે :**' આહા...હા...! હવે પોતામાં આવ્યું.

'**આ ચેતન છે' એવો જે અન્વય...**' આહા...હા..! અહીં અન્વય એટલે દ્રવ્ય, હોં ! આ ચેતન છે -- આત્મા છે તે અન્વય (છે) તે દ્રવ્ય છે. ચેતન છે તે દ્રવ્ય છે. '**અન્વયને આશ્રિત રહેલું 'ચૈતન્ય' એવું જે વિશેષણ તે ગુણ છે...**' આવું નાખ્યું ! 'જયસેનાચાર્ય' કરતા આ શૈલી (લીધી છે). ચેતન તે દ્રવ્ય, ચૈતન્ય તે ગુણ. ચેતન તે સત્, ચૈતન્ય તે સત્ત્વ – સત્‌નું સત્ત્વ. આહા...હા...! એ ચેતનનું – ચેતનપણું, ચેતનનું ચેતનપણું. ચેતન જે છે તે દ્રવ્ય છે. ચૈતન્ય છે તે એનું વિશેષણ – ગુણ છે. આ...હા...! આ હજી મન વડે કળી લે છે, હોં !

'**અને એક સમયમાત્રની મર્યાદાવાળું...**' આહા...હા...! '**એક સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળપરિમાણ હોવાથી પરસ્પર અપ્રવૃત્ત...**' (અર્થાત્) પર્યાય એકબીજામાં પ્રવર્તતી નથી – ભિન્ન સ્વતંત્ર (રહે છે). એવા અન્વયના ભિન્ન-ભિન્ન વ્યતિરેકો '**તે પર્યાયો છે–કે જેઓ ચિદ્‌વિવર્તનની (– આત્માના પરિણમનની) ગ્રંથિઓ છે**' આહા...હા...! (ગ્રંથિ એટલે) ગાંઠ ! છે પર્યાય પણ એને ગાંઠ કીધી છે. અનંતી પર્યાય છે ને ? (એટલે ગાંઠ કીધી). આ...હા...! દ્રવ્ય અને ગુણ મોટો ગાંઠડો છે. પર્યાય છે તે મોટી ગાંઠ છે, અનંતી પર્યાયની ગાંઠ છે – ગ્રંથિ છે. અહીંયાં ગ્રંથિભેદ (કહે છે ઇ) નહિ, હોં ! આહા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચેતન તે દ્રવ્ય છે -- અન્વય છે અને ચૈતન્ય તે તેનો ગુણ છે. આહા...હા...! તેની અનેરી-અનેરી વ્યતિરેક (નામ) ભિન્ન-ભિન્ન અવસ્થા, જેનું એક સમયમાત્રનું માપ છે, પરસ્પર ભિન્ન-ભિન્ન છે, એકબીજામાં પડતા નથી એવા અન્વયના – દ્રવ્યના ભિન્ન-ભિન્ન ભાવો તે પર્યાયો છે. આહા...હા...! '**કે જેઓ ચિદ્‌વિવર્તનની (–આત્માના પરિણમનની)...**' ચિદ્‌વિવર્તનની (એટલે) ચિદ્ ગુણ–દ્રવ્યની નહિ. ચિદ્‌વિવર્તન – વિશેષે વર્તવું. એ '**(–આત્માના પરિણમનની) ગ્રંથિઓ છે.**' નીચે (અર્થમાં) ગ્રંથિ એટલે ગાંઠ લખ્યું (છે). આ..હા...હા...હા...! પર્યાયને ગ્રંથિ કીધી ! ગાંઠ છે – પર્યાય ગાંઠ છે. (અન્વય તે) મોટો ગાંઠડો છે. આ..હા...હા...!

શ્રોતા :– આ ચિદ્‌વિવર્તન એટલે શુદ્ધ પર્યાય તરીકે મનનું આલંબન કરે છે કે કઈ પર્યાય છે ?

સમાધાન :– ચિદ્‌પર્યાય – ગ્રંથિ હજી એનો નિર્ણય કરે છે, નિર્ણય છે (છતાં) અનંતી પર્યાયો છે તે ગ્રંથિ છે. અનંત... અનંત... અનંત... છે એ પોતે ગ્રંથિ છે. એમ વિકલ્પથી નિર્ણય કરે (છે).

શ્રોતા :– પણ ચિદ્‌વિવર્તન જે એક પછી એક પર્યાય થાય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– ભલે થાય. એક સમયે અનંત છે ને ? એક સમયે અનંત (પર્યાય) છે ને ? એક સમયે એક જ છે એમ નથી. પર્યાય અનંત છે તેને ગ્રંથિ કીધી છે. આખી ગાંઠ છે.

શ્રોતા :– ગ્રંથિ સમજાણી પણ ચિદ્‌વિવર્તન જે પર્યાયો થાય છે એ શુદ્ધપર્યાય છે એમ નક્કી કરે છે કે બીજી કોઈ પર્યાય છે ?

સમાધાન :– પર્યાય છે એ નક્કી કરે છે. આ ગ્રંથિ પર્યાયની છે. ચિદ્‌વિવર્તન અનંત... અનંત.. પર્યાયની ગાંઠ છે.

શ્રોતા :– પર્યાયો શુદ્ધ છે, એમ નક્કી કરે છે ?

સમાધાન :– શુદ્ધ જ છે પણ અહીંયાં શુદ્ધ–અશુદ્ધનો વિચાર નથી. અહીં તો ચિદ્‌વિવર્તનની પર્યાયો અનંતી છે તે ગાંઠ છે, બસ એટલું. પછી ભેળવી દેશે ત્યારે વિકલ્પને છોડી પર્યાયને દ્રવ્યમાં ભેળવી દેશે. આ તો ચિદ્‌વિવર્તન છે, ભલે મલિન પર્યાય હોય પણ એક સમયે અનંતી પર્યાય છે ને ! એ અનંતી (પર્યાયની) ગાંઠ છે. આહા..હા...!

'**હવે એ રીતે ત્રિકાળિકને પણ...**' આહા...હા...! '**(–ત્રિકાળિક આત્માને પણ) એક કાળે કળી લેતો તે...**' '**એક કાળે કળી લેતો તે...**' હજી સુધી વિકલ્પ છે. આ...હા...! ભલે એમાં અમુક મલિનતા–રાગાદિ હોય પણ આખી પર્યાય ગ્રંથિ છે એમ (કહેવું છે). વ્યતિરેક – ભિન્ન-ભિન્ન એકલી નિર્મળ (પર્યાય), એમ નહિ. પર્યાય જેટલી છે એ બધી ગ્રંથિઓ છે. આખી

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાંઠ છે. ભગવાન દ્રવ્ય-ગુણનો તો ગાંઠડો છે. આ એક ગ્રંથિ છે – ગાંઠ છે. આહા...હા...! હજી આટલા અસ્તિત્વનો, સત્તાના આટલા અસ્તિત્વનો સ્વીકાર મન વડે કળે છે. આ..હા...હા...!

એટલે એનો અર્થ એ થયો કે, એ વખતે પાંચ ઇન્દ્રિયના વિષય તરફનું લક્ષ છૂટી ગયું છે. આહા...હા...! ફક્ત મનથી કળી લે છે (તેટલો) એનો સંબંધ રહી ગયો છે. પાંચે ઇન્દ્રિયોના વલણવાળી જે દશા (છે)... આહા...હા...! આ મનથી કળી લે છે, એમાં એ દશાઓ છૂટી ગઈ છે. સમજાય છે આમાં ? ફક્ત અંતર્મુખમાં છે વિકલ્પ. પણ મનની સાથેના સંબંધવાળો વિકલ્પ (છે). આ બધું બંધ થઈ ગયું (એટલે કે) ઇન્દ્રિયો તરફનું લક્ષ ત્યાં અટકી ગયું છે. આ..હા...હા...! અહીંયાં તો (એમ કહેવું છે કે) હજી અનુભવ કરવા પહેલાં એને આવો એક મનના સંબંધનો સૂક્ષ્મ વિકલ્પ હોય છે. આ..હા...હા...! ઝીણી વાત છે પણ સામે છે ને ? આહા...હા...! વીતરાગમાર્ગ બહુ ઝીણો છે, બાપુ ! આહા...હા...!

'**એ રીતે ત્રિકાળિકને પણ...**' એમ. એક સમયને તો ઠીક પણ ત્રિકાળીને પણ. '**(–ત્રિકાળિક આત્માને પણ) એક કાળે કળી લેતો તે જીવ, જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે...**' અહીંયાં એમ કહ્યું. મોતીઓના ઝૂલતા હાર (છે તેમાં) મોતીને હારમાં સમાવેશ કરી દે છે. '**તેમ ચિદ્‌વિવર્તોને ચેતનમાં જ સંક્ષેપીને...**' મોતીને ઠેકાણે પર્યાય લેવી અને મોતીની સફેદાઈને ઠેકાણે ગુણ લેવો. આહા...હા...! પ્રથમ તો '**ચિદ્‌વિવર્તોને ચેતનમાં જ સંક્ષેપીને (–અંતર્ગત કરીને)...**' આહા...હા...! એ તરફનો ઝુકાવ કરીને, એમ (કહે છે). આહા...! '**તથા વિશેષણવિશેષ્યપણાની વાસનાનું...**' (અર્થાત્‌) વિશેષ દ્રવ્ય અને વિશેષણ ગુણ. વિશેષ ચેતન અને વિશેષણ ચૈતન્ય – એવી વાસનાનું આહા...હા....! (વાસના એટલે) 'વલણ; કલ્પના; અભિપ્રાય.' આહા...હા...! '**અંતર્ધાન (થવાથી)...**' છે ? (અંતર્ધાન એટલે) તિરોધાન. (અર્થાત્‌) પર્યાયનું દ્રવ્યમાં ભળી જવું, દ્રવ્ય તરફ વળી જવું એ અંતર્ધાન. આહા...હા...! (અંતર્ધાન એટલે) તિરોધાન; અદૃશ્ય થવું; ભેદ છે તે અદૃશ્ય થઈ જવો. પર્યાયનો – ચિદ્‌વિવર્તનની ગાંઠનો ભેદ છે એ અદૃશ્ય થઈ જવો. આહા...હા...! અંતરના-અંતરના મનના વિકલ્પમાં ચિદ્‌વિવર્તનનું જે લક્ષ હતું તે છૂટીને અંદરમાં લય થઈ ગયો. આહા...હા...! એ પર્યાયને અંદરમાં ઝુકાવી. એ ઝૂકવામાં મલિનપર્યાય અંદર ઝૂકી નથી. આહા...હા...!

'**અંતર્હિત કરવામાં આવે છે તેમ–ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને,...**' '**જેમ ધોળાશને હારમાં અંતર્હિત કરવામાં આવે છે...**' ધોળાશ એ ગુણ (છે). તેમ '**ચૈતન્યને...**' ચૈતન્ય (તે) ગુણ (છે). તેને '**ચેતનમાં,...**' એટલે દ્રવ્યમાં. ગુણને '**ચેતનમાં જ અંતર્હિત કરીને, જેમ કેવળ હારને જાણવામાં આવે છે...**' આહા...હા...! મોતીને (એટલે કે) ભેદને – પર્યાયને ગુપ્ત કરી, સફેદને પણ (ગુણભેદને પણ) દૂર છોડી, એકલો અંતર્મુખ પ્રભુ આત્મા – દ્રવ્ય સ્વભાવનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં અનુભવ થયો. આહા...હા...! '**કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં,...**' ત્રણ ભેદ પણ જ્યાં છૂટી ગયા છે. આ..હા...! આવી ઝીણી વાતું ! ચેતન અને ચૈતન્ય એવા એ વિશેષ્યનું વિશેષણ (છે) એને અંતર્હિત કરીને (એટલે) અભેદ કરીને. જુદું છે તેનો વિકલ્પ છોડીને. આ..હા...હા...! (આ) ચેતન છે અને આ ચૈતન્ય છે, એવો જે વિશેષ્ય અને વિશેષણનો વિકલ્પ (તેને) અંતર્ભૂત કરીને એને અંતરમાં વાળી દે ! આ..હા..હા...હા...!

'**તેમ કેવળ આત્માને જાણતાં, તેની ઉત્તરોત્તર ક્ષણે...**' આહા...હા...હા...! મનના વિકલ્પથી પણ છૂટીને અભેદમાં જાય છે ત્યારે '**ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો...**' આહા...હા...! (અર્થાત્) આત્મા કર્તા છે અને પરિણતિ તેની ક્રિયા અથવા કાર્ય છે એ બધો વિભાગ ક્ષય પામતો જતો. આહા...હા...હા...! જોકે એ વખતે સમ્યગ્દર્શનનું પરિણમન ષટ્કારકથી પરિણમે છે પણ ષટ્કારકના ભેદનું લક્ષ નથી. આહા...હા...! છે ? '**કર્તા-કર્મ-ક્રિયા...**' (ત્રણ કહ્યા પરંતુ) છે તો છ યે બોલ. શું કીધું ?

નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં એ સમ્યગ્દર્શનની પર્યાય ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. પણ અહીંયાં કર્તા-ક્રિયાનો ભેદ છે (તે વિભાગ ક્ષય પામતો જાય છે, એમ કહ્યું છે). ખરેખર તો બધું કર્તાપણું પર્યાયમાં જ છે. દ્રવ્યમાં કર્તાપણું છે નહિ. ભાષાથી કહેવાય છે (કે) કર્તા દ્રવ્ય છે અને પર્યાય (કાર્ય છે). બાકી પર્યાય(ના) કર્તા-કર્મ-ક્રિયા (છે). કારકો છે એ ક્રિયાના છે. શું કીધું ઇ ? જે કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણ (આદિ કારકો છે) એ ક્રિયાના કારકો છે, એ દ્રવ્યના નહિ. ઇ પરિણતિના કારક છે - પર્યાયના કારક છે. એ પર્યાયના કારકરૂપે પરિણમે છે પણ આ કર્તા છે ને આ કાર્ય છે ને આ ક્રિયા છે એ ભેદ ત્યાં નથી. આ..હા...હા...! ભારે ઝીણું ભાઈ !

'**કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો...**' શું કીધું ? અહીં તો ક્ષય પામતો જતો (કહ્યું છે) ! ઉપશમ થતો (જાય છે) એમ પણ નહિ. '**मोहो खलु जादि तस्स लयं**' આ..હા...હા...! અંતર્મુખમાં દ્રવ્યસ્વભાવ તરફ– અભેદ તરફ જતાં પર્યાય કર્તા અને આ પર્યાય કર્મ એવા ભેદ ક્ષય પામે છે, છતાં પરિણમનમાં છે. ભેદથી ક્ષય પામે છે. શું કીધું ઇ ? કર્તા-કર્મ-ક્રિયા એ ભેદ ક્ષય પામે છે છતાં એ સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય ષટ્કારકરૂપે પરિણમે છે પણ ત્યાં ભેદ ઉપર લક્ષ નથી. આહા...હા...! આવું છે. આ દિગંબર શાસ્ત્રો વીતરાગના કેવળીના કેડાયતો છે ! એના (ભાવ) ગંભીર છે. આહા..હા...!

એ '**કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ...**' 'ભાગ' એમ કીધું છે ને ? એ '**કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી,...**' આહા...હા...! '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે;...**' પર્યાયમાં (પામે છે). પામવું છે તો પર્યાયમાં ને ? આ..હા...હા...! નિષ્ક્રિય ચિન્માત્ર જે ભાવ એ ત્રિકાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(છે) તેને પર્યાયમાં પામે છે. આ..હા...હા...! આ અધિકાર જરી ઝીણો લાગ્યો. પણ વસ્તુ ઇ છે. (કહે છે કે) '**વિભાગ ક્ષય પામતો જતો હોવાથી, નિષ્ક્રિય ચિન્માત્ર ભાવ...**' (અર્થાત્) ત્રિકાળ વસ્તુ (છે) તેને '**પામે છે;...**' (એટલે કે) પર્યાયમાં અનુભવાય છે. નિર્વિકલ્પ પર્યાયમાં ચિન્માત્ર ભગવાન અનુભવાય છે. અનુભવાય છે તો પર્યાય પણ તેના લક્ષમાં (ચિન્માત્ર) છે ને ? એથી એને (–ચિન્માત્રને) અનુભવે છે એમ કહેવામાં આવે છે. આ..હા...હા...! સમજાણું કાંઈ ? આહા...હા...!

'**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવ...**' આ..હા...હા...! એક કોર એમ કહે કે, કેવળજ્ઞાનની પર્યાય પણ ષટ્કારકરૂપે પરિણમે છે. અનંત દ્રવ્યોની એક સમયની જે જે સમયની પર્યાય (થાય છે તે) તે કાળે ષટ્કારકથી પરિણમે છે. એ તો એના સ્વરૂપ તરીકે બતાવ્યું પણ એના ભેદ છ પ્રકાર – આ કર્તા ને આ કર્મ એવો ભેદ વિકલ્પ ત્યાં છે નહિ. આ..હા...હા...હા...! આવી ગાથા આવી ! આ..હા...હા...! આ..હા...હા...! '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવ...**' એટલે વસ્તુ. તેને '**પામે છે;...**' એટલે પર્યાયમાં તેનો અનુભવ થાય છે.

'**અને એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે...**' (જેનો એટલે) પ્રભુનો ! આ..હા...હા...હા...! અકંપપણે પ્રવર્તે છે એ પર્યાયમાં. '**એવા તે (ચિન્માત્ર ભાવને પામેલા) જીવને મોહાંધકાર (નિરાશ્રયપણાને લીધે)...**' મોહરૂપી અંધકારને આશ્રય નહિ હોવાથી આહા...હા...! અભેદમાં આશ્રય ગયો તેથી મોહના અંધકારને (આશ્રય રહ્યો નહિ). આશ્રય અહીં પ્રકાશમાં ગયો. તેથી કહ્યું ને ? '**નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે**' એની સામે લીધું. '**નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્ર ભાવને પામેલો) જીવને મોહાંધકાર...**' વિકલ્પરૂપી અંધકાર છે એ તો જાણનાર નથી, એવો '**મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે,...**' મોહને કોઈ આશ્રય રહ્યો નહિ, વિકલ્પ થવાનો કોઈ આધાર રહ્યો નહિ. એને લીધે '**અવશ્યમેવ પ્રલય પામે છે.**' આ..હા...હા...! ત્યાં એ વિકલ્પ છે એ મોહ છે. આ મોહ છે એ ચારિત્રમોહ છે. મિથ્યાત્વ પણ મોહ છે (પણ) એ તો પહેલા ગયો એટલે રસ ઘટી ગયો પણ હજી ઊંડે ઊંડે થોડો રસ હતો એ પણ અંદર નાશ થઈ ગયો.

'**મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે...**' હવે ૭૯ (ગાથામાં) એમ લીધું કે, શુભભાવને – અભિસારિકાના પ્રેમને મળતો ભાવ (છે) એનું નિકંદન કરવા હું તૈયાર થાઉં છું અને પછી આ ગાથા લીધી. પ્રથમની લીધી. સમ્યગ્દર્શનને પામવાની દશા આ છે અને આગળ ચારિત્રદશાને પામવાની પણ આ જ સ્થિતિ છે. નહીંતર વાત તો ચારિત્રની લીધી હતી. ભાઈ ! સમજાણું ? આહા...હા...! (મિથ્યાત્વને) મૂળમાંથી ઉખેડીને સમ્યગ્દર્શન અપ્રતિહત થાય છે એ બતાવવા આ ગાથા (લીધી). ચારિત્રમોહનું નિકંદન કરવું છે છતાં આ વાત લીધી. આ..હા..હા...! પહેલાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ કર્યું છે અને પછી ૮૧ (ગાથામાં) લેશે.

**जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं।**
**जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं।।८१।।**

ત્યાં અસ્થિરતાના રાગ-દ્વેષ ઘટાડવાનું લેશે. ૭૯ (ગાથામાં એમ) લીધું કે, અભિસારિકા (એટલે સ્ત્રી જેમ સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જાય છે) એમ આ રાગનો પ્રેમ કરવા જાય એ વ્યભિચાર (છે). આહા..હા...! એનું નિકંદન કરવા મેં કડ બાંધી છે પણ એની પહેલાં આ દશા થાય છે. આહા..હા...! અને એમાંથી પછી ચારિત્ર વિશેષ (થાય છે) એ વિશેષ કહેશું..

ગાથા–૮૦,૮૧
પ્રવચન નં. – ૭૩
તા. ૧૪-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૦ ગાથાનો ભાવાર્થ છે. **'અર્હંતભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે;...'** આ..હા...! જેવો ભગવાન અરિહંતનો આત્મા (છે) એવો જ (પોતાનો) આ આત્મા છે. **'અર્હંતભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે,...'** પર્યાયમાં (સ્પષ્ટ છે). **'તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને...'** આહા...હા...! **'મન વડે પ્રથમ સમજી લે...'** (આ હજી) વિકલ્પ છે. (કેમકે) પરદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય છે ને ? **'તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે તો 'આ જે 'આત્મા, આત્મા' એવો એકરૂપ (–કથંચિત્ સદ્દશ) ત્રિકાળિક...'** છે ને ? ધ્રુવ ત્રિકાળી. ત્રિકાળી એક પ્રવાહરૂપ. **'ત્રિકાળિક પ્રવાહ...'** ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ...

**'તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ...'** (પહેલાં) દ્રવ્ય કીધું. હવે એનો ગુણ કહે છે. **'તેનું જે એકરૂપ રહેતું...'** એને પણ ત્યાં એકરૂપ કહ્યું હતું. કહ્યું હતું ને ? **'એવો એકરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**(–કથંચિત્ સદૃશ) ત્રિકાળિક પ્રવાહ'** આમાં **'એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાયો છે' એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે.'** આહા...હા...! (જેવા) અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય (છે) એવા જ પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય (છે એમ) મન વડે ખ્યાલમાં આવે છે. આહા...હા...! **'એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને...'** હજી વિકલ્પથી (ખ્યાલમાં લે છે). આહા...હા...! મન વડે ખ્યાલમાં લઈને, પોતાને પણ હોં ! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ છે ને ? એ ત્રણને ખ્યાલમાં લઈને.

**'જેમ મોતીઓને અને ધોળાશને હારમાં જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે...'** આહા...હા...! **'તેમ–આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને...'** આહા...હા...! આત્માની પર્યાયોને અને ચૈતન્યગુણને – પર્યાય અને ગુણ બન્ને આવ્યા. (બન્નેને) આત્મામાં અંતર્ગત કરીને. આહા...હા...! એવા ટાણાં ક્યારે આવે ? પ્રભુ ! આહા...હા...! આ તને ટાણાં -- અવસર છે, એમ કહે છે. આહા...હા...! એ નરકના દુઃખોના ટાણાં ગયા તારે, પ્રભુ ! યાદ આવ્યા નહિ તને.

એક ક્ષણના ઉષ્ણગુણનું દુઃખ અને એક ક્ષણનું શીતગુણનું દુઃખ, પ્રભુ ! એ તારા ટાણાં અનંતકાળ તેં એમાં ગાળ્યા. આ..હા...! એ તારી જાત નહિ. આ..હા...હા...! આચાર્યો કહે છે કે, જેના એક ક્ષણના દુઃખો સંભારીયે ત્યાં કંપારી ઊઠે છે ! આહા..હા...! એ કાળે આ કરવાનું છે હવે. આહા..હા...! અહીં લૂ વાય છે ત્યાં કંઈક થઈ જાય છે, જુઓ ને ! હવે એવી લૂથી તો અનંતગુણી (ગરમી નરકમાં ભોગવી છે). એ ભાષા સાંભળે ભલે પણ એ ભાવમાં – દુઃખમાં જે રહ્યો છે એનું ક્ષણનું દુઃખ કેટલું હશે ? એણે સાગરોપમ – તેત્રીસ સાગર ગાળ્યા !

અહીં તો (એમ કહે છે કે) સર્વજ્ઞનો આત્મા છે તેવો (મારો) આત્મા છે, બાપુ ! (એમ અનુભવવાનો) અવસર હવે આવ્યો છે. આ..હા...હા...! ભાઈ ! આવા ટાણાં (ક્યારે મળે) ? એ (નરકના દુઃખના) ટાણાં ગયા. આહા...હા...! એ ટાણાં જવાનો પંથ આ છે. આહા...હા...! ભગવાન અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને મનથી કળી લે. આહા...હા...! ધીરાના કામ છે. આ કોઈ ક્રિયાકાંડના કામ નથી. આહા...હા...! મનથી કળી લે છે ત્યાં ઇન્દ્રિયો તરફનું લક્ષ છૂટી ગયું છે. આહા...હા...! એક મનનો સંબંધ રહ્યો છે. આહા...હા...! એમાં પ્રભુના દ્રવ્ય-ગુણ અને પર્યાય કળ્યા. એ રીતે આત્મા પણ એવો છે એમ કળ્યો. આહા...હા...હા...! ભાઈ ! અહીં સુધી તું આવ્યો ત્યાં સુધી પણ કંઈ વસ્તુસ્થિતિ નથી. આહા...હા...! આહા...હા...હા....!

**'જેમ મોતીઓને અને ધોળાશને...'** મોતી એટલે પર્યાય અને ધોળાશ એટલે ગુણ. **'હારમાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ–**' આહા...હા...! '**આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને...**' ક્યાં સુધી આવ્યો, જોયું ? પાંચ ઇન્દ્રિય તરફના બધા વિકલ્પો અને વિચારો રોકાઈ ગયા છે. આહા...હા...! હવે એ અંતર્મુખમાં મનના સંબંધનાં વિકલ્પોમાં આવ્યો છે. આ..હા...હા...! ત્યાં સુધી પણ એ વિકલ્પ છે તે દુઃખ છે. નરકના દુઃખોની તો શું વાત કરવી પ્રભુ ! વિષાહાર છે ને ? શું કહેવાય એને ? 'વિષાપહારસ્તોત્ર' ! એમાં છે. નરકના દુઃખોને યાદ કરીએ છીએ ત્યાં કંપારી ઊઠે છે. આહા...હા...! એની કંપારી આગળ ક્યાંય ચિત્ત ચોંટતું નથી. આહા...હા...! અહીંયાં (કહે છે કે), અરિહંતના દ્રવ્ય-ગુણ જાણીને (અને) પર્યાયને જાણીને (તારા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી લે). પ્રભુ એ (દુઃખના) ટાણાં ટાળવા માટે આ ટાણું (મળ્યું) છે. આહા...હા...!

કોઈ માણસ એમ કહે છે ને ? કે, ક્રમબદ્ધમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? એમ કહે છે ને ? ભાઈ ! પણ પ્રભુ ! ક્રમબદ્ધમાં તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. આ..હા...હા...! ભલે અહીં સુધી લે કે, પરનો કર્તા નથી. પણ ખરેખર તો પર્યાયનો કર્તા પણ દ્રવ્ય નથી ત્યાં સુધી વાત લઈ જવી છે. આ..હા...હા...! અકર્તાપણાની પરાકાષ્ઠા ! જ્યારે જગત કહે કે, ઈશ્વર કર્તા છે. ત્યારે પરમાત્મા એમ કહે છે, પ્રભુ ! તું પરનો કર્તા નહિ, રાગનો કર્તા નહિ પણ તારી પર્યાયનો દ્રવ્ય કર્તા નહિ. આહા...હા...! આ..હા...હા...હા...! અકર્તાપણાની છેલ્લી હદને ત્યાં લઈ જવી છે. આહા...હા...! ત્યાં પુરુષાર્થ નથી એમ કહે છે. (પરંતુ એ નિર્ણય કર્યો) એ જ પુરુષાર્થ છે, ભાઈ ! આહા...હા...! જે પર્યાય થાય તેને પણ જાણવી છે, કરવી નથી. આહા...હા...હા...! એમ આવ્યું ને ? ભાઈ ! બંધ-મોક્ષને જાણે છે. આહા...હા...હા...! લોકો એમ સમજે છે કે, ક્રમબદ્ધમાં ક્યાં અમારે ક્યે ઠેકાણે (કાર્ય) કરવું ? પુરુષાર્થ કાંઈ આવતો નથી. અરે... પ્રભુ ! તું સમજ, બાપુ ! ક્રમબદ્ધમાં તો અકર્તાપણાની પરાકાષ્ઠા છે.

અહીં કહે છે કે, આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ છે ને ? આહા...હા...! એ પણ હજી ક્રમબદ્ધનો નિર્ણય નથી. આહા...હા...! હારમાં ધોળાશ એવો ગુણ (છે) અને મોતી એવી પર્યાય (છે) એને હારરૂપે કરીને, હારમાં સમાડી દઈને. આ..હા...હા...!

શ્રોતા :– વર્તમાન પર્યાય કે ભૂત-ભવિષ્યની બધી પર્યાય લેવી ?

સમાધાન :– અહીં તો વર્તમાન છે એ બધી (લેવી). ભૂત-ભવિષ્યની પર્યાય તો અંદરમાં છે. વર્તમાન બાહ્ય પર્યાય એક જ છે. એક છે એટલે એક ગુણની એક છે એમ, અનંત ગુણની અનંત (પર્યાય) છે. આહા...હા...! અહીં તો એમ કહેવું છે કે, અરિહંતના દ્રવ્ય-ગુણ અને પર્યાય વિચારીને તેં તારા (દ્રવ્ય-ગુણ-પર્યાય) વિચાર્યા (તોપણ) પ્રભુ ! એ પણ હજી (તું) એક વિકલ્પમાં ઊભો છે. આહા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...હા...! પ્રભુ ! તારા નરકના દુઃખોના ટાણાં.. આહા...હા...! સંતો(ને) કહેતા પણ કંપારી ઊઠે ! નરકની એ દસ હજાર વર્ષની સ્થિતિ ! ભાઈ ! અહીં તને એક ક્ષણની લૂ આકરી લાગે છે ! આહા...હા...! બાપુ ! એ લૂથી અનંત ગુણી અગ્નિ (નરકમાં છે). આહા...હા...! શીત ચોથી નરકથી શરૂ થાય છે. ઉષ્ણ તો પહેલી નરકથી છે. શીત ત્યાંથી શરૂ થાય છે તે સાત સુધી. આહા...હા...! આ બધું અસ્તિત્વ થયું. એવા અસ્તિત્વના દુઃખના દા'ડા તારા ગયા, પ્રભુ ! આહા...હા...! હવે દુનિયા (સામે) જોવાનું નથી. આહા...હા...! દુનિયા મને માને કે ન માને, મોટો કહે કે, મને આવડે છે ! પ્રભુ ! એ સામું તું જો નહિ હવે. આહા..હા...!

અહીંયાં તો મનમાં આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય કળ્યા તોપણ કહે છે કે, એ કોઈ વિશેષ (નથી), તેથી શું ? આહા...હા...! પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી દ્રવ્ય અન્વય છે અને તેના ગુણો તે વિશેષ છે, એ ચૈતન્ય છે. પ્રભુ (છે) તે ચેતન છે. એના ગુણો તે ચૈતન્ય છે અને વ્યતિરેક (એટલે) પલટતી અનેક અનેરી-અનેરી અવસ્થા. વ્યતિરેક તે પર્યાય છે. એવું તેં દ્રવ્ય-ગુણ અને પર્યાય(નું સ્વરૂપ) કેવળીની સાથે મેળવ્યું, છતાં (હજી) આગળ જવાનું છે. આહા...હા...! એ પર્યાયોને અને ગુણને આત્મામાં '**અંતર્ગર્ભિત કરી...**' આહા...હા..!

એવા અનંત... અનંત... દુઃખ, દુઃખ એટલે પ્રતિકૂળતા એટલું દુઃખ એમ નહિ. એ તો આવી ગયું ને ? શુભભાવમાં પણ દુઃખ જ છે. આહા...હા...! પ્રભુ ! એ ચારગતિમાં ક્યાંય દુઃખ વિના કોઈ દશા નથી. આ..હા...હા...! સ્વર્ગના દેવો પણ શુભભાવના ફળમાં દુઃખનો વિજય (જાહેર કરે) છે, દુઃખ જાહેર કરે છે. પ્રભુ ! ત્યાં તારું સુખ નથી. આહા...હા...! હવે અહીંયા કહે છે કે, ટાણાં આવ્યા છે. અહીં સુધી (તું) આવ્યો, તેં અરિહંતને સાંભળ્યા અને અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય પણ તારા ખ્યાલમાં આવ્યા અને તેનો ખ્યાલ મૂકીને પોતે આત્મા જ આવડો (અને) એવો છે, (ભાવાર્થમાં) પહેલાં કીધું હતું ને ? '**પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે.**' આહા...હા...! ભલે પર્યાય પ્રગટ નથી પણ વસ્તુ સરખી છે. પોતે આખો પરમાત્મા જ છે. આ..હા...હા...! ભગવંત ! તારા ટાણાં આવ્યાં, દુઃખનાં ટાણાં મુકાવાનાં છે, પ્રભુ ! આહા...હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી કહ્યું ? 'સબ અવસર આ ગયા' આ..હા...હા...! અરે...રે...! આવી-આવી વાતું કાને પડે, પ્રભુ ! તારા દ્રવ્ય-ગુણ અને પર્યાયની વાતું તને લક્ષમાં આવે. પ્રભુ ! હવે (આનાથી સારા) ટાણાં બીજાં ક્યા હશે ? આહા...હા...! હવે તો એકવાર એ કર ! એ પર્યાય અને ગુણને દ્રવ્યમાં ભેળવી દે ! આહા...હા...!

જેમ એ હારની ધોળાશના ગુણને અને મોતીની પર્યાયને હારમાં દેખનારો, એ ધોળાશ અને મોતીને દેખતો નથી. આહા...હા...! એમ પ્રભુ તારો આત્મા, ચૈતન્યનાં ચૈતન્ય ગુણ અને તેની વ્યતિરેક ભિન્ન-ભિન્ન પર્યાયોને ન જોતા એકરૂપ વસ્તુ ત્રિકાળ છે (તેને જો). આ..હા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકરૂપ પ્રભુ છે, અનંત અતીન્દ્રિય જ્ઞાયકભાવથી ભરેલો, અનંત અતીન્દ્રિય ગુણનો સાગર છે, એ એકરૂપ છે ત્યાં જા. આહા...હા...!

**'અંતર્ગર્ભિત કરીને કેવળ આત્માને જાણતાં...'** આહા...હા...! કેવળ એક આત્માને જાણતાં – ગુણ-પર્યાય પણ એમાં સમાડી દીધા. આહા...હા...! **'પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો...'** પરિણામી (એટલે) દ્રવ્ય, પરિણામ (એટલે) એની અવસ્થા (અને) એની પરિણતિ (એટલે) પર્યાય અથવા પરિણામ આહા..હા...! પરિણામી–પદાર્થ, એનું પરિણામ જે ભલે ગુણ છે અને પરિણતિ–અવસ્થા છે, એના **'ભેદનો વિકલ્પ નાશ પામતો...'** આહા...હા...! મોહ નિરાશ્રય થયો થકો. **'જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે...'** વિકલ્પ નાશ પામતો જતો હોવાથી – પામતો જતો હોવાથી. જ્ઞાયકની ઘનતા, ત્રિકાળી પ્રવાહ ઉપર દૃષ્ટિ પડતા આહા...હા...! **'પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો...'** આ..હા..હા...! **'જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે...'** અહીંયાં ત્રિકાળીની વાત છે, હોં ! **'જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવ...'** (અર્થાત્) ત્રિકાળીને પર્યાયમાં પામે છે. આવી વાતું છે !

હજી તો સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન માટેની આ વાત છે. આહા..હા...! જેમ ('સમયસાર'ની) ૧૪૪ (ગાથામાં) **'વ્યપદેશ'** (એમ) કહ્યું ને ? એમ આ પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન માટેની (વાત છે). મોહનો એટલે મિથ્યાત્વનો નાશ થાય એની આ વ્યાખ્યા છે. આહા...હા...!

અરે...! તને બહારમાં ક્યાં હખના હડખા ભાસે છે ? ભગવાન અંદર આનંદસ્વરૂપ છે ને ! આહા...હા...! એ વિનાની અનંતી ચીજો છે, તેમાં કોઈપણ ચીજમાં તને ચમત્કાર લાગે, વિશેષ લાગે, અધિક લાગે, તેજ લાગે, ઠીક લાગે... આહા...હા...! (એ) શું છે પ્રભુ ? ક્યાં ઠીક છે ? જેના દ્રવ્ય-ગુણ અને પર્યાયના ભેદમાં પણ ઠીક નથી... આહા...હા...! અને બહારની ચીજો પૈસા, લક્ષ્મી, મકાન, આબરૂ ધૂળધમાહા મસાણની બધી વાતું, એમાં ક્યાંક તને વિશેષપણું (લાગે) – આ ઠીક છે એવું લાગે... આહા...હા...! (તો તેમાં) ભગવાન એકરૂપ ઠીક છે એને ઉડાડી દીધો ! આ..હા..હા...! મોટા વખાણ ચાલતાં હોય – તમે આવો છો ને તમે આવા છો ને તમે આવા છો... શું છે પણ પ્રભુ ? એ ભાષાની વર્ગણા – પુદ્‌ગલની પર્યાયોમાં તને અધિકપણું ભાસી જાય ! આહા...હા..! અહીં તો (એમ કહે છે) હજી દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં પણ અટકવું એ પણ વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિ નથી. આહા...હા...હા...! એને છોડીને પર ચીજ માંસ, હાડકાં, ચામડાં... આહા...હા...હા...! દાળ, ભાત, શાક, ચૂરમાના લાડવા... આ...હા...! રસગુલ્લા, મેસૂબ, શક્કરપારા... આહા...હા...! એ કોઈ પણ ચીજમાં 'આ ઠીક છે' એમ જો તને થઈ જાય, પ્રભુ ! તો પ્રભુ અંદર અનંત ગુણનો ધણી, આનંદ-સાગર !

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને તો તેં અઠીક કરીને માન્યો ! આહા...હા...! આવી વાત છે ! આહા...હા...! આ પર તરફનો દર્શનમોહ, હોં ! પોતાના સ્વભાવથી કોઈ પણ બહારની ચીજ(માં) ક્યાંય પણ એને અધિકપણું (લાગે કે આ) ઠીક છે એવો હરખનો હડકો આવે... આ..હા...હા...! એ મિથ્યાત્વ ભાવ છે. આહા...હા...!

આ તો નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે. જોયું ? આહા...હા...! જેમાં પર્યાયનું પરિણમન પણ નથી ! આહા...હા...! એવા નિષ્ક્રિય ચિન્માત્ર – ચેતનસ્વરૂપ માત્ર. ચિન્ એટલે એકલું ચેતનસ્વરૂપ. એવા ભાવને... આહા...હા...હા...! એવું ચેતનસ્વરૂપ – એવો અસ્તિત્વ ભાવ – એવો જે ભગવાનનો એકલો અસ્તિત્વ ભાવ... આહા...હા...! એને એ પામે છે. તેને એ દૃષ્ટિમાં દૌલતને (એ) જોવે છે. એથી તેને અનુભવમાં નિષ્ક્રિય આત્મા પ્રાપ્ત થાય છે. આહા...હા...! આવી રીત છે. પછી માણસ – લોકો એકાંત કહે ! આ કરું ને આ કરું ને આનાથી થાય. આહા...હા...! અહીં તો હજી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય (જોવામાં) અરિહંત જેવા (પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય છે એમ) જોવામાં ત્રણપણાનું જ્ઞાન થયું એ પણ એક વિકલ્પ છે, એ પણ દુઃખ છે. એને ટાળીને અભેદમાં જા, તને સુખ થશે. આહા...હા...! એવું સુખ જગતમાં – ચૌદ બ્રહ્માંડમાં ક્યાંય નથી. આહા...હા...! એવો ચૈતન્યસ્વભાવ, એકલો અતીન્દ્રિય અનંત... અનંત... ગુણનો પિંડલો (છે). આહા...હા...હા...હા...!

એવા '**નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે અને તેથી મોહ (–દર્શનમોહ)...**' જોયું ? આહા...હા...! નહિતર ચારિત્રમોહમાં મારે આમ કરવું, આમ કરવું ત્યાં સુધી આવી ગયા છતાં ફરીને પહેલેથી લીધું. આહા..હા..હા...! જ્યારે વાત ઉપાડે છે ત્યારે પાછી મૂળથી ઉપાડે છે. આહા...! નહીંતર ૭૯ ગાથામાં તો આવી ગયું હતું. આહા...હા...! મારી ચીજ છે ઇ તો પ્રાપ્ત થઈ છે પણ આ પ્રમાદરૂપી રાગ – શુભરાગ એ ચોર છે. આહા...હા...હા...! એ પછી કહેશે. ત્યાં શુભભાવમાં અટકી જાઉં છું (તો) મારી વસ્તુ ચોરાઈ જાય છે. આ..હા...હા...હા...!

'**અને તેથી મોહ (–દર્શનમોહ) નિરાશ્રય થયો થકો...**' આત્માનાં એકરૂપ સ્વભાવ તરફ, ત્રિકાળી જ્ઞાયકના દળ ઉપર, એક ઉપર દૃષ્ટિ પડતા દર્શનમોહનો આશ્રય રહ્યો નહિ. આહા...હા...! '**(–દર્શનમોહ) નિરાશ્રય થયો થકો...**' એ જ્યાં સુધી વિકલ્પથી પોતાનું સ્વરૂપ છે એમ માનતો હતો ત્યાં સુધી દર્શનમોહને આશ્રય મળતો (હતો). આ..હા..હા...! અથવા એક સમયની પર્યાયને પણ (પોતાપણે માનતો હતો). 'પર્યાય મૂઢા પરસમયા' એક સમયની પર્યાયમાં પણ રોકાતો હતો. આહા...હા...હા..! પોતા સિવાય અનંત પરપદાર્થની વિવિધતાના પ્રકાર તો ક્યાંય રહી ગયા... આહા...હા...! પણ એની પર્યાયમાં રોકાવું એ પણ ત્યાં આગળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મૂઢતા છે. આહા...હા...! 'પર્યાય મૂઢા પરસમયા' ઓ..હો...હો...હો...! કેમકે એક અંશમાં ત્રિકાળી પ્રભુ કાંઈ આવ્યો નહિ. એની અંશબુદ્ધિમાં તો ત્રિકાળીનો અનાદર થયો છે. આહા...હા...! જ્યાં એનો પોતાનો એક સમયનો પર્યાય છે ત્યાં આગળ પણ જો રુચિ અને પ્રેમમાં પડ્યો તોપણ તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, (ત્યાં) દર્શનમોહને આશ્રયે મળ્યો. આહા...હા...! ભગવાન એકરૂપ સ્વભાવ છે ત્યાં જતાં દર્શનમોહને આશ્રય રહ્યો નહિ તેથી નાશ પામે છે.

શ્રોતા :– બન્નેનું અવલંબન લે તો ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકેયનું અવલંબન નહિ, એક (સ્વભાવ) સિવાય (બીજા કોઈનું) અવલંબન નહિ. આહા...હા...! ત્રિકાળી પ્રવાહ એકરૂપ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... (છે તેનો) આશ્રય લે છે પર્યાય, પણ પર્યાયનો આશ્રય પણ નહિ. આહા...હા...!

પોતા સિવાયની અનંત ચીજોમાં પણ ક્યાંય જો અધિકપણું લાગ્યું – પાંચ-પચાસ કરોડ રૂપિયા મળ્યા, ધૂળ મળી ને અબજ મળ્યા ને બાયડી રૂપાળી મળી, છ-સાત-દસ છોકરાંઓ રળતા હોય (અને માને કે) મોટા કર્મી થયા ! બાપુજી... બાપુજી... કરે ! અરે...! ક્યાંય પણ પ્રભુ તને જો અધિકપણું ભાસ્યું (તો) તારા તત્ત્વનો પ્રભુ તેં અનાદર કર્યો છે. આહા...હા...! અહીં તો કહે છે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં પણ જો ઊભો રહ્યો ત્યાં સુધી તારા તત્ત્વની તને પ્રાપ્તિ નથી. આહા...હા...! જગતથી જુદી ચીજ છે, ભાઈ !

જગતમાં તો અત્યારે ધર્મને નામે કાંઈક ચાલ્યું છે. આ..હા...! વ્રત કરો, જાત્રા કરો, ભક્તિ કરો, દાન કરો, મંદિરો બનાવો. આહા...હા...! પ્રભુ ! પણ તું ક્યાં છો કે જેથી એ ચીજમાં તારું અસ્તિત્વ (જાય અને) એનું કરવાપણું થાય ? આ..હા..હા...! તારું અસ્તિત્વ સંક્રમણ પામીને પરમાં જાય તો તારા સિવાય અનંત આત્મા અને અનંત રજકણોનું કાંઈ થાય. પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાં તો સંક્રમણ પામતા નથી. ('સમયસાર'ની) ૧૦૩ (ગાથામાં વાત આવી) છે ને ? આ..હા...હા...! ફક્ત તારી મર્યાદામાં – પર્યાયમાં રાગ (થાય) અને પર્યાયનો કર્તા થા. એ (પણ) તારી સત્તાનું મિથ્યા અસ્તિત્વ છે. આહા..હા...! એ મિથ્યા અસ્તિત્વને પણ ટાળવું હોય તો (ચેતનસ્વરૂપનું અવલંબન લે). આ..હા...હા...! આત્મા – વસ્તુ જેને ચેતન કીધો હતો, ચૈતન્ય પણ નહિ. ચૈતન્ય તે ગુણ છે, ગુણી અને ગુણ એ (ભેદ) પણ નહિ, ચેતન એકલો ભગવાન પૂર્ણ સ્વરૂપ નિષ્ક્રિય જે વસ્તુ છે તેમાં પર્યાય અને ગુણને ભેળવી અને તે નિષ્ક્રિયને પામ. તેથી દર્શનમોહનો નાશ થશે. આહા...હા...! આ ભાવાર્થ છે.

**'જો આમ છે...'** આ..હા...હા...! હવે પોતાની સાક્ષી આપે છે. આહા...હા...! **'જો આમ છે, તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે.'** આ..હા...હા...હા...! **'જો આમ છે...'** (એટલે) આ રીતે છે, આ પ્રકાર આ રીતે છે... આહા...હા...હા...! કે, પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિકલ્પ છોડીને ગુણ-પર્યાયને (દ્રવ્યમાં) ભેળવીને એકલા નિષ્ક્રિય દ્રવ્યનો અનુભવ કરવો, એમ જો છે અને એજ વસ્તુની સ્થિતિ છે '**તો મોહની સેના ઉપર...**' (વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે). આહા...હા...!

શ્રોતા :– ગુણ-પર્યાય ભેળવવા એટલે શું ?

સમાધાન :– ભેળવવા એટલે ગુણ ઉપરનું લક્ષ છોડવું. ભેદનું લક્ષ છોડવું. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવી. અભેદ ઉપર દૃષ્ટિ જવી. પર્યાયને ભેળવવાનો અર્થ – પર્યાયને આમ જુદી રાખી (કે) આ પર્યાય અને આ ગુણ, એમ નહિ. આહા...હા...!

પ્રભુ આચાર્ય કહે છે (કે), જો આ સ્થિતિ આ રીતે છે તો મોહની સેના... આ..હા...હા...! (સેના કેમ કહ્યું ? કેમકે) મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર છે ને ? સૂક્ષ્મ અનંત છે, સ્થૂળ અસંખ્ય છે. મિથ્યાશ્રદ્ધાનાં સ્થૂળ (પ્રકાર) અસંખ્ય છે. સૂક્ષ્મ અનંત પ્રકાર છે. મોટી સેના છે. આહા...હા...! (તેના) '**ઉપર વિજય મેળવવાનો...**' (પહેલાંની ગાથામાં) એમ હતું કે શુભભાવનું ફળ દુઃખનો વિજય હતો. આહા...હા...! (અહીંયાં) આ મારી ચીજનો વિજય થયો છે ! આહા...હા...! '**આમ છે...**' (અર્થાત્) વસ્તુનું સ્વરૂપ જ આવી રીતે છે અને પામવાની રીત પણ આ છે તો તે રીતે તો '**મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે.**' આહા...હા...!

લોકો એમ કહે છે કે, 'સમ્યગ્દર્શન પામે કે નહિ ઇ ખબર ન પડે, ઇ કેવળી જાણે. આહા..હા...! નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ કેવળી જાણે. માટે વ્યવહાર સમ્યગ્દર્શનને મોઢા આગળ કરવું અને એના લક્ષણ – શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા એને ઓળખો અને એના ઉપર જાવ.' આહા...હા...! આવું કહે !

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' પંચમ આરાના મુનિ – આચાર્ય ! ભગવાન પછી ૧૫૦૦ વર્ષ પછી થયા... આહા...હા...! જેને 'સીમંધર ભગવાન'નો પણ ભેટો થયો નથી, જેને 'મહાવીર'નો ભેટો (કે, જેઓ) ૧૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયા એનો ભેટો (પણ) નથી. આહા...હા...! પણ ભગવાનઆત્મા ! જેવો અરિહંતનો આત્મા (છે) એવો મારો (આત્મા છે) એનો ભેટો થયો તો પરમાત્માનો જ ભેટો થઈ ગયો. આ..હા...હા...!

'**આમ છે, તો મોહની સેના...**' નામ મિથ્યાત્વના રસના જે અનંત પ્રકાર (અને) ભેદો છે એ ઉપર (વિજય) મેળવવાનો ઉપાય '**મેં પ્રાપ્ત કર્યો....**' આ..હા...હા...! એ કર્મનો ક્ષય થયો અને કર્મનું ઘટવું થયું માટે થયું એમ નહિ. આહા...! આ ઉપાય મેં પ્રાપ્ત કર્યો – મારા પુરુષાર્થથી પ્રાપ્ત કર્યો. આહા...હા...! આમાં કોઈ કહે કે, 'નિશ્ચય સમ્યગ્દર્શન છે એની ખબર ન પડે માટે વ્યવહાર સમકિતનું લક્ષણ -- શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા છે એમ જોઈને એનો વ્યવહાર કરવો.' આહા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– ખબર ન પડે તો કરવો કેવી રીતે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ ખબર ન પડે એ જ મિથ્યાત્વ છે, એમ કહે છે. આહા...હા...હા...! અમને અમારા આત્માની દૃષ્ટિની, અનુભવની ખબર પડતી નથી, એ જ એમ કહે છે કે ત્યાં મિથ્યાત્વ ભાવ છે. આહા...હા...હા...! શું થાય ? અરે...! અનંતકાળથી એમને એમ ક્યાંક... ક્યાંક... ક્યાંક... ક્યાંક પણ હલવાણો. હલવાઈને ઊભો રહ્યો છે. (રોકાવાના) ઘણા પ્રકારો – અનંત પ્રકાર ! છૂટવાનો એક પ્રકાર, રોકાવાના અનંત પ્રકાર. આહા...હા...! એ અનંત પ્રકારમાંથી કોઈ પણ પ્રકારમાં અટકવું એ મોહની સેના છે, (એમ) કહે છે. મિથ્યાત્વનું મોટું લશ્કર છે. આ..હા...હા...! એના ઉપર '**વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે– એમ કહ્યું.**' છે ને ?

'**निराश्रयतया मोहतमः प्रलीयते। यद्येवं लब्धो मया मोहवाहिनीविजयोपायः।**' સંસ્કૃત છે. આહા..હા...હા...!

શ્રોતા :-- પર્યાયમાં આટલું કર્તૃત્વ તો હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી :-- પર્યાયનું કર્તૃત્વ – પર્યાયનું કર્તાપણું દ્રવ્યમાં નથી. દ્રવ્ય ધ્રુવ છે. પર્યાયનું ષટ્કારકનું કર્તાપણું, કર્મપણું પર્યાયમાં છે. આ..હા...હા...! સમ્યગ્દર્શનની આ પર્યાય જે દ્રવ્ય ઉપર (દૃષ્ટિ કરવાથી) થઈ, એ પર્યાયના ષટ્કારક પણ પર્યાયથી થયા. (તેણે) સ્વતંત્રપણે કર્તા થઈને દ્રવ્યનો – અભેદનો આશ્રય લીધો છે. એ સ્વતંત્ર પર્યાય કર્તા થઈને કર્તા-કર્મ-કરણ ઊભું કરીને (પ્રગટ થઈ છે). આહા...હા...! કહે છે કે, અમે હવે સંસારથી તરી ગયા ! આ..હા...હા...! અમે તો હવે મોક્ષના પંથે ગયા અને અલ્પકાળમાં અમારે મોક્ષ છે એમ કહે છે ! આહા...હા...! અરે...! પંચમ આરાના (સંત આમ કહે છે) ! ભગવાન પછી... આહા...હા....૧૫૦૦ વર્ષ પછી ! આહા...હા...! ૧૫૦૦ વર્ષ પછી પણ આત્માને શું છે ? અનંતકાળ ગયો તોપણ આત્મા તો છે એવો છે જ એમને એમ. આ..હા...હા...! પણ એ છે કેવડો એનો વિશ્વાસ, રુચિ, પોસાણ અલૌકિક છે ! આહા...હા...! બીજાં કોઈ સાધનોથી તે પમાય એવું નથી. આ..હા...!

'**હવે, એ રીતે...**' ૮૧ (ગાથા). '**મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો...**' આહા...હા...હા...! ચિંતામણિ રત્ન પ્રભુ (આત્મા) ! એ ચિંતામણિ મેં પ્રાપ્ત કર્યો એવું '**હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :–**' આહા..હા...! (અર્થાત્) એમાં પણ શુભભાવ આવે એ ચોર છે, ગુનો છે એથી મારે જાગૃત રહેવું પડશે. આહા...હા...! આહા...હા...! મહાવ્રતના પરિણામ પણ પ્રમાદ છે. પ્રમાદ હોય ને ? છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદ (હોય) એમાં આ પ્રમાદ છે. આહા...હા...! મુનિરાજ કહે છે કે, મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો એવું '**હોવા છતાં પ્રમાદ ચોર છે...**' આ..હા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथैवं प्राप्तचिन्तामणेरपि मे प्रमादो दस्युरिति जागर्ति -

**जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं।**
**जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं ।।८१।।**

**जीवो व्यपगतमोह उपलब्धवांस्तत्त्वमात्मनः सम्यक्।**
**जहाति यदि रागद्वेषौ स आत्मानं लभते शुद्धम् ।।८१।।**

एवमुपवर्णितस्वरूपेणोपायेन मोहमपसार्यापि सम्यगात्मतत्त्वमुपलभ्यापि यदि नाम रागद्वेषौ निर्मूलयति तदा शुद्धमात्मानमनुभवति। यदि पुनः पुनरपि तावनुवर्तते तदा प्रमादतन्त्रतया लुण्ठितशुद्धात्मतत्त्वोपलम्भचिन्तारत्नोऽन्तस्ताम्यति। अतो मया रागद्वेषनिषेधायात्यन्तं जागरितव्यम् ।।८१।।

---

अथ प्रमादोत्पादकचारित्रमोहसंज्ञश्चौरोऽस्तीति मत्वाऽऽप्तपरिज्ञानादुपलब्धस्य शुद्धात्मचिन्तामणेः रक्षणार्थं जागर्तीति कथयति - **जीवो** जीवः कर्ता। किंविशिष्टः। **ववगदमोहो** शुद्धात्मतत्त्वरुचिप्रतिबन्धकविनाशितदर्शनमोहः। पुनरपि किंविशिष्टः। **उवलद्धो** उपलब्धवान् ज्ञातवान्। किम्। तच्चं परमानन्दैकस्वभावात्मतत्त्वम्। कस्य संबन्धि। **अप्पणो** निजशुद्धात्मनः। कथम्। **सम्मं** सम्यक् संशयादिरहितत्वेन **जहदि जदि रागदोसे** शुद्धात्मानुभूति-लक्षणवीतरागचारित्रप्रतिबन्धकौ चारित्रमोहसंज्ञौ रागद्वेषौ यदि त्यजति **सो अप्पाणं लहदि सुद्धं** स एवमभेदरत्नत्रयपरिणतो जीवः शुद्धबुद्धैकस्वभावमात्मानं लभते मुक्तो भवतीति। किंच पूर्वं ज्ञानकण्डिकायां `उवओगविसुद्धो सो

---

એમ વિચારી એનાથી જાગૃત રહેવું. આ..હા...હા...! શુદ્ધ ઉપયોગમાં રહેવું, એમ કહે છે. જેવો આત્મા અનુભવ્યો છે, જોયો છે, જાણ્યો છે તેમાં હવે ઠરવું. નહીંતર રાગનો વિકલ્પ ઊઠે છે ઇ પ્રમાદ છે – ચોર છે. આહા...હા...! અહીં (અજ્ઞાની લોકો) એ કહે છે કે, ‘મહાવ્રતના પરિણામ ચારિત્ર છે અને ચારિત્રથી લાભ થાય છે !’ પ્રભુ ! આકરું પડે, ભાઈ ! તારા આત્માને એ સત્યના સિદ્ધાંતથી વિરોધ થઈ જાય છે. સત્યથી વિરોધ થાય છે, ભાઈ ! આહા...હા...! ૮૧ (ગાથા). માથે પાઠ છે, હોં !

‘**अथैवं प्राप्तचिन्तामणेरपि मे प्रमादो दस्युरिति जागर्ति**’

‘**दस्यु**’ એટલે ચોર. આહા..હા...! જુઓ આ મુનિરાજ ! જુઓ આચાર્ય !! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



खवेदि देहुब्भवं दुक्खं' इत्युक्तं, अत्र तु `जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं' इति भणितम्, उभयत्र मोक्षोऽस्ति। को विशेषः। प्रत्युत्तरमाह - तत्र शुभाशुभयोर्निश्चयेन समानत्वं ज्ञात्वा पश्चाच्छुद्धे शुभरहिते निजस्वरूपे स्थित्वा मोक्षं लभते, तेन कारणेन शुभाशुभमूढत्वनिरासार्थं ज्ञानकण्डिका भण्यते। अत्र तु द्रव्यगुणपर्यायैराप्तस्वरूपं ज्ञात्वा पश्चात्तद्रूपे स्वशुद्धात्माने स्थित्वा मोक्षं प्राप्नोति, ततः कारणादियमाप्तात्ममूढत्वनिरासार्थं ज्ञानकण्डिका इत्येतावान् विशेषः ।।८१।।

---

હવે, એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે :–

**જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.**

**અન્વયાર્થ :–** **[व्यपगतमोहः]** જેણે મોહને દૂર કર્યો છે અને **[सम्यक् आत्मनः तत्त्वं]** આત્માના સમ્યક્ તત્ત્વને (–સાચા સ્વરૂપને) **[उपलब्धवान्]** પ્રાપ્ત કર્યું છે એવો **[जीवः]** જીવ **[यदि]** જો **[रागद्वेषौ]** રાગદ્વેષને **[जहाति]** છોડે છે, **[सः]** તો તે **[शुद्धम् आत्मानं]** શુદ્ધ આત્માને **[लभते]** પામે છે.

---

જૈનના સાધુ ! જૈનના આચાર્ય, બાપા ! એ કેવા હોય, ભાઈ ! આહા...હા...!

'**जीवो ववगदमोहो...**' મોહ તો નાશ કર્યો.

**जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं।**
**जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं।।**

**જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,**
**જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.**

ચારિત્ર લીધું. (પહેલાં જે) કટિબદ્ધ લીધું હતું એ પાછું અહીંયાં નાખ્યું. આહા...હા...! એટલે (એમ કહે છે કે) મોહ નાશ થયો એટલેથી જો અટકી ગયો તો પ્રમાદનો વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તે ઉપયા વડે મોહને દૂર કરીને પણ, સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ, જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે, તો શુદ્ધ આત્માને અનુભવે છે. (પરંતુ) જો ફરી ફરીને તેમને અનુસરે છે – રાગદ્વેષરૂપે પરિણમે છે, તો પ્રમાદ-આધીનપણાને લીધે શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે. આથી મારે રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે.

**ભાવાર્થ :–** ૮૦મી ગાથામાં દર્શાવેલા ઉપાયથી દર્શનમોહને દૂર કરીને અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જે જીવ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ વીતરાગચારિત્રના પ્રતિબંધક રાગદ્વેષને છોડે છે, ફરીફરીને રાગદ્વેષભાવે પરિણમતો નથી, તે જ અભેદરત્નત્રયપરિણત જીવ શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને પ્રાપ્ત કરે છે–મુક્ત થાય છે. તેથી જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ, સરાગચારિત્ર પામીને પણ, રાગદ્વેષના નિવારણ માટે અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે. ૮૧.

---

ઊઠે છે. આ..હા...હા...! પંચ મહાવ્રતનો જે શુભભાવ આવશે... આહા...હા...! એ પ્રમાદ – ચોર છે, એનું ફળ દુઃખ (છે). એનું ફળ તો દુઃખનો વિજય છે. એમાં પરમાત્માનો વિજય નહિ આવ્યો. આહા...હા...!

ટીકા :– '**એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તે ઉપાય વડે...**' '**તે ઉપાય વડે**' હોં ! બીજો કોઈ ઉપાય નહિ. આહા...હા...! '**મોહને દૂર કરીને પણ,...**' આ..હા...હા...! '**એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તે ઉપાય વડે...**' '**તે ઉપાય વડે**' મોહ – મિથ્યાત્વને '**દૂર કરીને પણ, સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ,...**' આ..હા...હા...! આ પંચમ આરાના સંતો આમ વાતું કરે છે ! અહીં (લોકો એમ) કહે છે કે, 'પંચમ આરામાં શુભ જોગ જ હોય.' હવે આમા શું કરવું ? આ બધા (મુનિને) શુભ જોગ જ હશે ? 'કુંદકુંદાચાર્ય' શુભજોગવાળા ? પ્રભુ ! શું કરે છે ? પોતાને પહોંચી શકતો નથી તો શું કરે છે ? આહા...હા...!

'**એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તે ઉપાય વડે મોહને દૂર કરીને પણ,...**' એક વાત. એ તો નાસ્તિ કરી. હવે '**સમ્યક્ આત્મતત્ત્વને પામીને....**' એટલે અસ્તિ કરી. આહા...હા...! '**મોહને દૂર કરીને પણ,...**' એ તો પરનું દૂર થયું. પણ પ્રાપ્ત શું થયું ? '**સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ,...**' આ..હા...હા...! '**જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે,...**' એના પછી પણ જો જીવ રાગ-દ્વેષને નિર્મૂળ કરે છે '**તો શુદ્ધ આત્માને અનુભવે છે.**' આહા...હા...! સમ્યગ્દર્શન થઈને પણ જો રાગ-દ્વેષમાં રહે છે તો તેને શુદ્ધ અનુભવ થતો નથી. આહા...હા...! '**જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે,...**' ભાષા જોઈ ? નિર્મૂળ કરે છે (એટલે) મૂળમાંથી કાઢી નાખે છે. આ..હા...હા...! અરે...! પંચમ આરાના સંત ! આટલું બધું જોર !! પહેલું કહ્યું ને ? કે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોહને દૂર કરીને સમ્યક્ આત્માને પામ્યો, (ત્યાર પછી) જે જીવ રાગ-દ્વેષને નિર્મૂળ કરે (અર્થાત્) જે પાંચ મહાવ્રત આદિનો વિકલ્પ ઊઠે છે એ શુભ વ્યભિચારઆદિ છે (તેને નિર્મૂળ કરે છે) **'તો શુદ્ધ આત્માને અનુભવે છે.'** એ શુદ્ધ આત્માનો અનુભવ કરી શકે.

**'(પરંતુ) જો ફરી ફરીને તેમને અનુસરે છે–...'** આહા...હા...! (એટલે કે) એ પુણ્ય અને પાપના રાગને (અનુસરે છે). અહીં મૂળ તો શુભ રાગની વિશેષ વાત છે. આહા...હા...! એ શુભ રાગને જો ફરી ફરીને અવલંબે છે... આહા...હા...! અનુસરે છે. આહા...હા...! એ **'રાગદ્વેષરૂપે પરિણમે છે, તો પ્રમાદ-આધીનપણાને લીધે...'** આહા...હા...! પંચ મહાવ્રત, વ્યવહાર સમિતિ, ગુપ્તિ, નિર્દોષ આહાર લેવો (એ બધો વિકલ્પ પ્રમાદ છે). આહા...હા...! સદોષ આહાર (લે) છે (તેની) તો વાત છે નહિ. આ તો નિર્દોષ આહાર લેવાનો વિકલ્પ છે એ પણ પ્રમાદ છે. આહા...હા...!

**'પ્રમાદ-આધીનપણાને લીધે...'** ફરી ફરીને પણ રાગ-દ્વેષપણે પરિણમે છે તે **'પ્રમાદ-આધીનપણાને લીધે શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી...'** આ..હા...હા...! ચિંતામણિ છે તો ખરું પણ એટલી અસ્થિરતામાં ચોરાઈ જાય છે (એમ કહે છે). આહા...હા...! આહા...હા...! **'શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે.'** જોયું ? પંચ મહાવ્રતઆદિના શુભ પરિણામ તે ખેદ છે, દુઃખ છે. આહા...હા...! મુનિરાજ પોતાની વાત કરે છે. આહા...હા...! **'અંતરમાં ખેદ પામે છે.'**

**'આથી મારે રાગદ્વેષને ટાળવા માટે...'** આ કારણે **'મારે રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે.'** આ..હા...હા...! રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થાય તેમ જાગૃત રહેવું યોગ્ય છે, એમ કહે છે. ટાળવાનો અર્થ તો એમ કહે ને ? આહા...હા...! **'રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું...'** (અર્થાત્) જ્ઞાતા-દ્રષ્ટાની ઉગ્ર દશા પ્રગટ કરવી... આ..હા..હા...! તે રાગ-દ્વેષને ટાળવાનો એક ઉપાય છે. **'અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે.'** આ..હા...!

શ્રોતા :– બીજા ઠેકાણે આવે છે કે, પંચાચાર મારી સાથે રહેજો !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વ્યવહારની વાત છે. એમાં કહ્યું છે કે, પંચાચાર એ મારું સ્વરૂપ નથી. 'પ્રવચનસાર'માં (આવે છે). હું જાણું છું કે, પંચાચાર મારું સ્વરૂપ નથી પણ જ્યાં સુધી હું પૂર્ણ ન પામું ત્યાં સુધી તારું નિમિત્તપણું હોય છે એટલું. આ..હા..હા...! તારો આશ્રય લઈને (પૂર્ણતા પામું) એમ નહિ. પણ મારા સ્વરૂપમાં રહી શકતો નથી તેથી પંચાચાર એવો આ ભાવ (આવે છે). હું જાણું છું એ પંચાચાર વ્યવહાર મારું સ્વરૂપ નથી, એમ તો પહેલાં કહ્યું છે. આહા..હા...! એ મારા સ્વરૂપમાં નથી અને મારી જાત નથી. આ..હા..હા...! વિશેષ ભાવાર્થ કરશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૮૧,૮૨
પ્રવચન નં. – ૭૪
તા. ૧૫-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૧ (ગાથાનો) ભાવાર્થ. **'૮૦મી ગાથામાં દર્શાવેલા ઉપાયથી દર્શનમોહને દૂર કરીને...'** આહા...હા...! **'અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જે જીવ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ વીતરાગચારિત્રના...'** શુદ્ધ આત્માના સ્વરૂપનું શુદ્ધ વીતરાગ આચરણ – શુદ્ધાત્મ વીતરાગ આચરણ – ચારિત્રના **'પ્રતિબંધક રાગદ્વેષને છોડે છે,...'** વાત આગળ લઈ ગયા છે. સમ્યક્‌દર્શન પામીને પણ શુદ્ધ આત્માના અનુભવરૂપ ચારિત્ર – અંતર વીતરાગતાની રમણતા (છે) તેને રોકનાર **'પ્રતિબંધક રાગદ્વેષને છોડે છે, ફરીફરીને રાગદ્વેષભાવે પરિણમતો નથી,...'** આહા...હા...! પંચમ આરાના સાધુ પણ આ રીતે વાત કરે (છે) કે, પંચમ આરામાં આમ ન થઈ શકે એમ નહિ. આહા...હા...! પંચમ આરાના શ્રોતાને એમ કહે છે ! આહા...હા...!

પ્રથમ આત્મદર્શન–સમ્યગ્દર્શન પામી અને શુદ્ધાત્માના (અનુભવરૂપ) વીતરાગચારિત્ર, એને રોકનાર રાગ-દ્વેષને ટાળી, ફરી-ફરીને (રાગ-દ્વેષભાવે) પરિણમતો નથી. આહા...હા...! અંતરમાં સમ્યગ્દર્શન ઉપરાંત વીતરાગભાવપણે પરિણત થાય છે. આહા...હા...! **'તે જ...'** તે એક જ. **'અભેદરત્નત્રયપરિણત જીવ...'** **'અભેદરત્નત્રયપરિણત જીવ'** (અર્થાત્) અભેદ પૂર્ણ ચૈતન્યસ્વરૂપ ! એનું દર્શન, એનું જ્ઞાન અને એનું ચારિત્ર. એ નિશ્ચય અભેદરત્નત્રય (છે). આહા...હા...! **'અભેદરત્નત્રયપરિણત...'** (અર્થાત્) અભેદરત્નત્રયથી પરિણમેલો, થયેલો જીવ **'શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને પ્રાપ્ત કરે છે...'** લ્યો ! અહીં તો પાંચમા આરાના જીવને આવું કહે છે ! અત્યારે મોક્ષ નથી ને ? ભાવાર્થમાં પણ મોક્ષનો અર્થ જ ઇ છે.

**'શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને...'** (જે) શુદ્ધ છે, પવિત્ર છે, જ્ઞાનકંદ છે, એક સ્વભાવ છે. એવા **'આત્માને પ્રાપ્ત કરે છે...'** એટલે કે **'મુક્ત થાય છે.'** એને જ્ઞાનમાં તો આ દશા હોવી જોઈએ; (આમ હોય) તો મુક્ત થાય એવો એનો અનુભવ તો જોઈએ ને ? આહા...હા...! ભલે (અત્યારે) મોક્ષ થઈ શકે નહિ એ જુદી વાત છે પણ મોક્ષ થાય તો આ રીતે થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(એમ એના જ્ઞાનમાં હોય). સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ રાગ-દ્વેષમાં વારંવાર પરિણમન થતું હોય તો એ તો ચારિત્રને પ્રતિબંધ કરનારા છે. એને રોકીને સ્વરૂપમાં – આનંદકંદ જ્ઞાયકભાવમાં રમણતાની શુદ્ધાત્માનુભૂતિ ચારિત્ર દશા પ્રગટ કરે. આહા...હા...! તે જ '**મુક્ત થાય છે.**' આહા...હા...!

'**તેથી જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ,...**' આહા...હા...! આત્મા શુદ્ધચૈતન્યઘન આનંદ (સ્વરૂપ) ! એવી છતી ચીજ છે તેનો અનુભવ કરીને... આ..હા...હા...! એ ઉપરાંત '**સરાગચારિત્ર પામીને પણ,...**' આહા...હા...! સ્વરૂપમાં ચારિત્ર આવ્યું છે પણ હજી છઠ્ઠે ગુણસ્થાને રાગ ભાવ બાકી છે, એવા રાગ ભાવવાળું (સરાગ) ચારિત્ર. મૂળ ચારિત્ર જે છે એ તો અરાગી (છે) એટલું જ છે પણ હજી પૂર્ણ ચારિત્ર નથી એટલે રાગ હારે (–સાથે) ભેગો છે. આહા...હા...! એવા '**સરાગચારિત્ર પામીને પણ,...**' એમ. આહા...હા...! (સમ્યક્)દર્શનને પામીને પણ અને આવા ચારિત્રને પામીને પણ. આહા...હા...!

શ્રોતા :– સરાગચારિત્ર પાળવું પડ્યું ને ?

સમાધાન :– પાળવું પડ્યું નથી, આવે છે. પાળવું નથી (પડ્યું) નબળાઈને લઈને વચ્ચે આવે છે. એ પહેલું કહી ગયા છે કે, રાગ વચ્ચે આવે છે એને છોડીને. શરૂઆતમાં આવ્યું છે ને ? ભાઈ ! આહા...હા...! રાગ તો આવે છે પણ એણે કરવાનું (છે એ) તો એને છોડીને કરવાનું છે. આહા...હા...!

(હવે કહે છે) '**રાગદ્વેષના નિવારણ માટે અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે.**' આનંદનો નાથ પ્રભુ જ્ઞાયક સ્વરૂપ ! જે એકલો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શક્તિઓનો (પિંડ) છે તેમાં (સમ્યક્)દર્શન સહિત, એકલા સરાગચારિત્ર સહિત ન રહેતા... આહા...હા...! એમાં વીતરાગચારિત્રને પ્રાપ્ત કરી મુક્ત થાય છે. માટે ત્યાં '**અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે.**' સ્વરૂપ તરફ (સાવધાન રહેવું યોગ્ય છે). આહા...હા...!

એક તો પોતાને આ રીતે જોવું છે અને બીજાના શરીરની ચેષ્ટાઓને, એની આકૃતિઓને – જુવાનપણાની ને વૃદ્ધપણાની (આકૃતિને) ન જોવું, પ્રભુ કહે છે. આહા...હા...! એનો અંદર આત્મા શું છે (એ) જોવો. આ..હા..હા...! કેમકે તેં પણ જયારે રાગથી મુક્ત આત્માને જાણ્યો અને જોયો (છે) તો એનો આત્મા આવો છે એમ તું જો. શરીરની યુવાનીની ચેષ્ટા અને શરીરના આકારની, ઇન્દ્રિયોની (આકૃતિ)... આહા...હા...! તેના ઉપર લક્ષ જાય છતાં તેનું જ્ઞાન એના ઉપર ન જતાં એનો આત્મા અંદર નિર્મળાનંદ રાગથી રહિત છે તેમ જો ! આ..હા...હા...! એટલે કે બહારની ચીજોના અનેક આકૃતિ આદિ, રૂપ આદિના પ્રકારો અને સ્થૂળ (શરીર) આદિના કે શરીરની પુષ્ટિ આદિના કે ઇન્દ્રિયોના આકારના પ્રકાર (છે)...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...હા...! એના ઉપરથી નજરયું ઉઠાવી દે. તેં જ્યારે રાગથી નજર ઉઠાવી છે અને વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ (પ્રગટ કરી છે), આત્મા અંદર રાગથી ભિન્ન છે એમ જાણ્યો – જોયો છે તો એવો જ એનો આત્મા છે એ ઉપર નજર કર ને ! છે ભલે વિકલ્પ. આહા...હા...! બીજાના શરીરો અને એના રહેઠાણના મકાનો અને એના કપડાં ને દાગીનાઓ... આહા...હા...! અને એના રહેઠાણ – બેસવાના સ્થાનો એ બધા ઉપર લક્ષ (કે) જોર ન દે હવે. આહા...હા...! કેમ કે એનો આત્મા; (જેવો) તું છો – જેમ (તેં) જાણ્યું, તો એવો જ આત્મા એનો છે. તને અંદરમાં ભલે પરને જાણવાનો વિકલ્પ આવશે કે, એનો આત્મા આવો છે પણ એ બહારના આકારો અને બહારના પ્રકારથી ભિન્ન એની ચીજ છે એ જાતનો જાણવાનો વિકલ્પ આવશે. આ..હા...હા...!

અરિહંતને જોવા માટે પણ એનું સમવસરણ ને દેવો આમ ચામર ઢાળે એ ઉપર નજર ન કર ! આ..હા...હા...! એનો ભગવાનઆત્મા પૂર્ણ પ્રાપ્ત (છે) – ચૈતન્યઘન જેવી ચીજ છે (એવો) જ પર્યાયમાં ઘન થઈ ગયો છે. તને ઘન થાવું છે, ઘનની દૃષ્ટિ થઈ છે તો તેના આત્મા પર તું નજર કર ! આ..હા...હા...! ઇ તો પહેલાં આપણે આવી ગયું ને ! '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' આ..હા...હા...! એના પછીની તો આ ગાથાઓ છે. આહા...હા...! એના દ્રવ્ય-ગુણ-પર્યાયને જોવા. આ..હા...હા...! એનું સમવસરણ અને ઇન્દ્રો અને દેવો ચામર ઢાળે (છે એ ન જો) ! આ..હા...હા...!

શ્રોતા :– પર્યાય દેખાય છે પણ દ્રવ્ય-ગુણ કેવી રીતે જોવા ?

સમાધાન :– પર્યાય પણ, દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જાણે ત્યારે પર્યાય દેખી કહેવાય. એકલી પર્યાય દેખે, એ પર્યાય દેખી નથી. પોતાનો આત્મા રાગથી ભિન્ન જાણ્યો છે. જાણે છે ઇ છે તો પર્યાય, પણ (જેને) જાણ્યું છે એ દ્રવ્ય (છે). આ..હા...હા...! તો બીજાનો આત્મા પણ, ભલે એની પર્યાય હોય પણ એ પર્યાય પણ, જ્યારે તને નિર્મળ પર્યાયમાં ખ્યાલ આવ્યો, તો એ ચીજ પણ નિર્મળ પર્યાયમાં એને ખ્યાલ આવશે એવો જ એનો આત્મા છે. આ..હા...હા...! એમ પહેલું આવી ગયું. ૮૦મી (ગાથામાં) વાત મૂળ આ મૂકી છે. આહા...હા...!

ભલે ટીકાકારે એની વ્યંજનપર્યાય અને અર્થપર્યાય લીધી પણ સમોસરણ ને એ નથી લીધું. શું કીધું સમજાણું ? આહા...હા...! ખરેખર તો એમાં ભગવાનની વાણી પણ લીધી નથી. આહા...હા...! કાયમ રહેનારી વ્યંજનપર્યાય અને અર્થપર્યાય અને વિશેષ ને સામાન્ય ગુણો લીધા. આ..હા...હા...! શું શૈલી !! સમજાણું ? આ..હા...હા...! એને તું જો અને પછી તું અંદરમાં ઉતરી જા ! આ..હા...હા...! એનો આત્મા પણ આ રીતે જો ! એનો વાણીનો ધ્વનિ આવો આવે છે ને પરમ ઔદારિક શરીર છે એ પણ નથી કહ્યું. એની વ્યંજનપર્યાયની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथायमेवैको भगवद्भिः स्वयमनुभूयोपदर्शितो निःश्रेयसस्य पारमार्थिकः पन्था इति मतिं व्यवस्थापयति -

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेर्सि ।।८२।।**

**सर्वेऽपि चार्हन्तस्तेन विधानेन क्षपितकर्मांशाः।**
**कृत्वा तथोपदेशं निर्वृतास्ते नमस्तेभ्यः ।।८२।।**

यतः खल्वतीतकालानुभूतक्रमप्रवृत्तयः समस्ता अपि भगवन्तस्तीर्थकराः, प्रकारान्तरस्यासंभवादसंभावितद्वैतेनामुनैवैकेन प्रकारेण क्षपणं कर्मांशानां स्वयमनुभूय, परमाप्ततया परेषामप्यायत्यामिदानींत्वे वा मुमुक्षूणां तथैव तदुपदिश्य, निःश्रेयसमध्याश्रिताः। ततो नान्यद्वर्त्म निर्वाणस्येत्यवधार्यते। अलमथवा प्रलपितेन। व्यवस्थिता मतिर्मम। नमो भगवद्भ्यः।।८२।।

---

अथ पूर्वं द्रव्यगुणपयर्यायैराप्तस्वरूपं विज्ञाय पश्चात्तथाभूते स्वात्मनि स्थित्वा सर्वेऽप्यर्हन्तो मोक्षं गता इति स्वमनसि निश्चयं करोति - **सव्वे वि य अरहंता** सर्वेऽपि चार्हन्तः **तेण विधाणेण** द्रव्यागुणपर्यायैः पूर्वमर्हत्परिज्ञानात्पश्चात्तथाभूतस्वात्मावस्थानरूपेण तेन पूर्वोक्तप्रकारेण **खविदकम्मंसा** क्षपितकर्मांशा विनाशितकर्मभेदा भूत्वा. **किच्चा तधोवदेसं** अहो भव्या अयमेव निश्चयरत्नत्रयात्मकशुद्धात्मोपलम्भलक्षणो मोक्षमार्गो नान्य इत्युपदेशं कृत्वा **णिव्वादा** निर्वृता अक्षयानन्तसुखेन तृप्ता जाताः, **ते** ते भगवन्तः। **णमो तेसिं** एवं मोक्षमार्गनिश्चयं कृत्वा **श्रीकुन्दकुन्दाचार्यदेवा**स्तस्मै निजशुद्धात्मानुभूतिस्वरूपमोक्षमार्गाय तदुपदेशकेभ्योऽर्हद्भ्यश्च तदुभयस्वरूपाभिलाषिणः सन्तो `नमोस्तु तेभ्य' इत्यनेन पदेन नमस्कारं कुर्वन्तीत्यभिप्रायः ।।८२।।

---

આકૃતિ કીધી છે. આ..હા...હા...! એથી (એમનો) અંતરનો આત્મા કેવો છે (એ) જાણી અને અંતરમાં તું ઉતર. (એમાં) ઉતરીને સમ્યગ્દર્શન પામીને પણ દીક્ષિત થઈ ચારિત્ર અંગીકાર કર્યું હોય – છઠ્ઠું ગુણસ્થાન (આવ્યું હોય) છતાં તે રાગમાં આવવું એ ચારિત્રને રોકનાર છે. આ..હા...હા...! આકરી વાત બહુ !

એ '**રાગદ્વેષના નિવારણ માટે અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે.**' આહા...હા...! એણે ધંધો કે'દી કરવો ? અહીં વાંચવું એમ પણ કીધું નથી. અહીં તો અંદરમાં દર્શનશુદ્ધિ થઈ અને ચારિત્ર પણ આવ્યું, (હવે) રાગ થોડો છે (એ) રાગને ટાળવાને સાવધાન થા. આ..હા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, આ જ એક (પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે – એમ મતિને વ્યવસ્થિત કરે છે :–

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.**

**અન્વયાર્થ :–** **[सर्वे अपि च]** બધાય **[अर्हन्तः]** અર્હંતભગવંતો **[तेन विधानेन]** તે જ વિધિથી **[क्षपितकर्मांशाः]** કર્માંશોનો (–જ્ઞાનાવરણીયાદિ કર્મભેદોનો) ક્ષય કરીને તથા **[तथा]** (અન્યને પણ) એ જ પ્રકારે **[उपदेशं कृत्वा]** ઉપદેશ કરીને **[निवृताः ते]** મોક્ષ પામ્યા છે. **[नमः तेभ्यः]** તેમને નમસ્કાર હો.

**ટીકા :–** અતતી કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો, પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે જેમાં દ્વૈત સંભવતું નથી એવા આ જ એક પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને, (તથા) પરમાપ્તપણાને લીધે ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (–કર્મક્ષયનો) ઉપદેશ કરીને, નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે; માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે. અથવા, પ્રલાપથી બસ થાઓ; મારી મતિ વ્યવસ્થિત થઈ છે. ભગવંતોને નમસ્કાર હો.

---

ક્યાં એને લઈ જવો છે !? પહેલાં સમ્યગ્દર્શનમાં જ એના બધા વેપાર-ધંધા, બાયડી, છોકરાં, કુટુંબ બધું પર તરીકે જાણીને પરથી જુદો પાડ્યો. આહા...હા...! અને તે પરથી જુદો પાડ્યો પછી પણ તેને જોતાં (જોવામાં પણ) એનો આત્મા શું છે (એના) પર તારી નજર જોઈએ. કેમ કે તારી નજરું આત્મા પર (છે કે) ચૈતન્ય આવો છે, જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ (છે), (તો) એ રીતે એ પણ જ્ઞાયકભાવથી ભરેલું તત્ત્વ છે, ત્યાં તારી નજરું હોવી જોઈએ. તે પણ હજી એના ઉપર નજર (છે) એ રાગ છે... આહા...હા...! તો બાહ્ય શરીરના આકારો અને આકૃતિ દેખીને, જુવાનીના શરીરના દળ, એના આકાર (જોવા)... આ..હા...હા...! એ તો બહુ તીવ્ર રાગ છે. આહા...હા...! એટલું (પણ) સંકેલી દે હવે. પહેલાં દર્શનમાં સંકેલ્યું છે – બધાથી જુદું પાડીને દ્રવ્ય ઉપર ગયો છે, એમ હવે અસ્થિરતામાં જે રાગ આવે એને પણ સંકેલી દે. આહા...હા...! એમાં '**અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે.**' એ ૮૧ (ગાથા પૂરી) થઈ.

'**હવે, આ જ એક (પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ...**' આ..હા...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** ૮૦ અને ૮૧મી ગાથામાં કહ્યા પ્રમાણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને વીતરાગચારિત્રના વિરોધી રાગદ્વેષને ટાળવા અર્થાત્ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે; ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો એ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. તે ભગવંતોને નમસ્કાર હો. ૮૨.

---

એ જ '**ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો...**' આહા...હા...! અનંત... અનંત... ભગવંતોની એક તો આસ્થા કરાવી. અનંત.. અનંત... ભગવંતોએ કહ્યું, એ એમની પહેલી આસ્થા કરાવી. આહા...હા...! '**ભગવંતોએ પોતે અનુભવીને...**' અનંત... અનંત... ભગવંતોએ અનુભવીને. આ..હા..હા...! પરની આસ્થાનો વિષય પણ કેટલો મોટો કર્યો ! આહા...હા...! અનંત ભગવંતો (કે) જેની આદિ નથી એવા અનંતકાળથી (થતા આવેલા) અનંત તીર્થંકરો. અનંત ભગવંતોએ આહા...હા...! '**પોતે અનુભવીને દર્શાવેલો...**' એમને એમ કથન માત્ર આવ્યું એમ નહિ, કહે છે. આહા...હા...! જાતની ભાત પાડીને – '**અનુભવીને દર્શાવેલો નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે...**' નિઃશ્રેયસ એટલે મોક્ષ. એનો પારમાર્થિક પંથ છે. '**એમ મતિને વ્યવસ્થિત કરે છે :–**' એ જ મતિને વ્યવસ્થિત (કરવાનો) માર્ગ છે. આ..હા...હા...! છે ને ? '**મારી મતિ વ્યવસ્થિત થઈ છે.**' એમ છેલ્લે (ટીકામાં) છે. આ..હા...! મતિમાં હવે કાંઈ ફેરફાર રહ્યો નથી. આહા...હા...! ગાથા.

**`सव्वे वि य अरहंता...'**

આ..હા...હા...! સર્વે અર્હંતા. જેમ '**वंदित्तु सव्वसिद्धे...**' (આવે છે) ત્યાં સર્વ અનંત સિદ્ધો છે એનો વિશ્વાસ કરાવી અને પછી સિદ્ધને સ્થાપ્યા (છે). આહા...હા...! એમ...

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે. ઓ...હો...!

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ વિધિ છે. આ...હા...!

'**ઉપદેશ પણ એમ જ કરી,...**' આ..હા..હા...! અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણી પોતે પણ અંદરમાં અર્હંતપણું દર્શન કરી પ્રાપ્ત – પ્રગટ કર્યું છે. આહા...હા...! '**सव्वे वि य अरहंता**' અનંત... અનંત... કાળના અનંત અનંત... અરિહંતો ! આ..હા...હા...! અરે...! વિશ્વાસ તો કેટલો છે ! આહા...હા...! એવા અનંત તીર્થંકરો ! આહા...હા...! '**કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે, ઉપદેશ પણ એમ જ કરી,...**' જે વિધિએ કામ લીધું અને મોક્ષ થયો તે વિધિ જગતને જણાવી. આહા..હા...! નિવૃત્ત થયા અને મુક્તિ પામ્યા. પછી એ ઉપદેશથી પણ નિવૃત્ત પામ્યા. આહા...હા...! '**નમું તેમને.**' તેમના પંથને અને તેમને નમું છું.

**ટીકા :–** '**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા...**' આહા...હા...! ભૂતકાળમાં – ગયા કાળમાં ક્રમે-ક્રમે થઈ ગયેલા અનંત... અનંત... અનંત... તીર્થંકરો. જેની આદિ નથી એવો જે અતીત કાળ ! આ..હા...હા...! '**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા...**' બધા એકસાથે થયા નથી. એક પછી એક થયા છે. આહા...હા...! '**અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો,...**' તીર્થંકર ભગવાન લીધા છે. આહા...હા...! અનંત... અનંત... અનંત... ત્રિકાળમાં ત્રિકાળના જાણનારનો વિરહ કદી ન હોય. ત્રિકાળી ચીજને જાણનારનો – ત્રિકાળીને ત્રિકાળમાં જાણનારનો ત્રિકાળમાં ક્યાંય વિરહ ન હોય. આહા...હા...! વીતરાગમાર્ગ ઊંડો બહુ, ભાઈ ! ગંભીર... ગંભીર...!! આ..હા...હા....!

અનંત... અનંત... '**ક્રમશઃ...**' ક્રમે થઈ ગયેલા – એક સાથે નથી થતા. ભરતમાં, ઐરાવતમાં, મહાવિદેહમાં... આહા...હા...! '**ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો, પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે...**' (પ્રકારાંતર) એટલે 'અન્ય પ્રકાર. (કર્મક્ષય એક જ પ્રકારથી થાય છે, અન્ય પ્રકારે થતો નથી; તેથી તે કર્મક્ષયના પ્રકારમાં દ્વૈત અર્થાત્ બે-પણું નથી.)' કોઈને કોઈ અપવાસ કરવાથી થાય અને કોઈને અંતરમાં ધ્યાનમાં એકાગ્રતાથી થાય – એમ બે પ્રકાર નથી. આ..હા...હા...!

આ 'પ્રવચનસાર' છે ! 'સમયસાર'ના તો લોકો વખાણ કરે છે પણ આ તો 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય' આ..હા...હા...! ભગવાનની સાક્ષાત્ વાણી છે ! '**પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે...**' અનંત ભૂતકાળના અનંત તીર્થંકરોએ... આહા...હા...! '**ક્રમશઃ થઈ ગયેલા...**' એવા (અનંત તીર્થંકરો) અને એનો જે માર્ગ (છે) તે એક જ પ્રકારનો છે. '**જેમાં દ્વૈત સંભવતું નથી...**' કોઈકે કંઈક કહ્યું ને કો'કે કંઈ કહ્યું એમ નથી. દ્વૈતપણું નથી, એક અદ્વૈતપણું (છે). બધા તીર્થંકરો એક જ (પ્રકારે મોક્ષ પામ્યા છે). દર્શનમોહનો નાશ થઈને સમકિત પામી અને (ત્યારબાદ) રાગનો નાશ કરી અને ચારિત્ર પામીને મુક્તિ થાય – (એ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક જ પ્રકારનું વર્ણન છે. આહા...હા...!

શ્રોતા :– અપવાદ નથી ?

સમાધાન :– અપવાદ બતાવ્યો એ જ્ઞાન કરાવ્યું છે. અપવાદનો અર્થ જ અપવાદ છે. આવે... ઉત્સર્ગ આવે છે ને ? એ તો એમાં રહી શકતો નથી (એટલે) આવે છે પણ એ માર્ગ છે (એમ) નથી. વસ્તુ તો ત્યાં છે. એ તો આવી ગયું ને ઉત્સર્ગ અને અપવાદની હઠ નથી. એનો અર્થ કે અંદર સ્વરૂપમાં નિર્વિકલ્પપણે ઠરી શકતો નથી તો એને હઠ નથી કે, મારે આમાં જ રહેવું. વિકલ્પ આવે... આવે તેને જાણે. તેનો સ્વામી અને ધણી ન થાય. આ..હા...હા...! અને તેનાથી સ્વરૂપમાં કાંઈ પણ વૃદ્ધિ મળશે, સહાયક થશે એમ ન માને. આહા...હા...! આવું છે.

'**દ્વૈત સંભવતું નથી એવા આ જ એક પ્રકારથી...**' આ જ એક પ્રકારથી એટલે સ્વરૂપનું દર્શન અને સ્વરૂપમાં ઠરવું. આહા...હા...! ચિદાનંદ ભગવાન દ્રવ્યસ્વભાવ ! તેનો અનુભવ કરીને પ્રતીત કરવી અને ઠરીને ચારિત્ર કરવું. આહા...હા...! આવો માર્ગ છે.

પરદ્રવ્ય તરફ(થી) – સર્વ પર દ્રવ્ય તરફથી ખસી... તેથી આવ્યું ને ? અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યાં અને જાણીને પછી આમાં (–પોતામાં) મેળવ્યા અને એમાં મેળવીને ગુણ-પર્યાયને દ્રવ્યમાં ભેળવ્યા. આહા...હા...! અંદર એકરૂપ પ્રભુ છે, એનો અનુભવ એ સમ્યગ્દર્શન (છે) અને પછી રાગ આવે છે, કહે છે, પણ તેમાં સાવધાન ન થતાં રાગના અભાવ માટે સાવધાન થા ! એવો જ અનંત તીર્થંકરોએ માર્ગ કર્યો છે અને કહ્યો છે. આ..હા...!

શ્રોતા :– ભગવાને કર્યું કાંઈક અને કહ્યું કાંઈક એમ નથી ?

સમાધાન :– એમ કાંઈ નથી. કેટલાક કહે છે (કે), 'ભગવાને કર્યું કંઈક અને કહ્યું કંઈક !' એમ છે જ નહિ, બાપુ ! આહા...હા...! આ કહ્યું છે તે જ કર્યું છે ને કર્યું છે તે જ (કહ્યું છે) અને તે જ પાછું કરવાનું કહ્યું છે. (અહીંયાં) એ કહ્યું ને ?

'**આ જ એક પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને,...**' '**આ જ એક પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને,...**' આ..હા...હા...હા...! ઉપશમ અને ક્ષયોપશમ ને એ વાત પણ અહીં તો લીધી નથી. આહા...હા...! દિગંબર સંતોની ગજબ વાત છે ! એ '**કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને, (તથા) પરમાપ્તપણાને લીધે...**' પરમ આપ્ત (એટલે) પરમ વિશ્વાસપાત્ર એમ. 'પરમ આપ્ત; પરમ વિશ્વાસપાત્ર. (તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી પરમ આપ્ત છે, યથાર્થ ઉપદેષ્ટા છે).' આહા...હા...! જોકે 'અધ્યાત્મ પંચસંગ્રહ'માં સમકિતીને પણ આપ્ત કહ્યાં છે. તેથી અહીં પરમ છે ને ? પરમ આપ્ત છે ને ? પરમ આપ્ત છે. આહા...હા...! 'અધ્યાત્મ પંચસંગ્રહ' છે ને ? 'દીપચંદજી'નું ! આપ્તની વ્યાખ્યા કરતાં સમ્યગ્દર્શન સુધી આપ્ત લખેલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આ તો પરમ આપ્ત છે ! આહા...હા...!

સંસારના અનંત પ્રકારની હોંશું, બાપા ! એ એને છૂટવી જોઈએ, ભાઈ ! આહા...હા...! (હોંશુંના) અનંત... અનંત... પ્રકાર. અહીં અનંત... અનંત... ગુણોનો નાથ પ્રભુ ! અને આમ બહારમાં (હોંશુંના) અનંત પ્રકાર. બધા તરફની હોંશું અને ઉત્સાહ (છૂટી જવો જોઈએ). ઓલામાં આવ્યું નહોતું ? વિકલ્પનો ઉત્સાહ નિવૃત્ત થયો છે. આહા...હા...! પર તરફ તો નહિ પણ પર તરફનો શ્રુતજ્ઞાનનો જે વિકલ્પ છે... આ..હા...હા...! એના અનુભવમાં પણ ઉત્સાહ નિવૃત્ત થયો છે. આ..હા...હા...!

'**પરમાપ્તપણાને લીધે...**' પરમ આપ્તપણાને લીધે, પરમ વિશ્વાસપાત્રને લીધે. આહા...હા...! ભગવાન તો પરમ વિશ્વાસપાત્ર છે. તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી પરમ આપ્ત છે. યથાર્થ ઉપદેષ્ટા છે. હજી ઘણા એવું લખે છે, આજે ક્યાંક આવ્યું છે કે, 'ભગવાનની વાણી(માં) કેટલુંક કહ્યું છે અને કેટલું નથી કહ્યું એટલે હજી ઘણા પ્રકાર હશે અને (જે) કહ્યા (છે તેનાથી પણ) ફેર હશે !' અરે... પ્રભુ ! શું કરે છે તું આ ? એ તો એની વિશેષતાની, ગંભીરતાની અનંતતાનો પાર ન મળે. પણ જે કહ્યું છે તે તો તે જ સત્ છે. તેથી એમ કહ્યું ને ? કે, તે '**(પોતે) અનુભવીને, પરમાપ્તપણાને લીધે...**' પરમ આપ્તપણું છે. એમણે જે કહ્યું એ પરમ વિશ્વાસ કરવા લાયક છે. એ પરમ આપ્ત પુરુષ છે. આ..હા...હા...! ઓલું આવે ખરું ને કે, ભગવાને જેટલું જાણ્યું છે તેટલું કહી શક્યા નથી. અનંતમે ભાગે કહ્યું છે. પણ બાપુ ! (આ) વાણી છે અને ઓલી વસ્તુ છે (એ) અરૂપી ચીજ છે (અને) વાણીમાં તો અનંતમા ભાગે આવે. આહા...હા...! અને એ કહેનારે જે અનંતમાં ભાગે કહ્યું એ ગણધરે અનંતમાં ભાગે ઝીલ્યું. આહા...હા...હા...! એના અનંતમા ભાગે (શાસ્ત્રોની) રચના થઈ. એથી કરીને કાંઈ (બીજું બાકી રહી ગયું હશે એમ નથી). (જેટલું જાણ્યું એટલું કહી શક્યા નથી એમ જે કહ્યું) એ તો સત્યની અનંતતાની ગંભીરતાની વાત છે. પણ એથી જે કહ્યું છે એનાથી પણ બીજું કાંઈક અંદર હશે (એમ નથી). આજે કાંઈક આવ્યું છે – 'આમ ભગવાને (ભલે) કહ્યું (પણ) બીજું પણ કાંઈક હજી અંદર હોય !' આહા...હા...! અરે...રે...! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે કહ્યું (એ) ભલે અનંતમા ભાગે આવ્યું પણ આવ્યું છે એ સત્ય છે. રચાણું છે એ પણ સત્ય છે. આ..હા...હા...! અનંતમા ભાગે કહેવાણું, અનંતમાં ભાગે જણાણું, અનંતમાં ભાગે રચાણું. એથી કરીને કાંઈક એમાં (કોઈ) અંશે ફેર છે એમ નથી. આહા...હા...!

પરમાપ્તપણાને પામેલા ! આ..હા...હા...! આ ભૂતકાળના (તીર્થંકરો) પહેલાં લીધા. '**ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે...**' આહા...હા...! '**અન્ય મુમુક્ષુઓને પણ...**' અન્ય મુમુક્ષુઓ (એટલે) મોક્ષના અભિલાષી. જેને આત્માની તદ્દન નિવૃત્તિ જોવે છે... આ..હા...હા...! એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુઓને પણ... આ..હા...! (એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય) પોતે અનુભવીને અને ભવિષ્યકાળે અને આ કાળે પણ (એ જ પ્રકારે ઉપદેશ કરીને). આ કાળ બીજો (છે) માટે કાંઈક ફેરફાર છે એમ નથી. આ..હા...! પરમ – જેટલું કહેવાણું એટલું પરમ સત્ય છે. આ કાળે પણ પરમ સત્ય ભગવાનની વાણી... આહા...હા...! દિગંબરોમાં જે આવી એ વાત સત્ય છે. એ બાકી બીજે ક્યાંય (નથી). આ..હા...હા...! '**ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (–કર્મક્ષયનો) ઉપદેશ કરીને,...**' આ મોંઘો કાળ છે માટે એને માટે કાંઈક સહેલું કરવું – બીજી કોઈ રીત કરવી (એમ ન હોય). આહા...હા...!

આ..હા...! પ્રભુની ભક્તિ – પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! તેનું ભજન, તેની રમણતાનું ભજન, તેની દૃષ્ટિનું ભજન તો પહેલું થયું પણ પછી પણ એની રમણતાની માળા ભળવી (અર્થાત્) રાગને છોડીને સ્વરૂપની સાવધાનીનો અભ્યાસ (કરવો). આહા...હા...! ('ઇંદોર'વાળા એક ભાઈએ) કહ્યું હતું કે, 'વ્યવહાર આવે એમાંથી જરીક વિસામો મળે પછી નિશ્ચયમાં જવાય.' પછી પાછા ફરી ગયા હતા. પછી તો બિચારા આવ્યા હતા. બહારની આ દુનિયામાં જરીક આ દેશકાળને અનુકૂળ થતાં આખી (સત્ય) વાત છોડી દે, બાપા ! આહા...હા...! દુનિયા માને ન માને એની સાથે સંબંધ શું ? આ...હા...! સત્યનો સ્વીકાર થવામાં અસત્યવાળા કાંઈ મદદ ન કરે, વિરોધ કરે એથી સત્‌ને ઢીલું પાડી દેવું એવી કોઈ ચીજ નથી. આહા...હા...હા...! આ...હા...!

અહીં તો ભવિષ્ય, (અતીત) અને વર્તમાન – ત્રણે કાળે – 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' આ..હા...! એ ઉપર ધ્યાન ન આપે ને બીજું કાંઈ કહ્યું હોય ત્યાં ઊભા રહે. આ...હા...! 'ગુરુની આજ્ઞાએ રહેતા મોક્ષ થાય.' (એમ કહ્યું હોય) પણ ગુરુની આજ્ઞા એટલે શું ? આજ્ઞા એટલે આ વીતરાગતા (પ્રગટ કરવી), સ્વ તરફમાં આશ્રય જવો તે. તે એની આજ્ઞા છે. આહા...હા...! આવું છે. દુનિયાની જાતથી આ આખી જાત શું હશે ? બાપુ ! આ તો (વીતરાગના) મારગડા...!! આહા...હા...! રાગમાં અનાદિથી રેલમછેલ થઈ ગયો છે, બાપુ ! અહીં તો આત્માની રમણતાની વાતું છે ! આ..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ ! છતી શક્તિવાળું તત્ત્વ ! તેનો નિર્મળ અનુભવ (થવો) અને પછી પણ સ્વરૂપ તરફની સાવધાની અને રાગના ત્યાગની સાવધાની (થવી) – આવો માર્ગ ભગવાને ભૂતકાળમાં વર્ણવ્યો અને વર્તમાનમાં એ જ વર્ણવ્યો છે. આહા...હા...!

'**અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (–કર્મક્ષયનો) ઉપદેશ...**' કર્યો. આહા...હા...! વાણી નીકળી ને એટલે ઉપદેશ કર્યો એમ કહ્યું. બાકી તો ઉપદેશ કર્યો છે ક્યાં ? પણ નિમિત્તથી કથન (કર્યું છે). આહા...હા...! આવ્યું ખરું ને ? દિવ્યધ્વનિમાં સત્ય આવ્યું છે (માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપદેશ કર્યો એમ કહ્યું). આહા...હા...! **'નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે;...'** આ જ ઉપદેશ કરીને પરમાત્માઓ ભૂતકાળ-ભવિષ્ય અને વર્તમાન(માં) નિઃશ્રેયસ (પદ) નામ મોક્ષને પ્રાપ્ત થયા છે. આહા...હા...!

**'માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી...'** પ્રભુ ! તું બાળક ને યુવાન ને વૃદ્ધ ન જો, સ્ત્રી ને પુરુષ ને નપુંસક ને બળદ ને તિર્યંચ ને, એમ ન જો ! આહા...હા...હા...! કહે છે કે, આવો જે પ્રભુ આત્મા, નિર્મળ સમ્યક્(દર્શન પ્રગટ થયા) પછી પણ પર તરફના વિકલ્પોની સાવધાની છોડી દે. આ..હા...હા...! એ જ નિર્વાણનો માર્ગ છે અન્ય કોઈ માર્ગ નથી. આ..હા...! શાસ્ત્રમાં એવું આવે કે, વ્યવહાર સહાયક છે. લ્યો ! ધર્માસ્તિકાય ગતિમાં સહાયક છે (એમ આવે). સહાયક છે એનો અર્થ શું ? એ ચીજ સાથે છે (એટલું). પણ એની કાર્યની પર્યાયનો કાળ છે ત્યાં થાય છે એમાં બીજી (ચીજ) કરે શું ? આહા...હા...! તે તે દ્રવ્યના તે પર્યાયનો પોતપોતાનો સ્વકાળ છે, તેને દેવ, ગુરુની, શાસ્ત્રની વાણીની પર્યાય પણ તેને શું કરે ? આ..હા...હા...!

(અહીંયાં કહે છે) **'માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે.'** આહા...હા...! **'અથવા, પ્રલાપથી બસ થાઓ;...'** જે કહ્યું એથી હવે વધારે કહેવાથી બસ થાઓ. આહા...હા...! જે કહ્યું... દિગંબર સંતોએ તો... આ..હા...હા...! કેવળીના કેડાયતો ! આમ કેવળજ્ઞાનને ઊભું રાખ્યું છે ને !! આ..હા...હા...! **'અથવા, પ્રલાપથી બસ થાઓ;...'** એટલે જે કહ્યું છે કે, આ જ માર્ગ છે, હવે વિશેષ કહેવાનું બસ થાઓ ! '**અલમ**' આહા...હા...! પાઠ તો '**અલમ**' છે. '**અલમ**' સંસ્કૃત ટીકા(માં) છે ને ? '**अलमथवा प्रलपितेन।**' બસ થાઓ !! આ..હા...! શું કહીએ ? સંસ્કૃત ટીકા છે. '**अलमथवा प्रलपितेन। व्यवस्थिता मतिर्मम। नमो...**' આ..હા...હા...! 'અમૃતચંદ્રાચાર્ય' ટીકા વખતે પણ આનંદમાં આવી ગયા છે ! છે વિકલ્પ ! આ..હા...હા...! **'મારી મતિ વ્યવસ્થિત થઈ છે.'** આ..હા...હા...! મારી મતિમાં કાંઈ અવ્યવસ્થિત રહ્યું નથી કે ભગવાન અનંત તીર્થંકરોએ કહ્યું તે કેમ હશે ? એણે કહ્યું તેટલું થોડું કહ્યું માટે તેટલું જ સત્ય હશે ? (કે) બીજું કાંઈ અંદર હશે ? આહા...હા...!

'સમયસાર'ની પાંચમી ગાથામાં બધું પૂરું કહ્યું એમ પણ કહ્યું છે. પૂરું કહ્યું, પૂરું આવ્યું છે. આખા તત્ત્વની સ્થિતિ પૂરી આવી છે. એ તો એક અપેક્ષાએ... આહા...હા...! છે ટીકામાં છે, ટીકામાં છે. આ..હા...હા...! **'મારી મતિ વ્યવસ્થિત થઈ છે.'** આહા...હા...! અરે...! ભગવાન પછી ૧૫૦૦ વર્ષે થયેલ, આજ પહેલાં ૧૦૦૦ વર્ષ પહેલાં, પંચમ આરાના મુનિ !! આ..હા...! ભગવાનના ભેટા થયા નથી... આ..હા...હા...! (છતાં) કહે છે કે, મારી મતિ વ્યવસ્થિત થઈ છે. મારી મતિમાં કંઈ અવ્યસ્થિતપણું રહ્યું નથી. જેવો માર્ગ છે તેવો ખ્યાલમાં આવી ગયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે અને ભગવાને તે જ કહ્યો છે, તે જ કહ્યો છે તે જાણ્યો છે. હવે મતિમાં કંઈપણ અવ્યવસ્થિતપણું અંશે પણ રહ્યું નથી. આ..હા...હા...! ગજબ વાત છે ને !! ભગવાન પછી ૧૫૦૦ વર્ષે થયેલા પંચમ આરાના સંત એમ કહે કે, અનંત તીર્થંકરોએ જે કર્મક્ષયનો માર્ગ કહ્યો, એ ભવિષ્યકાળ(ના) અને વર્તમાનના મુમુક્ષુઓને પણ એ જ (કહ્યો). આ..હા...હા...! અમે પણ મુમુક્ષુ છીએ, અમને પણ ભગવાને આ જ કહ્યું છે. આહા...હા...!

'**મારી મતિ વ્યવસ્થિત થઈ છે.**' આ..હા...હા...! હવે શંકા(નું) અંશમાં (પણ) સ્થાન નથી. નિર્વિકલ્પ ભગવાન આવો છે અને તેમાં અમે દૃષ્ટિ દઈને નિઃશંક(પણે) ઠર્યા છીએ, મતિ વ્યવસ્થિત થઈ છે. આહા...હા...! છે પાછી આ પર્યાયની વાત. આહા...હા...! આ..હા...હા...! અંતરનું પૂર્ણ સ્વરૂપ, તેના આશ્રયથી (સમ્યક્)દર્શન થાય અને તેના આશ્રયથી સ્થિરતા – ચારિત્ર થાય એવો જે ભગવાને માર્ગ કહ્યો, એ રીતે જ મારી મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે. આ..હા...હા...! આવી વાણી છે ? શ્વેતાંબરમાં વાણી આવી નથી. આ તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર... આ..હા...હા...! દિગંબર મુનિઓ એટલે... આ..હા...હા...! કેવળજ્ઞાનના કેડાયતો ! છતાં મારી મતિ છે, કેવળ(જ્ઞાન) નથી (એમ કહે છે). આહા...હા...! છદ્મસ્થ છું, પણ મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે. ક્યાંય હવે સંદેહને સ્થાન (નથી). આ..હા...હા...! અનંત... અનંત... પ્રકાર હો પણ અમને તો મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે. આહા...હા...હા...! ધન્ય અવતાર !! ધન્ય કાળ !! આહા...હા...! આવા સંતોની વાણી !! આવી રહી ગઈ. પંચમ કાળે ! આ..હા...હા...! દિગંબર સંતો એટલે ક્યાંય છે નહિ. એની વાણી સાથે કોઈ સંપ્રદાયની સાથે મેળ કરવો (એ થાય એમ નથી). અન્ય મતમાં તો કાંઈ છે જ નહિ પણ શ્વેતાબંર સ્થાનકવાસીમાં પણ આ (વાતને) મેળ ખાય એવું કાંઈ છે નહિ. આ..હા..હા...હા...! આવું છે. આ..હા...!

એમ કરીને કહે છે... આહા...હા...! '**અલમ**' – બસ થાઓ !! મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે. કંઈ બાકી (નથી), વિશેષપણું કોઈ જાણવું (એવું) કાંઈ બાકી રહ્યું નથી. થયું ગયું, જે થઈ ગયું ઇ થઈ ગયું. '**ભગવંતોને નમસ્કાર હો.**' આ..હા...હા...! આ વિકલ્પ આવ્યો. આહા..હા...! અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ભગવંતોને નમસ્કાર હો, પ્રભુ ! આ દિગંબર સંત !! ટીકા કરીને પણ આ (કહે છે) ! આહા...હા...! આવી ટીકા ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. દિગંબર સંપ્રદાયમાં પણ આ જે ટીકા અહીં છે એવી બીજે કયાંય નથી. એવી 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા !! આ..હા...હા...!

**ભાવાર્થ :– '૮૦ અને ૮૧મી ગાથામાં કહ્યા પ્રમાણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને વીતરાગચારિત્રના વિરોધી...**' આ..હા...હા...! '**રાગદ્વેષને ટાળવા અર્થાત્ નિશ્ચયરત્નત્રયાત્મક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુદ્ધાત્માનુભૂતિમાં લીન થવું...**' આ..હા...હા...! અતીન્દ્રિય પૂર્ણ જ્ઞાન અને આનંદનો નાથ આત્મા ! તેનું સમ્યગ્દર્શન કરીને પણ વીતરાગ ચારિત્ર માટે તેમાં લીન થવું. આહા...હા...હા...! મહાવ્રત પાળવા કે સમિતિ, ગુપ્તિ પાળવી એ કાંઈ વાત લીધી નથી. એ વિકલ્પ છે – રાગ છે. આહા...હા...! '**નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે;...**' આહા...હા...! '**ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.**' પૂર્ણાનંદના નાથનો આશ્રય એ સમ્યગ્દર્શન (છે). જઘન્ય આશ્રય સમ્યગ્દર્શન, વિશેષ આશ્રય ચારિત્ર, પૂર્ણ આશ્રય તે કેવળજ્ઞાન. આહા...હા...! આવો એક જ માર્ગ પરમાત્માએ કહ્યો છે એ સંતો પંચમ આરામાં જાહેર કરે છે ! આહા...હા...! અહીં તો ભગવાનને ૨૫૦૦ વર્ષ થયા. ૨૫૦૦ વર્ષ થયા ને ? આ ૨૫૦૦ ને કેટલું ? પાંચમું ચાલે છે ને ? આહા...હા...! ૨૫૦૫ પહેલાં પ્રભુ (થયા) પણ અનંત ભગવંતો સાક્ષાત્ છે. આ..હા...હા...! એ જ માર્ગે... આ..હા...! '**સમસ્ત અર્હંતભગવંતો એ જ માર્ગે મોક્ષ પામ્યા છે...**' આહા...હા...! '**તે ભગવંતોને નમસ્કાર હો.**' આહા...હા...! ૮૦, ૮૧ ને ૮૨ બહુ અલૌકિક ગાથા ! આહા...હા...!

'**હવે શુદ્ધાત્મલાભનો પરિપંથી...**' આહા...હા...હા....! ભગવાનઆત્મા(ના) શુદ્ધસ્વરૂપના પંથમાં. પરિપંથી એટલે શત્રુ; વાટપાડુ; લુટારો. આટલા અર્થ નીચે કર્યા (છે). (શુદ્ધાત્મલાભનો પરિપંથી) '**જે મોહ...**' આ ચારિત્રમોહ, હોં ! '**શુદ્ધાત્મલાભનો પરિપંથી...**' આ..હા...હા...! '**જે મોહ તેનો સ્વભાવ અને પ્રકારો (–ભેદો) વ્યક્ત કરે છે :–**' આહા...હા...! મોહનો નાશ કરીને વર્ણન કર્યું પણ હવે એ મોહનું સ્વરૂપ શું છે ? અને મોહ છે એ પંથનો લૂંટારો છે (એમ કહે છે). આહા...હા...હા...! વાટપાડુ છે, રસ્તે જતા એ રાગ વાટપાડુ છે. આહા...હા...! એ લૂંટારા છે, એ રાગ વચ્ચે આવે છે એ લૂંટારો છે. આવો માર્ગ !!

'સમાધિશતક'માં કહ્યું છે ને ? એ હવે (કોઈકે લખાણમાં) નાખ્યું છે. એમ કે, 'અવ્રતને છોડીને વ્રતમાં રહેવું એ છાયામાં રહેવું (તેની બરાબર છે).' પણ ત્યાં આગળ બાપુ, એનો અર્થ બીજો છે. જેટલાં વ્રતની ભૂમિકા છે એ કરતાં શાંતિની થોડી ભૂમિકા વધારે અને વ્રતનો વિકલ્પ આવે એની વાત છે. શું કહ્યું સમજાણું ? એમ ને એમ ચોથે ગુણસ્થાને છે ને વ્રતના વિકલ્પો આવે છે અને એ વ્રતધારી થયો એમ નથી. સમજાણું આમાં ? ઇ નાખ્યું છે – 'જુઓ ! આમાં પણ આમ છે.' આહા...હા...! એ તો 'પ્રવચનસાર'માં પણ અપવાદમાર્ગમાં નાખ્યું છે. પણ એ અપવાદનો અર્થ જ કે, એ નીંદવા લાયક છે. આહા...હા...! જેના ફળમાં દુઃખનો વિજય છે, ત્યાં સુધી તો જાહેર કર્યું છે. આ...હા...!

'**શુદ્ધાત્મલાભ...**' લ્યો, આ વાણિયાનો લાભ સવાયો આવ્યો !

શ્રોતા :– આ તો ભગવાનનો લાભ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા...હા...! '**શુદ્ધાત્મલાભનો પરિપંથી...**' – લૂંટારો '**જે મોહ તેનો સ્વભાવ...**' મોહનો સ્વભાવ શું છે ? ભગવાનઆત્માના સ્વભાવનો આશ્રય લઈને મોક્ષ થાય તે વાત તો કરી, પણ લૂંટારા મોહ છે એનો સમાવેશ (કરે છે). તે '**પ્રકારો (–ભેદો) વ્યક્ત કરે છેઃ–**' બરાબર છે ને ? ઘડિયાળ બરાબર છે ? (શ્રોતા :– સાડા ચાર થયા છે). પણ આમાં ફેર છે ઇ કહું છું, આમાં કેમ થયા નથી ? મને એમ થયું આ કેમ હાલતું નથી. સાડા ચાર થઈ ગયા. ઠીક લ્યો, (વિશેષ આવશે....)

**ભાઈ ! તું એકવાર કુતૂહલ તો કર ! ભગવાન તારા આટલા આટલા વખાણ કરે છે, એ છે કોણ ? તું આનંદનો સાગર છો, પરમાનંદસ્વરૂપ છો. અનંત અનંત ગુણોનું ગોદામ છો. અતીન્દ્રિય આનંદનો દરિયો છો. સિદ્ધ સમાન શુદ્ધ છો. આટલા આટલા તારા વખાણ કરે છે એવો તું પરમાત્મસ્વરૂપ છો કોણ ? એનું એકવાર કુતૂહલ કરીને જો તો ખરો ! ભાઈ ! મહા કષ્ટે, મરીને પણ તું કુતૂહલ કરીને જો ! આ શરીરાદિનો પાડોશી થઈ આત્માનો અનુભવ કર. તો તારો આત્મા આનંદના વિલાસરૂપ દેખાશે ને પરદ્રવ્યનો મોહ તુરત છૂટી જશે. (પરમાગમસાર–૪૭૯)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ शुद्धात्मलाभपरिपन्थिनो मोहस्य स्वभावं भूमिकाश्च विभावयति -

**दव्वादिएसु मूढो भावो जीवस्स हवदि मोहो त्ति।**
**खुब्भदि तेणुच्छण्णो पप्पा रागं व दोसं वा।।८३।।**
**द्रव्यादिकेषु मूढो भावो जीवस्य भवति मोह इति।**
**क्षुभ्यति तेनावच्छन्नः प्राप्य रागं वा द्वेषं वा ।।८३।।**

यो हि द्रव्यगुणपर्यायेषु पूर्वमुपवर्णितेषु पीपोन्मत्तकस्येव जीवस्य तत्त्वाप्रतिपत्तिलक्षणो मूढो भावः स खलु मोहः। तेनावच्छन्नात्मरूपः सन्नयमात्मा परद्रव्यमात्मद्रव्यत्वेन परगुणमात्मगुणतया परपर्यायानात्मपर्यायभावेन प्रतिपद्यमानः, प्ररूढदृढतरसंस्कारतया परद्रव्यमेवाहरहरुपाददानो, दग्धेन्द्रियाणां रुचिवशेनाद्वैतेऽपि प्रवर्तितद्वैतो, रुचितारुचितेषु विषयेषु रागद्वेषावुपश्लिष्य, प्रचुरतराम्भोभाररयाहतः सेतुबन्ध इव द्वेधा विदार्यमाणो नितरां क्षोभमुपैति। अतो मोहरागद्वेषभेदात्त्रिभूमिको मोहः ।।८३।।

---

अथ रत्नत्रयाराधका एव पुरुषा दानपूजागुणप्रशंसानमस्काराहार्ः भवन्ति नान्या इति कथयति-

**दंसणसुद्धा पुरिसा णाणपहाणा समग्गचरियत्था।**
**पूजासक्कारिहा दाणस्स य हि ते णमो तेसिं ।।७।।**

**दंसणसुद्धा** निजशुद्धात्मरुचिरूपनिश्चयसम्यक्तवसाधकेन मूढत्रयादिपञ्चविंशतिमलरहितेन तत्त्वार्थश्रद्धानलक्षणेन दर्शनेन शुद्धा दर्शनशुद्धाः। **पुरिसा** पुरुषा जीवाः। पुनरपि कथंभूताः। **णाणपहाणा** निरुपरागस्वसंवेदनज्ञानसाधकेन वीतरागसर्वज्ञप्रणीतपरमागमाभ्यासलक्षणज्ञानेन प्रधानाः समर्थाः प्रौढा ज्ञानप्रधानाः। पुनश्च कथंभूताः। **समग्गचरियत्था** निर्विकारनिश्चालात्मानु-भूतिलक्षणनिश्चयचारित्रसाधकेनाचारादिशास्त्रकथितमूलोत्तरगुणानुष्ठानादिरूपेण चारित्रेण समग्राः परिपूर्णाः समग्रचारित्रस्थाः **पूजासक्काररिहा** द्रव्यभावलक्षणपूजा गुणप्रशंसा सत्कारस्तयोरर्हा योग्या भवन्ति। **दाणस्स य हि** दानस्य च हि स्फुटं **ते** ते पूर्वोक्तरत्नत्रयाधाराः। **णमो तेसिं** नमस्तेभ्य **इति** नमस्कारस्यापि त एव योग्याः ।।७।।

एवमाप्तात्मस्वरूपविषये मूढत्वनिरासार्थं गाथासप्तकेन द्वितीयज्ञानकण्डिका गता। अथ शुद्धात्मोपलम्भप्रतिपक्षभूतमोहस्य स्वरूपं भेदांश्च प्रतिपादयति - **दव्वादिएसु** शुद्धात्मादिद्रव्येषु, तेषां द्रव्याणामनन्तज्ञानाद्यस्तित्वादिविशेषसामान्यलक्षणगुणेषु, शुद्धात्मपरिणतिलक्षणसिद्धत्वादिपर्यायेषु च यथासंभवं पूर्वोपवर्णितेषु वक्ष्यमाणेषु च **मूढो भावो** एतेषु पूर्वोक्तद्रव्यगुणपर्यायेषु विपरीताभिनिवेशरूपेण

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



तत्त्वसंशयजनको मूढो भावः **जीवस्स हवदि मोहो त्ति** इत्थंभूतो भावो जीवस्य दर्शनमोह इति भवति। **खुब्भदि तेणुच्छण्णो** तेन दर्शनमोहेनावच्छन्नो झम्पितः सन्नक्षुभितात्मतत्त्वविपरीतेन क्षोभेण क्षोभं स्वरूपचलनं विपर्ययं गच्छति। किं कृत्वा। **पप्पा रागं व दोसं वा** निर्विकारशुद्धात्मनो विपरीतमिष्टानिष्टेन्द्रियविषयेषु हर्षविषादरूपं चारित्रमोहसंज्ञं रागद्वेषं वा प्राप्य चेति। अनेन किमुक्तं भवति। मोहो दर्शनमोहो रागद्वेषद्वयं चारित्रमोहश्चेति त्रिभूमिको मोह इति ।।८३।।

---

હવે શુદ્ધાત્મલાભનો પરિપંથી જે મોહ તેનો સ્વભાવ અને પ્રકારો (–ભેદો) વ્યક્ત કરે છે :–

**દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;**
**તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.**

**અન્વયાર્થ :– [जीवस्य]** જીવને **[द्रव्यादिकैषु मूढः भावः]** દ્રવ્યાદિક વિષે જે મૂઢ ભાવ (–દ્રવ્યગુણપર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ) **[मोहः इति भवति]** તે મોહ છે; **[तेन अवच्छन्नः]** તેનાથી આચ્છાદિક વર્તતો થકો જીવ **[रागं वा देषं वा प्राप्य]** રાગ અથવા દ્વેષને પામીને **[क्षुभ्यति]** ક્ષુબ્ધ થાય છે.

**ટીકા :–** ધતૂરો પીધેલા માણસની માફક, જીવને જે પૂર્વે વર્ણવેલાં દ્રવ્યગુણપર્યાયો વિષે તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ મૂઢ ભાવ તે ખરેખર મોહ છે. તે મોહથી નિજ રૂપ આચ્છાદિત હોવાથી આ આત્મા પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે, પરગુણને સ્વગુણપણે અને પરપર્યાયોને સ્વપર્યાયપણે સમજીને – અંગીકાર કરીને, અતિ રૂઢ થયેલા દ્રઢતર સંસ્કારને લીધે પરદ્રવ્યને જ પ્રતિદિન (–હંમેશાં) ગ્રહણ કરતો, દગ્ધ (–બળી) ઇન્દ્રિયોની રુચિ વશે અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો, રુચિત-અરુચિત વિષયોમાં રાગદ્વેષને પામીને, અતિપ્રચુર જળસમૂહના વેગથી પ્રહાર પામતા સેતુબંધની માફક દ્વિધા વિદારિત થતો અત્યંત ક્ષોભ પામે છે. આથી મોહ, રાગ ને દ્વેષ – એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે. ૮૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૮૩
પ્રવચન નં. – ૭૫
તા. ૧૬-૦૫-૭૯

('પ્રવચનસાર') ૮૩મી ગાથા, એની ટીકા.

**ટીકા :-- 'ધતૂરો પીધેલા માણસની માફક,...'** (હવે) મોહની વ્યાખ્યા કરે છે. પહેલાં (એમ કહ્યું કે) પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ જાણે. પરના (–અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે) અને પછી (પોતાના પર્યાય-ગુણને) ભેળવીને પોતાના દ્રવ્યને જાણે, તે સમ્યગ્દૃષ્ટિ છે. અહીં હવે એમ બતાવે છે કે, '**ધતૂરો પીધેલા માણસની માફક,...**' ધતૂરો પીધો હોય એ ધતૂરાના (નશામાં) બધાને બીજી રીતે દેખે. એમ '**જીવને જે પૂર્વે વર્ણવેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયો વિષે...**' પૂર્વે કહ્યા એવા દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે, પૂર્વે કહ્યું હતું ને ? કે, અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય (જાણે) અને એ જ પ્રમાણે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય (જાણે). પછી પર્યાય-ગુણને પણ દ્રવ્યમાં ભેળવીને દ્રવ્યનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યજ્ઞાન છે.

એ '**પૂર્વે વર્ણવેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયો વિષે તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ મૂઢ ભાવ...**' વાસ્તવિક તત્ત્વની અપ્રાપ્તિ, વાસ્તવિક તત્ત્વનું અજ્ઞાન, વાસ્તવિક તત્ત્વની અણસમજણ, વાસ્તવિક તત્ત્વનો અનિર્ણય – એ જેનું લક્ષણ છે એવો મોહ – એવો મૂઢ ભાવ. આહા...હા...! ક્યાંક પણ પર દ્રવ્ય, ગુણ પર્યાયમાં પોતાપણું માની અને ત્યાં રોકાઈ ગયો છે. આહા...હા...! એ કહે છે. (પૂર્વે વર્ણવેલાં એવા) '**દ્રવ્ય-ગુણ-પર્યાયો વિષે તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ...**' (અર્થાત્) વાસ્તવિક તત્ત્વની અણસમજણને લઈને '**મૂઢ ભાવ તે ખરેખર મોહ છે.**'

'**તે મોહથી નિજ રૂપ આચ્છાદિત હોવાથી...**' વાસ્તવિક તત્ત્વના અજ્ઞાનને લઈને, પોતાનું વાસ્તવિક તત્ત્વ ત્યાં અજ્ઞાનથી ઢંકાઈ ગયું છે. આહા...હા...! ભગવાન જે આત્મા, દ્રવ્ય એટલે કાયમ રહેનારું અન્વય, ગુણ એટલે એની સાથે રહેલા ગુણો -- વિશેષ અને સામાન્ય (ગુણો). આત્માને જ્ઞાન આદિ વિશેષ ગુણો, (અને) અસ્તિત્વ આદિ સામાન્ય (ગુણો). એમ બીજાના પણ વિશેષ અને સામાન્ય ગુણો. એનું જે વર્ણન કહ્યું હતું તેમાં, '**મોહથી નિજ રૂપ આચ્છાદિત હોવાથી...**' તે સ્વરૂપની વાસ્તવિક અણસમજણને લઈને. કર્મથી ઢંકાઈ ગયો છે એમ નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહ્યું. આહા...હા...! વાસ્તવિક પોતાનું સ્વરૂપ – દ્રવ્ય, ગુણ ને પર્યાય અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાય, એની ભિન્નતાના ભાન વિના – એમાં અજ્ઞાનને લઈને – અણસમજણને લઈને પોતાનું વાસ્તવિક તત્ત્વ છે તે ઢંકાઈ ગયું છે. આહા...હા...! આચ્છાદિત થઈ ગયું (છે). આચ્છાદિત એને લઈને થયું છે એમ કહ્યું ને ? તત્ત્વની અણસમજણ, અજ્ઞાન, અનિર્ણય એવો જે મૂઢ ભાવ તે મોહ (છે) તે મોહથી નિજ (રૂપ) આચ્છાદિત છે, કર્મથી આચ્છાદિત છે એમ ન કહ્યું. આ..હા...! પરદ્રવ્ય – વસ્તુ તદ્દન ભિન્ન છે, જેના ઉત્પાદ્-વ્યય-ધ્રુવ સ્વતંત્ર સત્તામાં છે, આના (–જીવના) ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતાના અસ્તિત્વના સત્તામાં છે. એટલે પરને લઈને આમાં કંઈ આચ્છાદિત થાય એમ નથી. પોતાના વાસ્તવિક તત્ત્વની અણસમજણથી અથવા બીજાના પણ વાસ્તવિક તત્ત્વની અણસજણથી (એમ) સ્વ-પર બન્ને. આહા...હા...! સ્વ એક ને બીજા અનંત (પર) એ બધાના દ્રવ્ય-ગુણ-પર્યાયો જે રીતે પોતાના અસ્તિત્વમાં છે, તે રીતે નહિ સમજતા, (તેના) અનિર્ણયમાં (તથા યથાર્થ નિર્ણયમાં) નિઃશંક ન થતા શંકામાં ઢંકાઈ ગયો હોવાથી.

**'આ આત્મા પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે,...'** આહા...હા...! શરીર, વાણી, કર્મ, પૈસા, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરો-દીકરા-દીકરીઓ, બાપ-મા, બેટા... એ બધાં પરદ્રવ્ય છે. આહા...હા...! પરદ્રવ્યને લઈને કાંઈ પણ મારું અસ્તિત્વ ટકી રહે છે એવી માન્યતા છે તે મૂઢ છે. આહા...હા...! બાહ્ય પદાર્થો અનુકૂળતાપણે શાતાના ઉદયથી હોય, તો ઠીક પડે. અશાતાના ઉદયથી પ્રતિકૂળ હોય તો અઠીક પડે. એ દૃષ્ટિ જ વિપરીત છે. આહા...હા...! **'પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે,...'** આહા...હા...! ખરેખર તો પરદ્રવ્ય જે શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો, લક્ષ્મી, મકાન... આહા...હા...! એ પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે માને. છે ને ? **'પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે...સમજીને'** (સમજીને) ત્યાં (લીટીમાં) છેલ્લો શબ્દ. **'–અંગીકાર કરીને,...'** આહા...હા...! આ દીકરો ઇ મારો છે, બાપ મારાં છે, પિતા મારા છે. મારી મા છે, મારો દીકરો છે, મારું મકાન છે, મારા પૈસા છે, મારી આબરૂ જગતમાં છે, એ પરદ્રવ્યને પોતાપણે માને છે. આ..હા...હા...! ખરેખર તો પરદ્રવ્યને પોતાપણે માને (તે મોહ છે).

**'પરગુણને સ્વગુણપણે...'** માને. અહીં હવે પાછું આવ્યું. છે પરગુણ પરનાં, એને પોતા તરીકે માને, મારો દીકરો હોશિયાર થયો તો (તે) હું જ છું ને ? આહા...હા...! હોશિયાર કહેવો કોને ? જ્ઞાનનો ક્ષયોપશમ હોય એ દશા તો અજ્ઞાન છે. એમાં પણ તે (દશા) તેની છે એમાં તારે શું ? આહા...હા...! છોકરો દસ હજાર, પંદર હજાર, વીસ હજારના પગારે ચડ્યો, કાને સાંભળ્યું (ત્યાં) ઊંડે-ઊંડે રાજીપો થાય. આ..હા...હા...! એકલો પરના ગુણને અને પરના દ્રવ્યને પોતાના માને... આહા...હા...! (તે) મૂઢ છે, મોહ છે. એથી સ્વતત્ત્વ ઢંકાઈ ગયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહા...હા...!

શ્રોતા :– પોતાના ન માને તો એની ફરજ ચૂકી જવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ફરજ કે'દી હતી ? આહા...હા...! એની ફરજ તો સ્વ તરફની દૃષ્ટિ કરીને ઠરવું એ એની ફરજ છે.

શ્રોતા :– એ તો સ્વાર્થી કહેવાય, સાહેબ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ જ વસ્તુ છે – સ્વાર્થી જ વસ્તુ છે. આહા...હા...! પોતાના પ્રયોજનને સાધવા જ અજ્ઞાની પરને પોતાનું માને છે. આહા...હા...!

અહીં તો (કહે છે કે), દેવ-ગુરુ ને શાસ્ત્ર પર છે, એ પરદ્રવ્ય છે. મંદિર પરદ્રવ્ય છે, ગિરનાર, સમ્મેદશિખર, શેત્રુંજય પરદ્રવ્ય છે. પરદ્રવ્યને પોતાપણે માને (કે) આ અમારાં છે, આ..હા...! શેત્રુંજય અમારો છે, ગિરનાર અમારો (છે) ભગવાન (ત્યાંથી) મોક્ષ પધાર્યા. સમ્મેદશિખરથી તો અનંત તીર્થંકરો પધાર્યા, એ સમ્મેદશિખર અમારું છે. આહા...હા...! એ પરદ્રવ્યને સ્વદ્રવ્ય તરીકે નિર્ણય કરી, અણસમજણમાં મોહપણે મૂંઝાઈ ગયો છે, કહે છે.

એમ પરગુણને પોતાના ગુણ માને છે. છે ને ? '**પરગુણને સ્વગુણપણે...**' (માને). કો'ક દીકરો આબરૂમાં કે પૈસામાં વધી ગયો તો (માને કે) હું વધી ગયો ! આહા...હા...! પરનો (–દીકરા-દીકરીના) જ્ઞાનનો ક્ષયોપશમ વધી ગયો, તો એમ માને કે, એ વધી ગયો એટલો પણ મને લાભ છે ને ! એ તો પરગુણને પોતાના માન્યા. આહા...હા..!

'**અને પરપર્યાયોને સ્વપર્યાયપણે સમજીને...**' સિદ્ધ આદિ પર્યાય, રાગ આદિ પર્યાય, પરની સિદ્ધની પર્યાય, રાગની પર્યાય... આહા...હા...! એ બધી પરપર્યાયો છે. દેખવામાં જે આવે છે એ બધી પર્યાયો પર છે. ગુણ અને દ્રવ્ય તો સામાન્ય છે, એની વિશેષ પર્યાયો જે છે એને લઈને મને જ્ઞાન થયું અને એ પર્યાય મારી છે... આહા...હા...! આ શાસ્ત્રની પર્યાય પણ મારી છે અને શાસ્ત્રની પર્યાયથી મને જ્ઞાન થાય, એ પરપર્યાયને પોતાની પર્યાય માને છે. આ..હા..! એમાં (વળી) સ્ત્રી, દીકરા, દીકરિયું... આહા...હા...! એના પ્રેમમાં ફસાણો, અને એની શરીરની પર્યાય જે જડની છે, એને સુંદર માનીને (માને છે કે) મને એનાથી સુખ થાય છે, ઠીક પડે છે, અનુકૂળ પડે છે – એ બધું પરપર્યાયને પોતાની માનીને મિથ્યાત્વને સેવીને સ્વરૂપને ઢાંકી દે છે. આહા...હા...! આમ છે. આહા...હા...!

શ્રોતા :– છોકરાં બાપુજી... બાપુજી કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાપુજી કરે, બાપુજી... બાપુજી કરે છે, પગ દાબે ને બાપુજી... (બાપુજી) કરે, છ-આઠ હજારનો પગાર (હોય ત્યાં રાજી રાજી થઈ જાય).

શ્રોતા :– છોકરાં દાદાજી... દાદાજી કરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, કરે, કરે ને ! કોણ દાદો ? ને કોણ બાપો ? આહા...હા...! મારું હોય તે જુદું રહે નહિ અને જુદું રહે તે મારું થાય નહિ. જુદાંપણે જેનું અસ્તિત્વ છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ મારાથી જુદાંપણે છે. તેના અસ્તિત્વના અંશથી મારું અસ્તિત્વ છે (એમ નથી). આહા...હા...! આકરી વાત છે !

આ શરીરના અવયવો સુંદર લાગે, પાંચ ઇન્દ્રિયના (અવયવો) પુષ્ટ (હોય)... આહા...હા...! એ પર્યાય મારી છે અને મને અનુકૂળ શરીર છે – એ પર પર્યાયને પોતાની માને (એણે) પોતાને ઢાંકી દીધો છે. આ..હા..હા...! પોતાના સ્વરૂપને જાણવા પડદા નાખ્યા ! આકરું કામ છે, બાપુ ! આહા...હા...!

'**પરપર્યાયોને સ્વપર્યાયપણે સમજીને...**' એ બધાંમાં ઇ લઈ લેવું. પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે સમજી, પરગુણને સ્વગુણપણે સમજી, પરપર્યાયોને સ્વપર્યાયપણે સમજી (એમ લઈ લેવું). આહા...હા...! મેસૂબની પર્યાય, લાડવાની પર્યાય, રસગુલ્લાની પર્યાય... આહા...હા...! એ ઢોકળાંની પર્યાય, મરચાની પર્યાય, સાકરની પર્યાય – એ બધી જડની પર્યાયો છે. આહા...હા...! એને લઈને મને એનું જ્ઞાન થાય છે; એ મારાં છે એમ માનવું એ તો વળી મહા મૂઢતા છે... આહા...હા...! પણ એની પર્યાયોને દેખું છું એથી મને જ્ઞાન થાય છે. એ પરપર્યાયને પોતાની પર્યાય માને છે. આહા...હા...! બહુ એને ફેરવવું પડે. રહેવું બધાંમાં અને બધાંથી એકલો જુદો છું (એમ માનવું) ! આહા...હા...! બધાંમાં રહ્યો છું એમ માને છે. રહ્યો છે તો પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવની સત્તાનાં અસ્તિત્વમાં જ ત્રિકાળ (રહ્યો) છે. આહા...હા...! આત્મદ્રવ્ય તો પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવ(માં રહ્યું છે). પર્યાયનું અસ્તિત્વ અને ધ્રુવનું અસ્તિત્વ, બસ એટલામાં જ છે, અનાદિથી એટલામાં જ છે. 'સમયસાર' ૧૦૩ ગાથામાં આવ્યું છે ને ? કોઈ દ્રવ્ય, ગુણ, પર્યાય બીજામાં સંક્રમણ (પામતા) નથી. આહા...હા...! અને સ્વ અને પર બે વચ્ચે તો અત્યંત અભાવનો ગઢ બાંધ્યો છે. અરે...રે...! એ ગઢને તોડી શકે છે ?

ભગવાનઆત્માનું દ્રવ્ય-ગુણ-પર્યાય(મય) અસ્તિત્ત્વ અને જડ, કર્મ, શરીર, વાણી, મનનું અસ્તિત્વ – બે વચ્ચે તો અત્યંત અત્યંત અભાવનો ગઢ બાંધ્યો છે. એ ગઢને તોડીને પરનું અસ્તિત્વ પોતાનું થાય (એ અશક્ય છે). આહા...હા...! આવું કામ છે. વ્હાલામાં વ્હાલી અર્ધાંગના ! આ..હા...હા...! અમારી આ ધર્મપત્ની છે, ઊંડાણમાં તો પ્રેમ છે. પતિને એમ કહે, અમારા પતિદેવ છે. અરે... પ્રભુ ! કોણ પતિદેવ ? કોના ? બાપા ! આહા...હા...! એ પરદ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં માને છે. આકરી વાત છે, ભાઈ !

એક દ્રવ્ય (અને) બીજા દ્રવ્ય વચ્ચે અત્યંત અભાવ – ત્રિકાળી અભાવ – ત્રણે કાળે અભાવ (છે). નિગોદમાં અનંત આત્મા ભેગા રહ્યાં છતાં એક આત્મા અને બીજા આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વચ્ચે અત્યંત અભાવ (છે). તેની સાથે તૈજસ અને કાર્મણ શરીરના અનંત રજકણો પણ ભેગા (રહ્યાં છે) એ એક રજકણ અને ભગવાનઆત્મા વચ્ચે અત્યંત અભાવ (છે). આહા...હા...! શ્લેષ સંબંધ (આવે છે) એમાં મોટા વાંધા છે ને ? કર્મની સાથે શ્લેષ સંબંધ છે. (કોઈ વિદ્વાને) એમાં વર્ણવ્યું છે. ભાઈ, કોની સાથે સંબંધ ? ભાઈ ! '**नास्ति सर्वोऽपि संबंधः**' ('સમયસાર'ના) ૨૦૦ (નંબરના) કળશમાં આવ્યું નહિ ? આ..હા...હા...!

શ્રોતા :– એકમાં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ જ કે, (કોઈની સાથે સંબંધ) નથી. નિમિત્તની પર્યાય નિમિત્તમાં (અને) નૈમિત્તિકની પર્યાય નૈમિત્તિકમાં. અને તે પણ તેના સ્વકાળે તે થાય. તે નિમિત્ત છે માટે થાય છે એમ નથી, તેમ નિમિત્તને અહીંયાં પર્યાય છે માટે આવવું પડે છે એમ પણ નથી. આહા...હા...!

આવા અનંત... અનંત... પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો (છે). એકને ભૂલીને બીજાને ભાળે અને તે ભાળવામાં તેનું ભાન ત્યાં રોકાય (છે), એમ કહે છે. આહા...હા...! જાણનારને જાણવામાં ન જાય, જાણનારને જાણવામાં ન જાય અને જાણનારો પરને જાણે તેમાં રોકાય જાય. આહા...હા...! એ પરદ્રવ્યને, પરની પર્યાયને પોતાની માની છે. આકરું કામ, બાપુ ! આહા..હા...!

ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે !! આહા...હા...! કે જેને રાગની વચ્ચે પણ અત્યંત અભાવ (વર્તે છે). આ..હા...હા...! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ! એને દયા, દાન, ભગવાનની ભક્તિના રાગ વચ્ચે અત્યંત અભાવ (છે). (આ) અધ્યાત્મનો અત્યંત અભાવ (છે). આગમનાં ચાર અભાવ – પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ છે એ જુદી વાત છે. આહા...હા...! એને ઠેકાણે કંઈ પણ મારે અને બીજાને સંબંધ – બંધ છે એ પરપર્યાયને પોતાની માને છે. આહા...હા...! ખરેખર તો રાગની પર્યાય સાથે સ્વભાવને સંબંધ છે (એમ જે માને છે) એ પણ પરપર્યાયને પોતાની પર્યાય માને છે. આહા...હા...! આ..હા...હા...! આટલે બધે જાવું ! એમ છે, વસ્તુસ્થિતિ ત્યાં એવી છે. ઇ ક્યાં કોઈ ગણતરીથી અસત્ કરી ઊભું કર્યું છે. અસત્‌ને ઊભું કરવાં માટે તો કેટલાંય કુતર્કો જોઈએ. આ તો સત્‌ને સત્ તરીકે (કહેવામાં તો) જે છે એમાં તો એ રીતે છે. એને સિદ્ધ કરવા માટે કોઈ કુતર્ક અને કોઈ દાખલો લાવવો પડતો નથી. આહા...હા...!

એ પર(પર્યાયોને સ્વપર્યાયપણે) '**સમજીને–અંગીકાર કરીને, અતિ રૂઢ થયેલા...**' આહા...હા...! ગાઢ (થયેલા). ભગવાનની પર્યાય તરફ ન જોતાં અને એ પર્યાયને દ્રવ્ય તરફ ન જોતાં (–વાળતા)... આહા...હા...! અતિ ગાઢ થયેલો, રૂઢ થયેલો. રૂઢ – રૂઢ (થયેલા) '**દઢતર સંસ્કારને લીધે...**' આહા...હા...! અનાદિ... અનાદિ... એનો સંસ્કાર. '**દઢતર...**' (લીધું છે), દઢતમ નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધું. આહા...હા...! દઢ અને દઢતર ત્યાં સુધી લીધું છે, દઢતમ નથી લીધું. એટલે બધે જઈ શકતો નથી એમ કહે છે. આહા...હા...! એની પણ – સંસ્કારની પણ અમુક મર્યાદા છે. એટલો બધો શુદ્ધ પ્રભુ છે કે, એ પરને પોતાના માનવાની હદમાં પણ દઢતમ થતો નથી. આ..હા..હા...હા...! '**દઢતર સંસ્કારને લીધે...**' આહા...હા...! સંસ્કારને લઈને કાંઈ થતું નથી, એમ આવ્યું છે ને ? આ તો પરને પોતાના માનવાના સંસ્કાર પોતામાં છે. સમજાણું કાંઈ ?

તે'દી આવ્યું હતું – ઇન્દ્રિયોનું જ્ઞાન, સંસ્કાર, પૂર્વનો ઉઘાડ એ કંઈ એમાં કામ ન કરે. આહા...હા...! સીધું આત્માનું જ્ઞાન થાય તેનું નામ જ્ઞાન. આ..હા...હા..! પૂર્વના કાંઈક સંસ્કાર હોય એને લઈને અત્યારે જ્ઞાન થાય એમ નથી, એવું સ્વરૂપ નથી, (એમ) કહે છે. આહા...હા...! એ તો વર્તમાન(માં) જ પોતે પર સંસ્કારના લક્ષને છોડી, ભલે સારાં સંસ્કાર અંદર પડેલાં છે... આહા...હા...! તેનું પણ લક્ષ છોડીને પ્રભુ ત્રિકાળ આનંદનો નાથ (અંદરમાં) છે, જ્ઞાયક દળ છે, ધ્રુવ દળ છે તેના તરફ ઢળ, વળ ! એ સ્વતંત્ર છે.

આવા દઢતર સંસ્કારને પણ છોડી શકે છે. અને (આમ) કહેવાના આશયમાં (એટલે કે) દઢતર સંસ્કાર થયાં (છે) એમ કહેવાના આશયમાં પણ એ દઢતર સંસ્કાર ટાળવા માટે કહે છે. આહા...હા...! એ દઢતર સંસ્કાર છે, એનું એને જ્ઞાન કરાવે છે. અને (જ્ઞાન) કરીને એ સંસ્કારને ટાળવા (એ) એનું તાત્પર્ય છે. તેમાં રહેવા માટે (કહે છે અથવા) આ દઢ સંસ્કાર છે એટલે તને નહિ ટળે, માટે અમે ઉપદેશ આપીએ છતાં તને લાભ નહિ થાય (એમ કહેવાનું તાત્પર્ય નથી). ઉપદેશથી તો લાભ નહિ થાય, પણ તારા દઢ સંસ્કાર છે માટે લાભ નહિ થાય એમ અમારે અહીં કહેવું નથી કહે છે. આહા...હા...!

એ દઢ સંસ્કાર – '**દઢતર સંસ્કારને લીધે પરદ્રવ્યને જ પ્રતિદિન...**' આ..હા..હા...! એક સમયના વિસામા વિના '**પરદ્રવ્યને જ પ્રતિદિન (–હંમેશાં) ગ્રહણ કરતો,...**' આ..હા...હા..! પરદ્રવ્યને જ પ્રતિદિન – હંમેશાં, એક સમયનો પણ જ્યાં વિરહ પડવા દેતો નથી. આ..હા...હા...! એક સમયનો જો વિરહ પડે તો તો દ્રવ્ય તરફ ઢળી જાય ! આહા...હા..! આમાં એમ નથી લીધું કે, કર્મનું જોર છે, દર્શનમોહનું જોર છે માટે તે આચ્છાદિત છે (તેથી) એને લઈને નથી સમજતો એમ નથી લીધું. આ..હા...હા..! અત્યારે આ મોટો ફેર છે. જ્યાં હોય ત્યાં એ જ કહે છે કે, 'પણ એ બધો વિકાર છે એ કર્મને લઈને છે ને ?' પણ અહીં કર્મની વાત જ નથી. આહા...હા...!

'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' 'શ્રીમદ્'માં એમ આવે છે ને ? 'તારી ભૂલથી તું રખડ્યો, તારી ભૂલ એટલી કે પરને પોતાનું માન્યું અને પોતાને ભૂલી ગયો.' છે ને એનું સૂત્ર ? ત્યાં 'બોટાદ'માં મેડી ઉપર લખ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચાર્યો એમ કહે છે કે, તું તારી ભૂલથી રખડ્યો, એક વાત. હવે તારી ભૂલ કઈ ? કર્મથી રખડ્યો એ (ભૂલ) નહિ ? આહા...હા..! તારી ભૂલથી તું રખડ્યો છો. એ ભૂલ તારી કઈ ? કે, પરને પોતાનું માનવું અને સ્વ તરફ ચિદાનંદ દરિયો ભર્યો છે તેને ભૂલી જવો. આ..હા...! જેનાથી તે ચીજ ખાલી છે... આહા...હા...! પરદ્રવ્યના ગુણ-પર્યાયથી અને રાગથી તો પ્રભુ ખાલી છે, એને એનાથી ભરેલો (માનવો) અને એ મારાં માનવાં... આ..હા...હા...! એ જ ગુણના ભરેલાને ભૂલી જવાની રીત છે. કોઈ કર્મે તને રોક્યો છે એમ છે નહિ. આહા...હા...!

('સમયસાર – સંવર અધિકાર'માં) પણ એમ કીધું ને ? '**भेदविज्ञानतः सिद्धाः... अस्यैवाभावतो बद्धा...**' આ..હા...હા...! એમ નથી કહ્યું કે, કર્મના જોરને લઈને બંધાયો છે. આહા...હા...હા...! '**भेदविज्ञानतः सिद्धा...**' કર્મ ને શરીર ને વાણી ને એના ગુણ અને એની પર્યાય – એ અને પોતાનો રાગ, એનાથી ભેદજ્ઞાન કરે તો સિદ્ધ થાય, તો એને સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણતાની પ્રાપ્તિ થાય. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' ત્યાં તો એક જ વાત કરી – '**सिद्धा ये किल केचन**' (અર્થાત્) જે કોઈ સિદ્ધ થયા તે ખરેખર રાગથી (પોતાને) જુદાં પાડીને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. એમાં કોઈ બીજો ઉપાય કર્યો નથી. વ્યવહારથી (થાય), રાગથી થાય, દયા-દાન ને પૂજા-ભક્તિના પરિણામથી આત્માને સિદ્ધિ થાય એમ તો કહ્યું નથી. આહા...હા...! અહીંયાં તો એ જ કહ્યું (કે), વિકલ્પમાત્રનું ભેદજ્ઞાન (કર્યું) છે. એ ભેદજ્ઞાનને લઈને – '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल...**' જેટલાં અનંત (સિદ્ધ) થયા... આહા...હા...હા...! અનાદિકાળથી છ મહિના ને આઠ સમયમાં, છસો આઠ (જીવ) મુક્તિને પામે છે તે ભેદવિજ્ઞાનથી પામે છે. આહા...હા...હા...! એમ આવ્યું કે નહિ ? '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' કોઈપણ (જીવો), અનંત ભવમાં અનંત જીવો મોક્ષ પામ્યા એ ભેદજ્ઞાનથી પામ્યા છે. પરને પોતામાં સહાયક તરીકે માનીને (મોક્ષ નથી પામ્યા). આહા...હા...!

ધર્માસ્તિકાયને સહાયક કહ્યું છે ને ? એને પાછું ત્યાં એમ પણ કહ્યું છે કે, એ તો ઉદાસીન નિમિત્ત છે. આ..હા...! એવી જ રીતે બધી ચીજો, નિમિત્તમાત્ર ચીજો ઉદાસીન નિમિત્ત છે. ઇ તને કાંઈક કરાવે છે (એમ નથી). ધર્માસ્તિકાયવત કીધું છે. આહા...હા...હા...! ધર્માસ્તિકાય(ની) જેમ બીજી નિમિત્ત – અનંતી અનંતી ચીજ છે, કર્મનો ઉદય હો (તોપણ) એ બધી નિમિત્તમાત્ર ચીજ ધર્માસ્તિકાયવત્ છે. આ..હા..હા...! અને ત્યાં તો એમ સિદ્ધ કર્યું છે કે, ધર્માસ્તિકાયથી જો ગતિ (થતી) હોય તો જીવ ગતિ પામ્યા જ કરે. અધર્માસ્તિથી સ્થિર હોય તો સ્થિર થયા જ કરે. આ તો ગતિ કરે તો ત્યારે એને નિમિત્ત કહેવાય અને સ્થિર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય તો એને નિમિત્ત કહેવાય. તો એનો અર્થ શું થઈ ગયો ? આ..હા...હા...હા...! ગતિ કરવામાં પણ પોતાની પર્યાયથી તે કાળની યોગ્યતાથી ગતિ હોય ત્યારે ઓલાને (–ધર્માસ્તિકાયને) નિમિત્ત કહેવાય. નહિતર તો નિમિત્ત છે એનાથી જો થાય તો સદાય – નિરંતર ગતિ કરાવ્યા જ કરે. એ જ વાત ઉડાવે છે. આહા...હા...! આ..હા...! બે દ્રવ્ય એ જ સિદ્ધ કરે છે કે, બે દ્રવ્ય સ્વતંત્ર છે. તારે માટે એ કંઈક પ્રેરક છે અને એ આવીને તને ગતિ કરાવે છે (એમ નથી). જો એ ગતિ કરાવે તો અધર્માસ્તિકાય સ્થિર કરાવે, તો ઇ તો પ્રસંગ રહેતો નથી. આહા...હા...હા...!

એ પ્રશ્ન ઊઠ્યો છે ને ? કે, નારકીમાં જાય છે ત્યારે નારકીનું આયુષ્ય એને ત્યાં લઈ જાય છે. (તો કહે છે) ના. આયુષ્ય કર્મની પર્યાય તો પર – જડની છે અને તે સમયનો તે જીવનો, તે સમયનો તે પર્યાય તે પ્રકારે ગતિ થવાની, ત્યાં આગળ જવાની યોગ્યતાવાળો જીવ છે. એ કર્મને લઈને નથી. આહા...હા...! ત્યાં પણ એમ માનવું કે, આયુષ્યને લઈને ગતિ કરે છે તો પરની પર્યાયને લઈને પોતાની પર્યાય થઈ... આ..હા...હા...! એમ થયું ને આમાં ? આહા...હા...હા...! શું પ્રભુની શૈલી !! આ...હા...!

આયુષ્ય કર્મ શ્રેણીકરાજાએ બાંધ્યું છે ને ? નહિતર તો એ તીર્થંકર થવાના છે. સમય સમયે તીર્થંકર (નામ કર્મ) બાંધે છે. આયુષ્ય બાંધ્યું તેથી એ નરકમાં જાય છે એમ નથી. આહા...હા...! તે સમયનો ઉત્પાદ-વ્યયનો પર્યાય પોતાનો પોતાથી સ્વકાળ છે માટે ત્યાં સ્વકાળથી આમ ગતિ કરે છે. આહા...હા...હા...! નરકમાં જવાની એ સ્વકાળની યોગ્યતાથી ગતિ કરે છે. આહા...હા...હા...! નરકનું આયુષ્ય તેને ત્યાં નરકમાં લઈ જાય છે અને નરકમાં પણ છે તે નરકનું આયુષ્ય છે માટે તે ત્યાં રહ્યાં છે એમ નથી. આહા...હા...! નહિતર કો'કની પર્યાયને લઈને કો'કની પર્યાય થાય એમ થયું એ તો. આહા...હા...!

અહીં પણ મનુષ્યનું આયુષ્ય છે તેટલો કાળ અહીંયાં શરીરમાં જીવને રહેવું (થાય છે) એમ પણ નથી કહે છે. આહા...હા...! નહિતર તો આયુષ્યની પર્યાયને લઈને મારી શરીરમાં રહેવાની પર્યાય(ની) યોગ્યતા રહી. આહા..હા...હા...! આવું આકરું ! એના સિદ્ધાંતોના દાખલા આપવા જાય ત્યાં દાખલા કેટલા આકરા પડે ! આહા...હા...!

ચશ્માંની પર્યાયને પણ આમ હું કરું છું (એમ માને) તો એ પર્યાયનો ધણી – સ્વામી થાય છે. એ પરપર્યાયને કરું છું એટલે એ પરપર્યાયને પોતાની પર્યાય માને છે. આ..હા...હા..! એકબીજાની અનંત... અનંત... પર્યાયો એક સમયમાં સાથે – એક પ્રદેશમાં છે. આહા...હા...! આકાશનો એક પ્રદેશ એમાં ભગવાન (આત્માના) અસંખ્ય પ્રદેશ છે, ત્યાં અનંતા નિગોદના જીવના પ્રદેશ છે, અનંતા કાર્મણ શરીરના પ્રદેશો છે. દરેક પર્યાયનો (ત્યાં રહેવાનો) સમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાનો છે એથી તે ત્યાં રહ્યા છે. આ..હા..! નિગોદમાં રહ્યા ઇ નિગોદનું આયુષ્ય બાંધીને ગયા છે માટે ત્યાં રહ્યાં છે (એમ નથી). આ..હા...હા...! નહિતર તો એ પરની પર્યાયને પોતાની માની છે એમ થયું. આહા...હા...!

અહીં કહે છે કે, '**દ્રઢતર સંસ્કારને લીધે...**' એની ખતવણી જ એવી ઊંધી થઈ જાય છે. આહા...હા...! '**પરદ્રવ્યને જ પ્રતિદિન (–હંમેશાં) ગ્રહણ કરતો,...**' પ્રતિદિન – એનો અર્થ જ પ્રત્યેક સમય. શબ્દો તો આમ છે ને ? પ્રતિદિન એટલે કે (–હંમેશાં). આહા...હા...! '**પ્રતિદિન (–હંમેશાં) ગ્રહણ કરતો, દગ્ધ (–બળી) ઇંદ્રિયોની રુચિ વશે...**' આ..હા...હા...! (ઇન્દ્રિયોને દગ્ધ કહીને) તિરસ્કાર કર્યો છે. ઇન્દ્રિયો કેવી છે ? 'બળી; હલકી; શાપિત.' બળી ગયેલી છે એ તો. તારામાં છે જ નહિ. એ ચીજ તારામાં છે જ નહિ. આહા...હા...! એ પાંચ ઇન્દ્રિયો તો બધી બળી ગયેલી (છે). આહા...હા...! તારે હિસાબે તો એ ઇન્દ્રિયોનો અભાવ છે. તારું સત્ તારાથી છે અને તેથી તે સત્ છે એ તારા (સત્‌ની) અપેક્ષાએ અસત્ છે. આ..હા...હા...! ભગવાનઆત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય સત્ છે એ અપેક્ષાએ બીજા બધા ગુણ-દ્રવ્ય-પર્યાય અસત્ છે. આ જગતમાં તારે માટે એ છે જ નહિ. આ..હા...હા...! અસત્ છે તે અસત્‌ને સત્ માનવું ? તારા અપેક્ષાએ બીજા દ્રવ્યો અ-દ્રવ્ય છે, અ-ક્ષેત્ર છે, અ-કાળ છે, અ-ભાવ છે. આહા...હા...હા...! એને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મેળવવા... માન્યતા થી હોં ! માને તો કંઈ મળી જતા નથી. આ..હા...હા...! માને ઇ માન્યતા કંઈ દ્રવ્યમાં ભળી જતી નથી. આહા...હા...!

ઇન્દ્રિયોને (માટે) શબ્દ વાપર્યો છે. '**દગ્ધ (–બળી) ઇંદ્રિયોની રુચિ...**' બળી ગયેલી, હલકી, શાપિત. એના ઉપર તારો પ્રેમ ! અરે...રે...રે...! આહા..હા...! (એની) '**રુચિ વશે અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો,...**' આહા...હા...હા...! ભગવાન તો ઇન્દ્રિયોથી ભિન્ન અદ્વૈત ચીજ – એકલી છે. એને આ ઇન્દ્રિયોનું દ્વૈતપણું, એકમાં અદ્વૈતમાં દ્વૈતપણું પ્રવર્તાવતો. આ..હા...હા...! જાણે કે આ જ્ઞાન મને થાય છે તે આ જડ ઇન્દ્રિયો છે માટે થાય છે. આહા...હા...! કાનથી સાંભળવાનું જ્ઞાન થાય છે ને ? એ બળી ગયેલી ઇન્દ્રિયો તિરસ્કાર કરવા લાયક (છે) એટલે ? 'તિરસ્કાર' શબ્દ (આવે) છે ને ? ભાઈ ! 'સમયસાર' ૧૯ ગાથા ! આહા...હા...! એ રાગદ્વેષથી માંડીને (બધાં) પરપદાર્થ તિરસ્કારિણી – તારી ચીજનો તિરસ્કાર કરે છે. આહા...હા...! (અર્થાત્) એની હયાતી માનતા તારી હયાતીનો તિરસ્કાર થાય છે. આ..હા...હા...! એને લઈને (તારી) હયાતી માનતા તારી હયાતીનો અનાદર થાય છે. આ..હા...હા...હા...! એક પણ વાત સત્ય હોવી જોઈએ ને ? મોટું લાંબું હોય પણ અંદર સ્પષ્ટ ન આવે ઇ વસ્તુ સત્ય નહિ. આહા...હા...!

બળી ગયેલી '**ઇંદ્રિયોની રુચિ વશે...**' આહા...હા...! મરી ગયેલું મડદું (છે) તેની રુચિ રાખનાર ! આહા...હા...! એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. પહેલાં એક (વાત) આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'મડદાંને જીવતું માનવું છે' એમ (કરીને વાત આવે) છે. એ આવે છે એમાં. આહા..હા...! બહુ નાખ્યું (છે). 'મોક્ષમાર્ગ પ્રકાશક'(માં) હજારો બોલ નાખ્યા છે. આ..હા...! એ બળી ગયેલી ઇન્દ્રિયોની રુચિ (વશે). રુચિ વશે, હોં ? **'અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો,...'** આહા...હા...! (અર્થાત્) ઇન્દ્રિયોના વિષયોમાં – પદાર્થોમાં 'આ સારા ને આ નરસા' (એવું દ્વૈત ઊભું કરતો). આહા..હા...હા...! એ તો ત્યાં સુધી કહ્યું હતું ને ? કે, આત્મા છે તે ભલો છે અને પરદ્રવ્ય (છે) તે ભૂંડા છે. એ રાગ-દ્વેષનું કારણ છે. આ..હા..! ઓહો...હો...હો...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૨૧૮ પાને કહ્યું છે. આ..હા...! આ વસ્તુ પોતે હું છું તે ભલું છે અને આ બીજી બધી ચીજો ભૂંડી છે – એ જ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ છે. આહા...હા...! જાણનારને, હું ભલો અને આ ભૂંડું એવું જાણનારમાં ક્યાં છે ? આ..હા...હા...!

**'અદ્વૈતમાં...'** એકલો પ્રભુ ભિન્ન છે, એને આ બળી ગયેલી ઇન્દ્રિયો – બળી ગયેલી, તિરસ્કાર કરવા લાયક તિરસ્કારણીય (છે) તેમાં વર્તમાનમાં પ્રેમમાં પડ્યો, આ..હા...! રુચિ કીધી ને ? **'રુચિ વશે અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો, રુચિત-અરુચિત વિષયોમાં રાગદ્વેષને પામીને,...'** રુચિત એટલે કે ગોઠતા–ગમતા. અરુચિત એટલે અણગમતા. આહા...હા...! ગમતા-અણગમતાના ભાગલા પાડ્યા. વસ્તુમાં ભાગલા નથી, વસ્તુ તો બધી જ્ઞેય છે. તીર્થંકર પણ જ્ઞેય છે, નિગોદનો જીવ જ્ઞેય છે અને કસાઈનો જીવ છે એ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. એમાં ભાગ બે પાડ્યા કે, આ ઠીક નથી અને આ ઠીક (છે). એ વસ્તુમાં તો ભાગ નથી, ભ્રમણાથી ભાગ પાડ્યા. આહા...હા...! આવું સાંભળવું કઠણ પડે ! આ..હા...હા...! ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે. અરે...! આવી વાત ક્યાં છે ? ભાઈ ! આહા..હા...!

**'રુચિત-અરુચિત વિષયોમાં રાગદ્વેષને પામીને,...'** આહા...હા..! **'અતિપ્રચુર જળસમૂહના વેગથી પ્રહાર પામતા...'** આહા...હા...હા...! શું કહે છે ? પાણીનો પ્રવાહ એકદમ આવતો હોય, એમાં વચ્ચે પુલ આવ્યો, પુલ. સેતુ–પુલ. બે ભાગ પડી ગયા. પાણી એક કોર આમ હાલ્યું ને એક આમ હાલ્યું. પુલ બંધાય ને ? એક જ હોય ભલે. આહા...હા..! એકરૂપ પ્રવાહ છે. **'અતિપ્રચુર જળસમૂહના વેગથી પ્રહાર પામતા સેતુબંધની માફક...'** આ...હા...હા...! પુલ... પુલ ! પાણીનો પ્રવાહ આમ ધોધમાર હાલ્યો આવે છે. એમાં જ્યાં પુલ આવ્યો ત્યાં બે ભાગ પાડી નાખ્યા. અમુક પ્રવાહ આ બાજુમાં ગયો ને અમુક પ્રવાહ (બીજી બાજુ) ગયો. બે ભાગ પાડી નાખ્યા. આહા...હા...! શું કહે છે ?

**'અતિપ્રચુર જળસમૂહના વેગથી પ્રહાર પામતા સેતુબંધની માફક દ્વિધા વિદારિત થતો...'** આહા...હા...! જ્ઞાનનો પ્રવાહ તો એકરૂપે જાણવું એ એનો સ્વભાવ (છે), એમાં દ્વિધા કરતો. (સેતુબંધની માફક) જેમ પાણીના પ્રવાહના બે ભાગ પડી જાય છે, એમ આ રુચિ ને અરુચિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઠીક ને અઠીક (એવા બે ભાગ કરતો). આહા...હા...! પાંચ ઇન્દ્રિયના વિષયો એક જ પ્રકારના જ્ઞેય છે, એને જ્ઞાનનો પ્રવાહ એકરૂપે ચાલતો છે, એ પ્રવાહના ભાગ પાડી નાખે છે. આ ઠીક છે અને આ અઠીક છે... આહા...હા...! (એમ થતાં) એ પ્રવાહ તૂટી ગયો. ધોધમાર પાણીનો પ્રવાહ હાલતો હોય, ૨૫ ઇંચ વરસાદ આવ્યો હોય આમ ! પણ પુલ જ્યાં આવે ત્યાં ભાગ પડી જાય. એકરૂપે હાલતો હોય ત્યાં ભાગ પડી ગયા. આહા...હા...! આ દાખલા પણ કેવા આપ્યા છે જુઓ ને ! આહા...હા...!

'**અતિપ્રચુર જળસમૂહ...**' પાછું, હોં ! થોડું-ઘણું સાધારણ પાણી એમ નહિ. '**અતિપ્રચુર જળસમૂહનો વેગ...**' ઝાઝું પાણી હોય અને વેગ પણ એવો હોય. છતાં જ્યાં પુલ આવે ત્યાં બે ભાગ પડી જાય. આહા...હા...! એમ ભગવાનઆત્માના જ્ઞાનનું પૂર છે, એકરૂપ પ્રવાહ ચાલે છે... આહા...હા...! એમાં ઇન્દ્રિયોના વિષયમાં બે ભાગ પાડતા આહા...હા...! '**દ્વિધા વિદારિત થતો...**' (અર્થાત્) આ ઠીક છે અને આ અઠીક છે (એમ પરિણમતો). આહા...હા...! બરફ મને ઠંડો ઠીક છે, અગ્નિ ઠીક નથી, મને શરદી છે એટલે તિખાશને લઈને મરચું ઠીક છે – આવા ભેદ પાડે છે માળો ! આહા...હા...! એનો પ્રવાહ એકરૂપ જ્ઞાતા-દૃષ્ટાનો છે, એમાં (ઇન્દ્રિયના) વિષયના જે પદાર્થો છે તેમાં બે પ્રકાર નથી. છતાં તેને પોતાના અજ્ઞાનથી બે પ્રકાર – દ્વૈતપણાને પામી દે છે કે, આ ઠીક છે, આ ઠીક નથી. આહા...હા...હા...! શરીર સારું મળ્યું એટલે મને ઠીક છે, આવે છે ને ? 'શરીર આદમ ખલુ ધર્મ સાધનમ્.' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં પહેલાં લખાણ આવે છે. એ તો નિમિત્તની વાતું (છે), બાપુ ! આહા...હા...! (અજ્ઞાની) આવી વાતો લે.

'સમાધિશતક'(માં) આવ્યું ને ? 'અવ્રતને તડકે રહેતાં વ્રતને છાયે રહેવું ઈ સારું છે.' આ..હા...! કઈ અપેક્ષાએ કહ્યું ? બાપુ ! એકલા વ્રતના વિકલ્પ છે એની ત્યાં અપેક્ષા નથી. આહા...હા...! ચોથે ગુણસ્થાને એકલા વ્રતના વિકલ્પ હોઈ શકે ? આહા...હા...! ત્યાં તો અંદર જરી શાંતિને વધારીને વ્રતના વિકલ્પો હોય છે, એને ત્યાં અવ્રતના દુઃખમાં ન રહેતા આ (વ્રતના) છાયે છે એમ અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. સાથે (આત્માની) શાંતિ છે, હોં ! એની અપેક્ષા કરીને (વાત કરી છે). એકલા વ્રતના વિકલ્પો છે માટે ત્યાં સારું છે – છાયો છે એમ નથી. આ..હા...હા...! અંતર શાંતિ થોડી વધી છે. આહા...હા...! એની ભૂમિકાના વ્રતના વિકલ્પો હોય છે. અવ્રતના ભાવ કરતાં 'આ ઠીક છે' એમ એની અપેક્ષાએ કહેવામાં (આવે છે). શાંતિ વધી છે અને એ ભૂમિકામાં વિકલ્પ ઊઠ્યા છે એ અપેક્ષાએ (કહેવામાં આવે છે). આ..હા...હા...હા...! આને હવે જુદાં પાડવા !

ભગવાનઆત્મા – આત્મા જે છે એ જ્ઞાનના જાણક પ્રવાહના નૂરનું પૂર છે. જાણક...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણક... જાણક... જાણકનો પૂર છે, તેને (જેમ) સેતુ – પુલ આવે તો પૂરના પ્રવાહના બે ભાગ પડી જાય છે, એમ ભગવાનઆત્માના નૂરનો એકરૂપ પ્રવાહ છે એ ઇન્દ્રિયોના વિષયોમાં એક જ પ્રકારના જ્ઞેય પદાર્થ છે છતાં તેના બે ભાગ પાડે છે કે, આ મને ઠીક (છે) અને આ મને અઠીક (છે) – એ જ્ઞાનના (એકરૂપ) પ્રવાહના કટકા કરી નાખે છે. આ..હા...હા...! થોડી-થોડી ભાષા સમજાય છે ? થોડી-થોડી ! ગુજરાતી ભાષા તો સાદી છે. આહા...હા...!

**'રુચિત-અરુચિત વિષયોમાં રાગદ્વેષને પામીને,...'** આ..હા..હા...! **'અતિપ્રચુર...'** પ્રવાહ. જળસમૂહનો પ્રવાહ ચાલતો હોય મોટો ! પાંચ-દસ ઇંચ વરસાદ આવ્યો હોય અને નદીનું પાણી ભરચક આમ હાલતું હોય, એમાં પુલ આવ્યો હોય (તો) બે ભાગ પડી જાય, ફડાક દઈને ! આ..હા...હા...! એમ પ્રભુ આત્મા ચૈતન્યના નૂરનું પૂર અંદર ચાલે છે. એના એકરૂપ પૂરમાં ઇન્દ્રિયોના વિષયો એક જ રૂપે જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. જ્ઞાન પણ જ્ઞેય તરીકે જાણે છે, જ્ઞેયમાં પણ જ્ઞેય જણાવા તરીકે છે. એમાં બેમાં કાંઈ ફેર નથી છતાં પણ એક વિષય મને અનુકૂળ છે... આહા...હા...! વિષયની વાસના અને શરીરનો ભોગ એ 'મને ઠીક છે' અરે... પ્રભુ ! એ 'ઠીક છે' એ ક્યાંથી તને આવ્યું ? આ..હા...! અને રોગ આવ્યો.. આહા...હા...! ૧૦૬-૧૦૮ ડીગ્રી તાવ (આવ્યો) પણ એ તો ઇન્દ્રિયનો વિષય પરવસ્તુ છે. એમાં આ અઠીક છે અને નિરોગતા (ઠીક છે)... આ..હા...હા...! તેં વિષયની રુચિથી આવા બે ભાગલા જ્ઞાનપ્રવાહમાં પાડી નાખ્યા છે. આકરું કામ છે, ભાઈ ! વીતરાગધર્મ કોઈ સાધારણ નથી.

આ..હા...! ત્રણ લોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધરપ્રભુ' તો સમવસરણમાં બિરાજે છે એનો આ પ્રવાહ છે. આહા...હા...! ત્યાંથી આવેલી આ વાતું છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા, આઠ 'દી રહ્યા... આહા...હા...! આવીને શાસ્ત્રો રચ્યાં. આહા...હા...હા...! એની વાણીના રહસ્યના ઉદ્દ્ઘાટન 'અમૃતચંદ્રાચાર્યે' કર્યા કે, પ્રભુ ! આમ કહેવા માંગે છે, ભાઈ ! એના રહસ્યનું ઉદ્દ્ઘાટન... આહા...હા...હા...! 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું છે. આહા...હા...!

(અહીંયાં કહે છે) **'દ્વિધા વિદારિત થતો અત્યંત ક્ષોભ પામે છે.'** ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! જ્ઞાનના નૂરના તેજનો પૂર ! એ તો પર વસ્તુને પર તરીકે જાણવાના સ્વભાવવાળો છે અને પરવસ્તુ છે તે જણાવા લાયક જ છે – એવા બે ભાગ એમાં છે છતાં બીજા બે ભાગ પાડ્યા કે, આ વિષય ઠીક છે અને આ વિષય ઠીક નથી. આહા...હા...! મેસૂબને ભોગવતા મને મીઠાશ આવે છે, અફીણને પીતા કડવાશ આવે છે. બાપુ ! કડવાશ અને મીઠાશ તારામાં આવતી જ નથી. કડવાશ અને મીઠાશ તો જડ છે. પ્રભુ ! તું તો અરૂપી છો ને ! એ અફીણની કડવાશ અને સાકરનું ગળપણ તને અડતું પણ નથી. આહા...હા...! પણ ભેદ પાડીને તેં વિકલ્પ ઉઠાવ્યો. આહા...હા...! ગજબ વાત કરી છે !! **'અત્યંત ક્ષોભ પામે છે.'** આ..હા...! એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આકુળતાને પામ્યો. બે ભાગ પાડ્યા કે, આ વિષય ઠીક અને આ અઠીક. પુલમાં જેમ પાણીના પ્રવાહના બે ભાગ પડી ગયા, એમ (ચૈતન્યના) નૂરના તેજના પૂરમાં બે ભાગ તેં પાડ્યા, પ્રભુ ! ઠીક અને અઠીક મોહને તેં ઉત્પન્ન કર્યો – મિથ્યાત્વભાવને ઉત્પન્ન કર્યો. આહા...હા...!

આ..હા..! સવારે આવ્યું હતું ને ? બ્રાહ્મણનું ! ચંડાલનો દીકરો હતો છતાં (એમ કહે કે) 'અમારે આ ખપે નહિ, અમારે ખપે નહિ.' એમ શુભભાવવાળા કર્તા થઈ (એમ કહે કે) 'આ ઇન્દ્રિયના વિષય ખપે નહિ, આ ન ખપે.' ભાઈ ! ઇ બધું તિરસ્કાર કરીને શું કરવું છે તારે ? એ બે ભાગ પાડ્યા – આ અમારે ન ખપે - આ ખપે. (તું) જ્ઞાતા છો અને એમાં બે ભાગ ક્યાંથી પડ્યા ? (કે), આ અમારે ખપે નહિ અને આ અમારે ખપે... આ..હા...હા...! એવો ક્ષોભ પામે છે.

**'આથી મોહ, રાગ ને દ્વેષ–એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે.'** આ રીતે મોહના ત્રણ પ્રકાર કરવામાં આવ્યા અને એને લઈને ઇ ચાર ગતિમાં રખડે છે. વિશેષ કહેશે....

**એક સમયમાં હું ચિદાનંદ પરિપૂર્ણ છું, એવી પ્રતીતિ તે ભવના નાશનું કારણ છે. આવી પ્રતીતિ થયા પછી અલ્પરાગ રહે, તે પરના પડખે જાય છે.**

**(પરમાગમસાર–૧૦૦૫)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथानिष्टकार्यकारणत्वमभिधाय त्रिभूमिकस्यापि मोहस्य क्षयमासूत्रयति -

**मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स।**
**जायदि विविहो बंधो तम्हा ते संखवइदव्वा ।।८४।।**

**मोहेन वा रागेण वा द्वेषेण वा परिणतस्य जीवस्य।**
**जायते विविधो बन्धस्तस्मात्ते संक्षपयितव्याः।।८४।।**

एवमस्य तत्त्वाप्रतिपत्तिनिमीलितस्य, मोहेन वा रागेण वा द्वेषेण वा परिणतस्य, तृणपटलावच्छगर्तसंगतस्य करेणुकुट्टनीगात्रासक्तस्य प्रतिद्विरददर्शनोद्धतप्रविधावितस्य च सिन्धुरस्येव, भवति नाम नानाविधो बन्धः। ततोऽमी अनिष्टकार्यकारिणो मुमुक्षुणा मोहरागद्वेषाः सम्यग्निर्मूलकाषं कषित्वा क्षपणीयाः ।।८४।।

---

अथ दुःखहेतुभूतबन्धस्य कारणभूता रागद्वेषमोहा निर्मूलनीया इत्याघोषयति - **मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स** मोहरागद्वेषपरिणतस्य मोहादिरहित-परमात्मस्वरूपपरिणतिच्युतस्य बहिर्मुखजीवस्य **जायदि विविहो बंधो** शुद्धोपयोगलक्षणो भावमोक्षस्तद्बलेन जीवप्रदेशकर्मप्रदेशानामत्यन्तविश्लेषो द्रव्यमोक्षः, इत्थंभूतद्रव्यभावमोक्षाद्विलक्षणः सर्वप्रकारोपादेयभूतस्वाभाविकसुखविपरीतस्य नारकादिदुःखस्य कारणभूतो विविधबन्धो जायते। **तम्हा ते संखवइदव्वा** थतो रागद्वेषमोहपरिणतस्य जीवस्येत्थंभूतो बन्धो भवति ततो रागादिरहितशुद्धात्मध्यानेन ते रागद्वेषमोहा सम्यक् क्षपयितव्या इति तात्पर्यम् ।।८४।।

---

હવે, ત્રણે પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો (–ત્રણે પ્રકારના મોહનો) ક્ષય કરવાનું સૂત્રદ્વારા કહે છે **:–**

**રે ! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને**
**વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.**

**અન્વયાર્થ :–** **[मोहेन वा]** મોહરૂપે, **[रागेण वा]** રાગરૂપે **[द्वेषेण वा]** અથવા દ્વેષરૂપે **[परिणतस्य जीवस्य]** પરિણમતા જીવને **[विविधः बन्धः]** વિવિધ બંધ **[जायते]** થાય છે; **[तस्मात्]**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેથી **[ते]** તેમને (મોહ-રાગ-દ્વેષને) **[संक्षपयितव्याः]** સંપૂર્ણ રીતે ક્ષય કરવાયોગ્ય છે.

**ટીકા :–** એ રીતે તત્ત્વ-અપ્રતિપત્તિથી (–વસ્તુસ્વરૂપના અજ્ઞાનથી) બિડાઈ ગયેલા, મોહરૂપે વા રાગરૂપે વા દ્વેષરૂપે પરિણમતા આ જીવને – ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક, હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથીની માફક અને વિરોધી હસ્તીને દેખતાં ઉશ્કેરાઈને (તેના તરફ) દોડતા હાથીની માફક – નાનાવિધ બંધ થાય છે; માટે મુમુક્ષુએ અનિષ્ટ કાર્ય કરનારા આ મોહ, રાગ અને દ્વેષને બરાબર નિર્મૂળ નાશ થાય એ રીતે ક્ષપાવવાયોગ્ય (–ક્ષય કરવાયોગ્ય) છે.

ગાથા–૮૪,૮૫

પ્રવચન નં. – ૭૬

તા. ૧૭-૦૫-૭૯

'પ્રવચનસાર' ગાથા–૮૪. મથાળું – **'હવે, ત્રણે પ્રકારના મોહને...'** એટલે કે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ. (એમાં) પછી શુભ કે અશુભ (ભાવ) ગમે તે (હોય). એ મોહ અને રાગ-દ્વેષ – એ ત્રણ પ્રકારના મોહ (છે). એ ત્રણે તો **'અનિષ્ટ કાર્યનું કારણ...'** છે. આહા..હા...! આત્માના ઇષ્ટ ધર્મકાર્યનું એ કારણ નથી. **'અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો (–ત્રણે પ્રકારના મોહનો) ક્ષય કરવાનું સૂત્રદ્વારા કહે છે :–'** આહા..હા...!

**मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स।**
**जायदि विविहो बंधो तम्हा ते संखवइदव्वा।।८४।।**

નીચે હરિગીત :–

**રે ! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને,**
**વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** (૧) હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે; હાથી ત્યાં ખાડો હોવાના અજ્ઞાનને લીધે તે ખાડા ઉપર જતાં તેમાં પડે છે અને એ રીતે પકડાઈ જાય છે. (૨) વળી હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે; તેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં હાથી પકડાઈ જાય છે. (૩) હાથીને પકડવાની ત્રીજી રીત એ છે કે તે હાથી સામે પાળેલો બીજો હસ્તી મોકલવામાં આવે છે અને પેલો હાથી આ શીખવી મોકલેલા હસ્તી સામે લડવા તેની પાછળ દોડતાં પકડનારાઓની જાળમાં ફસાઈ જાય છે– પકડાઈ જાય છે.

ઉપર્યુક્ત રીતે જેમ હાથી (૧) અજ્ઞાનથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે, તેમ જીવ (૧) મોહથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે. માટે મોક્ષાર્થીએ મોહ-રાગ-દ્વેષનો પૂરેપૂરી રીતે મૂળમાંથી ક્ષય કરવો જોઈએ. ૮૪.

---

આહા..હા...! ત્રણેને અનિષ્ટ કાર્યના કારણ કહ્યા. શુભરાગ પણ અનિષ્ટ કાર્યનું કારણ છે, એમ થયું ને ? આહા..હા...! શુભરાગ કે અશુભરાગ કે દ્વેષ કે મિથ્યાત્વ ત્રણ(માં) બધું આવી ગયું. એ અનિષ્ટ કાર્યનાં કારણો છે. ભાષા ચોખ્ખી છે ને ? '**અનિષ્ટ કાર્યનું કારણ...**' છે. આહા..હા...! આત્માનું ઇષ્ટ કાર્ય જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે) એનું એ મોહ અને શુભરાગ કે અશુભરાગ કે દ્વેષ કારણ નથી.

આહા..હા...! દાક્તરો પણ ક્ષણમાં દેહ છોડી જાય છે, કંઈ રાખી શકતા નથી. આહા..હા...! જીવની પર્યાય (અને) દેહની પર્યાય પણ તે સમયે તે જ પ્રકારે... આહા..હા...! ષટ્કારકપણે દેહની (છૂટવાની) પર્યાય પરિણમવાની. આહા..હા...! એ રીતે થવાનો કાળ છે અને એ જ થાય. આ..હા...! શરીર લઠ્ઠ જેવું (હોય તોપણ) શું કરે ? આયુષ્યની સ્થિતિ હોય તે સમય ત્રણકાળમાં ફરે ? આ..હા..હા...! એની પોતાની પર્યાયની લાયકાત એટલી છે એટલે ત્યાં સુધી રહેશે. એ શરીરને લઈને, આયુષ્યને લઈને (રહેશે) એમ પણ નથી. આહા..હા...! એ પરદ્રવ્ય છે એની સાથે શું સંબંધ ? પોતાનો શરીરમાં ભિન્નપણે રહેવાનો કાળ જે સમયનો છે તે પ્રકારે રહેશે. આહા..હા...! પણ જગતને વિશ્વાસ બેસવો (કઠણ છે). બહારથી આમ કરશું તો આમ થશે ને આમ કરશું તો આમ થશે, દવા કરશું, હવા-પાણી ફેરવશું, માથે પંખા નખાવશું, આમ કરશું ને ઢીકણું કરશું, તેલ ચોપડશું ને ઘી ચોપડશું ને ફલાણું (કરશું)... અરે... ભગવાન ! બાપુ ! જે સમયનો પર્યાય (થવાનો) છે (તે પર્યાય થવાનો જ છે). આહા..હા...! (દાક્તર તો) દર્દીઓને જોવા માટે નીકળ્યા અને એમાં પોતે એક દર્દીના ખાટલા પાસે ખલાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ ગયા ! અહીં આવતા.

અહીં તો કહે છે, પ્રભુ ! તારો મોહ અને રાગ-દ્વેષ, શુભ કે અશુભ (રાગ) અનિષ્ટ કાર્યનું કારણ છે. આ..હા..હા...! માટે ઇષ્ટ કાર્ય કરનારને તેનો ક્ષય કરવો. ક્ષયથી જ ઉપાડ્યું છે ! નાશ કરવો જોઈએ ! આહા..હા...!

**ટીકા :– 'એ રીતે તત્ત્વ-અપ્રતિપત્તિથી (–વસ્તુસ્વરૂપના અજ્ઞાનથી) બિડાઈ ગયેલા...'** આ..હા..હા...! મોહ અને રાગ-દ્વેષમાં જે આવ્યા છે એ સ્વરૂપથી બિડાઈ ગયા–ઢંકાઈ ગયા છે. આહા..હા...! તત્ત્વની અપ્રતિપત્તિ – એ આપણે પહેલાં આવી ગયું છે. તત્ત્વની અપ્રતિપત્તિની વ્યાખ્યા (૮૩ ગાથામાં આવી ગઈ છે). તત્ત્વ અપ્રતિપત્તિ છે ને ઓલી કોર ? અપ્રાપ્તિ, અજ્ઞાન, અણસમજણ, અનિર્ણય. એક પાના ફેરે ઓલી કોરને પાને છે. તત્ત્વની અપ્રાપ્તિ – વસ્તુ ભગવાનઆત્મા ! આનંદનો કંદ પ્રભુ ! એવા તત્ત્વની અપ્રાપ્તિ અથવા એવા તત્ત્વના અજ્ઞાનને લીધે. આ..હા..હા...! એવા તત્ત્વની અણસમજણને લીધે. ભગવાન તો અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય વીતરાગ અને અતીન્દ્રિય જ્ઞાનમય સ્વરૂપ છે. એના અજ્ઞાનને લીધે **'બિડાઈ ગયેલા, મોહરૂપે વા રાગરૂપે વા દ્વેષરૂપે પરિણમતા...'** આહા..હા...! જેની શક્તિની વ્યક્તતા – વીતરાગ શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી પ્રતીતિ, વીતરાગી આચરણ – એ જેનું પ્રગટપણું હોવું જોઈએ, એ બિડાઈ ગયું છે, ઢંકાઈ ગયું છે (એમ) કહે છે. આહા..હા...! કોને લઈને ? મોહ અને રાગ-દ્વેષપણે પરિણમતા, મોહ અને રાગ-દ્વેષરૂપે પરિણમતા. જોયું ? કર્મે કરીને ઢંકાઈ ગયું છે, બિડાઈ ગયું છે, એમ નહિ. આહા..હા...! પોતાના... આહા..હા...! મોહ-રાગ-દ્વેષરૂપે થતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી બિડાઈ ગયેલા, ઢંકાઈ ગયા. આહા..હા...! અંદર પરમાત્મસ્વરૂપ પ્રભુ ! એનું જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર (છે) એ તો ઢંકાઈ ગયું, બિડાઈ ગયું.

(એવા) મોહ અને રાગ-દ્વેષથી પરિણમેલા જીવને **'ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક,...'** હાથીને પકડવો હોય છે ત્યારે મોટો ખાડો કરે ને એમાં દાબીને ઘાસ ભરે. ઉપરથી (એમ લાગે) જાણે ભરેલું છે, પણ જ્યાં જાય ત્યાં ફડાક દઈને અંદર ખાડામાં ગરી જાય. આહા..હા...! **'ઘાસના થરથી ઢંકાયેલા...'** માથે થોડું ઘાસ નાખ્યું હોય એવા **'ખાડાનો સંગ કરતા...'** આ..હા..હા...! **'હાથીની માફક, હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથીની માફક...'** આહા..હા...! એક તો ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક આવ્યું. આહા..હા...! અને બીજું **'હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથીની માફક અને વિરોધી હસ્તીને દેખતાં....'** ત્રણ ભેદ પાડ્યા, ભાઈ ! મોહ, રાગ અને દ્વેષ. આહા..હા...!

મોહની વ્યાખ્યા એમ કરી... આહા..હા...! **'ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ મિથ્યાત્વની ઉપમા આપી. આ..હા..હા...! '**હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત...**' એ રાગ (થયો). '**અને વિરોધી હસ્તીને દેખતાં ઉશ્કેરાઈને (તેના તરફ) દોડતા હાથીની માફક...**' એ દ્વેષ (થયો). આ..હા..હા...!

'**નાનાવિધ બંધ થાય છે;...**' એ ત્રણે પ્રકારથી અનેક પ્રકારનો બંધ થાય છે. આહા..હા...! જાણે ખાડો નથી. (કેમકે) ઉપર જરી ઘાસ પાથર્યું હોય. વાંસડાના પાતળા (કટકા) કરી આમ લાંબા પાથર્યા હોય અને ઉપર જરી ઘાસ હોય, અંદર આખો ખાડો ખાલી (હોય). આહા..હા...! પાતળા સડેલા વાંસડા આદિ હોય એ વાંસડાની ભાગ પાડે એ શું કહેવાય ? આખા વાંસની અડધી કરે ઇ ? ખપાટ... ખપાટું ! ખપાટું આમ પાતળી પાથરી હોય, ઉપર ઘાસ નાખ્યું હોય, હાથી ઘાસ ખાવા જાય (ત્યાં) પડે ખાડામાં. એમ પરને પોતાનું માની, સ્વને ભૂલીને ખાડામાં – મિથ્યાત્વના ખાડામાં પડે છે. આ..હા..હા...!

હાથી જેમ ઘાસથી ઢંકાયેલા ખાડામાં પડે છે, એમ અજ્ઞાની... આ..હા..હા...! પોતાનો આનંદ અને જ્ઞાન શુદ્ધ સ્વભાવ (છે) એને ન જાણતા બાહ્ય પદાર્થની પ્રીતિના પ્રેમમાં એકત્વબુદ્ધિથી, ઇ હાથી જેમ ખાડામાં પડે છે એમ આ મિથ્યાત્વમાં પડે છે, એમ કહે છે. આહા..હા...! હજી (૮૫મી ગાથામાં) તો મનુષ્ય અને તિર્યંચની કરુણાને પણ દર્શનમોહનું ચિહ્ન કહેશે ! આહા..હા...! આ..હા..હા...! કેમકે જાણવા-દેખવાનો તારો સ્વભાવ (છે), પ્રેક્ષા – જોવાનો સ્વભાવ (છે), એને ઠેકાણે આ તિર્યંચ, મનુષ્યને દુઃખ થાય છે તેથી કરુણા (ઊપજે છે એ) એને કારણે કરુણા ઊપજે છે. આ..હા..હા...! એ મિથ્યાત્વરૂપી ખાડામાં પડે છે, એમ મારું કહેવું છે. અહીં આ દાખલો આપ્યો છે. આહા..હા...! ૮૫ (ગાથામાં) આવશે. ત્યાં સુધી દર્શનમોહનું ચિહ્ન (લીધું) છે. જીવનો તો જાણવું-દેખવું સ્વભાવ છે. એને ઓળંગી (જઈ) તિર્યંચ, મનુષ્યના દુઃખને દેખીને કરુણા (ઊપજે)... આહા..હા...! એને આશ્રયે કરુણા (ઊપજે) એમ. નબળાઈથી જે કાંઈ થાય એ નહિ. આ તો એને આશ્રયે (કરુણા) થાય. એના પ્રત્યે કરુણા (થાય), એટલું. એમાં મિથ્યાત્વનો ખાડો છે. આહા..હા...!

ત્રણ પ્રકાર કહ્યા. (પહેલો) ખાડામાં પડ્યો – ત્રિકાળી આનંદનો નાથ ભરેલો ભગવાન ! એ પરદ્રવ્યની એકતાબુદ્ધિમાં ખાડામાં પડ્યો. આ..હા..હા...! જ્યાં પોતાનું કાંઈ તત્ત્વ નથી, પોતે ત્યાં નથી... આ..હા..હા...! એવા મિથ્યાત્વરૂપી ખાડામાં પડ્યો. અને કાં હાથણીના પ્રેમમાં હાથી (છે), એમ જગતના પદાર્થોના પ્રેમમાં પડ્યો. એ પણ અનેક પ્રકારના બંધનના કારણ છે. આહા..હા...! '**અને વિરોધી હસ્તીને દેખતાં ઉશ્કેરાઈ...**' જવાથી (એ) દ્વેષ (થયો). (એવા) '**દોડતા હાથીની માફક...**' આહા..હા...! ઉશ્કેરાઈ ગયો હોય એટલે પાછળ દોડે, દ્વેષથી દોડે. આ..હા..હા...! એમ (અજ્ઞાની) પ્રતિકૂળ ચીજ છે એમ કલ્પીને (દૂર ભાગે છે). કોઈ ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રતિકૂળ નથી. આહા..હા...! જ્ઞેય છે એમાં પ્રતિકૂળ અને અનુકૂળ શું વળી ? પણ પ્રતિકૂળ એવો દ્વેષ ઊભો કરીને એમાં પકડાઈ જાય છે. આ..હા..હા...! એની માફક અનેકપ્રકારના **'નાનાવિધ બંધ થાય છે;...'** આહા..હા...!

**'માટે મુમુક્ષુએ...'** (અર્થાત્) આત્માર્થીએ, આત્માના હિતના અર્થીએ **'અનિષ્ટ કાર્ય કરનારા...'** આહા..હા...! એ મોહ, રાગ અને દ્વેષ ત્રણે અનિષ્ટ કાર્ય કરનારા (છે). આ મોહ, રાગ-દ્વેષ **'બરાબર નિર્મૂળ નાશ થાય...'** બરાબર અને નિર્મૂળ – બે (શબ્દ લીધા છે). આહા..હા...! એવું આત્મા તરફના વલણમાં જોર કરે કે, જેમાં દ્રવ્ય પાછું ન પડે એમ એનું જ્ઞાન પણ પાછું ન પડે (એ રીતે) નિર્મૂળ નાશ કરે. આ..હા..હા...! ભાષા તો જુઓ ! પંચમ આરાના શ્રોતાને પંચમ આરાના મુનિ એમ કહે છે ! એને એમ કહેતા નથી કે, તું પંચમ આરામાં છો એટલે (તારાથી) નહિ થઈ શકે. આ..હા..હા...! અને તે પણ આમાં (–ખાડામાં) પડી ગયેલા એવા જીવને કહે છે. આહા..હા...!

**'મુમુક્ષુએ અનિષ્ટ કાર્ય કરનારા આ મોહ, રાગ અને દ્વેષને બરાબર...'** (એટલે કે) જે રીતે તેનું સ્વરૂપ છે તેમ જાણી અને એનાથી વિરુદ્ધ પ્રભુનું – આત્માનું સ્વરૂપ છે (તેને) જાણી. **'નિર્મૂળ નાશ થાય...'** મૂળમાંથી નાશ થાય. આ..હા..હા...! એનો ફરીને અંકુર ઉત્પન્ન ન થાય. આ..હા..હા...! વાણી તો જુઓ ! દિગંબર સંતોની વાણી ! આહા..હા...! નિર્મૂળ નાશ થઈ જાય. મિથ્યાત્વ, રાગ-દ્વેષનું જરીયે મૂળ રહે નહિ. આ ગધેડા છે ઇ ઘાસ ખાય ને તો મૂળમાંથી ખાય. ગાય છે એ ઉપર-ઉપરથી ખાય, એના મૂળિયા રાખે... મૂળિયા રાખે. એ ગધેડા જેમ ખાય એમ જ્ઞાની (મૂળમાંથી મિથ્યાત્વ, રાગ-દ્વેષનો નાશ કરે છે). આ..હા..હા...!

મુમુક્ષુએ (અર્થાત્) આત્માના પૂર્ણ આનંદના લાભની અભિલાષાવંત મુમુક્ષુએ. આ..હા..હા...! આ ત્રણને **'બરાબર નિર્મૂળ નાશ થાય એ રીતે ક્ષપાવવાયોગ્ય (–ક્ષય કરવાયોગ્ય) છે.'** આ..હા..હા...! શું વાત કરે છે !! પ્રભુ ! પણ આ પંચમ આરાના પ્રાણીને તમે આટલું...! આહા..હા...! બાપુ ! આરો-બારો જેમાં નથી (એવો) મહા પ્રભુ બિરાજમાન છે ! તારી નજરુંમાં નિધાન આવ્યું નથી માટે તને અછતું લાગે છે. છતી ચીજ છે... છતી ચીજ છે, પ્રગટ ચીજ છે, વ્યક્ત ચીજ છે. આ..હા..હા...! આનંદનું ધામ, સ્થળ, સત્તા... આહા..હા...! એવી ચૈતન્યસત્તા, આત્મસત્તા... આ..હા...! તેનો આશ્રય કરી **'એ રીતે ક્ષપાવવાયોગ્ય (–ક્ષય કરવાયોગ્ય) છે.'** આ..હા..હા...! આ રીતે ઉપશમ કરવા લાયક છે એમ પણ નથી કહ્યું. આહા..હા...! વાણીની ઉગ્રતા તો જુઓ ! ઉપશમ કરો, ઢાંકો (એમ નથી કહ્યું). આહા..હા...! આ તો **'નિર્મૂળ નાશ થાય એ રીતે ક્ષપાવવાયોગ્ય (–ક્ષય કરવાયોગ્ય) છે.'** આહા..હા...!

**ભાવાર્થ :– '(૧) હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે;...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોલું-પોલું ઘાસ ભરે. થોડી ખપાટું નાખીને ઉપર ઘાસ નાખે. **'હાથી ત્યાં ખાડો હોવાના અજ્ઞાનને લીધે...'** જુઓ ! મિથ્યાત્વ લેવું છે ને (એટલે આમ કહે છે). આહા...હા...! આ ખાડો છે એના **'અજ્ઞાનને લીધે તે ખાડા ઉપર જતાં તેમાં પડે છે...'** આહા...હા...! **'અને એ રીતે પકડાઈ જાય છે.'** ખાડામાં પડ્યો એટલે થઈ રહ્યું ! (પછી એને) પકડે. આહા..હા...!

બીજો બોલ. **'વળી હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે; તેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં...'** હાથણીના પ્રેમમાં (ફસાતો) હાથી. હાથી પુરુષ છે અને ઓલી હાથણી સ્ત્રી છે. આહા..હા...! **'હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે; તેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં હાથી પકડાઈ જાય છે.'** આ રાગ (થયો). આહા..હા...! એમ (અજ્ઞાની) પર પ્રત્યેના પ્રેમમાં પકડાઈ જાય છે. આહા..હા...! દેહના, કુટુંબના, પૈસાના (પ્રેમમાં પકડાઈ જાય છે). આહા..હા...! દેહના છૂટવાના પ્રસંગ આવે તોપણ પોતાના કામકાજની વ્યવસ્થાથી પાછો ફરે નહિ, માળો ! આહા..હા...! જાણે (મોત) હમણાં નહિ આવે, હમણાં નહિ આવે. આહા..હા...! હમણાં શું વાર છે એમ કહે. નિરોગી શરીર છે એમાં ક્યાં (મોત આવવાનું ?) અરે... બાપુ ! નિરોગી એટલે ? એક ક્ષણમાં અંદર લોહી ચોસલું થઈ જાય, ખલાસ ! અહીં તો મિથ્યાત્વના ખાડાની વાત કરી છે. આવી જે ક્ષણિક નાશવાન વસ્તુ (છે) એના પ્રેમમાં ફસાઈ ગયો, એ મિથ્યાત્વના ખાડામાં પડી ગયો, એમ કહેવું છે. આહા..હા...! બે (બોલ) થયા.

'(૩) **હાથીને પકડવાની ત્રીજી રીત એ છે કે તે હાથી સામે પાળેલો બીજો હસ્તી મોકલવામાં આવે છે અને પેલો હાથી આ શીખવી મોકલેલા હસ્તી સામે લડવા...'** જાય છે. દ્વેષ... દ્વેષ સિદ્ધ કરવો છે ને ! આહા..હા...! **'તેની પાછળ દોડતાં પકડનારાઓની જાળમાં ફસાઈ જાય છે...'** એની પાછળ દોડતાં (પકડાઈ જાય છે). પકડનારાઓ ત્યાં ઊભા જ હોય કે, આ હાથીની પાછળ આવશે. આહા..હા...! એમ પ્રતિકૂળતાના દ્વેષના અંશમાં (અજ્ઞાની પકડાઈ જાય છે). પ્રતિકૂળ કોઈ ચીજ નથી પણ પ્રતિકૂળ માનીને દ્વેષમાં પકડાઈ જાય છે. આહા..હા...!

શરીરમાં રોગ થયો, ક્ષય (રોગ) લાગુ પડ્યો અથવા શું કહેવાય છે ? કેન્સર ! કેન્સર લાગુ પડ્યું. એ તો જડની પર્યાયનો કાળ છે. આહા..હા...! પણ તેના પ્રત્યે ઇ દ્વેષ કરે છે. આ કેમ ? આ કેમ ? આવું કેમ થાય ? બરાબર ધ્યાન રાખીએ તો (ન થાય). ધૂડેય ધ્યાન ન રખાય, સાંભળ ને ! આહા..હા...!

દાક્તરનો દાખલો તો આમ તરવરે એવો છે. કેટલા વર્ષથી અહીં રહેતા, બચારા આવતા. એ આમ દર્દીને જોવા જતા હશે ને એ તૃષ્ણામાં ને એમાં... આ..હા..હા...! અરે... પ્રભુ... પ્રભુ ! શું પકડાઈ ગયા છે ! નોકરી છે ને ? આ..હા...! દર્દીઓને જોવાની નોકરી બજાવવી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમાં એ ફસાઈ ગયા હતા. આહા..હા...! આ..હા...! અરે...! પાછું કોઈ આધાર, કોઈ શરણ (નહિ). આ..હા..હા...! અજાણ્યા દ્રવ્ય, અજાણ્યા ક્ષેત્ર, અજાણ્યા કાળ, ભાવમાં ક્યાંક ઊપજશે ! આ..હા..હા...! જ્યાં કોઈ ઓળખીતો એકેય નથી. આહા..હા...! આખો ભવ પલટીને ભાવ પલટાય જાય. આહા..હા...! દેહ બીજો મળે, ક્ષેત્ર બીજું હોય, કાળ બીજો હોય અને ભાવ એ વખતે બીજો હોય. આ..હા..હા...! આ..હા...હા..હા...! અરે... પ્રભુ ! કંઈક ચેત, બાપા ! ટાણાં આવ્યાં છે, ભાઈ ! આ..હા..હા...! (અહીં) એ જ કહે છે ને ? હસ્તી સાથે ત્યાં એ (હાથી) પકડાઈ જાય છે.

'**ઉપર્યુક્ત રીતે જેમ હાથી (૧) અજ્ઞાનથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી...**' જોયું ? ત્રણ શબ્દો છે ને ? (તેમ) '**અનેક પ્રકારના બંધનને પામે છે. તેમ જીવ (૧) મોહથી,...**' (એટલે) મિથ્યાત્વથી. આ..હા..હા...! મિથ્યા ભ્રમણાથી (માને છે કે) પર પદાર્થમાં કોઈ પણ અંશમાં કંઈ પણ (સુખ) છે, મને લાભદાયક છે. આ..હા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ ! પૂર્ણ લાભદાયક છે તેની ખબર નથી અને એના સિવાયના શુભ-અશુભ ભાવથી માંડી પરપદાર્થના અનેક પ્રકાર (છે) એમાંનો કોઈ પણ એક અંશ મને લાભદાયક છે (એમ માનનાર) મિથ્યાત્વના ખાડામાં પડ્યો છે. આ..હા..હા...! હાથી જેમ ખાડામાં પડ્યો એમ (આ) મિથ્યાત્વના ખાડામાં પડ્યો. આહા..હા...! જ્યાં કાંઈ નથી ત્યાં પડ્યો, (જ્યાં) છે ત્યાંથી ખસી ગયો, એમ કહેવું છે. આ..હા..હા...!

પ્રભુ પોતે ચૈતન્ય, સચ્ચિદાનંદ ધ્રુવ ધામ સ્થળ જેનું છે ! આહા..હા...! એ અનંત ગુણથી ભરેલો... ભરેલો (છે). પરથી મને કંઈપણ લાભ થાશે એવી જે માન્યતા... એમાં કાંઈ નથી, તારું કાંઈ નથી, ખાલી વસ્તુ છે. આહા..હા...! એવા મિથ્યાત્વમાં પડ્યો. આ..હા...! મિથ્યાત્વમાં પકડાઈ ગયો, કહે છે. '(૨) **રાગથી...**' એ હાથણીનો બંધ. એ ચારિત્રમોહનો કીધો.

(એ રીતે) '**દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે. માટે મોક્ષાર્થીએ...**' '**માટે મોક્ષાર્થીએ**' ! આવું કહીને પાછું બતાવવું તો (એ છે કે આનું) તાત્પર્ય વીતરાગતા કરવી તે (છે). આ..હા..હા...! આવા દોષ બતાવવા છે, તે દોષ છે એટલું જ્ઞાન કરીને રોકાઈ જવું એ માટે બતાવતા નથી. આ..હા..હા...! ત્યાંથી ખસી જવું અને જ્યાં પ્રભુ બિરાજે છે, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, અનંત ગુણથી ધ્રુવપણે નિત્યાનંદનો સહજાત્મ પ્રભુ (બિરાજે છે) એની કોર લઈ જવા માટે આ વાત કરે છે. આમાં રોકાવા માટે વાત કરતા નથી. આહા..હા...!

ઉપર્યુક્ત રીતે જેમ હાથી મોહ, રાગ-દ્વેષથી (બંધનને પામે છે તેમ જીવ બંધનને પામે છે). '**માટે મોક્ષાર્થીએ મોહ-રાગ-દ્વેષનો પૂરેપૂરી રીતે મૂળમાંથી...**' પૂરેપૂરી રીતે મૂળમાંથી ક્ષય કરવો. આહા..હા...! આ..હા..હા...! કે, જેનાથી તને અલ્પકાળમાં પરમાત્મા જ થવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथामी अमीभिर्लिङ्गैरुपलभ्योद्भवन्त एव निशुम्भनीया इति विभावयति -

**अट्ठे अजधागहणं करुणाभावो य तिरियमणुएसु।**
**विसएसु य प्पसंगो मोहस्सेदाणि लिंगाणि ।।८५।।**

**अर्थे अयथाग्रहणं करुणाभावश्च तिर्यङ्मनुजेषु।**
**विषयेषु च प्रसङ्गो मोहस्यैतानि लिङ्गानि।।८५।।**

अर्थानामयाथातथ्यप्रतिपत्त्या तिर्यग्मनुष्येषु प्रेक्षार्हेष्वपि कारुण्यबुद्ध्या च मोहमभीष्टविषयप्रसङ्गेन रागमनभीष्टविषयाप्रीत्या द्वेषमिति त्रिभिर्लिङ्गैरधिगम्य झगिति संभवन्नपि त्रिभूमिकोऽपि मोहो निहन्तव्यः।।८५।।

---

अथ स्वकीयस्वकीयलिङ्गै रागद्वेषमोहान् ज्ञात्वा यथासंभवं त एव विनाशयितव्या इत्युपदिशति - **अट्ठे अजधागहणं** शुद्धात्मादिपदार्थे यथास्वरूपस्थितेऽपि विपरीताभिनिवेशरूपेणा-यथाग्रहणं **करुणाभावो य** शुद्धात्मोपलब्धिलक्षणपरमोपेक्षासंयमाद्विपरीतः करुणाभावो दयापरिणामश्च अथवा व्यवहारेण करुणाया अभावः। केषु विषयेषु। **मणुवतिरिएसु** मनुष्यतिर्यग्जीवेषु इति दर्शनमोहचिह्नम्। **विसएसु च प्पसंगो** निर्विषयसुखास्वादरहितबहिरात्मजीवानां मनोज्ञामनोज्ञविषयेषु च योऽसौ प्रकर्षेण सङ्गः संसर्गस्तं दृष्ट्वा प्रीत्यप्रीतिलिङ्गाभ्यां चारित्रमोहसंज्ञौ रागद्वेषौ च ज्ञायेते विवेकिभिः, ततस्तत्परिज्ञानानन्तरमेव निर्विकारस्वशुद्धात्मभावनया रागद्वेषमोहा निहन्तव्या इति सूत्रार्थः।।८५।।

---

આ..હા..હા...! **આ ચોરાશીમી ગાથા ચોરાશીના અવતારમાંથી નીકળવાની** (ગાથા છે) ! આહા..હા...! મુમુક્ષુએ આ કરવું એમ કીધું ને ? ચોરાશી લાખના અવતાર(માં) પછી સ્વર્ગનો (અવતાર) હો કે નરકનો હો કે ભોગભૂમિ(ના) જુગલિયાનો હો... આહા..હા...! નરકનો હો કે હલકા તિર્યંચનો હો, બધા ભવો દુઃખરૂપ છે. આ..હા..હા...! મોક્ષાર્થીએ એમ કીધું ને ? ભવાર્થીએ – ગતિના અર્થીએ એમ નથી કહ્યું. આ..હા..હા...! અંતરમાં આત્માના પૂર્ણ આનંદનો લાભ થાય એવો જે મોક્ષ, એના અર્થીએ. આહા..હા...! મોક્ષ એટલે કે પૂર્ણ દુઃખનો અભાવ અને પૂર્ણ આનંદનો લાભ એનું નામ મોક્ષ. એનો મુમુક્ષુ (અર્થી છે). આહા..હા...! પૂર્ણ અતીન્દ્રિય આત્મલાભ એવો જે મોક્ષ તેના (અર્થી) મુમુક્ષુ જીવે... આહા..હા...! આ રીતે મોહ, રાગ-દ્વેષને ઓળખીને ખપાવવા – નાશ કરવા જોઈએ. પૂરેપૂરા નિર્મૂળ કરવા જોઈએ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, આ મોહરાગદ્વેષને આ લિંગો વડે (હવેની ગાથામાં કહેવામાં આવતાં ચિહ્નો – લક્ષણો વડે) ઓળખીને ઉદ્ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે એમ વ્યક્ત કરે છે :–

**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**
**વિષયો તણો વળી સંગ, – લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.**

**અન્વયાર્થ :– [अर्थे अयथाग्रहणं]** પદાર્થનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ) **[च]** અને **[तिर्यङ्मनुजेषु करुणाभावः]** તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, **[विषयेषु प्रसंगः च]** તથા વિષયોનો સંગ (અર્થાત્ ઇષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ) – **[एतानि]** આ **[मोहस्य लिंङ्गानि]** મોહના લિંગો છે.

**ટીકા :–** પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે અને તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે મોહને (ઓળખીને), ઇષ્ટ વિષયોની આસક્તિ વડે રાગને (ઓળખીને) અને અનિષ્ટ વિષયોની અપ્રીતિ વડે વિષને (ઓળખીને) – એમ ત્રણ લિંગો વડે (ત્રણ પ્રકારના મોહને) ઓળખીને એકદમ ઊપજતાં વેંત જ ત્રણે પ્રકારનો મોહ હણી નાખવા યોગ્ય છે (–નષ્ટ કરવાયોગ્ય છે).

---

હવે એને ઓળખાવે છે. '**હવે, આ મોહરાગદ્વેષને આ લિંગો વડે...**' (એટલે કે) એના ચિહ્નો વડે. મોહ, રાગ-દ્વેષના ચિહ્ન, એંધાણ, લક્ષણ. આ..હા...! '**(...ચિહ્નો–લક્ષણો વડે) ઓળખીને ઉદ્ભવતાં વેંત જ...**' એનો અર્થ કે, ઉત્પન્ન થવા દેવું જ નહિ. એમ કહે છે. '**ઉદ્ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે એમ વ્યક્ત કરે છે :**' અનુકંપા, પરની કરુણાનો ભાવ મારી નાખવા જેવો છે. આ..હા...! દર્શનમોહનું ચિહ્ન અહીં કહેશે. આહા..હા...! ૮૫ (મી ગાથા).

'**अट्ठे अजधागहणं करुणाभावो य तिरियमणुएसु।**'
દેવ અને નારકી તો અહીં છે નહિ, તિર્યંચ અને મનુષ્ય છે. આહા..હા...!
'**विसएसु य प्पसंगो मोहस्सेदाणि लिंगाणि।।८५।।**'
એ એના ચિહ્નો – લક્ષણો.
**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :–** મોહના ત્રણ ભેદ છે – દર્શનમોહ, રાગ અને દ્વેષ. પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચિહ્ન છે. ઇષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે. આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે. ૮૫.

---

એની કરુણા કરું છું, એમ. એના દુઃખને દેખીને એની કરુણા કરું છું. આહા..હા...!

**વિષયો તણો વળી સંગ, –લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.**

**ટીકા :–** '**પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે...**' 'પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ = પદાર્થો જેવા નથી તેવા તેમને સમજવા અર્થાત્ અન્યથા સ્વરૂપે તેમને અંગીકાર કરવા તે.' આહા..હા...! પોતાના ભગવાન સિવાય, રાગથી માંડી કોઈપણ ચીજની અયથાર્થ સમજણને લઈને, એમાંથી મને કંઈક લાભ થશે એવી અણસમજણને – મિથ્યાત્વને લઈને. આહા..હા...! '**પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે...**' એ પણ દર્શનમોહનું ચિહ્ન છે – મિથ્યાત્વનું ચિહ્ન છે, મિથ્યાત્વનું એ લક્ષણ છે. આહા..હા...! '**તિર્યંચ–મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં...**' તિર્યંચ અને મનુષ્યો (પ્રેક્ષાયોગ્ય હોવા છતાં).. બહુ ગજબ કામ કર્યું છે ! પર વસ્તુ તો જ્ઞેય છે, કહે છે. એ તો જાણવા લાયક (છે), તારે માટે જાણવા લાયક છે. આ..હા..હા..હા...! જાણવા લાયક, દેખવા લાયક છે. છે ને ? (પ્રેક્ષાયોગ્યનો અર્થ) નીચે છે – 'માત્ર પ્રેક્ષકભાવે–દૃષ્ટાજ્ઞાતાપણે–મધ્યસ્થભાવે દેખવાયોગ્ય.' છે. આહા..હા...!

'**છતાં પણ...**' ભગવાનઆત્માને તો (એ) તિર્યંચ અને મનુષ્યના દુઃખો પરજ્ઞેય છે. ફક્ત જાણવા-દેખવા લાયક છે. આહા..હા...! એવું જાણવા-દેખવા લાયક (છે) તેને ઓળંગીને '**તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે...**' '**તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે**' (એમ કહ્યું) ! જાણે એની કરુણા કરું છું. એ મોહ–મિથ્યાત્વ–દર્શનમોહના ચિહ્ન છે. મિથ્યાત્વના લક્ષણ છે. આહા..હા...!

'જયસેનાચાર્યદેવે' બે અર્થ કર્યા છે – '**करुणाभावो दयापरिणामश्च अथवा व्यवहारेण करुणाया अभावः ।**' એવો અર્થ કર્યો. '**शुद्धात्मोपलब्धिलक्षणपरमोपेक्षासंयमाद्विपरीतः करुणाभावो...**' એમ. આ..હા...! ભગવાનઆત્મા તો રાગથી પણ ઉપેક્ષા કરીને પોતાના સંયમ સ્વભાવમાં રહેવું એ એનું સ્વરૂપ છે. આહા..હા...! એના આનંદના ઘરમાં રહેવું એ એનું સ્વરૂપ છે. આ..હા...! એને છોડીને '**તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે...**' એમ, હોં ! અંદરમાં દયાના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નબળાઈથી આવી જાય એ જુદી વાત છે. પણ આ તો જાણે આને કાંઈ કરી દઉં, આ દુઃખી છે તો કાંઈ કરી દઉં એવી એમના પ્રત્યે કરુણાબુદ્ધિ એ દર્શનમોહનું લક્ષણ – મિથ્યાત્વનું લક્ષણ (છે). આહા..હા...! શબ્દ ઇ છે ને ? '**करुणाभावो य तिरियमणुएसु।**' એમ શબ્દ છે. તિર્યંચ અને મનુષ્યોમાં, તિર્યંચ અને મનુષ્યને લઈને, એને દુઃખી દેખીને એની કરુણા. જાણવા-દેખવા લાયક વસ્તુ છે એને ઓળંગીને આની કાંઈક કરુણા કરું તો એને કાંઈક ઠીક પડે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...!

આમ સમકિતના પાંચ લક્ષણો વર્ણવ્યા એમાં શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા (કહ્યા છે). એ વીતરાગી અનુકંપા છે. છતાં છે એ વીતરાગી અનુકંપા. આવે છે ને ? 'ધવલ'માં આવે છે. વીતરાગીને કરુણા હોય છે. એ કરુણા એટલે અકષાય ભાવ. 'ધવલ'માં આવે છે, કરુણા એટલે અકષાય ભાવ. (તેથી) લોકો લે છે ને કે, 'જુઓ ! ભગવાનને કરુણા (છે) !' પણ કરુણા એટલે શું, પ્રભુ ? આહા..હા...! વીતરાગભાવ છે એ જ કરુણા છે. 'કરુણા હમ પાવત હૈ તુમકી.' 'શ્રીમદ્' એમ કહ્યું ને ? 'કરુણા હમ પાવત...' એ કરુણા એટલે વીતરાગતા. આ..હા..હા...! પ્રભુ ! તારા જ્ઞાનમાં અમે ભાસ્યા, (અમને) સમ્યગ્દર્શન છે, ભવ્ય છીએ. એ ભાસ્યું એ જ આપની કરુણા છે એમ કહે છે. આ..હા..હા..હા...! વાતુંમાં ફેર બહુ ! થોડો ફેર એ મિથ્યાત્વનું લક્ષણ છે.

અહીં નજરમાં નારકી અને દેવ તો છે નહિ. આ બે ગતિઓ છે. એથી કહે છે કે, '**करुणाभावो य तिरियमणुएसु।**' પરને આધારે કરુણા ઊપજે (કે) આ દુઃખી છે માટે મને કરુણા આવે છે. એ દુઃખને હું મટાડું. આહા..હા...! એ મિથ્યાત્વભાવ છે, કહે છે. (અજ્ઞાની કહે) 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા...' સ્થાનકવાસીમાં તો એવું બહુ ગાય. અમારે (સંવત) ૮૧માં 'ગઢડા'માં ચોમાસું હતું ત્યારે ચોપાનિયા મોટા લખેલા. 'દયા તે સુખની વેલડી...' પરની દયા, હોં ! સ્વદયાની તો વાત જ ક્યાં હતી ? 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ' અહીં કહે છે કે, પરનો કરુણાભાવ, એના વિષેની કરુણા એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! બહુ ફેર !

એના વિષે (તિર્યંચ, મનુષ્યો પ્રત્યે કરુણા) નહિ પણ પોતાના મંદ કષાયના ભાવે કોઈ દયાનો ભાવ આવે તો એ પણ રાગ છે. એ પણ સ્વરૂપની હિંસા છે. એ ચારિત્ર દોષ છે અને આ કરુણાબુદ્ધિ (એટલે) આ દુઃખી છે એથી મને કરુણા આવે છે. એ મિથ્યાત્વ (છે). આહા..હા...! એ ચીજ છે એ ખરેખર જ્ઞાનમાં જણાવા લાયક છે. પ્રેક્ષાયોગ્ય કીધું ને ? એટલે એના ઉપરાંત આ આઘો ગયો. જોવા લાયક છે, જાણવા લાયક જ છે, એથી આઘો જઈને આની કરુણા કરું, પરદ્રવ્યની કરુણા કરું (એમ આઘો ગયો). આહા..હા...! ભારે આકરું કામ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેમકે પરની કરુણા કરી શકતો નથી. એના કોઈ સાધનોથી પણ એની દયા પાળી શકતો નથી. આહા..હા...! બહુ આકરું કામ ! જગતની શૈલીથી વીતરાગની શૈલી આખી જુદી ! આહા..હા...!

'**તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ**' એમ અન્વયાર્થમાં શબ્દ છે ને ? તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ એનું અહીં નાખ્યું (કે), '**તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય હોવા છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ...**' એમ. અહીં 'પ્રેક્ષાયોગ્ય' (શબ્દ) નાખીને વધારે સ્પષ્ટ કર્યું. આહા..હા...! કેમકે એની પ્રત્યે તું કરુણાબુદ્ધિ કર તો કરુણાભાવથી કંઈક એને લાભ થાય, તેમ તને લાભ થાય છે એમ કાંઈ છે નહિ. આ..હા..હા...! તેથી 'બંધ અધિકાર'માં 'જયસેનાચાર્યદેવે' કહ્યું ને કે, 'બીજાને જિવાડવા-મારવા હું નિમિત્ત માત્ર છું. નિમિત્ત કર્તા નહિ.' નિમિત્ત માત્ર છું એટલે જાણનાર-દેખનાર (છું). આ..હા..હા...! 'બંધ અધિકાર'માં 'જયસેનાચાર્યદેવ'(ની ટીકામાં) આવે છે. બીજાને જીવાડી શકું, મારી શકું એ મિથ્યાત્વભાવ છે. બીજાને સુખ-દુઃખ આપી શકું, સગવડતા આપી શકું, અગવડતા આપી શકું એ મિથ્યાત્વભાવ છે. ત્યારે ખુલાસો કર્યો કે આમાં (છે) શું ત્યારે ? આહા..હા...! આહા..હા...! (તો કહે છે કે), એના પ્રત્યેનો પોતાની નબળાઈને લઈને જરી રાગ આવે એ ચારિત્ર દોષ છે, એ પણ હિંસા છે. આ..હા..હા...! એવો એક ભાવ હોય છે, પણ એથી કરીને તું એમ માને કે આની કરુણા કરું માટે આ બચી જાય છે અને બચાવવાના સાધન કરું માટે બચી જાય છે (તો એ) મિથ્યાત્વ છે. આ..હા..હા..હા...! જગતથી જુદી જાત છે, ભાઈ !

મનુષ્યો અને તિર્યંચો – એકવચન નથી. આહા..હા...! '**તિર્યંચ-મનુષ્યો પ્રેક્ષાયોગ્ય...**' છે. માત્ર પ્રેક્ષકભાવે – દૃષ્ટાજ્ઞાતાપણે – મધ્યસ્થભાવે દેખવાયોગ્ય છે. આ..હા..હા..હા...! એને ઓળંગીને આનું કાંઈક કરું, આને માટે મને કરુણા આવી છે માટે કંઈક કરું... આ..હા..હા...! એ મિથ્યાત્વનું લક્ષણ છે. આકરી વાતું છે આ ! એક કોર વ્યવહાર સમકિતનું લક્ષણ અનુકંપા કહે, સંવેગ, નિર્વેદ, અનુકંપા (આદિ). આ..હા...!

'બંધ અધિકાર'માં પણ એ આવ્યું ને ? શુભભાવ છે એ છકાયના જીવસ્વરૂપ છે. કેમકે છકાયના જીવ તરફના લક્ષે એ શુભભાવ થયો છે. એટલે શુભભાવ બંધનું કારણ છે. એ છ જીવનિકાયને બચાવવાનું ત્યાં લક્ષ છે. આહા..હા...! ચારે કોરની તપાસ... પ્રભુ ! એનો શુભભાવ છે એ છ કાયના જીવ છે, એમ કીધું. કેમકે છ કાયના જીવના લક્ષે ઉત્પન્ન થયેલું છે ને ? એટલે શુભભાવને છ કાયના જીવ જ કીધાં છે. આહા..હા...! અને તે શુભભાવ તો જ્ઞાનીને આવે પણ એ તો નબળાઈથી આવે છે. આ દુઃખી છે માટે મારે (ભાવ) આવે છે, એમ નથી. એ ફેર છે. આ દુઃખી છે માટે મને રાગ આવે છે એ જુદી વસ્તુ (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને મારી કમજોરીને લઈને મને રાગ આવે છે (એ જુદી વસ્તુ છે). ત્યાં તેનો જ્ઞાતા-દૃષ્ટા રહીને તેનું બંધનું કારણ થાતું નથી. આહા..હા...! આવું સ્વરૂપ છે. બહુ વ્યવહાર... વ્યવહાર... હાલતું હોય એમાં આવું મૂકે તો આકરુ લાગે !

'**પ્રેક્ષાયોગ્ય હોવા છતાં...**' શબ્દ એ મૂક્યો છે. એ તો જાણવા-દેખવા લાયક છે. આ..હા..હા...! (એક ભજન) આવે છે ને ? 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પરાઈ પીડા જાણે રે...' ત્યારે કોઈકે એમાં જોડી દીધું ''જૈનદર્શન–જિનધર્મ એને કહીએ કે પર પીડાઈ જાણે રે...!' આકરું કામ છે, બાપુ ! 'ગાંધી' કહેતા ને ? 'વૈષ્ણવજન તો તેને કહીએ, પર પીડાઈ જાણે રે...' જાણે ને ? 'કરે' (એમ) એમાં ક્યાં આવ્યું ? કે, પર પીડા થાય એને કાંઈ કરી દે (એમ ક્યાં આવ્યું ?) આહા..હા...! તે પણ તે પ્રકારના જ્ઞાનનો ઊપજવાનો એ વખતનો કાળ છે. એ ત્યાં છે માટે એને જાણ્યું-દેખ્યું, એટલે એને લઈને અહીં જાણવા-દેખવાના પરિણામ થયા એમ નથી. એને અને સ્વને જાણવાના-દેખવાના પરિણામનો સ્વકાળ છે માટે ત્યાં ઉત્પન્ન થયા છે. એટલી મર્યાદા છે એને ઓળંગીને પરને લઈને હું આ કરું, આ મને આ થાય છે અને એને કાંઈક કરું... આહા..હા...! એ તો મિથ્યાત્વનું લક્ષણ છે.

(પર પ્રત્યેની કારુણ્યબુદ્ધિ વડે) '**મોહને (ઓળખીને),...**' જોયું ? મોહ એટલે મિથ્યાત્વ. '**ઇષ્ટ વિષયોની આસક્તિ વડે રાગને (ઓળખીને)...**' ઇષ્ટ વિષયો કલ્પ્યા છે, હોં ! વિષયો ઇષ્ટ નથી. પણ એને પોતાના અનુકૂળ લાગ્યા એવા ઇષ્ટ વિષયોની પ્રત્યે આસક્તિ (થાય છે) એ રાગ છે. એ ચારિત્ર દોષ છે. આહા..હા...! અરે..રે...! વીતરાગતા બાપુ કોઈ જુદી ચીજ છે ને !

પ્રભુ પોતે જિનસ્વરૂપ જ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે...' ભગવાન ! ઘટ-ઘટમાં જિન પ્રભુ છે અને 'ઘટ-ઘટ અંતર જૈન...' આહા..હા...! પરને કરુણા કરી દઉં તો જ ખરો જૈન છે એમ નથી. એ જિનસ્વરૂપની અંદરની સન્મુખતાથી જે દૃષ્ટિ અને જ્ઞાન થયું તે જૈનપણું છે, એ જૈનપણું છે. એ જૈનપણું અંતરમાં હોય છે. જૈનપણું બહારના (વેષમાં) ન દેખાય. આહા..હા...!

સમકિતી છે, સમકિતના લક્ષણો છે. છ ખંડના રાજમાં પડ્યો હોય, ૯૬ હજાર સ્ત્રી (હોય). આહા..હા...! છતાં તે સમકિતી છે, એના રાગનો સ્વામી નથી, રાગનો કર્તા નથી, પર વસ્તુ સારી-નરસી છે એવા (બે) ભાગ જેને નથી. અને અજ્ઞાની મુનિ થયો, દિગંબર સંત ! આ..હા...! આવે છે ને 'રત્નકરંડ શ્રાવકાચાર'માં ? 'ગૃહસ્થો પણ મોક્ષમાર્ગે (છે). મુનિ પણ ઉન્માર્ગમાં છે, મિથ્યાત્વમાં છે.' એમ (એક પંડિત) બોલતા. મુનિ હોય છતાં (એમ માનતો હોય કે) આત્મા સિવાયના કોઈ પણ પદાર્થથી મને કાંઈ લાભ થાય, દયા, દાનના ભાવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાભ થાય, તે મિથ્યાદૃષ્ટિ ઉન્માર્ગે છે. આહા..હા...! અને ગૃહસ્થી છે, સમ્યક્દૃષ્ટિ છે (એ) જાણે છે કે, હું કોઈનું કાંઈ કરી શકતો નથી, કોઈને લઈને મને રાગ થતો નથી. આહા..હા...! એ દુ:ખી છે માટે મને રાગ આવ્યો એમ નથી. આહા..હા...! આ..હા..હા...! રાગ આવે ત્યારે એમ જાણે કે, આ જીવ દુ:ખી છે એમાં મારું નિમિત્તપણું છે. એને દુ:ખનો જરી ભાવ આવ્યો છે ને ? એટલું. નિમિત્તપણું છે, નિમિત્ત કર્તા નથી. એની દશાની કરુણાની ક્રિયા કે એનો હું કર્તા નથી. આહા..હા...! કરુણાનો ભાવ આવ્યો એનો એ કર્તા નથી. આ..હા...! એ જ્ઞાતા છે. અને અજ્ઞાનીને તે ભાવમાં આને લઈને (રાગ) આવ્યો છે (એમ લાગે છે) માટે એ કર્તા થાય છે. બહુ આકરો શબ્દ છે આ – **'પ્રેક્ષાયોગ્ય હોવા છતાં'** આહા..હા...!

**'અનિષ્ટ વિષયોની અપ્રીતિ...'** **'ઇષ્ટ વિષયોની આસક્તિ વડે (રાગને ઓળખીને)...'** (એ) આસક્તિ વડે રાગ (ઓળખે). **'અને અનિષ્ટ વિષયોની અપ્રીતિ વડે દ્વેષને (ઓળખીને) – એમ ત્રણ લિંગો વડે (ત્રણ પ્રકારના મોહને) ઓળખીને...'** (મોહ એટલે) દર્શનમોહ અને ચારિત્રમોહ. **'ત્રણ લિંગો વડે (ત્રણ પ્રકારના મોહને) ઓળખીને એકદમ ઊપજતાં વેંત જ ત્રણે પ્રકારનો મોહ હણી નાખવા યોગ્ય છે (–નષ્ટ કરવાયોગ્ય છે).'** એટલે કે ઊપજવા દેવા યોગ્ય જ નથી, એમ કહે છે. આ..હા..હા...! **'એકદમ ઊપજતાં વેંત જ...'** એટલે કે એને ઊપજવા દેવો જ નથી. આહા..હા...!

**'ત્રણે પ્રકારનો મોહ હણી નાખવા યોગ્ય છે...'** આહા..હા...! એ મોહ (એટલે) મિથ્યાત્વ, વિષયોમાં પ્રીતિ (એટલે) રાગ, વિષયોમાં અપ્રીતિ (એટલે) દ્વેષ. આહા..હા...! અનિષ્ટ વિષયોમાં દ્વેષ, ઇષ્ટ વિષયોમાં રાગ, અતત્ત્વની અપ્રતિપત્તિ એટલે અજ્ઞાન અને મનુષ્ય માટેની કરુણા – એવા મોહ, રાગ-દ્વેષના લક્ષણને ઓળખી... આ..હા..હા...! **'એકદમ ઊપજતાં વેંત જ...'** ઊપજતાં વેંત જ (કહ્યું) ! ઊપજ્યો છે એનો નાશ શી રીતે થાય ? ઊપજ્યો છે એનો નાશ શી (રીતે થાય) ? નાશ તો બીજે સમયે થાય. એનો અર્થ જ ઇ છે કે, એને ઊપજવા દેવો જ નથી. આહા..હા...! એવો **'મોહ હણી નાખવા યોગ્ય છે (–નષ્ટ કરવાયોગ્ય છે).'** ભાવાર્થ કહેશે...

卐卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૮૫,૮૬
પ્રવચન નં. – ૭૭
તા. ૧૮-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૫મી ગાથાનો ભાવાર્થ. **'મોહના ત્રણ ભેદ છે – દર્શનમોહ, રાગ અને દ્વેષ.'** મોહના ત્રણ ભેદ છે. **'પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા...'** જેવું જડ-ચૈતન્યનું સ્વરૂપ (છે) – દ્રવ્ય, ગુણ, પર્યાયનું જેવું સ્વતંત્ર સ્વરૂપ છે તે રીતે ન માનવું (અને) એથી વિપરીત માન્યતા (હોવી તે મિથ્યાત્વ છે). દરેક દ્રવ્યની પર્યાય તે સમયે સ્વતંત્રપણે ષટ્કારક(ના) પરિણમનથી ઊપજે (છે) એને બીજી રીતે માનવું કે, નિમિત્ત હોય તો થાય, એ પદાર્થની પર્યાયની (માન્યતાની) વિપરીતતા છે. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણે તો ધ્રુવ છે પણ પરિણમનના કાળમાં જે સમયે તેનો પર્યાય (થાય) છે તે સ્વતંત્ર પોતાના ષટ્કારકથી પરિણમે છે. એમાં કંઈ ગોટા વાળવા (કે), નિમિત્ત હોય તો થાય (તો તે વિપરીતતા છે). નિમિત્ત છે એ જુદી વસ્તુ છે પણ નિમિત્ત છે માટે (કાર્ય) થયું, એની કાંઈ થોડીક મદદ છે એ **'પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા...'** છે. આ..હા...! એક વાત – એ મિથ્યાત્વનું લક્ષણ છે.

**'તથા તિર્યંચો અને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ...'** આવી વાત ! આટલો ફેર છે. હિન્દીમાં 'મમતા' કહ્યું છે. તિર્યંચ અને મનુષ્યની મમતા કરીને કરુણાભાવ (થવો કે), આ મારાં છે, મારે કરવું જોઈએ. આહા..હા...! અહીં 'તન્મયપણે' (કહ્યું છે). તેને હું કરુણા કરી શકું છું, એની દયા પાળી શકું છું એવો જે તન્મયપણાનો ભાવ. આહા..હા...! જીવદયા મંડળી અને પાંજરાપોળવાળાને આ આકરું પડે. આ..હા...! વસ્તુનું સ્વરૂપ આવું છે. તે પર પદાર્થ તે કાળે તે પર્યાય થવામાં સ્વતંત્ર છે એને ઠેકાણે (એમ માનવું કે) કરુણાભાવથી તન્મયપણે જાણે એનું કરી દઉં, એ દર્શનમોહ – મિથ્યાત્વના લક્ષણ છે. આ..હા...! **'તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચિહ્ન છે.'** આવું આકરું પડે લોકોને ! 'કુંદકુંદાચાર્યે' તો ખુલ્લું મૂક્યું છે, દુનિયાને બેસે, ન બેસે સ્વતંત્ર છે. આ..હા...!

**'ઇષ્ટ વિષયોમાં પ્રીતિ...'** વિષયો ઇષ્ટ નથી, વિષયો તો જ્ઞેય છે પણ તેમાં અનુકૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ मोहक्षपणोपायान्तरमालोचयति -

**जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा।**
**खीयदि मोहोवचयो तम्हा सत्थं समधिदव्वं ।।८६।।**
**जिनशास्त्रादर्थान् प्रत्यक्षादिभिर्बुध्यमानस्य नियमात्।**
**क्षीयते मोहोपचयः तस्मात् शास्त्रं समध्येतव्यम् ।।८६।।**

यत्किल द्रव्यगुणपर्यायस्वभावेनार्हतो ज्ञानादात्मनस्तथाज्ञान मोहक्षपणोपायत्वेन प्राक् प्रतिपन्नं, तत् खलूपायान्तरमिदमपेक्षते। इदं हि विहितप्रथमभूमिकासंक्रमणस्य सर्वज्ञोपज्ञतया सर्वतोऽप्यबाधितं शाब्दं प्रमाणमाक्रम्य क्रीडतस्तत्संस्कारस्फुटीकृतविशिष्टसंवेदनशक्तिसंपदः सहृदयहृदयानंदोद्भेददायिना प्रत्यक्षेणान्येन वा तदविरोधिना प्रमाणजातेन तत्त्वतः समस्तमपि वस्तुजातं परिच्छिन्दतः क्षीयत एवातत्त्वाभिनिवेशसंस्कारकारी मोहोपचयः। अतो हि मोहक्षपणे परमं शब्दब्रह्मोपासनं भावज्ञानावष्टम्भदृढीकृतपरिणामेन सम्यगधीयमानमुपायान्तरम् ।।८६।।

---

अथ द्रव्यगुणपर्यायपरिज्ञानाभावे मोहो भवतीति यदुक्तं पूर्वं तदर्थमागमाभ्यासं कारयति। अथवा द्रव्यगुणपर्यायत्वैरर्हत्परिज्ञानादात्मपरिज्ञानं भवतीति यदुक्तं तदात्मपरिज्ञानमिममागमाभ्यासमपेक्षत इति पातनिकाद्वयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति - **जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा** जिनशास्त्रात्सकाशाच्छुद्धात्मादिपदार्थान् प्रत्यक्षादिप्रमाणैर्बुध्यमानस्य जानतो जीवस्य नियमान्निश्चयात्। किं फलं भवति। **खीयदि मोहोवचयो** दुरभिनिवेशसंस्कारकारी मोहोपचयः क्षीयते प्रलीयते क्षयं याति। **तम्हा सत्थं समधिदव्वं** तस्माच्छास्त्रं सम्यगध्येतव्यं पठनीयमिति। तद्यथा - वीतरागसर्वज्ञप्रणीतशास्त्रात्

---

માનીને ઇષ્ટ છે એમ માનીને તેમાં રાગ કરવો **'તે રાગનું ચિહ્ન છે...'** આહા..હા...! **'અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ...'** પોતાને અણગમતા (પદાર્થમાં) દ્વેષ કરવો. અણગમતી ચીજ કોઈ નથી, ચીજ તો જ્ઞેય છે પણ પોતાને ઠીક ન લાગે એટલે તેના પ્રત્યે જરી અણગમો ઊભો થવો **'તે દ્વેષનું ચિહ્ન છે.'** આ..હા..હા...!

**'આ ચિહ્નોથી...'** (એટલે) આ લક્ષણથી, આ એંધાણથી **'ત્રણે પ્રકારના મોહને...'** ઓળખવો જોઈએ. **'ઓળખીને મુમુક્ષુએ...'** (મુમુક્ષુએ એટલે) આત્માનો પૂર્ણ લાભ–આનંદના પૂર્ણ લાભના અભિલાષીએ. આહા..હા...! **'મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.'** એમ (ટીકામાં) આવ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



`एगो मे सस्सदो अप्पा' इत्यादि परमात्मोपदेशकश्रुतज्ञानेन तावदात्मानं जानीते कश्चिद्भव्यः, तदनन्तरं विशिष्टाभ्यासवशेन परमसमाधिकाले रागादिविकल्परहितमानसप्रत्यक्षेण च तमेवात्मानं परिच्छिनत्ति, तथैवानुमानेन वा। तथा हि - अत्रैव देहे निश्चयनयेन शुद्धबुद्धैकस्वभावः परमात्मास्ति। कस्माद्धेतोः निर्विकारस्वसंवेदनप्रत्यक्षत्वात् सुखादिवत् इति, तथैवान्येऽपि पदार्था यथासंभवमागमाभ्यास-बलोत्पन्नप्रत्यक्षेणानुमानेन वा ज्ञायन्ते। ततो मोक्षार्थिना भव्येनागमाभ्यासः कर्तव्य इति तात्पर्यम् । ।८६।।

---

હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (–અન્ય ઉપાય) વિચારે છે :–

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

**અન્વયાર્થ :– [जिनशास्त्रात्]** જિનશાસ્ત્ર દ્વારા **[प्रत्यक्षादिभिः]** પ્રત્યક્ષાદિ પ્રમાણોથી **[अर्थान्]** પદાર્થોને **[बुध्यमानस्य]** જાણનારને **[नियमात्]** નિયમથી **[मोहोपचयः]** મોહોપચય **[क्षीयते]** ક્ષય પામે છે. **[तस्मात्]** તેથી **[शास्त्रं]** શાસ્ત્ર **[समध्येतव्यम्]** સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.

---

હતું ને ? '**એકદમ ઊપજતાં (વેંત)**' એની વ્યાખ્યા કરી. '**એકદમ ઊપજતાં વેંત જ ત્રણે પ્રકારનો (મોહ હણી નાખવા યોગ્ય છે).**' એનો અર્થ કર્યો કે, '**તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.**' એટલે કે તેને ઓળખીને તેના તરફનું વલણ છોડી દઈને સ્વભાવનું વલણ કરવું. તત્કાળ સ્વભાવ તરફ વળવું. એથી ઉત્પન્ન થાય નહિ એને નાશ કર્યો એમ કહેવાય. એ ૮૫ (ગાથા પૂરી થઈ). (હવે) ૮૬ (ગાથા).

'**હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર...**' એક તો ઉપાય કહ્યો. ૮૦, ૮૧, ૮૨ (ગાથામાં ઉપાય કહ્યો). અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા, જાણીને પોતાનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા અને જાણીને પર્યાય-ગુણને દ્રવ્યમાં અભેદ કરવા–ભેળવવા. એ એક મોહના નાશનો ઉપાય કહ્યો હતો. પણ બીજો ઉપાય સાથે કહે છે. '**હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (–અન્ય ઉપાય) વિચારે છે :–**' 'વિચારે છે' (એમ કહ્યું) એ તો આચાર્યે પોતે શૈલી (કરીને વાત કરી છે). (બાકી) એમને કંઈ વિચારવાનું નથી પણ જગતને સમજાવવા કહે છે કે, જુઓ ! આપણે વિચારીએ. આહા..હા...! ૮૬ (ગાથા) :–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે જે પ્રથમ (૮૦મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું, તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. (તે ઉપાયાન્તર શો છે તે કહેવામાં આવે છે :

જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવને, જે સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત છે એવા શાબ્દ પ્રમાણને (–દ્રવ્યશ્રુતપ્રમાણને) પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં, તેના સંસ્કારથી વિશિષ્ટ સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્ભેદ દેનારા પ્રત્યક્ષ પ્રમાણ વડે અથવા તેનાથી અવિરુદ્ધ અન્ય પ્રમાણસમૂહ વડે તત્ત્વતઃ સમસ્ત વસ્તુમાત્રને જાણતાં અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય ક્ષય પામે જ છે. માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે. (જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાન્તર છે.) ૮૬.

---

**जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा।**
**खीयदि मोहोवचयो तम्हा सत्थं समधिदव्वं।।८६।।**

નીચે હરિગીત :–

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

‘**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી**’ આટલું જોર છે ! ‘**પ્રત્યક્ષ**’ એટલે કે સ્વનું લક્ષ (કરીને) – આદર કરીને. આ..હા..હા...! ‘**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી**’ પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને. ‘**જાણતો જે અર્થને**’ (એટલે) પદાર્થને. ‘**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે.**’ પોતાના ભાવના લક્ષે, ભાવના અવલંબને, ભાવશ્રુતજ્ઞાનના અવલંબને દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવા જેવો છે એમ કહે છે. (બીજે ઠેકાણે શાસ્ત્રમાં રમતી બુદ્ધિને) વ્યભિચારી કહ્યું હતું નહિ ? ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બીજી રીત છે. સ્વના લક્ષ વિના એકલી શાસ્ત્રબુદ્ધિ (છે) એ બુદ્ધિ વ્યભિચારીણિ કીધી. (કેમકે) પરદ્રવ્યમાં લક્ષ જાય છે ને ? અહીંયાં તો સ્વના લક્ષે, સ્વના અવલંબને (એમ) આગળ કહેશે. આ..હા...! (ટીકામાં કહેશે) '**શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે**' (ટીકામાં) પાછળ છે. છે ? '**શબ્દબ્રહ્મની ઉપાસનાનો...**' (એટલે કે) ભગવાનની વાણી પણ હોવી જોઈએ. એ તો પહેલો નિર્ણય કરવો જોઈએ કે, સર્વજ્ઞની વાણી છે કે નહિ ? આ..હા...! અને તે પણ '**ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.**' જોયું ? આ ટીકા છે. ભાવના અવલંબન વિના એકલા દ્રવ્યશ્રુતમાં બુદ્ધિ જાય એ શુભ રાગ છે, એ વ્યભિચાર છે એમ કીધું છે. આહા..હા...! ૮૬ની ટીકા.

'**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે...**' પહેલાં વર્ણવ્યા છે, એમ કહે છે. આ તો ઉપાયાન્તર (એટલે) બીજો ઉપાય બતાવવો છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેના નામ પણ હજી તો કેટલાકને ન આવડતા હોય ! સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ (કર્યા) કરે. એક વાર 'ઇન્દોર'માં ક્યાંક શિબિરમાં આવ્યું હતું કે, 'દ્રવ્ય, ગુણ, પર્યાયના નામ પણ ન આવડતા હોય.' (આ) દિગંબર ! શિક્ષણ શિબિરમાં આવ્યું હતું. દ્રવ્ય, ગુણ અને પર્યાય... આ..હા..હા...! (અર્થાત્) ત્રિકાળી રહેનારું તત્ત્વ તે દ્રવ્ય, ત્રિકાળી રહેનારો એનો ગુણ તે ભાવ (એટલે) ગુણ. ત્રિકાળી રહેનારી વસ્તુ તે દ્રવ્ય અને ત્રિકાળી અને ત્રિકાળી રહેનારો ભાવ તે તેનો ગુણ... આહા..હા...! અને સમય-સમયની અવસ્થાનું પલટવું, બદલવું (થાય) એ પર્યાય (છે). આહા..હા...! એવા '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે જે પ્રથમ (૮૦મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું...**' ૮૦ મી ગાથા '**जो जाणदि अरहंतं**' એમાં ઇ આવી ગયું છે.

'**તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે.**' અરહિંતના દ્રવ્ય, ગુણ જાણવામાં પણ શાસ્ત્રનું અધ્યયન, ભાવશ્રુતના અવલંબને (થાય એવી) અપેક્ષા રાખે છે. સર્વજ્ઞની પરમાત્માની વાણીમાં શું આવ્યું ? પહેલાં સર્વજ્ઞની દિવ્યધ્વનિ (અનુસાર) ભગવાનની વાણીના શાસ્ત્રો ક્યા છે એ નિર્ણય કરવો જોઈએ. આહા..હા...! '**ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે.**' એ અરહિંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા એમ જાણીને પોતાના (દ્રવ્ય, ગુણ, પર્યાય) જાણ્યા અને પોતાનો અભેદ અનુભવ કર્યો પણ એમાં બીજા ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. ભાવજ્ઞાનને લક્ષે દ્રવ્ય શાસ્ત્રનો પણ અભ્યાસ કરવો. આહા..હા...! '**તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની...**' એટલે અનેરા ઉપાયની – એ સિવાય બીજા ઉપાયની '**અપેક્ષા રાખે છે. (તે ઉપાયાન્તર શો છે તે કહેવામાં આવે છે :)**' આહા..હા...!

'**જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે...**' કહે છે કે, હજી જાણવાની શરૂઆત કરી છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એવા જીવને...'** આહા..હા...! **'જે સર્વજ્ઞોપજ્ઞ હોવાથી...'** (સર્વજ્ઞોપજ્ઞ એટલે) 'સર્વજ્ઞે સ્વયં જાણેલું (અને કહેલું)' હોવાથી. આ..હા..હા...! અત્યારે તો આ છદ્મસ્થ 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય'ના લખાણ છે પણ સર્વજ્ઞે કહેલું (છે) એ છે. આ..હા...!

શ્વેતાંબરમાં તો સર્વજ્ઞે કહેલાં શાસ્ત્ર છે જ નહિ. આ..હા...! આકરી વાતું છે ! ત્યાં તો એ બધા શાસ્ત્રો કલ્પિત દૃષ્ટિથી બનાવ્યા છે, એ સર્વજ્ઞે (કહેલાં) શાસ્ત્ર છે જ નહિ. આહા..હા...! આ તો 'કુંદકુંદાચાર્ય' સીધા ભગવાન પાસે ગયા હતા. એના પહેલાંના પણ બધા (શાસ્ત્રો) સર્વજ્ઞોએ કહેલું તે જ પ્રમાણે કહેતા. આ તો ભગવાન પાસે ગયા હતા. આઠ 'દી ભગવાનની વાણી સીધી સાંભળી. કંઈક સમાધાન માટે શ્રુતકેવળીઓની પાસે સમાધાન કર્યા. આ..હા..હા...! એ સાક્ષાત્ સર્વજ્ઞની વાણી આમાં છે. 'સમયસાર', પ્રવચનસાર', નિયમસાર', 'અષ્ટપાહુડ', 'ગોમ્મટસાર' આદિ લ્યો. આહા..હા...! સર્વજ્ઞના કેડાયતો ! સંતોની વાણી છે એ કેવળીની જ વાણી છે. આહા..હા...! આકરું કામ બહુ ! શ્વેતાંબર, સ્થાનકવાસી સંપ્રદાયનો મોટો ભાગ (અત્યારે છે) હવે એને એમ કહેવું કે, આ સર્વજ્ઞના કહેલાં શાસ્ત્રો નથી ! આ શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે, એક વસ્ત્રનો ટુકડો રાખીને પણ મુનિપણું માને, મનાવે અને માનનાર એવું જાણે તો મિથ્યાત્વ થાય અને નિગોદમાં જાય. અને એ (શ્વેતાંબર) શાસ્ત્રમાં તો (એમ કહે કે) કપડાના ઢગલાં (પહેરી) રાખે તોપણ મુનિપણું થાય અને મોક્ષ(માં) જાય. આવો મોટો ફેર છે. (આવું) એક બોલ માટે નથી, એવા તો કેટલાય બોલમાં આખો ફેર છે. આહા..હા...!

પહેલું તો આ નક્કી કરવું જોઈએ (કે), સર્વજ્ઞે કહેલાં, સર્વજ્ઞે જાણીને કહેલાં (શાસ્ત્ર) હોવાથી **'સર્વ પ્રકારે અબાધિત છે...'** આહા..હા...! ઝીણી વાતું ભાઈ ! આકરી પડે. આહા..હા...! **...'સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત...'** (અબાધિત એટલે) ક્યાંય બાધા ન આવે, વિઘ્ન ન આવે, વિપરીતતા ન આવે એવી વીતરાગની વાણી (હોય છે). **'એવા શાબ્દ પ્રમાણને...'** (એ) છે તો વાણી, (એમ) કહે છે. ભગવાનની દિવ્યધ્વનિ ! આહા..હા...! **'એવા શાબ્દ...'** 'શાબ્દ' શબ્દ છે. શાબ્દ બહુવચન (છે). **'શાબ્દ પ્રમાણ...'** શાબ્દ એટલે શું ? (શ્રોતા :– શબ્દનું). શબ્દનું ! 'શાબ્દ' શબ્દ છે. શબ્દનું પ્રમાણ ! ઠીક ! **'(દ્રવ્યશ્રુતપ્રમાણને)...'** આ..હા...! પહેલી તો હજી વીતરાગની વાણી કોણ છે એનો નિર્ણય કરવો પછી તેનો અભ્યાસ કરવો. આ..હા...!

**'શાબ્દ પ્રમાણને (–દ્રવ્યશ્રુતપ્રમાણને)...'** શ્રુતના બે ભેદ છે ને ? દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. પ્રમાણના પણ બે ભેદ છે ને ? પ્રત્યક્ષ પ્રમાણ અને પરોક્ષ (પ્રમાણ). એટલે આમાં નાખ્યું છે – પ્રત્યક્ષ આદિ. **'એવા શાબ્દ પ્રમાણને (–દ્રવ્યશ્રુતપ્રમાણને) પ્રાપ્ત કરીને...'** આ..હા..હા...! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ – શબ્દ પ્રમાણ... આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને પ્રાપ્ત કરીને. તે શાસ્ત્રો સર્વજ્ઞના છે એને પ્રાપ્ત કરીને. આવી આટલી તો પહેલી શરત છે ! આહા..હા...! આકરું લાગે, ભાઈ ! પણ શું થાય ? બાપુ !

જેમાં એક પણ તત્ત્વની ભૂલ હોય એ શાસ્ત્ર કેમ કહેવાય ? આહા..હા...! શાસ્ત્ર તો એને કહીએ... આ..હા...! જેમાં – સર્વજ્ઞની વાણીમાં ક્યાંય એકપણ ભૂલ જ ન હોય. આહા..હા...! પરાણે બેસાડેલી વાત હોય એ વાત કંઈ સર્વજ્ઞની નથી. શ્વેતાંબરના 'દસવૈકાલિક' (ગ્રંથમાં) એવું આવે છે (કે) 'અનંત જ્ઞાન પામ્યો હોય છતાં ગુરુનો વિનય ન મૂકે.' એ વાણી ભગવાનની છે ? નવમું અધ્યયન–વિનય અધ્યયન છે (એમાં આવે છે). 'દસવૈકાલિક' આખું મોઢે–કંઠસ્થ હતું ને ! આહા..હા...! અનંત જ્ઞાન પામ્યો હોય, કેવળ(જ્ઞાન) થયું હોય તોપણ ગુરુનો વિનય ન મૂકે ! એટલે કેવળીને પણ હજી ગુરુનો વિનય છે. સાતમા ગુણસ્થાન પછી વિકલ્પ જ ન હોય. આ..હા..હા...! લોકોને જરી આકરું પડે છે. પોતાનો પક્ષ બાંધ્યો હોય એમાં બીજી વાત આવે એ આકરી પડે.

અહીં તો '**સર્વજ્ઞોપજ્ઞ...**' સર્વજ્ઞે જાણીને સર્વજ્ઞે કહેલું, આવો પહેલો નિર્ણય (હોવો જોઈએ). આહા..હા...! (સર્વજ્ઞોપજ્ઞ હોવાથી) '**સર્વ પ્રકારે અબાધિત છે.**' એને લઈને બધા પ્રકારે વિઘ્ન વિનાનું (છે). એવા શબ્દ પ્રમાણને પામીને. આ..હા..હા...! એવા સર્વજ્ઞની વાણીને પામીને. આહા..હા...! એ પણ કોઈ પૂર્વના પુણ્યના ભાગ્ય હોય ત્યારે (તો) એને હજી સર્વજ્ઞની વાણી પ્રાપ્ત થાય. આહા..હા...! '**પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં...**' આ હવે વધારે (કહે છે). વાણી સાંભળે અને એમાં યથાર્થ તત્ત્વની અંદર રમતું કરે – ક્રીડા કરે. (અર્થાત્) આ યથાર્થ (વાત) છે. આ સ્વભાવ સન્મુખની વાત છે, વિભાવથી વિમુખ (થવાની) વાત છે, નિમિત્તથી ઉપેક્ષા કરવાની વાત છે, સ્વની અપેક્ષા કરવાની વાત છે. આ..હા..હા...! કારણ કે વીતરાગની વાણી ચાર અનુયોગ છે. ચારેય અનુયોગમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે કથન છે. જેમાં કંઈ પણ રાગ ઉત્પન્ન થાય અને લાભ થાય (એમ કહે) એ કથન વીતરાગનું કથન નહિ. આહા..હા...!

શ્રોતા :– મુનિને આહારદાન આપે એટલે સમ્યગ્દર્શન થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહારદાન આપે તો શુભભાવ થાય, સમ્યગ્દર્શન (ન થાય). એ કહ્યું ને ! એ વાત નહોતી થઈ ? ભગવાનને રોગ થયો (એટલે એક મુનિ) બહાર બહુ રોયા. ભગવાને કહ્યું કે, 'મુનિને બોલાવો, કેમ રોવે છે ? મારા માટે આહાર લઈ આવો ! મારા માટે કર્યો છે એ લેશો નહિ, એના ઘોડા માટે કર્યો છે એ લેજો.' એ આહાર આપ્યો તો પરિત સંસાર કર્યો. એ વીતરાગની વાણી જ નથી. 'વિપાક'ના દસેય અધ્યયનમાં ઇ (વાત) છે કે, મિથ્યાદૃષ્ટિ છે, મુનિને આહાર આપે છે અને સંસાર પરિત કરે છે. એ વીતરાગની વાણી જ નથી. શું થાય, બાપુ ? આહા..હા...! મોટો ભાગ એ અને મોટા ભાગમાં અહીંયાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જન્મેલા આવ્યા છે. સ્થાનકવાસી અને શ્વેતાંબર ! બાપુ ! માર્ગ તો આવો છે, ભાઈ ! આહા..હા...! કેમકે સર્વજ્ઞની વાણીમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય જેવા છે તે રીતે તેનું કથન હશે. આહા..હા...! બીજામાં એવું કથન આવે નહિ. આ..હા...! અન્ય મતમાં તો એ છે જ નહિ પણ જૈન સંપ્રદાયમાં પણ સર્વજ્ઞની વાણી જે દિવ્યધ્વનિ (છે) એ દિગંબર શાસ્ત્રો(માં) (છે) તે દિવ્યધ્વનિનો સાર છે, તેને પામીને એમ કહે છે. આહા..હા...!

'**ક્રીડા કરતાં...**' તેમાં પ્રેમથી રમતું–રમત (કરતાં). પ્રેમથી રસ લેતા (એટલે કે) શાસ્ત્ર શું કહે છે ? એનો ભાવ શું છે ? એમ પ્રાપ્ત કરીને રસ લેતાં. એમને એમ પ્રાપ્ત કરીને સાંભળવું છે અને સાંભળીએ છીએ એમ નહિ. આહા..હા...! '**ક્રીડા કરતાં, તેના સંસ્કારથી...**' આ..હા..હા...! એના '**સંસ્કારથી વિશિષ્ટ (ખાસ) સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં,...**' આ..હા..હા...! લ્યો ! સંવેદન એટલે જ્ઞાન. જ્ઞાન શક્તિ(રૂપ) સંપદા પ્રગટ કરતાં તેને સાચું જ્ઞાન પ્રગટ થાય. આ..હા..હા...! (૮૦મી ગાથામાં) અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની એકલી વાત કરી હતી અને આ તો સર્વજ્ઞની વાણીમાં બધા દ્રવ્ય, ગુણ, પર્યાયની વાસ્તવિકતા શું છે ? એ વાત (જાણવી). ઉપાયાન્તરમાં આ નાખ્યું. આહા..હા...!

'**તેના સંસ્કારથી...**' એટલે કે ભગવાનની વાણી સાંભળીને પછી અંદર જે રસ આવે. આ..હા..હા...! ખાસ '**સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં,...**' ખાસ જ્ઞાન–સમ્યક્‌જ્ઞાન. આ..હા...! એવી સંપદા–સમ્યક્‌જ્ઞાનની સંપદા. આ સંપદા ! ભગવાનની વાણીમાં કહેલું તેવું સાચું – સત્ય જ્ઞાન પ્રેમથી થાય, રસથી થાય... આ..હા..હા...! તેને સાચી સંપદા કહે છે. એ જ્ઞાન સાચી સંપદા છે. આ બહારની બધી ધૂડ છે એ બધી આપદા છે. આ..હા..હા...! જ્ઞાન-લક્ષ્મી મળી એમ કહે છે ! ભગવાનની વાણી સાંભળીને રસ લીધો, એમાં એને સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું એ એને લક્ષ્મી પ્રગટી (એમ) કહે છે ! આહા..હા...! સંપદા પ્રગટી !! આહા..હા...! ભલે બહારમાં ગરીબ હોય... આ..હા...! પણ એને સ્વસંવેદન–સંવેદનશક્તિરૂપ જ્ઞાન(લક્ષ્મી પ્રગટી છે).

બે પ્રકાર નાખ્યા (છે). '**તેના સંસ્કારથી વિશિષ્ટ (ખાસ) સંવેદનશક્તિરૂપ સંપદા...**' છે ? '**વિશિષ્ટ સંવેદનશક્તિ...**' (અર્થાત્) ખાસ સ્વને જાણવાની પર્યાય જે યથાર્થ જ્ઞાનવેદન, એવા જ્ઞાનની સંપદા પ્રગટ કરતાં. આ..હા..હા...! '**સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...**' આ..હા..હા...! ભારે નાખ્યું ! સહૃદયનો (નીચે) અર્થ કર્યો (છે) = 'ભાવુક; સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર;' આહા..હા...! એક વાત. સામાના ભાવોને (એટલે કે) કઈ અપેક્ષાથી બોલે છે, કહે છે – એ (રીતે) સામાના ભાવોને (સમજી શકનાર). આહા..હા...! લાગણીને સમજી શકનાર. એક વાત. (બીજી વાત) 'શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય;...'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...! (એટલે કે) ઉત્સર્ગ અને અપવાદની વ્યાખ્યા આવે, એકવાર એકલો આત્માનો જ આશ્રય કરવો એમ આવે. આહા..હા...! તે વખતે તે કઈ રીતે કઈ અપેક્ષાથી છે તેને... આહા..હા...! 'જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર;...' એને સહૃદયજન કહેવામાં આવે છે. હૃદયવાળા... એ હૃદયવાળા જન છે. એક તો સામાના હૃદયને જાણે અને ભગવાનના કહેલા જે વખતે (જે ભાવ હોય તે) ક્યો ભાવ છે તેના ભાવને જાણે. આહા..હા...!

**'સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...'** આહા..હા...! જ્યાં આનંદની સ્ફુરણા પ્રગટ થાય, આનંદના ફણગા ફૂટે, આનંદના ઝરા વહે, આનંદના ફુવારા બહાર આવે. આ..હા..હા...! એકલું જ્ઞાન નહિ એમ કહે છે. આહા..હા...! છે ? ગાથા બહુ સારી છે. આ ઉપાયાન્તરની વાત કરે છે. એક ઉપાય અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની વાત તો કરી અને એક આ પણ ઉપાય છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ ! એમના કહેલાં શબ્દબ્રહ્મ – શબ્દપ્રમાણને પ્રાપ્ત કરીને, તેમાં રસ લઈને... આહા..હા...! તેના સંસ્કારથી ખાસ સંવેદનશક્તિ(રૂપ) સંપદા– જ્ઞાનની શક્તિ એવી સંપદા પ્રગટ કરતાં... આ..હા..હા...! અને હૃદયને આનંદનો ઉદ્‌ભેદ દેનારા... આ..હા..હા...! આનંદનું સ્ફુરણ – અતીન્દ્રિય આનંદનું સ્ફુરણ, અતીન્દ્રિય આનંદની પ્રગટતા, અતીન્દ્રિય આનંદના ફણગા, અતીન્દ્રિય આનંદના ઝરા, અતીન્દ્રિય આનંદના ફુવારા ! આટલાં અર્થ કર્યા છે ! 'ઉદ્‌ભેદ'ના એટલા અર્થ કર્યા. આહા..હા...!

ભગવાનની વાણીને પ્રાપ્ત કરીને, તેનો રસ લેતા જે ખાસ જ્ઞાન પ્રગટ થાય... આહા..હા...! એ જ્ઞાન સાથે આનંદના ઝરણાં આવે, આનંદ સ્ફુરે. આ..હા..હા..હા...! એકલું જ્ઞાન એમ નહિ. જ્ઞાન એને કહીએ કે, ભગવાનની વાણી રસથી સાંભળીને જેને પોતાથી ખાસ સમ્યક્‌જ્ઞાન થયું છે, તે જ્ઞાનમાં આનંદની સ્ફુરણા આવે છે. આ..હા..હા...! જુઓ ! આ ટીકા ! વાસ્તવિક તત્ત્વની પ્રસિદ્ધિ ! દિગંબર સંતો પ્રસિદ્ધિ કરે છે. આ..હા...! એવી વાત બીજે ક્યાંય નથી. આહા..હા...! એક તો સર્વજ્ઞની વાણીને સિદ્ધ કરી અને તે પાછી તને પ્રાપ્ત થાય, ભલે દુનિયામાં તો છે પણ તને પ્રાપ્ત થાય – બે (વાત) અને તેમાં તને રસ આવે. આહા..હા...! ત્રણ – અને રસ આવતાં સંસ્કારથી અંદર ખાસ જ્ઞાન પ્રગટ થાય. સ્વનું સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય. આ..હા..હા...! બહુ સરસ વાત છે ! સ+રસ છે = રસવાળી છે. આનંદના રસવાળી છે, એને જ્ઞાન કહીએ, કહે છે. આ..હા..હા..હા...! કેટલી ગંભીરતા !

**'હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા પ્રત્યક્ષ પ્રમાણ વડે...'** આ..હા..હા...! એટલે કે સીધું પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનથી જ્ઞાન કર્યું અને આનંદ આવ્યો – એવા પ્રત્યક્ષ પ્રમાણ વડે. આ..હા..હા..હા...! કેમકે ભગવાનની વાણીમાં પણ એ આવ્યું હતું કે, સ્વ-સ્વરૂપ છે તેનું પ્રત્યક્ષ વેદન કર ! સ્વ-સ્વરૂપ છે તેનું પ્રત્યક્ષજ્ઞાન અને જ્ઞાન સાથે આનંદનું વેદન (કર) ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા '**પ્રત્યક્ષ પ્રમાણ વડે...**' આહા..હા...!

'**અથવા તેનાથી અવિરુદ્ધ...**' (અર્થાત્) પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવું. '**અન્ય પ્રમાણસમૂહ વડે...**' ભલે બીજા અનુમાન પ્રમાણ આદિ છે પણ પ્રત્યક્ષ પ્રમાણ છે તેનાથી વિરુદ્ધ ન હોય તેવું. આહા..હા...! જે મતિ અને શ્રુત (જ્ઞાનથી) સીધો ભગવાન જણાય એવું જે પ્રત્યક્ષ પ્રમાણ, એનાથી વિરુદ્ધ નહિ એવા અનુમાન પ્રમાણ આદિથી પણ. આહા..હા...! '**તત્ત્વતઃ...**' (એટલે) યથાર્થ સ્વરૂપે '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' ભાષા દેખો ! પહેલાંમાં અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણ લીધા હતા. આ..હા..હા...! આમાં '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં..**' (એમ લીધું છે). આહા..હા...! ભલે પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાન છે, છતાં તે જ્ઞાનમાં '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' આ..હા..હા...! '**અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય ક્ષય પામે જ છે.**' આહા..હા...!

સમસ્ત વસ્તુને ભગવાને જે રીતે (કહી) છે તે રીતે સાંભળી, રસ લઈ અને અંદર જ્ઞાનની સંપદા પ્રત્યક્ષ પ્રગટ કરી તેના આનંદના વેદન સહિત... આ..હા..હા..હા...! એવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવા અનુમાન આદિ પ્રમાણથી પણ જાણે. આહા..હા...! ઝીણું બહુ આવ્યું આમાં ! યાદ કેટલું રાખે આમાં ? એક ગાથામાં (કેટલું ભરી દીધું છે) ! આહા..હા...!

આ તો 'પ્રવચનસાર' છે ! આ 'પ્રવચનસાર' છે ને ? 'પ્ર' એટલે દિવ્યધ્વનિનો, 'વચન' એટલે સાર. આ દિવ્યધ્વનિનો સાર છે ! સાક્ષાત્ ત્રણલોકના નાથ મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. એની વાણી સાક્ષાત્ સાંભળી, રસ લઈ સંવેદનજ્ઞાન પોતાથી પ્રગટ કર્યું છે અને તેવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવા અનુમાન આદિ પ્રમાણથી પણ – પરોક્ષ પ્રમાણથી પણ... આહા..હા...! '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' અહીં વજન છે. (પહેલાં) ફક્ત ત્રણની (–અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત) હતી. છે ને ? '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' આહા..હા...! કોઈ એમાં બાકી ન રહ્યું. ચાર પૈસે શેર તો મણના અઢી – એ કૂંચીમાં બધા ન્યાય આવી ગયા. સવા શેરના પાંચ પૈસા, દોઢ શેરના છ પૈસા, સાડી સાડત્રીસના સાડા તેર આના... એમ આ તત્ત્વથી જ્યાં વસ્તુ જાણી એણે સમસ્ત વસ્તુને જાણી. આહા..હા...! આ..હા...!

'**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં અતત્ત્વઅભિનિવેશ...**' (અતત્ત્વ-અભિનિવેશ એટલે) યથાર્થ વસ્તુસ્વરૂપથી વિપરીત જે અંદર આગ્રહ (–અભિપ્રાય) હતો... આહા..હા...! એના જે સંસ્કાર હતા એવો '**મોહોપચય...**'(એટલે) મિથ્યાત્વનો ઢગલો. આહા..હા...! મોહ નામ મિથ્યાત્વમોહનો ઢગલો, તેનો ક્ષય પામે છે. તે '**ક્ષય પામે જ છે.**' આહા..હા...! પંચમ આરાના સંતો પંચમ આરાના શ્રોતાને અહીં લગી ઊપાડીને લઈ જાય છે !! આ..હા..હા...! એમ નથી (કહ્યું) કે આ પાંચમો આરો છે માટે આમને તેમ... આહા..હા...! (એક ઠેકાણે) આવે છે ને ? શ્રાવકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધોપયોગ ન હોય. એ તો મુનિને જે ઉપયોગ છે એવો એને ન હોય, એમ (કહેવું છે). પાછળ શ્રાવકનો અધિકાર આવે છે ને ? (એમાં આવે છે કે) શુદ્ધોપયોગ ન હોય. ત્યાં (અજ્ઞાની) લોકો એમ કહે કે, શ્રાવકને શુદ્ધોપયોગ હોય જ નહિ. અહીં તો કહે છે કે, પહેલી વસ્તુ (આ છે કે), તને જે અતત્ત્વના સંસ્કાર હતા (તે) જઈને વાસ્તવિક તત્ત્વના સંસ્કારનો ઉપયોગ શુદ્ધ થાય છે. આ..હા...! સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જ્ઞાન શુદ્ધ થાય છે. આહા..હા...! પંચમ આરાના પ્રાણીને પણ અતત્ત્વના સંસ્કાર હતા, એમ કીધું ને ? આહા..હા...! પંચમ આરાના પ્રાણીને એમ આરો નથી લીધો કે, પંચમ આરાના પહેલાં પાંચસો વર્ષ સુધી આમ થાય અને હજાર વર્ષ સુધી આમ થાય ને પછી આમ થાય. આ..હા..હા...!

'**સમસ્ત વસ્તુને જાણતાં અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો...**' જે મોહ હતો... આહા..હા...! (એ) '**ક્ષય પામે જ છે.**' આહા..હા...! ત્યાં પણ (૮૦મી ગાથામાં) એમ કહ્યું હતું કે, '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।**' તેનો મોહ લય પામે છે. એનો અર્થ જ ક્ષય કર્યો છે. અહીં 'ક્ષય પામે છે' (એમ કહ્યું). આહા..હા...! પાંચમો આરો છે માટે ત્યાં ક્ષય ન પામે, હલકો કાળ છે એમ રહેવા દે, પ્રભુ ! આ..હા..હા...! અમૃતનો ઈશ આત્મા ! અહીં છે ને ! બિરાજે છે ને અંદર ! ઇ કહે છે કે, એનાથી વિરૂદ્ધ કંઈક સંસ્કાર પડ્યા હોય, એનો નાશ થઈ જાય છે. આ..હા..હા..હા...!

(અતત્ત્વઅભિનિવેશના) '**સંસ્કાર કરનારો મોહોપચય...**' કર્મ નહિ, હોં ! વિપરીત સંસ્કાર કરનારો મોહોપચય (એટલે) ભાવ લીધો છે, કર્મ નહિ. આહા..હા...! '**અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય...**' (એટલે) મિથ્યાત્વનો જે ઢગલો. આહા..હા...! એ '**ક્ષય પામે જ છે.**' આ..હા..હા..હા...! ઘણું નાખ્યું છે ! ઘણું-ઘણું નાખ્યું છે !! એક તો કાળનો નિષેધ કરી નાખ્યો છે, એક તો શ્રોતા સાધારણ હોય માટે એને આવું ન સમજાય એ કાઢી નાખ્યું છે. આહા..હા...! અને એક તો સર્વજ્ઞની વાણી છે, એ વાણી પ્રાપ્ત થાય અને રસ પડે તેને સ્વસંવેદનજ્ઞાન થાય જ. આહા..હા...! કહો, આમાં સમજાય છે ? આવું છે ! આ..હા..હા...! આવી કડી ને ગાથા છે ક્યાં ? (શ્વેતાંબરના) પીસ્તાલીસ સૂત્ર વાંચે તો (એમાં ક્યાંય ન મળે). આહા..હા...! શું વસ્તુ કહે છે ! ઘણી ગંભીરતા ભરી છે !! આ..હા...! અને તે પણ કહે છે કે, અતત્ત્વ સંસ્કાર પડ્યા હોય છે તેને આ આત્માના અંતર સંસ્કાર – સ્વસંવેદનના જ્ઞાન વડે (ક્ષય પમાડે છે). આહા..હા...! તે પણ સમસ્ત વસ્તુને જાણનારો ! આ..હા..હા...! એમ નહિ કે આ મતિ-શ્રુતજ્ઞાન છે એટલે જ્ઞાન થોડું જાણે ! આહા..હા...!

'**માટે મોહનો ક્ષય કરવામાં...**' આ..હા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલાં (અધિકારમાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે છે કે, કલ્યાણ માટે આગમનો અભ્યાસ કરવો. છેલ્લે આવે છે ને ? પણ આ રીતે (અભ્યાસ કરવો). આ શાસ્ત્ર ! સર્વજ્ઞના કહેલાં શાસ્ત્ર (તેનો અભ્યાસ કરવો) ! એની વાત પણ કરી છે, બધી (વાત) કરી છે. શ્રોતા કેવા હોય, વક્તા કેવા હોય, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ સારુ લીધું છે ! એના ઊંડા આશયને સમજવો જોઈએ. એમને એમ વાંચીને (મૂકી દે એમ નહિ). આહા..હા...!

'**માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો...**' પરમ શબ્દબ્રહ્મની સેવાનો. હવે અહીં શરત આપે છે. '**ભાવજ્ઞાનના અવલંબન વડે...**' આહા..હા...! અંદર આત્માનું જે જ્ઞાન–ભાવજ્ઞાન થયું છે (તેના અવલંબનના બળ વડે). આહા..હા...! 'एगम् जाणइ सव्व जाणइ। ' (અર્થાત્) એને જે જાણ્યો છે એ સમસ્ત વસ્તુને જાણે છે. આહા..હા...! એ '**ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી...**' શરત આ છે. એકલા દ્રવ્યશ્રુત (ના અભ્યાસથી) એમ નહિ. '**ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી...**' આ..હા..હા...! જુઓ ! શાસ્ત્રના અભ્યાસમાં આ શરતું છે ! આ..હા..હા...!

શ્રોતા :– દેશના લઈને અભ્યાસ કરવો ?

સમાધાન :– દેશનાલબ્ધિ એ નિમિત્ત (છે), એ કાંઈ નહિ. દેશનાલબ્ધિ અનંતવાર મળી. આ તો એનો રસ પડ્યો છે અને જે ભાવ કહે છે એ જાતનું જ્ઞાન પ્રગટ્યું છે. એ શૈલી લીધી છે. અને તે જ્ઞાન પણ સમસ્ત વસ્તુને જાણે છે. એમ નહિ કે, પંચમ આરાનો પ્રાણી છે, હજી મતિ-શ્રુતજ્ઞાનમાં આવ્યો છે, સ્વસંવેદનમાં આવ્યો છે માટે થોડું જ જાણે. આહા..હા...! 'एगम् जाणइ सव्व जाणइ।' સમસ્ત વસ્તુ (જાણે છે). જેણે વાસ્તવિક એક આત્માને વેદનથી–જ્ઞાનથી જાણ્યો એના મોહોપચય ક્ષય પામે જ છે. આહા..હા...!

બહુ મીઠી, મધુરી, અમૃતની ધારા વહે છે ! 'અમૃતચંદ્રાચાર્ય !' આ..હા..હા...! ટીકા તે ટીકા છે ! અમૃતધારા વહે છે ! કેટલા ન્યાયો, કેટલા ભાવો એમાં સમાડ્યા છે ! આ..હા..હા...! એમ ઉપરટપકે વાંચી જાય ઇ વાત અહીં નહિ. પ્રાપ્ત કરીને એવો રસ પડે... અને રસ પડીને એને આત્મજ્ઞાન થાય !! આ..હા..હા...! બાપુ ! માર્ગ આ છે, ભાઈ ! આહા..હા...! ત્રણકાળનો – ત્રણકાળ, ત્રણલોકમાં પરમ સત્યનો પોકાર તો આ છે !! આ..હા...! એક તો સર્વજ્ઞની વાણી મળવી... આ..હા..હા...! એમાં રસ પડવો... આહા..હા...! અને એમાં જઈને આત્મામાં રસ પડવો... કે, જેમાંથી આત્માની સંપદા – જ્ઞાનની સંપદા પ્રગટ થાય ! આહા..હા...! છે ને ? એ બધું આવી ગયું ને ? આહા..હા...! તે જ્ઞાન કેવું થાય ? આ..હા..હા...! કે, સામાના ભાવને અને કઈ અપેક્ષાથી બોલે છે તેનું પણ એને જ્ઞાન થાય અને શાસ્ત્રમાં ક્યે વખતે, ક્યા કાળે, કઈ નયથી, કઈ અપેક્ષાથી કહ્યું છે તેનું તેને જ્ઞાન થાય, એમ કહ્યું. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંવેદનજ્ઞાન થતાં તે જ્ઞાન આવું થાય. આહા..હા...! અરે..રે...! આ કાંઈ પૈસા મળે (કે) કરોડો રૂપિયા દીધે કાંઈ મળે એવું છે ? આ..હા..હા...!

**'પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી...'** એના દૃઢ કરેલા પરિણામથી. **'સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો...'** આ શરતનો શબ્દ. સમજાય છે ? આહા..હા...! **'પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.'** આ..હા..હા...! કેટલી શરતું ! કેટલી જવાબદારી અંદર (નાખી છે) ! એકલું વાંચવું... વાંચવું... સાંભળવું એમ નહિ. આહા..હા...! જેમાં ભવનો અંત આવી જાય, જેમાં આત્માનો અંત આવી જાય ! આત્માનો અંત આવી જાય એટલે જેવો છે તેવો (જ્ઞાનમાં આવી જાય). આહા..હા...! અરે...! સમસ્ત વસ્તુનો અંત આવી જાય ! આહા..હા...! જેણે એક જાણ્યો એણે સમસ્ત વસ્તુની બધી મર્યાદા બરાબર જાણી છે. આ..હા..હા..હા...!

**'(જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે...)'** આટલી શરતવાળું ! **'(...એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાન્તર છે).'** જેવો (અરિહંતના) દ્રવ્ય, ગુણ, પર્યાય (જાણવાનો ઉપાય) મોહક્ષય (માટે) કીધો હતો (એમ) આ પણ એક ઉપાયાન્તર છે. આ..હા..હા...! વિશેષ કહેશું, લ્યો..

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ कथं जैनेन्द्रे शब्दब्रह्मणि किलार्थानां व्यवस्थितिरिति वितर्कयति -

**दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया।**
**तेसु गुणपज्जयाणं अप्पा दव्व त्ति उवदेसो ॥८७॥**

**द्रव्याणि गुणास्तेषां पर्याया अर्थसंज्ञया भणिताः।**
**तेषु गुणपर्यायाणामात्मा द्रव्यमित्युपदेशः ॥८७॥**

द्रव्याणि च गुणाश्च पर्यायाश्च अभिधेयभेदेऽप्यभिधानाभेदेन अर्थाः। तत्र गुणपर्यायानियृति गुणपर्यायैरर्यन्त इति वा अर्था द्रव्याणि, द्रव्याण्याश्रयत्वेनेयृति द्रव्यैराश्रयभूतैरर्यन्त इति वा अर्था गुणाः, द्रव्याणि क्रमपरिणामेनेयृति द्रव्यैः क्रमपरिणामेनार्यन्त इति वा अर्थाः पर्यायाः। यथा हि सुवर्णं पीततादीन् गुणान् कुण्डलादींश्च पर्यायानियर्ति तैरर्यमाणं वा अर्थो द्रव्यस्थानीं, यथा च सुवर्णमाश्रयत्वेनेयृति तेनाश्रयभूतेनार्यमाणा वा अर्थाः पीततादयो गुणाः, यथा च सुवर्णं क्रमपरिणामेनेयृति तेन क्रमपरिणामेनार्यमाणा वा अर्थाः कुण्डलादयः पर्यायाः। एवमन्यत्रापि। यथा चैतेषु सुवर्णपीततादिगुणकुण्डलादिपर्यायेषु पीततादिगुणकुण्डलादिपर्यायाणां सुवर्णादपृथग्भावात्सुवर्णमेवात्मा तथा च तेषु द्रव्यगुणपर्यायेषु गुणपर्यायाणां द्रव्यादपृथग्भावाद्द्रव्यमेवात्मा ॥८७॥

---

अथ द्रव्यगुणपर्यायाणामर्थसंज्ञां कथयति - **दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया** द्रव्याणि गुणास्तेषां द्रव्याणां पर्यायश्च त्रयोऽप्यर्थसंज्ञया भणिताः कथिता अर्थसंज्ञा भवन्तीत्यर्थः। **तेसु** तेषु त्रिषु द्रव्यगुणपर्यायेषु मध्ये **गुणपज्जयाणं अप्पा** गुणपर्यायाणां संबंधी आत्मा स्वभावः। कः इति पृष्टे। **दव्व त्ति उवदेसो** द्रव्यमेव स्वभाव इत्युपदेशः, अथवा द्रव्यस्य कः स्वभाव इति पृष्टे गुणपर्यायाणामात्मा एव स्वभाव इति। अथ विस्तर :- अनन्तज्ञानसुखादिगुणान् तथैवामूर्तत्वातीन्द्रियत्वसिद्धत्वादिपर्यायांश्च इयर्ति गच्छति परिणमत्याश्रयति येन कारणेन तस्मादर्थो भण्यते। किम्। शुद्धात्मद्रव्यम्। तच्छुद्धात्मद्रव्यमाधारभूतमियूति गच्छन्ति परिणमन्त्याश्रयन्ति येन कारणेन ततोऽर्थो भण्यन्ते। **के** ते। ज्ञानत्वसिद्धत्वादिगुणपर्यायाः। ज्ञानत्वसिद्धत्वादि-गुणपर्यायाणामात्मा स्वभावः क इति पृष्टे शुद्धात्मद्रव्यमेव स्वभावः, अथवा शुद्धात्मद्रव्यस्य कः स्वभाव इति पृष्टे पूर्वोक्तगुणपर्याया एव। एवं शेषद्रव्यगुणपर्यायाणामप्यर्थसंज्ञा बोद्धव्येत्यर्थः ॥८७॥

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા (–પદાર્થોની સ્થિતિ) કઈ રીતે છે તે વિચારે છે :–

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ `અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**
**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.**

**અન્વયાર્થ :–** **[द्रव्याणि]** દ્રવ્યો, **[गुणाः]** ગુણો **[तेषां पर्यायाः]** અને તેમના પર્યાયો **[अर्थसंज्ञया]** 'અર્થ' નામથી **[भणिताः]** કહ્યાં છે. **[तेषु]** તેમાં **[गुणपर्यायाणाम् आत्मा द्रव्यम्]** ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ–સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) **[इति उपदेशः]** એમ (જિનેંદ્રનો) ઉપદેશ છે.

**ટીકા :–** દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં અભિધેયભેદ હોવા છતાં અભિધાનના અભેદ વડે તેઓ 'અર્થ' છે (અર્થાત્ દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં વાચ્યનો ભેદ હોવા છતાં વાચકમાં ભેદ ન રાખીએ તો 'અર્થ' એવા એક જ વાચક (–શબ્દ) થી એ ત્રણે ઓળખાય છે). તેમાં (એ દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે), જેઓ ગુણોને અને પર્યાયોને પામે–પ્રાપ્ત કરે – પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે એવા 'અર્થો' તે દ્રવ્યો છે. જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા જેઓ આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે એવા 'અર્થો' તે ગુણો છે, જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા જેઓ દ્રવ્યો વડે ક્રમપરિણામથી (ક્રમે થતા પરિણામને લીધે) પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે એવા 'અર્થો' તે પર્યાયો છે.

જેમ દ્રવ્યસ્થાનીય (–દ્રવ્ય સમાન, દ્રવ્યના દૃષ્ટાંતરૂપ) સુવર્ણ પીળાશ વગેરે ગુણોને અને કુંડળ વગેરે પર્યાયોને પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા (સુવર્ણ) તેમના વડે – પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયો વડે) પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી દ્રવ્યસ્થાનીય સુવર્ણ 'અર્થ' છે, જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા (તેઓ) આશ્રયભૂત સુવર્ણ વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી પીળાશ વગેરે ગુણો 'અર્થો' છે, અને જેમ કુંડળ વગેરે પર્યાયો સુવર્ણને ક્રમપરિણામથી પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા (તેઓ સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી કુંડળ વગેરે પર્યાયો 'અર્થો' છે, તેમ અન્યત્ર પણ છે (અર્થાત્ આ દૃષ્ટાંતની માફક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં પણ સમજવું).

વળી જેમ આ સુવર્ણ, પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયોમાં (–આ ત્રણમાં),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પીળાશ વગેરે ગુણોનું અને કુંડળ વગેરે પર્યાયોનું સુવર્ણથી અપૃથક્પણું હોવાથી તેમનો (–પીળાશ વગેરે ગુણોનો અને કુંડળ વગેરે પર્યાયોનો) સુવર્ણ જ આત્મા છે, તેમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયોનું દ્રવ્યથી અપૃથક્પણું હોવાથી તેમનો દ્રવ્ય જ આત્મા છે (અર્થાત્ દ્રવ્ય જ ગુણો અને પર્યાયોનો આત્મા–સ્વરૂપ–સર્વસ્વ–સત્ત્વ છે).

**ભાવાર્થ :–** ૮૬મી ગાથામાં કહ્યું હતું કે જિનશાસ્રોનો સમ્યક્ અભ્યાસ મોહક્ષયનો ઉપાય છે. અહીં તે જિનશાસ્રોમાં પદાર્થોની શી રીતે વ્યવસ્થા કહી છે તે સંક્ષેપમાં દર્શાવ્યું છે. જિનેંદ્રદેવે કહ્યું છે કે – અર્થો પદાર્થો) એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો. એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (–તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે. આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી, સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ–પર્યાયોમાં રહે છે. – આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્રોમાં કહી છે. ૮૭.

---

ગાથા–૮૭
પ્રવચન નં. – ૭૮
તા. ૧૯-૦૫-૭૯

'પ્રવચનસાર' ગાથા–૮૭. **'હવે જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં...'** પહેલાં આવ્યું ને કે, ભગવાનની વાણીને પામીને (તેમાં) ક્રીડા કરવી, રસ લેવો. પણ એ વાણીમાં પદાર્થનું સ્વરૂપ શું કહ્યું છે ? **'જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં...'** વીતરાગદેવના શબ્દ(બ્રહ્મમાં) – વાણીમાં **'અર્થોની વ્યવસ્થા...'** (એટલે કે) પદાર્થની વ્યવસ્થા. **'કઈ રીતે છે તે વિચારે છે :–'**

**दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया।**
**तेसु गुणपज्जयाणं अप्पा दव्व त्ति उवदेसो।।८७।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હરિગીત.

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ `અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**
**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.**

**ટીકા** :– '**દ્રવ્યો, ગુણો અને પર્યાયો...**' ત્રણ છે ને ? દ્રવ્ય છે, ગુણ છે અને પર્યાય છે–ત્રણ છે. વાચ્ય તરીકે ત્રણ છે પણ એને એક શબ્દથી કહેવું હોય તો ત્રણેને અર્થ (શબ્દથી) કહેવાય. '**દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં અભિધેયભેદ હોવા છતાં...**' એટલે વાચ્યનો ભેદ હોવા છતાં. દ્રવ્ય, ગુણ અને પર્યાયો એવા નામ ભેદો વાચ્યના હોવા છતાં, વાચકમાં ભેદ ન કરીએ (અર્થાત્) એના કથનમાં ત્રણ ભેદ ન કરીએ તો ત્રણેને 'અર્થ' એવા એક જ વાચક શબ્દથી (કહી શકાય). ત્રણેને અર્થ (કહેવાય) – દ્રવ્ય અર્થ, ગુણ અર્થ, પર્યાય અર્થ. ત્રણેને અર્થ કહીએ. દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા વાચ્યના ભેદો સામે છે, છતાં ત્રણેને એક નામે કહેવું હોય તો 'અર્થ' (શબ્દથી) કહેવાય. સમજાય છે કાંઈ ? આવી વ્યાખ્યા ! વાણિયાને નવરાશ ન મળે (કે) નિવૃત્તિ લઈને (સમજીએ કે) આ પદાર્થ છે શું ? એનો અભ્યાસ કરવો, રસ લેવો. એની વ્યવસ્થા ભગવાનની વાણીમાં આવી છે શું ? એ વાત વર્ણવે છે.

'**દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં અભિધેયભેદ...**' (એટલે કે) વાચક ભેદ. એટલે દ્રવ્ય, ગુણ એવા નામ ભેદ હોવા છતાં '**અભિધાનના અભેદ વડે...**' (અર્થાત્) કહેવાના એકપણાની અપેક્ષાએ કહીએ તો ત્રણેને '**અર્થ છે**' એમ કહેવામાં આવે છે. આવું છે ! '(**અર્થાત્ દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં વાચ્યનો ભેદ હોવા છતાં વાચકમાં ભેદ ન રાખીએ તો 'અર્થ' એવા એક જ વાચક (–શબ્દ)થી એ ત્રણે ઓળખાય છે).**' આવી વાત છે !

'**તેમાં (એ દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે)...**' આ..હા...! '**જેઓ ગુણોને અને પર્યાયોને પામે...**' દ્રવ્ય એને કહીએ, દ્રવ્ય-અર્થ એને કહીએ કે, જે પોતે ગુણ અને પર્યાયને પામે. આહા..હા...! એ દ્રવ્ય પોતે '**ગુણોને અને પર્યાયોને પામે–પ્રાપ્ત કરે–પહોંચે...**' આહા..હા...! દ્રવ્યો ગુણો અને પર્યાયોને (પ્રાપ્ત કરે). ગુણો પર્યાયોને પ્રાપ્ત કરે અને પર્યાયો ગુણને પ્રાપ્ત કરે એમ નહિ. સમજાણું ? ગુણો પર્યાયને પ્રાપ્ત કરે અને પર્યાય ગુણને પ્રાપ્ત કરે એમ નહિ. ગુણો અને પર્યાયો દ્રવ્યને પ્રાપ્ત કરે અને દ્રવ્ય પોતે પોતાના ગુણ, પર્યાયને પ્રાપ્ત કરે. આહા..હા...!

'(**અથવા) જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય...**' આહા..હા...! પોતાના ગુણ અને પર્યાય વડે પમાય '**પ્રાપ્ત કરાય–પહોંચાય છે એવા 'અર્થો' તે દ્રવ્યો છે.**' (અર્થો શબ્દનો) અર્થ નીચે કર્યો છે. 'ऋ ધાતુમાંથી 'अर्थ' શબ્દ બન્યો છે. 'ऋ' એટલે પામવું, પ્રાપ્ત કરવું, પહોંચવું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જવું. 'અર્થ' એટલે જ (૧) જે પામે–પ્રાપ્ત કરે–પહોંચે તે,...' 'ઋ'નો અર્થ જ 'અર્થ' છે. આહા..હા...! 'જેને પામે–પ્રાપ્ત કરે–પહોંચે તે, અથવા (૨) જેને પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય તે.' આહા..હા...! એના દૃષ્ટાંત દઈએ ત્યારે (બરાબર સમજાય). **'જેઓ ગુણોને અને પર્યાયોને પામે...'** એટલે કે જે આ આત્મા દ્રવ્ય છે, એ પોતાના કાયમ ગુણો છે અને પલટતી પર્યાયો (છે) તેને પહોંચે, તેને પ્રાપ્ત કરે અને તેને પામે. આહા..હા...!

શ્રોતા :– બહારના કોઈ પદાર્થને પામે નહિ ?

સમાધાન :– બાહ્ય કોઈ પદાર્થની પર્યાયને તેની (–આત્માની) પર્યાય પ્રાપ્ત કરે, પહોંચે કે પમાય એમ છે નહિ. આહા..હા...! આ શરીર છે, જુઓ ! આમ હાલે છે, આમ થાય છે એ પર્યાયને એનું દ્રવ્ય છે તે એના ગુણ, પર્યાયને પહોંચે છે, આત્મા નહિ. આહા..હા...! આમ હાલવામાં કેટલાકની હાલક ઊંટ જેવી હોય, કો'કની હાથી જેવી હોય, કો'કને આમ (હોય)... કહે છે કે, શરીરની આ જે પર્યાય થાય છે, એ પર્યાયને તેનું દ્રવ્ય તેના ગુણ અને પર્યાયને પહોંચી વળે છે. એની પર્યાયને આત્મા પ્રાપ્ત કરે છે એમ નથી. આહા..હા...!

સામા જીવનું જીવન ટકે છે, ઇ એના ગુણ અને પર્યાયને પહોંચી વળતું દ્રવ્ય (છે) એને લઈને ટકે છે. બીજો કહે કે, 'મારે લઈને એ જીવ્યો છે' એ વાત તદ્દન ભ્રમ છે. કારણ કે જીવદ્રવ્ય એવું છે કે, પોતાની ત્રિકાળી શક્તિઓ અને પલટતી અવસ્થાને પહોંચે, પામે અને પ્રાપ્ત કરે. બીજાના દ્રવ્યને પણ એ બીજું દ્રવ્ય, તેના ગુણ, પર્યાયને પ્રાપ્ત કરે, પહોંચે અને પામે. અરે.. અરે...!

જડ કર્મ જે છે એ દ્રવ્ય છે. એનામાં અનુભાગ આદિ શક્તિ–ગુણ છે અને ઉદય આવે ત્યારે એની પર્યાય થાય છે. એ કર્મ દ્રવ્ય છે ઇ (પોતે) ગુણ, પર્યાયને પહોંચે અને ઇ પર્યાય અને ગુણ તેના દ્રવ્યને પહોંચે. પણ એ કર્મ રાગને પહોંચે અને રાગને કરાવે એમ નથી. આહા..હા...!

શ્રોતા :– આકરો ઉદય આવ્યો હોય ત્યારે ?

સમાધાન :– ઉદય એના ઘરમાં રહ્યો. એની પર્યાય તેના દ્રવ્યને પહોંચે અને દ્રવ્ય તે પર્યાયને પહોંચે. આત્મા તેની પર્યાયને પહોંચે એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવું તત્ત્વ જિનેન્દ્રનું કહેલું ! તત્ત્વની વ્યવસ્થા, એની સ્થિતિની મર્યાદા આ રીતે છે. આહા..હા...!

આ ભાષા થાય છે (તો) કહે છે કે, એ ભાષાની જે પર્યાય છે તે ભાષાના પરમાણુ તેને પહોંચી વળે છે. તેનાથી પર્યાય થાય છે, પામે છે, પહોંચી વળે છે, આત્માથી નહિ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈપણ આત્મા – નિગોદમાં અનંત આત્માઓ છે અને એની સાથે અનંતા કર્મના રજકણો છે છતાં તેનું દ્રવ્ય જે છે – નિગોદનો જીવ (જે છે) એ પોતાના ગુણ અને વિકારી અવસ્થા (છે) એને એ દ્રવ્ય પહોંચી વળે અને એ ગુણ અને વિકારી અવસ્થા, દ્રવ્યથી પમાય અને પહોંચાય. આહા..હા...!

શ્રોતા :– કર્મને ન પહોંચી વળે ?

સમાધાન :– કર્મને લઈને તે વિકારી પર્યાય પહોંચાય, પામે, પમાય, પ્રાપ્ત થાય એમ નથી. આવી વાત છે. વેપાર અને ધંધા આડે આવો નિર્ણય કરવાની નવરાશ ક્યાં (છે) ! આ..હા...!

શ્રોતા :– કોઈએ કોઈ બીજાનું કામ કરવું કે ન કરવું ?

સમાધાન :– કામ કરી શકતો જ નથી. કોઈ એટલે બીજી ચીજ. તે ચીજ તેના ગુણ, પર્યાયને પહોંચી વળે અને એના ગુણ, પર્યાય તેના દ્રવ્યને પામે. એમાં બીજાનું કરવું, એ વાત ત્રણકાળમાં રહેતી નથી. આહા..હા...!

શ્રોતા :– બધી ભ્રમણા છૂટી જાય એવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– બહુ ફેર.. બહુ ફેર. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર...! આ..હા...!

આ મંદિર જે બન્યું છે... આ મંદિર બન્યું છે એ તેના પરમાણુ તેના ગુણ, પર્યાયને પહોંચી વળ્યા છે, (બીજો કોઈ જીવ) નહિ. આહા..હા...! આવું કામ છે ! જગતના, વાણીના, શરીરના કે કર્મના જે પરમાણુ છે તે પરમાણુ પોતાની શક્તિ એટલે સત્ત્વ (અને) પલટતી પર્યાયને પહોંચી વળે, તેને પ્રાપ્ત કરે, તેને પહોંચે... આહા..હા...! તેને પામે. આહા..હા...! પણ બીજા દ્રવ્યના ગુણની પર્યાયને (પ્રાપ્ત ન કરે કે ન પહોંચે). અહીં તો દ્રવ્યના ગુણ, પર્યાય એમ લીધું છે ને ? ગુણની પર્યાય એમ નથી લીધું. ગુણ, પર્યાયને પહોંચી વળે અને પર્યાય, ગુણને (પહોંચી વળે) એમ નહિ. દ્રવ્ય જ ગુણ, પર્યાયને પહોંચી વળે અને ગુણ, પર્યાય દ્રવ્યને પહોંચે. આ..હા..હા..હા...! ધીમેથી... ધીમેથી... સમજવું. માથે આવ્યું છે ને ? '**જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થો...**' એટલે પદાર્થો. અર્થો એટલે દ્રવ્ય, ગુણ અને પર્યાય. તેની '**વ્યવસ્થા (–પદાર્થોની સ્થિતિ) કઈ રીતે છે તે વિચારે છે :–**' આહા..હા...!

શાક જે રંધાય છે એ શાકના પરમાણુઓ તેની પર્યાયને – બફાવાની પર્યાયને પહોંચી વળે છે, અગ્નિને લઈને શાક બફાય છે કે પાણીને લઈને શાક બફાય છે – એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા...!

'ઉમરાળા' પાસે (એક ગામ) છે ને, કેવું કહેવાય ? 'વડોદ.. વડોદ !' 'વડોદ'માં એક વાંઢો માણસ હતો (એને) રોટલી કરતા આવડે નહિ. રોટલી કરતા વેલણ આડુંઅવળું થઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય. એટલે રોટલી આમ બાઈયું જેવી કરે આ..મ.. સરખી... એમ ન થાય. એક (આમ) અણી નીકળે ને એક આમ અણી નીકળે. એને આવડત (નથી એને) કારણે (એમ થાય) છે ને ?! ઇ પરમાણુની પર્યાય(ને) – એ રીતે દ્રવ્ય તેના ગુણ અને પર્યાયને પહોંચી વળે છે અને તેના ગુણ અને પર્યાય તે દ્રવ્યને પહોંચે છે. ઇ બધું ગુણ અને પર્યાય(રૂપ) સર્વસ્વ તે દ્રવ્ય છે. આહા..હા...! એમાં કોઈ બીજાનો અંશ મદદ કરે, સહાય કરે (એમ નથી). આ..હા..હા...! આવી વસ્તુની (સ્થિતિ) જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં આ રીતે જણાણું છે અને જણાણું છે તેમ કહ્યું છે. આહા..હા...! માથે (–મથાળામાં) એમ કહ્યું ને કે, '**શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા...**' ભગવાનની વાણીમાં અર્થોની વ્યવસ્થા કેવી છે તે કહેવામાં આવે છે. આ..હા..હા..હા...!

આ પાનું જે આમ ઊંચું થાય છે, એની જે આ પર્યાય થાય છે એ એના પરમાણુઓ એના ગુણ, પર્યાયને પહોંચી વળે છે, આ આંગળી નહિ. આંગળીથી ઊંચું થયું નથી એમ કહે છે.

શ્રોતા :– અહીંયાં (આવી વાત) ચાલે, બજારમાં ન ચાલે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૂર્ખાઈમાં ન (ચાલે). મૂર્ખાઓ માને કે, અમે આમ કરીએ છીએ.. આમ કરીએ છીએ... આમ કરીએ છીએ. આહા..હા...! ગાથા બહુ સરસ છે ! કાલે પણ ગાથા બહુ સારી હતી ! આહા..હા...!

શ્રોતા :– ભગવાને કહ્યું શું ?

સમાધાન :– એ શું કહ્યું કે, ભગવાનના શબ્દો–વાણીએ જાણીને જે કહ્યું તે શું કહ્યું છે પણ ? એમાં પદાર્થની વ્યવસ્થા એમણે શું જાણી છે ? જાણીને કઈ રીતે કહી છે ? આહા..હા...!

આ વાળ છે અને દાંતિયો હોય ને દાંતિયો ? એ દાંતિયો (વાળને) અડતો પણ નથી, કહે છે ! એ વાળ છે ઇ આમ થાય છે એની પર્યાયને એનું દ્રવ્ય પહોંચી વળે છે. એ પર્યાયને દ્રવ્ય પહોંચે છે અને દ્રવ્ય એની પર્યાયને પહોંચે છે. આહા..હા...! આમ... આમ... કરે છે ને ? આની કોરના આમ ને આની કોરના આમ ! વચ્ચે વળી જરી આમ રાખે !! બે બાજુ આમ વાળે ને ? બે બાજુ વાળીને આમ વચ્ચે રાખે ! કાચમાં જોઈને ટીપણ કરતા (હોય) ! ગાંડા જેવો લાગે !! આહા..હા...!

કહે છે કે, આ લાકડી જે આમ ઊંચી થાય છે, લ્યો ! એનું દ્રવ્ય એ પર્યાયને પહોંચી વળે છે અને એ પર્યાય દ્રવ્યને પહોંચે છે. એ પર્યાય આંગળીને અડતી નથી, આંગળીને પહોંચતી નથી અને આંગળીની પર્યાય એને અડતી (નથી), પામતી નથી. આ..હા..હા...! સાધારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માણસને તો એકાંત લાગે. (પરંતુ) વસ્તુની વ્યવસ્થા જ એવી છે. આહા..હા...!

અમે કોઈનું ભલું કરી દઈએ, સુખ–દુઃખ દઈએ, સગવડતા આપીએ, દુઃખી હોય તો અનાજ, પાણી આપીએ ! (અહીંયાં) કહે છે કે, એ અનાજ અને પાણીના પરમાણુઓ (જે) છે તે પોતાનો તે કાળે પર્યાય થાય તેને તે પહોંચી વળે છે. બીજો એમ કહે કે, મેં આને પાણી આપ્યું અને આહાર આપ્યો (એમ વસ્તુ સ્થિતિ નથી). અરે... આવું છે ! થોડું ગુજરાતી શીખવું, (કોઈ કહેતું હતું કે) 'મહારાજ ! હિન્દી (પ્રવચન) કરજો !' અહીં ઝાઝા માણસ ગુજરાતી (છે). ઝાઝા માણસમાં ચાલે નહિ. એક તો ગુજરાતી ભાષા પણ આકરી ! આહા..હા...!

ઓ..હો..હો...! આ ચશ્માંની પર્યાય અહીં જે નાક ઉપર રહી છે, કહે છે કે, એ નાકને અડતી જ નથી. એના જે પરમાણુ છે, એની પર્યાયને આ રીતે પરમાણુ પહોંચી વળ્યા છે અને એ પર્યાય દ્રવ્યને પહોંચી છે. આ નાકને (પહોંચી નથી), નાકને લઈને નહિ, આ હાથને લઈને નહિ. હાથને લઈને આમ થયું (એમ નથી). આ..હા..હા...!

જુઓ ! '**તેમાં (એ દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે), જેઓ...**' જેઓ એટલે દ્રવ્ય '**ગુણોને અને પર્યાયોને પામે...**' આ..હા..હા...! દ્રવ્ય જે છે એ પોતાની શક્તિ જે સત્ત્વ છે (તેને) અને પલટતી પર્યાય–અવસ્થાને '**પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય...**' (અર્થાત્) દ્રવ્ય. આ..હા..હા...! ધીમેથી સમજવા જેવી વાત છે, બાપુ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો વીતરાગમાર્ગ છે ! આમાં (લોકોને) એકાંત લાગે (છે). કહે છે કે, 'એકાંત છે. સ્વથી થાય અને પરથી થાય તો અનેકાંત કહેવાય !' અહીં તો (કહે છે કે) સ્વથી થાય અને પરથી ન થાય તેનું નામ અનેકાંત છે. આહા..હા...! આવો ફેર ! અરે...! સત્યને સત્ય કઈ રીતે સમજવું કઠણ, ભાઈ !

અરે...! આવું મનુષ્યપણું મળ્યું એ ચાલ્યું જાય છે. એ નરકનાં અને નિગોદનાં ભવો કર્યા છે, બાપા ! એ વિચાર કરતાં એને (કંપારી છૂટે એવું છે) ! આ..હા..હા...! સાતમી નરકની દુઃખની પર્યાયને એનો આત્મા પહોંચી વળે છે અને એ દુઃખની પર્યાય તે દ્રવ્યની છે અને એના દ્રવ્યને પહોંચે છે. આ..હા..હા...! અત્યારે નિર્મળ (પર્યાયની) વાત નથી. અત્યારે નિર્મળ અને મલિન બન્ને પર્યાય(ની વાત છે). આહા..હા...! સમજાય છે કાંઈ ?

આ તો ત્રણલોકના નાથ વીતરાગ જિનેશ્વરદેવનું આ કથન છે ! આવ્યું ને (મથાળામાં) ? '**શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા...**' વીતરાગની વાણીમાં પદાર્થોની વ્યવસ્થા શી રીતે છે ? કેમ કીધી છે ? તે અમે વિચારીને કહીએ છીએ. આ..હા..હા...! ગૂંજામાંથી એક શીશપેન કાઢવી હોય તો કહે છે કે, એ આત્મા કાઢી શકતો નથી. આ..હા..હા...! એ શીશપેન ને ? શું કહેવાય તમારે ? ઇંડીપેન.. ઇંડીપેન ! આમ (ખીસામાં) ભરાવે છે ને ? આમ ભરાવી રાખે. એટલો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થોડો ભાગ હોય છે ને ? અહીં રહે. થોડોક અહીં રહે અને થોડોક લૂગડાના આધારે રહે. કહે છે કે, ત્યાં એ પર્યાયને પહોંચી વળ્યા છે એના પરમાણુ. એ તો ઇ લૂગડાને અડતી પણ નથી. આ..હા..હા...! ઇંડીપેનનો એ ઝીણો ભાગ જે છે એ (ઇંડીપેન) પડે નહિ એટલે જરી ચોંટાડે, બાકી અંદર આખી ખુલ્લી રહે. આહા..હા...!

ત્રણલોકના નાથની વાણીમાં પદાર્થને 'અર્થ' કીધાં. દ્રવ્ય, ગુણ કે પર્યાય ત્રણેને અર્થ કીધાં અને અર્થની વ્યાખ્યા આ કરી કે, તે–તે દ્રવ્ય તેના ગુણ, પર્યાયને પામે તે અર્થ (છે) અને તે–તે ગુણ, પર્યાય તેના દ્રવ્યને પહોંચી વળે એનું નામ અર્થ (છે). આ..હા...! આમ દ્રવ્યને પણ અર્થ કહીએ અને પર્યાયને પણ એમ અર્થ કહીએ કે, એ પર્યાયને દ્રવ્ય પહોંચી વળે અને એ પર્યાય દ્રવ્યથી આવે છે, થાય (છે). આ..હા..હા...! એ પર્યાયને એવો અર્થ કહેતા, એની અવસ્થાનું સ્વતંત્ર થવું (થાય છે પરંતુ) તે દ્રવ્યને કારણે (થાય છે) એમ કહેવામાં આવે છે. અત્યારે તો એમ સિદ્ધ કરવું છે ને !

શ્રોતા :– નહિતર તો પર્યાય પર્યાયથી થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વળી પછી. અત્યારે (આ સિદ્ધ કરવું છે). આહા..હા...!

બોલવાની ભાષા કે લખવાની ભાષા (થાય છે) એમાં કલમ છે... કલમ, એ આમ.. આમ થાય છે (એમાં) એ પરમાણુ એની પર્યાયને પહોંચી વળે છે. આંગળીને લઈને એ કલમ આમ ફરે છે કે ત્યાં નામ લખાય છે 'નમઃ સિદ્ધાય' એ કલમની પર્યાયથી ત્યાં એ શબ્દોની પર્યાય થઈ એમ નથી. આહા..હા...! આ તો મણના અઢી તો શેરના ચાર પૈસા, એ કૂંચી (છે). (એમ) આ તો દાખલા છે. દાખલામાં એને પકડાય, સમજાય. આ..હા..હા...! આ..હા... થાય છે એને પરમાણુની પર્યાય તે શબ્દની પર્યાયને પહોંચી વળે છે. આ..હા..હા..હા...! આવી પદાર્થની વ્યવસ્થા ! એને ગડબડી કરીને (માને કે) બીજાની સહાયથી થાય, આમ થાય !

અરે... ભાઈ ! ક્રમબદ્ધ તો હજી એક બાજુ રહ્યું. ઇ પર્યાયમાં આવશે. આ..હા..હા...! પણ એ ક્રમ(સર) પર્યાય પરિણમે છે તે દ્રવ્ય તે પર્યાયને પહોંચી વળે છે. આ..હા..હા...! એથી ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરનારને દ્રવ્ય અકર્તા છે એનો પુરુષાર્થ થાય છે. આ..હા..હા...! કેમકે ક્રમબદ્ધની જે પર્યાય છે તે દ્રવ્યથી થઈ છે. અત્યારે તો એ સિદ્ધ કરવું છે ને ? દ્રવ્ય એને પહોંચી વળ્યું છે અને એ પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે. આ..હા..હા...! એટલે કે તેનો પુરુષાર્થ – પર્યાયના ક્રમબદ્ધનો (નિર્ણય કરનારનો પુરુષાર્થ) દ્રવ્યની દૃષ્ટિ ઉપર જાય છે. અને ખરેખર તો એ પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે (એમ જે કહે છે) ઇ (તો) અત્યારે ત્રણને સમજાવવા છે એટલે (આમ કહે છે). નહિતર તો પર્યાય પર્યાયને પહોંચી વળે છે. કર્તા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્મ, સાધન (આદિ) બધાં ષટ્કારકો ત્યાંને ત્યાં પર્યાયમાં છે. આ..હા..હા..હા...! દ્રવ્યને લઈને પર્યાય થઈ છે એમ પણ નથી અને એ પર્યાય દ્રવ્યને પહોંચી વળે છે (એમ પણ નથી). અહીં તો હજી શરૂઆત કરે છે ને (એટલે આમ કહે છે). પછી તો આગળ ૧૦૧ ગાથામાં લઈ લેશે કે, વ્યવસ્થા આમ છે. આહા..હા...! ૯૯ ને ૧૦૧ ને ૧૦૨ ને... એ ગાથા આવશે. આહા..હા...!

'**જેઓ...**' કૌંસ પછી (છે). (કૌંસમાં) દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે (એમ લખ્યું) છે ને ? (ત્યાર પછી). '**જેઓ...**' એટલે દ્રવ્ય. '**ગુણોને અને પર્યાયોને પામે...**' છે. દરેક દ્રવ્ય પોતાની શક્તિને, પરિણતિને પામે છે, તેને પ્રાપ્ત કરે છે. પોતાની શક્તિ અને પલટતી અવસ્થાને તે સમયે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે, તે દ્રવ્ય પહોંચે છે. આહા..હા...! '**અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે...**' (જેઓ એટલે) દ્રવ્ય. દ્રવ્ય એટલે અર્થ. '**ગુણો અને પર્યાયો વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે એવા 'અર્થો' તે દ્રવ્યો છે.**' હજી આ દ્રવ્યની વ્યાખ્યા થઈ. આહા..હા...!

જીવમાં અંદર રાગ થયો એ રાગને જીવ પોતે પ્રાપ્ત કરે છે અને એ વખતે જે કર્મ બંધાય છે તેને તે કર્મના પરમાણુ તે પર્યાયને પ્રાપ્ત કરે છે. અહીં રાગ થયો માટે ત્યાં કર્મની બંધનની પર્યાય થાય છે એમ નથી. આહા..હા...! તદ્દન અજાણ્યા હોય એને તો એવું લાગે, બધું બફમ્ જેવું લાગે. આ શું છે આ તે ? આવી વાત ? બફમ્ છે નહિ, ભાઈ ! વસ્તુની સ્થિતિ આવી છે, ભાઈ ! આ..હા...! તારી નજરું પર પર્યાયને પહોંચવા માટે જાય છે એ ભ્રમ છે. તારી પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે તો દૃષ્ટિ ત્યાં જાવી જોઈએ અને એ દ્રવ્ય પર્યાયને પ્રાપ્ત કરે છે માટે પણ (દ્રવ્ય પર દૃષ્ટિ જવી જોઈએ). આહા..હા...! શું કીધું ઇ ? સમ્યગ્દર્શનની પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે. દર્શનમોહનો ક્ષયોપશમ થયો, ઉદયનો અભાવ (થયો) માટે (સમ્યગ્દર્શન થયું એમ) નહિ. આવી ચીજ ! આ..હા..હા..હા...! ન સમજે (એટલે) પછી ગોટા વાળે ! આ..હા...!

'મોક્ષપાહુડ'માં તો કહ્યું છે કે, જે સમ્યક્દૃષ્ટિ છે તે જ શૂરવીર અને પંડિત છે. એ પંડિત છે ! ભલે જાણપણું ઝાઝું ન હોય, બહુ કહેતા ન આવડતું હોય. આહા..હા...! પણ સત્ય આ છે કે, જે દ્રવ્ય છે (તે) પોતાની પર્યાયને પહોંચી વળે છે તો સમ્યગ્દર્શનની પ્રાપ્ત પર્યાયમાં દ્રવ્ય પહોંચી વળે છે. અને સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યને અવલંબે (છે) અને પ્રાપ્ત કરે છે. આ પર્યાય આની (–આ દ્રવ્યની) છે એમ પ્રાપ્ત કરે છે. આહા..હા...! એ સમ્યગ્દર્શનની પર્યાય દેવ, ગુરુ અને શાસ્ત્રથી પણ પ્રાપ્ત થતી નથી. ગુરુની કૃપા વડે પ્રાપ્ત થતી નથી એમ કહે છે. આહા..હા...! આવી વાતું ! આહા..હા...!

ક્ષાયિક સમકિતની પર્યાય થાય છે એ અરિહંતના (પાદમૂળમાં થાય છે) છતાં એ ક્ષાયિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમકિતની પર્યાયને એનું દ્રવ્ય પહોંચી વળે છે. ભગવાનનું સમીપપણું હતું માટે (સમકિત) થયું છે... આહા..હા...! એમ નહિ. આ..હા..હા...! કાળલબ્ધિ(થી) કહેતાં તે પર્યાય તે સમયે કાળલબ્ધિથી થવાની છે તે પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે, કહે છે. આહા..હા...! અને તે પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે, દ્રવ્યને પહોંચે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

(કહે છે) **'અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે (એવા 'અર્થો' તે દ્રવ્યો છે.'** એ દ્રવ્યની વ્યાખ્યા કરી. 'અર્થ' કીધો ને ? (એટલે) દ્રવ્યને અર્થ કહેવો, ગુણને અર્થ કહેવો અને પર્યાયને અર્થ કહેવો. ભલે ત્રણ નામ છે પણ એક શબ્દથી કહેવું હોય તો ત્રણેને 'અર્થ' કહેવામાં (આવે છે). અર્થ એટલે કે દરેક પર્યાય પોતાથી – દ્રવ્યથી પ્રાપ્ત થાય છે અને એ પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે. એવી અર્થની વ્યાખ્યા છે. આહા..હા...! એવો અર્થનો અર્થ છે એમ નહિ, એવી અર્થની વ્યવસ્થા છે. આહા..હા...! અરે..રે...!

બીજા દ્રવ્યને સગવડતા દઈ શકે કે અગવડતા દઈ શકે એમ છે નહિ. તેથી ૮૫ (ગાથામાં) આવ્યું હતું ને ? કે, પરની મમતા વડે કરીને કરુણાભાવ (થાય) તે દર્શનમોહનું લક્ષણ છે. આ..હા..હા...! એમાં 'તન્મયતા' શબ્દ છે, હિન્દીમાં 'મમતા' શબ્દ છે. હું આની કરુણા કરું... કરુણા કરું... કોને કરે બાપા ? એની પર્યાયને તેનું દ્રવ્ય પહોંચી વળે. તારી પર્યાયને તારું દ્રવ્ય પહોંચી વળે. પરની કરુણાની પર્યાય, પર જીવની દયા પાળવામાં પહોંચી વળે એવો વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા...! તેમ બીજા જીવને મારવાની જે હિંસાની ક્રિયા ત્યાં થઈ (એમાં) તેના આયુષ્યના પરમાણુઓ અને આત્મા તે પ્રકારે તેની પર્યાયને પહોંચી વળે છે. બીજો કહે કે, હું આની હિંસા કરી શકું છું, એની પર્યાયને હું પ્રાપ્ત કરું છું એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા...! આવું સાંભળવું કઠણ પડે !

શ્રોતા :– આવું સાંભળવાનું મળે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– મળે છે તો ભાગ્યશાળી છે ને, બાપા ! આહા..હા...! ભગવાનની વાણીમાં (વસ્તુની) વ્યવસ્થા આ છે. આચાર્ય મહારાજ કહે છે કે, અમે કહીએ છીએ એમ નહિ. આ..હા..હા...! જિનેન્દ્ર ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવની ૐધ્વનિમાં આ પદાર્થની વ્યવસ્થા આ રીતે આવી છે. આ..હા..હા...! ભગવાનની ૐધ્વનિ ! આહા..હા...!

સાંભળનારને ત્યાં જે પર્યાય થાય છે (તો) કહે છે કે, એ પર્યાય શબ્દોથી થઈ છે એમ નહિ. શબ્દની પર્યાયને એના પરમાણુ પહોંચી વળ્યા છે અને (સામે) જ્ઞાન થયું છે ત્યાં એનું દ્રવ્ય પહોંચી વળ્યું છે. આ..હા..હા...! એ શબ્દથી ત્યાં સામાને જ્ઞાન થાય છે એમ નહિ. આહા..હા...!

હવે ગુણો લેવાય છે. **'જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે...'** છે. ગુણ.. ગુણ ! આત્માનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ત્રિકાળી ગુણ છે... ત્રિકાળી.. ત્રિકાળી હોં ! તે ગુણો તે દ્રવ્યોને આશ્રય તરીકે પામે છે, આશ્રય તરીકે પ્રાપ્ત કરે છે અને આશ્રય તરીકે પહોંચે છે. **'અથવા જેઓ આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય...'** છે. એ ગુણો તેના દ્રવ્યમાં છે. એના દ્રવ્યથી તે પમાય છે. આ..હા..હા...! પર્યાયની વાત પછી લેશે. અહીં તો આત્મા છે તેમાં જે અનંત ગુણ છે તે ગુણ તે દ્રવ્ય વડે પમાય છે. આહા..હા...! છે ? **'આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય...'** છે. એ ગુણનો આશ્રયભૂત દ્રવ્ય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રિકાળી હોં ! અત્યારે ગુણની વાત છે, પર્યાય પછી (કહેશે).

**'આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે...'** અથવા **'દ્રવ્યોને આશ્રય તરીકે પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે... એવા 'અર્થો' તે ગુણો છે.'** પહેલાં કીધું કે એવા અર્થો તે દ્રવ્યો છે. હવે (કહે છે કે) આવા અર્થો તે ગુણો છે. તે ગુણો તેના દ્રવ્યથી પમાય છે અને ગુણ પણ તે દ્રવ્યને પહોંચી વળે છે. આહા..હા...! પરમાણુમાં જે વર્ણ, રસ, ગંધ, સ્પર્શ (આદિ) અનંત ગુણ છે તે ગુણનો આશ્રય તેનો પરમાણુ છે. તેથી તે ગુણની પ્રાપ્તિ (તે) દ્રવ્યથી છે અને દ્રવ્ય તે ગુણોને પ્રાપ્ત કરે છે. અનાદિ એમ છે. (કેમકે) ગુણ તો ધ્રુવ છે ને ! આહા..હા...! એમ આત્મામાં અનંત અતીન્દ્રિય ગુણ છે એ અનંત ગુણને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. અથવા એ અનંત ગુણનો આશ્રય જે દ્રવ્ય (છે) એને લઈને એ પમાય છે. આ..હા..હા...! આમાં યાદ કેટલું રાખવું ?

પેલું તો (સહેલું હતુ કે) ઇચ્છામી પડિકમ્મણા... તસ્ય મિચ્છામિ દુક્કડમ્ (કરી લીધું એટલે) થઈ ગઈ સામાયિક ! ધૂડમાં પણ સામાયિક નથી. મિથ્યાત્વ છે ત્યાં તો ! હું આ ભાષા કરું છું, હું આ પરની દયા પાળું છું, કાયોત્સર્ગ કરવા હું શરીરને આમ રાખું છું... એ બધી પર્યાયનો સ્વામી થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો મિથ્યાત્વના પર્યાયને પ્રાપ્ત કરે છે. આવું દુનિયાથી ઊંધું છે !

દુનિયા તો આમ કહે, 'ગાંધીજી' આમ કહેતા ને ? 'વૈષ્ણવજન તો તેને કહીએ, જે પર પીડા જાણે રે...' એમ (અત્યારે લોકો કહે છે કે) 'જૈન તેને કહીએ કે પરની પીડા જાણે !' (આમ તો માત્ર) જાણે છે. પણ એને એમ કહેવું છે કે, જાણે એટલે કે એની પીડા મટાડે (છે). સમજાણું ? એ તો આપણે આવી ગયું નહિ ? (૮૫મી ગાથા) 'પ્રેક્ષાયોગ્ય હોવા છતાં' પર જીવને દુઃખ થાય છે એનો આ જાણનાર હોવા છતાં હું એનું કરી શકું, (એના) દુઃખને ટાળી શકું એવો કરુણાભાવ ઉત્પન્ન થાય તે મિથ્યાત્વનું લક્ષણ છે. અને તે પણ મિથ્યાત્વની પર્યાયને તેનું દ્રવ્ય પ્રાપ્ત કરે છે. એ વખતે એને દર્શનમોહના ઉદયનું જોર છે માટે આવો ભાવ થયો છે એમ નથી. આ..હા..હા..હા...! 'ઉત્તરાધ્યયન'માં વીસમાં અધ્યાયમાં 'અનાથિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિ'નું એક અધ્યયન આવે છે ત્યાં ગાથા છે (કે), આત્મા કર્મનો કર્તા અને આત્મા કર્મનો ભોક્તા (છે). બસ, જાઓ !

અહીં કહે છે કે, એ વાત સાચી નથી. કર્મની પર્યાયનું થવું એ કર્મના પુદ્‌ગલને કારણે છે અને તને અંદર જે રાગનું થવું (થાય છે) એ તારી પર્યાયને (તારું) દ્રવ્ય કરે છે, દ્રવ્ય પહોંચી વળે છે. આહા..હા...! એ કર્મને લઈને રાગનો કર્તા થાય છે એમ નથી. આહા..હા...! અને રાગ થયો માટે ત્યાં કર્મબંધન થાય છે એનો કર્તા જીવ છે (એમ નથી). જ્ઞાનાવરણીયના બંધના ભાવને એણે કર્યા, એ પર્યાયને એ દ્રવ્ય પહોંચી વળ્યું પણ એથી ત્યાં જ્ઞાનાવરણીય (કર્મ) એને લઈને બંધાણું એમ નથી. આહા..હા...! આમ બોલાય કે, છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય. આવે છે ને ? આહા..હા...!

જગતના તત્ત્વો અનંત છે તે અનંત (તત્ત્વો) તે-તે સમયે પોતાના ગુણ અને પર્યાયને પ્રાપ્ત કરે છે અને તે ગુણ, પર્યાય દ્રવ્ય વડે પ્રાપ્ત થાય છે. આહા..હા...! આ સિવાય તત્ત્વની વસ્તુસ્થિતિ બીજી કોઈ નથી. આહા..હા...! આ લાખો પુસ્તકો બન્યા, લ્યો ! 'સોનગઢ'થી બાવીસ-ત્રેવીસ લાખ (પુસ્તકો છપાણા) ! અને આ તમારે કરવાના છે ને ? 'મુંબઈ' સાત લાખ ભેગા કર્યા છે ને ? પાંત્રીસ પુસ્તકો ! આ તે વાત શું ! (અહીં કહે છે કે) એ પુસ્તક થવાની પર્યાય છે તે કાળે તેના પરમાણુ (તેને) પહોંચી વળશે. આ..હા..હા...! પૈસા ભેગા થયા માટે ત્યાં એ પુસ્તક થાશે (એમ નથી).

('મુંબઈ'માં એક મુમુક્ષુના) ઘરે આહાર કર્યો ત્યાં એક થાળી લાવ્યા, થાળી. થાળીમાં એકત્રીસ હજાર રૂપિયા હતા. નોટું હશે, આપણે કાંઈ જોયું નહોતું. થાળી જોઈ હતી. એકત્રીસ હજારની નોટું હશે. પણ ઇ તો એ પર્યાયને તે ક્ષેત્રે, તે કાળે, તે પરમાણુ એને પહોંચી વળે છે. બાપુ ! કોણે દીધાં અને કોણે લીધા ? એ વસ્તુમાં કાંઈ માલ નથી. આ..હા..હા...!

શ્રોતા :– જાહેર તો કર્યું કે, આટલા રૂપિયા આ ભાઈએ આપ્યા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– પણ (એ તો એવી) ભાષા બોલાય. નિમિત્તનું કથન (છે). એમાં નિમિત્ત કોણ હતું એટલું બોલાય. આ..હા..હા..હા...!

જેટલા પદાર્થો સંખ્યામાં છે તેટલી સંખ્યામાં રહીને દરેક સમયે તેની પર્યાયને તે પહોંચી વળે છે. પર્યાયની (વાત) હવે આવશે. આ તો ગુણની વાત છે.

હવે (કહે છે) **'જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે...'** ઠીક ! જે પર્યાય **'દ્રવ્યોને ક્રમપરિણામથી પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે...'** આ..હા..હા...! એ જ પર્યાયમાં જે પર્યાય થવાનો કાળ (છે) તેને તે દ્રવ્ય પહોંચી વળે છે. આ..હા..હા...! આડીઅવળી નહિ. (એક વિદ્વાન) એમ કહેતા ને ? 'એક પછી એક (પર્યાય થાય) ખરી પણ આ (થાય) પછી આ જ થાય એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહિ.' ભગવાન કહે છે કે, જે (પર્યાય) પછી જે (પર્યાય) થવાની (છે) તે જ થાય, જે પછી થવાની તે જ થાય, તે દ્રવ્યને કારણે છે, સંયોગને કારણે નહિ. સંયોગો બદલાયા માટે પર્યાય બદલી ગઈ એમ નહિ. આ..હા..હા...! આવું ગળે ઊતરવું...!

ભગવાનની ભક્તિથી આત્માનું કલ્યાણ થાય એ આમાં રહેતું નથી. આહા..હા...! ભગવાનની ભક્તિ છે એ રાગ છે. એ રાગને તો એનું દ્રવ્ય પહોંચી વળ્યું છે. એનાથી મુક્તિ થાય એ પ્રશ્ન નથી. તે સમયે રાગ થયો, બસ એટલું. ચાહે તો ભગવાનની ભક્તિ ને પૂજા ને જાત્રા–સમેદશીખરની જાત્રાનો ભાવ હોય, લાખો માણસ સાથે દસ લાખ ખર્ચ્યા હોય તોપણ (એ) રાગની પર્યાયને પહોંચી વળ્યો છે, બીજું કંઈ ત્યાં છે નહિ. આવું છે ! એ પૈસાને લઈને નહિ, હાલવાને લઈને નહિ. આહા..હા...! (કોઈ) ડોલીમાં બેસીને જાય, (કોઈ) વળી હાલીને જાય. આહા..હા...!

આ પરમાણુઓ (જે) છે તેની જે રીતે રહેવાની સ્થિતિ છે તેની પર્યાયને ક્રમપરિણામે તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે. આહા..હા...! શરીરની જુવાનીના પરમાણુની પર્યાય... એની ખાવાની-પીવાની બહુ સાવધાની રાખે છે માટે એનું શરીર જુવાન રહે છે એમ નથી. આહા..હા...! તે વખતે એ શરીરના જુવાનીના પરમાણુઓ–રજકણની પર્યાયને તેના પરમાણુ પહોંચી વળે છે અને એ પર્યાય દ્રવ્યથી થાય છે, દ્રવ્યને પહોંચે છે. બાકી બીજા સાથે કાંઈ લેવા-દેવા (કે) સંબંધ છે નહિ. આ..હા..હા...! દવાથી રોગ મટે છે એ (વાતની) આમાં ના પાડે છે. આહા..હા...!

શ્રોતા :– દવાથી રોગ મટે તો કોઈ મરી જ ન જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ રોગની પર્યાય તે ટાણે મટવાની હતી તે પર્યાયને દ્રવ્ય પહોંચી વળ્યું છે, દવા નહિ. આ..હા..હા..હા...! દવાની પરમાણુની પર્યાયને પણ એ દવા પહોંચી વળી છે. આહા..હા...! દાક્તરને દેવાનો ભાવ થયો કે, આ એને આપું, માટે તે દવાની પર્યાય એમ થઈ છે, એમ છે નહિ. જગતથી ઊંધું છે, ભાઈ !

જિનેન્દ્રની વાણીમાં પદાર્થની વ્યવસ્થા આવી આવી છે. આ..હા...! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ ! તેની વાણી–શબ્દબ્રહ્મ–દિવ્યધ્વનિ–ૐકાર ધ્વનિમાં પદાર્થની વ્યવસ્થા આ રીતે આવી છે. એથી કંઈપણ ફેરફાર માને તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આ..હા..હા..હા...! થઈ રહ્યું ત્યારે તો, પાંગળો થઈ ગયો આત્મા ! આત્મા શું, અનંત... અનંત.. પદાર્થ માટે દરેક પદાર્થ પાંગળો છે. પરમાણુ પણ એક પરમાણુ બીજા પરમાણુની પર્યાયને (માટે પાંગળો છે). ઓલું આવે છે ને ? 'ગુણ અધિકમ્' ! ત્યાં એવું આવે – બે ગુણ છે એવો ચાર ગુણવાળો એને પરિણમાવે એવું આવે. પરિણમાવે એવું આવે ! અહીં 'ના' પાડે છે. પરિણમાવે (એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહ્યું) એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું. એ વખતે ચાર ગુણપણે પરિણમે છે એ પર્યાયને એનું દ્રવ્ય પહોંચી વળે છે. પેલો ચાર ગુણવાળો છે માટે ચાર ગુણવાળી પર્યાય થઈ છે (એમ નથી). આહા..હા...! આકરું કામ ! શાસ્ત્રના અર્થમાં પણ શાસ્ત્રને કહેવું છે આ કે, જિનેશ્વરના (શબ્દબ્રહ્મમાં) આવ્યું (છે) એ વાત (કહેવી છે). આહા..હા...!

એક પરમાણુમાં બીજા પરમાણુનો (અભાવ છે). એકમાં ચાર ગુણ પર્યાય છે અને બીજામાં છ ગુણ છે, એકમાં ત્રણ છે અને બીજામાં પાંચ છે. એ ભેગી થાય ત્યારે પાંચરૂપે થાય. માટે તે તેનાથી થઈ છે એમ નથી. તે કાળે તેના ક્રમપરિણામમાં તે પ્રકારની પાંચ ગુણપણે પર્યાય થવાની (હતી) તેને તેનું દ્રવ્ય પહોંચી વળ્યું છે અને એ પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે. આ..હા..હા...! પેલા છ ગુણ છે ને પાંચ ગુણ છે માટે તેને પ્રાપ્ત કરે છે એમ નથી. આહા..હા...!

**'દ્રવ્યોને ક્રમપરિણામથી પામે...'** જુઓ ! અહીં પાછું આમાં ક્રમબદ્ધ આવ્યું ! 'ક્રમપરિણામથી' (એમ જે કહ્યું તો) લોકો એમ કહે કે, 'ક્રમે પરિણામ થાય પણ આ પછી આ જ થાય એવો નિયમ નહિ !' આવો ઉપદેશ ને આવી વાણી !! આહા..હા...! ઓલું તો (સહેલું હતું) દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, છ પરબી બ્રહ્મચર્ય પાળો, બીજ-પાંચમ-આઠમ (પાળો).. અરે.. સાંભળને ભાઈ ! આહા..હા...! એ વખતે એ રાગના પરિણામ થાય એ રાગને કારણે પુણ્ય બંધ થાય. એ પુણ્યબંધ પણ (રાગને) કારણે થાય એમ નહિ. રાગથી ધર્મ તો ન થાય, તેમ રાગ કર્મથી ન થાય, તેમ પૂર્વે પહેલી પર્યાયમાં રાગ તીવ્ર હતો માટે બીજી પર્યાયમાં રાગ થયો એમ પણ નથી. આ..હા...! છે ?

**'દ્રવ્યોને ક્રમપરિણામથી પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા જેઓ દ્રવ્યો વડે...'** પ્રાપ્ત થાય છે. પર વડે પ્રાપ્ત થાય છે એમ નહિ. એ ચાર ગુણ વડે આ બે ગુણવાળો ચાર ગુણ થયો એમ નહિ. આહા..હા..! **'જેઓ દ્રવ્યો વડે ક્રમપરિણામથી (ક્રમે થતા પરિણામને લીધે) પમાય (છે)–પ્રાપ્ત કરાય (છે)–પહોંચાય છે એવા 'અર્થો' તે પર્યાયો છે.'** એને પણ અર્થ કીધો. દ્રવ્યને અર્થ, ગુણને અર્થ અને પર્યાયને અર્થ (કીધાં). અર્થ કેમ કીધો ? (કેમકે) તે-તે ગુણ અને પર્યાય તે-તે દ્રવ્યને પહોંચી વળે (છે) માટે તે અર્થ છે. એ દ્રવ્ય પોતાના ગુણ, પર્યાયને પહોંચી વળે છે માટે તેને અર્થ કહેવામાં આવે છે. આહા..હા..! એ તો તત્ત્વની સિદ્ધાંતની વ્યવસ્થા કીધી. આહા..હા..!

આ પહેરણ પહેરવાની આમ ક્રિયા થાય (તો) કહે છે કે, (એ ક્રિયા) આંગળી કરી શકે નહિ. જરીક વિશેષ લાંબું હોય તો આમ કરે છે ને ? આમ જરી ઊંચું ચઢાવે ! ઇ આમ ચડાવવાની જે પર્યાય થાય એને આત્મા ન કરી શકે. એને આત્મા તો ન કરી શકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ આંગળી પણ ન કરી શકે. આ..હા..હા..! આવી જ (પદાર્થોની વ્યવસ્થા) જ્યાં સર્વજ્ઞના જ્ઞાનમાં (આવી) એવું એના શબ્દબ્રહ્મમાં આવ્યું. એવું જ એ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! તેને તે રીતે જાણે અને માને તો તો વ્યવહાર સાચો કહેવાય, પછી અનુભવે ત્યારે નિશ્ચય થાય. આ..હા..હા..! સમજાણું કાંઈ ?

એ પર્યાયને એ રીતે અર્થો કહેવામાં આવે છે. હવે, સિદ્ધાંત આ રીતે છે, એને ચાલતાં દૃષ્ટાંતથી સમજાય એ માટે જરી દૃષ્ટાંત આપે છે. ઇ વિશેષ કહેવાશે, લ્યો...

ગાથા–૮૭
પ્રવચન નં. – ૭૯
તા. ૨૦-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૭(મી) ગાથા. એમાં નીચે ટીકા(માં) દૃષ્ટાંત છે. સવારે વાત આવી ગઈ હતી ને, ભાઈ ? એ ('સમયસાર કળશ'માં) નીકળી. મને (હતું) નીચે છે. સવારે નહોતી વાત થઈ ? ૧૦૮ (નંબરનો) કળશ છે એમાં એ લખ્યું છે, જુઓ ! '**કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...**' કોઈ એમ માને કે, પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ એ ચારિત્ર છે. એમ કોઈ અજ્ઞાની માને. આહા..હા...! '**તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. આકરું કામ છે, બાપુ ! ધર્મ કોઈ જુદી ચીજ છે, વીતરાગનો ધર્મ કોઈ જુદી ચીજ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસ આદિનો ભાવ એ શુભરાગ છે અને એ શુભરાગ કોઈ જાણશે કે, '**આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી...**' એમ કોઈ એમ માને કે, કરવાયોગ્ય ભલે નથી... આ..હા...! આકરી વાત, બાપા ! જગતને ધર્મ સાંભળવા મળતા ભાગ્યશાળીને મળે એવું છે. આહા..હા...! બાકી તો હેરાન થઈને જિંદગી ઢોરની જેવી હાલી જાય છે. આ..હા...! ભલે પાંચ-પચીસ લાખ ભેગા થયા હોય એ ઢોર જેવા છે. આહા..હા...! પશુ કહ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્રતની, તપની શુભ ક્રિયા (અને) ભક્તિના પરિણામથી અંદર પ્રભુ આત્મા ભિન્ન છે. આહા..હા...! વ્રતના, તપના, શીલના, દાનના, દયાના શુભ પરિણામ(રૂપ) ચારિત્ર કરવા યોગ્ય નથી, એમ કોઈ કહે '**તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે. (તેનો) '**ઉત્તર આમ છે કે–**' ઝીણી વાત છે, ભગવાન ! શું કહે છે ? જુઓ હવે ! '**વર્જવાયોગ્ય છે.**' એ શુભરાગ છે. મહાવ્રત, બાર વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ એ બધો રાગ છે. આ..હા..હા...! એ ધર્મ નહિ, એ ચારિત્ર નહિ, એ સમ્યગ્દર્શન નહિ. આહા..હા...! ઝીણું, પ્રભુ !

કોઈ કહે કે, (એ શુભરાગરૂપ) ચારિત્ર કરવા યોગ્ય ભલે નથી પણ વર્જવા યોગ્ય પણ નથી. એને '**ઉત્તર આમ છે કે–વર્જવાયોગ્ય છે,...**' આહા..હા...! કેમ ? ઝીણી વાત છે, પ્રભુ ! સાંભળવી કઠણ પડે એવી, બાપા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ હુકમ છે, આ ઉપદેશ છે. આ..હા...! કે, એ શુભરાગની જે ચારિત્રની ક્રિયા છે એ '**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' સવારમાં આ કાઢવું હતું. આહા..હા...! 'તિરોધાયિ'માં નીકળ્યું, ભાઈ ! 'તિરોધાયિ' છે ને ? ('સમયસાર' શ્લોક–૧૦૮). પ્રભુ ! ઝીણી વાત છે, હોં ! અત્યારે ચાલતી વાતથી બીજી લાગશે, પ્રભુ ! આહા..હા...! એ ક્રિયાકાંડના જેટલા ભાવ (છે) – વ્રતના, તપના, ભક્તિના, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ એ બધાં વિકલ્પો રાગ–શુભ રાગ છે. આ..હા...! એ વ્યવહારચારિત્ર છે એ આચરવા લાયક નથી, પ્રભુ ! આ..હા..હા...! પણ વર્જવા લાયક પણ નથી એમ કોઈ કહે તો (કહે છે કે) નહિ, વર્જવા લાયક છે. '**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' આહા..હા...!

ભગવાનઆત્મા અમૃતનો સાગર અંદર (છે). ભગવાનઆત્મા ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જોયો અને કહ્યો એ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પિંડ, કંદ છે. અરે..રે...! કોઈ 'દી સાંભળ્યું ન હોય. એવા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનું જે તત્ત્વ છે, પ્રભુ ! એનાથી (વિરુદ્ધ એવી) આ બધી શુભભાવની ક્રિયાઓ દુષ્ટ છે. આ..હા..હા...! આ 'કળશટીકા' છે ! સવારમાં હાથ નહોતું આવતું ને ? પછી બપોરે જોયું કે, આ ગયુ ક્યાં ? આ..હા..હા...! આકરું પડે પ્રભુ ! શું કરીએ ? આ તો વીતરાગ ત્રણલોકના નાથ 'સીમંધર ભગવાન' બિરાજે છે એની આ વાણી છે ! આ..હા..હા...!

કહે છે કે, દયા, દાન, વ્રત, તપ, અપવાસ, ભક્તિ, પૂજા – એ શુભભાવ ધર્મ તો નથી માટે આચરવા યોગ્ય નથી પણ વર્જવા યોગ્ય પણ નથી એમ (કોઈ) કહેતું હોય તો (કહે છે કે), વર્જવા યોગ્ય તો છે. આહા..હા...! કેમકે એ તો દુષ્ટ છે. આ કો'ક 'દી સાંભળવા મળે, બાપુ ! શું કરીએ ? દુનિયાની ખબર છે. આહા..હા...! કારણ કે ૬૬ વર્ષ તો દુકાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છોડ્યા, દીક્ષા લીધા થયા. આ શરીરને ૯૦(મું) વર્ષ ચાલે છે. ૯૦ ! આખી દુનિયા ઘણા પ્રકારથી જોઈ છે. આહા..હા...! પ્રભુનો માર્ગ ક્યાંય રહી ગયો.

અહીં તો કહે છે... આહા..હા...! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એના સ્વભાવથી... જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવ (છે) એ શુભભાવ (છે) તે દુષ્ટ છે. કેમકે પ્રભુના સ્વભાવથી... પ્રભુ એટલે આત્મા, એના સ્વભાવથી એ વિરુદ્ધ છે, પ્રભુ ! તને ખબર નથી. '**દુષ્ટ છે**' સવારમાં આ કહેવું હતું. '**અનિષ્ટ છે,...**' એ ઇષ્ટ નથી. પ્રભુ ! શું કરીએ ? આ..હા...! અત્યારે તો સંપ્રદાયમાં એક જ વાત હાલે છે – વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને સામાયિક કરો, પૌષધ કરો... અરે...! હજી સમકિતના ઠેકાણા ન મળે એમાં સામાયિક ક્યાંથી આવી ? અરે..રે...! શું કરીએ, પ્રભુ ?

પરમાત્મા ત્રણલોકના નાથ ! એનો આ હુકમ છે કે, વ્યવહાર ક્રિયાકાંડનો જે શુભભાવ છે એ બધો '**દુષ્ટ છે, અનિષ્ટ છે,...**' આ કહેવું હતું. અને '**ઘાતક છે;...**' ત્રણ શબ્દો વાપર્યા છે. 'કળશ ટીકા' ૧૦૮ (નંબરનો કળશ) છે. અહીં તો હજારો, લાખો શાસ્ત્રો જોયા છે ને ! આહા..હા...! પણ (બધું) યાદ રહી શકે નહિ. સવારમાં યાદ નહોતું આવતું, કીધું આ બાજુ હેઠે છે. આહા..હા...! શું કહ્યું, પ્રભુ ? એ વ્યવહારચારિત્ર જ છે તે '**દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી...**' કહેવું હતું આ. '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' આ..હા..હા...! વિષય કષાયનો ભાવ જેમ અશુભ છે – ભોગનો, વિષયનો, ધંધાનો, દુકાને બેસીને પૈસા, ધંધા સાચવવા એ બધું પાપ છે, (એ જ રીતે) દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ એ જ જાતના બંધના કારણ છે. આહા..હા...! આકરું પડે !

પ્રભુ ! તારી પ્રભુતાની તને ખબર નથી, ભાઈ ! આહા..હા...! તારામાં તો અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિનો સાગર છલોછલ ભર્યો છે ! આહા..હા...! ભાઈ ! તારું તત્ત્વ છે, વસ્તુ છે, પદાર્થ છે અને પદાર્થ વસ્તુના સ્વભાવથી ખાલી ન હોય. આહા..હા...! પ્રભુ ! તારા સ્વભાવમાં તો એટલી અનંત આનંદ અને શાંતિ પડી છે... આ..હા..હા...! કે, એનું કોઈ માપ થઈ શકે નહિ એવી વસ્તુ છે !! એવું એ આત્મદ્રવ્ય–વસ્તુ છે. એનાથી આ શુભભાવ (વિરુદ્ધ જાતિના છે). આહા..હા...!

(કોઈને) આકરું લાગે એવું છે. દુનિયાને જાણીએ છીએ, બાપા હોં ! આખા હિન્દુસ્તાનમાં દસ-દસ હજાર માઈલ ફર્યા છીએ. અહીં તો ૯૦ વર્ષ થયા. દુકાન છોડ્યા ૬૭ વર્ષ થયા. હું તો દુકાન ઉપર પણ શાસ્ત્રો વાંચતો. નિવૃત્તિ હતી, નાની ઉમર હતી. ૬૫ની સાલથી (વાંચતો). ૧૮ વર્ષની ઉમર હતી. અત્યારે તો ૯૦ થયા, ૭૨-૭૩ વર્ષ થયા. આહા..હા...! આ ચીજ – ભગવાનની ચીજ કોઈ જુદી ચીજ છે !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, વ્યવહારચારિત્રની જે ક્રિયા (છે) એમાં જે તમે ધર્મ માનો છો એ '**દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' ત્રણ વાત. એક વાત (થઈ). અને '**વિષય-કષાયની માફક...**' આ..હા..હા...! છે ? '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' અશુભભાવ જેમ નિષિદ્ધ છે, પ્રભુ ! એ શુભભાવ પણ નિષિદ્ધ છે. એ કોઈ જન્મ-મરણના અંતને લાવે એવી ચીજ નથી, એ તો સંસાર છે. આ..હા..હા..હા...!

શ્રોતા :– આત્મામાં રહી શકે નહિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– રહી શકે નહિ (અને) આવે તો બંધનું કારણ છે, સંસાર છે.

શ્રોતા :– આથી કોઈ સરલ માર્ગ બતાવો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અંદરમાં જવું એ માર્ગ છે. આહા..હા...! સરળથી ઊંધો તે સરળ કહેવાય ? કરોડ રૂપિયાવાળાને ચાર આના કહેવા કે, આ સરળ છે. તમે ચારઆનાવાળા છો ઇ સરળ છે. એ (વાત) બરાબર છે ? વસ્તુની સ્થિતિ જે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહી (છે) એનાથી બીજી રીતે કહે એ સહેલું કહેવાય ? (એ તો) વિપરીત કહેવાય. સમજાય છે કાંઈ ? સવારે આ શબ્દો કહેવા હતા.

અહીં તો ત્યાં સુધી લીધું છે કે, '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, પાંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતના પરિણામ... (વિષય-કષાય જેવા છે). ભગવાન ! આકરું પડશે, બાપુ ! આહા..હા...! ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની આ આજ્ઞા (છે) – આ હુકમ છે. આહા..હા...! અરે..રે...! સાંભળવા મળે નહિ એ કે'દી સમજે અને કે'દી રુચિ કરે ? બાપુ ! આહા..હા...! અરે..રે...! જન્મ-મરણના ફેરા, ચોરાશીના અવતાર, પ્રભુ ! સાંભળ્યા જાય નહિ એવા ભવ અનંત કર્યા છે. આ..હા...! આ મિથ્યાત્વને લઈને. એ શુભક્રિયામાં ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. આ..હા...!

શ્રોતા :– તપથી નિર્જરા કીધી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– તપ એ ક્યો તપ ? આ નહિ. આ તો બધી લાંઘણું છે. સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ, આનંદનો અનુભવ હોય, એ અનુભવના આનંદમાં ઉગ્ર આનંદનો અનુભવ કરે એને તપ કહેવામાં આવે છે. બાપુ ! જગતથી વ્યાખ્યા જુદી છે, નાથ ! આ..હા...! દુનિયાની બધી ખબર છે, અમે લાખો માણસને જોયા છે, લાખો માણસ પરિચયમાં આવ્યા છે. આ..હા...! પ્રભુ ! મારગડા કાંઈક જુદાં છે. આહા..હા...! એવું છે, હજી એને સાંભળવા મળે નહિ. પચાસ, સાઠ, સિત્તેર વર્ષ એમને એમ ચાલ્યા ગયા. આહા..હા...!

અહીં પ્રભુ કહે છે કે, '**વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' સવારમાં આટલું કહેવું હતું. જેમ વિષય-કષાયનો ભાવ અશુભ છે એમ આ દયા, દાન, વ્રત, ભક્તિનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ શુભ છે. બન્ને વિકાર, બન્ને દુઃખરૂપ અને બન્ને બંધનું કારણ છે. આહા..હા...! એ શુભ-અશુભ પરિણામથી પ્રભુ (ભિન્ન છે). અંદર આનંદનો નાથ પ્રભુ ! સચ્ચિદાનંદ પ્રભુ ! તે પરમેશ્વર જિનેશ્વરે કહેલો ઇ, હોં ! જિનેશ્વર સિવાય આત્મા... આત્મા... લોકો કરે છે એ કોઈએ જાણ્યું નથી અને જાણ્યા વિના વાતું કરે ! અન્ય મતમાં ઘણા બધા આત્મા... આત્મા... તો કરે છે. વેદાંતમાં આત્માની બહુ વાત ચાલે છે. આ તો જિનેશ્વરદેવ પરમેશ્વર સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન જેને પ્રત્યક્ષ થયું છે એવા ત્રણલોકના નાથની આ આજ્ઞા છે, આ ઉપદેશ છે, આ હુકમ છે. આહા..હા...! આ માર્ગ સરળ છે, ઊંધો કહેવો ઇ સરળ છે ?

શ્રોતા :– દર્શન, જ્ઞાન, ચારિત્રમાં ચારિત્ર તો કીધું ?

સમાધાન :– ચારિત્ર (એટલે) આ અંદર આવ્યું ઇ, અંદર ઠર ! એ શબ્દ આજે લીધો, ભાઈ ! જુઓ ! ૩૪મે પાને છે. આ 'કળશ ટીકા' હોં ! જુઓ ! ૩૧મો કળશ. '**ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...**' એ વ્યવહારની દયા, દાનની ક્રિયા રાગ છે, ધર્મ નથી. પુણ્ય છે અને એમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ, અજ્ઞાન અનંત સંસારનું કારણ છે. આ..હા..હા...! અર..ર..ર...! પ્રભુ... પ્રભુ ! આકરું પડે, ભાઈ ! અહીં મારે બીજું કહેવું છે. એમાં ત્રણેય સમાય છે એમ કહેવું છે, ભાઈ ! 'કળશ ટીકા'માં છે. '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' બીજા ઘણા દાખલા છે – આમાં આઠમે પાને છે, પંચ્ચાણુંમે પાને છે, ત્રણ પાને આ (વાત) છે પણ આ વધારે સ્પષ્ટ છે. આ..હા..હા...!

ભગવાનઆત્મા ! સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ ! એને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન અનુભવવો. આ..હા..હા...! એવો જે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, સિદ્ધસ્વરૂપે પ્રભુ ! સ્વભાવે–શક્તિએ છે... આ..હા..હા...! એને અંતર સન્મુખ થઈને અનુભવવો. એ અનુભવ થતાં મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા...! છે ? '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ભાઈ ! આ તો સ્વરૂપાચરણનું જરી ભેગું આવ્યું. આહા..હા...!

મિથ્યાત્વમાં – વિપરીત માન્યતામાં અનંત સંસારમાં મુનિ પણ અનંતવાર થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર, ગૈવેયક ઊપજાયો' આ ગ્રીવાને ઠેકાણે નવમી ગ્રૈવેયક છે. ભગવાને કેવળજ્ઞાનમાં ચૌદ રાજલોક–આ બ્રહ્માંડને અસંખ્યપ્રદેશી લોકના આકારે જોયો છે. લોકની ગ્રીવા છે એ ગ્રીવાના સ્થાને ગ્રૈવેયક છે – નવ ગ્રૈવેયકના પાસડા (છે). ત્યાં સાધુ થઈને અનંતવાર જીવ જઈ આવ્યો છે. એવા પંચ મહાવ્રત તો અત્યારે છે પણ નહિ. એવા પંચ મહાવ્રત, પાંચ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમિતિ, ત્રણ ગુપ્તિ, શુભભાવની ક્રિયા એટલી કે, એને ચામડું ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે ! પણ સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નહિ. આ..હા...! શુભક્રિયાથી ધર્મ થાય (એમ નથી).

અંદર ભગવાનઆત્મા શુભભાવથી ભિન્ન પડ્યો છે. મોટો ચિદ્‌ઘન છે, આનંદકંદ છે એની દૃષ્ટિ અને અનુભવ થતાં મિથ્યાત્વનો નાશ થાય તેને સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. અહીં તો (એમ કહેવું છે કે) તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણની સ્થિરતાનો અંશ – ચારિત્રનો અંશ ત્યાં ભેગો છે. આહા..હા...! આકરી વાતું, બાપુ ! અરે...! વખત ક્યાં મળે આમાં ? એક કોર આખો ’દી દસ-બાર કલાક ધંધો, છ-સાત કલાક ઊંઘમાં જાય, બે-ચાર કલાક બાયડી-છોકરાને રાજી રાખવામાં જાય. અર..ર..ર...! એકલા પાપમાં જિંદગી (પૂરી થઈ જાય). અહીં તો કહે છે કે, એ પાપ છોડીને કદાચિત્ દયા, દાન, વ્રતમાં પુણ્યમાં આવી ગયો... આ..હા..હા...! તોપણ એ સંસાર છે, બાપુ ! એને તું ધર્મ માન તો મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ અનંત સંસારમાં પરિભ્રમણનું કારણ છે. આ..હા..હા...! અહીં તો એટલું (બતાવવું છે કે) આઠમે પાને છે અને પંચ્યાણુંમે પાને છે. અહીં લખ્યું છે. પણ ત્રણમાં આ વધારે મુખ્ય (છે). આહા..હા...! ૩૧મો કળશ છે. ‘કળશટીકા’ છે. એવા તો હજારો શાસ્ત્રો જોયા છે ને !

શ્રોતા :– પાંચમા આરામાં અનુભવ તો થઈ શકે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોણ કહે છે કે ન થઈ શકે ? પાંચમા આરામાં આત્મા છે કે નહિ ? આરો કોને નડે છે ?

આ..હા..હા...! આનંદકંદ પ્રભુ ! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે, પ્રભુ ! (તેં) સાંભળ્યો નથી. આહા..હા...! ઇ ભગવત્‌સ્વરૂપ છે ! ‘ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન’ બાપુ ! પ્રભુ ! આચાર્યો તો ‘ભગવાન’ તરીકે બોલાવે. ભલે તું પર્યાયમાં પામર હો પણ વસ્તુ તારી ભગવાન છે, બાપુ ! તને ખબર નથી. અને ભગવંતસ્વરૂપે જો આત્મા ન હોય તો પર્યાયમાં કેવળજ્ઞાન ભગવંત ક્યાંથી લાવશે ? ક્યાંથી આવશે ?

પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. સમવસરણમાં અત્યારે આમ બિરાજે છે. ઉપદેશ ચાલે છે, ઇન્દ્રો ને સિંહ ને વાઘ ને ગણધરો સભામાં સાંભળે છે. આ..હા..હા...! ‘સીમંધર પ્રભુ’ આદિ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. આ સામાયિક કરતા આજ્ઞા નથી લેતા ? ક્યાં એને સામાયિકની પણ ક્યાં ખબર છે અને આજ્ઞાની પણ ક્યાં ખબર છે ? એ પરમાત્મા પાસે આ ‘કુંદકુંદાચાર્ય’ ગયા હતા. સંવત–૪૯ ! બે હજાર વર્ષ થયા. આઠ ’દી ત્યાં રહી ભગવાનને તો સીધા સાંભળ્યા. સાક્ષાત્ સમવસરણમાં પ્રભુ બિરાજે છે, અત્યારે છે. એ તો વીસમાં ‘મુનિસુવ્રત ભગવાન’ જ્યારે અહીંયાં થયા ત્યારનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ 'સીમંધરસ્વામી'નો જન્મ છે. અને અહીં આવતી ચોવીશીના તેરમા તીર્થંકર થશે ત્યારે (સિદ્ધ થશે). પ્રભુ અત્યારે અરિહંત પદે છે. ણમો અરિહંતાણં ! ચાર (ઘાતિ) કર્મ નાશ થયા (છે), ચાર (અઘાતિ) કર્મ બાકી છે. એ તેરમા તીર્થંકર વખતે ચારનો નાશ કરી સિદ્ધ થશે – ણમો સિદ્ધાણં ! જેમ ચોવીસ તીર્થંકરો અત્યારે સિદ્ધમાં ભળ્યા છે. અત્યારે અરિહંતમાં નથી. 'ઋષભદેવ', 'મહાવીર' આદિ અહીં બિરાજતા હતા ત્યારે અરિહંત પદે હતા. અત્યારે ણમો સિદ્ધાણંમાં છે. એમ ('સીમંધર') પ્રભુ બિરાજે છે એ અરિહંત પદમાં છે. એ આવતી ચોવાશીના તેરમા તીર્થંકર કાળે સિદ્ધ થઈ જવાના છે – ણમો સિદ્ધાણંમાં જવાના. આહા..હા...! અરે..રે...! આવું કેમ બેસે ? એની પાસે પ્રભુ 'કુંદકુંદાચાર્ય' ગયા હતા. એની આ વાણી છે. હવે આપણે ('પ્રવચનસાર'નો) ચાલતો અધિકાર (લઈએ).

**'જેમ દ્રવ્યસ્થાનીય...'** ઝીણી (વાત) છે, બાપુ ! ધ્યાન રાખજો ! સમજાય એવું છે, બાપુ ! ન સમજાય એવું કાંઈ નથી. અરે... પ્રભુ ! અંદર કેવળજ્ઞાનનો કંદ છે ને ! આહા..હા...! શું કહે છે ? છે નીચે ? **'જેમ દ્રવ્યસ્થાનીય (–દ્રવ્ય સમાન,..)'** જેમ આત્મા દ્રવ્ય છે, પરમાણુ દ્રવ્ય છે (એમ) છ દ્રવ્ય છે. ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયાં. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે છ દ્રવ્ય જોયાં છે. આત્મા–જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. આ છ દ્રવ્ય જોયા છે. એમાં આત્મા અનંત છે, પરમાણુઓ એનાથી અનંતગુણા છે, કાળાણુ અસંખ્ય છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક-એક છે. એમ ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્યો જોયા છે. એ દ્રવ્યના સ્થાનનો અહીંયાં દૃષ્ટાંત છે.

દ્રવ્ય એને કહીએ કે, **'(–દ્રવ્ય સમાન, દ્રવ્યના દૃષ્ટાંતરૂપ) સુવર્ણ પીળાશ વગેરે ગુણોને...'** આ સોનું ! સોનું છે ને સોનું ? એ **'પીળાશ વગેરે ગુણોને અને કુંડળ વગેરે પર્યાયોને પામે...'** છે. સોનું પોતાના ગુણ અને પર્યાયને પ્રાપ્ત કરે છે, ગુણ અને પર્યાયને પહોંચે છે. આહા..હા...! આકરી વાત છે, પ્રભુ ! શું કહે છે ? એ સોનું જે છે એનામાં પીળાશ, ચીકાશ આદિ અનંત ગુણ છે એને ઇ દ્રવ્ય પહોંચે છે અને એની વર્તમાન અવસ્થા થાય તેને તે દ્રવ્ય પ્રાપ્ત કરે છે. સોનીથી એ કડાની અવસ્થા થઈ (એની) અહીં ના પાડે છે. આ..હા..હા...! આવું કામ છે !

એ **'(સુવર્ણ) તેમના વડે (–પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયો વડે) પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી દ્રવ્યસ્થાનીય સુવર્ણ 'અર્થ' છે,...'** તેથી દ્રવ્યને ઠેકાણે સોનું (છે) તેને 'અર્થ' કહેવામાં આવે છે. કેમ તેને–સોનાને અર્થ કહેવામાં આવે છે ? (કેમકે) તે પોતાના ગુણ અને પર્યાયને (પ્રાપ્ત કરે છે). ગુણ એટલે કાયમ રહેનારા પીળાશ, ચીકાશ, વજન. અને પર્યાય એટલે કુંડળ, કડાં વગેરે બદલતી અવસ્થા. એવી શક્તિ અને અવસ્થાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે સોનું પ્રાપ્ત કરે છે અથવા તે પર્યાય વડે, ગુણ વડે દ્રવ્ય પ્રાપ્ત થાય છે. માટે દ્રવ્યને સ્થાને... આહા..હા...! અહીંયાં સોનું કહેવામાં આવ્યું છે. સમજાણું ? '**દ્રવ્યસ્થાનીય સુવર્ણ 'અર્થ' છે,...**' આહા..હા...! આવું સાંભળવું (મુશ્કેલ પડે). પેલું તો મિચ્છામી દુક્કડમ્ (સહેલું હતું). અપ્પાણં શું કહેવાય અને વોસરે શું કહેવાય એની પણ ખબર ન મળે. ઘડિયો હાંકી ગયો, પૂરું થઈ ગયું. થઈ ગઈ સામાયિક ! આહા..હા...! પ્રભુ ! મારગડા જુદાં, બાપા ! જિનેશ્વર વીતરાગ... આ..હા...!

દુનિયાના ડાહ્યા થઈને ફરે, કાંઈક પાંચ-પચાસ લાખ ધૂળ મળે (એટલે થઈ રહ્યું). 'ગોવા'ના (એક ભાઈ પાસે) બે અબજ ચાલીસ કરોડ રૂપિયા ! ગુજરી ગયા. હમણાં પોણા બે વર્ષ થયા. છોકરા છે (એ) આવ્યા હતા. હમણાં અમે 'મુંબઈ' હતા (ત્યારે) છોકરો દર્શન કરવા આવ્યો હતો. બે અબજ ચાલીસ કરોડ ! દસાશ્રીમાળી વાણિયા છે. 'જોરાવરનગર'માં એનાં મકાન છે. બે અબજ અને ચાલીસ કરોડ ધૂડ છે ! આ..હા..હા...! પોણા બે વર્ષ પહેલાં એની વહુને... શું કહેવાય આ ? હેમરેજ થઈ ગયું. ત્યાં ચાલીસ લાખનો બંગલો – મકાન છે. દસ-દસ લાખના બીજા બે બંગલા 'ગોવા'માં છે. આપણાં દસાશ્રીમાળી વાણિયા (છે).

અહીં તો બધું જોયું છે, બાપા ! આ..હા...! દુકાન પર હતા ત્યારે બધું (જોયું છે). સત્તર વર્ષની ઉંમર હતી, પિતાજી (સંવત) ૬૩ની સાલમાં ગુજરી ગયા. (સંવત) ૫૯માં ગયા હતા. આ દેહનો જન્મ 'ઉમરાળા' થયો છે ને ! આ 'ઉમરાળા' અહીંથી અગિયાર માઈલ (છે). દુકાન 'પાલેજ'માં (છે), ૫૯(ની સાલમાં) ગયેલા. પિતાજી ૬૩માં ગુજરી ગયા. ત્યારે મારી ઉંમર સત્તર વર્ષની (હતી). મેં સત્તરથી બાવીસ (એમ) પાંચ વર્ષ ભાગીદારીમાં દુકાન ચલાવી હતી. દુકાન મોટી છે, ચાલીસ લાખ રૂપિયા છે, 'પાલેજ'માં અત્યારે દુકાન છે. ચાર લાખની પેદાશ છે. એ વખતની એ મારા હાથની દુકાન છે. ધૂડની બધી...! ધૂડની, હોં ! આ..હા...! એ ધૂડ–માટી છે. આહા..હા...! પુદ્ગલ છે... પુદ્ગલ ! એ પ્રભુ નહિ, આત્મા નહિ, ભાઈ ! એ અજીવને જીવ પોતે મારા માને એ મહામિથ્યાત્વ છે. અજીવને જીવ માને (એ મિથ્યાત્વ છે). પ્રતિક્રમણમાં પચીસ (પ્રકારના) મિથ્યાત્વમાં આવે છે – અજીવને જીવ માને તે મિથ્યાત્વ. પણ કોને ખબર છે ? ઘડિયા હાંકે જાય ! અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને (તો મિથ્યાત્વ). હજી સાધુની ખબર ન મળે. સાધુ કોને કહેવા, બાપા ? હજી સમ્યગ્દર્શન શું છે એની ખબરું ન મળે. આહા..હા...!

અહીં કહે છે, '**સુવર્ણ 'અર્થ' છે.**' કેમ ? સોનાને અર્થ કહે છે. કેમ ? કેમકે પોતાના ગુણ, પર્યાયને પહોંચી વળે અને ગુણ, પર્યાય વડે પ્રાપ્ત થાય માટે. તેમ દરેક આત્મા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમાણુને અર્થ કેમ કહે છે? દરેક આત્મા અને દરેક પરમાણુને પરમાત્મા અર્થ કહે છે, કેમ ? (કેમકે) દરેક દ્રવ્ય – આત્મા અને પરમાણુ પોતાના ગુણ, પર્યાયને પહોંચી વળે છે અને ગુણ, પર્યાય વડે પહોંચાય છે. આ..હા..હા...! આકરી વાતું, બાપા !

એક તો સોનું કુંડળ અને કડાંની પર્યાયને પહોંચી વળે છે, ઇ સોનીથી નહિ, એરણથી નહિ. બાપા ! એ સ્વતંત્ર દ્રવ્ય છે. એમ આ ભગવાનઆત્મા અને આ પરમાણુઓ... આ જે અવસ્થા છે, આ જુઓ ! આ અવસ્થા પરમાણુની જડની અવસ્થા છે, આ માટીની અવસ્થા છે. આ અવસ્થાના પરમાણુ પહેલાં ધૂડપણે હતા. પછી એ પરમાણુ ઘઉંપણે હતા, પછી એ પરમાણુ લોટપણે હતા, પછી એ પરમાણુ રોટલીપણે હતા, એ પરમાણુ અત્યારે લોહીપણે થયા છે. પરમાણુ કાયમ રહેનારા (છે) અને આ અવસ્થાઓ બદલી છે. આ..હા...! એ અવસ્થાને પરમાણુ પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. આ..હા..હા...!

આ હાથ હાલે એની અવસ્થાને ઇ પરમાણુ પ્રાપ્ત કરે છે અને એ પર્યાયથી આ દ્રવ્ય છે એમ જણાય છે. આત્મા એ પરની–શરીરની પર્યાયને કરે (એમ નથી). આ..હા..હા..હા...! ભારે કામ આકરું ! એ સુવર્ણને અર્થ આમ કહેવામાં આવે છે. એમ દરેક દ્રવ્યને (અર્થ કહેવામાં આવે છે) ઇ છેલ્લે કહેશે. '**તેમ અન્યત્ર પણ છે.**' કહેશે, ઇ છેલ્લો શબ્દ છે. આ તો દૃષ્ટાંત આપીને (કહે છે), ગાથા કાલે થઈ ગઈ હતી. આહા..હા...! વાત એવી આકરી છે, બાપા ! વીતરાગ માર્ગ, પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ જિનેશ્વરનો માર્ગ અત્યારે તો ઊંધે રસ્તે ચડાવી દીધો છે. આહા..હા...!

શ્રોતા :– ઊંધે ચડ્યો હતો ત્યાંથી પાછો વાળ્યો છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! સોનું જેમ પોતાની પીળાશ, ચીકાશ ગુણને પ્રાપ્ત કરે છે અને કુંડળ, કડાંની અવસ્થા થાય તેને સોનું પ્રાપ્ત કરે છે, સોનીથી નહિ, એરણથી નહિ, હથોડાથી નહિ. આહા..હા...! એ જે સોનાની કુંડળ, કડાંની પર્યાય (થઈ) એ દ્રવ્યને પ્રાપ્ત કરે છે. એટલે કે એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય. આ પર્યાય કોની ? કે, (આ) દ્રવ્યની છે. એ પર્યાય પરને લઈને થઈ છે અને પરની છે એમ નથી. અરે.. અરે...! આહા..હા...!

આ હોઠ હલે છે. આ માટી છે, આ પુદ્‌ગલ પરમાણુ છે. આ હોઠ આમ... આમ... હલે છે ઇ અવસ્થાને એ જડ પરમાણુ છે ઇ પહોંચી વળે છે. આત્માને લઈને આ હોઠ હલે છે એમ ત્રણકાળ ત્રણલોકમાં (છે) નહિ. અર..ર..ર... આવું બેસવું ! સમજાણું કાંઈ ?

આ આંખ જે આમ... આમ... થાય છે એ પરમાણુઓ છે તેની એ પર્યાય છે. એ પરમાણુઓ તેની એ પર્યાયને પ્રાપ્ત કરે છે અને એ પર્યાય દ્વારા આ પરમાણુ છે તેમ જણાય છે. પણ આમ.. આમ.. થાય એ પર્યાયને આત્મા કરે છે (એમ) ત્રણકાળ ત્રણલોકમાં (નથી). આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભારે આકરું કામ ! આવો વીતરાગનો માર્ગ હશે !? અમે તો એવું સાંભળ્યું છે કે, છકાયની દયા પાળવી, વ્રત પાળવા, આ ચોવીયાર કરવો, રાત્રે આહાર ન કરવો, પાણી ન પીવું, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, છ પરબી કંદમૂળ ન ખાવા...! અરે... પ્રભુ ! એ બધી વાતું રાગની ક્રિયાની વાતું છે. આહા..હા...!

ભગવંત્ ! તને તારા સ્વરૂપની મહત્તા અને માહાત્મ્ય નથી. એ કોણ છે પ્રભુ આત્મા અંદર ? એ તો વર્તમાન એની જે પર્યાય–અવસ્થા (છે) એના ઉપર એની નજર છે. પણ એ જે પર્યાય પલટે છે એની જોડે અંતરમાં ધ્રુવ ભગવાન, ધ્રુવ છે, નિત્ય છે, પ્રભુ ! એને જોવા એ કોઈ 'દી નવરો થયો નથી. આ..હા..હા...!

અહીં કહે છે, જેમ સુવર્ણ અર્થને સ્થાને છે એમ દ્રવ્ય ગુણ, પર્યાયને પ્રાપ્ત કરે છે અથવા ગુણ, પર્યાય વડે પ્રાપ્ત થાય છે માટે તે દ્રવ્યને અર્થસ્થાનીય કહેવાય છે. દ્રવ્ય–આત્મદ્રવ્ય કે પરમાણુને અર્થ કહેવાય છે. અરે.. અરે...! આવી વાતું ! નવો સાંભળવા આવ્યો હોય (એને ઘરે કોઈ પૂછે કે) 'તમે શું સાંભળ્યું ?' 'કોણ જાણે શું કાંઈક કહેતા હતા... આ દ્રવ્ય આ પ્રાપ્ત કરે ને આ કરે...' અરે... પ્રભુ ! અરે...! પ્રભુની વાણી તો આ છે, બાપા ! આહા..હા...!

(અહીંયાં) સુવર્ણ આવ્યું ને ? હવે ગુણ આવ્યા, ગુણ અને પર્યાય. **'જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે પામે–પ્રાપ્ત કરે–પહોંચે છે અથવા (તેઓ) આશ્રયભૂત સુવર્ણ વડે પમાય...'** છે. સોનાથી એ ગુણ જણાય છે અને ગુણ વડે તે સોનું છે તેમ જણાય છે. (એ રીતે) એ **'પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી પીળાશ વગેરે ગુણો 'અર્થો',...'** કહેવાય છે. તેથી સોનાને જેમ અર્થ કીધો, કેમકે ગુણ, પર્યાયને પ્રાપ્ત કરે અને ગુણ, પર્યાય વડે પ્રાપ્ત થાય માટે તેને અર્થ કહીએ. હવે ગુણને અર્થ કેમ કહ્યો ? (કેમકે) દ્રવ્ય, ગુણને પ્રાપ્ત કરે અને ગુણ દ્વારા દ્રવ્યને પ્રાપ્ત થાય માટે ગુણને પણ અર્થ કહેવામાં (આવે છે). આ અર્થ એટલે આ પૈસો નહિ, હોં ! ધર્મ, અર્થ અને કામ ત્રણ નામ નથી આવતા ? ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષય-ભોગ. આહા..હા...!

**'તેથી પીળાશ વગેરે ગુણો 'અર્થો' છે,...'** એમ આ આત્મા (છે) એમાં જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) ત્રિકાળી ગુણ છે. તે ગુણને તે આત્મા પ્રાપ્ત કરે છે અને તે ગુણ વડે તે આત્મા જણાય છે કે, આ ગુણ આના છે. આહા..હા...! ત્યાં તો હજી ઠીક, પર્યાયમાં જરી ઝીણું આવશે. આહા..હા...!

**'અને જેમ કુંડળ વગેરે પર્યાયો...'** સુવર્ણમાંથી જે કુંડળ, કડાં, વીંટી થાય તે **'સુવર્ણને ક્રમપરિણામથી પામે...'** છે. સુવર્ણને ક્રમપરિણામથી તે પર્યાય પામે છે. આ..હા..હા...! એ કુંડળ, કડાંની પર્યાય સોના વડે થાય છે અને એ પર્યાય દ્વારા સોનું જણાય છે કે, આ પર્યાય આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સોનાની છે. સોનીથી એ પર્યાય થાય છે એમ નથી. અર..ર..ર...! આવી વાતું ! ભગવાનનો માર્ગ ભાઈ, બહુ ઝીણો છે. ચાલતા પ્રવાહથી બીજો લાગે પણ ત્રણેકાળે પરમાત્માનો માર્ગ તો આ એક જ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ' ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો આ એક જ માર્ગ છે.

(અહીંયાં) પર્યાયમાં શું કહ્યું ? કે, સોનું છે ઇ કુંડળ, કડાંની પર્યાયને પહોંચી વળે છે, સોની નહિ. તેમ ઇ કુંડળ, કડાંની પર્યાયથી આ સોનું છે તેમ જણાય છે. એમ આ આત્માની જે વિકારી કે અવિકારી પર્યાય છે એને એ આત્મા પહોંચી વળે છે, કર્મને લઈને વિકાર થાય છે અને કર્મના અભાવને લઈને સમ્યગ્દર્શન થાય છે એમ નહિ. આહા..હા...!

ફરીને, આત્મામાં જે મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનની પર્યાય થાય છે તે પર્યાયને તે દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પામે છે. આ..હા..હા...! મિથ્યાત્વને દર્શનમોહનો ઉદય છે માટે મિથ્યાત્વ પમાય છે એમ નથી. કર્મ જુદી ચીજ – જડ છે, એ તો માટી, ઝીણી ધૂડ છે. જેમ આ ધૂડ છે એવી (એ) ધૂડ છે.

લોગસ્સમાં 'વિહ્યરયમલા' આવે છે. એની પણ એને ક્યાં ખબર છે ? લોગસ્સમાં 'વિહ્યરયમલા' આવે છે. હે નાથ ! હે પરમાત્મા ! આપે 'વિહ્ય' (અર્થાત્) વિશેષે 'હ્ય' ધૂઈ (એટલે) જેમ ધૂડ ચોંટી હોય અને પંખડી આમ ખંખેરી નાખે, એમ હે નાથ ! આપે રજ – કર્મની રજને ખંખેરી નાખી છે. 'રયમલા' છે ને ? અને 'મલ' એટલે હે નાથ ! આપે 'મલ' (નામ) પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ મળ હતા; પેલી આઠ કર્મની રજ હતી અને આ મળ હતા, બન્નેને આપે ટાળ્યા છે. આહા..હા...! કોને અર્થની ખબર છે ? જય નારાયણ (કરીને ચાલ્યા જાય) ! એક કલાક માંડ જાય... જય મહારાજ ! સામાયિક કરી, પૌષધ કર્યા..! આહા..હા...! બાપુ ! એ વચનો જુદાં, ભાઈ ! ઓલો આડીઅવળી જે-તે પ્રરૂપણા કરે... જય નારાયણ ! જય.. જય.. પ્રમાણ વચન ! ખબર ન મળે સત્ય પ્રમાણ કોને કહેવું ! પાગલની પેઠે દુનિયા પાગલ છે. આ..હા..હા...!

જોયું ? કુંડળ, કડાંની પર્યાયને સોનું પહોંચી વળે છે. છે ? '**અથવા (તેઓ સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય...) છે.**' એ પર્યાયને દ્રવ્ય પામે છે અને અને પર્યાયથી દ્રવ્ય પમાય છે. એ પર્યાય એમ જણાય છે કે, આ સોનું દ્રવ્ય છે એની એ પર્યાય છે. આ..હા...! એમ આ પરમાણુ – શરીર માટી, ધૂડ છે એની જે આ હાલવાની અવસ્થા થાય છે એને – એની પર્યાયને એના પરમાણુ છે એ પહોંચી વળે છે, આત્માને નહિ. અને એ પર્યાય વડે આ પરમાણુ છે તેમ જણાય છે. એ પર્યાય વડે, અંદર આત્મા હલાવે છે માટે હલે છે એમ જણાતું નથી. આહા..હા...! આવી વાતું ! એક કલાકમાં કેટલી વાતું ! બધી ફેરફારવાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાતું !

અહીં તો બધી દુનિયાને જાણીએ છીએ ને ! ૪૦-૪૦ હજાર માણસ વચ્ચે વ્યાખ્યાન આપ્યા છે. સંપ્રદાયમાં ૩-૩ હજાર માણસ વચ્ચે (વ્યાખ્યાન આપ્યા છે). 'રાજકોટ' ! (સંવત) ૮૯ની સાલ. કેટલાં વર્ષ થયાં ? ૪૬. ૮૯નું ચોમાસુ 'રાજકોટ'માં હતું ને ? બહાર સ્થાનકવાસીની ભોજનશાળા છે ને ? ત્રણ-ત્રણ હજાર માણસ ! ૮૯(ની સાલ). દોઢ કલાક પહેલાં તો મોટરની ઠઠ જામી જાય ! ૮૯ની વાત છે. 'રાજકોટ', 'જામનગર', 'પોરબંદર' બધે ઠેકાણે (વ્યાખ્યાન) કર્યા છે ને ! આહા..હા...! આ વસ્તુ જુદી, બાપુ !

એ સોનું જેમ એની પર્યાયને પહોંચે છે અને પર્યાય સોનાને પહોંચે છે. એ પર્યાય એમ જણાય છે કે, આ સોના–દ્રવ્યની છે. એમ. એ પર્યાય સોનીએ કરી છે એમ જણાતું નથી, કહે છે. આહા..હા...!

શ્રોતા :– ઘરેણાં તો કોઈ બાઈના હોય, પુદ્ગલના હોય !?

સમાધાન :– બાયડુના દાગીના છે જ નહિ. આત્મા પોતે જ બાયડી નથી. આહા..હા...! સ્ત્રી તો આ શરીરને એમ કહેવાય છે. આ પુરુષનું શરીર અને એની ઇન્દ્રિય આદિ અને સ્ત્રીના અવયવોને – એ જડ–માટી–ધૂડને સ્ત્રી અને પુરુષ કહેવાય છે. પ્રભુ ! સ્ત્રી-પુરુષ આત્મા નથી. આહા..હા...! અરે..રે...! આ શરીરના જે બધા અવયવો છે એની પર્યાયને આ પરમાણુ પહોંચી વળે છે, આત્માથી નહિ. અર..ર..ર...! આવી વાતું, બાપુ ! સ્ત્રી-પુરુષ એ આત્મા નહિ. એ તો જડની અવસ્થાનું વર્ણન છે, પ્રભુ ! સ્ત્રી-પુરુષની જે દેહની અવસ્થા (છે) તે તેના જે પુદ્ગલ પરમાણુ છે તે તેની પર્યાયને પહોંચી વળે છે. ભગવાનઆત્માએ તે પર્યાયને કરી નથી. આ..હા..હા...! પુરુષના ઇન્દ્રિયોનો આકાર અને સ્ત્રીના ઇન્દ્રિયના આકારને પુદ્ગલે કર્યા છે, આત્માએ નહિ. ભગવાન અંદર જુદો (છે) અને આ જુદી ચીજ (છે). આહા..હા...!

આત્મા પોતાના રાગને (અથવા) સમ્યગ્દર્શનને પહોંચી વળે – પોતાની પર્યાયને (પહોંચી વળે) અને રાગ અને સમ્યગ્દર્શન દ્વારા આ આત્મા છે તેમ ખ્યાલમાં આવે. એ પર્યાય આ દ્રવ્યની છે એમ ખ્યાલમાં આવે. પણ એ પર્યાય પરદ્રવ્યની છે, કર્મને લઈને જીવમાં વિકાર થયો છે – બિલકુલ જૂઠું છે. આ..હા..હા..હા...! આવી વાતું ! નવરાશે ક્યાં છે !? સત્ય શું છે ? અસત્ય શું છે ? આપણે શું માનીએ છીએ ? અને પરમાત્મા શું કહે છે ? એની તુલના કરવાનો વખત પણ ન મળે ! આહા..હા...! અને એ બધાને માથે બેઠેલા બિચારા સાધુની દૃષ્ટિ પણ મિથ્યા ! અને ઇ વાતું કર્યા કરે.. દયા પાળો, વ્રત કરો, આ કરો.. આ કરો... આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અહીંયાં) એ કહે છે કે, મિથ્યાત્વની પર્યાયને, વિપરીત માન્યતાની દશાને આત્મા પ્રાપ્ત કરે છે. અથવા સમ્યગ્દર્શનની પર્યાય (અર્થાત્) રાગથી ભિન્ન મારી ચીજ (છે), હું શુદ્ધ ચૈતન્ય આનંદનું વેદન કરનારો, એવું જે સમ્યગ્દર્શન–એ સમ્યગ્દર્શનની પર્યાયને આત્મા પ્રાપ્ત કરે છે અને પર્યાય દ્વારા આ આત્મા છે તેમ જણાય છે. પર્યાય દ્વારા આત્મા છે એમ જણાય. ઇ પર્યાય આત્માની છે એમ જણાય. એ પર્યાય પરથી થઈ છે એમ નહિ. આવી વાતું હવે ! કઈ જાતની વાત આ !? બાપુ ! વીતરાગનો માર્ગ બહુ જુદી જાત છે, ભાઈ ! જિનેશ્વરદેવ પરમાત્મા બિરાજે છે, મહાવિદેહમાં સાક્ષાત્ સમવસરણ બિરાજે છે ! આ..હા..હા...! એની આ વાણી છે. આ..હા...! બેસવું કઠણ પડે જગતને, ભાઈ ! આહા..હા...! શું કહ્યું ?

‘**કુંડળ વગેરે પર્યાયો સુવર્ણને ક્રમપરિણામથી...**’ ‘**ક્રમપરિણામ**’ (કહ્યું) જોયું ? ક્રમે.. ક્રમે ! સોનાની પર્યાય થાય એ ક્રમસર–ક્રમબદ્ધ થાય, આઘી-પાછી ન થાય. આ..હા..હા...! સુવર્ણમાં જ્યારે કુંડળનું થવાનું હોય ત્યારે થાય, વીંટી થવાની હોય ત્યારે થાય, કડું થવાનું હોય ત્યારે થાય, તે કાળે ક્રમે થવાની તે પર્યાયને સુવર્ણ પહોંચી વળે છે. સોનીને એમ થયું કે, આને કડું કરું માટે કડું થાય, આને વીંટી કરું માટે વીંટી થાય, એમ ના પાડે છે, પ્રભુ ! આ..હા..હા...! આ તે કઈ જાતનો આવો ઉપદેશ !? આ જૈન પરમેશ્વરનો હશે !? અહીં તો અમે પચાસ-સાઠ વર્ષથી સાંભળીએ છીએ કે, આ વ્રત કરો, તપ કરો, ભક્તિ કરો... આ વળી આવું નવું ક્યાંથી કાઢ્યું ? અરે.. ભગવાન !

શ્રોતા :– પુણ્યનો જોગ હોય ત્યારે આવું સાંભળવા મળે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ..હા..હા...! બાપુ ! ભાગ્ય વિના આવી વાત કાને પડવી મુશ્કેલ, બાપુ ! ઓલા પૈસાવાળા ભાગ્યવાન કહેવાય છે એ તો બધા ભાંગશાળી છે ! આવી સત્ય વાત કાને પડવી એ ભાગ્યશાળી છે !!

હમણાં ‘મુંબઈ’માં (એક ભાઈ) દર્શન કરવા આવ્યા હતા. પચાસ કરોડ ! વૈષ્ણવ છે. સ્ત્રીઓ જૈન શ્વેતાંબર, ઘરમાં બધી બાઈયું જૈન અને આદમીઓ બધા વૈષ્ણવ. આવ્યા હતા, દર્શન કરવા આવ્યા હતા. ઘરે લઈ ગયા હતા. ‘મહારાજ ! પગલાં કરશો ?’ બાઈ શ્વેતાંબર જૈન ખરી ને ? (એટલે કહ્યું કે) ‘મહારાજ ! મને મંગળીક સંભળાવો !’ (ઘરે) ગયા હતા. (અહીં) આવ્યા ત્યારે હજાર રૂપિયા મૂક્યા હતા. ઘરે ગયા હતા ત્યારે પંદરસો (રૂપિયા) જ્ઞાનખાતે મૂક્યા હતા. અહીં જ્ઞાનખાતું છે ને ? એને ખાતે. પણ એ બધી બહારની વાતું ! આહા..હા...! ગૂંચાઈ ગયેલા, પચાસ કરોડ રૂપિયા ! ‘હોંગકોંગ’માં દુકાનો, ‘મુંબઈ’માં દુકાનો, અહીં-ત્યાં દુકાનો... ધૂડમાં છે. એવા મુનિમો ! પચાસ કરોડ પ્રમાણે એને જુદી-જુદી જાતની દુકાનો પણ હોય ને ? હોળી હળગતી હોય ! દુનિયા એમ માને કે, આ સુખી છે ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બધા દુઃખી છે. ભગવાન તો એમ કહે છે કે, એ બધા કરોડપતિ, અબજોપતિ, દેવો... (એવો) પાઠ છે (કે), વરાંકા.. વરાંકા – ભિખારી છે. એમ કીધું છે. ભિખારી છે. કેમકે માંગે છે. માંગણ છે માળા. પૈસો લાવો, આબરૂ લાવો, બાયડી લાવો, છોકરાં (લાવો)... કેટલું માંગે છે પ્રભુ તું ? તારામાં અનંત ગુણ ભર્યા છે. આનંદ અને શાંતિ (છે) એને તો તું અંદર જોવા માંગતો નથી અને ધૂડને લાવો, પૈસા લાવો, પાંચ હજારનો પગાર હોય (તો કહે) દસ હજારનો કરો ! મોટા ભિખારીઓ ! મોટા માગણો છો ! આહા..હા...!

એ તો દરબાર આવ્યા હતા એને પણ કીધું હતું ને ? ભાવનગર દરબાર આવ્યા હતા ને ? કરોડ રૂપિયાની ઊપજ છે ને ? 'કૃષ્ણકુમાર' ! મરી ગયો. અહીં તો બધા આવે, કરોડોપતિ આવે, અબજોપતિ આવે અને રાજા પણ આવે. એને મેં કહ્યું હતું 'રાંક, ભિખારી છો ! મહિને પાંચ લાખ માંગે તો ભિખારી (છે) અને કરોડ માંગે તો મોટો ભિખારી – માગણ છે.' (આવું સાંભળીને કહે) 'સાચી વાત, મહારાજ !' અમારે ક્યાં એની પાસેથી પૈસો લેવો છે કે, (એને) રાજી કરીએ ! 'કૃષ્ણકુમાર !' ભાવનગર દરબાર, ગુજરી ગયા. એનો દીકરો છે ઇ પણ વ્યાખ્યાનમાં આવ્યો હતો. આ..હા...! બચારા ભિખારા છે, કાંઈ ખબરું ન મળે. આ આત્મા શું છે ? અને પર્યાય શું થાય છે ? તે પર્યાય એટલે કોની ? હજી દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણના નામ પણ ન આવડતા હોય ! જૈનમાં જન્મ્યા હોય એને ! દ્રવ્ય, ગુણ અને પર્યાય એની તો આ વ્યાખ્યા છે. દ્રવ્યને અર્થ કેમ કહેવો ? ગુણને અર્થ કેમ કહેવો ? પર્યાયને અર્થ કેમ કહેવો ? એની તો આ વ્યાખ્યા છે. આ તો હજી પહેલો પાઠ છે. આહા..હા...!

'**અથવા (તેઓ સુવર્ણ વડે ક્રમપરિણામથી...)**' સોના વડે કુંડળ, કડાંની ક્રમપરિણામથી– ક્રમે થવાની પર્યાયથી પમાય છે. આ..હા..હા...! એ સોનીની ઇચ્છા પ્રમાણે થાય છે, એમ નહિ. એમ કહે છે. કુંભાર ઘડો કરે છે, એમ નહિ. અર..ર..ર...! એ ઘડાની પર્યાયને એના જે માટીના પરમાણુ (છે) તે પહોંચી વળે છે. આહા..હા...! ભારે આકરું કામ ! આ તો હજી પહેલાં એકડાના મીંડાની વાતું છે. '**(સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય–પ્રાપ્ત કરાય–પહોંચાય છે તેથી કુંડળ વગેરે પર્યાયો 'અર્થો' છે,...)**' તેથી તે કુંડળને – પર્યાયને અર્થ કહેવામાં આવે છે. કેમકે તે દ્રવ્યથી પમાય છે અથવા એનાથી દ્રવ્યો જણાય છે માટે તેને અર્થ કહેવામાં આવે છે. એ દૃષ્ટાંત થયો.

'**(તેમ અન્યત્ર પણ છે).**' અન્યત્ર એટલે બધા દ્રવ્યોની અંદર – અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, દરેક પોતપોતાના ગુણ, પર્યાયને પ્રાપ્ત કરે છે. એની પર્યાય પ્રાપ્ત કરવા માટે બીજા દ્રવ્યને કારણે અવસ્થા થાય છે એ ત્રણકાળમાં (નથી). આ..હા..હા...! આવું...! 'અન્યત્ર' છે ને ? '**તેમ અન્યત્ર પણ છે. (અર્થાત્ આ દૃષ્ટાંતની માફક સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં પણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સમજવું).**' નીચે (અન્યત્રનો અર્થ) છે.

'જેમ સુવર્ણ પીળાશ વગેરેને અને કુંડળ વગેરેને પામે છે અથવા પીળાશ વગેરે અને કુંડળ વગેરે વડે પમાય છે (અર્થાત્ પીળાશ વગેરે અને કુંડળ વગેરે સુવર્ણને પામે છે) તેથી સુવર્ણ 'અર્થ' છે.' એને અર્થ કેમ કીધો (તેનો ખુલાસો છે). 'તેમ દ્રવ્ય 'અર્થ' છે;...' તેમ દરેક આત્મા અને દરેક પરમાણુ અર્થ છે. કેમ ? કેમકે પોતે પોતાના ગુણ અને પર્યાયને પહોંચી વળે છે અને ગુણ, પર્યાય વડે દ્રવ્ય (પમાય છે) માટે તેને અર્થ કહેવામાં આવે છે. આ..હા..હા...! હજી દાખલો આકરો પડે ! આહા..હા...! એમાં વળી સિદ્ધાંત (ઉતારવો) !

'જેમ પીળાશ વગેરે આધારભૂત સુવર્ણને પામે છે અથવા આધારભૂત સુવર્ણ વડે પમાય છે (અર્થાત્ આધારભૂત સુવર્ણ પીળાશ વગેરેને પામે છે) તેથી પીળાશ વગેરે 'અર્થો' છે,...' તેથી પીળાશને અર્થ કહેવામાં આવે છે. 'તેમ ગુણો 'અર્થો' છે;...' આત્માના ગુણો અને આ પરમાણુ રજકણ માટી છે એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (ગુણો છે). (એ) પરમાણુમાં છે. આ કાંઈ એક ચીજ નથી. આના કટકા કરતાં... કરતાં... છેલ્લો Point રહે તેને પ્રભુ પરમાણુ કહે છે. એ અનંત પરમાણુનું આ દળ છે. જડ ! ભગવાન અંદર ભિન્ન જુદી ચીજ છે. ભગવાનઆત્મા એ જડને અડતો પણ નથી (અને) જડ ભગવાનઆત્માને કોઈ 'દી અડ્યા પણ નથી. અર..ર..ર... આવું ! (જો) અડે તો પર્યાય કો'કની થઈ જાય. આ..હા..હા...! છે ?

'તેમ દ્રવ્ય અર્થ છે;...' જેમ સોનાને અર્થ કીધો (પીળાશ અને કુંડળ આદિ) ગુણ, પર્યાયને પ્રાપ્ત થાય છે. તેમ આ દ્રવ્ય – આત્મા અને પરમાણુ બન્ને દ્રવ્ય છે. 'જેમ પીળાશ વગેરે આધારભૂત સુવર્ણને પામે છે અથવા આધારભૂત સુવર્ણ વડે પમાય છે (અર્થાત્ આધારભૂત સુવર્ણ પીળાશ વગેરેને પામે છે) તેથી પીળાશ વગેરે 'અર્થો' છે, તેમ ગુણો 'અર્થો' છે;...' આત્માના જ્ઞાન, દર્શન ગુણ (છે) તે અર્થ છે. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તે અર્થ છે. આ..હા...!

'જેમ કુંડળ વગેરે સુવર્ણને ક્રમપરિણામથી પામે છે અથવા સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય છે (અર્થાત્ સુવર્ણ કુંડળ વગેરેને ક્રમપરિણામથી પામે છે) તેથી કુંડળ વગેરે 'અર્થો' છે, તેમ પર્યાયો 'અર્થો' છે.' આત્માની અને પરમાણુની દરેક પર્યાયને તે દ્રવ્ય પહોંચે છે અને દ્રવ્યથી પર્યાય પમાય છે. માટે પર્યાયને અર્થ કહેવામાં આવે છે. ઝીણી વાત (બહુ) ! (વિશેષ કહેશે...)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૮૭
પ્રવચન નં. – ૮૦
તા. ૨૧-૦૫-૭૯

'પ્રવચનસાર' (ગાથા–૮૭ની ટીકા) એનો ત્રીજો પેરાગ્રાફ. બે પેરેગ્રાફ થઈ ગયા. '**વળી જેમ આ સુવર્ણ,...**' એટલે સોનું (એ) દૃષ્ટાંત તરીકે (લીધું છે). '**પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયોમાં (–આ ત્રણમાં), પીળાશ વગેરે ગુણોનું અને કુંડળ વગેરે પર્યાયોનું સુવર્ણથી અપૃથક્‌પણું...**' છે. એના ગુણોથી, એના પર્યાયથી સુવર્ણનું અપૃથકપણું (એટલે) જુદાંપણું નથી, એકપણું છે. સોનું એના પીળાશ આદિ ઘણા ગુણો(થી) (અને) કુંડળ આદિ ઘણા પર્યાયોથી તેનું એકપણું છે, જુદું નથી. તેથી '**સુવર્ણ જ આત્મા છે.**' (અર્થાત્) એ ગુણોનું અને પર્યાયનું સ્વરૂપ જ આત્મા છે. એટલે સુવર્ણ છે. આત્મા એટલે સુવર્ણ જ આત્મા છે. સુવર્ણ જ એનું સ્વરૂપ છે. એના ગુણોનું અને પર્યાયનું સોનું જ સ્વરૂપ છે. કોઈ બીજું સ્વરૂપ છે નહિ. એ તો દૃષ્ટાંત થયો.

'**તેમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં...**' આત્માના કે પરમાણુના '**દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયોનું દ્રવ્યથી અપૃથક્‌પણું હોવાથી...**' પરમાણુમાં એના ગુણો અને પર્યાયનું એકપણું હોવાથી એ પર્યાય કોઈ બીજા અંશને કરે કે બીજા અંશથી (થાય) એવું રહ્યું નહિ. તેમ આત્મા – પોતાના ગુણ, પર્યાયસ્વરૂપ આત્મા (છે). (ગુણ-પર્યાય) ઇ આત્મા જ છે. એના જ્ઞાન, દર્શન આદિ ગુણ અને એની પર્યાય – વિકારી કે અવિકારી (કોઈપણ પર્યાય હોય) પણ એનું સર્વસ્વ આત્મા છે. જેમ સુવર્ણમાં સુવર્ણ ઇ દ્રવ્ય છે, ગુણ-પર્યાયનું સત્ત્વ (દ્રવ્ય છે) એમ આ ગુણ-પર્યાયોનો આધાર અથવા સર્વસ્વ આત્મા જ છે – આત્મદ્રવ્ય છે. આહા..હા...!

'**(અર્થાત્ દ્રવ્ય જ ગુણો અને પર્યાયોનો આત્મા...)**' આ આત્મા એટલે વસ્તુ. આ આત્મા કહો કે પરમાણુનો આત્મા કહો, આત્મા એટલે એનું સ્વરૂપ. અનંત પરમાણુ છે. તે પરમાણુ તેના ગુણ અને પર્યાયસ્વરૂપ એનો આત્મા એટલે વસ્તુ છે. આહા..હા...! એના પર્યાયનો અંશ બીજાને લઈને છે એમ નહિ. આત્મામાં થતા વિકારને (માટે) લોકોને બહુ આકરું (પડે છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(કહે છે કે) કર્મનું નિમિત્ત છે માટે વિકાર થાય છે. અહીં કહે છે કે, વિકાર અને ત્રિકાળી ગુણ – એ ગુણ અને પર્યાયનું સર્વસ્વ એ દ્રવ્ય છે. (એનું) સર્વસ્વ એ દ્રવ્ય છે. છે ? '**(...પર્યાયોનો આત્મા–સ્વરૂપ–સર્વસ્વ–સત્ત્વ છે).**' આત્મા સત્ છે એનું આ સત્ત્વ છે. અથવા ગુણ, પર્યાય સત્ત્વ છે તેનું એ દ્રવ્ય–આત્મા સત્ છે. આહા..હા...! આવી તો ચોખ્ખી વાત છે. છતાં (અજ્ઞાનીઓ કહે કે) 'નિમિત્તથી થાય... નિમિત્તથી થાય...' (એક મુનિએ) બહુ લખ્યું છે 'નિમિત્તથી થાય છે. સ્વભાવ છે એ નિમિત્ત વિના થાય અને વિભાવ નિમિત્તથી થાય.'

શ્રોતા :– પોતે પરનો સંગ કર્યો છે માટે થઈ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– સંગ કર્યો પણ ઇ પર્યાય થઈ (છે) એ પોતાથી થઈ છે. સંગ કર્યો, પણ કર્યો એટલે થઈ છે તો પોતાથી ને ? પોતામાં પોતાથી (થઈ છે). એ ગુણ અને પર્યાયનો આત્મા એટલે વસ્તુ તે દ્રવ્ય છે. એ પર્યાય અને ગુણોનું આખું સત્ત્વ તે દ્રવ્ય છે. એને પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! કર્મનો ઉદય આવ્યો માટે અહીં વિકાર કરવો પડ્યો... આહા..હા...! એમ ના પાડે છે. અને વિકાર થયો માટે કર્મબંધન થવું પડ્યું એમ પણ નથી. કારણ કે કર્મના દ્રવ્ય–પરમાણુઓ, એના ગુણો અને એની પર્યાય (છે) એ ગુણ અને પર્યાયનું દ્રવ્ય–પરમાણુ (છે) એ એનો આત્મા (છે), એ એનું સ્વરૂપ છે. એ કર્મબંધન(ની) પર્યાય આત્માથી થાય એમ નથી. ઉદયનો પર્યાય (અને) એના ગુણનું સર્વસ્વ તે પરમાણુ (છે) – તે એનો આત્મા છે. આત્મા એટલે એનું સ્વરૂપ છે. આહા..હા...! એમ ભગવાનઆત્મા ! નિગોદથી માંડીને સિદ્ધ સુધી... આ..હા..હા...! પોતાના ગુણો અને પર્યાયોનું એ દ્રવ્ય છે. કો'કના પર્યાયને લઈને પોતાની પર્યાય થાય છે એમ નહિ. આહા..હા...! આવું સત્નું સ્વરૂપ ! એને (અજ્ઞાની) એકાંતવાદી છે... એકાંતવાદી છે... એમ કહે છે. પરને લઈને થાય છે. શાસ્ત્રમાં (આવે છે કે) જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાનનું આવરણ છે, દર્શનમોહનીયને લઈને મિથ્યાત્વ છે. જ્યાં લગી કર્મ છે ત્યાં લગી વિકાર છે, લ્યો ! એવું આવે છે. 'આત્માવલોકન'માં ! એ કર્મનું નિમિત્તપણું છે માટે વિકાર છે એમ નહિ. પણ એનું લક્ષ ત્યાં છે એટલે જ્યાં સુધી એનું લક્ષ ત્યાં છે ત્યાં સુધી વિકાર છે. પણ છે ઇ પર્યાય પોતાની, પોતાથી. ષટ્કારકપણે પરિણમીને તે પર્યાય અને ગુણ તેનું (સર્વસ્વ) તે દ્રવ્ય – વસ્તુ છે. એનો આત્મા ઇ દ્રવ્ય છે. આહા..હા...!

અહીં તો ભક્તિનો રાગ કે જ્ઞાનની પર્યાય કે સમ્યગ્દર્શનની પર્યાય અને એનો આખો સમુદાય(રૂપ) ગુણ, એ ગુણ અને પર્યાય તે આત્મા જ છે. એ તો એનું દ્રવ્ય છે. એનું સર્વસ્વ સ્વરૂપ તો દ્રવ્ય જ છે. પરના અંશ સાથે કાંઈ મેળ નથી. આહા..હા...! આવું ઝીણું પડે ! વસ્તુ આવી છે. '**તેમનો દ્રવ્ય જ આત્મા છે.**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**(અર્થાત્ દ્રવ્ય જ ગુણો અને પર્યાયોનો આત્મા–સ્વરૂપ–સર્વસ્વ–સત્ત્વ છે).**' આત્મા એટલે એનું સ્વરૂપ. એટલે સર્વસ્વ એટલે સત્ત્વ છે. આહા..હા...! ગુણ અને પર્યાયનું સત્ત્વ દ્રવ્ય છે. એના સત્ત્વની હયાતી દ્રવ્યને લઈને છે. વિકારની હયાતી પણ દ્રવ્યને લઈને છે, કહે છે. આહા..હા...! અને સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગની પર્યાયનું અને ગુણોનું (–સત્ત્વ) તો વસ્તુ–દ્રવ્ય છે. આહા..હા...! પરિશિષ્ટમાં આવે છે ને ? 'વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રના પરંપરાના પરિપાકથી...' એ તો ત્યાં એવો વિકલ્પ હતો એનું જ્ઞાન કરાવ્યું છે. એ વિકલ્પ છે એ એની પર્યાયમાં છે અને એ પર્યાય અને ગુણનો આત્મા તે દ્રવ્ય છે. આહા..હા...! બહુ આકરી વાતું છે !

અંતરાય કર્મ, એની પર્યાય અને એનો ગુણ એ તો પરમાણુ દ્રવ્ય છે. અને અહીંયાં આત્મામાં જે પર્યાય થાય એમાં અંતરાય (કર્મ) નિમિત્ત છે એથી કરીને એનાથી થયું છે એમ છે નહિ. સમજાય છે ? આહા..હા...! અનાદિ નિગોદના જીવ પડ્યા છે તે કદાચિત્ કેટલાક તો ત્રસ થયા નથી અને થશે નહિ, પણ એ કોઈ કર્મને કારણે એમ છે એમ નહિ. આહા..હા...! ત્યાં નિગોદમાં પણ એની પર્યાય અને એના કાયમ રહેનારા ગુણો, એ પર્યાય અને ગુણોનું સ્વરૂપ તે દ્રવ્ય છે. આ..હા..હા...! નિગોદમાં પણ એની પર્યાય પરને લઈને થાય છે એમ નથી. આહા..હા...! હજી તો ત્રસ થયા નથી, પ્રભુ ! અરે...! વિચાર કરે તો ખબર પડે. આ..હા..હા...! એવા-એવા નિગોદના અસંખ્ય ઔદારિક શરીર ! આ..હા..હા...! અનાદિ(થી) અત્યાર સુધી અનંતકાળ થયો હજી કેટલાક ઇયળ થયા નથી ! અરે...! આવું દુર્લભપણું પ્રભુ તને મળ્યું ને ! આ..હા...! આવું મનુષ્યપણું... ઇ આ (શરીર) નહિ, હોં ! એની મનુષ્યગતિની પર્યાયની યોગ્યતા (મળી છે) એ. આ તો જડની દશા છે, આ કંઈ મનુષ્યગતિ નથી. આ શરીર છે એ તો જડ છે, જડની પર્યાય એ કાંઈ મનુષ્યગતિ નથી. મનુષ્યગતિ તો જીવની પર્યાયમાં ઉદયભાવ (છે તે) પર્યાયમાં છે. આ..હા...! અને તે ગતિનો પર્યાય આદિ અને ગુણ, એ પર્યાય (અને) ગુણનું સર્વસ્વ તો એનો આત્મા છે. આહા..હા...! આવી વાતું !

સમય-સમયમાં દરેક દ્રવ્યની પર્યાય... હમણાં આવ્યું ને ? ક્રમપરિણામથી. આહા..હા...! ક્રમે-ક્રમે જે પર્યાય થાય, તે સમયની તે પર્યાય અને તે આખો ગુણ સમુદાય, એ પર્યાય અને ગુણ થઈને તે દ્રવ્ય છે. આ..હા...! (એમાં) પર્યાય પરને લઈને થાય એમ કહો તો દ્રવ્ય પોતે જ સિદ્ધ થતું નથી. આ..હા...! સમજાણું કાંઈ ?

શ્રોતા :– આ પહેલાં પ્રકારનું ભેદજ્ઞાન છે ?

સમાધાન :– રાગથી ભિન્ન પહેલાં જ પ્રકારનું ભેદજ્ઞાન છે. અહીં તો આત્મા વિકારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભિન્ન છે એમ અત્યારે સિદ્ધ કરવું છે. પછી અંદરમાં (રાગથી ભેદજ્ઞાન કરે એ) વળી પછી. પણ જેને એમ નિર્ણય થાય કે, આ પર્યાય અને ગુણનું રૂપ તે આત્મા (છે). એને પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! આવી વાત !

એની પોતાની પર્યાયમાં અને ગુણમાં એ દ્રવ્ય છે. એ પરની સેવાની પર્યાયમાં જાય, પરની સેવા કરી શકે એ ત્રણકાળમાં નથી. આહા..હા...! કારણ કે એનું સત્ત્વ તો ગુણ-પર્યાયમાં જ છે. એનું સત્ત્વ–પર્યાય પરમાં જાતું નથી. સંક્રમણ (પામતું નથી) એ ('સમયસાર'ની) ૧૦૩ (નંબરની) ગાથામાં આવે છે ને ? ૧૦૩ ગાથા ! આત્માની પર્યાય સંક્રમીને પરમાં જાય તો પરનું (કાર્ય) કરે, પણ એ તો થતું નથી. આ..હા..હા...!

આ શરીરને હલાવવું કે આ બોલવું એ પર્યાય અને અંદર પરમાણુઓના ગુણો, એ (ગુણ) અને પર્યાયનો પિંડ તે પરમાણુ છે. આત્માને લઈને બોલાય છે અને આત્માને લઈને ભાષા થાય છે, એમ ત્રણકાળમાં નથી. આ..હા..હા...! તેમ આ શરીર પડખું ફેરવે, હાથ ફેરવે એ ફરે ઇ બધી પર્યાય છે અને કાયમ રહેનારા ગુણો છે. પલટતી પર્યાય છે અને કાયમ રહેનારા ગુણો છે એ પોતે તો દ્રવ્ય છે. એ દ્રવ્ય છે એના ઇ છે. એ બીજાનાં છે એમ છે નહિ. આહા..હા...!

શ્રોતા :– બીજા સાથે નાતો હોય એનું શું કરવું ?

સમાધાન :– નાતો હતો જ કે 'દી ? આ ભાઈબંધ સાથે, બાયડી સાથે, છોકરા સાથે નાતો છે ? આહા..હા...! પ્રભુ ! તું કેટલામાં છો ? એમ કહે છે. પ્રભુ ! તું આત્મા છો તો કેટલામાં છો ? તારી પર્યાય અને ગુણોમાં તું છો. પરની પર્યાય અને પરના ગુણોમાં એનું દ્રવ્ય છે. એની પર્યાય અને એના ગુણોમાં એનું દ્રવ્ય છે. તારી પર્યાય અને તારા ગુણોમાં તું પ્રભુ છો. એને છોકરાં કહેવા, બાયડી કહેવી... આહા..હા...! એ દયા પાળી શકે ક્યાં, હિંસા કરી શકે ક્યાં ! આ..હા..હા...! ઝીણું બહુ, ભાઈ !

'**તેમનો દ્રવ્ય જ આત્મા છે...**' એમ દરેકનો આત્મા – એ ગુણ અને પર્યાયનો આત્મા... ગુણ અને પર્યાયનો આત્મા એટલે ? આ આત્મા (જ્ઞાયક) એમ નહિ. દ્રવ્ય પરમાણુ હોય કે આત્મા હોય કે કાળાણુ હોય કે ધર્માસ્તિ (હોય), એની જે પર્યાય છે અને ગુણો છે એનો એ આત્મા (છે) એટલે દ્રવ્ય–એનું સ્વરૂપ (છે). ગુણ અને પર્યાયનું સ્વરૂપ એ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપ એનું છે, એમાં પરનું સ્વરૂપ છે કે પરથી તે થાય છે એમ નથી. આ..હા..હા...! આવી વાત બેસવી...!

શ્રોતા :– આ સમજે તો મોહ છૂટી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મોહ છૂટી જાય. આ..હા..હા...! બાપુ ! તારા ગઢમાં (તારી) પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને ગુણ (છે) એમાં તારું દ્રવ્ય છે. એમાં બીજા દ્રવ્યની પર્યાયનો પ્રવેશ નથી. (એવો) એ મહા ગઢ છે ! આ..હા..હા...! અને બે વચ્ચે અત્યંત અભાવ છે. આ..હા..હા...! આવું અંતર બેસે એને પરદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઊઠી જાય અને પછી જ્યારે પરદ્રવ્યથી (દૃષ્ટિ) ઊઠી જાય ત્યારે એનું લક્ષ સ્વદ્રવ્ય ઉપર જાય. એમ આવ્યું છે ને, ભાઈ ? પરભાવથી છૂટતાં. ત્યાં પરભાવથી છૂટતાં (કહ્યું એમાં) વિકાર નથી (લેવો). છઠ્ઠી ગાથામાં પરભાવ છે. પરની પર્યાય પરમાં છે, એનું લક્ષ છૂટ્યું તો આમ દ્રવ્યમાં લક્ષ ગયું. એટલે ત્યાં વિકારનું લક્ષ પણ છૂટી ગયું. ભલે વિકાર અને ગુણની વસ્તુ આત્મા છે. છતાં જ્યાં પરથી ભિન્ન પાડે છે... આ..હા..હા...! અથવા ક્રમસર એમ કીધું ને અહીંયાં ? ક્રમપરિણામ, છે ને ? આ..હા...! ક્રમપરિણામથી પમાય છે. ક્રમપરિણામથી પર્યાય પમાય છે. પરથી પમાય છે તેમ નહિ. આ..હા..હા...! સત્ય તો એવું હોવું જોઈએ કે, સોળ આના – સોએ સો ટકા સત્ય પૂર્ણ હોવું જોઈએ. એને પરની કાંઈ આંચ (આવે) અને પરનું કાંઈ કરી શકે... અર..ર..ર...! દેશનું કરીએ, કુટુંબનું કરીએ, અરે...! શિષ્યોનું કરીએ ! શિષ્ય છે એ તો મારા છે ને ? પ્રભુ એમ કહે છે, શિષ્ય શિષ્ય જ નથી. તારા શિષ્ય નથી. શિષ્ય છે એની પર્યાય અને ગુણ એનું દ્રવ્ય છે. એનો એ પર્યાય અને ગુણ તારું દ્રવ્ય છે (એમ નથી). આહા..હા...! એ અમારા શિષ્ય છે અને અમે એના ગુરુ છીએ... આ..હા..હા..હા...! (એ પણ) કાઢી નાખ્યું !

દેવ અરિહંત પરમાત્મા છે, એની પર્યાય (અને) ગુણમાં એનું દ્રવ્ય છે. એની પર્યાય તારે લઈને કે તારી પર્યાય (એને લઈને થાય છે) એમ છે નહિ. ભલે અરિહંત ત્રિલોકનાથ હોય પણ તેની પર્યાય (ઉપર) તારું લક્ષ ગયું તેથી તે પર્યાયને લઈને તારી પર્યાયમાં લક્ષ ગયું અને પર્યાય થઈ એમ નથી. આ..હા..હા...! અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય છે તે તેનામાં છે. છતાં ૮૦મી ગાથામાં આવી ગયું છે કે, (અરિહંતના) દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે. પણ જાણેનો અર્થ ત્યાંથી લક્ષ છોડે. આ..હા..હા...! સર્વજ્ઞ ભગવાન આવા છે, અનંત ગુણોનો દરેકનો પૂર્ણ વિકાસ છે, પર્યાય(માં) હોં ! શક્તિ તો ભગવાનની પૂર્ણ છે, એવી જ એટલી જ એવડી તારી શક્તિ છે. પણ પરમાત્માની અનંત ગુણની પર્યાય પૂરી પ્રગટ છે. એ પૂરી પ્રગટ છે એવું જે તારા જ્ઞાનમાં આવે, (તો) એ પૂરી પર્યાય છે એને લઈને તને જ્ઞાનમાં આવ્યું છે એમ નથી. આ પૂર્ણ પર્યાય છે (એમ) જે જ્ઞાનમાં આવ્યું છે એ પર્યાયમાંથી પર્યાય આવી છે. આ..હા..હા...! ગાથા બહુ (સરસ છે) ! આ..હા..હા...!

અહીં તો (અજ્ઞાનીઓ) એમ કહે છે કે, પરની દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો, અપવાસ કરો, એમાં તમને કલ્યાણ છે. અરે... પ્રભુ ! શું કરે છે તું આ ? એમાં બે પ્રકાર છે. અપવાસ આદિની ક્રિયા (છે) એ તો શરીરની ક્રિયા છે. શરીરમાં આહાર ન આવવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ શરીરની ક્રિયા છે. આહા..હા...! એ આહાર આદિને ન આવવું, (એવી) એ આહાર આદિની પર્યાય અને એનો ગુણ તો એનો પરમાણુ (છે), એનું દ્રવ્ય છે. આહા..હા...! આણે ઇચ્છા કરી કે, આજે મારે આહાર કરવો નથી માટે તે આહાર ત્યાં આવ્યો નથી એમ નથી. આ..હા..હા...! મારે આજે લસણ ખાવું નથી, લસણથી બનાવેલા ઢોકળા ખાવા નથી. લસણ નાખે છે ને ઉપર ? મસાલો. ઢોકળા.. ઢોકળા સમજતે હૈં ? ઢોકળા ક્યા કહતે હૈં ? એની ઉપર મરચું (નાખે). (તો કહે) એ બધું મારે ખપતું નથી. એનો અર્થ શું ? એ પર્યાય છે એ એની છે. એમાં તને ખપતી નથી (એમ કહે છે પણ) તારામાં એ પર્યાય આવી છે ક્યાં ? આહા..હા...! એ તો પર્યાય – ક્રિયા બહાર રહી ગઈ પણ શુભભાવ આવ્યો એ પર્યાય અને ગુણ તે દ્રવ્ય છે, એમ અહીં કહેવું છે. એનાથી દ્રવ્ય પમાય છે એ પ્રશ્ન અત્યારે નથી. આ..હા...! કારણ કે 'પંચાસ્તિકાય સંગ્રહ'માં ત્યાં (સુધી) લીધું કે, આત્મામાં રાગ, દ્વેષ અને મિથ્યાત્વ થાય છે એ જીવનું લક્ષણ છે. કારણ કે એવી પર્યાય જડમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ ? લક્ષણ કીધું છે ! મિથ્યાત્વને, રાગ-દ્વેષને !! એનો અર્થ કે એ તારી પર્યાયમાં છે, પરને લઈને નથી, પરની પર્યાય તારામાં નથી. એ મિથ્યાત્વ, રાગ-દ્વેષની પર્યાય તારામાં તારાથી છે. એ મિથ્યાત્વ, રાગ-દ્વેષની ક્ષણિક ક્રમે થતી પર્યાય અને કાયમ રહેનારા ગુણો, એનું સર્વસ્વ તે તું દ્રવ્ય છો. આહા..હા...! આવી વાત છે ! પરને અને તારે કાંઈ સંબંધ નથી. આહા..હા...! એ ત્રીજો પેરેગ્રાફ (પૂરો) થયો. (હવે) ભાવાર્થ.

**ભાવાર્થ :– '૮૬મી ગાથામાં કહ્યું હતું કે જિનશાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ...'** ત્યાં એમ હતું, હોં ! 'સમ્યક્ અભ્યાસ' એમ હતું. છે ? '**ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો...**' એમ હતું. ૮૬ (ગાથા). છે ? છેલ્લી ત્રણ લીટી. '**પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ...**' વજન ત્યાં છે. છે ને ? એમને એમ અભ્યાસ (કરી લે એમ નહિ). સમ્યક્ એટલે જેવું ત્યાં કહેવું છે તે રીતે તેનો અભ્યાસ. આહા..હા...! આમને આમ અગિયાર અંગનો અભ્યાસ અનંતવાર કર્યો. પણ ભાવના જ્ઞાનના અવલંબને, ભાવજ્ઞાનના અવલંબને સમ્યક્ પ્રકારે અભ્યાસ... આહા..હા...! કે જે જ્ઞાનનો રસ પ્રગટ થતાં મહોપચય ક્ષય પામે છે. આ..હા..હા...! એ પણ ક્ષય પામે છે એ પોતાની પર્યાય (છે). સમજાણું કાંઈ ? પર ક્ષય પામે છે એ તો પરની પર્યાયનો વ્યય થવો, તેની તે પર્યાય અને ગુણનું સર્વસ્વ તો તેનું દ્રવ્ય છે. આ..હા..હા...! એટલે કર્મને ક્ષય કરવો એ પણ તારા અધિકારની વાત નથી. આ..હા..હા..હા...!

પર્યાય અને ગુણનો આત્મા દ્રવ્ય છે, એમ પરથી ભિન્ન જ્ઞાન કરતાં હજી તો પરથી (ભિન્ન પડે). આ પહેલું ભિન્ન. પછી બીજું ભિન્ન – રાગ તે વિકલ્પ છે અને વિકૃત છે. કોઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણ વિકૃતરૂપે થાય એવો મારો ગુણ નથી. માટે તે વિકૃતથી ભિન્ન (પડે). પહેલું પરથી ભિન્ન કર્યું અને બીજું ભિન્ન રાગથી ભિન્ન કર્યું. આ..હા..હા...! સમજાણું કાંઈ ? પણ હજી પરથી ભિન્ન (પડવાના) ઠેકાણા નથી. ત્યાં જ રોકાઈ ગયા છે કે, અમે આમ કરી દઈએ અને એનાથી અમારામાં (કાર્ય) થાય. ગુરુની કૃપા થઈ જાય તો ધર્મ થાય.

શ્રોતા :– 'શ્રીમદ્'માં એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એમાં આ (લોકો) જ્યાં હોય ત્યાં એ લખે છે – 'સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો !' શું કહ્યું ? 'સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો !' ધર્મી સત્પુરુષની પર્યાય અને એનાં ત્રિકાળી રહેનારા ગુણો એનું (સર્વસ્વ) તો એ દ્રવ્ય છે. આ..હા...! હવે પરના કલ્યાણમાં એ દ્રવ્યની પર્યાય (કંઈ) કરે (એમ નથી). આહા..હા...! ભારે આકરું કામ ! 'સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો !' આહા..હા...! બહુ વાત આકરી, ભાઈ ! યોગબળ એટલે એ તો એની પર્યાય એનામાં રહી. એની પર્યાય અને ત્રિકાળી ગુણ, ક્ષણિક અવસ્થા અને ત્રિકાળી રહેનારી શક્તિઓ તે તો તેનું દ્રવ્ય છે. એમાં પરનું કલ્યાણ કરવા એની પર્યાય ક્યાં જાય ? આ..હા..હા...! આવું સ્વરૂપ ભારે આકરું !

અહીં તો આ લેવું હતું ને ? 'સમ્યક્ અભ્યાસ' એટલા ઉપર વજન છે. '**૮૬મી ગાથામાં કહ્યું હતું કે જિનશાસ્ત્રોનો...**' ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ ! એની જે વાણી એ જિનશાસ્ત્ર. (પહેલાં) આગમનો અભ્યાસ કીધો હતો ને ? ઇ આ. એનો '**સમ્યક્ અભ્યાસ...**' આ..હા..હા...! સાચો અભ્યાસ, સ્વભાવ જ્ઞાનના અવલંબને તેનો અભ્યાસ તે '**મોહક્ષયનો ઉપાય છે.**' તે મોહક્ષયનો ઉપાય છે એટલે કે પર્યાયથી ભિન્ન પડ્યું. પહેલાં એની એનામાં પર્યાય સિદ્ધ કરી હતી. હવે ભગવાનના શાસ્ત્રોનો અભ્યાસ કરતાં... ભગવાનના શાસ્ત્રમાં વીતરાગતા વર્ણવી છે. એ (પોતે) વીતરાગ છે તો વીતરાગતાનું જ વર્ણન કર્યું છે. બારે અંગમાં વીતરાગતાનું વર્ણન ! ચારેય અનુયોગમાં વીતરાગતાનું વર્ણન ! આ..હા..હા...! અને વીતરાગતા જેનું ફળ છે એવું ચારેય અનુયોગનું વર્ણન છે. આ..હા..હા..હા...! આકરું લાગે !

(અત્યારે તો અજ્ઞાનીઓ એમ કહે છે કે) 'નિમિત્તથી આ થાય, એના સહાયકથી અંગીકૃત થાય જ. એને લઈને એ સહાયક છે. એના એકલા ઉપાદાનથી ન થાય. ઉપાદાન એકલાથી ન થાય.' અરે... ભગવાન ! અહીં તો પ્રભુ કહે છે કે, તારી પર્યાય તારાથી છે. તારામાં તે પર્યાય અને ગુણ થઈને તું છો. (જો) એ પર્યાય પરથી થાય... આ..હા..હા...! તો તે સમયની પર્યાય ન (રહી) તો એ દ્રવ્ય સિદ્ધ ન થયું. ન્યાય સમજાય છે ? આહા..હા...! આ તો પ્રભુના ઘરની અંતરની પરમ સત્ય વાતું છે, બાપુ ! આ કાંઈ વાર્તા નથી, આહા..હા...! તમારા જજની વાતું જુદી અને આ જુદી જાતની વાત છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે કે, અરિહંતના પૂર્ણ દ્રવ્ય, ગુણ, પર્યાય (છે) એ પણ બીજાને લાભ કરે, એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા...!

શ્રોતા :– વંદે તદ્ ગુણ લબ્ધયે (આવે છે) !

સમાધાન :– એમાં પણ (એવો) અર્થ કરે છે કે, જોયું આમાં ? ભગવાનને વંદન કરતાં 'તદ્ ગુણ લબ્ધયે' તેમના ગુણની મને પ્રાપ્તિ થાય. બાપુ ! એમ નથી. એનો અર્થ એવો નથી. એના ગુણો જેવા છે, ત્યાં ગુણ એટલે પર્યાય, એનું લક્ષ કરીને મારું દ્રવ્ય પણ એવું શક્તિવાળું છે (એમ જોવે છે). એની નબળાઈની જે પર્યાય છે છતાં તે પર્યાય અને ગુણ થઈને તે દ્રવ્ય છે. આ..હા...! એ નબળાઈ છે તે કાંઈ કર્મને લઈને નબળાઈ આવી છે (એમ નથી). આ..હા..હા...!

કર્મ કારક છે, એમ ક્યાંક આવે છે ને ? 'ઇષ્ટોપદેશ' માં (૩૧ નંબરની ગાથામાં) આવે છે. '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइ हुंति बलियाइ।**' ભાઈ, લ્યો યાદ આવ્યું ! યાદ પણ આવવું જોઈએ ને ! આહા..હા...! આવે છે ? '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइ हुंति बलियाइ।**' પાઠમાં–ટીકામાં છે. કોઈને કર્મ બળિયો છે અને કોઈને જીવ બળિયો છે. એનો અર્થ શું ? બાપુ ! કર્મના તરફના લક્ષની પર્યાયનું બળ – જોર તારું છે. તે પર્યાય અને ગુણ તે તારું દ્રવ્ય છે. આહા..હા...!

એ તો અહીંયાં (સંવત) ૯૩ની સાલ(માં) (એક ભાઈ) આવ્યા હતા ને ? અમારે 'ખુશાલભાઈ' ગુજરી ગયા એ સાલ--૯૩ના અષાઢ વદ અમાસ. ત્યાં વ્યાખ્યાન ચાલતા હતા, શું કહેવાય ? ગુરુકુળ ! ગુરુકુળમાં વ્યાખ્યાન ચાલતા હતા ત્યારે પોતે આવ્યા હતા. એ વખતે બીજા ઘણા આવ્યા હતા, બેરિસ્ટર હતા. વ્યાખ્યાન સાંભળ્યું (પછી) ઊભા થઈને એટલું બોલ્યા 'કોઈ જીવને કર્મનું બળ છે, કો'કને આત્માનું (બળ છે).' આવ્યા હતા ને ? ૯૩... ૯૩... કેટલા ઘણા વર્ષ થઈ ગયા, બેંતાલીસ વર્ષ થયા. મોટી સભા હતી. આહા..હા...! અમારા ભાઈ ૯૩માં અષાઢ વદ અમાસને (દિવસે) ગુજરી ગયા પછી આ (ભાઈ) આવ્યા હતા. ત્યાં વ્યાખ્યાન ચાલતા હતા એમાં ઇ ઊભા થઈને બોલ્યા પણ વસ્તુની ખબર નહિ. 'મહારાજે કહ્યું છે તે બધું બરાબર છે. જુઓ, કોઈ વખતે કર્મનું જોર હોય, અમારે અત્યારે આ જોર છે. કોઈ વખતે આત્માનું જોર હોય.' અને ઓલામાં લખ્યું છે ઇ ? ક્યું પુસ્તક કહેવાય ઇ ? 'ઇષ્ટોપદેશ !' '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइ हुंति बलियाइ।**' જુઓ, લાવો ! અહીં ના પાડે છે. કર્મનો બળિયો એટલે તારી ભાવકર્મની ઊંધાઈ અને એનું બળ અને ત્રિકાળી ગુણ તે તારું દ્રવ્ય છે. આ..હા..હા..હા...! આવી વાતું છે ! ઇ વળી યાદ આવી ગયું. ત્યાં આવે છે ને ? '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइ हुंति बलियाइ।**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ આવે છે. પાણીના પ્રવાહનું જોર હોય તો તણાઈ જવું પડે. બાપુ ! એમ નથી. તે વખતે જે પોતાની તણાવાની પર્યાય છે એ પોતાથી આમ... આમ... ગતિ થાય છે અને એનો ગુણ એ રીતે છે. (એ) એનો આત્મા છે. પાણીની પર્યાયને લઈને પ્રવાહમાં આમ ગતિ થાય છે એમ નથી. અરે... અરે...! આવી વાતું ! પાણીમાં પાંદડું પડ્યું અને પાણી આમ જાય છે માટે પાંદડું એમ હાલે છે એમ નથી કહે છે. તે વખતના પાંદડાંની તે પર્યાય – આમ ગતિ થવાની પર્યાય, તેની યોગ્યતા અને ગુણ એ બે થઈને એનું દ્રવ્ય પરમાણુ છે. પાણીની પર્યાય ભેગી થઈને એનું દ્રવ્ય છે (અથવા) એ ગતિમાં એને પાણીનું કારણ હતું માટે પાંદડાંની ગતિ થઈ (એમ નથી). આહા..હા...!

સિદ્ધાંતમાં એક (વાત) આવે છે, વૈતાક પર્વત છે ને, ભાઈ ? એમાં બે નદી છે – ઉન્મગ્ન અને નિમગ્ન. બે નદી છે. આ ચક્રવર્તી લડાઈ કરવા જાય છે ને ? ત્યારે એની પાસે મણિરત્ન હોય છે (એનાથી) અંધારું હોય એટલે આમ કરે (અને) પ્રકાશ થાય એટલે લશ્કર જાય. હવે વૈતાક પર્વતમાં બે નદી એવી છે કે, એક નદીમાં કોઈપણ પાંદડું, માણસ કે ઢોર પડે ઇ નીચે ચાલ્યો જાય. એક નદીનો એવો સ્વભાવ છે કે, કોઈપણ એમાં પડે તો ઉપર આવે, (બહાર) કાઢી નાખે. એ નદીના કારણે અંદર જાય અને બહાર નીકળે એમ નથી, એમ કહે છે. ઉન્મગ્ન-નિમગ્ન નદી છે. ઉન્મગ્ન (એટલે) ઉપર આવવું, નિમગ્ન (એટલે) અંદરમાં જાવું. પાંદડું પડ્યું હોય તો નિમગ્ન નદીમાં અંદર ચાલ્યું જાય ! આહા..હા...! અને ઉન્મગ્ન નદીમાં લોઢું પડ્યું હોય તોપણ ઉપર આવી જાય ! અંદર જાય જ નહિ. આ..હા..હા...! શું શાસ્ત્રો ! શું ભગવાનની વાણી ! ત્રિલોકનાથનો ઉપદેશ તો આ છે પ્રભુ ! એ વાણીનો સમ્યક્ પ્રકારે અભ્યાસ મોહક્ષયનો ઉપાય છે. આહા..હા...! છે ને ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ.' પોતાની કલ્પનાથી અર્થ કરવા એમ વસ્તુનું સ્વરૂપ નથી. આ..હા..હા...! ભારે કામ આકરું !

**'અહીં તે જિનશાસ્ત્રોમાં પદાર્થોની શી રીતે વ્યવસ્થા કહી છે તે સંક્ષેપમાં દર્શાવ્યું છે.'** આહા..હા...! એક કોર શાસ્ત્ર એમ કહે... આહા..હા...! કે, એક નદીમાં પડેલી ચીજ હેઠે ચાલી જાય અને એકમાં ઉપર આવી જાય. એ નદીને કારણે ! બીજે (ઠેકાણે) કહે, ના.. ના, નદીને કારણે નહિ. એ પદાર્થની અવસ્થાનું – પર્યાયનું સ્વરૂપ જ એવું નીચે જવાનું છે. એ પર્યાય અને ગુણનો સમુદાય તે રજકણ છે, પરમાણુ છે. પાણી સાથે કાંઈ સંબંધ છે નહિ. આ..હા..હા...!

શ્રોતા :– આપની વાત બહુ થોડાને સમજાય એવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ આ તો બાપા.. આહા..હા....! પરમ સત્ય તો આ છે, બાપુ ! કોઈને બેસે ન બેસે એથી સત્ય કાંઈ બીજું થાય એવું નથી. અત્યારે ગડબડ બહુ ચાલી છે, ભાઈ ! આહા..હા...! બીજાને આપો, પૈસા આપો, આહાર આપો, મદદ કરો, સાધર્મીઓને આમ કરો. નવ પ્રકારના દેવ કહેવાય છે. જિનમંદિર, જિનપ્રતિમા એ બધાને પુષ્ટિ કરો, એ નભે એમ દાન કરો. આહા..હા...! અરે.. અરે..! અને એકકોર એમ કહે કે, જવના જેટલી પણ પ્રતિમા સ્થાપે... (એ) સમકિતીની વાત છે, હોં ! તેના પુણ્ય સરસ્વતી ન કહી શકે. આહા..હા...! એ તો એના પરિણામમાં જે રાગની મંદતા છે એ ભાવપુણ્ય છે. પરમાણુ બંધાય એ તો જડની અવસ્થા થઈ છે. આ..હા...! એ ભાવપુણ્ય થયું માટે પરમાણુમાં શાતાવેદનીયને બંધ કરવો પડ્યો એમ નથી. એ શાતાવેદનીયની પર્યાય અને તેના ગુણનો સમુદાય તે તેનો પરમાણુ છે, દ્રવ્ય છે. આહા..હા...! સારી વાત યાદ આવી ગઈ ! '**कत्थवि बलिओ जीवो कत्थवि कम्माइ हुंति बलियाइ।**', ને નદી... આહા..હા...! ક્યાંનું ક્યાં મગજમાં (આવી જાય છે). વસ્તુ એવી છે, ભાઈ ! આહા..હા...!

ત્રણેકાળના કોઈપણ સમયમાં કોઈ દ્રવ્યની પર્યાય પરને આધારે ગમે તે પ્રસંગમાં થઈ હોય તો ઇ પર્યાય પોતાથી થઈ છે. એ પર્યાયનો આત્મા જ ઇ દ્રવ્ય છે. આહા..હા...! એ પર્યાયનું સ્વરૂપ જ એ આત્મા છે, એનું દ્રવ્ય છે. આહા..હા...! થોડું-થોડું સમજાય છે કે નહિ ? (હિન્દીવાળાને) થોડું-થોડું સમજાય છે ? (કોઈ કહેતું હતું કે) 'મહારાજ ! જરી હિન્દી કરો ને !' મેં કીધું 'અહીં તો ગુજરાતી (ચાલશે).' અરે.. બાપુ ! ગુજરાતીમાં જેવું સ્પષ્ટ આવે (એવું) હિન્દીમાં આવતું નથી. કારણ કે (હિન્દીમાં) ભાષા ગોતવા જાય ત્યાં ભાવ ચાલ્યા જાય. આહા..હા...!

શું કહેવાય આ ? દાંતિયો ! દાંતિયાથી વાળ આમ હલતા નથી, (એમ) કહે છે. આમ વાળ હોય (એને) આમ કરે. આ..હા..હા...! આ વાત ! એ વાળની પર્યાય એ રીતે થવાની અને એના વર્ણ, રસ, ગંધ, સ્પર્શ કાયમ રહેનારા ગુણો, એનું સ્વરૂપ તે પરમાણુ છે. બીજા પરમાણુને લઈને (થતું નથી) તો વળી દાંતિયાને લઈને ક્યાંથી આવ્યું ? આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**પદાર્થોની શી રીતે વ્યવસ્થા કહી છે તે સંક્ષેપમાં દર્શાવ્યું છે. જિનેંદ્રદેવે કહ્યું છે કે – અર્થો (પદાર્થો) એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો.**' ત્રણને અર્થ કીધા ને ? દ્રવ્ય અર્થ, ગુણ અર્થ અને પર્યાય અર્થ. આહા..હા...! '**એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી.**' આહા..હા...! પોતપોતાના પર્યાય અને ગુણનું સ્વરૂપ તે દ્રવ્ય (છે). એ સિવાય જગતમાં બીજી કોઈ ચીજ નથી. આ..હા..હા..હા...!

'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી' 'શ્રીમદ્'માં આવે છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમના કહેવાનો આશય તો પાછળથી તો ઘણું સ્પષ્ટ – ચોખ્ખું થઈ ગયું. સ્વર્ગમાં જઈ મનુષ્ય થઈ મોક્ષ જશે, એમાં કાંઈ ફેર નહિ. પણ એના આગળ-પાછળના કથનો લોકો મેળવી શકે નહિ એટલે ગોટા ઊઠે. આહા..હા...! શ્વેતાંબરના શાસ્ત્રો તપાસો (તો) આવી વાત ક્યાં છે ? આહા..હા...!

એક-એક પરમાણુની તે સમયે થતી અવસ્થા... (એક) પરમાણુમાં ચાર ગુણની ચીકાશ છે બીજા પરમાણુમાં છ ગુણની ચીકાશ છે ત્યારે અહીં (પહેલાં પરમાણુમાં) છ ગુણ (ચીકાશ) થઈ જાય. છ ગુણની ચીકાશમાં ચાર ગુણવાળો પરમાણુ ગયો તો છ ગુણ થઈ જાય. પણ (અહીંયાં) કહે છે (કે), ઇ છ ગુણ થવાનો એનો પર્યાય પોતાથી થયો છે. એ છ ગુણની ચીકાશવાળો પર્યાય છે માટે છ ગુણ થયો છે એમ નથી. આ..હા...! શાસ્ત્રમાં એમ પણ આવે કે, છ ગુણવાળો ચાર ગુણને પરિણમાવીને છ ગુણ કરે. આ..હા..હા...! અહીં કહે છે કે, એ છ ગુણ થવાની પર્યાય, એ જ સમયની પર્યાય અને એનો ગુણ તે એનો પરમાણુ છે. એ બીજાને લઈને પર્યાય થઈ છે (એમ હોય તો) એ તો બીજાનું દ્રવ્ય થઈ ગયું. એ પર્યાય બીજા દ્રવ્યની થઈ ગઈ. આહા..હા...! એવું છે.

**'દ્રવ્યો, ગુણો અને પર્યાયો. એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા...'** દરેક પરમાણુના ગુણો એટલે કાયમ રહેલી શક્તિઓ અને ક્રમે-ક્રમે પલટતી ક્રમબદ્ધ પરિણતિ, **'(--તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે.'** એનું સર્વસ્વ દ્રવ્ય જ છે. સર્વસ્વ દ્રવ્ય જ છે. એ તો એકાંત થઈ ગયું ! (દ્રવ્ય જ સર્વસ્વ છે અને બીજું કાંઈ નથી). આહા..હા...! આવી વાતું છે ! (બહારમાં તો) એવા ઉપદેશ આવે કે, 'આમ કરો, પુસ્તક બનાવો, લાખો રૂપિયા ખર્ચો, 'કુંદકુંદાચાર્ય'ની પુસ્તક બનાવો.' લોકોને કેવું લાગે, લ્યો ! આહા..હા...! કહે છે કે, પૈસાથી પુસ્તક બનતું નથી. પુસ્તકની પર્યાય થવાની છે તે તારાથી થતી નથી. આહા..હા...!

પુસ્તક બનાવવા માટે 'મુંબઈ'માં સાત લાખ ભેગા કર્યા છે ને !? આહા..હા...! તે પૈસાની પર્યાય અને ગુણ તે તો તેનો પરમાણુ દ્રવ્ય છે. એનો આત્મા–સર્વસ્વ ઇ છે. પૈસાને લઈને પુસ્તક બને (એમ નથી). કાલે જ (એક ભાઈએ) પાંચ હજાર રૂપિયા આપ્યા નહિ ? આહા..હા...! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નો ત્રીજો ભાગ ગુજરાતી કરવા (માટે આપ્યા). ભાઈનું છે ને ? 'સોગાની'નું ! એમાં પહેલાં બે ભાગનું – પત્રોનું ગુજરાતી થઈ ગયું છે અને બોલો છે તેનું નથી થયું. એટલે પાંચ હજાર આપ્યા. આહા..હા...! એ પાંચ હજારની પૈસાની પર્યાય જ્યાં જવાની તે પોતાની પર્યાય છે. એને લઈને બીજો આપે છે એમ પણ નથી અને પૈસાથી તે પુસ્તક બને છે... આ..હા..હા...! એમ પણ નથી.

શ્રોતા :– અત્યારે ન કહેવાય પણ બન્યા પછી તો કહેવાય ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમાધાન :– નિમિત્તથી કથન બોલાય એમ. (પણ વસ્તુસ્થિતિ) એમ નથી. આવ્યું છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! વ્યવહારથી બોલાય એનો અર્થ કે, એમ નથી. પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથન છે એમ અર્થ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! આ..હા..હા...! વ્યવહારે કીધેલું એમ નથી. આ કેમ બેસે ? (અજ્ઞાની) એમ કહે, 'વ્યવહારની યત્ના કરો, જતના કરો, વ્યવહાર સાધન છે એમ કહ્યું છે.' (એક મુનિએ) એના પુસ્તકમાં એમ કીધું છે. લોહચુંબક લોહને ખેંચે, લોહચુંબકને લઈને સોય ખેંચાય. અહીં ના પાડે છે. લોહચુંબકના દ્રવ્ય, ગુણ, પર્યાયનો આત્મા તો એના પરમાણુ છે. સોય આવે છે એમાં એની પર્યાય ત્યાં ક્યાં ગઈ છે ? આહા..હા...! એ સોય આવે છે, ઇ સોયની ગતિની પર્યાય છે અને એના ગુણો અંદર પરમાણુમાં છે. તેનું સર્વસ્વ પરમાણુ દ્રવ્ય છે. સર્વસ્વ દ્રવ્ય છે. લોહચુંબકને લઈને સોય આવી છે... આહા..હા...! એવું નથી.

આ..હા...! '**આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો...**' કોઈ દ્રવ્યના ગુણો, ગુણો તો ઠીક ત્રિકાળ રહેનારા છે પણ એની પલટતી પર્યાયો '**અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી,...**' આહા..હા...! દરેક દ્રવ્યના ગુણ અને પર્યાય પરદ્રવ્યના ગુણ અને પર્યાયને લઈને અંશે પણ થતા નથી. આહા..હા...! છે ને ? '**સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે.**' આ..હા..હા...! જ્યાં-જ્યાં નિમિત્ત દેખીને પલટો દેખાતો હોય (અર્થાત્ કોઈ એમ કહે કે) પાણીમાં લાલ રંગ નાખો તો લાલ થાય, પીળો નાખો તો પીળો થાય એ રંગને લઈને થાય. (તેની) અહીં ના પાડે છે. એ પાણીની પર્યાય પોતે પોતાથી પીળાપણે પરિણમી છે, પીળો રંગ પડ્યો માટે નહિ. એ પર્યાય અને ગુણનો સમુદાય તો એનો પરમાણુ છે. એમાં રંગે કર્યું શું ? એ દાખલો આવ્યો છે, એ લોકોએ (દાખલો) આપ્યો છે કે, 'જુઓ ! પાણીમાં આમ થાય. 'સોનગઢવાળા' કહે પરદ્રવ્યમાં કાંઈ ન થાય.' 'સોનગઢવાળા' નહિ, બાપુ ! રહેવા દે, જિનેન્દ્રદેવ ભગવાન (આમ) કહે છે !!

શ્રોતા :– 'સોનગઢ'ની મોટર પેટ્રોલ વગર ચાલે છે, 'ઇંદોર'ની મોટર પેટ્રોલથી ચાલે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઇ કહે છે ને ! એક બ્રહ્મચારી મોટરમાં બેઠો હતો (ઇ કહેતો હતો કે), 'સોનગઢની મોટર એમને એમ ચાલે છે, સંચાને લઈને નહિ. આપણે પણ આમ ચાલીએ છીએ ઇ સંચાને લઈને નહિ. આપણે એમ માનીએ છીએ કે, (આપણે) અંદર બેઠા છીએ (અને) મોટર ચાલે છે માટે એનાથી (આપણી) ગતિ થાય છે.' (અહીં કહે છે) ના.. મોટરની પર્યાય અને અંદર બેઠો એની પર્યાય – બન્ને તદ્દન જુદી છે. આહા..હા...! થોડી-થોડી ભાષા સમજાય છે ને, ભૈયા ? થોડી-થોડી ? બહુ આકરી વાત, બાપા ! માર્ગ આખો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ ગુલાંટ ખાય છે. આહા..હા...! ન બેસે એથી કરીને કાંઈ સત્ય ફરે એવું નથી. વસ્તુ તો આવી છે.

આ..હા...! '**(સર્વ દ્રવ્યો) પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે.**' પોતપોતાના (એટલે) અપને-અપને ગુણ-પર્યાયમેં. '**આવી પદાર્થોની સ્થિતિ...**' આવી પદાર્થોની મર્યાદા '**મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે.**' આહા..હા...! આવી પદાર્થોની સ્થિતિ (જાણવાથી) મોહનો ક્ષય (થાય છે). પોતાની પર તરફની સાવધાનીનો ક્ષય. કર્મ ક્ષયની વાત અહીં નથી. આ..હા..હા...! સ્વભાવની પર્યાય અને વિભાવની પર્યાયમાં જ પોતાનું સ્વરૂપ છે અને એ પર્યાય અને ગુણનો સમુદાય તે આખું દ્રવ્ય છે. પરને અને એને કાંઈ સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવો એ તો ઓળખાણ માટે છે. બાકી કાંઈ લેવા-દેવા ન મળે. આહા..હા...! નિમિત્ત આવ્યું માટે નૈમિત્તક આવી અવસ્થા થઈ... આહા..હા...! એમ નથી.

પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાદાન અને પછીની પર્યાય સહિતનું દ્રવ્ય તે ઉપાદેય એ પણ અપેક્ષિત વ્યવહાર કથન છે. એ તો ફક્ત સદ્‌ભુત વ્યવહારનયથી એનો ને એનો પર્યાયસ્વભાવ બતાવ્યો. બાકી ખરેખર તો એ પર્યાય જે સમયે થઈ છે તે પૂર્વની ઉપાદાનની પર્યાયને લઈને ઉપાદેય થયું છે એમ પણ નથી. આ..હા..હા...! છે ? આવી પદાર્થોની મર્યાદા જેના જ્ઞાનમાં બેસે એને મોહનો ક્ષય એટલે પોતાની પર્યાયનો પર તરફની સાવધાનીનો ભાવ (ક્ષય પામે). '**આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે.**' આ..હા..હા...! કર્મનો ક્ષય કહેવો એ તો (નિમિત્તથી કહેવું છે) અને ખરેખર (તો) આ પણ નિમિત્ત છે (એટલે કે) પોતાની અશુદ્ધતાનો નાશ થાય એમાં પણ એ પવિત્રતા જે થઈ છે એ નિમિત્ત કહેવાય છે. આહા..હા...! આવું એનું સ્વરૂપ છે. વિશેષ કહેવાશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथवं मोहक्षपणोपायभूतजिनेश्वरोपदेशलाभेऽपि पुरुषकारोऽर्थक्रियाकारीति पौरुषं व्यापारयति -

**जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं।**
**सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण ।।८८।।**
**यो मोहरागद्वेषान्निहन्ति उपलभ्य जैनमुपदेशम्।**
**स सर्वदुःखमोक्षं प्राप्नोत्यचिरेण कालेन ।।८८।।**

इह हि द्राघीयसि सदाजवंजवपथे कथमप्यमुं समुपलभ्यापि जैनेश्वरं निशिततरवारिधारापथस्थानीयमुपदेशं य एव मोहरागद्वेषाणामुपरि दृढतरं निपातयति स एव निखिलदुःखपरिमोक्षं क्षिप्रमेवाप्नोति, नापरो व्यापारः करवालपाणिरिव। अत एव सर्वारम्भेण मोहक्षपणाय पुरुषकारे निषीदामि ।।८८।।

---

अथ दुर्लभजैनोपदेशं लब्ध्वापि य एव मोहरागद्वेषान्निहन्ति स एवाशेषदुःखक्षयं प्राप्नोतीत्यावेदयति- **जो मोहरागदोसे णिहणदि** य एवं मोहरागद्वेषान्निहन्ति। किं कृत्वा। **उपलब्भ** उपलभ्य प्राप्य। कम्। **जोण्हमुवदेसं** जैनोपदेशम्। **सो सव्वदुक्खमोक्खं पावदि** स सर्वदुःखमोक्षं प्राप्नोति। केन। **अचिरेण कालेण** स्तोककालेनेति। तद्यथा - एकेन्द्रियविकलेन्द्रिय-पञ्चेन्द्रियादिदुर्लभपरंपरया जैनोपदेशं प्राप्य मोहरागद्वेषविलक्षणं निजशुद्धात्मनिश्चलानुभूतिलक्षणं निश्चयसम्यक्त्वज्ञानद्वयाविनाभूतं वीतरागचारित्रसंज्ञं निशितखड्ग य एव मोहरागद्वेषशत्रूणामुपरि दृढतरं पातयति स एव पारमार्थिकानाकुलत्वलक्षणसुखविलक्षणानां दुःखानां क्षयं करोतीत्यर्थः ।।८८।।

---

હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે :–

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અન્વયાર્થ :–** **[यः]** જે **[जैनम् उपदेशम्]** જિનના ઉપદેશને **[उपलभ्य]** પામીને **[मोहरागद्वेषान्]** મોહ-રાગ-દ્વેષને **[निहन्ति]** હણે છે, **[सः]** તે **[अचिरेण कालेन]** અલ્પ કાળમાં **[सर्वदुःखमोक्षं प्राप्नोति]** સર્વ દુઃખથી મુક્ત થાય છે.

**ટીકા :–** આ અતિ દીર્ઘ, સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે જિનેશ્વરદેવના આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દ્રઢપણે તેનો પ્રહાર કરે છે તે જ ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે, અન્ય (કોઈ) વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી; – હાથમાં તરવારવાળા મનુષ્યની માફક. (જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ, તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દ્રઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ.) માટે જ સર્વ આરંભથી (–યત્નથી) મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું. ૮૮.

---

ગાથા–૮૮
પ્રવચન નં. – ૮૧
તા. ૨૨-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૮મી ગાથા. એનો ઉપોદ્‌ઘાત. '**હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત...**' મોહક્ષયના ઉપાયભૂત (કહ્યું) ! '**જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં...**' આહા..હા...! જિનેશ્વરદેવનો ઉપદેશ મળવા છતાં પણ '**પુરુષાર્થ અર્થક્રિયાકારી છે...**' એનો અર્થ '**सव्वदुक्खमोक्खं**' સર્વ દુઃખને... છે ને ? મુકાવાનો પુરુષાર્થ કાર્યકારી છે. '**તેથી પુરુષાર્થ કરે છે :–**' હવે આમાં ક્યાં ક્રમબદ્ધ રહ્યું ? હવે '**अचिरेण**' શબ્દ આવશે. ઇ બધું ક્રમબદ્ધમાં જ છે. આહા..હા...! ક્રમદ્ધનો પુરુષાર્થ એ જ અકર્તાપણાનો, જ્ઞાતાપણાનો પુરુષાર્થ (છે). એ જ સર્વ દુઃખને મુકાવાનો ઉપાય (છે). આહા..હા...! બધા શબ્દો ફેર છે, જુઓ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं।**
**सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण।।८८।।**

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.**

લ્યો, અહીં તો અલ્પકાળમાં (પામશે એમ આવ્યું) ક્રમબદ્ધમાં પામશે એમ ન આવ્યું ! એનો અર્થ જ ઇ થયો કે, ક્રમબદ્ધનો પુરુષાર્થ જ્યાં કર્યો અને સ્વભાવ તરફ ઢળ્યો છે તેને અલ્પકાળમાં એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન થશે. એ અલ્પકાળમાં થશે એને લાંબો કાળ નથી એમ કહેવું છે. (બાકી) છે તો ક્રમબદ્ધ. આહા..હા...! સર્વ દુઃખનો નાશ (એ) મોક્ષ છે ને ? એટલે સર્વ દુઃખનો નાશ. મોક્ષ – મુકાવું છે ને ? મુકાવું એટલે સર્વ દુઃખથી મુકાવું. પર્યાયમાં જે અનંત મિથ્યાત્વ અને સર્વ દુઃખ છે તેનાથી મુકાવું. 'મોક્ષ' શબ્દ છે ને ? અસ્તિથી (કહીએ તો) ભગવાનઆત્મા ! રાગ અને પર્યાયનો કર્તા નથી એવો જે પુરુષાર્થ (છે) એ સર્વ દુઃખ(થી) મુક્ત થવાનો ઉપાય છે. આહા..હા...!

આમાં (જે આવ્યું કે) '**अचिरेण कालेण**' (અર્થાત્) સર્વદુઃખથી મુક્ત થવું એનો અર્થ જ ઇ છે કે, રાગ જે દુઃખ છે, મિથ્યાત્વ તે દુઃખ છે એનો નાશ કરવો. (એ) કેમ થાય ? કે, સમય-સમયમાં જે ક્રમબદ્ધ દશા થાય છે એનો જ્યારે નિર્ણય, અનુભવ સ્વભાવની દૃષ્ટિએ થાય છે (ત્યારે થાય છે). આ..હા...! સ્વભાવ ચૈતન્યમૂર્તિ ભગવાન ! પૂર્ણ આનંદનું દળ છે એની ઉપર જ્યારે દૃષ્ટિ જાય છે ત્યારે તેને ક્રમબદ્ધનો – પર્યાયમાં થતી દશાનો સાચો નિર્ણય અને સાચો પુરુષાર્થ થાય છે. આહા..હા...! આમાં તો મોહ, રાગ-દ્વેષને હણે અને તે સર્વ દુઃખથી મુક્ત થાય, એ પણ અલ્પકાળમાં થાય. એનો અર્થ જ ઇ છે કે, જેણે આ ભગવાનઆત્મા ! ક્રમબદ્ધ પર્યાયનો જ્યાં નિર્ણય કરે છે (ત્યાં) એની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે. તેથી 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે, આ ક્રમબદ્ધની વ્યાખ્યા કરશું એમાં અકર્તાપણાને જાહેર કરીશું. એમ આવે છે ને માથે (–મથાળામાં) ? અકર્તાપણાને જાહેર કરશું એનો અર્થ એ થયો કે જ્ઞાતાને જાહેર કરશું. એનો અર્થ જ (એ) થયો કે... આહા..હા...! વસ્તુનો ત્રિકાળી સ્વભાવ છે તેનો આશ્રય કરવાની પ્રસિદ્ધિ કરશું. આહા..હા...! આવું છે ! કારણ કે શાસ્ત્રના ગમે તે ભાવ (કે) પાઠ હોય પણ એનો સરવાળો તો વીતરાગતા છે ને ? તાત્પર્ય તો વીતરાગતા છે. (તો) વીતરાગતા ક્યારે થાય ? આ..હા...! એ સ્વસન્મુખ થાય (ત્યારે થાય). કેમકે પોતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જિનસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ છે, એની સન્મુખ થાય એટલે વીતરાગદશા થાય. આવી પુરુષાર્થની ગતિ કરનારને હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન (પ્રગટ થવાનો) ટાઈમ છે. એને લાંબો કાળ હોય નહિ. (તે પણ) છે તો ક્રમબદ્ધમાં. આહા..હા...!

શ્રોતા :– ક્રમબદ્ધ આવું છે કે અલ્પકાળમાં કેવળજ્ઞાન થશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– અલ્પકાળમાં જ એને કેવળજ્ઞાન થવાનું છે. કારણ કે આ બાજુ ઢળ્યો છે અને અંદર ભગવાન સર્વજ્ઞસ્વરૂપી છે. આહા..હા...! અર્થાત્ મુક્તસ્વરૂપ ભગવાનઆત્મા છે. એના તરફ ઢળ્યો છે તેથી તેને મુક્તિ એટલે કેવળજ્ઞાન અલ્પકાળમાં જ આવશે. આવશે ક્રમબદ્ધમાં પણ એ ક્રમબદ્ધમાં એને અલ્પકાળ લાગશે. અરે..રે...! આવી વાતું છે ! બહુ આકરું કામ. જૈનદર્શન...! આહા..હા...! એની ટીકા.

**ટીકા** :– **'આ અતિ દીર્ઘ,...'** આહા..હા...! સંસાર... સંસાર... તો જુઓ ! (એમ) કહે છે. **'અતિ દીર્ઘ,...'** લાંબા કાળનો – અનાદિથી. આ..હા..હા...! આદિની (એટલે સંસારની શરૂઆતની) નજરું ક્યાંય પડે નહિ એવો અનાદિ... અનાદિ... અનાદિ... અનાદિ... આહા..હા...! મિથ્યાત્વ ભ્રમમાં ક્યાંય રખડતો, રઝળતો... **'આ અતિ દીર્ઘ, સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં...'** આ..હા..હા...! એ મિથ્યાત્વ માર્ગ છે એ અતિ દીર્ઘ સદા ઉત્પાતમય સંસારમાર્ગ છે. આહા..હા...! રાગને પોતાનો માનવો કે રાગથી સ્વભાવને લાભ થાય, વિભાવથી સ્વભાવને લાભ થાય એવો જે મિથ્યાત્વભાવ... આહા..હા...! અતિ દીર્ઘકાળથી ચાલ્યો આવે છે. સદા ઉત્પાતમય છે. આકુળતા... આકુળતા... આકુળતા(સ્વરૂપ) **'સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે...'**

'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં થોડું લીધું છે. એકેન્દ્રિયથી વિકલેન્દ્રિય પામવું, એમાંથી પંચેન્દ્રિય પામવું આદિ **'दुर्लभपरंपरया जैनोपदेशं प्राप्य...'** એવી પરંપરામાં વીતરાગનો સાચો ઉપદેશ મળવો (અતિ દુર્લભ છે). આ..હા..હા...! સંસ્કૃત ટીકામાં છે. એકેન્દ્રિયમાંથી નીકળવું એમાંથી વિકલેન્દ્રિય થવું (અર્થાત્) બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય (થવું) એ પણ દુર્લભ છે. એમાંથી પંચેન્દ્રિય થવું, એમાંથી મનુષ્યપણું થવું, એમાંથી આર્યપણું થવું, એમાં પણ જૈનકુળમાં અવતાર અને એમાં જૈનનો ઉપદેશ (મળવો) ! આટલી દુર્લભતા !! આ..હા..હા...! પૈસા મેળવવા માટે દુર્લભતા કીધી નથી કે, (આવા) પાંચ લાખ, દસ લાખ, પચીસ લાખ કે કરોડ (રૂપિયા મળે) તે દુર્લભ છે. આ..હા...! બોધિદુર્લભ ભાવના ! (એને) અહીં દુર્લભ કીધું. અશક્ય નહિ પણ દુર્લભ છે.

અનંત... અનંતકાળ... આ..હા..હા...! (આમ) નજરું નાખી એની આદિ દેખાય નહિ. આદિ છે ક્યાં ? આહા..હા...! આ પહેલાં ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... નજરું નાખે ભવની શરૂઆત જણાય નહિ. એવો અતિ દીર્ઘ સદા ઉત્પાતમય પાછો ! મિથ્યાત્વથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાતમય – દુઃખમય ! આહા..હા...! એવા '**સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે જિનેશ્વરદેવના...**' આ..હા..હા..હા...! ત્રણલોકના નાથ ! જિનેશ્વરદેવ સર્વજ્ઞ વીતરાગ ! એનો ઉપદેશ !! આ..હા..હા...! એના કહેલાં શાસ્ત્રો, એનો ઉપદેશ. આહા..હા...!

'**તીક્ષ્ણ અસિધારા સમાન...**' કેવો છે ઉપદેશ ? આ..હા..હા...! તીક્ષ્ણ અસિધારા ! (જેમ) તલવારની ધાર ઝીણી હોય એવો એનો ઉપદેશ છે. આ..હા..હા...! એટલે કે એના ઉપદેશમાં તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશ (છે). જેમાં મિથ્યાત્વ અને રાગને હણવાનો જ ઉપદેશ છે. એટલે કે જેમાં વીતરાગપણાની ઉત્પત્તિ... આહા..હા...! (કે જેનો) દીર્ઘ સંસારમાં ઉત્પાદ્ (થયો) નથી એવો જે આત્માનો સમ્યગ્દર્શન, જ્ઞાનનો માર્ગ. એ જિનેશ્વરના ઉપદેશને પામીને. ઉપદેશ જ આવો છે, એમ કહે છે, જોયું ? '**તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશ...**' એ ઉપદેશ – વાણી આવી છે, એમ કહે છે. આહા..હા...! અસિધારા જેમ પરને કાપી નાખે એમ ઉપદેશમાં વિકારને હણવાનો અને સ્વભાવની પ્રાપ્તિ કરવાનો એનો ઉપદેશ છે. સમજાય છે કાંઈ ? 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ઘણી ગંભીર !!

'**તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશ...**' આ..હા..હા...! જેનો ઉપદેશ એવો તીખો ! તીખો અને ઝીણો !! કે, શુભ રાગ પણ બંધનું કારણ (છે) એવો ભગવાનનો ઉપદેશ (છે) અને તેનાથી ભિન્ન સ્વભાવ, વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન ! તેનો આશ્રય (લેવો એવો) અતિ તીક્ષ્ણ ધાર સમાન ઉપદેશ છે એમ કહે છે. આહા..હા...! એવા '**ઉપદેશને પામીને...**' એવો ઉપદેશ જેને મળ્યો છે એની વાત છે. આહા..હા...! એ ઉપદેશ મળવો પરંપરા દુર્લભ છે. એમ લીધું છે ને ત્યાં ? '**दुर्लभपरंपरया जैनोपदेशं प्राप्य...**' સંસ્કૃતમાં છે. એવો દુર્લભ પરંપરા (ઉપદેશ) ! આ..હા..હા...! અનંત... અનંત... અનંત... અનંતકાળમાં આહા..હા...! મનુષ્યના ભવ અનંત કર્યાં, નારકીના અનંત કર્યાં, દેવના અનંત કર્યાં, નિગોદના અનંત કર્યાં, સિંહ, વાઘ, કૂકડા, કાગડા, કાબરું... એના ભવ અનંત કર્યાં. આ..હા..હા...! એમાં જિનનો ઉપદેશ પ્રાપ્ત થાય એવી દશા લગભગ મનુષ્યપણાં (છે). આહા..હા...!

'**તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને...**' ઓ..હો..હો..હો...! ભગવાનની વાણીમાં તો કહે છે, રાગ-દ્વેષને હણવાનું જ આવે. મિથ્યાત્વને હણવું અને રાગ-દ્વેષને હણવું એવો જ એનો ઉપદેશ આવે. એટલે કે સમકિતને પામવું અને વીતરાગતાને પામવું એવો ઉપદેશ આવે. એટલે કે સમકિતને પામવું, વીતરાગતાને પામવું એ દ્રવ્યના આશ્રયથી પમાય એવો એમનો ઉપદેશ છે. આહા..હા...! એ સિવાય વીતરાગતા પ્રગટ થાય નહિ. આહા..હા...!

એવા '**ઉપદેશને પામીને પણ...**' અહીં તો કહે છે ભલે આવો ઉપદેશ મળ્યો. આહા..હા...! '**જે મોહ-રાગ-દ્વેષ ઉપર...**' મોહ અને રાગ-દ્વેષ ઉપર '**અતિ દૃઢપણે તેનો પ્રહાર કરે છે...**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! એટલે કે ઉગ્રપણે સ્વભાવમાં જાય છે. આહા..હા...! ભગવાન ચિદાનંદની, અનંત ગુણની ખાણ છે ! આહા..હા...! એના ઉપર જે જાય છે એનો મોહ અને રાગ-દ્વેષ ઉપર દૃઢપણે પ્રહાર છે. આ..હા..હા...! વ્યવહારની ભાષા (છે). બાકી તો સ્વભાવ તરફના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને દૃઢપણે પામે છે (ત્યાં મોહ, રાગ-દ્વેષ ઉત્પન્ન જ થતા નથી). પહેલી તો સમ્યગ્દર્શનની દુર્લભતા, એના પછી ચારિત્રની તો મહા દુર્લભતા ! આહા..હા...! સ્વરૂપમાં રમવું, આનંદમાં રમવું એ ચારિત્ર છે. પંચ મહાવ્રત (પાળવા) એ કોઈ ચારિત્ર નથી. આ..હા..હા...!

અહીં તો શું કહેવું છે ? કે, ભગવાનનો તીખો ઉપદેશ (પ્રાપ્ત થયો પણ) ઉપદેશમાં આવ્યું હતું શું ? કે, '**મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દૃઢપણે તેનો પ્રહાર...**' કર. અહીં દુઃખથી મુક્ત (થવાની) ભાષા છે ને ? '**सव्वदुक्खमोक्खं**' મોક્ષ ! મોક્ષ એટલે સર્વ દુઃખથી મુકાવું. એવી ભાષા છે ને એટલે એનાથી આમ વાત લીધી છે. '**મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢપણે...**' આ..હા..હા...! એટલે સ્વભાવ તરફના ઉગ્ર પુરુષાર્થથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ ! આત્મદળ ! આહા..હા...! જંગલમાં જતાં ક્યાંક ઠેબુ વાગે અને એમાંથી હીરાનો ચરુ નીકળે, હીરાનો ચરુ ! ત્યાં એને એમ થાય.. આ..હા..હા..હા...! આને શું કરું ? એક-એક હીરો કરોડનો હોય એવો આખો ચરુ ભર્યો હોય. એવો આ ભગવાનઆત્મા ! એક-એક રત્ન નહિ પણ એવા અનંત રત્નનો ચરુ ભર્યો છે, ભગવાન ! એ મિથ્યાત્વને હણવુંનો અર્થ કે સમ્યગ્દર્શનને પામવું. આ..હા...! એટલે કે સમ્યગ્દર્શનમાં સ્વભાવના તીવ્ર પુરુષાર્થથી જે અંદર જાય છે... આ..હા..હા...! એના મોહ અને રાગ-દ્વેષ હણાઈ જાય છે. આહા..હા...! આ એનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. ઇ કહેશે. આહા..હા...!

'**સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે...**' મહાપુણ્યને યોગે. આહા..હા...! '**જિનેશ્વરદેવનો આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશ...**' આહા..હા...! કાંઈક હળવો કહો, હળવો કહો (એમ નહિ). અહીં તો અતિ તીક્ષ્ણ (અસિ)ધારા સમાન ઉપદેશ ! ઉપદેશ જ એવો છે. આ..હા..હા...! સ્વભાવ સન્મુખ થા ! વીતરાગતા પ્રગટ કર ! ત્યાં દુઃખનું મુક્તિપણું છે. આ..હા..હા...!

ભાષા બધી કેવી છે ! ઉપદેશને તીક્ષ્ણ અસિધારા સમાન કહ્યો અને પછી '**મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દૃઢપણે તેનો પ્રહાર...**' કે, ફરીને એ ઊગે નહિ !! આ..હા..હા...! ચૈતન્યસ્વભાવ જે ભગવાન ! તેના ઉપર જોરદાર દૃષ્ટિ પડવાથી ! આ..હા..હા...! ચારેય બાજુથી દૃષ્ટિને ફેરવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં અતિ દૃઢ પ્રહાર મિથ્યાત્વ ઉપર થાય છે, (એમ) કહે છે. આહા..હા...! આવું છે ! અને તે '**અતિ દૃઢપણે તેનો પ્રહાર કરે છે....**' આહા..હા...! મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ કરે છે. એટલે કે સમકિત અને વીતરાગભાવને ઉત્પન્ન કરે છે, એમ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

**'તે જ...'** એવો જીવ જ **'ક્ષિપ્રમેવ...'** (એટલે) જલ્દી જ; તરત જ; શીઘ્રમેવ. **'अचिरेण'** છે ને ? **'अचिरेण कालेण'** આવ્યું ને ? એનો અર્થ કર્યો. **'ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...'** **'તે જ ક્ષિપ્રમેવ...'** એટલે જલ્દીથી. તરત જ, શીઘ્રમેવ. **'शीघ्रम् एव'**, **'शीघ्रम् एव'** ! આહા..હા...! આમાં ક્રમબદ્ધનું બેસવું (અઘરું પડે) ! ક્રમબદ્ધ જ છે. એ ક્રમબદ્ધનું તાત્પર્ય જ દ્રવ્ય સ્વભાવ ઉપર દ્રઢપણે જવું અને મિથ્યાત્વ, રાગ-દ્વેષને દ્રઢપણે નાશ કરવા. એ એનું પરિણામ અને એ એનું તાત્પર્ય છે. આહા..હા...! એ જીવ **'ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...'** પાઠમાં છે ને એ ? **'सव्वदुक्खमोक्खं'** (મથાળામાં) અર્થક્રિયાકારી હતું. (એટલે) પ્રયોજનભૂત ક્રિયાનો કરનાર. પ્રયોજન તો આનંદનું છે. મોક્ષનો આનંદ ઇ એનું પ્રયોજન છે. તેના પ્રયોજનને અર્થે અંતર સ્વભાવમાં પુરુષાર્થની ગતિ કરે છે. આહા..હા...! એ અલ્પકાળમાં શીઘ્રમેવ – જલ્દી (દુઃખથી મુક્ત થાય છે). (આવું વાંચીને) લોકો એમ કહે, 'ત્યાં ઇ ક્રમબદ્ધની વાટ ન જોવે.' અરે... ભગવાન ! જેને આવો નિર્ણય અને અનુભવ થયો, સ્વભાવ સન્મુખનો જ્યાં આશ્રય થયો એને અલ્પકાળમાં જ કેવળજ્ઞાન આવવાનો કાળ છે. આહા..હા...! એને એક-બે ભવે કેવળજ્ઞાન થવાના ક્રમબદ્ધમાં એ જ છે. આહા..હા...! સ્વભાવ તરફ પુરુષાર્થ કર્યો માટે અલ્પકાળમાં મુક્તિ છે નહિતર મુક્તિ વિશેષ લાંબે કાળે થાત, એમ અહીં નથી. આહા..હા...!

૪૭ નય(માં) આવે છે ને ? કાળે મોક્ષ અને અકાળે મોક્ષ, લ્યો ! કાળે પણ મોક્ષ થાય અને અકાળે પણ મોક્ષ થાય એમ સામાવાળા કહે છે. (એક સાધુને) પૂછ્યું હતું. ક્યું ગામ કહેવાય ઇ ? 'ગજપંથા' ! કારણ કે એને આશ્રયે તો ઘણાં માણસો માનતા અને શ્રદ્ધાની લાઈન ફેરવી નાખી હતી. (મને એમ થયું કે) આ મૂળમાં કાંઈ સમજે છે કે નહિ ? (તેથી મેં) કીધું 'પ્રવચનસાર'માં અકાળે મોક્ષ કીધો છે. કાળે જ મોક્ષ થાય એવું કાંઈ ત્યાં નથી કહ્યું.' ઇ સમજી ગયો. 'મેં એ વિચાર કર્યો નથી.' એમ કહીને બિચારાએ છોડી દીધું. (એને એમ કે) આ તો ક્યાંક પકડશે ! 'પ્રવચનસાર'માં અકાળે મોક્ષ કીધો છે. ફલાણે જ સમયે– કાળે જ મોક્ષ થાય એવું એમાં નથી (કહ્યું). ત્યારે એનો અર્થ શું ? (કહ્યું કે) 'મેં વિચાર નથી કર્યો.'

શ્રોતા :– આપ જ ફરમાવો એમ ન કીધું ?

સમાધાન :– એમાં (તો) માન જાય ને ! 'મેં વિચાર કર્યો નથી.' એમ કીધું. (એટલે) ઠીક (કહીને) છોડી દીધું. અકાળમાં કંઈ સમય ફર્યો નથી. સમય તો જે સમયે કેવળનો– મોક્ષનો સમય છે તે જ સમય છે. અકાળમાં કાળ ઉપરાંત સ્વભાવ અને પુરુષાર્થને ભેળવ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એથી એને અકાળ કીધો છે. આ..હા...! એકલા કાળને નહિ પણ બીજા ચારને પણ સાથે ભેળવીને અકાળે મોક્ષ કીધો છે. અકાળ (એટલે કાળ) આઘો-પાછો થાય (એમ ત્યાં નથી કહેવું). આહા..હા...! અહીંનું વાંચીને (એ સાધુ) બહુ વાતો કરતા (હતા) પછી સાધુપણું છોડી દીધું હતું. અહીંની દૃષ્ટિ આવી ને (એટલે). ઊઠ-બેસ કરીને પગે લાગ્યા. સાંજે આવ્યા હતા, રાતે ક્યાંકથી આવ્યા હતા. રાતે પછી આવ્યા (અને) ઊઠ-બેસ કરીને પગે લાગ્યા. વાતચીત કાંઈ થઈ નહિ. (મને એમ થયું હતું કે) આનું હૃદય શું છે ? અહીંની વાતું કરીને અહીંનું વાંચે છે અને અહીંની વાતું કરે છે. (એટલે મેં પૂછ્યું) પણ શાસ્ત્રમાં આમ છે ને ? ભગવાન કહે છે કે, અકાળે મોક્ષ થાય. ત્યાં કાળે જ થાય એમ ક્યાં કીધું છે ? (એને) ખબર પડી ગઈ, સમજી ગયા અને ઢીલો પડી ગયો કે, હું ગમે તે કહીશ તો મને પકડશે ! કાળનો અર્થ જે સમયે (મોક્ષ) થવાનો તે સમયે જ થવાનો, પણ અકાળ એટલે ત્યાં સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા, નિમિત્તનો અભાવ એ બધા સાથે છે તેને અકાળ કહેવામાં આવે છે. આહા..હા...! એકલો કાળ નહિ, એમ (કહેવું છે).

અહીં એ વચન છે '**ક્ષિપ્રમેવ**' ! મૂળ પાઠ છે ને ? '**अचिरेण**' ! '**अचिरेण कालेण**' એમ શબ્દ છે, જોયું ? અલ્પકાળમાં જેણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉપર પ્રહાર કર્યા (એ) વ્યયથી વાત ઉપાડી. એટલે કે જેણે સ્વભાવ ઉપર જોરદાર પુરુષાર્થ પ્રગટ કર્યો. આ..હા..હા...! એને અલ્પકાળમાં... '**अचिरेण कालेण**' છે ને ? અલ્પકાળમાં સર્વ દુઃખથી મુક્ત થઈને કેવળ પામશે. એથી ત્યાં ક્રમબદ્ધ છૂટી જાય છે એમ નથી. આહા..હા...! લોકો બિચારા ક્યાંય પડ્યા છે, કાંઈ વિચાર ન મળે. સાંભળનારને ખબર ન મળે, માથે જે કહે ઇ, જય નારાયણ ! આહા..હા...! જુઓ ! આમાં કીધું.

'**ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...**' છે ? (ક્ષિપ્રમેવ એટલે) જલદી જ; તરત જ; શીઘ્રમેવ. આહા..હા...! જેને અહીંયાં આનંદના નાથનો આશ્રય આવ્યો અથવા ક્રમબદ્ધની અપેક્ષાએ કહીએ તો જેને અકર્તાપણું પ્રગટ થયું (તે શીઘ્ર દુઃખથી પરિમુક્ત થાય છે). આહા..હા...! અકર્તા – જૈનનું અકર્તાપણું ત્યાં સુધી ચાલ્યું જાય છે કે, પરનો કર્તા તો નહિ, રાગનો કર્તા તો નહિ પણ પર્યાય જે આવે છે એને કરું એ પણ જ્યાં નથી. આહા..હા...! જૈન પરમેશ્વરનું અકર્તાપણું – અકર્તાવાદીપણું અહીં સુધી જાય છે ! આ..હા...!

અરે...! કોને પડી છે આમાં ? ક્યાં જઈશ, બાપા ? ક્યાં જઈશ ? દેહ છૂટશે તો હાલ્યો જઈશ, બાપા ! હમણાં વાત ન કરી ? (એક ભાઈ) ક્યાંકથી આવતા હતા, રેલમાં વચ્ચે ક્યાંક અકસ્માત્ થઈ ગયો. આહા..હા...! બાવન વર્ષની ઉંમર ! આહા..હા...! અરે...! આવા અકસ્માત્ કાળે ક્યાં જઈને ઊપજવું, ભાઈ ? આહા..હા...! કોઈ જાણીતો મનુષ્ય નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણીતો ભવ નહિ, જાણીતા ભાવ નહિ... આહા..હા...! જાણીતું ક્ષેત્ર નહિ... આહા..હા...! જાણીતો કાળ નહિ. આહા..હા...! ક્યાં જઈને અવતરે, બાપુ ? આહા..હા...!

શ્રોતા :– જ્યાં જશે ત્યાં મોહ હશે એટલે મારુ માની લેશે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જ્યાં હોય ત્યાં એ પોતાનું માને. (એક) દાખલો નથી આવતો ? એક રાજા હતો. (તેને) એક જ્ઞાનીએ કહ્યું કે, 'તમે મરીને કૂતરીને કૂખે બચ્ચુ થવાના છો.' (એમ) રાજાને કહ્યું. ઘણાં તો પશુ થવાના, બાપુ ! જેને આ ધર્મના સંસ્કાર પાંચ-દસ વર્ષ પડ્યા હોય, એ થોડા હોય તો મનુષ્ય થાય અને ઘણા હોય તો દેવ થાય. પણ આ સંસ્કાર જ નથી, આ વસ્તુસ્થિતિ જાણી નથી (એને તો) એકલા તિર્યંચના એટલે કષાયના આડા ભાવ છે. આ..હા..હા...! એ ત્યાં (તિર્યંચમાં) ચાલ્યા જાય, ત્યાં જ જાય. એ રાજાને ધર્મી–ધર્માત્માએ કહ્યું 'રાજન્ ! તમારો અવતાર કૂતરીની કૂખે થવાનો છે !' ગલુડીયું ! હિન્દીમાં ક્યા કહતે હૈં ? પિલ્લા... પિલ્લા ! (આમ જ્યાં રાજાએ સાંભળ્યું ત્યાં) હેં...! (થઈ ગયું). (રાજા કહેવા લાગ્યો) 'નહિ, મને આવીને મારી નાખજો. હું જ્યારે પિલ્લું થાઉં – કૂતરીનું બચ્ચું થાઉં તો કોઈ પણ માણસ આવીને મને મારી નાખજો.' એ જ્યાં કૂતરીનું બચ્ચું થયું અને ઓલા મારવા આવે છે ત્યાં ભાગે (છે) !

શ્રોતા :– પર્યાયમાં મોહ થયો ?

સમાધાન :– ઇ જ હું છું એમ ત્યાં માનીને બેઠો હતો ને ? ત્યાં પહેલાં કહ્યું હતું કે, હેં ! રાજા મરીને કૂતરીનું બચ્ચું ! કૂતરીની કૂખે !! આહા..હા...! જેને બચ્ચુ આવતાં ભૂખ એટલી હોય કે, (જો) એને તરત શીરો કે કાંઈક ન મળે (તો) બચ્ચાને ખાય જાય. અહીં ખાધું ને અહીં ! દેરાસરની પાછળ બચ્ચાને ખાય ગઈ ! આહા..હા...! સર્પણી તો એના જેટલા (બચ્ચા) હોય તેટલા (બધાને) ખાય, બહાર કો'ક છૂટી જાય તો છૂટી જાય. નહિતર ગોળ ચક્કર બનાવીને (બધાને) ખાય. આ..હા..હા...! માતા એના બચ્ચાને ખાય !! ક્ષુધા બહુ લાગી હોય અને બહારમાં કંઈ તૈયાર હોય નહિ. આ..હા...!

આવા સંસારમાં ભમતા પ્રભુ ! તને દુર્લભ પરંપરાએ જિનનો તીખો ઉપદેશ મળ્યો... આ..હા..હા...! હવે તો તીક્ષ્ણ પુરુષાર્થ (કરીને) દૃઢપણે પ્રહાર કર. ભ્રમણા ઉપર પ્રહાર કર ! ભગવાન ઉપર જા અને ભ્રમણાનો નાશ કર ! આ..હા...! આહા..હા...! અહીં તો ક્ષયની અને નાશની જ વાત છે ! ફરીને થાય એ પ્રશ્ન અહીં છે નહિ. આહા..હા...! દિગંબર સંતોની વાણીમાં ક્યાંય મોળાપણું છે નહિ. ઇ પોતે કહે છે ને ! જુઓ ને ! અહીં શું કહે છે ? ('**પ્રહાર કરે છે.**') (પહેલાં) આવ્યું હતું નહિ ? અમે કમર બાંધીને બેઠા છીએ. કડ બાંધીને બેઠા છીએ અમે ! નહિતર રાગ પ્રમાદ છે ઇ ચોર છે. આહા..હા...! મહાવ્રતના પરિણામ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે ઇ ચોર છે ! આહા..હા...! ગજબ વાત છે, ભાઈ ! અમારી શાંતિ ત્યાં લુંટાય છે. આ..હા...! માટે મારે સાવધાન રહેવું પડશે. સ્વભાવ સન્મુખની દશામાં સાવધાન રહેવું પડશે. આહા..હા...! આ પુરુષાર્થ કહ્યો કે નહિ ? અહીં એ કીધું ને ? પુરુષાર્થ કરે છે. અર્થક્રિયાકારી પુરુષાર્થ કરે છે. એટલે ? સર્વ દુઃખ(થી) મુક્ત થવાનો પુરુષાર્થ કરે છે. એમ એનો અર્થ છે. ક્રમબદ્ધમાં એ સ્થિતિ આવે છે. આહા..હા...! એથી કોઈ દશા આઘી-પાછી થઈ જાય (છે એમ નથી). પણ આઘી-પાછીની વ્યાખ્યા શું ? આહા..હા...! આ ઠેકાણે આ દશા થવાની હતી તે અવસ્થા પછી થઈ (અને) તે વખતે થવાની હતી તે અહીં થઈ એમ (છે) ? એનો અર્થ શું ? આહા..હા...!

શ્રોતા :– ઇ એનો સ્વકાળ છે તો સ્વકાળે થાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો એને કાળે થાય જ. સ્વકાળ હોય જ, આડે-અવળે (ન હોય). જન્મક્ષણ નથી (આવતું) ? હજી આમાં આગળ આવશે. ૧૦૧ (નંબરની ગાથામાં) ત્યાં સુધી આવશે. ઉત્પાદ્ છે તેને વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. આ..હા..હા...! એવું ઉત્પાદ્નું સત્પણું ! સત્ છે તેને કોઈની અપેક્ષા નથી. અપેક્ષાવાળું હોય એને સત્ ન કહેવાય. આ..હા..હા..હા...! મિથ્યાત્વનો ઉત્પાદ્ છે તેને પણ કોઈની અપેક્ષા નથી કે, દર્શનમોહનો ઉદય છે માટે અહીં મિથ્યાત્વ છે એમ નથી. એમ કહે છે. સમ્યગ્દર્શનમાં પણ દર્શનમોહનો અભાવ થાય એવી એને અપેક્ષા નથી. આહા..હા...!

ત્રિલોકનાથ ચૈતન્ય ભગવાન ! પૂર્ણ અનંત ગુણને સ્વભાવે ભરેલો ભગવાન ! પૂર્ણ ઠસોઠસ !! જેમાં વિકલ્પનો પ્રવેશ નથી. અરે...! એ તો ઠીક પણ પર્યાય જેના ઉપર તરે છે... આ..હા..હા..હા...! જેમાં પર્યાયનો પ્રવેશ નથી ! આ..હા..હા..હા...! એ તો આવે છે ને ? પરનો પ્રવેશ નથી. કળશમાં આવી જાય છે. 'સમયસાર'માં પહેલાં કળશોમાં આવી ગયું છે.

દ્રવ્ય જે વસ્તુ છે... વસ્તુ છે – દળ – ધ્રુવ ! ભલે ક્ષેત્ર નાનું હો પણ એનો સ્વભાવ છે ને ? એનું સત્ત્વ છે ને ? સત્ની શક્તિ છે ને ? એ શક્તિને – સત્ત્વને મર્યાદા શી હોય ? આ..હા..હા...! એવા સ્વભાવ તરફનું જોર કરતાં (જે પર્યાય થાય) એ પર્યાય પણ દ્રવ્યથી ઉપર તરે છે, (એમ) કહે છે. એ પુરુષાર્થની પર્યાય પણ દ્રવ્યથી ઉપર તરે છે ! આ..હા..હા..હા...! કેવળજ્ઞાનની પર્યાય પણ દ્રવ્યથી ઉપર તરે છે ! આ..હા..હા...! દ્રવ્યથી ઉપર તરે છે !! પ્રભુ ! મારગડા જુદાં, ભાઈ ! આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ! એમની ઉપદેશની વિધિ અને રીત કોઈ અલૌકિક છે !! એ જ કીધું ને ? એવા ઉપદેશને પામીને. આ..હા..હા...! ત્યાં હવે ઊભો ન રહીશ. ઉપદેશમાં આવ્યું કે, મોહ, રાગ અને દ્વેષ ઉપર પ્રહાર કર અથવા સ્વભાવ ઉપર દૃઢપણે જા અને પછી સ્થિર થા ! મોહ, રાગ-દ્વેષનો નાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(કહ્યો) ને ? (એટલે અહીંયાં) સમકિત અને સ્થિરતા થાય. આહા..હા...! દૃઢપણે સમ્યગ્દર્શન (પ્રગટ કર) અને દૃઢપણે અંદર સ્થિર થા ! આહા..હા...!

આહા..હા...! જે પર્યાય અંદર પ્રવેશ કરતી નથી તે પર્યાયમાં આટલો પુરુષાર્થ હોય છે !! આહા..હા...! એ (પર્યાય) સ્વભાવ સન્મુખ ઢળી ગઈ છે. 'ઢળી છે' એવું ક્યાંક આવ્યું હતું ને ? આમાંને આમાં ક્યાંક આવ્યું હતું. ગાથામાં આવશે. પ્રવણ... પ્રવણ આવશે આગળ. ૯૦(મી) ગાથા – (પ્રવણ એટલે) ઢળતી; અભિમુખ; રત. ૯૦ છે ? નીચે (અર્થ આપ્યો) છે (અને) અંદર (ટીકામાં) પણ છે. પ્રવણ ! '**મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા...**' ૯૦મી ગાથા. '**મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા...**' પ્રવણ, પ્રવિણ નહિ. પ્રવિણ નહિ (પણ) પ્રવણ. પ્રવણ એટલે કે ઢળતી અને અભિમુખ, રત. (એટલે કે) સ્વભાવ સન્મુખ ઢળતી. આ..હા..હા...! ભારે ટીકા ! ગજબ કરી (છે) ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા... આ..હા...! ભરતક્ષેત્રમાં એની જોડની કોઈ ટીકા ન મળે !! પણ ઝીણી વાતું બહુ, બાપુ ! આહા..હા...!

તીખો ઉપદેશ છે, એમ કીધું ને ? અસિધારા સમાન જેનો ઉપદેશ છે – એક વાત. એ તો ઉપદેશની વાત કરી. અને એટલો બધો ક્ષિપ્રપણે દૃઢ પ્રહાર કરે છે. ત્યાં એ તારો પુરુષાર્થ છે. આહા..હા...! પ્રવણ... પ્રવણ શબ્દ ઇ છે, ભાઈ ! (એટલે કે) ઢળતી. અભિમુખ થવું. અભિમુખ (એટલે) સ્વસન્મુખ. આહા..હા...! સ્વસન્મુખમાં રત થવું. અહીંયાં પણ એ જ કહ્યું. મોહનો નાશ કર એનો અર્થ ઇ જ છે. નાશ કરું એ પણ ત્યાં ક્યાં છે ? સમજાવવા (બીજું) શું કહે ? આમ જેમાં (મોહ) નથી ત્યાં ઢળી જા ! આ..હા..હા...! જેમાં એ નથી ત્યાં વળી જા ! આ..હા...! વલણ તારું ફેરવી દે ! આ..હા..હા...!

જ્યાં પ્રભુ પૂર્ણ ગુણે બિરાજમાન છે, જેમાં ગુણને કોઈ આંચ નથી, અનાદિથી એવા-એવા મિથ્યાત્વના (અને) નિગોદના આકરા પર્યાયો સેવ્યા છતાં દ્રવ્ય અને ગુણ તો એવાને એવા પૂરેપૂરા અખંડ ભર્યા છે. આ..હા..હા...! એને આંચ નથી, એને જરી ઘસારો નથી. આ..હા..હા...! એ આવે છે ને ? ઘસારો નથી. કળશમાં આવે છે. આહા..હા...! એને દ્રવ્ય કહીએ. એમ કહે (છે). એ દ્રવ્ય જે વસ્તુ છે એમાં એના ગુણો છે. આ..હા...! સંસારના ચક્રમાં ગમે તેટલી એની પર્યાયો થઈ ગઈ પણ તે વસ્તુ છે તે તો તે છે જ, જેવી છે તેવી (છે). એને કંઈ ઘસારો લાગતો નથી. હીણપણું થતું નથી, ઘસારો લાગતો નથી, વિકૃતપણું થતું નથી, અપૂર્ણપણું હોતું નથી. આ..હા..હા...! આવો ઉપદેશ ! આમાં કંઈ કરવાનું શું પણ ? આ કરવાનું નથી ? આમ તારું વલણ છે એ વલણને ફેરવ ઇ કરવાનું નથી ? એ કર્યા વિના, પુરુષાર્થ વિના થાતું હશે ? આહા..હા...!

શ્રોતા :– પુરુષાર્થની જ વાત કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રી :– પુરુષાર્થ કરો ને, કડ બાંધીને પુરુષાર્થ કરો ! એના માટે તો આ વાત છે. મારું વીર્ય જ હવે સ્વભાવ તરફ ઢળી જાય છે, એમ કહે છે. મારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી એટલે હવે મારું વીર્ય જે પર્યાયમાં છે એ વીર્ય અહીં ઢળી જાય છે. પર્યાયવાન જે દ્રવ્ય છે ત્યાં ઢળી જાય છે. એટલે (કે) ત્યાં લક્ષ જાય છે એમ. આહા..હા...! એની અભિમુખ થાય છે. આહા..હા...! આવી વાતું લ્યો !

અરે...! આવું મનુષ્યપણું ચાલ્યું જાય છે. જુઓ ને, ડૉક્ટરનું એવું સાંભળ્યું કે, દર્દી મરી ગયેલો હતો એનો ખાટલો હતો (અને) બીજો દર્દી આવ્યો એને જોવા ગયા ત્યાં એની પથારીમાં (પોતે) સૂતા ! આહા..હા...! (પછી કહ્યું) 'બોલવો બૈરાને ! હું હવે બચવાનો નથી.' આહા..હા...! ઉંમર નાની–૬૧ વર્ષ. શરીર જોવો તો આમ ઠીંગણું. આ..હા...! અરે... બાપુ ! જડની પર્યાય... આહા..હા...! એને જે સમય (છૂટવાનો છે) એને કાળ ક્યાં છે ? એક સમય છે, ફડાક થઈ જાય. આહા..હા...!

એક સમયમાં જે આત્માના પ્રદેશો અહીં છે, ઇ એક સમયમાં બીજે ચાલ્યા જાય છે. કર્મને લઈને નહિ, આયુષ્યને લઈને નહિ. આહા..હા...! એ પ્રદેશો–અસંખ્ય પ્રદેશ પ્રભુ ! આહા..હા...! એક સમયમાં અહીં શરીરમાં રહેલી યોગ્યતાવાળો છે, એની યોગ્યતા એટલી જ છે, કર્મને લઈને નહિ. આહા..હા...! એ શરીરમાંથી છૂટ્યો એ પોતાની યોગ્યતાથી જ્યાં જાય છે ત્યાં (જાય છે), પોતાની પર્યાયથી જ્યાં જાય છે ત્યાં જાય છે. એને કર્મ લઈ જાય છે એમ નથી. આહા..હા...!

આ ગાય, ભેંસમાં નાખે છે ને ? શું કહેવાય ઇ ? નાથ... નાથ ! પછી ખેંચે, નાથ નાખીને ખેંચે. એમ કોઈ કહે કે, અહીં એને પ્રકૃતિ ખેંચે (છે એમ નથી). પરાઘાત આવે છે, આનુપૂર્વી આવે છે... આનુપૂર્વી એને ખેંચીને ત્યાં લઈ જાય છે (એ) બધી વાતું (છે). આહા..હા...! એ પોતાની યોગ્યતાથી ચાલ્યો જાય છે. યોગ્યતા એ કોઈ અલૌકિક વાતું છે ! પરને લઈને નહિ, પરથી નહિ. આહા..હા...! એ અહીં કહે છે.

'**ક્ષિપ્રમેવ...**' ક્ષિપ્રમ્-એવ. જલ્દીથી જ. એ અર્થ કર્યો ને નીચે ? ક્ષિપ્રમેવ (અર્થાત્) જલ્દી જ. 'એવ' છે ને ? જલ્દી જ, તરત જ એનો અર્થ ક્ષીઘ્રમેવ. અલ્પકાળમાં એને કેવળજ્ઞાન થવાનું. આ..હા..હા...! કેવળજ્ઞાનનો નાથ સર્વજ્ઞ પ્રભુ ! ત્રિકાળ સર્વજ્ઞસ્વભાવી ! એનો જ્યાં આશ્રય લીધો... આ..હા..હા...! કહે છે કે, એ અલ્પકાળમાં સર્વજ્ઞ થવાનો. આ..હા..હા...! શક્તિમાં છે તે બહાર આવવાનું. કેમકે તેની પ્રતીત અને તેમાં સ્થિરતાનું જોર કર્યું છે. આ આવડો મોટો છું એવી પ્રતીત કરી છે અને એમાં સ્થિરતા કરી છે. આ..હા..હા...! કેવાં શબ્દો છે !! '**ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત...**' પાઠ છે ને ? '**सव्वदुक्खमोक्खं**' ત્રીજું પદ (છે) –

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**सव्वदुक्खमोक्खं**' એનો અર્થ અહીં (કરે છે કે) '**સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે,...**' પરિમુક્ત (એટલે) સમસ્ત પ્રકારે મુક્ત થઈ જાય. આહા..હા...!

અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સમાધિ સુખમાં (બિરાજી જાય). આહા..હા...! જેવું અનંત જ્ઞાન, દર્શન, સુખ સ્વભાવમાં પડ્યું છે, મર્યાદા વિનાનો સ્વભાવ છે એના ઉપર જોર દેતાં – પુરુષાર્થનું જોર દેતાં... આ..હા..હા...! એને અલ્પકાળમાં તરત જ, જલ્દી જ... (કેવળજ્ઞાન પ્રગટ થાય છે). આ..હા..હા...! જલ્દીમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું ? એ જલ્દીમાં જ ક્રમબદ્ધ આવ્યું ! આહા..હા...! એ જલ્દી એમ સૂચવે છે કે (એના) ક્રમમાં કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું (છે) એમ. કેવળજ્ઞાન એને અલ્પકાળમાં થવાનું છે. એમ છે, બાપુ હોં ! આહા..હા...! શું થાય પણ હવે ? પ્રભુ ! સર્વજ્ઞ ન મળે કે કોઈ એની સાક્ષી આપે કે, વસ્તુ તો આવી છે. આ..હા...! સર્વ – '**સમસ્ત દુઃખથી...**' સમસ્ત દુઃખ – શારીરિક, માનસિક કોઈપણ દુઃખથી પરિમુક્ત – સર્વથા પ્રકારે મુક્ત થાય છે. પરિ એટલે સર્વથા પ્રકારે.

હવે ઇ કહે છે '**અન્ય (કોઈ) વ્યાપાર...**' આહા..હા...! બીજો કોઈ ઉદ્યોગ અને દયા, દાન, વ્રતની ક્રિયા એ '**સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;...**' આ..હા..હા...! લ્યો, આવી તો વાત છે. '**અન્ય વ્યાપાર...**' (અર્થાત્) વ્રતનો, દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી. આહા..હા...! ત્યારે થોડા દુઃખથી મુક્ત – પરિમુક્ત કરતો હશે કે નહિ ? જરીયે નહિ. આહા..હા...!

(હવે) દૃષ્ટાંત આપે છે. '**હાથમાં તરવારવાળા મનુષ્યની માફક.**' હાથમાં તલવાર હોય એવા મનુષ્યની માફક. '**(જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે,...**)' આ..હા..હા...! હાથમાં તરવાર હોય અને આમ હળવે... હળવે... આમ-આમ કરે (એમાં) શત્રુ ન મરે, કહે છે. માથે તરવારનો એકદમ ઘા કરે... ફડાક દઈને તો મથાળું ઊડી જાય. આ..હા..હા..હા...!

'**હાથમાં તરવારવાળા મનુષ્યની માફક. (જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે...**)' હળવે-હળવે કરે તો એ જરી અસાધ્ય થઈ જાય તો મરે નહિ. આહા..હા...! '**(શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે..**)' આહા..હા...! રાગની મંદતા કરતાં... કરતાં... કરતાં... કરતાં... થશે, એમ નહિ કહે છે.

શ્રોતા :– અતિ નિર્દયપણે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– એકદમ નિર્દય ! રાગ ઉપર નિર્દય (થઈને પ્રહાર કરે). અનાદિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બંધુને મારનારો, એવું આવે છે ને ? 'પરમાત્મપ્રકાશ !' અરે..રે...! રાગ અનાદિનો બંધુ (એટલે કે) પોતાનો સંબંધ છોડ્યો નથી. બંધવ તરીકે કામ કર્યું, એણે બંધવને માર્યો. અનાદિથી જેણે સાથ છોડ્યો નથી એવો રાગનો, મિથ્યાત્વનો બંધુ, ધર્મીએ તેનો નાશ કરી નાખ્યો ! આ..હા..હા...! 'પરમાત્મપ્રકાશ !'

અહીં કહે છે... આહા..હા...! '**(અન્યથા નહિ,...)**' છે ને ? '**(શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ,...)**' બીજા વ્યાપારે નહિ. (એટલે કે) દયા, દાન ને ભક્તિ ને અપવાસ ને તપસ્યા ને મંદિરો બનાવવા, જાત્રા કરવી ઇ રીતે મુક્ત નહિ થાય. આહા..હા...! '**(અન્યથા નહિ, તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી...)**' આ..હા..હા...! ભગવાનનો જે અનેકાંતનો ઉપદેશ છે. આ..હા...! '**(મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ...)**' આહા..હા...! જિનેશ્વરનો ઉપદેશ જ કેવો હોય એ હજી એણે જાણવું જોઈએ. આ..હા...! જિનેશ્વરનો ઉપદેશ જ વીતરાગતાને ઉત્પન્ન કરાવવાનો હોય છે. મોહ અને રાગનો નાશ કરવા માટે (ઉપદેશ હોય છે). આહા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એક પાનામાં આવે છે. સારમાં સાર એ છે કે, રાગનો નાશ કરવો એ વસ્તુ છે. ગમે તેટલો ઉપદેશ હો પણ રાગનો અભાવ કરવો (એ) બધાનો સાર (છે). પછી મિથ્યાત્વનો રાગ (હો કે ચારિત્રનો) રાગ (હો). આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે.

(અહીંયાં કહે છે) '**(મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ...)**' આ..હા..હા...! સાચો ઉપદેશ હજી કાને પડવો ઇ મહાભાગ્ય !! '**(તીક્ષ્ણ તરવાર પામવા છતાં...)**' એવા ઉપદેશરૂપી તીક્ષ્ણ તરવાર પામવા છતાં. આ..હા...! '**(પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દઢતાથી...)**' આહા..હા...! '**(મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે,...)**' પુરુષાર્થ છે, એમ કહે છે. વીર્યનું જોર ત્યાં સ્વભાવ તરફ ઢળ્યું છે. આહા..હા...! જેની જરૂરિયાત જાણી છે ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે નહિ. આહા..હા...! રુચિ અનુયાયી વીર્ય ! આ..હા...! '**(તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ).**'

આ..હા...! હવે જુઓ આચાર્ય પોતે કહે છે ! '**માટે જ...**' આ કારણે જ '**સર્વ આરંભથી (–યત્નથી)...**' સર્વ યત્નથી – સર્વ પ્રયત્નથી – સર્વ પુરુષાર્થથી '**મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું.**' પુરુષાર્થનો આશ્રય કરું (છું) એમ લીધું ! રાગનો નહિ, એમ. નહિતર આશ્રય તો દ્રવ્યનો છે. પણ અહીં પરિણતિ પ્રગટ કરવી છે ને ? આહા..હા...! '**(મોહનો ક્ષય) કરવા માટે હું...**' આચાર્ય પોતે પોતાની વાત કરે છે ! '**પુરુષાર્થનો આશ્રય કરું છું.**' (અર્થાત્) સ્વભાવ તરફ ઢળવાનો મારો પુરુષાર્થ છે. આહા..હા...! વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ स्वपरविवेकसिद्धेरेव मोहक्षपणं भवतीति स्वपरविभागसिद्धये प्रयतते -

**णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं।**
**जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि ।।८९।।**

**ज्ञानात्मकमात्मानं परं च द्रव्यत्वेनाभिसंबद्धम्।**
**जानाति यदि निश्चयतो यः स मोहक्षयं करोति ।।८९।।**

य एव स्वकीयेन चैतन्यात्मकेन द्रव्यत्वेनाभिसंबद्धमात्मानं परं च परकीयेन यथोचितेन द्रव्यत्वेनाभिसंबद्धमेव निश्चयतः परिच्छिनत्ति, स एव सम्यगवाप्तस्वपरविवेकः सकलं मोहं क्षपयति। अतः स्वपरविवेकाय प्रयतोऽस्मि ।।८९।।

---

एवं द्रव्यगुणपर्यायविषये मूढत्वनिराकरणार्थं गाथाषट्केन तृतीयज्ञानकण्डिका गता। अथ स्वपरात्मनोर्भेदज्ञानात् मोहक्षयो भवतीति प्रज्ञापयति - **णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं जाणदि जदि** ज्ञानात्मकमात्मानं जानाति यदि। कथंभूतम्। स्वकीयशुद्धचैतन्यद्रव्यत्वेनाभिसंबद्धं, न केवलमात्मानम्, परं च यथोचितचेतनाचेतनपरकीयद्रव्यत्वेनाभिसंबद्धम्। कस्मात् **णिच्छयदो** निश्चयतः निश्चयनयानुकूलं भेदज्ञानमाश्रित्य। **जो** यः कर्ता **सो** स **मोहक्खयं कुणदि** निर्मोहपरमानन्दैकस्वभावशुद्धात्मनो विपरीतस्य मोहस्य क्षयं करोतीति सूत्रार्थः ।।८९।।

---

હવે, સ્વ-પરના વિવેકની (–ભેદજ્ઞાનની) સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે :–

**જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે**
**દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.**

**અન્વયાર્થ :–** **[यः]** જે **[निश्चयतः]** નિશ્ચયથી **[ज्ञानात्मकम् आत्मानं]** જ્ઞાનાત્મક એવા પોતાને **[च]** અને **[परं]** પરને **[द्रव्यत्वेन अभिसंबद्धम्]** નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ (–સંયુક્ત) **[यदि जानाति]** જાણે છે, **[सः]** તે **[मोहक्षयं करोति]** મોહનો ક્ષય કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ટીકા :–** જે નિશ્ચયથી પોતાને સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી સંબદ્ધ (–સંયુક્ત) અને પરને પરકીય યથોચિત દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે તે જ (જીવ), સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે એવો સકળ મોહનો ક્ષય કરે છે. માટે સ્વ-પરના વિવેકને માટે હું પ્રયત્નશીલ છું. ૮૯.

ગાથા–૮૯,૯૦
પ્રવચન નં. – ૮૨
તા. ૨૩-૦૫-૭૯

'પ્રવચનસાર' ૮૯(મી) ગાથા. એનું મથાળું. **'હવે, સ્વ-પરના વિવેકની (–ભેદજ્ઞાનની)...'** (એટલે કે) સ્વ કોણ અને પર કોણ ? એના **'(–ભેદજ્ઞાનની) સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે...'** સ્વ અને પરના જુદાપણાથી – ભેદજ્ઞાનથી મોહનો ક્ષય થઈ શકે. **'તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે :–'** આ..હા...! સ્વ–આત્મા અંદર કોણ છે ? અને પર કોણ છે ? બન્નેના વિભાગની વહેંચણીનું ભેદજ્ઞાન કરતાં મોહનો નાશ થાય છે. **'તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે :–'** સ્વ-પરની જુદાઈને માટે – ભેદજ્ઞાન માટે પ્રયત્ન કરે છે. ગાથા :–

**णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं।**
**जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि।।८९।।**

**જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે**
**દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.**

આ..હા...હા...! **ટીકા :– 'જે નિશ્ચયથી પોતાને સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી સંબદ્ધ...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા...હા...! ભગવાનઆત્માને ચૈતન્ય–સ્વકીય ચૈતન્યસ્વરૂપની સાથે દ્રવ્યત્વનો સંબદ્ધ (–સંયુક્ત) છે. દ્રવ્ય જે વસ્તુ છે તેને સ્વકીય ચૈતન્યસ્વરૂપની સાથે સંબદ્ધ છે. આ..હા...હા...!

**'અને પરને પરકીય યથોચિત...'** આત્મા સિવાય પર. યથોચિત એટલે જીવ અને જડ. નીચે (યથોચિતનો અર્થ આપ્યો) છે. 'યથાયોગ્ય–ચેતન કે અચેતન. (પુદ્‌ગલાદિ દ્રવ્યો પરકીય અચેતન દ્રવ્યત્વથી સંયુક્ત છે...)' શું કહ્યું ઇ ? પરમાણુ આદિ જે પાંચ અજીવ (દ્રવ્યો) છે એના દ્રવ્યો પરકીય અચેતન દ્રવ્યથી સંયુક્ત છે. એ પરકીયનું જે અચેતન છે તેનાથી તેના દ્રવ્યનો સંબંધ છે. આહા...હા...! '(...અને અન્ય આત્માઓ પરકીય ચેતન દ્રવ્યત્વથી સંયુક્ત છે).' (અર્થાત્) આ આત્મા સિવાય બીજા આત્માઓ – ભગવાન હો કે, તીર્થંકર હો કે પંચ પરમેષ્ઠી (હો), એ એના ચૈતન્યના સ્વભાવ સાથે એના દ્રવ્યનો સંબંધ છે. આ..હા...હા...! આત્મા સાથે એનો કાંઈ સંબંધ નથી. આહા...હા...!

શ્રોતા :– ગુરુ–શિષ્યનો સંબંધ ખરો ?

સમાધાન :– એ કાંઈ ન મળે. જ્ઞાયકસ્વભાવ – ચૈતન્યસ્વભાવ... આગળ ૯૦ (ગાથામાં) જ્ઞાયક લેશે. એ ચૈતન્ય સ્વભાવને દ્રવ્યત્વ નામ ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય છે એની સાથે સંબંધ છે. આહા...હા...! એમ પર પુદ્‌ગલ આદિ પાંચ દ્રવ્ય (છે) એને અચેતનપણાના એના દ્રવ્ય સાથે સંબંધ છે. એના અચેતનપણાના દ્રવ્યત્વ સાથે સંબંધ છે. આહા...હા...! અને ભગવાનઆત્મા સિવાય પંચ પરમેષ્ઠી કે અનંત આત્માઓ (છે) એ એના જ્ઞાયક ચૈતન્યસ્વભાવથી એના દ્રવ્ય સાથે સંબંધ છે. આહા...હા...! પરકીય જે આત્મા છે – પંચ પરમેષ્ઠી હો કે સ્ત્રી, કુટુંબનો આત્મા હો, એના આત્માનો એના ચૈતન્યસ્વભાવ સાથે એના દ્રવ્યનો સંબંધ છે. આ...હા...!

શ્રોતા :– અમારે સાથે નથી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ પર સાથે કાંઈ સંબંધ નથી એમ કહે છે,

જુઓ ! **'પરકીય...'** આહા...હા...! **'યથોચિત દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે,...'** એ પરનું ચેતન છે, એનો ચેતનની સાથે એટલે દ્રવ્યત્વ સાથે (સંબંધ છે). અહીં ભાષા એવી છે. **'દ્રવ્યત્વથી સંબદ્ધ...'** દ્રવ્યપણું જે છે, દ્રવ્યપણું છે – ત્રિકાળી ધ્રુવ જે દ્રવ્યપણું છે એની સાથે (સંબદ્ધ છે). પરને–અચેતનને અચેતનના સ્વભાવ સાથે દ્રવ્યને સંબંધ છે અને ચેતનને ચૈતન્યસ્વભાવ સાથે તેનું દ્રવ્યપણું (છે) એનો એને સંબંધ છે. આહા...હા...! આ આત્માને પોતાના ચૈતન્યસ્વભાવથી દ્રવ્યત્વ સાથે સંબંધ છે. રાગ સાથે સંબંધ નથી, પરની સાથે તો સંબંધ છે જ નહિ. આહા...હા...! અહીં તો સ્વ-પરનું ભેદજ્ઞાન કરે છે ને ? વિવેક–વિભાગ પાડે છે ને ? બે ભાગ પાડે છે. આ વિભાગ કરે છે ને ? (એમ અહીંયાં) ભાગ પાડે છે. ભાગલા જુદા પાડે છે. આ...હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ચૈતન્ય પ્રભુ ! આ ચૈતન્ય જાણક સ્વભાવ (છે) તે દ્રવ્યત્વ એટલે દ્રવ્યપણું જે ધ્રુવ વસ્તુ છે તેની સાથે સંબંધ રાખે છે. આ..હા..હા..હા...! કર્મ સાથે નહિ, પર સાથે નહિ, રાગ સાથે નહિ. આહા..હા...! '**પરકીય યથોચિત દ્રવ્યત્વથી...**' દ્રવ્યત્વથી એટલે દ્રવ્યપણું. એનાથી '**સંબદ્ધ જ જાણે છે,...**' ધર્મી જીવ પોતાના ચૈતન્યસ્વભાવથી દ્રવ્યત્વપણું દ્રવ્ય છે તેની સાથે સંબંધ છે (એમ માને છે) અને બીજાના આત્માઓને પણ એના ચૈતન્યસ્વભાવથી એનું દ્રવ્યત્વપણું જે દ્રવ્યપણું છે એની સાથે સંબંધ છે (એમ માને છે). આહા..હા...! આ પછી પૈસા મારા ને છોકરા મારા ને બાયડી મારી એ ક્યાં ગયું ? આખો દિ' તો એ કરવું પડે અને અહીં તો ના પાડે છે ! આહા..હા...!

શ્રોતા :– બાવા થાય એનું આ કામ છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– બાવો જ છે, બાવો કરવો પણ ક્યાં છે ? (એક જણ) કહેતો હતો કે, 'બાવા થાય તો (આ) સમજાય.' બાવો જ છો ! (કોઈની સાથે) સંબંધ જ નથી ને અહીં તો ! આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...! આ વસ્તુ જુદી, બાપુ ! એવી છે. આહા..હા...! પૈસા સાથે સંબંધ નથી, શરીર સાથે સંબંધ નથી. અરે...! શરીર શું પુણ્ય અને દયા, દાન, વ્રતના પરિણામ સાથે (સંબંધ નથી). ચૈતન્યને દ્રવ્યત્વ સાથે સંબંધ છે. પોતાનું ધ્રુવ રહેલું દ્રવ્ય – દ્રવ્યપણું, જે ત્રિકાળ વસ્તુપણું (છે તેની સાથે સંબંધ છે). આહા..હા...! ત્રિકાળ જે દ્રવ્યપણું, જે વસ્તુ છે, સત્ છે, સત્તા છે, દ્રવ્યપણું (છે તેની સાથે સંબંધ છે). દ્રવ્યત્વ લીધું છે ને ભાઈ ? (એટલે) દ્રવ્યપણું. આ..હા..હા...! ચૈતન્યસ્વભાવનો એની સાથે સંબંધ છે. એ ચૈતન્ય સ્વભાવનો રાગ સાથે સંબંધ નથી અને પરદ્રવ્યની સાથે તો કાંઈ સંબંધ (નથી). ત્રણલોકના નાથ તીર્થંકર હો કે પંચ પરમેષ્ઠી હો... આ..હા..હા...! એને એના ચૈતન્ય સ્વભાવ સાથે (એનું) દ્રવ્યપણું – એનું ધ્રુવ દ્રવ્ય છે એની સાથે સંબંધ છે. આ..હા..હા...! આવો માર્ગ !

શ્રોતા :– સગા-સંબંધીઓ સાથે સંબંધ નથી ?

સમાધાન :– સગાં-બગાં કોણ હતાં ? કોને કહેવાં સગાં ? આહા..હા...!

આ..હા...! ત્રણલોકના નાથ જેને ઇષ્ટદેવ પરમેશ્વર કહેવાય ! આ..હા..હા...! એને પણ એનો ચૈતન્યસ્વભાવ જે છે, એનો એના દ્રવ્યત્વ સાથે સંબંધ છે. કોઈ શિષ્ય સાથે, કોઈ શ્રોતા સાથે કે ગણધર સાથે... આહા..હા...! કે વાણી સાથે (સંબંધ નથી). ભગવાનનો આત્મા કે પંચ પરમેષ્ઠીનો આત્મા ! એનો જ્ઞાયક ચૈતન્યસ્વભાવ (છે) એને દ્રવ્યત્વ એટલે દ્રવ્યપણું જે ત્રિકાળ છે, ધ્રુવપણું (છે) તેની સાથે સંબંધ છે. આહા..હા...!

આ આત્માને પણ ચૈતન્યસ્વભાવનો ભાવ (છે તેને) દ્રવ્યત્વ (એટલે) દ્રવ્યપણું જે ત્રિકાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધ્રુવ વસ્તુ (છે) તેની સાથે સંબંધ છે. આ..હા..હા..હા...! પર સાથે તો સંબંધ નહિ પણ પર્યાય સાથે સંબંધ નહિ. આહા..હા...! પર્યાય એમ જાણે કે, આ ચૈતન્યસ્વભાવ છે (એ) દ્રવ્યપણા (સાથે) સંબંધ ધરાવે છે. ત્રિકાળી દ્રવ્ય છે એની સાથે સંબંધ છે. આહા..હા...! પર્યાય એમ નિર્ણય કરે છે. આ..હા..હા...! પર્યાય એમ નિર્ણય કરતી નથી કે, મારે અને ચૈતન્યસ્વભાવને, દ્રવ્યત્વનો જેમ (ચૈતન્યસ્વભાવ સાથે) સંબંધ છે એમ મારે (ચૈતન્યસ્વભાવ સાથે) સંબંધ છે. એમ નિર્ણય નથી કરતી. આહા..હા...! પ્રયત્ન કીધો ને ? '**સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે.**' એમ માથે (–મથાળામાં) કીધું ને ? '**(સ્વ-પરના) વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે.**' આહા..હા...! આવો માર્ગ !

અરે...! રખડે છે અનાદિથી, કોઈ ધણીધોરી નથી. આ..હા..હા...! ક્ષણમાં શરીરની દશા છૂટી જાય, (ક્યાંય) જઈને અવતરે. આહા..હા...! કોઈ જાણીતા સગાં નહિ, વ્હાલા નહિ, ઓળખીતા ઘરાક નહિ, માણસ (નહિ). આ..હા..હા...! અરે..રે...! પણ ત્યાં પણ પ્રભુ ! ચૈતન્યસ્વભાવ છે એને દ્રવ્યત્વ સાથે સંબંધ છે. આહા..હા...! શરીર સાથે, કર્મ સાથે, રાગ સાથે, પર સાથે સંબંધ છે નહિ. આહા..હા...! બહુ ટૂંકું પણ પરમ સત્ય !

પરમ સત્ય જે દ્રવ્યત્વ છે – દ્રવ્યપણું (છે) એને ચૈતન્યસ્વભાવ – આ જાણકસ્વભાવ (છે) એ ચૈતન્યસ્વભાવને ચેતન દ્રવ્યપણું છે તેની સાથે સંબંધ છે. આહા..હા...! ભાષા તો સાદી છે પણ ભાવ તો બાપા ! બહુ ઝીણાં ! આહા..હા...! અહીં તો (લોકો એમ માને કે) દુનિયાનું કરી દેવું, લોકોને સુખી કરી દેવા, આ કરવું ને આ કરવું ને આ કરવું. આહા..હા...! આકરું કામ છે.

અહીં તો કહે છે કે, આ શરીરના પરમાણુઓ છે એ પરમાણુને એનો અચેતન સ્વભાવ છે (તેને) તેના દ્રવ્યત્વ સાથે સંબંધ છે. જે અચેતન સ્વભાવ છે એનો એ દ્રવ્યત્વ એટલે દ્રવ્યપણું જે કાયમ રહેનારી ચીજ (છે) એની સાથે એને સંબંધ છે. આ..હા..હા...! એ પરમાણુના અચેતનપણાને આત્માની કોઈપણ પર્યાય (સાથે) અને રાગ સાથે એને સંબંધ નથી. આ..હા..હા..હા...! આવી વાત છે ! લોકો પછી એકાંત કહે. પણ પ્રભુ ! તારી વાત તો એકવાર સાંભળ, નાથ ! આ..હા...! દુનિયા ગમે તેમ માનો, ગમે તેમ કહો પણ વસ્તુ તો આ છે.

ભગવાનઆત્મા ! આ..હા..હા...! '**પરકીય યથોચિત...**' પરનું યથોચિત (એટલે) જેમ છે તેમ. (અર્થાત્) અચેતનને અચેતન દ્રવ્યત્વ સાથે સંબંધ (અને) ચૈતન્યને ચૈતન્ય દ્રવ્યત્વ સાથે સંબંધ. (આ રીતે) જ્ઞાની '**દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે,...**' આહા..હા...! '**સંબદ્ધ જ**' શબ્દ મૂક્યો છે, જોયું ? આહા..હા...! કથંચિત્ પર સાથે સંબંધ છે અને કથંચિત્ પર સાથે સંબંધ નથી, એમ નહિ ? ભાઈ ! આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ..હા..હા...! '**પરકીય યથોચિત...**' (અર્થાત્) ચૈતન્યને ચૈતન્યના દ્રવ્ય સાથે સંબંધ અને અચેતનને અચેતનના (દ્રવ્ય) સાથે (સંબંધ) એમ (કહેવું છે). '**દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે,...**' જ્ઞાની (એમ જાણે છે કે) આ અચેતન દ્રવ્ય (એટલે) આ શરીરના પરમાણુઓ છે, એ પરમાણુને એના અચેતનપણાથી દ્રવ્ય એટલે પરમાણુનું જે દ્રવ્યપણું છે એની સાથે અચેતનનો સંબંધ છે. આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આ..હા..હા..હા...! અહીં તો (અજ્ઞાનીને) કો'કનું કરી દેવું છે, દેશનું કરવું છે, આનું કરવું છે... (આવું સાંભળીને) આકરું પડે બહુ !

શ્રોતા :– દેશનું તો નહિ પણ પોતાના ઘરનાનું તો કરે ને ?

સમાધાન :– (દીકરાનો) આત્મા છે એ એના ચૈતન્યસ્વભાવથી એના દ્રવ્યત્વ સાથે સંબંધ રાખે છે. એના શરીરના પરમાણુ છે (જે) અચેતનસ્વભાવ છે (તે) એના દ્રવ્યત્વ સાથે સંબંધ રાખે છે. આહા..હા...! આવી વાત છે.

શ્રોતા :– છોકરા ડાહ્યા હોય એની સાથે સંબંધ નહિ ?

સમાધાન :– ડાહ્યા કોને કહેવા ? આ પગાર સાત-આઠ (હજાર) ડૉલર લાવે ઇ ડાહ્યો કહેવાય ? (હજારોના મહિનાના પગાર હોય પણ) એથી શું થયું ? એની સાથે આત્માને શું સંબંધ છે ? આ..હા..હા...!

શ્રોતા :– અત્યંત અભાવ (છે).

પૂજ્ય ગુરુદેવશ્રી :– અત્યંત અભાવ અને અત્યંત ભિન્નતા. આ..હા..હા...! આવી વાતું છે. હજી તો વધારે ૯૦ (મી ગાથામાં) આવશે.

(હવે કહે છે) '**તે જ (જીવ), સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...**' આહા..હા...! '**તે જ (જીવ)**' એટલે ? ચૈતન્ય આ જ્ઞાન–જાણકસ્વભાવને દ્રવ્યત્વ સાથે – દ્રવ્યપણાં સાથે સંબંધ છે અને બીજા અચેતન દ્રવ્યોને એના અચેતન સ્વભાવથી એના દ્રવ્યત્વ સાથે સંબંધ છે. ભગવાન પંચ પરમેષ્ઠી આદિ, કુટુંબ-કબીલા કે આખો દેશ, એના આત્માઓ જે છે ઇ આત્માઓને ચૈતન્યસ્વભાવથી એના દ્રવ્યત્વ (અર્થાત્) કાયમ રહેનારું દ્રવ્યપણું (છે) એની સાથે સંબંધ છે. અને પરમાણુઓ જે છે, ધર્માસ્તિ આદિ બીજા બધા દ્રવ્યો છે, એ બધા અચેતન (સ્વભાવથી) તેનું દ્રવ્યપણું એટલે કાયમ રહેવાપણું (છે) એની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! એમાં છોકરો ક્યાં આવ્યો અને બાપ ક્યાં આવ્યો ? આહા..હા...! કોના દીકરા ? કોના બાપ ? બાપા ! કો'કનો આત્મા, તારે એની સંબંધ ? કો'કનું જડ શરીર, તારે એની સાથે સંબંધ ? આ..હા...! આવું છે.

ભગવાનઆત્મા ! ચૈતન્યના પ્રકાશનું નૂર (છે) એને દ્રવ્યત્વ સાથે (અર્થાત્) એનું દ્રવ્યપણું – વસ્તુ(નું) ત્રિકાળપણું જે છે તેની સાથે સંબંધ છે. આ..હા..હા...! એવું જેણે જાણ્યું... છે ? આ..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તે જ (જીવ), સમ્યક્પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...'** તે જ જીવ કે જેણે સમ્યક્પણે સ્વ-પરના વિવેકને – વિભાગ – જુદાઈને જેણે પ્રાપ્ત કર્યો છે. આ..હા..હા...! એક ગાથા પણ સાડા ત્રણ લીટીની છે. આ તો ભગવાનની વાણી છે, બાપા ! દિગંબર સંતની (વાણી) એટલે કેવળીની વાણી ! દિગંબર સંતો કેવળીના કેડાયતો ! ત્રણલોકના નાથ ધર્મપિતા ! આ..હા..હા...! એની વાણી એ સંતોની વાણી છે !! આ..હા...!

પ્રભુ કહે છે કે, તને કોની સાથે સંબંધ છે ? ભાઈ ! તારામાં પર્યાય અને રાગ સાથે પણ સંબંધ નથી. આ..હા..હા..હા...! પર્યાય એમ નિર્ણય કરે છે કે, આ ચૈતન્યસ્વભાવ (જે છે એ) દ્રવ્યત્વપણું – જે દ્રવ્યપણું કાયમ રહેનારું (છે) એની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! એમ પર્યાય નિર્ણય કરે છે, એમ પર્યાય ભેદજ્ઞાન–વિવેક કરે છે. આહા..હા...! શબ્દો તો સાદા પણ પ્રભુ ! મારગડો જુદો બહુ, બાપુ ! આહા..હા...! આ મારા શિષ્ય અને આ મારાં ગુરુ એ પણ કાંઈ રહેતું નથી. કારણ કે શિષ્યનો આત્મા (છે તે) એના ચૈતન્યસ્વભાવથી તેનું દ્રવ્યપણું કાયમ રહેનારું (છે) એની સાથે સંબંધ (રાખે) છે. આ..હા..હા...! અને ગુરુનો આત્મા (છે તે) એના ચૈતન્યસ્વભાવથી તેનું દ્રવ્યપણું – કાયમપણે રહેનારું દ્રવ્યપણું (છે) એની સાથે સંબંધ (રાખે) છે. આહા..હા...!

શ્રોતા :– શાસ્ત્રમાં તો આવે છે કે, 'મહાવીર ભગવાન'ને આટલા શિષ્યો હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ બધી વાતું. નિમિત્તથી કથન (કર્યા છે). ચૌદ હજાર આમ થયા અને ફલાણું આમ થયું... આહા..હા...! એ તો એક ઓળખાણ આપવા માટે (કહ્યું છે). આહા..હા...!

(અહીંયાં કહે છે) આવો જેણે **'સમ્યક્પણે સ્વ-પરના વિવેક...'** (અર્થાત્) સ્વ-પરનો ભેદ. પણ આ રીતે, હોં ! જે રીતે કહ્યું (કે), ચૈતન્યનો સ્વભાવ–આ જાણક સ્વભાવ (છે) એ દ્રવ્યત્વ જે ત્રિકાળી ધ્રુવ છે એની સાથે સંબંધ રાખે છે. એ રીતે બીજા આત્માઓને પણ (તેના દ્રવ્યત્વ સાથે સંબંધ છે). બીજા જડને અચેતન સાથે – એના દ્રવ્યની સાથે સંબંધ છે. એવો **'સમ્યક્પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે...'** આહા..હા...! પર્યાયમાં આવો વિવેક પ્રાપ્ત કર્યો છે. આહા..હા...! **'એવો સકળ મોહનો ક્ષય કરે છે.'** એને મોહ જ ઉત્પન્ન થતો નથી એમ કહે છે.

ચૈતન્યસ્વભાવ(ના) પ્રકાશનું નૂરનું પૂર (છે) એને દ્રવ્યત્વ – દ્રવ્યપણું જે કાયમ છે તેની સાથે સંબંધ છે. એવો જેને પોતાને વિવેક થયો અને બીજાઓને પણ એ રીતે જાણે છે એવો વિવેક થયો. આહા..હા...! એ **'સકળ મોહનો ક્ષય કરે છે.'** એટલે કે તેને મોહ ઉત્પન્ન થતો જ નથી. આહા..હા...! ચૈતન્યસ્વભાવ – ચૈતન્ય એટલે દ્રવ્યત્વપણું – કાયમનું દ્રવ્યપણું (છે)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ सर्वथा स्वपरविवेकसिद्धिरागमतो विधातव्येत्युपसंहरति -

**तम्हा जिणमग्गादो गुणेहिं आदं परं च दव्वेसु।**
**अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा ।।९०।।**
**तस्माज्जिनमार्गाद्गुणैरात्मानं परं च द्रव्येषु।**
**अभिगच्छतु निर्मोहमिच्छति यद्यात्मन आत्मा ।।९०।।**

इह खल्वागमनिगदितेष्वनन्तेषु गुणेषु कैश्चिद्गुणैरन्ययोगव्यवच्छेदकतयासाधारणतामुपादाय विशेषणतामुपगतैरनन्तायां द्रव्यसंततौ स्वपरविवेकमुपगच्छन्तु मोहप्रहाणप्रवणबुद्धयो लब्धवर्णाः। तथा हि - यदिदं सदकारणतया स्वतःसिद्धमन्तर्बहिर्मुखप्रकाशशालितया स्वपरपरिच्छेदकं मदीयं मम नाम चैतन्यमहमनेन तेन समानजातीयमसमानजातीयं वा द्रव्यमन्यदपहाय ममात्मन्येव वर्तमानेनात्मीयमात्मानं सकलत्रिकालकलितध्रौव्यं द्रव्यं जानामि। एवं पृथक्त्ववृत्तस्वलक्षणैर्द्रव्यमन्यदपहाय तस्मिन्नेव च वर्तमानैः सकलत्रिकालकलितध्रौव्यं द्रव्यमाकाशं धर्ममधम कालं पुद्गलमात्मान्तरं च निश्चिनोमि। ततो नाहमाकाशं, न धर्मो, नाधर्मो, न च कालो, न पुद्गलो, नात्मान्तरं च भावमि; यतोऽमीष्वेकापवरकप्रबोधितानेकदीपप्रकाशेष्विव संभूयावस्थितेष्वपि मच्चतन्यं स्वरूपादप्रच्युतमेव मां पृथगवगमयति। एवमस्य निश्चितस्वपरविवेकस्यात्मनो न खलु विकारकारिणो मोहाङ्कुरस्य प्रादुर्भूतिः स्यात् ।।९०।।

---

એની સાથે – ધ્રુવની સાથે સંબંધ છે એમ જ્યાં નિર્ણય કર્યો ત્યાં આગળ તે પ્રકારની મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી. આ..હા...! સમજાય છે કાંઈ ? લ્યો, આવો માર્ગ !

**'માટે...'** આવું સ્વરૂપ છે **'માટે સ્વ-પરના વિવેક માટે હું પ્રયત્નશીલ છું.'** આ..હા...! મુનિરાજ – 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત ! આ 'કુંદકુંદાચાર્ય', આ 'અમૃતચંદ્રાચાર્ય', આ 'પદ્મપ્રભમલધારીદેવ' – 'નિયમસાર'ની ટીકા કરનાર. આ..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' પ્રભુ હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં વિચરતા હતા. આ..હા..હા...! ઇ એમ કહે છે, માટે (એટલે કે) આ રીતે હોવાથી મોહનો ક્ષય થાય છે એટલે મોહ ઉત્પન્ન થતો જ નથી. માટે – આ કારણે **'સ્વ-પરના વિવેકને માટે...'** (અર્થાત્) સ્વ-પરની જુદાઈના ભેદજ્ઞાન માટે **'હું પ્રયત્નશીલ છું.'** ચૈતન્યસ્વભાવ જે દ્રવ્ય સાથે સંબંધ (રાખે) છે (તેને) પર સાથે કાંઈ સંબંધ નથી, રાગ સાથે સંબંધ નથી એવો હું (સ્વ-પરના વિવેક માટે) પ્રયત્ન કરું છું (એમ) કહે છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ पूर्वसूत्रे यदुक्तं स्वपरभेदविज्ञानं तदागमतः सिद्धयतीति प्रतिपादयति - **तम्हा जिणमग्गादो** यस्मादेवं भणितं पूर्वं स्वपरभेदविज्ञानाद् मोहक्षयो भवति, तस्मात्कारणाज्जि-नमार्गाज्जिनागमात् **गुणेहिं** गुणैः **आदं** आत्मानं, न केवलमात्मानं **परं च** परद्रव्यं च। केषु मध्ये। **दव्वेसु** शुद्धात्मादिषड्द्रव्येषु **अभिगच्छदु** अभिगच्छतु जानातु। यदि किम्। **णिम्मोहं इच्छदि जदि** निर्मोहभावमिच्छति यदि चेत्। स कः। **अप्पा** आत्मा। कस्य संबन्धित्वेन। **अप्पणो** आत्मन इति। तथा हि - यदिदं मम चैतन्यं स्वपरप्रकाशकं तेनाहं कर्ता विशुद्धज्ञानदर्शनस्वभावं स्वकीयमात्मानं जानामि, परं च पुद्गलादिपञ्चद्रव्यरूपं शेषजीवान्तरं च पररूपेण जानामि, ततः कारणादेकापवरकप्रबोधितानेकप्रदीपप्रकाशेष्विव संभूयावस्थितेष्वपि सर्वद्रव्येषु मम सहजशुद्धचिदानन्दैकस्वभावस्य केनापि सह मोहो नास्तीत्यभिप्रायः ।।९०।।

---

'**હું પ્રયત્નશીલ છું.**' એમ શબ્દ (છે). મારો પ્રયત્ન એ જાતનો સ્વભાવ થઈ ગયો છે. આ..હા..હા..હા...!

શ્રોતા :– રાગની પર્યાય દ્રવ્યમાં જાય ?

સમાધાન :– જાય (ન જાય) એ અત્યારે પ્રશ્ન નથી. રાગ (દ્રવ્યમાં) જાતો નથી, એની યોગ્યતા તેમાં જાય છે, રાગ ન જાય. ક્ષયોપશમભાવની પર્યાય પણ અંદરમાં ન જાય. આહા..હા...! કારણ કે અંદરમાં ક્ષયોપશમ(ભાવ) નથી, અંદર તો પારિણામિકભાવ છે. આ..હા...! ઝીણી વાતું, બાપુ ! અરે..! ક્ષાયિકભાવની પર્યાય પણ અંદર જાતી નથી. કારણ કે ક્ષાયિકભાવની પર્યાય અંદર જાય તો (અંદર) ક્ષાયિકભાવ રહેવો જોઈએ પણ અંદર જાય છે ત્યાં પારિણામિકભાવ થઈ જાય છે. સહજ સ્વભાવભાવ પારિણામિકભાવ થઈ જાય છે. ભાઈ, સમજાય છે ? આવી વાત છે, બાપા ! આહા..હા...! સાડા ત્રણ લીટી છે. એમાં તો.. આ..હા..હા...!

'**માટે સ્વ-પરના વિવેકને માટે હું પ્રયત્નશીલ છું.**' આ..હા...! કારણ કે, સાધક છે ને ? કેવળી નથી એટલું બતાવવું છે. આ..હા...! મારો પ્રયત્નસ્વભાવ... આ..હા..હા...! ચૈતન્યસ્વભાવનો દ્રવ્યત્વ સાથે સંબંધ છે એ રીતે મારો પ્રયત્નનો સ્વભાવ છે. મારા પ્રયત્નનો સ્વભાવ આ પ્રયત્ન છે. રાગ કરું કે પરની દયા પાળું કે મહાવ્રત પાળું એ મારો પ્રયત્નશીલ સ્વભાવ નથી. આહા..હા...! આવું સમજવું, લ્યો ! એ ૮૯ (ગાથા પૂરી) થઈ. (હવે) ૯૦(મી ગાથા) :–

'**હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે...**' સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ ! એમની કહેલી વાણી એ આગમ (છે). એ આગમથી નિર્ણય કરવા લાયક છે. અજ્ઞાનીઓએ કાંઈકનું કાંઈક (કહ્યું) હોય (કે) એક જ આત્મા છે અને વ્યાપક છે અને ઢીંકણું છે... (એ રીતે નહિ). ભગવાને જે દ્રવ્ય, ગુણ, પર્યાય (કહ્યાં)... આહા..હા...! એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે :–

**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.**

**અન્વયાર્થ :– [तस्मात्]** માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) **[यदि]** જો **[आत्मा]** આત્મા **[आत्मनः]** પોતાને **[निर्मोहं]** નિર્મોહપણું **[इच्छति]** ઇચ્છતો હોય, તો **[जिनमार्गात्]** જિનમાર્ગ દ્વારા **[गुणैः]** ગુણો વડે **[द्रव्येषु]** દ્રવ્યોમાં **[आत्मानं परं च]** સ્વ અને પરને **[अभिगच्छतु]** જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે ને આ પર છે' એમ વિવેક કરો).

**ટીકા :–** મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે – કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી અસાધારણપણું ધારણ કરીને વિશેષણપણાને પામ્યા છે તેમના વડે –અનંત દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો (અર્થાત્ મોહનો ક્ષય કરવા ઇચ્છતા પંડિત જનો આગમમાં કહેલા અનંત ગુણોમાંથી અસાધારણ અને ભિન્નલક્ષણભૂત ગુણો વડે અનંત દ્રવ્યપરંપરામાં 'આ સ્વદ્રવ્ય છે અને આ પરદ્રવ્યો છે' એવો વિવેક કરો). તે આ પ્રમાણે :–

---

આગમથી '**સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ...**' સ્વ અને પરના વિવેકની – ભેદજ્ઞાનની સિદ્ધિ આગમથી કરવા લાયક છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની વાણી 'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય ટાળે.' ભગવાનની વાણીના ગણધરો આગમ રચે એ આગમને આશ્રયે ભેદજ્ઞાન કરવું (એમ) કહે છે. બીજે ઠેકાણે એવી વાત છે નહિ. આહા..હા...! (એ રીતે સ્વ-પના વિવેકની સિદ્ધિ) **'આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે :–'** ૯૦.

**तम्हा जिणमग्गादो गुणेहिं आदं परं च दव्वेसु।**
**अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा।।९०।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક–એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે – કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે–હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. એ રીતે પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણો વડે – કે જે (સ્વલક્ષણો) અન્ય દ્રવ્યને છોડીને તે જ દ્રવ્યમાં વર્તે છે તેમના વડે – આકાશને, ધર્મને, અધર્મને, કાળને, પુદ્ગલને અને આત્માંતરને (–અન્ય આત્માને) સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો તરીકે નક્કી કરું છું (અર્થાત્ જેમ ચૈતન્યલક્ષણ વડે આત્માને ધ્રુવ દ્રવ્ય તરીકે જાણ્યો, તેમ અવગાહહેતુત્વ, ગતિહેતુત્વ વગેરે લક્ષણો કે જેઓ સ્વલક્ષ્યભૂત દ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યોમાં વર્તતાં નથી તેમના વડે આકાશ, ધર્માસ્તિકાય વગેરેને ભિન્ન ભિન્ન ધ્રુવ દ્રવ્યો તરીકે જાણું છું). માટે હું આકાશ નથી, ધર્મ નથી, અધર્મ નથી, કાળ નથી, પુદ્ગલ નથી અને આત્માંતર નથી; કારણ કે એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીવાના પ્રકાશોની માફક આ દ્રવ્યો એકઠાં થઈને રહેલાં હોવા છતાં મારું ચૈતન્ય (નિજ) સ્વરૂપથી અચ્યુત જ રહ્યું થકું મને પૃથક્ જણાવે છે.

આ પ્રમાણે જેણે સ્વ-પરનો વિવેક નિશ્ચિત (નક્કી) કર્યો છે એવા આ આત્માને વિકારકારી મોહાંકુરનો પ્રાદુર્ભાવ થતો નથી (–વિકાર કરનારો મોહાંકુર પ્રગટ થતો નથી).

**ભાવાર્થ :–** સ્વ-પરના વિવેકથી મોહનો નાશ કરી શકાય છે. તે સ્વ-પરનો વિવેક, જિનાગમદ્વારા સ્વ-પરનાં લક્ષણો યથાર્થપણે ઓળખવાથી કરી શકાય છે. ૯૦.

---

**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.**

આ..હા..હા...! જિનમાર્ગ કહ્યો ! જિનેશ્વર ત્રણલોકના નાથ પરમેશ્વર ધર્મપિતા ! એમણે કહેલો જે માર્ગ એ સિવાય બીજે ક્યાંય માર્ગ છે નહિ. આ..હા..હા...! એ માર્ગ પણ દિગંબરમાં જ છે, શ્વેતાંબરમાં પણ એ છે નહિ. આ..હા...! (શ્વેતાંબર એ તો) જિનમાર્ગ જ નથી એમ કહે છે. આ તો જિનમાર્ગ (છે). આકરી વાત છે, ભાઈ ! આહા..હા...! ત્યાં તો ભગવાનને રોગ ઠરાવે, ભગવાનને દવા કરે, રોગ મટે. આ..હા...! સ્ત્રીને તીર્થંકર ઠરાવે. સ્ત્રીને તીર્થંકર ઠરાવે ! 'મલ્લિનાથ' ત્રણલોકના નાથને સ્ત્રી કહે !! જેને પૂજનીક પુરુષો – ઈન્દ્રો કોઈ દિ' સ્ત્રી (હોય) નહિ અને એનો પૂજ્ય પુરુષ સ્ત્રી !! એમ હોઈ શકે નહિ. બહુ ફેરફાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી નાખ્યો, બાપુ ! આહા..હા...! જિનમાર્ગ તો એક આ જ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ દિગંબર સંતોએ જાહેર કર્યો. આ..હા..હા...! એ એક જ જિનમાર્ગ છે. આ..હા...! '**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે.**' એની ટીકા.

**ટીકા** :– '**મોહનો ક્ષય કરવા પ્રત્યે...**' (અર્થાત્) મિથ્યાત્વનો નાશ કરવા પ્રત્યે. '**પ્રવણ બુદ્ધિવાળા...**' આ..હા..હા...! (પ્રવણ એટલે) ઢળતી; અભિમુખ; રત. સ્વભાવ તરફ ઢળતી બુદ્ધિવાળા. આહા..હા...! અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ ! સ્વભાવ (છે તે તરફ ઢળતી બુદ્ધિવાળા). '**મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા...**' અંદર ઢળતી બુદ્ધિવાળા. આ..હા..હા..હા...! પર્યાયમાંથી, રાગમાંથી અને નિમિત્તમાંથી ખસીને અંદરમાં ઢળતી પર્યાયવાળા. આહા..હા...! છે ? ઢળતી બુદ્ધિવાળા–એક વાત. અને '**બુધજનો...**' એને અહીંયાં પંડિત કહ્યાં. આહા..હા...! આ..હા..હા...! શાસ્ત્ર ભણ્યા, જાણ્યું એને અહીં પંડિત નથી કહ્યાં. આહા..હા...! જેની બુદ્ધિ–જ્ઞાન મોહનો ક્ષય કરવા પ્રત્યે અંતર ઢળી છે. બાહ્યમાં તો મોહ છે હવે એ બુદ્ધિ અંતરમાં ઢળે છે. આ..હા..હા...! અને તે '**પ્રવણ બુદ્ધિવાળા...**' નીચે (અર્થ આપ્યો) છે ને ? ઢળતી; અભિમુખ – દ્રવ્યની સન્મુખ, રત. અને બુધજનો (એટલે) એવા જ્ઞાનીજનો. આહા..હા...! પંડિતજનો ! આને પંડિત કહીએ ! આહા..હા...! ભલે વિશેષ જાણપણું ન હો પણ જેની બુદ્ધિ સ્વભાવ તરફ ઢળે છે. આ..હા..હા...!

એવા '**બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલા...**' (એટલે) ભગવાનની વાણીમાં કહેલાં. ત્રણલોકના નાથ ધર્મપિતા કેવળી પ્રભુ પરમાત્મા બિરાજે છે, 'સીમંધર ભગવાન' ! અત્યારે એમની વાણી તો આ (વંચાય) છે. અહીંથી ભગવાન 'કુંદકુંદાચાર્ય' ગયા, આઠ દિન ત્યાં રહ્યા હતા. પ્રભુ તો બિરાજે છે. અત્યારે પણ મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, (એક) કરોડ પૂર્વનું આયુષ્ય છે, અબજો વર્ષથી છે, અબજો વર્ષ હજી અરિહંતપદે રહેશે. જેવા 'મહાવીર ભગવાન' અહીંયાં હતા ત્યારે અરિહંતપદે હતા. હવે અત્યારે તો સિદ્ધપદે છે.

શ્રોતા :– ભગવાનને ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ આ લોકો કહે છે, શ્વેતાંબર એમ કહે છે. 'ઋષભદેવ ભગવાન'નું ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય છે ને ? એમ કરીને ભગવાનને ચોરાશી લાખ પૂર્વનું (આયુષ્ય) શ્વેતાંબરો ઠરાવે છે. દિગંબરમાં એમ નથી. પ્રભુનું કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સિત્તેર લાખ કરોડ, છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા કરોડ પૂર્વ છે. શ્વેતાંબરમાં ચોરાશી લાખ (પૂર્વ) કહે છે. એ બધું કલ્પિત કર્યું છે. આ તો ત્રણલોકના નાથની સીધી વાણી ! દિગંબર સંતો ! આ..હા..હા...! એવી વાણી ક્યાંય નથી, બાપુ ! બીજાને દુઃખ લાગે એ માટે નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ ! પ્રભુ ! સત્ આવું છે, હોં ! આ..હા...! શ્વેતાંબર પંથ કે સ્થાનકવાસી પંથને દુઃખ લાગે કે અમારો પંથ ખોટો ઠરાવે છે. પણ બાપુ ! સત્ આવું છે, ભાઈ ! પ્રભુ ! તારી માન્યતા છે ઇ ખોટી છે, ઇ તો સત્યની દૃષ્ટિથી ખોટી છે. એ સત્ અહીં સિદ્ધ કરે છે. આહા..હા...! હમણાં આવશે.

'**મોહનો ક્ષય કરવા પ્રત્યે...**' મોહનો નાશ કરવા પ્રત્યે. નાશ કરવા પ્રત્યે હોં ! ઉપશમ, ક્ષયોપશમ એ નહિ. આહા..હા...! અરે.રે...! ક્યારે આવા વખત મળે ? જ્યાં સત્ય સાંભળવાનું મળે નહિ ! આવું માનવપણું મળે ! આ..હા...! એ આંખ્યું મીંચીને ચાલ્યા જશે, બાપા ! ભલે દિગંબર સાધુ થયો હોય, એથી શું ? આ..હા...!

અહીં તો ત્યાં સુધી કહે છે કે, આ..હા..હા...! ભગવાન પોતે પૂર્ણાનંદ સ્વરૂપ છું. અખંડ છું, એકરૂપ છું, ચૈતન્યસ્વભાવનો મારા દ્રવ્યત્વ સાથે સંબંધ છે એવો વિકલ્પ જ્યાં સુધી ઊઠે છે... આ..હા..હા...! તેથી શું ? એથી ચૈતન્યને શું લાભ છે ? (એમ) કહે છે. આ..હા..હા..હા...! ('સમયસાર'ની) ૧૪૨ ગાથા. 'કર્તા-કર્મ (અધિકારની)' આવી ગઈ છે. પ્રભુ કહે છે (કે), તેથી શું ? આ..હા..હા...! એ 'અમૃતચંદ્રાચાર્ય' પોકારે છે. દિગંબર સંત હતા, હજાર વર્ષ પહેલાં ભરતક્ષેત્રમાં ચાલતા સિદ્ધ ! આ..હા..હા...! એની આ વાણી છે. (એ પણ) નિમિત્તથી કથન છે. આ..હા...!

એ કહે છે '**મોહનો ક્ષય કરવા પ્રત્યે પ્રવણ બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલા...**' (એટલે કે) સર્વજ્ઞની વાણીમાં કહેલા. એ વિના કોઈ આગમનું નામ આપે અને સર્વજ્ઞના કહેલા ન હોય એ આગમ નહિ. આહા..હા...! વાત આકરી છે, પ્રભુ ! સર્વજ્ઞે કહેલા, સંતો, દિગંબર મુનિઓ 'કુંદકુંદાચાર્યે' કહેલા તે આગમ છે. એ સિવાય બીજા આગમ છે જ નહિ. આ..હા..હા...! આવું આકરું છે ! બીજાને દુઃખ લાગે, બાપુ ! પણ સત્ તો આવું છે, ભાઈ ! તારા હિતની વાત છે, પ્રભુ ! આહા..હા...! તારું દુઃખ ઊપજાવવા માટે આ નથી (કહેતા) પણ તારું સત્ આવું છે એને જાહેર કરવા માટે (કહે) છે. પરમાત્માએ એ રીતે જાહેર કર્યું છે, ભાઈ ! આહા..હા...! ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે – એ ભવે મોક્ષ જનારા ગણધરો (અને) એક ભવે મોક્ષ જનારા ઇન્દ્રો – શક્રેન્દ્ર – પહેલાં દેવલોકનો ઇન્દ્ર ! બત્રીસ લાખ વિમાનનો સ્વામી છે. એક વિમાનમાં અસંખ્ય દેવ છે, કરોડો અપ્સરાઓ છે, એક ભવે મોક્ષ જનારા છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જનારા છે. આ..હા...! એની વચ્ચે ભગવાને આ કીધું છે ! એવા ગણધરો અને ઈન્દ્રો જેને સાંભળતા હતા ! પ્રભુ ! એમાં ભગવાનની આ વાત (આવી) છે. ઇ આ વાત છે !! આ..હા..હા..હા...!

'**આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી...**' શું હવે કહે છે ? કે, આત્મામાં, પરમાણુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આદિમાં ગુણો તો અનંત છે. પણ '**કોઈક ગુણો વડે–કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી...**' (અર્થાત્) એવો ગુણ હોય કે (જેને) અન્ય સાથે સંબંધ (ન હોય). અહીં અંદર અસ્તિત્વ ગુણ હોય તો પરમાં પણ અસ્તિત્વ (ગુણ) છે. પણ આ આત્મામાં વિશેષ જ્ઞાન જે છે એ જ્ઞાન વિશેષ ગુણ છે. એવો વિશેષ (ગુણ) બીજે ક્યાંય છે નહિ. આહા..હા...!

'**અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે–કે જે ગુણો અન્ય સાથે...**' (નીચે અર્થ આપ્યો છે) 'કેટલાક ગુણો અન્ય દ્રવ્યો સાથે સંબંધરહિત હોવાને લીધે અર્થાત્ અન્ય દ્રવ્યોમાં નહિ હોવાને લીધે...' જેમકે આત્મામાં જ્ઞાન, પરમાણુમાં વર્ણ, ગંધ. એ બીજા દ્રવ્યોમાં નથી. (તેથી) 'અસાધારણ છે અને તેથી વિશેષણભૂત–ભિન્નલક્ષણભૂત છે; તેમના વડે દ્રવ્યોનું ભિન્નપણું નક્કી કરી શકાય છે.' આહા..હા...! જ્ઞાનગુણ વડે... કેમકે એ અવસ્થા પ્રગટ છે એથી અહીં મુખ્ય જ્ઞાન લીધું છે. જ્ઞાન ગુણ વડે, આનંદ ગુણ વડે, શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગ શાંતિ વડે. આહા..હા...! અન્ય દ્રવ્યથી પોતાનું ભિન્નપણું '**અન્ય સાથે યોગ રહિત હોવાથી...**' એક ગુણનો બીજા ગુણ સાથે સંબંધ નથી. બીજાના ગુણ સાથે સંબંધ નથી. ભગવાનના ગુણો ભલે ભગવાન પાસે રહ્યા. પણ આ અહીં જે જ્ઞાન અને સુખ ગુણ છે એ ગુણ ત્યાં નથી. આહા..હા...! એમનો જ્ઞાન અને આનંદનો ગુણ એમના દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. સમજાણું કાંઈ ?

અરે..રે...! આમાં શું કરવું શું પણ આમાં ? કરવું ઇ બાપુ ! ભેદજ્ઞાન કરવું. ઇ કરવું (નથી) ? વિવેક કરવો. 'ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય' એમ આવે છે. ધર્મ વિવેકે નીપજે – ધર્મ દુકાને અને વાડીએ ન વેચાય. ધર્મ વાડીએ ન વેચાય, ધર્મ દુકાને ન વેચાય. આ..હા...! 'ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય.' આહા..હા...! એ વિવેક (અહીંયાં) કીધો. આહા..હા...!

પૈસાને પણ એ રીતે ઓળખ કે તેનો અચેતન ગુણ પરમાણુનો છે, એ અચેતન ગુણ તેનું ત્રિકાળ રહેનાર દ્રવ્યત્વ જે છે તેની સાથે સંબંધ (ધરાવે) છે. તારી સાથે કાંઈ સંબંધ નથી. 'પૈસા મારાં' એ બિલકુલ જૂઠ (છે) – મિથ્યાત્વ છે. આ..હા..હા..હા...! વાણી મારી – એ મિથ્યાત્વ છે. વાણીના પરમાણુને તેના અચેતન ગુણ સાથે તે દ્રવ્યને સંબંધ છે. તારી સાથે કાંઈ સંબંધ નથી. આ..હા..હા..હા...! એમ ભગવાન અરિહંતના ગુણોને એના દ્રવ્ય સાથે સંબંધ છે. તારા ગુણ વડે એની સાથે કાંઈ સંબંધ નથી. તારા જ્ઞાન (અને) સુખ વડે આત્મદ્રવ્ય જે ત્રિકાળ છે એની સાથે સંબંધ છે. આહા..હા...! ભાષા થોડી, ભાવ ઊંડા !! અરે..રે...! મનુષ્યપણું હાલ્યું જાય છે. એનો એક-એક સમય કૌસ્તુભ મણિ જેવો 'શ્રીમદ્' કહ્યો છે ને ? એ આત્મા માટે, હોં ! સંસાર માટે નહિ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી...'** આત્મામાં અનંત ગુણ કહ્યાં છે, પરમાણુમાં અનંત ગુણ કહ્યાં છે, ધર્માસ્તિમાં અનંત ગુણ કહ્યાં છે એમાંથી વિશેષપણાને પામ્યા છે. (એવા) **'ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી...'** જે ગુણોનો – જ્ઞાનનો, સુખનો, શાંતિનો બીજા સાથે કાંઈ સંબંધ નથી. (એવું) **'અસાધારણપણું ધારણ કરીને...'** અસાધારણ એટલે પોતે જ પોતામાં છે એ બીજે ક્યાંય નથી અને બીજાપણે પણ નથી. એમ **'અસાધારણપણું ધારણ કરીને વિશેષપણાને પામ્યા છે...'** જ્ઞાન અને આનંદ આદિ આત્મામાં વિશેષપણાને પામ્યા છે. પરમાણુમાં રંગ, ગંધ, રસ વિશેષપણાને પામ્યા છે. ધર્માસ્તિકાયમાં ગતિ અને અરૂપી આદિ અનેક પ્રકારે એના વિશેષપણાને પામ્યા છે. પણ અરૂપીપણું તો બીજામાં પણ છે પણ એની ગતિ આદિના જે ગુણો છે કે જે એનામાં જ છે. એ વિશેષપણાને પામેલા ગુણો વડે એનો સંબંધ દ્રવ્ય સાથે છે. આ..હા..હા...! આવો ઉપદેશ !

**'જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી...'** (અર્થાત્) પરની સાથે કાંઈ સંબંધ નથી. (એવું) **'અસાધારણપણું ધારણ કરીને...'** બસ, જ્ઞાન-ચૈતન્યસ્વરૂપ પ્રભુ ! એ ગુણને બીજાના કોઈ ગુણ સાથે સંબંધ નથી. બીજાનો ચૈતન્ય ગુણ છે એને પણ આ ચૈતન્ય ગુણ સાથે સંબંધ નથી. બીજાનો ચૈતન્ય ગુણ છે (તેને) એના દ્રવ્ય સાથે સંબંધ છે. આહા..હા...! (એ રીતે) **'વિશેષપણાને પામ્યા છે તેમના વડે–અનંત દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો...'** આ..હા..હા..હા...! દ્રવ્યસંતતિ (એટલે) દ્રવ્યપરંપરા, દ્રવ્યસમૂહ. દ્રવ્યનો સમૂહ–ઢગલો છે. આહા..હા...!

એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત દ્રવ્ય છે. અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંત જીવ છે અને પરમાણુ અનંત છે. એ પ્રમાણે આખો લોક ભર્યો છે. અહીં આ અંગુલનો અસંખ્યમો ભાગ–આ તસુનો અસંખ્યમો ભાગ (છે) ત્યાં પણ નિગોદના અનંત જીવ છે અને એથી અનંતગુણા એની પાસે તૈજસ, કાર્મણ (વર્ગણાના) પરમાણુઓ છે અને એ સિવાય ત્યાં બીજા તૈજસપણે નહિ થયેલા એવા અનંતા પરમાણુનો સ્કંધ પણ ત્યાં છે. આહા..હા...! અને ત્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ પણ છે. આહા..હા...! કહે છે પણ એ **'વિશેષપણાને પામ્યા છે તેમના વડે – અનંત દ્રવ્યસંતતિમાં...'** (અર્થાત્) દ્રવ્યનો સમૂહ ભેગો છે એથી **'સ્વ-પરના વિવેકને પામો...'** (અર્થાત્) ચૈતન્યસ્વભાવ(ને) દ્રવ્ય સાથે સંબંધ છે. જગતના અચેતન સ્વભાવનો એના દ્રવ્ય સાથે સંબંધ છે. બીજા ચૈતન્યો છે તેના ચૈતન્ય ગુણથી એના દ્રવ્ય સાથે સંબંધ છે. એમ **'સ્વ-પરના વિવેકને પામો...'** (એટલે કે) સ્વ અને પરની જુદાઈને સમજો. આ..હા..હા...! કેવી ટીકા છે, જુઓને ! એક-એક ગાથા...!

**'(અર્થાત્ મોહનો ક્ષય કરવા ઇચ્છતા પંડિતજનો...)'** બુધજનનો અર્થ પંડિત કર્યો. **'(અર્થાત્**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મોહનો ક્ષય કરવા ઇચ્છતા પંડિત જનો આગમમાં કહેલા અનંત ગુણોમાંથી અસાધારણ અને ભિન્નલક્ષણભૂત...)**' (એટલે કે) આ આત્મામાં જ્ઞાન અને સુખ આદિ (ગુણો), પરમાણુમાં વર્ણ, ગંધ આદિ, ધર્માસ્તિકાયમાં ગતિ. એવા '**(ભિન્નલક્ષણભૂત ગુણો વડે અનંત દ્રવ્યપરંપરામાં...)**' અનંતા પરમાણુઓ, અનંતા આત્માઓનો મોટો ઢગલો પડ્યો છે. આહા..હા...! જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ અનંતા નિગોદના જીવો પડ્યા છે. આ..હા...! અને અનંતા પરમાણુઓના સ્કંધો ત્યાં પડ્યા છે. ભગવાન જ્યાં બિરાજે છે (ત્યાં) એ ક્ષેત્રમાં જ અંદર (છે). આ..હા...! છતાં દરેકની ચીજ ભિન્ન છે. કોઈની પર્યાયને કોઈની પર્યાય છૂતી–અડતી નથી. આહા..હા...!

ચૈતન્ય સ્વભાવ(ને) પરિપૂર્ણ પ્રાપ્ત થયા એવા પરમાત્મા ! એમનો આત્મા જે ક્ષેત્રમાં સિદ્ધમાં છે ત્યાં અનંતા નિગોદના જીવ અને અનંતા પુદ્‌ગલના સ્કંધો પડ્યાં છે પણ એ દરેકે-દરેક પોતપોતાના ગુણ જે અસાધારણ ગુણ છે એનાથી તેનો સંબંધ (ધરાવે) છે. એ વિશેષણ છે, સાધારણ (ગુણ) અસ્તિત્ત્વ, વસ્તુત્વ તો બધામાં છે. એથી કંઈ જુદું પડે નહિ પણ અસાધારણ ગુણથી જુદું પડે. (આત્માનો) અસાધારણ ગુણ ચૈતન્ય છે. પરમાણુનો અસાધારણ ગુણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, ધર્માસ્તિકાયનો અસાધારણ ગુણ ગતિ છે, અધર્માસ્તિકાયનો સ્થિર છે, આકાશનો અવગાહન છે, કાળનો પરિણમન–પરિણમવામાં નિમિત્ત થવું એ છે. આહા..હા...! (એ રીતે) '**ભિન્નલક્ષણભૂત ગુણો વડે અનંત દ્રવ્યપરંપરામાં 'આ સ્વદ્રવ્ય છે'–**' આ જ્ઞાનસ્વભાવનો ચૈતન્યદ્રવ્ય સાથે (સંબંધ છે તે) આ સ્વદ્રવ્ય છે. '**અને આ પરદ્રવ્યો છે એવો વિવેક કરો.**' આહા..હા...! '**તે આ પ્રમાણે :–**' એનો ખુલાસો કરે છે.

'**સત્...**' છે ? (નીચે અર્થ આપ્યો છે). 'હયાતીવાળું, સત્તાવાળું, અસ્તિત્ત્વવાળું, સત્‌રૂપ.' જ્ઞાયક... જ્ઞાયક – જાણક જ્ઞાયક તે સત્ છે. તે '**અકારણ...**' છે. એને કોઈ કારણ નથી. આહા..હા...! અહેતુક (છે). ચૈતન્ય સત્ અહેતુક હોવાને લીધે. ચૈતન્ય સત્ તે અહેતુક સત્ છે. આહા..હા...! એથી તે '**સ્વતઃસિદ્ધ...**' છે. ભગવાનઆત્માનો ચૈતન્યસ્વભાવ – જ્ઞાયકસ્વભાવ સ્વતઃસિદ્ધ છે. જાણન સ્વભાવનો પિંડ પ્રભુ ! એ સ્વતઃસિદ્ધ છે. કોઈ એનો કર્તા છે અને કોઈની અપેક્ષાએ જ્ઞાયકભાવ છે એમ છે નહિ.

'**સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી...**' આ..હા..હા...! એ જ્ઞાયકપણું (છે તેને) દ્રવ્યત્વ સાથે સંબંધ છે. એવું જ્ઞાયકપણું '**અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી...**' (અર્થાત્) એ પોતે અંતરને પણ પ્રકાશે અને બહારને પણ પ્રકાશે. બહારનું કાંઈ કરે નહિ. કરે નહિ કાંઈ અને જાણે બધું પૂરું. આહા..હા...! અંતર્મુખ (પ્રકાશવાળું) એટલે પોતે ભગવાન સ્વરૂપ અનંત ગુણનો પિંડ અંતર્મુખ છે એને જાણે અને બહિર્મુખ (પ્રકાશવાળું) એટલે જેટલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંતા બાહ્ય દ્રવ્યો છે એને પણ જ્ઞાયકભાવ (જાણે).

**'સ્વપરનું જ્ઞાયક–એવું જે આ...'** બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી. શું ? સ્વ-પર જ્ઞાયક. સ્વ અને પરને જાણનારી સત્તા, બસ. જ્ઞાયકભાવ ! ('સમયસાર'ની) છઠ્ઠી ગાથામાં લીધું ને ? જ્ઞાયકભાવ ! આહા..હા...! અગીયારમી (ગાથામાં) એ લીધું – ભૂતાર્થ. એ પણ જ્ઞાયકભાવ. જે સ્વ-પરને પ્રકાશે છે. સ્વના વેદનમાં સ્વને પણ વેદે છે અને પરને પણ વેદે છે એમ નથી. છતાં સ્વ-પરને જાણે છે. પરને પૂર્ણ જાણે છે છતાં પરનો એક રજકણ કે (બીજા) આત્મામાં એની પર્યાયને કરે એવું જ્ઞાયકભાવમાં નથી. આહા..હા...! કોઈપણ પરમાણુને કે કોઈપણ અનંત આત્મામાં બીજા આત્માનું કાંઈ કરે એવું આત્મામાં નથી. આ..હા..હા...! પણ તેને બધાને જાણે એવું આત્મામાં છે. આહા..હા...! બીજાનું કાંઈ કરે નહિ અને બીજાને પૂર્ણ જાણ્યા વિના રહે નહિ. આહા..હા...! આવું સ્વરૂપ છે ! બહુ આકરું ! છે તો માર્ગ બહુ સરળ પણ હાથ આવે નહિ. આહા..હા...!

આમ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ **'એવું જે આ, મારી સાથે સંબંધવાળું,...'** જોયું ? આહા..હા...! એ જ્ઞાયકપણું – જાણપણું – જે સ્વ-પરને પ્રકાશે એવું જાણવાની સત્તાસ્વરૂપપણું (છે) એ મારી સાથે સંબંધવાળું (છે). મારા દ્રવ્ય સાથે સંબંધ છે. આહા..હા...! ત્રિકાળ ધ્રુવ ટકતું જે તત્ત્વ છે એની સાથે જ્ઞાયકને સંબંધ છે. આ..હા..હા...! ફેરવીને વાત લાવ્યા ધ્રુવ ઉપર પાછી ! આહા..હા...! **'એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે–કે જે (ચૈતન્ય) સમાનજાતીય...'** (અર્થાત્) જાણવાના સ્વભાવવાળું મારું ચૈતન્ય, સમાનજાતીય (એટલે) મારી જાત જેવા અનંત આત્માઓ છે અને **'અસમાનજાતીય...'** એટલે જડ એવા **'અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે...'** સમાનજાતીય ભગવાન ભલે આત્મા છે પણ મારું ચૈતન્ય જ્ઞાયકપણું તો મારામાં જ વર્તે છે. મારું જ્ઞાયકપણું અન્ય દ્રવ્યમાં વર્તતું (નથી), અન્ય દ્રવ્યને લઈને વર્તતું નથી અને અન્ય દ્રવ્યમાં વર્તતું નથી. આહા..હા...! બહુ ટૂંકી ભાષામાં ભેદજ્ઞાન (દર્શાવ્યું છે).

એ સમાનજાતીય એટલે આત્માની જાત (જેવા જ) અનંત આત્મા છે અને અસમાનજાતીય એટલે જડ. (તે સમસ્ત) **'અન્યદ્રવ્યને છોડીને...'** મારું ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ એ **'અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે...'** આ..હા..હા..હા...! એ જ્ઞાયકપણું – સ્વ-પરપ્રકાશકપણું અન્ય દ્રવ્યને છોડીને મારા દ્રવ્યમાં જ વર્તે છે. આહા..હા...! એ તો આવ્યું હતું ને ? યોગ ! **'અન્ય સાથે યોગ રહિત.'** છે. જ્ઞાયકભાવ છે તે અન્ય દ્રવ્ય સાથે સંબંધ વિનાનું છે. એ જ્ઞાયકભાવનો સંબંધ દ્રવ્યત્વ સાથે – દ્રવ્ય સાથે છે. આ..હા..હા...! હજી તો એનો છેલ્લો શબ્દ લેશે. (આપણે અહીંયાં આવ્યું છે) **'જ્ઞાયક–એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચૈતન્ય તેના વડે–કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે...**' આ..હા..હા...! મારું ચૈતન્યપણું બીજાના આત્મામાં વર્તતું નથી તેમ બીજાનું ચૈતન્યપણું મારામાં વર્તતું નથી. મારું ચૈતન્યપણું મારામાં વર્તે છે. આહા..હા...!

'**તેના વડે–હું પોતાના આત્માને...**' આહા..હા...! '**સકળ ત્રિકાળે...**' સકળ ત્રિકાળે (એટલે) આખું, સમસ્ત, નિરવશેષ. કોઈ કાળને બાકી રાખ્યા વિના. આખા ત્રણેય કાળે ધ્રુવ રહેતું. આહા..હા...! કોઈ કાળે – ભૂત, ભવિષ્ય અને વર્તમાનને બાકી રાખ્યા વિના આખો ધ્રુવપણે પ્રભુ અંદર વર્તે છે. જ્ઞાયકભાવ ધ્રુવપણે અંદર વર્તે છે. આહા..હા...! છે ? '**હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય...**' ધ્રુવપણું ધરતું '**દ્રવ્ય જાણું છું.**' આહા..હા...! જ્ઞાયકભાવ... આ..હા..હા...! '**પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું...**' આહા..હા...! તેને '**દ્રવ્ય જાણું છું.**' કે, આ દ્રવ્ય મારું છે. જ્ઞાયકભાવ જે સ્વ-પર પ્રકાશક છે તે જ્ઞાયકભાવ મારા દ્રવ્યત્વ સાથે સંબંધ (ધરાવે) છે અને તે હું દ્રવ્ય છું, ધ્રુવ છું, કોઈ કાળ બાકી રાખ્યા વિનાનો ત્રિકાળ તે હું છું. એમ ધ્રુવત્વ ધરતું... '**ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' આ..હા..હા...! સમજાવવું છે ને ? બાકી તો (આવું દ્રવ્યત્વ) ધરતું જાણું છું એ પણ ભેદ અને વિકલ્પ છે. પણ સમજાવવાની શૈલીમાં શી રીતે સમજાવવું ? આહા..હા...!

આ જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવત્વ ધરતું જે દ્રવ્ય તે હું છું. જ્ઞાયકને ધરતું જે ધ્રુવ દ્રવ્ય છે તે હું છું. પરથી ભિન્ન પાડીને સમ્યગ્દર્શનમાં આવો નિર્ણય કરવો એ મોહનો નાશ કરવાનો ઉપાય છે. મિથ્યાત્વનો નાશ કરવાનો એ ઉપાય છે. વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૯૦
પ્રવચન નં. – ૮૩
તા. ૨૪-૦૫-૭૯

'પ્રવચનસાર' ૯૦મી ગાથા. એનો બીજો પેરેગ્રાફ થયો છે, ફરીને (લઈએ). આ આત્માને કેવો માન્યે સમ્યગ્દર્શન થાય ? ધર્મની પહેલી શરૂઆત ! અપવાસ ને વ્રત ને તપ ને ભક્તિ-પૂજા, દાન, દયા એ બધા તો પુણ્યબંધ છે. એ કંઈ ધર્મ નથી. આહા..હા...! વીતરાગમાર્ગની અંદર સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે કહ્યું કે, ધર્મની શરૂઆત – ધર્મની પહેલી શરૂઆત – સમ્યગ્દર્શન કેમ થાય ? તો કહે છે કે, '**સત્ અને અકારણ હોવાથી...**' મારો પ્રભુ અને મારો જ્ઞાયકસ્વભાવ, આત્મા (અને) એનો જ્ઞાયકસ્વભાવ, એનો ચૈતન્યસ્વભાવ તે સત્ છે. ઝીણી વાત છે, ભગવાન ! અકારણ છે (અર્થાત્) કોઈ કારણે એ સત્ છે એમ નહિ.

ભગવાનઆત્મા અંદર ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકસ્વભાવને કોઈ કારણ નથી કે એ સ્વભાવ અમુક કારણે છે. સત્ છે (અને) '**અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ,...**' છે. એ પોતાથી સિદ્ધ છે. જ્ઞાયકભાવ ધ્રુવભાવ ચૈતન્યસ્વભાવભાવ... આહા..હા...! એ સ્વતઃસિદ્ધ છે.

'**અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી...**' અને તે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ બહિર્મુખ અને અંતર્મુખ (પ્રકાશવાળું છે). (એટલે કે) પોતાને જાણે અને બહારને જાણે એવા '**પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક...**' (છે). આહા..હા...! પરનું કાંઈ કરી શકે નહિ અને પરથી પોતામાં કાંઈ થાય નહિ. એ તો સ્વપરપ્રકાશક છે. આ..હા..હા...! એ '**સ્વ-પરનું જ્ઞાયક–એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય...**' ચેતન જે દ્રવ્ય છે એમાં જે મારો ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ છે... આહા..હા...! એના વડે. '**મારું ચૈતન્ય તેના વડે–કે જે (ચૈતન્ય) સમાનજાતીય...**' (અર્થાત્) મારી જાતીથી સમાનજાતીય બીજા અનંત આત્માઓ. આ..હા...! એને છોડીને. મારી ચૈતન્ય જાત મારામાં છે. મારાં સિવાય અનંત આત્માઓ છે, પંચ પરમેષ્ઠી છે, સિદ્ધ છે પણ મારું ચૈતન્ય છે એ અન્ય દ્રવ્યમાં નથી. આહા..હા...! ઝીણી વાત બહુ, બાપુ ! વીતરાગમાર્ગ ! ભવના અંતની વાતું !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંતકાળથી ચોરાશીના અવતારમાં ભ્રમણ કરી રહ્યો છે. એ દુઃખી છે... દુઃખી છે, મહા દુઃખી છે. એને મુક્ત થવાનો ઉપાય (અહીંયાં કહે છે). મારું જ્ઞાયકસ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ, સ્વપરપ્રકાશક એવો જે મારો સ્વભાવ (છે) એ સમાનજાતીય (એટલે) મારી જાતીના સમાન આત્માઓમાં પણ આ મારી ચીજ નથી. એને છોડીને પંચ પરમેષ્ઠીમાં પણ મારો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, મારો ચૈતન્યસ્વભાવ એમાં નથી. આહા..હા...!

'**અસમાનજાતીય...**' મારા આત્માથી અસમાનજાતીય. (અર્થાત્) પાંચ દ્રવ્ય ભગવાને જાણ્યા છે ને ? પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. એ '**અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને...**' સમાનજાતીય અનંત આત્માઓ, અસમાનજાતીય અનંતા પરમાણુ આદિ એ બધાને (છોડીને). મારો ચૈતન્યસ્વભાવ – જ્ઞાયકભાવ અન્યને છોડીને '**મારા આત્મામાં જ વર્તે છે...**' આહા..હા...! આવું સમજવું હવે...! પેલું તો ઇરયાવહિયાણે, વિરાયણાએ, ગમણાગમણે કરીને ઇચ્છામિ... (કર્યું એટલે) થઈ ગઈ સામાયિક ! ધૂડમાંય નથી સામાયિક, મિથ્યાત્વ છે. આકરી વાત, બાપા ! પ્રભુની વાતું ! વીતરાગનો માર્ગ, જન્મ-મરણ રહિત થવાની ચીજ સમ્યગ્દર્શન એ બહુ અલૌકિક છે !!

કહે છે, પોતાની જાતની વાત કરે છે કે, મારો ભગવાનઆત્મા ! એનો જે ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ (છે) તે સ્વભાવ મારી સમજાત–સમાનજાતીય આત્મામાં પણ નથી અને આ મારું જે ચૈતન્યસ્વરૂપ છે એ અચેતન પદાર્થમાં પણ નથી. આહા..હા...! એને છોડીને અન્યદ્રવ્યો – સમાનજાતીય હો કે અસમાનજાતીય. સિદ્ધ હો કે પાંચ પરમેષ્ઠી હો પણ ઇ મારાથી તો અન્ય દ્રવ્ય છે. આ..હા..હા...! મારાથી સમાનજાતીય અને અસમાનજાતીય બધાને છોડીને (મારો ચૈતન્યસ્વભાવ) '**મારા આત્મામાં જ વર્તે છે.**' આહા..હા...! એ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ મારા આત્મામાં જ વર્તે છે. કોઈ પરદ્રવ્યને લઈને તેનું રહેવું, ટકવું કે ઉત્પન્ન થવું નથી. આહા..હા...!

'**મારા આત્મામાં જ...**' જાણક સ્વભાવ – જ્ઞાયક સ્વભાવ – ચૈતન્ય સ્વભાવ, સમાનજાતીય આત્મામાં પણ મારી આ જાત ત્યાં છે નહિ અને આ સમાનજાતીય સિવાય અસમાનજાતીય (બીજા પાંચ દ્રવ્યો) એમાં પણ મારો આ ચૈતન્યસ્વભાવ નથી. એથી બધા અનંત પરપદાર્થોને છોડી, મારો ભગવાનઆત્માનો જે ચૈતન્ય(સ્વભાવ) –જાણવાનો જ્ઞાયકસ્વભાવ મારા આત્મામાં જ વર્તે છે. આહા..હા...! ક્યાં આવો નિર્ણય કરવાનો વખત મળે નહિ. જિંદગી ચાલી જાય છે, મનુષ્યપણાં ચાલ્યાં જાય છે. અરે...! એમાં આ વાત–આ વસ્તુસ્થિતિ જો ન જાણી (તો) પાછા કીડા, કાગડા, કૂતરાના અવતાર છે. આહા..હા...! એ અબજોપતિ શેઠિયાઓ જે કહેવાય એ મરીને... આહા..હા...! પશુમાં અવતરવાના ! આહા..હા...! નથી આત્મદર્શનનું ભાન, નથી સત્‌સમાગમથી સત્‌નું શ્રવણ કરીને બે-ચાર કલાક હંમેશાં પુણ્ય બાંધવું, એ પણ ટાઈમ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળે. આહા..હા...! જગતના પાપમાં આખો દિ' રોકાય. પ્રભુ ! કાંઈક તો આત્માની (વાત વિચાર). આચાર્ય પોતે જાતે પોતાની વાત કરે છે. એ રીતે બીજાએ કરવું એમ કહે છે. આ..હા..હા...!

મારો પ્રભુ આત્મા અંદર ચૈતન્ય રત્ન ! એ મારો જ્ઞાયક અને ચૈતન્ય સ્વભાવ મારામાં વર્તે છે, અન્યમાં નહિ. અન્ય આત્મામાં નહિ, અચેતનમાં (નહિ). આ..હા..હા...! '**તેના વડે–હું..**' આ..હા..હા...! મારી ચૈતન્યજાત જ્ઞાયકસ્વભાવ મારામાં વર્તે છે. '**તેના વડે...**' આહા..હા...! ભાષા બહુ થોડી છે, પ્રભુ ! માર્ગ – જિનેશ્વરદેવનો માર્ગ કોઈ અલૌકિક છે ! અત્યારે તો ગોટા ઊઠ્યા છે. આહા..હા...! આ સામાયિક કરો, પૌષધ કરો, પ્રતિક્રમણ કરો, ચોવીયાર કરો, વ્રત પાળો, અપવાસ કરો એ બધી ક્રિયામાં રાગ છે. એ કંઈ ધર્મ નથી તેમ આત્માના સ્વભાવમાં એ રાગ નથી. આહા..હા...! આત્માના સ્વભાવમાં ચૈતન્યસ્વભાવ – જ્ઞાયકસ્વભાવ છે. આહા..હા...! મારા આત્મામાં ચૈતન્યસ્વભાવ–જ્ઞાયકસ્વભાવ વર્તે છે. '**તેના વડે–હું...**' આ..હા..હા...! '**પોતાના આત્માને...**' તેના વડે હું મારા આત્માને '**સકળ ત્રિકાળે...**' આ..હા..હા..હા...! ત્રણે કાળમાં કોઈ કાળ બાકી રાખ્યા વિના.

'**સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું...**' આ..હા..હા...! જ્ઞાયક અને ચૈતન્યસ્વભાવ મારા આત્મામાં વર્તે છે એવું જે દ્રવ્ય. એ '**સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' મારા દ્રવ્યને હું આ રીતે જાણું છું. આહા..હા...! આવી વાતું છે ! અત્યારે સાંભળવા મળવી મુશ્કેલ પડે, બહુ મુશ્કેલ પડે. આહા..હા...! અનંતકાળ ગાળ્યા છે. આ..હા...! અનંતવાર સાધુ થયો પણ આ વસ્તુ છે એની દૃષ્ટિ કરીને અનુભવ (કર્યો) નહિ. (તેથી) પરિભ્રમણ મટ્યું નહિ. આહા..હા...! મારો ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ મારામાં વર્તે છે તે રીતે મારા દ્રવ્યને (જાણું છું). આહા..હા...! મારો ચૈતન્યસ્વભાવ મારામાં વર્તે છે તેવો જે આત્મા (છે) એને મારું '**સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' મારો પ્રભુ ત્રણે કાળે ધ્રુવપણે ટકતો છે – એમ સમ્યક્‌દૃષ્ટિ નિર્ણય કરતાં, પોતાના આત્માનો આવો નિર્ણય કરે છે. ભાષા તો સાદી છે, પ્રભુ ! આ..હા..હા...! વસ્તુ બહુ (સૂક્ષ્મ) ! આટલા પેરેગ્રાફની ચાર (લીટીમાં) તો કેટલું (ભરી દીધું છે) ! આહા..હા...! ભૈયા ! ભૈયાજી ! આવી વાત છે, પ્રભુ ! આહા..હા...!

અહીં તો આચાર્ય ભગવાન તરીકે બોલાવે છે ! 'સમયસાર' ૭૨ ગાથા ! ભગવાન ! તું આત્મા છો ને પ્રભુ ! તારામાં તો અનંત... અનંત... શુદ્ધ ચૈતન્યના રત્ન ભર્યાં છે ને ! તારામાં પ્રભુ દયા, દાન, વ્રતનો વિકાર છે એ તારામાં નથી. આહા..હા...! તો પછી તારામાં પર – શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, બાયડી, છોકરાં, દેશ ક્યાંથી તારામાં આવ્યા ? આ..હા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓ..હો...! અહીં આચાર્ય મહારાજની ભાષા તો જુઓ ! આ..હા..હા...! સંતોની – સંતની શૈલી ! આ..હા..હા...! મારો નાથ જ્ઞાયકસ્વભાવ, એવો ચૈતન્યસ્વભાવ મારા આત્મામાં વર્તે છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધા રાગ છે, એ મારામાં નથી. એ મારું સ્વરૂપ જ નથી, એ મારામાં છે નહિ. આહા..હા...! મારો પ્રભુ તો ચૈતન્યસ્વભાવ (છે) એ મારા આત્મામાં વર્તે છે તે આત્માને '**સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું...**' આહા..હા...! એવો જે પોતાનો પ્રભુ આત્મા ! એને ત્રણે કાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય. એ ત્રિકાળ ધ્રુવ છે, ભગવાન ! એનો કોઈ કર્તા નથી, એનો નાશ થનારો નથી, એમાં કોઈ ઘસારો નથી. આહા..હા...! આવી વાતું છે !

હું... – એ ચૈતન્યસ્વભાવ આત્મામાં વર્તે છે તેથી તેના વડે હું. આહા..હા...! આ તો અંતર્મુખની વાતું છે, પ્રભુ ! હજી તો સમ્યગ્દર્શન (કેમ થાય તેની વાતું છે), હોં ! ચારિત્ર તો હજી બાપા, આઘી વાતું છે. કોને કહેવા ચારિત્ર, એને કાંઈ ખબર ન મળે. હજી પ્રથમ સમ્યગ્દર્શનની કઈ સ્થિતિ છે અને એ શું માને છે ત્યારે સમ્યગ્દર્શન કહેવાય છે (એની વાત ચાલે છે). આહા..હા...! મારો પ્રભુ આત્મા ચૈતન્યસ્વભાવ આત્મામાં વર્તે છે. આ..હા...! કોઈ પુણ્ય-પાપ આદિ તો નહિ પણ પરદ્રવ્ય પરમેશ્વર પણ મારા ચૈતન્યસ્વભાવમાં નથી તેથી મારા આત્મામાં પણ એ નથી. આહા..હા...! આવી વાતું છે !

ચૈતન્યસ્વભાવ – જાણક-સૂર્ય પ્રભુ ! ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાયક-સૂર્ય પ્રભુ ! એ જાણકસ્વભાવ મારા આત્મામાં વર્તે છે. મારા આત્મામાં એ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ(ના ભાવ પણ નથી) તો પરદ્રવ્ય તો કહાં આયા ? આ..હા..હા...! '**તેના વડે–હું...**' આ..હા..હા...! ગજબ છે ! ચાર લીટીમાં તો...! હું તેના વડે – ચૈતન્ય... ચૈતન્ય જાણકસ્વભાવ મારા આત્મામાં વર્તે છે તેથી તે આત્માને – હું પોતાના આત્માને આને કારણે '**સકળ ત્રિકાળે...**' ત્રણે કાળે '**ધ્રુવત્વ ધરતું...**' ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્યાનંદ પ્રભુ ! એવું (ધ્રુવત્વ) ધરતું દ્રવ્યને હું જાણું છું. આ..હા..હા..હા...! છે ? કહો, ભૈયા ! ભગવાન આમ છે, વાતું બહુ ઝીણી, બાપુ !

શું કહીએ ? આહા.હા...! અત્યારે સંપ્રદાયમાં તો એની ગંધ પણ નથી. આખો બહુ ફેરફાર, ભાઈ ! એ સત્‌ને રસ્તે (ચડ્યા) વિના બાપા, તારા જન્મ-મરણ મટે નહિ, નાથ ! આહા..હા...! એ વ્રત ને તપ ને દયા ને દાન ને પૂજા ને ભક્તિ લાખ અને કરોડ કરે ને પ્રભુ ! એ તો બધી રાગની ક્રિયાઓ છે. આ..હા..હા...! મારા આત્મામાં એ નથી, એમ કહે છે.

મારા આત્મામાં તો ચૈતન્યસ્વભાવ વર્તે છે. રાગ વર્તતો નથી, પરદ્રવ્ય મારા આત્મામાં વર્તતા નથી. રાગાદિનો ભાવ મારાં સ્વરૂપમાં વર્તતો નથી. મારા પ્રભુમાં તો ચૈતન્યસ્વભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વર્તે છે. આહા..હા...! **'તેના વડે–હું...'** મારા આત્માને **'સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.'** આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું છે, પ્રભુ ! શું થાય ? માણસને એકાંત લાગે કે, વ્યવહારનો તો લોપ કરી નાખે છે. પ્રભુ ! વ્યવહાર એટલે ? દયા, દાન, વ્રત(ના પરિણામ) એ તો રાગ છે, પુણ્ય છે. એ કંઈ ધર્મ નથી અને એ કંઈ આત્મામાં વર્તતા નથી. આ..હા..હા..હા...! આ તો કાલે લીધું હતું આ તો ફરીને લીધું. આહા..હા...!

આ શરીર, વાણી, મન તો જડ–માટી–ધૂડ છે. આ તો ધૂડ (છે). પૈસા ધૂડ છે. બાયડી, છોકરાના આત્મા સમાનજાતીય છે પણ એ મારાથી તો ભિન્ન છે. એ કંઈ મારામાં વર્તતા નથી તેમ હું એમાં વર્તતો નથી. આ..હા..હા...! મકાન ને આબરૂ ને કીર્તિ ને મહેલ ને પાંચ-પચાસ લાખના મોટા હજીરા, એ બધામાં હું નથી અને એ મારામાં નથી. આહા..હા...! મારામાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વર્તતા નથી. આહા..હા...! મારામાં તો ચૈતન્યપણું જે જાણવું – જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... ચૈતન્યભાવ એ મારામાં વર્તે છે. તેના વડે હું મારા આત્માને... આહા..હા...! **'સકળ ત્રિકાળે...'** કોઈ કાળ બાકી રાખ્યા વિના, ત્રણેકાળે મારો ભગવાનઆત્મા ધ્રુવત્વ નિત્ય છે, ધ્રુવ છે તેમ હું નક્કી કરું છું – તેમ હું જાણું છું. ભાષા તો સાદી છે, પ્રભુ ! પણ ભાવ તો બાપા બહુ આકરા છે ! આહા..હા...! અરે..રે...! જીવન ચાલ્યા જાય છે, સત્ય મળતું નથી, સત્યને શોધતો નથી, સત્યનો નિર્ણય કરવા પ્રયત્ન કરતો નથી. આ..હા..હા...! અરે..રે...! એણે શું કર્યું એ ? ચાર લીટીમાં તો ઓ..હો..હો..હો..હો...! બાર અંગનું તાત્પર્ય ભરી દીધું છે !! આહા..હા...! કાલે ત્યાં સુધી તો આવ્યું હતું.

હવે, આવું મારા આત્માને હું ધ્રુવત્વ ધરતું દ્રવ્ય–વસ્તુને જાણું છું. મારું દ્રવ્ય – જ્ઞાયકસ્વભાવ મારામાં વર્તે છે. એવું જે મારું સ્વરૂપ આત્મા–દ્રવ્ય (છે) એને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતા એવા દ્રવ્યને હું જાણું છું. જ્ઞાયકભાવને અને ચૈતન્યભાવને નહિ. ચૈતન્ય અને જ્ઞાયકભાવ મારામાં વર્તે છે એવું જે દ્રવ્ય છે તેને ધ્રુવત્વ ધરતું જાણું છું. આહા..હા...! જ્ઞાયકને – ચૈતન્યસ્વભાવને નહિ. જ્ઞાયક અને ચૈતન્યસ્વભાવ તો મારા આત્મામાં વર્તે છે – એવો હું ! આ..હા..હા..હા...! અત્યારે તો જ્યાં હોય ત્યાં વાતું આ (કરે) – વ્રત કરો ને અપવાસ કરો ને વર્ષીતપ કરો, રસ છોડો, કંદમૂળ ન ખાવા ને આ ન કરો... એ બધી વાતું બાપા ! પ્રભુ ! એ બધી રાગની ક્રિયાઓની વાતું છે. એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

સમ્યગ્દર્શનમાં પ્રથમમાં પ્રથમ અથવા સમ્યક્–સત્યજ્ઞાનમાં પ્રથમમાં પ્રથમ મારું ચૈતન્યસ્વરૂપ મારામાં વર્તે છે. તેના વડે કરીને હું મારા આત્માને ત્રિકાળી ધ્રુવત્વ ધરતા દ્રવ્યને હું જાણું છું. આહા..હા...! સમજાય છે ? ભાષા તો પ્રભુ સાદી છે. આહા..હા...! અંદર પ્રભુ બિરાજે છે, ભાઈ ! 'ઘટ ઘટ અંતર જિન વસે' ઘટ-ઘટમાં જિન વસે છે, પ્રભુ ! જિનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન, વીતરાગસ્વરૂપ તું છો ! જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય વર્તે છે એનો અર્થ શું થયો ? આહા..હા...!

મારા પ્રભુમાં – મારા આત્મામાં જ્ઞાયકસ્વભાવ–ચૈતન્યસ્વભાવ વર્તે છે તેના વડે હું આ આત્માને ત્રિકાળ ટકતું એવા ત્રિકાળી ધ્રુવને હું જાણું છું. આહા..હા...! એનું નામ સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન (છે). હજી તો ચોથા ગુણસ્થાનની વાત (છે). શ્રાવક અને મુનિ તો બાપા... એ વાતું બહુ આકરી છે. આહા..હા...! ભાષા થોડી-થોડી સમજાય છે ને ? ભાઈ, ધ્યાન તો બહુ રાખે છે. પ્રભુ ! આવો માર્ગ છે. આહા..હા...! તારા મહિના-મહિનાના અપવાસ ને વર્ષીતપના પારણાં કરે. બાયુંએ વર્ષીતપ કર્યું એ છલ્લે પછી ઢોંગ કરે, છેલ્લા ત્રણ અપવાસ કરે અને સૂંઠ ચોપડે ને રાત્રે ગાણા ગવરાવે અને પછી બે-પાંચ-દસ હજાર ખર્ચે એ વર્ષીતપને ઊજવ્યો કહેવાય.

અહીંયાં તો પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જિનેશ્વર પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની વચમાં આમ કહેતા હતા. આહા..હા...! ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે ભગવાનની વાણી આ હતી. તે આચાર્ય પોતાનો અનુભવ કરીને પોતે જાતે કહે છે ! આ..હા..હા..હા...! આવી વાતું છે ! આહા..હા...! થોડું લખ્યું, ઘણું કરીને જાણજો નાથ ! થોડું કહ્યું (એને) ઘણું કહેવું જાણજો. આહા..હા...! પ્રભુ અંદર બિરાજે છે, ચૈતન્ય હીરલો ! જેમાં અનંતા ચૈતન્યના રત્નો ભર્યાં છે ! પ્રભુ ! તને ખબર નથી. અને ભિખારી પેઠે જ્યાં-ત્યાં માંગણ થઈને ફરે છો. પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો, આબરૂ (લાવો)... માંગણ – મોટા ભિખારી છે. આહા..હા...! અનંત... અનંત... આનંદ અને જ્ઞાન સ્વભાવથી ભરેલો પ્રભુ અહીં છે એની સામું તો જોવું નથી. એનો આદર, સત્કાર, સ્વીકાર કરવો નથી અને ધૂડના બહારના આ બાયડી, છોકરા, પૈસા-ધૂડ, કરોડ રૂપિયા ને પાંચ કરોડ(ના આદર કરવા છે) !

(એક) શેઠ આવ્યો હતો ને ? 'મુંબઈ' ! પચાસ કરોડ ! પચાસ કરોડ ! ઇ આવ્યા હતા. ઘણી દુકાન–હોંગકોંગમાં દુકાન, ઘણી દુકાન. આવ્યો હતો દર્શન કરવા. વૈષ્ણવ ! બૈરાઓ બધા આપણાં જૈન – શ્વેતાંબર જૈન. બૈરાઓ બધા શ્વેતાંબર જૈન અને છોકરાઓ બધા વૈષ્ણવ. પણ બૈરાને પ્રેમ એટલે બચારા આવ્યા હતા. (ઈશ્વર) કર્તા... કર્તા... કર્તા... કર્તા... અરે.. બાપુ ! ભાઈ ! કર્તા કોઈ નથી. આહા..હા...! લાકડાં ગરી ગયા હોય ઇ નીકળવા (બહુ કઠણ). આ સંપ્રદાયમાં વ્રત ને તપ ને અપવાસ કરીએ તો ધર્મ થાય એ લાકડા ગરી ગયા. આહા..હા...! મિથ્યાત્વના લાકડાં છે એ બધા !

અહીં કહે છે, મારો પ્રભુ ! ભગવાનઆત્મા ! ચૈતન્યસ્વભાવ મારામાં વર્તે છે. તેથી તેવા મારા આત્માને સકળ ત્રિકાળ–ત્રણે કાળમાં... આ..હા..હા...! ધ્રુવત્વ ધરતું... ધ્રુવત્વ ધરતું... નિત્ય ટકતું, ટકાઉ ચીજ છે, ટકતી ચીજ તે ધ્રુવ છે. તે દ્રવ્યને હું જાણું છું. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાષા શું કહેવાય ? ગ્રીક લેટિનની ભાષા લાગે ! કઈ જાતની આ ભાષા ? આપણે તો ભાઈ ! અત્યાર સુધી ઇચ્છામિ પડિકમ્મણે, ઇરિયાવહીયાણે, વિરાયાણે, ગમણાગમણે, પાણકમણે, બીયકમ્મણે,... છેલ્લે તસ્સમિચ્છામિ દુક્કડમ્... તસ્સઉત્તરીકરણેણં, તાવકાયંઠાણેણં મોણેણં, જાણેણં... આવું શીખ્યા છીએ. અરે... પણ પ્રભુ ! અમે દસ વર્ષથી શીખ્યા છીએ. અહીં તો નેવું વર્ષ થયા. એંસી વર્ષથી શીખ્યા છીએ. દસ વર્ષની ઉંમરથી (શીખ્યા છીએ). બાપા ! એમાં કાંઈ ન મળે. આ..હા..હા..હા...! ત્યાં 'ઉમરાળા'માં અમારે જૈનશાળા ચાલતી ને ? એક 'સોમચંદ ભગત' હતા ઇ ભણાવતા. મારી ઉંમર તે 'દી દસ-અગિયાર વર્ષની હતી. અહીં તો અત્યારે નેવું થયા. શરીરને ! શરીરને ને ? આત્મા તો ત્રિકાળ ધ્રુવ છે. કીધું ને ? તે પણ ધ્રુવ કેમ ?

આ..હા..હા...! મારો પ્રભુ ચૈતન્યસ્વભાવ – જે સ્વ-પરપ્રકાશક એવો ગુણ – એવો સ્વભાવ મારામાં વર્તે છે. તેથી તે મારા પ્રભુને આત્મા તરીકે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. આ..હા..હા..હા...! સાંભળ્યું છે ત્યાં 'અમદાવાદ'માં ? નથી (સાંભળ્યું) ? જાતે કરવું પડશે. કોઈ બીજો કરી દે, બીજાથી થાય એવી પ્રભુ વસ્તુ નથી, ભાઈ ! આહા..હા...! એમાં શરીર જુવાન હોય, એમાં બે-પાંચ કરોડ રૂપિયા હોય, એમાં બાયડી જરી રૂપાળી મળી હોય, એમાં છોકરાં સારાં થયાં હોય, બે-બે લાખની પેદાશ કરતા હોય તો જોઈ લ્યો... હું પહોળો અને શેરી સાંકડી ! આહા..હા...! જાણે હું ક્યાંય વધી ગયો અને ક્યાંય આગળ આવી ગયો !! રખડવામાં (આગળ આવ્યો) !

શ્રોતા :– ઇ તો વધતું હોય તો કરવું શું ?

સમાધાન :– ક્યાં પણ ઇ તારામાં છે ક્યાં ? તું ક્યાં છો ? અને ઇ ક્યાં તારામાં છે ? અરે...! પ્રભુ ! તારામાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પ્રભુ તારામાં નથી ! અહીં શું કીધું ? આહા..હા...! એ વિકલ્પ છે, એ તો રાગ છે. સિદ્ધ થાય છે ત્યાં રાગ રહે છે ? ણમો સિદ્ધાણં ! રાગ એનો હોય તો ત્યાં સિદ્ધમાં (પણ) રહેવો જોઈએ. રાગ એનું સ્વરૂપ જ નથી. આહા..હા...!

એનું સ્વરૂપ તો પ્રભુ ! ચૈતન્યના નૂરના પૂર ભર્યાં છે ! આહા..હા...! એ ચૈતન્યના નૂરના પૂરનું જોર આત્મામાં વર્તે છે. તેથી એ વડે કરીને હું મારા પ્રભુને – મારા આત્માને ત્રિકાળી ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. આ..હા..હા..હા...! ગજબ વાત કરી છે ! ત્રિકાળી ત્રણેકાળે ધ્રુવત્વ ધરતું – ધ્રુવપણે ધરતું એવા એ દ્રવ્યને હું જાણું છું. આ..હા..હા..હા...! આ પંચમ આરાના સંત કહે છે !! કોઈક કહે છે ને ? કે, 'અત્યારે શુભભાવ જ હોય.' આહા..હા...! અરે... પ્રભુ ! (તો) ધર્મ ન હોય એમ કહે (છે) ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– હમારા તો ઇસસે હી કલ્યાણ હો જાયેગા, શુભભાવ સે કલ્યાણ હો જાયેગા !

પૂજ્ય ગુરુદેવશ્રી :– આનાથી અમારું કલ્યાણ થશે અને તમારું પણ થશે. ધૂડમાંય નથી, સાંભળને ! તારા વ્રત ને તપ ને ભક્તિ લાખ-કરોડ કર ને ! એ તો બધા વિકલ્પ છે, રાગ છે. પ્રભુ આત્મા છે એમાં એ રાગ છે ક્યાં ? એ તો ક્ષણિક ઉપાધિનો ભાવ છે. પણ નિરુપાધિ ચૈતન્યસ્વભાવ ભગવાનઆત્મામાં વર્તે છે તેથી હું મારા આત્માને... આહા..હા...! ધ્રુવત્વ ધરતું મારા આત્માને દ્રવ્ય જાણું છું. આ..હા..હા..હા...! સમજાય છે ને બાપા ? ભાષા થોડી-થોડી સમજાય છે ને ?

આહા..હા...! અહીં તો બાપા અંદરમાં બધા ભગવાન છે ! આ શરીર તો માટી–ધૂડ છે. અંદર પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ રાગ, મેલ અને દુઃખ છે. તને એ ખબર નથી, પ્રભુ ! આહા..હા...! તારામાં તો ચૈતન્ય રત્નાકર – ચૈતન્યના રત્નનો દરિયો ભર્યો છે અંદર ! ભાઈ ! તારી નજરું નથી, નાથ ! આ..હા..હા...! અહીં આ ચારી લીટીએ તો ગજબ કરી છે !! વ્યવહાર ઉડાવ્યો, નિમિત્ત ઉડાવ્યું, અરે...! પર્યાય પણ ઉડાડી ! પર્યાય નિર્ણય કરે છે કે, જ્ઞાનસ્વભાવ આ દ્રવ્ય છે એમાં રહે છે. એમ પર્યાય નિર્ણય કરે છે ! આ..હા..હા...! હું જાણું છું એમ કીધું ને ? '**ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' જાણું છું એ તો પર્યાય થઈ. પણ પર્યાયે–અવસ્થાએ એમ જાણ્યું. હજી તો પર્યાયની ખબર ન મળે. દ્રવ્ય, ગુણ, પર્યાય શું ? જે જૈનના એકડાના મીંડા (છે) ! દ્રવ્ય કોને કહેવું ? (તો કહે) દ્રવ્ય એટલે પૈસો – ધૂડ ! અહીં તો દ્રવ્ય એટલે આત્મા. અંદર અનંત ગુણનો ધણી પ્રભુ છે, ભાઈ ! એ દ્રવ્યમાં તો ચૈતન્યસ્વભાવ વર્તે છે. આહા..હા...! એમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વર્તતા નથી. એ વિકાર તો ઉપર-ઉપર રહે છે. આહા..હા...!

જેમાં 'જાણું છું' એવી પર્યાય પણ દ્રવ્યમાં પેસતી નથી ! આ..હા..હા...! મારો પ્રભુ આત્મા ! ત્રિકાળી ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ મારામાં વર્તે છે. તેથી તે મારા પ્રભુને – મારા આત્માને, હું તેના વડે (એટલે કે) ચૈતન્યસ્વભાવ આત્મામાં વર્તે છે તેના વડે... આ..હા..હા...! હું મારા આત્માને ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. ધ્રુવપણાને ધરે છે, ધ્રુવ નિત્ય નિત્યને ધરે છે એવું હું દ્રવ્ય જાણું છું. આ..હા..હા...! આવી ભાષા ! આ તમારા કાયદામાં ન આવે. જજમાં મફતના બધા ગપેગપ હોય ! સરકારે કાયદા કર્યા હોય એ બાંધીને બધી વાતું કરવી. આમ થયું છે ને તેમ થયું છે ને આમ થયું છે. આહા..હા...!

અહીં તો એક બીજી વાત મગજમાં આવી. પરિણમ્યપરિણામકત્વ આવે છે ને ? પ્રભુ આત્મા કેવો છે ? કે, એક ગુણ અંદરમાં એવો છે કે, જે જ્ઞેયો છે તેને જાણવાનો સ્વભાવ છે. ચાહે તો પરમેષ્ઠી હો કે ચાહે તો રાગ હો કે સિદ્ધ હો – એ પણ જ્ઞાનમાં જણાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવા લાયક છે અને મારું સ્વરૂપ છે એ જ્ઞાનીને જ્ઞાનમાં જણાય એવું સ્વરૂપ છે. પરના સ્વરૂપને – જ્ઞેયાકારને હું જાણું એવો મારો સ્વભાવ છે અને મારા જ્ઞાનાકાર પરના જ્ઞાનમાં પ્રમેય થઈને જણાય એવો મારો સ્વભાવ છે. આહા..હા...! અને મારામાં એક ઉત્પાદ્-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે. એ ગુણને ધરનારો આત્મા છે. આહા..હા...! તેથી ભગવાનઆત્મામાં આવું વર્તતું હોવાથી મારી પર્યાય જે થાય એ મારા ગુણને લઈને, દ્રવ્યને લઈને થાય છે. પર્યાય થાય ચાહે તો વિકારી કે અવિકારી, એ પરને લઈને બિલકુલ મારામાં થાતું નથી. એવો મારામાં એક ગુણ છે. ૪૭ શક્તિમાં આવે છે – ઉત્પાદ્-વ્યય-ધ્રુવત્વ શક્તિ. આ..હા..હા...! મૂળ વાતું પડી રહી અને ઉપરથી બધા થોથા ! આહા..હા...!

(ચાલતા વિષયમાં) ત્યાં સુધી તો સ્વની વાત કરી. પાંત્રીસ મિનિટ ચાલ્યું, નહિ ? આ તો કાલે ચાલ્યું હતું, પણ બહુ સરસ વાત છે એટલે ફરીને લીધું. આહા..હા...! ઘણી સાદી ભાષા ! અસ્તિત્વનું–પૂર્ણ અસ્તિત્વનું જીવનું ધ્રુવ સ્વરૂપ કેવું છે એને સિદ્ધ કર્યું. તારા ધ્રુવમાં ચૈતન્યસ્વભાવ વર્તે છે. આહા..હા...! પ્રભુ ! તને ખબર નથી. તારા પ્રભુ આત્મામાં તો ચૈતન્ય જ્ઞાયકના નૂર, ચૈતન્યના નૂર, ચૈતન્યના તેજ, ચૈતન્ય પ્રકાશના તેજના નૂર તારામાં વર્તે છે, પ્રભુ ! તું તો સ્વ અને પરનો પ્રકાશક છો ! આ..હા..હા...! પરને પોતાનું માનનારો તું નહિ, પ્રભુ ! એ તારામાં છે જ નહિ. આ મારી બાયડી, આ મારા છોકરાં ને આ મારા મકાન ક્યાંથી લાવ્યો ? આ શું કર્યું આ તેં ? મૂંઢે ભ્રમણા ઊભી કરી. આહા..હા...! જે તારામાં વર્તતું નથી, જે એનામાં વર્તે ઇ મારામાં છે (એ ક્યાંથી લાવ્યો) ? આહા..હા...!

શ્રોતા :– પતિથી પત્ની સૌભાગ્યવાળી કહેવાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પતિ એમ બોલે 'ધર્મપત્ની !' એમ બોલે. અને પત્ની એમ બોલે 'પતિદેવ' તરીકે બોલે. અંદર ખાનગી બોલે ત્યારે (એમ બોલે). ગપેગપ બધા છે. આ પતિદેવ છે. પહેલે દિવસે જ્યારે પરણીને મળે ત્યારે તો બહુ માન આપે – પતિદેવ તરીકે ! એવું કહે છે, હોં ! આપણે તો સાંભળ્યું છે આ. સંસારના કોઈ કામની આપણને ખબર નથી, નાની ઉંમરથી આપણને તો આ અભ્યાસ છે. સત્તર વર્ષની ઉંમરથી ! અત્યારે નેવું થયા. આહા..હા...! તોંતેર વર્ષથી આ છે ! આ ધંધો ! આ પેઢી ! 'પાલેજ'ની પેઢી છોડીને આ પેઢી કરી ! દુકાન છે, 'પાલેજ'માં દુકાન છે. આહા..હા...!

શ્રોતા :– આ તો ભગવાન થવાની પેઢી છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– 'પાલેજ'ની પેઢી ચાલે છે. અમારી પિતાજીની દુકાન (છે). 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે ને ? ત્યાં પિતાજીની દુકાન હતી અને નવ વર્ષ ત્યાં રહ્યો છું. દુકાન છે, અત્યારે ત્યાં મોટી દુકાન છે. ત્રણ છોકરાઓ છે, અમારા ભાગીદાર ફઈના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દીકરા હતા. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. આઠ દિ' હમણાં રહી આવ્યા. સાંભળીને છેવટે ઊઠવા મંડ્યા ત્યારે રોવે... રોવે... રોવે... રોવે... છોકરાઓ (હવે) જુદા પડી ગયા તોપણ લાખ-સવા લાખની એક-એકને પેદાશ ખરી. બાર-તેર લાખ રૂપિયા એક-એકને (ભાગે) આવ્યા. ચાલીસ લાખ રૂપિયા (હતા) ! ધૂડમાં કાંઈ ન મળે, ચાલીસ લાખ (હોય) કે ચાલીસ કરોડ (હોય) ! આહા..હા...! પ્રભુ ! તેમાં તું વર્તતો નથી અને તે તારામાં વર્તતા નથી.

અહીં તો પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના પરિણામ તારામાં વર્તતા નથી એમ કહે છે ! આહા..હા...! તારામાં તો ચૈતન્યસ્વભાવ વર્તે છે. આ..હા...! પ્રભુ ! તું ચેતન છો ને ! તો ચૈતન્યનો ચૈતન્યસ્વભાવ ચૈતન્યમાં વર્તે છે. આ..હા..હા...! એકવાર તો ડુલાવી નાખે એવું છે, હલાવી નાખે !! આ..હા..હા...! લ્યો, પોણો કલાક થયો. ચાર લીટીમાં ઘણું ભર્યું છે ! ઘણું ભર્યું છે !! ઓ..હો..હો...! ગજબ વાત કરી !

શ્રોતા :– આગળ જવું ગમતું નથી !

પૂજ્ય ગુરુદેવશ્રી :– નીકળવું ગોઠતું (નથી) ! 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ' ચાર લીટીમાં તો... આહા..હા...! અરે..રે...! સાંભળવા મળે નહિ અને દુનિયાની પ્રપંચની જાળમાં આખો 'દી પાપમાં. આ..હા...! ધંધામાં આખો 'દી પાપ, બાયડી, છોકરાને સાચવવામાં પાપ, એને પોષવામાં અને ભણાવવામાં પૈસા દેવા એનું પાપ... બધું પાપ !

શ્રોતા :– આ બધું પાપ જ કર્યું ?

સમાધાન :– કર્યું છે, બીજું શું કર્યું છે ? (હજારો) રૂપિયા ખર્ચીની (દીકરાને) ભણાવે. પાપ કરીને કમાવેલા અને પાપ કરીને ભણાવ્યા. (હજારોનો પગાર હોય) એમાં શું થયું ધૂડમાં ? મહિનાના લાખો રૂપિયાના પગાર હોય તોપણ એ તારામાં ક્યાં છે ? બાપુ ! એ તો એના અચેતનસ્વભાવથી એના દ્રવ્યમાં વર્તે છે. આહા..હા...! એ અચેતનસ્વભાવ એના દ્રવ્યમાં ધ્રુવપણે વર્તે છે. તારો ચેતનસ્વભાવ તારામાં ધ્રુવપણે વર્તે છે. આહા..હા...! આવું છે. નવા માણસને તો એવું લાગે કે આ શું હશે ? આવો જૈનધર્મ હશે ?

શ્રોતા :– ધ્રવત્વ એટલે (શું) ?

સમાધાન :– ધ્રુવત્વ એટલે ત્રિકાળી. નિત્ય... નિત્ય. ધ્રુવ એટલે નિત્ય. એમ સમજવું. નિત્ય છે ને વસ્તુ ? નિત્ય છે ને ? આત્મા છે એ નિત્ય છે, ત્રિકાળ છે. નિત્ય કહો કે ધ્રુવ કહો. ધ્રુવ એટલે એકરૂપ રહેનારું ત્રિકાળ નિત્ય. આહા..હા...! ઠીક કર્યો પ્રશ્ન.

જૈનદર્શનની શૈલી 'ઉત્પાદ્-વ્યય-ધ્રુવ યુક્તં સત્' આ પહેલી એકડાના મીંડાની વાતું છે. બીજું મીંડું હોય એ ગોળ હોય અને એકડાનું મીંડું હોય ઇ આમ જરી મીંડું કરી આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાંબું કરી એક કરાય. આ તો હજી એકડાના મીંડા – દ્રવ્ય, ગુણ અને પર્યાયની પણ ખબરું ન મળે. આહા..હા...!

આ પરમાણુ છે ને ? આ તો પરમાણુની – માટીની અવસ્થા છે પણ એનો પરમાણુ છે એ તો ધ્રુવ નિત્ય છે. પરમાણુ જે છે – મૂળ Point, આ તો ઘણાં પરમાણુનો પિંડ છે, એના ટૂકડા કરતાં... કરતાં... કરતાં... છેલ્લો Point રહે એને પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાણુ કહે છે. એ પરમાણુ પણ ધ્રુવ નિત્ય જ છે. એની પર્યાય પલટે છે. આ અત્યારે લોહીની પર્યાય છે, પહેલી લોટની હતી, (એની) પહેલાં ઘઉંની હતી, એના પહેલાં ધૂડની – ઢેફાની હતી, એ પર્યાય પલટતા... પલટતા અત્યારે આ લોહીની થઈ છે. પરમાણુ અંદર કાયમ છે, અવસ્થા પલટે છે. એમ પ્રભુ પણ નિત્ય છે, ધ્રુવ છે. એની અવસ્થાઓ પલટે છે. જે પુણ્ય-પાપને ધર્મ માનનારા (છે) એની મિથ્યાત્વ અવસ્થા છે અને એ મારો ચૈતન્યસ્વભાવ મારામાં વર્તે છે એવો હું આત્મા ધ્રુવ છું એ સમ્યગ્દર્શનની પર્યાય છે. આહા..હા...! ત્રણે આવી ગયું – દ્રવ્ય, ગુણ અને પર્યાય. એટલે ચૈતન્યસ્વભાવ છે તે ગુણ છે, એને ધરતું દ્રવ્ય–વસ્તુ તે દ્રવ્ય છે અને તેની માન્યતા થવી તે સમ્યગ્દર્શનની પર્યાય છે. આહા..હા...!

હવે, એની સામે (કહે છે) '**એ રીતે પૃથક્પણે વર્તતાં...**' જુઓ, અહીં ! મારા સિવાય પૃથક્પણે વર્તતાં – જુદાંપણે વર્તતાં. પૃથક્ એટલે જુદાં. જુદાંપણે વર્તતાં (કહ્યું) પણ જુદાંપણે વર્તતાં (પણ) એ ચીજ છે. એકલો આત્મા જ છે અને બીજા આત્માઓ અને બીજા રજકણો નથી એમ નહિ. વેદાંત કહે છે – એક જ સર્વવ્યાપક આત્મા છે. (એ વાત) તદ્દન મિથ્યાત્વ છે. આહા..હા...! '**એ રીતે પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણો વડે...**' એ પૃથક્ મારાથી જુદાં વર્તતાં પણ એના સ્વલક્ષણો વડે (વર્તતાં). એના – પરદ્રવ્યના જે લક્ષણો છે (એ) '**(સ્વલક્ષણો) અન્ય દ્રવ્યને છોડીને તે જ દ્રવ્યમાં વર્તે છે...**' મારાથી પૃથક્ વર્તતાં દ્રવ્યો – વસ્તુઓ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, આકાશ વગેરે. એના સ્વલક્ષણો વડે '**અન્ય દ્રવ્યને છોડીને તે જ દ્રવ્યમાં વર્તે છે...**' આહા..હા...!

'**તેમના વડે–આકાશને...**' આકાશ છે એમાં અવગાહન ગુણ વર્તે છે. એને હું પર તરીકે જાણું છું એમ કહે છે. આહા..હા...! '**ધર્મને...**' ધર્મ એટલે ધર્માસ્તિકાય. ભગવાને જોયેલો એક પદાર્થ છે. ભગવાન જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય ! એની પણ ખબરું ન મળે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્યા કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ એમ ભગવાન પરમાત્માએ કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. એ અહીં કહે છે. એ આકાશ છે તે હું નહિ. એના લક્ષણ વડે કરીને એના દ્રવ્યને છોડીને બીજે ક્યાંય એનું લક્ષણ રહેતું નથી. આકાશનું લક્ષણ એના દ્રવ્યને છોડીને મારામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહેતું નથી, બીજામાં રહેતું નથી. એનામાં રહે છે. એવા આકાશને (હું પર તરીકે જાણું છું).

ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે. જડ, ચૈતન્ય ગતિ કરે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે. ભગવાન સર્વજ્ઞદેવે પરમેશ્વર જિનેશ્વરદેવે છ દ્રવ્ય જોયા એમાં ધર્માસ્તિકાય (એક) દ્રવ્ય છે. એ એના સ્વલક્ષણને ધરતું (અને) મારાંથી પૃથક્ વર્તતું, એને હું ધર્મ (–ધર્માસ્તિકાય) તરીકે જાણું છું.

'**અધર્મને...**' એક અધર્મ દ્રવ્ય છે એટલે અધર્માસ્તિકાય. જડ, ચૈતન્ય ગતિ કરીને સ્થિર રહે તો નિમિત્ત થાય છે. પાણીમાં જેમ ગતિ કરતું માછલું. ગતિ કરતું માછલું (હોય) એમ ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે. અને જેમ ઝાડ નીચે કોઈ માણસ વિસામો લે. એમ ગતિ થઈને આત્મા કે પરમાણુ સ્થિર રહે એમાં નિમિત્ત તરીકે એક અધર્માસ્તિકાયનું તત્ત્વ છે. ભગવાને જોયેલું અરૂપી (દ્રવ્ય છે). એ અધર્મને હું પર તરીકે જોઉં છું.

'**કાળને...**' પણ હું પર તરીકે જોઉં છું. '**પુદ્‌ગલને...**' પરમાણુથી માંડીને લક્ષ્મીને, શરીરને, વાણીને, કર્મને, બંગલાને, હજીરાને, પૈસાને એ બધાને હું મારાથી ભિન્ન જાણું છું. આહા..હા...! આ તો હજી સમ્યગ્દર્શનની વાત છે. આ..હા...!

'**અને આત્માંતરને...**' (અર્થાત્) મારા આત્મા સિવાય પંચ પરમેષ્ઠી છે, સ્ત્રીનો આત્મા છે, દીકરાનો આત્મા છે, અનંતા નિગોદના જીવો છે – લીલ, ફુગ, લસણ આદિના. એ બધા આત્માઓ મારા આત્માથી અનેરા છે. એ અનેરાપણે વર્તે છે એને હું મારાપણે જાણતો નથી. એને પર તરીકે હું જાણું છું. આહા..હા...! પંચ પરમેષ્ઠીને પણ મારા આત્માની અપેક્ષાએ મારામાં એ વર્તતાં નથી માટે પર તરીકે જાણું છું. આ..હા..હા..હા...! '**આત્માંતરને...**' કીધું ને ? (એટલે) '**(–અન્ય આત્માને)...**' અન્ય આત્મા એટલે પછી ભલે સિદ્ધનો હોય, અરિહંતનો હોય. મહાવિદેહમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે 'સીમંધર સ્વામી' પરમાત્મા. મહાવિદેહમાં વીસ વિહરમાન તીર્થંકર મનુષ્યદેહે બિરાજે છે. પણ એ આત્મા અનેરા (છે). મારા આત્માથી અનેરો છે. મારામાં ઇ વર્તતાં નથી. આ..હા...! એ મારામાં આવતા નથી અને એનામાં હું વર્તતો નથી. આહા..હા...! તેમ તેની વાણી જે છે એમાં હું વર્તતો નથી – વાણીમાં હું વર્તતો નથી અને વાણી મારામાં વર્તતી નથી. આહા..હા...! કેટલું આમાં યાદ રાખવું ? એક કલાક(માં) બધું નવું-નવું લાગે.

અરે..રે...! એણે શું કર્યું છે ? બાપુ ! કર્યું શું ? અજ્ઞાનની મજૂરી કરી-કરી માણસ મરી જાય છે. અજ્ઞાનની મજૂરી ! આ કોણ છે પ્રભુ ? હું કોણ અને આ પર શું છે ? પર તેના સ્વલક્ષણે પર(પણે) વર્તે છે. એ મારે લક્ષણે અને મારા કારણે વર્તે છે એમ નહિ અને એ મારામાં વર્તે છે એમ નહિ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'**(–અન્ય આત્માને) સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં...**' જોયું ? મારાથી ભિન્ન બધા જડ અને ચૈતન્યો સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં નિત્ય છે. '**દ્રવ્યો તરીકે નક્કી કરું છું...**' એ દ્રવ્ય છે એમ નક્કી (કરું છું). ધ્રુવ ટકતા તત્ત્વો છે એમ હું નક્કી કરું છું. આ..હા..હા...! આ વીતરાગ જિનાગમના છ દ્રવ્યોનું વર્ણન !

વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિ આવી – ૐધ્વનિ. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાંથી આ વાણી આવી છે. આ..હા...! 'કુંદકુંદાચાર્ય' સંવત–૪૯, બે હજાર વર્ષ (પહેલાં) થયા. (તેઓ) ત્યાં ગયા હતા, ભગવાન પાસે ગયા હતા. આ 'કુંદકુંદાચાર્ય' વચમાં છે એ ત્યાં ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ રચાણું છે. ત્રણલોકના નાથ 'સીમંધરસ્વામી' પરમાત્મા અત્યારે બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. આહા..હા...! ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો રચ્યા. આહા..હા...! ભગવાનનો સંદેશ આ છે. બાપુ ! કોઈ માણસ બહાર જાય ત્યારે (કાંઈક) લઈને આવે ને ? (એમ પૂછે કે) બાપુ ! અમારે માટે શું લઈને આવ્યા ? બાયડી કહે, મારી માટે શું લઈને આવ્યા ? છોકરો કહે, મારે માટે શું લઈને આવ્યા ? બાપુ ! તમે 'મુંબઈ' ગયા હતા તો કંઈ લઈને આવ્યા છો ? એમ આ પ્રભુ પાસે ગયા હતા તો પ્રભુ ! તમે શું લઈને આવ્યા ? લઈને આ આવ્યા !! આહા..હા...!

ત્રણેકાળે ટકતાં – ધ્રુવત્વ ધરતાં – ધ્રુવપણું નિત્ય '**દ્રવ્યો તરીકે નક્કી કરું છું...**' આહા..હા...! જુઓ ! પરદ્રવ્ય છે એમ નક્કી કર્યું છે. કારણ કે આત્માનો ચૈતન્યસ્વભાવ સ્વપર પ્રકાશક છે અને એ ચૈતન્યસ્વભાવ આત્મામાં વર્તે છે. આહા..હા...! માટે ભગવાન પણ સ્વપર પ્રકાશક છે. પરને પોતાનું માનવું એવું નથી પણ પરને (અને) સ્વને સ્વતઃ જાણે એવો એનો સ્વભાવ છે. આહા..હા...! પરમેષ્ઠી પરમાત્મા અરિહંત અને સિદ્ધ પણ પર છે. આ..હા...! એને પર તરીકે હું જાણું છું. એ ત્રિકાળ ટકતા છે એ પણ હું પર તરીકે જાણું છું, મારાં તરીકે નહિ. આહા..હા...! પંચ પરમેષ્ઠી મારાં તરીકે નહિ તો પછી આ બાયડી, છોકરા ક્યાંથી આવ્યા એના ? આહા..હા...! 'બાવળને બાથ ભીડી છે.'

'**(અર્થાત્ જેમ ચૈતન્યલક્ષણ વડે આત્માને ધ્રુવ દ્રવ્ય તરીકે જાણ્યો, તેમ અવગાહહેતુત્વ,...)**' આકાશ. અવગાહનહેતુત્વ એવો આકાશનો ગુણ – લક્ષણ છે. એ વડે મેં નિત્ય આકાશને નક્કી કર્યું. '**(ગતિહેતુત્વ...)**' (એટલે) ધર્માસ્તિકાય. અધર્માસ્તિકાય સ્થિરનો હેતુ, કાળ વર્તના સ્વભાવ. પર આત્માઓનો ચૈતન્ય લક્ષણને ધરતા બધાના સ્વભાવ. '**(વગેરે લક્ષણો કે જેઓ સ્વલક્ષ્યભૂત દ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યોમાં વર્તતાં નથી...)**' એ સ્વલક્ષણ છે તેમાં એ દ્રવ્ય વર્તે છે. સ્વલક્ષણ એના દ્રવ્યમાં વર્તે છે. એ '**(સિવાય અન્ય દ્રવ્યોમાં વર્તતાં નથી તેમના વડે આકાશ, ધર્માસ્તિકાય...)**' અધર્માસ્તિકાય અને અન્ય આત્માઓ. '**(ધ્રુવ દ્રવ્યો તરીકે જાણું છું).**' આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'માટે હું આકાશ નથી,...'** આ આકાશ નામનો પદાર્થ છે, અવગાહન ગુણના લક્ષણે ભરેલો ધ્રુવ તરીકે ત્રિકાળ છે, એ હું આકાશ નથી. આહા..હા...! હું ધર્માસ્તિકાય નથી. **'ધર્મ નથી, આકાશ નથી, કાળ નથી, પુદ્ગલ નથી અને આત્માંતર નથી;...'** આ આત્માથી અનેરા આત્મા તે હું નથી. પરમેષ્ઠી પણ તે હું નથી. આહા..હા...! આવી વાતું !

જિંદગી હાલી જાય છે. આ..હા...! સત્ પંથ પરમાત્મા ત્રિલોકનાથ ! એનું સત્ય જે છે એ સાંભળવા મળે નહિ તો નિર્ણય કે'દી કરે ? આહા..હા...! બહારમાં પાંચ-પચીસ લાખ ભેગા થાય તો જાણે કમાણા અમે ! બાહુબળે કમાણા, બાપા પાસે નહોતું. આહા..હા...! 'ઉદ્યોગપતિ' એમ કહે છે. 'ગોવા'ના (એક ભાઈ પાસે) બે અબજ ચાલીસ કરોડ ! બે અબજ ચાલીસ કરોડ ! ગુજરી ગયો, હમણાં પોણા બે વર્ષ પહેલાં. પાંચ મિનિટમાં ફડાક દઈને ! બૈરાંને હેમરેજ થયેલું. ત્યાં 'ગોવા'માં સાઠ લાખના મકાન છે. એક ચાલીસ લાખનું, દસ-દસ લાખના બે. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા ! 'પાણાસણા'ના દસાશ્રીમાળી વાણિયા (છે). બાયડીને હેમરેજ થયું હતું એટલે ત્યાં આવ્યો હતો. બે-ચાર દિ' પછી રાતે ઊઠ્યો અને કહે, 'મને દુઃખે છે.' બસ, 'દાક્તરને બોલાવો !' દાક્તર આવે ત્યાં તો... જા..ઓ રખડવા... ઢોરમાં ને પશુમાં ! અર..ર..ર...! આહા..હા...! મમતા... મમતા... મમતા... મમતા... મારું... મારું... મારું... મારું... એનો છોકરો હમણાં 'મુંબઈ' દર્શન કરવા આવ્યો હતો. એમ કહેતો હતો કે, 'મારા બાપને આપની પાસે આવવું હતું પણ વખત મળ્યો નહિ.' આ..હા...! પૈસા અને ધૂડનું કાંઈક કમાવામાં રોકાઈ જાય એમાં બે અબજ ચાલીસ કરોડ રૂપિયા ! દસાશ્રીમાળી વાણિયો ! બસો ચાલીસ કરોડ ! રાડ નાખે ને ! મરી ગયો ઢોરની જેમ ! 'મને દુઃખે છે... મને દુઃખે છે, દાક્તરને બોલાવો.' દાક્તર આવે ત્યાં તો ભાઈસાહેબ... જા..ઓ..! રખડવા ચાર ગતિમાં...!

અહીં કહે છે... આહા..હા...! **'માટે હું આકાશ નથી, ધર્મ નથી, અધર્મ નથી, કાળ નથી, પુદ્ગલ નથી અને આત્માંતર નથી; કારણ કે એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીવાના પ્રકાશોની માફક...'** એક ઓરડામાં હજાર દીવા હોય એમાં એક દીવાને બહાર લઈ જાય તો ત્યાં પ્રકાશ ઘટી જાય ? એક દીવાને બહાર લઈ જાય.. અહીં તો બુઝાય લખ્યું છે પણ એક દીવાને બહાર લઈ જાય તો ત્યાં પ્રકાશ ઓછો થાય ? એટલો જ ઓછો થયો, એનો જ પ્રકાશ ત્યાં ગયો. પણ અહીં તો પ્રકાશ જેટલા છે એટલા જ છે. એમ આ અનંતા આત્માઓ ચૈતન્યના પ્રકાશથી ભરેલા ભગવાન (તેમાંથી) એક જ આત્મા પોતે મોક્ષમાં જાય એટલે બીજા આત્માઓ મોક્ષ જાય એમ છે ? આહા..હા...! દરેક આત્માઓ ભિન્ન-ભિન્ન છે. કોઈ આત્માને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીવાના પ્રકાશોની માફક આ દ્રવ્યો એકઠાં થઈને રહેલાં હોવા છતાં મારું ચૈતન્ય (નિજ) સ્વરૂપથી અચ્યુત જ રહ્યું થકું...'** આ..હા..હા...! મારું ચૈતન્યસ્વરૂપ એનાથી હું અચ્યુત (રહ્યો છું. અર્થાત્) ખસ્યો નથી, નાશ થતો નથી. એ '**મને પૃથક્ જણાવે છે.**' મારું ચૈતન્યસ્વરૂપ પરથી મને પૃથક્ જણાવે છે – પરથી મને જુદો જણાવે છે. આ..હા..હા...! વિશેષ આવશે...

**ભાઈ ! આ તો દુનિયા, જગત સામે બળવો છે. જેને સુખ જોઈતું હોય તેણે સાચો નિર્ણય કરવો પડશે. આમ સર્વ પ્રકારે પોતાને દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપનો નિશ્ચય થયો હોય તો પ્રતિપક્ષીને સમજાવવાનું બળ રહે તથા પોતાની આસ્તિક્ય બુદ્ધિ ટકી રહે. પ્રસંગ આવ્યે ડામાડોળ ન થઈ જાય માટે બધા પડખે સાચો નિર્ણય કરવો જોઈએ. પણ પક્ષપાતી થઈ દેવાદિની ભક્તિ-પૂજાદિ કરે તો તેથી કાંઈ મિથ્યાત્વ ટળે નહિ.** **(પરમાગમસાર–૭૨૭)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ जिनोदितार्थश्रद्धानमन्तरेण धर्मलाभो न भवतीति प्रतर्कयति -

**सत्तासंबद्धेदे सविसेसे जो हि णेव सामण्णे।**
**सद्दहदि ण सो समणो तत्तो धम्मो ण संभवदि ।।९१।।**

**सत्तासंबद्धानेतान् सविशेषान् यो हि नैव श्रामण्ये।**
**श्रद्दधाति न स श्रमणः ततो धर्मो न संभवति ।।९१।।**

यो हि नामैतानि सादृश्यास्तित्वेन सामान्यमनुव्रजन्त्यपि स्वरूपास्तित्वेनाश्लिष्टविशेषाणि द्रव्याणि स्वपरावच्छेदेनापरिच्छिन्दन्नश्रद्दधानो वा एवमेव श्रामण्येनात्मानं दमयति स खलु न नाम श्रमणः। यतस्ततोऽपरिच्छिन्नरेणुकनककणिकाविशेषाद्धूलिधावकात्कनकलाभ इव निरुपरागात्मतत्त्वोपलम्भलक्षणो धर्मोपलम्भो न संभूतिमनुभवति ।।९१।।

अथ `उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती' इति प्रतिज्ञाय `चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो' इति साम्यस्य धर्मत्व निश्चित्य `परिणमदि जेण दव्वं तक्कालं तम्मय त्ति पण्णत्तं तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो' इति यदात्मनो धर्मत्वमासूत्रयितुमुपक्रान्तं, यत्प्रसिद्धये च `धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो पावदि णिव्वाणसुहं' इति निर्वाणसुखसाधनशुद्धोपयोगोऽधिकर्तुमारब्धः, शुभाशुभोपयोगौ च विरोधिनौ निर्ध्वस्तौ, शुद्धोपयोगस्वरूपं चोपवर्णितं, तत्प्रसादजौ चात्मनो ज्ञानानन्दौ सहजौ समुद्योतयता संवेदनस्वरूपं सुखस्वरूपं च प्रपञ्चितम्। तदधुना कथं कथमपि शुद्धोपयोगप्रसादेन प्रसाध्य परमनिस्पृहामात्मतृप्तां पारमेश्वरीप्रवृत्तिमभ्युपगतः कृतकृत्यतामवाप्य नितान्तमनाकुलो भूत्वा प्रलीनभेदवासनोन्मेषः स्वयं साक्षाद्धर्म एवास्मीत्यवतिष्ठते -

---

एवं स्वपरपरिज्ञानविषये मूढत्वनिरासार्थं गाथाद्वयेन चतुर्थज्ञानकण्डिका गता। इति पञ्चविंशतिगाथाभिर्ज्ञानकण्डिकाचतुष्टयाभिधानो द्वितीयोऽधिकारः समाप्तः। अथ निर्दोषिपरमात्मप्रणीतपदार्थश्रद्धानमन्तरेण श्रमणो न भवति, तस्माच्छुद्धोपयोगलक्षणधर्मोऽपि न संभवतीति निश्चिनोति - **सत्तासंबद्धे** महासत्तासंबन्धेन सहितान् **एदे** एतान् पूर्वोक्तशुद्धजीवादिपदार्थान्। पुनरपि किंविशिष्टान्। **सविसेसे** विशेषसत्तावान्तरसत्ता स्वकीयस्वकीयस्वरूपसत्ता तया सहितान् **जो हि णेव सामण्णे सद्दहदि** यः कर्ता द्रव्यश्रामण्ये स्थितोऽपि न श्रद्धत्त हि स्फुटं **ण सो समणो** निजशुद्धात्मरुचिरूपनिश्चयसम्यक्त्वपूर्वकपरमसामायिकसंयमलक्षणश्रामण्याभावत्स श्रमणो न भवति। इत्थंभूतभावश्रामण्याभावात् **ततो धम्मो ण संभवदि** तस्मात्पूर्वोक्तद्रव्य-श्रमणात्सकाशान्निरुपरागशुद्धात्मानुभूतिलक्षणधर्मोऽपि न संभवतीति सूत्रार्थः ।।९१।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે, જિનોદિત અર્થોના શ્રદ્ધાન વિના ધર્મલાભ થતો નથી (અર્થાત્ જિનદેવે કહેલા પદાર્થોની શ્રદ્ધા કર્યા વિના શુદ્ધાત્મ–અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ થતી નથી) એમ ન્યાયપૂર્વક વિચારે છે :–

**શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી**
**શ્રદ્ધા નહિ, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧.**

**અન્વયાર્થ :–** **[यः हि]** જે (જીવ) **[श्रामण्ये]** શ્રમણપણામાં **[एतान् सत्तासंबद्धान् सविशेषान्]** આ સત્તાસંયુક્ત સવિશેષ પદાર્થોને **[न एव श्रद्दधाति]** શ્રદ્ધતો નથી, **[सः]** તે **[श्रमणः न]** શ્રમણ નથી; **[ततः धर्मः न संभवति]** તેનામાંથી ધર્મ ઉદ્ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી).

**ટીકા :–** જે (જીવ) આ દ્રવ્યોને – કે જે (દ્રવ્યો) સાદૃશ્ય-અસ્તિત્વ વડે સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ-અસ્તિત્વ વડે વિશેષ સહિત છે તેમને–સ્વ-પરના અવચ્છેદપૂર્વક નહિ જાણતો અને નહિ શ્રદ્ધતો થકો, એમ ને એમ જ (જ્ઞાન-શ્રદ્ધા વિના) શ્રામણ્ય વડે (દ્રવ્યમુનિપણા વડે) આત્માને દમે છે, તે ખરેખર શ્રમણ નથી; જેથી જેમ ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી સુવર્ણલાભ ઉદ્ભવતો નથી તેમ તેનામાંથી (–શ્રમણાભાસમાંથી), નિરુપરાગ આત્મતત્ત્વની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો ધર્મલાભ ઉદ્ભવતો નથી.

**ભાવાર્થ :–** જે જીવ દ્રવ્યમુનિપણું પાળતો હોવા છતાં સ્વ-પરના ભેદ સહિત પદાર્થોને શ્રદ્ધતો નથી, તે જીવ નિશ્ચય-સમ્યક્ત્વપૂર્વક પરમસામાયિકસંયમરૂપ મુનિપણાના અભાવને લીધે મુનિ નથી; તેથી, જેમ જેને ધૂળ અને સુવર્ણના કણનો વિવેક નથી એવા ધૂળધોયાને, ગમે તેટલી મહેનત કરવા છતાં, સુવર્ણની પ્રાપ્તિ થતી નથી, તેમ જેને સ્વ અને પરનો વિવેક નથી એવા તે દ્રવ્યમુનિને, ગમે તેટલું દ્રવ્યમુનિત્વની ક્રિયાઓનું કષ્ટ ઉઠાવવા છતાં, ધર્મની પ્રાપ્તિ થતી નથી. ૯૧.

**[उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती]** એમ (પાંચમી ગાથામાં) પ્રતિજ્ઞા કરીને, **[चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो]** એમ (૭મી ગાથામાં) સામ્યનું ધર્મપણું નક્કી કરીને, **[परिणमदि जेण दव्वं तक्कालं तम्मयं ति पण्णत्तं तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो]** એમ (૮મી ગાથામાં) જે આત્માનું ધર્મપણું કહેવાનું શરૂ કર્યું, અને જેની સિદ્ધિ માટે **[धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो पावदि णिव्वाणसुहं]** એમ (૧૧મી ગાથામાં) નિર્વાણસુખના સાધનભૂત શુદ્ધોપયોગનો અધિકાર આરંભ્યો, વિરોધી શુભાશુભ ઉપયોગને નષ્ટ કર્યા (–હેય બતાવ્યા), શુદ્ધોપયોગનું સ્વરૂપ વર્ણવ્યું, શુદ્ધોપયોગના પ્રસાદથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઊપજતાં એવાં આત્માનાં સહજ જ્ઞાન ને આનંદને સમજાવતાં જ્ઞાનના સ્વરૂપનો ને સુખના સ્વરૂપનો વિસ્તાર કર્યો, તે (- આત્માનું ધર્મત્વ) હવે ગમે તેમ કરીને પણ શુદ્ધોપયોગના પ્રસાદ વડે સિદ્ધ કરીને, પરમ નિસ્પૃહ, આત્મતૃપ્ત (એવી) પારમેશ્વરી પ્રવૃત્તિને પામ્યા થકા, કૃતકૃત્યતાને પામી અત્યંત અનાકુળ થઈને, જેમને ભેદવાસનાની પ્રગટતાનો પ્રલય થયો છે એવા થયા થકા, (આચાર્યભગવાન) 'હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું' એમ રહે છે (–એવા ભાવમાં નિશ્ચળ ટકે છે) :–

ગાથા–૯૦,૯૧,૯૨
પ્રવચન નં. – ૮૪
તા. ૨૫-૦૫-૭૯

('પ્રવચનસાર') ૯૦મી ગાથાનો ભાવાર્થ. બે લીટી બાકી છે ને ?

**ભાવાર્થ** :– '**સ્વ-પરના વિવેકથી...**' આત્મા અને પરના ભેદજ્ઞાનથી '**મોહનો નાશ કરી શકાય છે.**' એ બધું માથે (–ટીકામાં) આવ્યું કે, આ ચૈતન્યસ્વભાવ જે જ્ઞાયક છે એને દ્રવ્યની સાથે સંબંધ છે, એ દ્રવ્યથી સંયુક્ત છે. ચૈતન્યસ્વભાવ – જ્ઞાયકભાવને દ્રવ્ય સાથે સંબંધ છે એમ પર્યાય નિર્ણય કરે (છે). ત્રણે આવી ગયું – દ્રવ્ય, ગુણ અને પર્યાય.

જે જ્ઞાયક ચૈતન્ય રસ ચૈતન્યસ્વભાવી છે એ ધ્રુવ (છે) એનો સંબંધ આત્માને આધારે છે. આત્માને એની સાથે સંબંધ છે. એ કહેશે. એમ જેને પરથી ભિન્ન નિર્ણય થયો એને સમ્યગ્દર્શન અને શુદ્ધ ઉપયોગ થયો. આહા..હા...! જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ધ્રુવ (છે) તે દ્રવ્યના સંબંધવાળો, તે દ્રવ્ય ધ્રુવપણાને ધારણ કરતું, એવો જેને અંતરમાં પરથી અને રાગથી પણ ભિન્ન પડી જ્ઞાયકભાવ ધ્રુવ છે તેનો અનુભવ થયો તેનું નામ અહીંયાં સમ્યગ્દર્શન અને (સમ્યક્) જ્ઞાન કહેવાય છે. તે મોહનો નાશ કરી શકે છે. આ..હા...! આવી વાતું છે ! ક્રિયા કરવી – વ્રત કરવા ને તપ કરવા ને ભક્તિ કરવી ઇ તો કાંઈ આવ્યું નહિ. ઇ આવ્યું (પણ) એનાથી ભિન્ન (છે એમ આવ્યું) ! એનું પણ અસ્તિત્વ છે. જેમ પરદ્રવ્યનું અસ્તિત્વ છે એમ એ વ્યવહારનું અસ્તિત્વ છે. પણ તેના વર્તમાનમાં – પર્યાયમાં શુદ્ધભાવમાં જ્ઞાયકભાવને દ્રવ્ય સાથે સંબંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એમ અભેદ દૃષ્ટિ થતાં (તે) વ્યવહારથી ભિન્ન પડી જાય છે. પરથી પણ એ ભિન્ન પડી જાય છે. આવી વસ્તુ છે. તેના મોહનો નાશ કરી શકાય છે.

**'તે સ્વ-પરનો વિવેક, જિનાગમદ્વારા સ્વ-પરનાં લક્ષણો...'** જિનાગમ દ્વારા સ્વ-પરનાં લક્ષણો. આગમનો અર્થ પછી કહેશે. એ આગમનો અર્થ એવો કરશે – સ્વસંવેદન. આગમ કૌશલ્યથી મોહની ગાંઠ હણી છે. આગમ કૌશલ્યથી (કહ્યું) એ આગમ એટલે સ્વસંવેદન. આગમનું જ્ઞાન એટલે સ્વસંવેદન. આહા..હા...! રાગથી પણ ભિન્ન પડી પોતાનો શુદ્ધભાવ, વર્તમાન ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્ય સાથે સંબંધ (ધરે છે) એવી અભેદદૃષ્ટિ થઈ તેનો મોહ–મિથ્યાત્વ નાશ થાય છે. આ..હા...! **'તે સ્વ-પરનો વિવેક જિનાગમદ્વારા...'** સ્વ-પરનાં લક્ષણો દ્વારા. સ્વનું લક્ષણ જ્ઞાયક (છે) તેના દ્વારા સ્વને સંબંધ કરે અને પરનું લક્ષણ રાગાદિ બંધનું – પરનું લક્ષણ ભિન્ન (છે એમ નક્કી કરે). આ..હા...! **'સ્વ-પરનાં લક્ષણો યથાર્થપણે ઓળખવાથી કરી શકાય છે.'** એ ૯૦ ગાથા કીધી. (હવે) ૯૧.

**'હવે, જિનોદિત અર્થોના...'** ભગવાન જિનેશ્વરદેવે ઉદિત નામ કહેલા પદાર્થોના **'શ્રદ્ધાન વિના...'** સર્વજ્ઞ ભગવાને કહેલા પદાર્થોના શ્રદ્ધાન વિના એટલે સ્વરૂપ ચિદાનંદ શુદ્ધ (છે) તેના સમકિત વિના. આહા..હા...! **'ધર્મલાભ થતો નથી...'** એટલે શુદ્ધ ઉપયોગનો, આનંદનો લાભ થતો નથી. આહા..હા...! **'જિનોદિત અર્થોના શ્રદ્ધાન વિના...'** સર્વજ્ઞ પરમેશ્વરે કહેલાં તત્ત્વો જે છે (અર્થાત્) જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે, પુણ્ય-પાપ ભિન્ન છે, અજીવ ભિન્ન છે. એ સ્વ-પરનાં ભિન્નતાના – જિને કહેલાં એવાં પદાર્થોના શ્રદ્ધાન વિના એટલે કે અંતર સન્મુખ સમકિત (થયા) વિના એને ધર્મલાભ (અર્થાત્) શુદ્ધ ઉપયોગ અને આનંદનો લાભ થતો નથી. તેથી તેને સાચું સાધુપણું આવતું નથી. આ..હા..હા...!

**'(અર્થાત્ જિનદેવે કહેલા પદાર્થોની શ્રદ્ધા કર્યા વિના...)'** શ્રદ્ધા શબ્દે અનુભવ, હોં ! આહા..હા...! **'(શુદ્ધાત્મ–અનુભવરૂપ...)'** ધર્મલાભ થતો નથી એનો અર્થ કર્યો. **'(શુદ્ધાત્મ–અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ થતી નથી) એમ ન્યાયપૂર્વક વિચારે છે :–'** 'વિચારે છે' એમ કહે છે, શાસ્ત્ર એમ બોલે. એને ક્યાં વિચારવું છે ? મુનિ પોતે તો ભાવલિંગમાં તત્પર છે. પણ બીજાને સાથે સમજાવવા (કહે છે કે), આપણે વિચારીએ કે તત્ત્વ શું છે ? ૯૧ (ગાથા).

**सत्तासंबद्धेदे सविसेसे जो हि णेव सामण्णे।**
**सद्दहदि ण सो समणो तत्तो धम्मो ण संभवदि ।।९१।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી**
**શ્રદ્ધા નહિ, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧.**

'જ્ઞાન અધિકાર'ની આ છેલ્લી બે ગાથાઓ છે – ૯૧ અને ૯૨. 'જ્ઞાન અધિકાર' પૂરો થાય છે. પછી 'જ્ઞેય અધિકાર' – સમકિતનો અધિકાર લેશે.

**ટીકા :– 'જે (જીવ) આ દ્રવ્યોને...**' (એટલે) પદાર્થોને. '**કે જે (દ્રવ્યો) સાદૃશ્ય-અસ્તિત્વ વડે...**' (અર્થાત્) 'છે' એવા અસ્તિત્વ વડે. બધા એક સરખા '**સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ-અસ્તિત્વ વડે વિશેષ સહિત છે...**' 'છે' એ અપેક્ષાએ તો બધા તત્ત્વો છે. આ..હા...! 'સાદૃશ્ય અસ્તિત્વ'(નો અર્થ નીચે છે). 'અસ્તિત્વ બે પ્રકારે છે : સાદૃશ્ય-અસ્તિત્વ અને સ્વરૂપ-અસ્તિત્વ. સાદૃશ્ય-અસ્તિત્વની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં સમાનપણું છે અને સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં વિશેષપણું છે.' ભિન્ન છે. આહા..હા...!

'**સાદૃશ્ય-અસ્તિત્વ વડે સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ-અસ્તિત્વ વડે વિશેષ સહિત છે...**' ભગવાનઆત્મા પોતાના સ્વરૂપના વિશેષથી પરથી તદ્દન ભિન્ન છે. '**તેમને–સ્વ-પરના અવચ્છેદપૂર્વક નહિ જાણતો...**' આહા..હા...! (સ્વ-પરના અવચ્છેદપૂર્વક) = સ્વ-પરના વિભાગપૂર્વક. પરદ્રવ્યનું કાંઈ કરી શકું છું, પરદ્રવ્ય છે, તેનું અસ્તિત્વ છે અને તેની તે પર્યાય પણ તેના અસ્તિત્વમાં છે છતાં હું પરનું – પર્યાયનું કાંઈ કરી દઉં (એવું માનતો થકો) સર્વ દ્રવ્યોમાં વિવેકપૂર્વક સ્વ-પરને જુદાં પાડ્યા વિના (પરિણમે છે). આહા..હા...! '**નહિ જાણતો...**' (અર્થાત્) સ્વને અને પરને તદ્દન ભિન્ન છે તેમ ન જાણતો. ભિન્ન છે તો ભિન્નનું કાર્ય ભિન્ન કરી શકે નહિ. તેમ એ ભિન્ન છે તે આત્માના કાર્યમાં કાંઈ મદદ કરી શકે નહિ. આહા..હા...! એવી (રીતે) જાણતો નથી (એટલે કે) સ્વ-પરના વિવેકપૂર્વક, સ્વ-પરનો ભાગ પાડીને – અવચ્છેદપૂર્વક એટલે અવ–નિશ્ચયે છેદ. સ્વ-પરનો વિભાગ. આહા..હા...! એને '**નહિ જાણતો અને નહિ શ્રદ્ધતો...**' એકલી વ્રત ને તપ ને ક્રિયાકાંડમાં પડ્યો છે. આ..હા..હા...! અંતરમાં ભગવાનઆત્માની સત્તા – ચૈતન્યસ્વભાવથી સંબંધ ધરનાર એવી સત્તા અને પર – આત્માની સત્તા પરની ચૈતન્યસત્તાને ધારે અને પરના અચેતન સાથે જડ (સંબંધ ધારે). એમ વિભાગ જાણતો નથી, શ્રદ્ધતો નથી. જાણતો નથી એટલે શ્રદ્ધતો નથી, (એટલે કે) સમ્યગ્દર્શન નથી.

'**એમ ને એમ જ (જ્ઞાન-શ્રદ્ધા વિના)...**' સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની શ્રદ્ધા (વિના). પોતાનું જે ભિન્ન સ્વરૂપ-અસ્તિત્ત્વ (છે) તેના જ્ઞાન અને તેના શ્રદ્ધાન વિના. '**શ્રામણ્ય વડે (દ્રવ્યમુનિપણા વડે) આત્માને દમે...**' (અર્થાત્) ઇન્દ્રિયો દમે, વિષય સેવે નહિ, નગ્નપણું ધારે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૨૮ મૂળ ગુણ પાળે, પંચ મહાવ્રત પાળે. આહા..હા...! એવું દ્રવ્યમુનિપણું (પાળીને) આત્માને દમે. આહા..હા...! જંગલમાં રહે, મહિના-મહિનાની તપસ્યા કરે (એટલે) લોકોને એમ થાય... આ..હા..હા...! આસન લગાવી દે આમ ! 'દૃઢ આસન પદ્મ લગાઈ દિયો' 'શ્રીમદ્'માં આવે છે ને ? દૃઢ આસન પદ્મ લગાવી દે, આમ એકલો ! જ્યાં સિંહ ને વાઘ ને વરુ હોય ત્યાં ! પણ એથી શું ? એથી શું ? આ..હા...! એ દ્રવ્ય-શ્રમણ છે. પણ અંદરમાં રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યનો અનુભવ નથી, શુદ્ધ ચૈતન્યનું જ્ઞાનનું વેદન નથી અને શુદ્ધ ચૈતન્યમાં રમણતારૂપ ચારિત્ર નથી. એ બધા દ્રવ્ય શ્રમણો સાધુ નથી. છે ? '**તે ખરેખર શ્રમણ નથી;...**' આહા..હા...! આવું આકરું કામ !

નગ્નપણું પાળે, પંચ મહાવ્રત પાળે, ૨૮ મૂળગુણ પાળે... આહા..હા...! પણ એ તો રાગ છે અને એ તો પરલક્ષે થવા(વાળી) દશા છે. એ સ્વલક્ષની દશા નથી. આહા..હા...! જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ (થાય છે) એની દશાની દિશા પર ઉપર છે અને નિર્મળ પવિત્ર પર્યાયની દશાની દિશા સ્વ તરફ છે. આહા..હા...! એવો જ્યાં અંતરમાં વિવેક નામ જુદાઈ – ભિન્ન નથી પાડતો અને (આત્માને) અનુભવતો નથી અને દમે, આત્માને દમે (છે). મહિના-મહિનાના અપવાસ કરે, દસ રસમાંથી બે જ રસ ખપે, આઠ ખપે નહિ, ઢીકણું ખપે નહિ. પેલું આવ્યું હતું ને ? ચંડાળનું ! ચંડાળનો દીકરો બ્રાહ્મણ (એમ કહે) આ મારે ખપે નહિ, આ મારે ખપે નહિ, આ મારે ખપે નહિ. એમ આ શુભભાવવાળો એમ કહે કે, આ વિષય મારે ખપે નહિ, ભોગ ખપે નહિ, ઢીકણું ખપે નહિ, દુકાનનો ધંધો ખપે નહિ. એથી શું થયું ? આહા..હા...! '**તે ખરેખર શ્રમણ નથી;...**'

(હવે) દૃષ્ટાંત આપે છે. '**જેથી, જેમ ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી...**' (ધૂળધોયા) થાય છે ને ? પહેલાં સોનીની દુકાન (હોય) ને (ત્યાં) વર્ષે-બે વર્ષે ધૂળધોયા આવે. 'ઉમરાળે' તો બધું અમારું જોયેલું ને ? સોનીની દુકાન હોય ત્યાં નીચે ધૂળમાં કોઈક સોનાના કણિયા પડ્યા હોય. તેથી ધૂળધોયાને ધૂળના કણની અને સોનાના કણની ખબર હોય. આ જોયેલું. અમારે 'ઉમરાળા'માં એક સોનીની દુકાન હતી. એનો દીકરો મારો ભાઈબંધ હતો. 'રતિલાલ પાનાચંદ' સોની હતા. આ તો બધી પોણોસો-એંસી વર્ષ પહેલાંની વાતું (છે). નીચે ધૂળધોયા આવે. આમ-આમ (ધૂળ) કાઢે. એમાં ત્રણ પ્રકાર હોય. એક ધૂળ હોય. એક બંગડી (હોય). બંગડી હોય છે ને બાયુંની ? બંગડી હોય એમાં પીળા પટ્ટા હોય ને ? એના ઝીણાં હળવા-હળવા કટકા ધૂળમાં હોય. બંગડી નહિ બંગડી ? એમાં પીળા પટ્ટા હોય, લીલા પટ્ટા (હોય). (એમાં) પીળા પટ્ટાનો ભુકો હોય – ઝીણી કટકી હોય. એક કોર ઇ (હોય), એક કોર ધૂળ, એક કોર પિત્તળની ઝીણી કટકી હોય અને એક કોર સોનાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઝીણી કટકી હોય. મેં તો ત્યાં જોયેલું. આ શું કરે છે આ ? આમ-આમ કરી અને સોનાની કણી હોય ઇ તોલદાર હોય તોલદાર ! તોલદાર સમજાય છે ? વજનવાળી. અને ધૂળ તો ચોખ્ખી દેખાય, પણ બંગડીનો પીળો કટકો હળવો હોય. કટકો ઝીણો-ઝીણો ધૂળ જેવો હોય, એ હળવો હોય એટલે કાઢી નાખે. એમાંથી પિત્તળના ઝીણાં-ઝીણાં કટકા હોય એને પણ કાઢી નાખે. સોનાનો ઝીણો કસ હોય એ રાખે. (આવા) ધૂળધોયા પહેલાં હતા. હવે તો ક્યાં બધી દુકાનો શહેરમાં રોજ વાળવાનું થાય. એ અહીં વાત કરે છે.

ધૂળધોયો... આહા..હા...! '**ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી...**' આહા..હા...! અરે...! સોનાનો કણ, પિત્તળનો કણ અને બંગડીનો પીળો કટકો – એનો ભેદ જાણ્યો નથી. પેલા (કટકા) હળવા છે અને આ તોલદાર છે. આ..હા...! તમારે ગામડામાં નહિ હોય.

શ્રોતા :– 'મુંબઈ'માં ઝવેરીની દુકાનો હોય ત્યાં ધૂળધોયા ગટરના પાણીમાંથી કાઢે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પાણી નહિ, આ તો બહારની ધૂળ. આ તો બહારની ધૂળ પડી હોય ને એમાંથી કરતા. પહેલાં વાળતા નહિ. દુકાનની મોઢા આગળ ધૂળ પડી હોય, પહેલાં વાળતા નહિ. એટલે ઇ ધૂળમાંથી જ કાઢે. આહા..હા...! જેને સોનાના કણની, પિત્તળના કણની, બંગડીના કણની અને ધૂળની ભિન્નતાની ખબર નથી એ સોનું કેમ લેશે ? સમજાય છે કાંઈ ? આહા..હા...!

'**જેમ ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી સુવર્ણલાભ ઉદ્દ્ભવતો નથી...**' એને સોનું નહિ મળે. કારણ કે ભેગો બંગડીનો કટકો (હશે) એ પણ ઉપાડશે, પેલું ઉપાડશે (અને) સોનું બહુ ઝીણું હોય (એ) પડ્યું રહેશે. આહા..હા...! એમ શરીર, કર્મ આદિ તો ધૂળ છે. આહા..હા...! અશુભભાવ છે એ બધા બંગડીના કટકા જેવા છે. શુભભાવ છે એ પિત્તળના કણિયા જેવા છે. એનાથી ભિન્ન ભગવાનનો જે શુદ્ધ ભાવ છે એ સોનાનો કણિયો છે. આહા..હા...!

એ 'રતિલાલ પાનાચંદ' અમારી સાથે ભણતો. એક 'પ્રાગજીભાઈ જૂઠાબોલા' હતા. ઇ 'જૂઠાબોલા' કહેવાય. એનો એક છોકરો નાની ઉંમરમાં મરી ગયો. આ તો હમણાં સુધી હતો, સાથે ભણતા. પછી દુકાને જઈએ ત્યારે (આવા ધૂળધોયાને) જોઈએ. આહા..હા...!

(જેઓ) સુવર્ણના કણની અને પિત્તળની બંગડીના કણની અને ધૂળની ભિન્નતા જાણતા નથી, એને સુવર્ણલાભ મળતો નથી. કહો, બરાબર છે ? એમ આત્મામાં – શરીર આદિ જડ કર્મ છે, અશુભભાવ તે જુદી ચીજ છે, શુભભાવ એ જુદાં પિત્તળના કટકા જેવા છે અને શુદ્ધભાવ સોનાના કણિયા છે. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– શુદ્ધભાવ એ સોનાનો કટકો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! આ તો જોયેલું હોં ! નજરે ! કોઈપણ વાતમાં શું છે એનો પત્તો મેળવીએ અને પછી સમજીએ. સમજ્યા વિના (એમને એમ) નહિ. નાટકમાં જઈએ તોપણ ટિકિટના બાર આના આપીએ. તમે શું (બોલો છો) એની એક્કે ચોપડી બનાવી છે ? લાવો ચોપડી ! તમે શું બોલો છો એ ખબર વિના અમે સાંભળીએ (નહિ). એ ચોપડી પણ ભેગી લેતા. 'વડોદરા'માં, 'ભરૂચ'માં મોટા નાટક જોયેલા. પણ બધા (સંવત) ૬૮ની સાલ પહેલાં ! પછી ૬૮માં તો છોડી દીધું, વૈશાખ(માં) દુકાન છોડી દીધી. તે પહેલાં આ બધું જોયેલું. આહા..હા...!

અહીં કહે છે કે, પ્રભુ ! તને સોનું કોણ (તેની ખબર નથી). સોનું તો પીળું છે, પિત્તળ પણ પીળું છે, બંગડીનો કટકો પણ પીળો છે અને ધૂળ છે એ તો રંગ વિનાની બીજી ચીજ છે. પણ એની જુદાઈના જ્ઞાનની જેને ખબર નથી તેને સોનાનો લાભ થતો નથી. એમ ભગવાનઆત્મા ! કર્મ અને શરીર આદિ ધૂળ જેવી પર ચીજ છે. આ..હા..હા...! પાપના પરિણામ એ બધાં બંગડીના કટકા જેવા છે. એ આત્મા નહિ, પ્રભુ ! અને દયા, દાન, વ્રત, તપના ભાવ એ પિત્તળના ઝીણાં કટકા જેવા છે, એ આત્મા નહિ. આહા..હા...!

શ્રોતા :– ચેતન સુવર્ણ !

પૂજ્ય ગુરુદેવશ્રી :– ચેતન ભગવાન ! પહેલાં આવી ગયું છે અને હજી આમાં બીજું લેશે. ચેતન જેનો આધાર આત્મા છે એમ લેશે. (પહેલાંમાં) એમ હતું કે, જ્ઞાયકનો સંબંધ આત્મા સાથે છે. અહીં આધાર લેશે. આહા..હા...!

**'ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી સુવર્ણલાભ ઉદ્‌ભવતો નથી તેમ તેનામાંથી (–શ્રમણાભાસમાંથી),...'** શ્રમણાભાસ (અર્થાત્) નગ્ન દિગંબર (થઈને) ૨૮ મૂળ ગુણ પાળે, પંચ મહાવ્રત પાળે પણ શ્રદ્ધા-જ્ઞાનથી ભિન્ન (–શૂન્ય) છે. શ્રદ્ધા– સમકિત શું ? અને જ્ઞાન શું ? એની કાંઈ ખબર ન મળે. સમ્યગ્દર્શન એ અંદર આત્માનો શુદ્ધ સ્વભાવ છે એ આખું સોનું ભર્યું છે, એનું જ્ઞાન કરીને પ્રતીતિ (કરવી) તેનું નામ સમકિત છે. એ અનુભવ (છે). આ..હા...! તેનું – આત્માનું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન (છે) અને આત્મામાં સ્વરૂપમાં રમણતા – સ્થિરતા... સ્થિરતા જામી જવી એનું નામ વીતરાગી ચારિત્ર (છે). આહા..હા...!

જેને આત્મા, રાગ અને પરની ભિન્નતાની ખબર નથી એવા દ્રવ્ય-શ્રમણને આત્માનો લાભ – ધર્મનો (લાભ) થતો નથી. આ..હા..હા...! એટલે ? એને શુદ્ધ ઉપયોગરૂપી ધર્મનો લાભ થતો નથી. આહા..હા...! એમ કહે છે. અંદર છે, હોં ! જુઓ ! અંદર ૯૧માં છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ ! '**निरूपरागशुद्धात्मानुभूतिलक्षणधर्मोऽपि**' સંસ્કૃતમાં છે. '**न संभवतीति**' (અર્થાત્) શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ ધર્મ–તે એને નથી. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં સંસ્કૃતમાં છે. આહા..હા...! આ બાજુમાં છે. વાંચીએ છીએ ને એ બાજુ છે. આ..હા...!

'**(–શ્રમણાભાસમાંથી)...**' જુઓ ! અહીં લખ્યું છે ને ? '**નિરુપરાગ આત્મતત્ત્વની ઉપલબ્ધિ...**' આહા..હા...! (નિરુપરાગ એટલે) 'ઉપરાગ (–મલિનતા, વિકાર) રહિત' પુણ્ય-પાપના ભાવ એ વિકાર (છે એનાથી) રહિત. ઉપલબ્ધિ (અર્થાત્) 'અનુભવ; પ્રાપ્તિ.' આહા..હા...! ઉપરાગરહિત નિરુપરાગ આત્મતત્ત્વની ઉપલબ્ધિ. આહા..હા...! અનુભવ – આત્માનો અનુભવ – જ્ઞાયકસ્વભાવનો અનુભવ, આનંદની પ્રાપ્તિનો અનુભવ તેનું લક્ષણ છે એવો ધર્મલાભ સંભવતો નથી. આ..હા..હા...! છે ?

'**નિરુપરાગ...**' (એટલે) રાગ વિનાના '**આત્મતત્ત્વની ઉપલબ્ધિ...**' આહા..હા...! શુભરાગ વિનાની. શુભરાગ– દયા, દાન, વ્રત પણ મલિન છે. આહા..હા...! એવા નિરુપરાગ આત્મતત્ત્વની. ભગવાન જ નિરુપરાગ છે (એમ) કહે છે. એ આત્મતત્ત્વ જ નિરુપરાગ છે, રાગરહિત જ છે. આ..હા..હા...! એવા આત્મતત્ત્વની પ્રાપ્તિ '**જેનું લક્ષણ છે એવો ધર્મલાભ...**' આ..હા..હા...! આનું નામ ધર્મ ! '**એવો ધર્મલાભ ઉદ્‌ભવતો નથી.**' આહા..હા...! બહુ ટૂંકું !

**ભાવાર્થ** :– '**જે જીવ દ્રવ્યમુનિપણું પાળતો હોવા છતાં...**' પંચ મહાવ્રત પાળે, નિર્દોષ આહાર લે, એના માટે કરેલા ચોકાથી આહાર લે નહિ એવું દ્રવ્યમુનિપણું પાળે. અહીં તો અત્યારે સાધુ માટે ચોકા કરે. આ શેઠિયાઓ ચોકા કરીને આપે. (પછી એમ કહે) 'ત્યારે એને ભૂખ્યા કાઢવા ?' બનાવે એના માટે ! પધારો મહારાજ ! આહાર શુદ્ધ, વચન શુદ્ધ, ભાષા શુદ્ધ....! આ શેઠિયા લોકો એમ કરે. બોલે એમ કે, આહાર શુદ્ધ છે, જળ શુદ્ધ છે, વચન શુદ્ધ, કાયા શુદ્ધ છે, તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ...! આહા..હા...!

(અહીંયાં) કહે છે કે, '**દ્રવ્યમુનિપણું પાળતો હોવા છતાં સ્વ-પરના ભેદ સહિત પદાર્થોને શ્રદ્ધતો નથી...**' અંદર અનુભવતો નથી. શ્રદ્ધા એટલે એકલી શ્રદ્ધા નહિ, અનુભવવું તે. આહા..હા...! એ તો આપણે આવી ગયું ને ? 'સમયસાર' (૧૫૫ ગાથા). '**जीवादीसद्दहणं**' જ્ઞાનપણે પરિણમવું.

'દિલ્હી'માં ખાનગીમાં (એક વર્તમાન મુનિ) સાથે ચર્ચા થઈ હતી. હું, એ અને (બીજા એક ભાઈ) હતા. એ પડિમાધારી છે. એક પુસ્તક બનાવ્યું છે – વિનોબા ! એમાં શ્વેતાંબરની ગાથાઓ પણ છે અને દિગંબરની ગાથાઓ પણ છે. અમે ત્રણ જણ હતા. એમાં આ પ્રશ્ન થયેલો. મોટું મકાન હતું, શેઠિયાઓ બધા હતા પણ બધાને બહાર કાઢ્યા અને આ ૧૫૫ (ગાથાનો) પ્રશ્ન કાઢ્યો. '**जीवादीसद्दहणं**' મેં કીધું '**जीवादीसद्दहणं**'નો અર્થ એમ નથી. શ્રદ્ધાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માત્ર એમ નહિ. આત્મામાં શાંતિ અને આનંદપણે પરિણમવું એની શ્રદ્ધા–એનું નામ શ્રદ્ધાપણે પરિણમવું છે. આ..હા...! (એમને એમ) જીવાદિની શ્રદ્ધા છે, એમ નહિ. આ..હા...! એનો અનુભવ થઈને શ્રદ્ધવું. આત્માને અનુસરીને આનંદનો અનુભવ થવો અને એમાં પ્રતીત થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! એવું જ્યાં સમ્યગ્દર્શન નથી. આહા..હા...! એ કહે છે, જુઓ !

'**તે જીવ નિશ્ચય-સમ્યક્ત્વપૂર્વક...**' આહા..હા...! આત્માનો જે આનંદનો અનુભવ. જેનો નિશ્ચય સ્વભાવ સત્ ચિદાનંદ પ્રભુ ! એ આનંદને આત્માની સાથે સંબંધ છે. એવી જેને દ્રવ્યદૃષ્ટિ અને અંતર નિર્વિકલ્પ અનુભવ નથી '**તે જીવ નિશ્ચય-સમ્યક્ત્વપૂર્વક પરમસામાયિકસંયમરૂપ...**' પરમસામાયિકસંયમરૂપ ! નિશ્ચય સમકિતપૂર્વક પરમસામાયિક ! અંદર વીતરાગ(પણારૂપ) ચારિત્ર, એ ચારિત્ર છે. આહા..હા...! અરે..રે...! '**પરમસામાયિકસંયમરૂપ મુનિપણાના અભાવને લીધે મુનિ નથી;...**' આહા..હા...! આવું માણસને આકરું પડે !

શ્રોતા :– નગ્ન રહે, આટલા બધા પરિષહ સહન કરે અને આપ કહો કે મુનિ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :– નગ્ન રહે, પરિષહ સહન કરે. એક આવ્યો હતો ઇ કહેતો હતો ને ? પેલો આવ્યો નહોતો ? ક્યું ગામ હતું ? 'કુરાવડ !' ક્ષુલ્લક આવ્યો હતો. પહેલાં અહીં આવ્યો હતો. વિદ્યાર્થી હતો અને ત્યાં (જઈને) ક્ષુલ્લક થઈને બેઠો. (એ કહેતો હતો કે), 'આ બધા પરિષહ અને ઉપસર્ગ સહન કરે છે એને ધર્મ નથી ?' પોતે ક્ષુલ્લક થયો ! અહીં આવ્યો હતો. છોકરો–છાત્ર હતો. જુવાન હતો, રાત્રે ભાષણ કર્યું હતું. પછી તો એવું સાંભળ્યું હતું કે, મગજ ફરી ગયું ! એવું સાંભળ્યું હતું. અહીં મારી પાસે આવ્યો હતો ત્યારે આમ અંગ્રેજીમાં બોલે, આમ.. તેમ...! 'આ બધા પરિષહ સહન કરે છે, ઉપસર્ગ સહન કરે છે એ સાધુ નથી ?' (મેં) કીધું, 'પરિષહ સહન કરે છે માટે સાધુ છે એમ છે નહિ.' (એમ કહેતો હતો કે) 'પછી પણ પ્રાપ્ત થાશે. સહન કરતાં... કરતાં... કરતાં... એને સમકિત પ્રાપ્ત થશે.' એમ છે નહિ, કીધું. અત્યારે મુનિપણાંની ક્રિયા છે એથી ઊંચી (ક્રિયાઓ પાળીને) નવમી ગ્રૈવેયક ગયો. અનંતવાર (એવી ક્રિયાઓ) પાળી છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા...! આત્મા વિના સુખ નથી. એ પંચ મહાવ્રત દુઃખ છે. આ..હા..હા..હા...! આવું કામ ! પછી 'સોનગઢવાળા'ને કહે ને ? એકાંત કહે... એકાંત કહે... બિચારા ! એને બેઠું હોય એમ કહે ને ? 'જામેં જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાય, વાંકો બુરો ન માનિયે, ઔર કહાંસે લાય ?' એની બુદ્ધિ છે એ પ્રમાણે કહે ને ? 'જામેં જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાય, વાંકો બુરો ન માનિયે, ઔર કહાંસે લાય ?' વસ્તુ બાપા ! કોઈ અલૌકિક વાત છે, ભાઈ ! આહા..હા...!

અહીં કહે છે, '**તે જીવ નિશ્ચય-સમ્યક્ત્વપૂર્વક પરમસામાયિકસંયમરૂપ મુનિપણાના અભાવને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લીધે મુનિ નથી;...**' આ..હા..હા...! મુનિને તો નિશ્ચય સમકિત સહિત નિશ્ચય પરમસામાયિક હોય, પરમસામાયિકરૂપ સંયમ હોય એને મુનિ કહીયે. વ્રત પાળે, નગ્ન રહે માટે મુનિ છે એમ નહિ. આ..હા..હા...! '**તેથી, જેમ જેને ધૂળ અને સુવર્ણના કણનો વિવેક નથી એવા ધૂળધોયાને, ગમે તેટલી મહેનત કરવા છતાં, સુવર્ણની પ્રાપ્તિ થતી નથી,...**' (જેને) સોનાંના કણની ખબર નથી, પિત્તળના કણની ખબર નથી એને સોનાનો લાભ મળતો નથી.

'**તેમ જેને સ્વ અને પરનો વિવેક નથી...**' વિવેક એટલે અંદર અનુભવ હોં ! વિવેક એટલે એકલો આત્મા જુદો છે એમ (માત્ર વિકલ્પ નહિ). આ..હા..હા...! ચૈતન્યસ્વભાવ–જ્ઞાયકભાવ, આ જે જ્ઞાયકભાવ એકરૂપ સત્તા જે છે તેને આત્મા સાથે સંબંધ છે એવી અંતર દૃષ્ટિ થઈને નિર્વિકલ્પ અનુભવ થાય એને સમ્યગ્દર્શન – સાચું સમ્યગ્દર્શન કહે છે. એ પછી સ્વરૂપમાં રમણતા થાય (તેને ચારિત્ર કહે છે). વીતરાગચારિત્ર એમ લીધું છે ને ? જુઓ ને ! '**પરમસામાયિકસંયમરૂપ મુનિપણું**' આગળ આવશે. વીતરાગચારિત્ર પછી ૯૨ (ગાથામાં) આવશે.

'**પરમસામાયિકસંયમરૂપ મુનિપણાના અભાવને લીધે મુનિ નથી; તેથી, જેમ જેને ધૂળ અને સુવર્ણના કણનો વિવેક નથી એવા ધૂળધોયાને, ગમે તેટલી મહેનત કરવા છતાં, સુવર્ણની પ્રાપ્તિ થતી નથી, તેમ જેને સ્વ અને પરનો વિવેક નથી એવા તે દ્રવ્યમુનિને,...**' આ..હા..હા...! '**ગમે તેટલું દ્રવ્યમુનિત્વની ક્રિયાઓનું કષ્ટ ઉઠાવવા છતાં,...**' બહારની ક્રિયાઓનું મહા કષ્ટ – જંગલમાં વસે, એકલો રહે. આહા..હા...! એને માટે કરેલો આહારનો-પાણીનો કણિયો લે નહિ. પણ એ તો બધી ક્રિયાઓ છે. (વર્તમાનમાં તો) એવી ક્રિયા પણ ક્યાં છે ? આહા..હા...!

એક સાધુ છે ઇ બિચારા અહીં ઘણું આવવા માંગે છે. પણ અમે કંઈ કોઈને લખતા નથી કે, આવો. પાંચ-સાત વર્ષ પહેલાં એણે અમારું બધું વાંચ્યું, વાંચીને કાગળ આવ્યો. 'મહારાષ્ટ્ર'માં ક્યું ગામ હતું ? જ્યાં સ્થાનકવાસીના (સાધુ) પણ હતા. 'જાલના'... 'જાલના !' 'જાલના'માં (એમનું) ચોમાસુ હતું. એની પહેલાં કાગળ આવ્યો હતો કે, 'તમે શું કર્યું આ ? કાઢ્યું ક્યાંથી ? બસો વર્ષમાં આવી વાત નહોતી ! વાત સાચી છે. અમે સમકિત વિના સાધુ થઈને બેઠા.' એમ લખ્યું હતું. 'બહારની ક્રિયા લઈને બેઠા પણ અમે સાધુ નથી. અમે યતિ નથી, મુનિ નથી.' ઘણાં કાગળ આવ્યા હતા. 'ગિરનાર'ને નામે ત્યાંથી નીકળ્યા છે. અહીંથી અમે તો કોઈને 'આવો' એમ તો કહેતા નથી. અહીંયાં રાખવા ક્યાં ? મકાન કોણ આપે ? એને ખાવાનું કોણ આપે ? ઇ ઉપાધિમાં પડે કોણ ? એટલે એ બિચારા 'ગિરનાર'ને નામે નીકળ્યા છે પણ પછી ક્યાં જાય (શું ખબર) ?

અહીં બીજા એક મુનિ આવ્યા હતા. 'ઇંદોર'માં ચોમાસુ હતું. અહીં નહોતા આવ્યા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૮૫ વર્ષની ઉંમર ! અહીં આવ્યા હતા, બે દિ' રહ્યા હતા. ઇ ૯૫ વર્ષની ઉંમર કહેતા હતા પણ ગામડાના માણસ એટલે ખબર (નહિ હોય) પણ ૮૫ વર્ષની ઉંમર તો ખરી. 'પાલીતાણા'થી અહીં હાલીને આવ્યા. ચોમાસુ 'ઇંદોર'માં (હતું). ૮૫ વર્ષની ઉંમર, દિગંબર ! એ અહીં ચોખ્ખું કહેતા કે, 'મહારાજ ! તમે જે કહો છો એ પ્રમાણે તો હિન્દુસ્તાનમાં કોઈ સાધુ છે જ નહિ. હું પણ સાધુ નથી અને બીજા પણ (સાધુ નથી). અમે તો ભાવલિંગી (સાધુ) કોઈ દિ' જોયા નથી.' અહીં બિચારા કહેતા હતા. પણ પછી જાવું ક્યાં ? પછી બચારા બોલ્યા હતા, હોં ! 'અમારા પાપના ઉદય. અમે આ દ્રવ્યલિંગ લઈ લીધું હવે કરવું શું અમારે ?' 'પાપનો ઉદય' એમ અહીં બોલ્યા હતા. બોલ્યા હતા, ખબર છે. 'આ લઈ લીધું, હવે કરવું શું ? અમારી પાસે મુનિપણું છે નહિ.' આહા..હા...! શું થાય ? બચારા...!

'કુંદકુંદાચાર્ય' કહે છે. 'મૂળાચાર' (નામનો) એક ગ્રંથ–શાસ્ત્ર છે. એમાં કહે છે કે, 'અરે..રે...! મારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હશો.' કારણ કે પછી બચારા મુંઝાય, જાવું ક્યાં ? 'મૂળાચાર'માં (આવે) છે. 'કુંદકુંદાચાર્ય' કહે છે, 'અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હશો.' કારણ કે એ લઈને બેસે અને અંદર નિશ્ચય સમકિત, સમ્યક્જ્ઞાન(ના) ભાવ ન મળે. એણે બહારમાં પાડ્યું હોય અને હવે માર્ગ બીજો નીકળ્યો. હવે લોકોમાં કહેવું શું ? કરવું શું ? આ..હા...! એવું છે.

પેલો જમાદાર નથી ? દૃષ્ટિ બહુ વિરુદ્ધ. એક શાસ્ત્રી અહીં આવે છે, બહુ હોશિયાર (છે). એ કહે કે, 'મને અંદર વાતચીતમાં ચોખ્ખું કહ્યું કે, વાત તો, 'સોનગઢ'ની 'કાનજીસ્વામી' કહે છે એ વાત તો સાચેસાચી છે. પણ મારાથી હવે મુકાશે નહિ. નરક અને નિગોદમાં જાશું પણ (આ નહિ મુકાય).' બહારમાં પડ્યા હોય, પણ કરવું શું હવે ? ચોખ્ખું કહ્યું એણે ઝઘડા, વિરોધ.. વિરોધ... ખોટા પક્ષમાં પુષ્ટિ અને ખાનગી(માં) આમ કહે ! શાસ્ત્રી બહુ હોશિયાર છે. આવ્યા હતા, હમણાં આવ્યા હતા (ત્યારે) ભાષણ આપ્યું હતું. આમાં રેકોર્ડિંગમાં (ઊતરી ગયું છે કે). 'જમાદાર મળ્યા હતા. 'સોનગઢ'ની વાત સાચી છે પણ અમારાથી હવે મુકાય એવું નથી. અમે મોઢા આગળ પડ્યા, નરક અને નિગોદમાં જાશું પણ હવે મુકાય એવું નથી.' એમ ત્યાં બોલ્યા હતા. આહા..હા...! અહીં લખેલું છે. હવે શું કરવું ? દ્રવ્યલિંગ લઈ લીધું, ક્રિયા રહી હવે વસ્તુ ન મળે. હવે બહારમાં હો.. હા.. થઈ ગઈ. એમાં 'સોનગઢવાળા' નીકળ્યા કે આ તો માર્ગ (જ નથી). અરે...! ભાઈ ! બાપા ! આ તારા હિતની વાત છે, ભાઈ ! આ કાંઈ તારા અનાદરની વાત નથી, પ્રભુ ! તું દ્રવ્યસ્વભાવે તો ભગવાન છો ! આહા..હા...! પર્યાયમાં ભૂલ છે એ એક ક્ષણની ભૂલ છે, પ્રભુ ! આ..હા...! બાકી તો અંદર આખો ભગવાન છે. દ્રવ્યે તો સાધર્મી છે. દ્રવ્ય એવું છે, ભગવાન ! પર્યાયમાં ફેર (છે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પછી મુંઝાય. એ અહીં કહે છે.

'**દ્રવ્યમુનિત્વની ક્રિયાઓનું કષ્ટ ઉઠાવવા છતાં, ધર્મની...**' એટલે (શુદ્ધ) ઉપયોગની, નિરુપરાગ ચારિત્રની, રાગરહિત સમ્યગ્દર્શનની '**પ્રાપ્તિ થતી નથી.**' આહા..હા...! એ ૯૧ (થઈ). ૯૧ (પૂરી) થઈ ને ? હવે ૯૨ (ગાથા), 'જ્ઞાન અધિકાર'ની છેલ્લી ગાથા. પછી 'જ્ઞેય અધિકાર' શરૂ થશે.

'**उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती**' આ આખો પહેલો અધિકાર છે ને એની સમાપ્તિ કરે છે. '**એમ (પાંચમી ગાથામાં) પ્રતિજ્ઞા કરી...**' હતી. '**उवसंपयामि...**' હું ગ્રહણ કરું છું. નીચે (અર્થ) છે. 'હું સામ્યને પ્રાપ્ત કરું છું કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.' વીતરાગભાવને પ્રાપ્ત કરું છું. આહા..હા...! એમ પહેલી જ ગાથામાં આવી ગયું છે. સામ્યને પ્રાપ્ત કરું (છું). આચાર્ય મહારાજ પોતે કહે છે – હું તો વીતરાગભાવને પ્રાપ્ત કરું છું. આહા..હા...! (એ) પાંચમી ગાથામાં (આવી ગયું).

'**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो**' **એમ (૭મી ગાથામાં)...**' (આવી ગયું). નીચે (અર્થ) છે. 'ચારિત્ર ખરેખર ધર્મ છે. જે ધર્મ છે તે સામ્ય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.' વીતરાગભાવ તે ધર્મ અને તે ધર્મ શાસ્ત્રમાં કહ્યો છે. સામ્યભાવ તે શાસ્ત્રમાં કહ્યું છે. રાગ છે એ ધર્મ નથી. વ્યવહાર રત્નત્રય લાખ-કરોડ પાળે, એ કોઈ ધર્મ નથી, એ કોઈ ધર્મનું સાધન નથી. આહા..હા...! આવું આકરું છે.

'**परिणमदि जेण दव्वं तक्कालं तम्मयं ति पण्णत्तं तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो**' છે ? નીચે (અર્થ આપ્યો છે). 'દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તે-મય છે...' એ આવી ગયું છે. શુભપણે હોય તો શુભ, અશુભપણે હોય તો અશુભ, શુદ્ધપણે હોય તો શુદ્ધ (છે). 'એમ (જિનેન્દ્રદેવે) કહ્યું છે; તેથી ધર્મપરિણત આત્મા ધર્મ જાણવો.' શુદ્ધ ઉપયોગ રૂપે આત્મા પરિણમે તે આત્મા ધર્મ છે. શુભાશુભ પરિણામ તે અધર્મ છે. આ..હા..હા...! ગજબ વાત છે ! દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રત, શાસ્ત્રના પરલક્ષી જ્ઞાન એ બધું અધર્મ છે. આકરું પડે, ભાઈ ! આ તો વીતરાગમાર્ગ છે. રાગને લઈને આત્માને કંઈ પણ લાભ થાય એ જિનેન્દ્રના માર્ગમાં નથી. આહા..હા...! વીતરાગ ભગવાને તો વીતરાગસ્વરૂપથી લાભ કીધો છે. આહા..હા...!

'**धम्मो मुणेयव्वो**' **એમ (૮મી ગાથામાં) જે આત્માનું ધર્મપણું કહેવાનું શરૂ કર્યું, અને જેની સિદ્ધિ માટે '**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो पावदि णिव्वाणसुहं**' **એમ (૧૧મી ગાથામાં)...**' કહ્યું. નીચે (અર્થ) છે. 'જેની સિદ્ધિ માટે = આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવા માટે.' અને 'ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય...' આ..હા..હા...! દેખો ! શુભભાવ તે અશુદ્ધ ઉપયોગ છે. ધર્મ નથી, અધર્મ છે. આ..હા..હા...! આવું આકરું પડે !

(અહીં સાધુ આવ્યો હતો) એ જ બિચારો કહેતો હતો. ૮૫ વર્ષની ઉંમર ! અહીંનું સાંભળેલું (અને) 'ઇંદોર'માં ચોમાસુ (હતું). ત્યાં એક પંડિત છે અહીંના પ્રેમી છે. એની પાસેથી અહીંનું સમકિત (વગેરે) પૂછતા હતા અને બધું (સાહિત્ય) વાંચ્યું હતું. વાંચીને (કહ્યું) 'મારામાં કંઈ છે નહિ. અમે તો સાધુ નથી પણ હિન્દુસ્તાનમાં અમે કોઈ દિ' સાધુ જોયા નથી. કોઈ સાધુ છે નહિ.' એમ કહેતા હતા. બે 'દી અહીં રહ્યા હતા. આ..હા...! પણ જાવું ક્યાં ? પછી શું કરવું ? બહારમાં એમ કહેવાય કે, અમે સાધુ નથી ? મુંઝાય. કહે છે ને ? 'સાપ છછુંદર ગળી ગયો' બહાર કાઢે તો આંધળો થઈ જાય, અંદર ખાય તો મરી જાય ! એવું થઈ જાય. આહા..હા...!

(અહીંયાં કહે છે) '**(૧૧મી ગાથામાં) નિર્વાણસુખના સાધનભૂત શુદ્ધોપયોગનો અધિકાર આરંભ્યો,..**' હતો. છે ? આહા..હા...! શુદ્ધોપયોગથી જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે. '**નિર્વાણસુખના સાધનભૂત શુદ્ધોપયોગનો અધિકાર આરંભ્યો,...**' હતો. '**વિરોધી શુભાશુભ ઉપયોગને...**' દેખો ! આહા..હા...! શુદ્ધ ઉપયોગથી વિરોધી શુભાશુભ ભાવ '**નષ્ટ કર્યા (–હેય બતાવ્યા), શુદ્ધોપયોગનું સ્વરૂપ વર્ણવ્યું,...**' આ ૯૨ ગાથાનો સરવાળો કહે છે. પહેલાં બધું આવી ગયું છે.

'**શુદ્ધોપયોગના પ્રસાદથી...**' શુદ્ધ ઉપયોગના પ્રસાદથી ! ચૈતન્ય જે શુદ્ધ આનંદનો નાથ, પ્રભુ ! તેનો ઉપયોગ અને તેનો વેપાર. આહા..હા...! એવા '**શુદ્ધોપયોગના પ્રસાદથી ઊપજતાં એવાં આત્માનાં સહજ જ્ઞાન...**' શુદ્ધ ઉપયોગથી તો આત્મામાં સ્વભાવિક સહજ જ્ઞાન ઉત્પન્ન થાય. (એવા) '**જ્ઞાન ને આનંદને સમજાવતાં જ્ઞાનના સ્વરૂપનો ને સુખના સ્વરૂપનો વિસ્તાર કર્યો, તે (–આત્માનું ધર્મત્વ) હવે ગમે તેમ કરીને પણ શુદ્ધોપયોગના પ્રસાદ વડે...**' આહા..હા...! આચાર્ય કહે છે, શુદ્ધ ઉપયોગ ! એ જ્ઞાયકભાવનો આધાર દ્રવ્ય છે તેને પકડ્યું છે એવો શુદ્ધ ઉપયોગ ! આહા..હા...! જેના વ્રત, તપના ભાવ છે એ બધા શુદ્ધ ઉપયોગથી વિરુદ્ધ છે. એ અંદર કહ્યું (કે) શુભાશુભ વિરોધી ભાવ છે. આહા..હા...!

એ '**શુદ્ધોપયોગના પ્રસાદ વડે સિદ્ધ કરીને,...**' આહા..હા...! (સિદ્ધ કરીને અર્થાત્) 'સાધીને. (આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું તે કાર્યને, મહા પુરુષાર્થ કરીને શુદ્ધોપયોગ વડે આચાર્યભગવાને સાધ્યું).' આહા..હા...! પોતાનો ઉપયોગ સિદ્ધ કર્યો ! આ..હા..હા...! ચારિત્ર સહિત. સમ્યગ્દર્શન સહિત ચારિત્ર, હોં ! આહા..હા...! આચાર્યનો આ પોકાર છે !! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત ! વનમાં વસતા હતા. આહા..હા...! એ કહે છે (કે), '**શુદ્ધોપયોગના**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**जो णिहदमोहदिट्ठी आगमकुसलो विरागचरियम्हि।**
**अब्भुट्ठिदो महप्पा धम्मो त्ति विसेसिदो समणो ।।९२।।**

**यो निहतमोहदृष्टिरागमकुशलो विरागचरिते।**
**अभ्युत्थितो महात्मा धर्म इति विशेषितः श्रमणः ।।९२।।**

यदयं स्वयमात्मा धर्मो भवति स खलु मनोरथ एव। तस्य त्वेका बहिर्मोहदृष्टिरेव विहन्त्री। सा चागमकौशलेनात्मज्ञानेन च निहता, नात्र मम पुनर्भावमापत्स्यते। ततो वीतरागचारित्रसूत्रितावतारो ममायमात्मा स्वयं धर्मो भूत्वा निरस्तसमस्तप्रत्यूहतया नित्यमेव निष्कम्प एवावतिष्ठते। अलमतिविस्तरेण। स्वस्ति स्याद्वादमुद्रिताय जैनेन्द्राय शब्दब्रह्मणे। स्वस्ति तन्मूलायात्मतत्त्वोपलम्भाय च, यत्प्रसादादुद्ग्रन्थितो झगित्येवासंसारबद्धो मोहग्रन्थिः। स्वस्ति च परमवीतरागचारित्रात्मने शुद्धोपयोगाय, यत्प्रसादादयमात्मा स्वयमेव धर्मो भूतः ।।९२।।

---

अथ `उवसंपयामि सम्मं' इत्यादि नमस्कारगाथायां यत्प्रतिज्ञातं, तदनन्तरं `चारित्तं खलु धम्मो' इत्यादिसूत्रेण चारित्रस्य धर्मत्वं व्यवस्थापितम्। अथ `परिणमदि जेण दव्वं' इत्यादिसूत्रेणात्मनो धर्मत्वं भणितमित्यादि। तत्सर्वं शुद्धोपयोगप्रसादात्प्रसाध्येदानीं निश्चयरत्नत्रयपरिणत आत्मैव धर्म इत्यवतिष्ठते। अथवा द्वितीयपातनिका - सम्यक्त्वाभावे श्रमणो न भवति, तस्मात् श्रमणाद्धर्मोऽपि न भवति। तर्हि

---

**પ્રસાદ વડે સિદ્ધ કરીને, પરમ નિસ્પૃહ,...**' પરની કોઈ સ્પૃહા–અપેક્ષા નહિ. '**આત્મતૃપ્ત (એવી) પારમેશ્વરી પ્રવૃત્તિને પામ્યા...**' આહા..હા...! 'પરની સ્પૃહા રહિત અને આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ.' નિશ્ચય રત્નત્રય... નિશ્ચય રત્નત્રય આહા..હા...! (અર્થાત્) શુદ્ધ ચૈતન્ય ભગવાનનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સ્વને આશ્રયે થયેલા નિશ્ચય (રત્નત્રય). આહા..હા...!

'**પારમેશ્વરી પ્રવૃત્તિ...**' આહા..હા...! ઓલી–શુભ... શુભ... શુભ... ભિખારી પ્રવૃત્તિ હતી. આહા..હા...! આ '**પારમેશ્વરી પ્રવૃત્તિને પામ્યા થકા, કૃતકૃત્યતાને પામી...**' હવે, કૃતકૃત્ય થયા, બસ ! આહા..હા...! કૃતકૃત્ય પર્યાયમાં થઈ ગયું. દ્રવ્ય કૃતકૃત્ય હતું એવું પર્યાયમાં કૃતકૃત્ય થઈ ગયું. આ..હા..હા...! આ પંચમ આરાના સંત કહે છે ! (અત્યારે તો એમ કહે છે કે), પાંચમા આરામાં ન થઈ શકે ને ફલાણું ને ઢીકણું... આહા..હા...! આ પાંચમા આરાની વાત છે. હજી તો હજાર વર્ષ પહેલાંની 'અમૃતચંદ્રાચાર્ય'ની વાત છે. બે હજાર વર્ષ પહેલાંની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



कथं श्रमणो भवति, इति पृष्टे प्रत्युत्तरं प्रयच्छन् ज्ञानाधिकारमुपसंहरति - **जो णिहदमोहदिट्ठी** तत्त्वार्थश्रद्धानलक्षणव्यवहारसम्यक्त्वोत्पन्नेन निजशुद्धात्मरुचिरूपेण निश्चयसम्यक्त्वेन परिणतत्वान्निहतमोहदृष्टिर्विध्वंसितदर्शनमोहो यः। पुनश्च किंरूपः। **आगमकुसलो** निर्दोषिपरमात्मप्रणीतपरमागमाभ्यासेन निरुपाधिस्वसंवेदनज्ञान-कुशलत्वादागमकुशल आगमप्रवीणः। पुनश्च किंरूपः। **विरागचरियम्हि अब्भुट्ठिदो** व्रतसमितिगुप्त्यादिबहिरङ्गचारित्रानुष्ठानवशेन स्वशुद्धात्मनिश्चलपरिणतिरूपवीतरागचारित्रपरिणतत्वात् परमवीतरागचारित्रे सम्यगभ्युत्थितः उद्यतः। पुनरपि कथंभूतः। **महप्पा** मोहलक्षणमहार्थसाधकत्वेन महात्मा **धम्मो त्ति विसेसिदो समणो** जीवितमरणलाभालाभादिसमताभावनापरिणतात्मा स श्रमण एवाभेदनयेन धर्म इति विशेषितो मोहक्षोभविहीनात्मपरिणामरूपो निश्चयधर्मो भणित इत्यर्थः ।।९२।।

अथैवंभूतनिश्चयरत्नत्रयपरिणतमहातपोधनस्य योऽसौ भक्तिं करोति तस्य फलं दर्शयति -

**जो तं दिट्ठा तुट्ठो अब्भुट्ठित्ता करेदि सक्कारं।**
**वंदणणमंसणादिहिं तत्तो सो धम्ममादियदि ।।८।।**

**जो तं दिट्ठा तुट्ठो** यो भव्यवरपुण्डरीको निरुपरागशुद्धात्मोपलम्भलक्षणनिश्चयधर्मपरिणतं पूर्वसूत्रोक्तं मुनीश्वरं दृष्ट्वा तुष्टो निर्भरगुणानुरागेण संतुष्टः सन्। किं करोति। **अब्भुट्ठित्ता करेदि सक्कारं** अभ्युत्थानं कृत्वा मोक्षसाधकसम्यक्त्वादिगुणानां सत्कारं प्रशंसां करोति **वंदणणमंसणादिहिं तत्तो सो धम्ममादियदि** 'तवसिद्धे णयसिद्धे' इत्यादि वन्दना भण्यते, नमोऽस्त्विति नमस्कारो भण्यते, तत्प्रभृतिभक्तिविशेषैः तस्माद्यतिवरात्स भव्यः पुण्यमादत्ते पुण्यं गृह्णाति इत्यर्थः ।।८।।

---

'કુંદકુંદાચાર્ય'ની વાત છે. આ..હા..હા...!

**'પારમેશ્વરી પ્રવૃત્તિને પામ્યા થકા,...'** આ..હા..હા..હા...! પારમેશ્વરી પ્રવૃત્તિ એટલે નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ. આ..હા...! શુદ્ધ સ્વભાવનું દળ, ચૈતન્ય ભગવાન શાશ્વત પ્રભુ ! તેના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર – એ ત્રણને નિશ્ચય રત્નત્રય કહે છે. એ શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થાય છે. આહા..હા...! **'અત્યંત અનાકુળ થઈને...'** આ..હા...! અત્યંત અનાકુળ (એટલે) આનંદમાં આવીને. પંચ મહાવ્રત આદિના પરિણામ તો દુઃખરૂપ હતા. આ તો **'અત્યંત અનાકુળ થઈને...'** આનંદ... આનંદ... આનંદનું વેદન. **'જેમને ભેદવાસનાની પ્રગટતાનો પ્રલય થયો છે...'** ભેદવાસના = 'ભેદરૂપ વલણ.' (અર્થાત્) પર્યાય ઉપર, રાગ ઉપર અને ભેદરૂપ વલણ. 'વિકલ્પ–પરિણામ.' તેનો નાશ થયો છે. આહા..હા...!

**'એવા થયા થકા, (આચાર્ય ભગવાન) 'હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું'...'** આહા..હા...! જુઓ ! આ 'અમૃતચંદ્રાચાર્ય'ને !! એ તો હજી હજાર વર્ષ (પહેલાં થયા છે). દિગંબર સંતની શૈલી અલૌકિક વાતું છે, બાપા ! એવું ક્યાંય છે નહિ. આહા..હા...! **'ભેદવાસનાની પ્રગટતાનો પ્રલય**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अथ तेन पुण्येन भवान्तरे किं फलं भवतीति प्रतिपादयति -

**तेण णरा व तिरिच्छा देविं वा माणुसिं गदिं पप्पा।**
**विहविस्सरियेहिं सया संपुण्णमणोरहा होंति ।।९।।**

**तेण णरा व तिरिच्छा** तेन पूर्वोक्तपुण्येनात्र वर्तमानभवे नरा वा तिर्यञ्चो वा **देविं वा माणुसिं गदिं पप्पा** भवान्तरे दैवीं वा मानुषीं वा गतिं प्राप्य **विहविस्सरियेहि सया संपुण्णमणोरहा होंति** राजाधिराजरूपलावण्यसौभाग्यपुत्रकलत्रादिपरिपूर्णविभूतिर्विभवो भण्यते, आज्ञाफलमैश्वर्यं भण्यते, ताभ्यां विभवैश्वर्याभ्यां संपूर्णमनोरथा भवन्तीति। तदेव पुण्यं भोगादिनिदानरहितत्वेन यदि सम्यक्त्वपूर्वकं भवति तर्हि तेन परंपरया मोक्षं च लभन्ते इति भावार्थः ।।९।।

इति श्री**जयसेनाचार्य**कृतायां तात्पर्यवृत्तौ पूर्वोक्तप्रकारेण `एस सुरासुरमणुसिंदवंदियं' इतीमां गाथामादिं कृत्वा द्वासप्ततिगाथाभिः शुद्धोपयोगाधिकारः, तदनन्तरं `देवदजदिगुरुपूजासु' इत्यादि पञ्चविंशतिगाथाभिर्ज्ञानकण्डिकाचतुष्टयाभिधानो द्वितीयोऽधिकारः, ततश्च `सत्तासंबद्धेदे' इत्यादि सम्यक्त्वकथनरूपेण प्रथमा गाथा, रत्नत्रयाधारपुरुषस्य धर्मः संभवतीति `जो णिहदमोहदिट्ठी' इत्यादि द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयम्, तस्य निश्चयधर्मसंज्ञतपोधनस्य योऽसौ भक्तिं करोति तत्फलकथनेन `जो तं दिट्ठा' इत्यादि गाथाद्वयम्। इत्यधिकारद्वयेन पृथग्भूतगाथाचतुष्टय-सहितेनैकोत्तरशतगाथाभिः **ज्ञानतत्त्वप्रतिपादक**नामा प्रथमो महाधिकारः समाप्तः ।।१।।

---

**થયો છે એવા થયા થકા, (આચાર્ય ભગવાન) 'હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું'–**' ધર્મ જ છું. પરિણતિમાં સાક્ષાત્ વીતરાગતા ઉત્પન્ન થઈ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત વીતરાગ ચારિત્ર ઉત્પન્ન થયું છે. આ..હા..હા...! તેથી '**હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું' એમ રહે છે...**' એમ કહે છે નહિ પણ એમ રહે છે. આહા..હા...! આવી વાત ક્યાં છે ? આહા..હા...! આનું નામ મુનિપણું !! આહા..હા...! એનું નામ નિશ્ચયરત્નત્રય મોક્ષનો માર્ગ ! એનું નામ ચારિત્ર સહિત શુદ્ધ ઉપયોગ ! આહા..હા...! '**સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું' એમ રહે છે (–એવા ભાવમાં નિશ્ચળ ટકે છે) :–**' આહા..હા...! હવે ૯૨ (ગાથા).

**जो णिहदमोहदिट्ठी आगमकुसलो विरागचरियम्हि।**
**अब्भुट्ठिदो महप्पा धम्मो त्ति विसेसिदो समणो।।९२।।**

**આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,**
**વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,**
**વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.**

**અન્વયાર્થ :–** **[यः आगमकुशलः]** જે આગમમાં કુશળ છે, **[निहतमोहदृष्टिः]** જેની મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે અને **[विरागचरिते अभ्युत्थितः]** જે વીતરાગચારિત્રમાં આરૂઢ છે, **[महात्मा श्रमणः]** તે મહાત્મા શ્રમણને **[धर्मः इति विशेषितः]** (શાસ્ત્રમાં) 'ધર્મ' કહેલ છે.

**ટીકા :–** આ આત્મા સ્વયં (–પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે. અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી. માટે વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો (–વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે. અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદ્વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ; જયવંત વર્તો તે શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ – કે જેના પ્રસાદને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ; અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ (–પોતે જ) ધર્મ થયો. ૯૨.

---

આ..હા..હા..હા...! આવો ધર્મ ! અહીં તો જરીક સામાયિક કરી, પૌષધ કર્યો, પ્રતિક્રમણ કર્યાં (એટલે માને કે) થઈ ગયો ધર્મ ! આ..હા...! કંઈક વ્રત પાળ્યા ને શરીરથી શીયળ–બ્રહ્મચર્ય પાળ્યું... થઈ ગયો ધર્મ ! બાપુ...! એ બધા વિકલ્પ છે, ભાઈ ! એ ધર્મ નહિ. આહા..હા...! ધર્મ તો નિરુપરાગ નિશ્ચય સ્વસંવેદન સહિત, સમ્યગ્દર્શન સહિત, સમભાવ – વીતરાગ ચારિત્રપણું તેનું નામ ધર્મ છે. આહા..હા...! આ જૈન ધર્મ છે ! જૈનધર્મ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી, કોઈ પંથ નથી. વસ્તુનું સ્વરૂપ છે. મારો નાથ ચૈતન્ય જિનસ્વરૂપ ! એનું મને સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્થિરતા થઈ છે, એ હું પોતે ધર્મ થયો છું. હું પોતે ધર્મ થયો છું ! આ..હા..હા...!

ટીકા :– **'આ આત્મા સ્વયં (–પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે.'** અહીં તો સમજાવવું છે ને ? પહેલું તો કીધું ધર્મ થયો છે. **'આ આત્મા સ્વયં (–પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે.'** બહિર્મોહદૃષ્ટિ = 'બહિર્મુખ એવી મોહદૃષ્ટિ. (આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહદૃષ્ટિ જ છે).' મિથ્યાત્વ ! આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય...'** આહા..હા...! સંસ્કૃતમાં ('જયસેનાચાર્યદેવે') એવો અર્થ કર્યો છે. છે ને ? ૧૫૮ પાનું. '**आगमकुसलो निर्दोषिपरमात्मप्रणीतपरमागमाभ्यासेन निरुपाधिस्वसंवेदनज्ञानकुशलत्वादागमकुशल आगमप्रवीणः ।**' એનું નામ આગમકુશલ (છે). આહા..હા...! સંસ્કૃતમાં છે. સ્વસંવેદન એ આગમકુશળ છે, એમ કહે છે. ભાષા ને શાસ્ત્ર એમ નહિ. આહા..હા...! જોયું ? '**आगमकुसलो निर्दोषिपरमात्मप्रणीतपरमागमाभ्यासेन निरुपाधिस्वसंवेदनज्ञानकुशलत्वादागमकुशल आगमप्रवीणः ।**' એનું નામ આગમકુશળ અને આગમપ્રવીણ ! આ..હા..હા...! દિગંબર સંતોની વાણી આખી દુનિયાથી ફેર ! આહા..હા...! આગમકુશળની વ્યાખ્યા કરી કે, આગમ અભ્યાસ વડે કરીને પછી શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે અને સ્વસંવેદન થયું છે તેને આગમકુશળ કહીએ. આ..હા..હા..હા...! એવા આગમકૌશવલ્ય વડે મોહની દૃષ્ટિ નાશ થઈ છે. આહા..હા...! આવા એક-એક ભાવ આકરા ! યાદ રહેવા મુશ્કેલ ! છે ને ?

**'આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...'** આ..હા..હા..હા...! **'હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.'** જુઓ, આ શબ્દો ! પંચમ આરાના સંત મુનિ એમ કહે છે (કે), અમને જે મિથ્યાત્વનો નાશ થયો (છે) એ હવે ઉત્પન્ન થવાનો નથી. અમે કોલકરાર કરીએ છીએ !! આ..હા..હા...! અમને ભગવાનના ભેટા થયા નથી પણ આ ભગવાનના ભેટા થયા ! 'કુંદકુંદાચાર્ય'ને તો ભગવાનના ભેટા થયા. 'અમૃતચંદ્રાચાર્ય'ને તો આ ભગવાનના ભેટા થયા !

એમ પોકાર કરે છે કે, હવે અમને ફરીને (મિથ્યાત્વ) ઉત્પન્ન થવાનું નથી. પ્રભુ ! તમે છદ્મસ્થ પંચમ આરાના સાધુ ! ભગવાન પછી તો ૧૫૦૦ વર્ષે તમે થયા. ભગવાનને તો ૨૫૦૦ વર્ષ થયા ને ? એ કહે છે કે, અમે આગમકૌશલ્ય અને અંદર સ્વસંવેદનથી (બહિર્મોહ) દૃષ્ટિનો – મિથ્યાત્વનો નાશ કર્યો છે, એ મને ફરીને ઉત્પન્ન થવાની નથી. આ..હા..હા..હા...! વાણી તો જુઓ ! પંચમ આરાના સંત એમ કહે છે કે, અમને સમ્યગ્દર્શન થયું, અમે મિથ્યાત્વનો નાશ કર્યો છે, હવે ફરીને મિથ્યાત્વ થવાનું નથી. એમ કોલકરારથી અમે મહાવ્રતધારી આમ તમને કહીએ છીએ ! આ..હા..હા..હા...! વિશેષ કહેશે, લ્યો !

卐 卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથા–૯૨, કળશ-૫
પ્રવચન નં. – ૮૫
તા. ૨૬-૦૫-૭૯

'પ્રવચનસાર' ગાથા–૯૨. ટીકા ફરીને (લઈએ). **'આ આત્મા...'** એમ (આચાર્ય) પોતાનો આત્મા પ્રત્યક્ષ કરીને (કહે છે). આચાર્ય... આ..હા..હા...! પંચમ આરાના મુનિ છે છતાં (કહે છે કે) **'આ આત્મા સ્વયં (–પોતે) ધર્મ થાય...'** તે મનોરથ હતો. અહીં 'છે' એમ કહ્યું. **'આ આત્મા સ્વયં (–પોતે) ધર્મ થાય...'** આહા..હા...! એની કોઈની – રાગની કે નિમિત્તની અપેક્ષા નહિ. એવો પ્રભુ સ્વયં પોતે ધર્મ નામ વીતરાગચારિત્રરૂપે પરિણમે... આહા..હા...! એ **'મનોરથ છે.'** એમ કહીને મુનિની ભાવના આવી હોય છે (એમ કહે છે). આહા..હા...!

**'તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે.'** 'બહિર્મુખ એવી મોહદૃષ્ટિ. (આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહદૃષ્ટિ જ છે).' આહા..હા...! જે અંતર સ્વરૂપમાં છે નહિ એવી બહિર્દૃષ્ટિ. રાગ અને નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તે મિથ્યાત્વ છે. એ **'બહિર્મોહદૃષ્ટિ જ છે. અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો...'** આહા..હા...! **'આગમ કૌશલ્ય...'** પરમાગમમાં કહેલું ચૈતન્યનું સ્વરૂપ, તેના સ્વસંવેદનના જ્ઞાન દ્વારા – એ આગમ કૌશલ્ય(નો ભાવ છે). જ્ઞાનમાં કુશળ એટલે આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર (છે) એના સ્વસંવેદનમાં કુશળ છે, પ્રવીણ છે.

**'તથા આત્મજ્ઞાન વડે...'** એટલી તો વાત કરી આગમ જ્ઞાન. પણ એ **'આત્મજ્ઞાન વડે...'** ત્યાં આત્મજ્ઞાન એટલે નિમિત્તથી નહિ, રાગથી નહિ, પર્યાયજ્ઞાનથી નહિ. આત્મજ્ઞાન–આખું દ્રવ્ય. આહા..હા...! એવા **'આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...'** આહા..હા...! જાણી લીધું. આહા..હા...! આ તો હજાર વર્ષ પહેલાં ટીકા કરનાર પંચમ આરાના સંત એમ કહે છે – અમે સ્વસંવેદન વડે અને આત્મજ્ઞાન વડે... આહા..હા...! બહિર્મોહદૃષ્ટિ જે મિથ્યાત્વ (છે) એ હણાઈ ગઈ છે. આહા..હા...! આટલું જોર વર્તે છે ! સમ્યગ્દર્શન થયું છે, સમ્યક્જ્ઞાન (થયું છે).

(કહે છે કે, એ બહિર્મોહદૃષ્ટિ) **'હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.'** આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહિર્દૃષ્ટિ જે છે –રાગની એકતાબુદ્ધિ, નિમિત્તની એકતાબુદ્ધિ, પર્યાયની અંશબુદ્ધિ, એ બહિર્દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ છે. તેથી હવે મને ફરીને ઉત્પન્ન થાય એમ નથી. આ..હા..હા..હા...! સાદિઅનંત... એ દર્શન અને જ્ઞાનનો અંશ જે પ્રગટ્યો છે એ સાદિઅનંત રહેશે એમ કહે છે. આહા..હા...! આ છદ્મસ્થ ! પંચમ આરાના મુનિ ! ત્યારે (અત્યારના સાધુ તો) એમ કહે છે કે, 'પંચમઆરામાં તો શુભભાવ જ હોય !' અરે... પ્રભુ ! શુભભાવ તો સંસાર છે. આહા..હા...! એની બુદ્ધિ તો મિથ્યાત્વ છે. શુભભાવ મારો અને એ મને લાભ કરે (એમ માને) એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિ આગમ–સ્વસંવેદનજ્ઞાન એટલે કે આત્મજ્ઞાન, એના વડે કરીને હણાઈ ગઈ છે. બહિર્દૃષ્ટિ–મિથ્યાદૃષ્ટિ (એટલે કે) રાગની એકતાબુદ્ધિ, પર્યાયના અંશમાં પૂર્ણતાની માન્યતા, એ બધી હણાઈ ગઈ છે, કહે છે. આહા..હા...! એ દૃષ્ટિની અપેક્ષાએ, હોં ! ચારિત્રની અપેક્ષાએ તો વાત બીજી (છે). કેમકે (પોતે) પંચમ આરામાં છે, (અહીંથી) સ્વર્ગમાં જાવું છે (એટલે) ચારિત્ર તો (અપૂર્ણ રહેશે). આહા..હા...! એથી અહીં દૃષ્ટિ પૂરતી વાત કરી (કે) સમ્યગ્દર્શન જે અમને થયું (છે એ હવે પડવાનું નથી). આહા..હા...! ચારિત્ર તો પડી જશે. (કેમકે) પંચમ આરામાં છે ને !

શ્રોતા :– સમ્યગ્દર્શન પણ પડી જશે ?

સમાધાન :– નહિ, સમ્યગ્દર્શનથી નહિ પડે. ક્ષયોપશમ (સમ્યગ્દર્શન) છે તોપણ નહિ પડે. આહા..હા...! અહીં વાત એ છે. ક્ષયોપશમમાંથી ક્ષાયિક જ લેશે. આહા..હા...! પંચમ આરાના મુનિ છે (એમને) છે ક્ષયોપશમ સમ્યગ્દર્શન પણ એ ક્ષાયિકની જોડણીવાળું છે. ફરીને (મિથ્યાત્વ) ઉત્પન્ન થાય નહિ એવું છે ! આ..હા..હા...! પંચમ આરાના એક દિગંબર સંતની નિર્મળ દૃષ્ટિ પ્રગટ થઈ તેનું જોર તો જુઓ !! આ..હા..હા...! એવી ભાષા ક્યાં છે, બાપુ ? ચારિત્ર માટે નહિ કહે. કારણ કે ચારિત્ર તો મુનિની છેલ્લી હદ સુધી રહેશે. પછી સ્વર્ગમાં જશે ત્યારે ચારિત્ર તો નહિ રહે. આહા..હા...! છતાં ચારિત્ર તે ધર્મ છે પણ તે ચારિત્ર રહેશે દેહના અંત સુધી. દેહ છૂટશે એટલે પંચમ આરાના મુનિ છે તેને કેવળજ્ઞાન તો નથી તેથી સ્વર્ગમાં જશે. આહા..હા...! ત્યારે તો ચારિત્ર નહિ રહે. પણ એ ચારિત્રની અપેક્ષાએ અહીં (વાત) નથી. અહીં તો દૃષ્ટિની અપેક્ષાએ (વાત કરી છે). આહા..હા...!

ભગવાનઆત્મા ! પૂર્ણ આનંદનો સાગર ! અનંત શક્તિઓનો સ્વયં સાગરસ્વરૂપ પ્રભુ ! એનું ધ્યેય પકડીને મને જે જ્ઞાન થયું અને તેની અમને દૃષ્ટિ થઈ – સમ્યગ્દર્શન (થયું એ હવે પડવાનું નથી). આ..હા..હા...! કેટલાક કહે છે કે, નિશ્ચય સમ્યગ્દર્શનની ખબર કેમ પડે ? અત્યારે એમ કહે છે. અરે... પ્રભુ ! અહીં તો કહે છે કે, એ (બહિર્દૃષ્ટિ) હણાઈ ગઈ છે એમ અમે જાણીએ છીએ. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– પરીક્ષામાં બેસનારા છોકરાઓ હોશિયાર હોય એ એમ જ કહે, અમે પાસ જ થવાના. તો મુનિ ન થઈ શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આહા..હા...! અહીં તો પ્રભુ પાસે પાસ થઈ ગયો છે ! આ આત્મા... એમ કરીને વાત લીધી છે ને ? આ આત્મા મને જ્ઞાનમાં જણાય છે, પ્રભુ ! આ..હા..હા...! એ આત્માને જે આત્મજ્ઞાનથી હણાઈ ગયેલી મિથ્યાદૃષ્ટિ (છે તે) હવે આજથી તે અનંતકાળ સુધીમાં ક્યાંય ઉત્પન્ન નહિ થાય. આ..હા..હા...! ક્ષયોપશમ સમકિતી છે છતાં જોડણી ક્ષાયિક છે ! (અર્થાત્) ક્ષાયિક સાથે જોડાઈ જશે અને ક્ષાયિકમાંથી કેવળ લઈને (મોક્ષ જશે). આ..હા..હા...!

ભાઈ ! આ તો આત્મા છે. આત્મા પરિપૂર્ણ પ્રભુ છે ! એમાં તો અનંત બળ છે, અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત શાંતિ છે, અનંત આનંદ છે, અનંત... અનંત... સ્વચ્છતા અને વીતરાગતાનો ભગવાન સાગર છે ! આ..હા...! એવા આત્માને જાણતાં, તેવા આત્માનું જ્ઞાન થતાં, મિથ્યાદૃષ્ટિ છે તે હણાય ગઈ છે. આહા..હા...! પ્રભુ ! તમે પંચમ આરાના સાધુ ! ભગવાનને પૂછ્યું નથી કે તમારું સમકિત પડશે કે નહિ ? અમે ભગવાનને પૂછ્યું છે. આ ભગવાન ! આહા..હા...! અમે કોલકરાર કરીએ છીએ ! (અમે) પંચ મહાવ્રતધારી સત્ય બોલનારા છીએ ! આ..હા..હા...! (એ બહિર્મોહદૃષ્ટિ) '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' આહા..હા...! એ દર્શન પૂરતી વાત થઈ – સમ્યગ્દર્શન પૂરતી. ચારિત્રની વાત હવે કરશે. કારણ કે ચારિત્રથી નહિ પડીએ એમ તો છે નહિ. (કારણ કે) પંચમ આરાના સાધુ છે. આહા..હા...!

શ્રોતા :– દેવમાં જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– દેવમાં સ્વર્ગમાં જવાના બીજે (ક્યાંય જાય નહિ). આ..હા...! સમ્યક્દૃષ્ટિ હો કે પંચમ ગુણસ્થાનવાળા હો કે મુનિ હો, પંચમ આરાનો (છે) તો વૈમાન સ્વર્ગમાં જ જવાનો. વૈમાનમાં તે દેવ થવાનો. આહા..હા...! એ નરકમાં ન જાય, તિર્યંચમાં ન જાય, એ મનુષ્યમાં ન જાય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં ન જાય અને વૈમાનિકમાં પણ ઇન્દ્રાણી તરીકે ન જાય. સ્ત્રી તરીકે ન જાય. આ..હા..હા...! પણ એમ કહે છે કે, અમે દૃષ્ટિની અપેક્ષાએ તો પ્રભુ ! એમ કહીએ છીએ કે, એ (બહિર્મોહદૃષ્ટિ) ફરીને ઉત્પન્ન નહિ થાય. આહા..હા...!

'**માટે વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો...**' આહા..હા...! આવી દૃષ્ટિપૂર્વક '**વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો...**' પંચમ આરાના સાધુ કહે છે વીતરાગચારિત્રરૂપે પ્રગટ પામેલો મારો ભાવ છે ! આ..હા..હા..હા...! '**વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો...**' ત્રિકાળ સ્વરૂપમાં તો વીતરાગ ચારિત્ર ભર્યું જ છે. આત્મા ભગવાન છે એમાં તો અનંત ગુણમાં વીતરાગ (એક) ગુણ છે. ચારિત્રગુણ – વીતરાગ એ તો પરિપૂર્ણ પડ્યો જ છે. પણ એ ચારિત્રગુણમાંથી પ્રગટતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પામેલા. આહા..હા...! અમારી પર્યાયમાં પ્રભુ ! વીતરાગપણે પ્રગટ (થયેલું) ચારિત્ર છે. આ..હા..હા...! મને સરાગચારિત્ર છે એ વાત ન કરી. રાગ છે તેનું તો જ્ઞાન છે. અમે તો વીતરાગ ચારિત્રપણે પરિણમ્યા છીએ એ અમારો ધર્મ છે. આ..હા..હા..હા...!

'**વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો (–વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો)...**' છે ને ? પ્રગટ એટલે પર્યાય. શક્તિરૂપે તો વીતરાગચારિત્ર ત્રિકાળી છે. વીતરાગી જ્ઞાન ત્રિકાળી, વીતરાગી ચારિત્ર ત્રિકાળી, વીતરાગી સમકિત ત્રિકાળી. આ..હા..હા...! એ તો વીતરાગ જિનસ્વરૂપ જ (છે), અનંત ગુણનું સ્વરૂપ જ જિનસ્વરૂપ છે. પણ અમને તો એ ચારિત્ર પ્રગટતા પામેલું છે. આહા..હા...! પર્યાયપણે વીતરાગચારિત્ર પ્રગટ થયું છે. આ..હા..હા...! રાગ નહિ, આહા..હા...! પંચ મહાવ્રતના પરિણામ અમને પ્રગટ થયા છે માટે અમે ધર્મી છીએ એમ નહિ કહે છે. આહા..હા...!

'**(–વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા...**' આ..હા..હા...! '**મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને...**' દેખો ! આ ચારિત્ર ! વીતરાગચારિત્રરૂપે થયો એ ધર્મ. આહા..હા...! '**चरित्त खलु धम्मो।**' આવે છે ને ? આહા..હા...! '**दंसण मूलो धम्मो।**' ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે પણ ધર્મ, ચારિત્ર ધર્મ છે. આહા..હા...! અમને એ ચારિત્ર – વીતરાગચારિત્ર ધર્મપણે આ આત્મા પરિણમ્યો છે. આહા..હા...! ધન્ય અવતાર !! આહા..હા...! હજાર વર્ષ પહેલાંના મુનિ ! નગ્ન દિગંબર સંત ! 'અમૃતચંદ્રાચાર્ય' ! એમ પોકાર કરે છે... આ..હા..હા...! અમારો નાથ ! વીતરાગચારિત્રપણે પરિણમેલો મારો ધર્મ છે. પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિ એ અમારો ધર્મ નથી. આ..હા..હા...!

'**ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી...**' (અર્થાત્) ચારિત્રની વિરુદ્ધના વિઘ્નનો નાશ થયો હોવાથી. પહેલામાં નાશ થયો હોવાથી અપ્રતિહત કીધું. અહીં તો '**નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે.**' આહા..હા...! ભગવાન નિષ્કંપ છે, નિષ્ક્રિય છે એવું જે ત્રિકાળી દ્રવ્ય છે તેમાં ચારિત્રથી–વીતરાગચારિત્રથી નિષ્કંપ રહીએ છીએ. વીતરાગચારિત્રથી કંપન થાય, અસ્થિરતા (થાય) એ અમને નહિ. આ..હા..હા..હા...! અહીં તો (અજ્ઞાની) એમ કહે છે કે, 'હજી નિશ્ચય સમ્યક્ છે ઇ ખબર ન પડે તો ચારિત્રની આવી વાતું કરે ! માટે વ્યવહાર સમકિતના શમ, સંવેગ, નિર્વેદથી ઓળખે, બસ છે !' અરે..રે...! પ્રભુ ! એવા વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ તો સમ્યગ્દર્શન વિના પણ અનંતવાર આવી ગયા છે. આ..હા..હા...!

'**સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી...**' એટલું અહીં કહ્યું. વર્તમાનમાં તે વીતરાગચારિત્રપણે પરિણમેલા અમે એને '**સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે.**' આ..હા..હા...! ૯૨ ગાથા ગજબની છે !! આ 'જ્ઞાન અધિકાર'ની છેલ્લી (ગાથા છે). હવે ૯૩ (ગાથાથી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અધિકાર બદલશે. એ સમકિતનો (અધિકાર છે).

ચારિત્ર ધર્મ પરિણમ્યો છે એને વિઘ્ન કરનારનો નાશ થયો છે. આહા..હા...! વર્તમાન તો સદાય નિષ્કંપ છે. '**અતિ વિસ્તારથી બસ થાઓ.**' વિશેષ શું કહીએ ? '**અલમ।**' આ..હા..હા...! '**અલમતિવિસ્તરેણ।**' સંસ્કૃતમાં પાઠ એ છે. '**અલમ**' શું કહીએ ? બસ થાઓ ! બહુ કહીને શું કહીએ ? આહા..હા...! આવો જે ભગવાનનો વિલાસ (છે તે) અમને ધર્મ ચારિત્રપણે પરિણમ્યો છે. આ..હા..હા..હા...! '**અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદ્‌વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ;...**' આહા..હા...! 'સ્યાદ્‌વાદમુદ્રિત જૈનેન્દ્ર શબ્દબ્રહ્મ = સ્યાદ્‌વાદની છાપવાળું જિનેન્દ્રનું દ્રવ્યશ્રુત' છે. આ..હા..હા...! કોઈપણ કથન હોય તો અપેક્ષાથી (કહે). નિત્ય અને અનિત્ય આદિ. દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે. એવું સ્યાદ્‌વાદનું કથન છે. આહા..હા...!

'**જયવંત વર્તો...**' એ સ્યાદ્‌વાદના ચિહ્નવાળું જિનેન્દ્ર શબ્દબ્રહ્મ ! શબ્દબ્રહ્મ કીધું ! આહા..હા...! વીતરાગવાણી છે એ શબ્દબ્રહ્મ છે. કેમકે આત્મ-બ્રહ્મને બતાવનારી વાણી છે. આહા..હા...! શબ્દબ્રહ્મ એટલે વ્યાપક શબ્દ છે. એમ ભગવાન પણ બ્રહ્મ – આત્મ-બ્રહ્મ, આનંદ-બ્રહ્મસ્વરૂપ છે. આહા..હા...! એને બતાવનારી એ વાણીને પણ શબ્દબ્રહ્મ કીધો.

'**જયવંત વર્તો તે શબ્દબ્રહ્મમૂલક...**' સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં... આ..હા..હા...! જિનેન્દ્રનું શબ્દબ્રહ્મ તત્ત્વ (છે) તે મૂળ છે. ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન પામવામાં... આહા..હા...! '**શબ્દબ્રહ્મમૂલક...**' જેનું શબ્દબ્રહ્મ મૂળ છે. આહા..હા...! એવી '**આત્મતત્ત્વ-ઉપલબ્ધિ...**' (અર્થાત્) એવા ભગવાનઆત્માનો અનુભવ '**કે જેના પ્રસાદને લીધે...**' આ..હા..હા...! સમજાણું કાંઈ ? બહુ ઝીણું છે, બાપુ ! સંપ્રદાયમાં તો આ વાત સાંભળી જાય નહિ ! એકાંત કહી દે. અરે... બાપુ ! રાગ આદિ હો પણ એ કોઈ ધર્મ નથી, એ ચારિત્ર નથી. સમ્યગ્દર્શન છે એ પણ નિર્વિકારી દૃષ્ટિ છે અને ચારિત્ર છે એ નિર્વિકારી આત્મશાંતિ છે. આ..હા..હા...! આત્મામાં ઠરી ગયેલા ! આત્મશાંતિ છે. આહા..હા...! જેનું મૂળ તો શબ્દબ્રહ્મ–ભગવાનની વાણી છે. નિમિત્ત તરીકે બીજાની વાણી, વીતરાગ સિવાયની વાણી સમ્યગ્દર્શનમાં મૂળ નિમિત્ત તરીકે પણ હોતી નથી. આ..હા..હા..હા...! આકરું કામ થયું. શ્વેતાંબરના શાસ્ત્રો એ કાંઈ મૂળ શબ્દબ્રહ્મ નથી. આ..હા..હા...! ઝીણી વાત પડે, દુઃખ લાગે પણ શું થાય ? શબ્દબ્રહ્મ તો વીતરાગના દિગંબર શાસ્ત્રો તે શબ્દબ્રહ્મ છે. શ્વેતાંબરના ૪૫ શાસ્ત્રો છે એ શબ્દબ્રહ્મ નથી. એ સમ્યગ્દર્શનમાં મૂળ નિમિત્ત નથી. આહા..હા...!

આત્મદર્શનમાં '**શબ્દબ્રહ્મમૂલક...**' એમ કીધું ને ? '**શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ...**' (એવી આત્મતત્ત્વની) પ્રાપ્તિ, આત્માનો અનુભવ. આહા..હા...! એ વાણીમાં આત્મઅનુભવની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત કરી છે. વીતરાગવાણીમાં આત્માનો અનુભવ અને વીતરાગતાની જ વાત કરી છે. આ..હા..હા...! વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એ વીતરાગી દ્રવ્યસ્વભાવના આશ્રયે પ્રગટ કર, એ શબ્દબ્રહ્મ ભગવાનની વાણીમાં કહ્યું છે. આહા..હા...! બહુ આકરું પડે ! એક વાત નથી આવતી ? 'વાડામાંથી પાડો એક બહાર નીકળ્યો...' એવું કંઈક આવે છે. નિશાળમાં (એવું) કાંઈક આવતું.

આ..હા...! ભગવાન ત્રણલોકના નાથ ! એની વાણી શબ્દબ્રહ્મ છે. સર્વજ્ઞ જેનું મૂળ છે. વાણીનું નિમિત્ત ! અને એ શબ્દબ્રહ્મ સમ્યગ્દર્શનનું મૂલક–નિમિત્ત છે. આહા..હા...! આમાં વાદવિવાદ કાંઈ હાલે નહિ. **'જેના પ્રસાદને લીધે...'** આહા..હા...! આત્મજ્ઞાન અને આત્માના આનંદની પ્રાપ્તિ, એનું મૂળ નિમિત્ત તો શબ્દબ્રહ્મ ભગવાનની વાણી છે. **'જેના પ્રસાદને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ;...'** આ..હા..હા...! એક-એક શબ્દ અને એક-એક ટીકા ! આવી વાત છે ! **'અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ;...'** આ..હા..હા...! 'અમૃતચંદ્રાચાર્યે' તો છ મહિનાની મુદત નાખી છે. અંતર અભ્યાસ... પૂર્ણાનંદના નાથને પકડતાં... પકડતાં... અભ્યાસ કરતાં, જઘન્ય (સમય) તો અંતર્મુહૂર્ત છે પણ બહુ (કહીએ) તો છ મહિના છે. અહીં કહે છે કે, તુરત જ પ્રગટ થાય ! આહા..હા...! કળશકારે છ મહિનાનો અર્થ નથી કર્યો. જેમ બને તેમ શક્તિ પ્રમાણે–એમ કરીને અર્થ (કર્યો છે). આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! પાંચમો આરો છે, હલકો આરો છે, એને મનુષ્ય સંહનન મજબૂત નથી, સંયોગો, નિમિત્ત અનુકૂળ નથી. એ વાત રહેવા દે. આહા..હા...! ભગવાન સાક્ષાત્ બિરાજે છે ! અનંત... અનંત... ગુણથી પૂર્ણ ભરેલો ! આહા..હા...!

શ્રોતા :– પાંચમા આરામાં વિરાધક જીવો હોય એને સંસ્કાર પડે ?

સમાધાન :– એ વાત અહીં નથી કરી. અહીં તો થયું એની વાત કરી. ભલે આવ્યા ઇ વિરાધક થઈને આવ્યા, એની વાત નહિ. આ..હા..હા...! આ તો થયું – વર્તમાન એની વાત છે. પંચમ આરામાં જન્મ્યા હોય એ મિથ્યાદૃષ્ટિ થઈને આવે. આહા..હા...! એની અહીં વાત નથી. કહે છે, અનાદિ મોહગ્રંથિ હતી. પણ પ્રભુના આત્મજ્ઞાન અને અનુભવથી... આહા..હા...! તેનો છેદ થઈ ગયો ! ભવછેદ થઈ ગયો ! આહા..હા...! ભવનો છેદ થઈ ગયો. એકાદ-બે ભવ રહે એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે છે. આહા..હા...!

આ..હા...! **'જયવંત વર્તો...'** આહા..હા...! જે ભગવાનની વાણીથી આત્મ(તત્ત્વની) પ્રાપ્તિ, આત્મતત્ત્વની ઉપલબ્ધિ–અનુભવ **'કે જેના પ્રસાદને લીધે...'** ઓ..હો..હો..હો...! ૯૨મી ગાથા ! **'અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ;...'** આ..હા...! **'झगित्ये'** ટીકામાં છે. **'यत्प्रसादादुद्ग्रन्थितो झगित्येवासंसारबद्धो मोहग्रन्थिः।'** આ..હા...હા...! **'झगित्ये'** (અર્થાત્)

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંતર્મૂહુર્તમાં તરત. આહા..હા...! એક સમય માત્રમાં ! અંતર્મૂહુર્તે તો એના ખ્યાલમાં આવે. આહા..હા...! બંધાયેલી મોહગ્રંથિ ! એમ ન સમજવું, પ્રભુ ! કે, (અમારી) આવી મોટી વાત માટે લાયકાત નથી. એમ ન સમજવું. એ તો પ્રભુ છે ! એમાં ખામી શું છે ? એ પૂર્ણાનંદનો નાથ ! પૂર્ણ શક્તિનો સાગર ! એવો જે આખો મોટો ભંડાર ! એ ભંડારમાં બધું ભરેલું છે. પવિત્રપણું ભર્યું છે. આહા..હા...! પાંચમો આરો છે અને આ આરો છે ને ફલાણો છે એવું એને નડતું નથી. કેટલા થયા ? ચાર ! અડધો કલાક થયો. આહા..હા...! '**અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ...**' '**તુરત જ છૂટી ગઈ;...**' મહાવ્રતધારી સંત છે ! દિગંબર છે ! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે ! આહા..હા...!

'**અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' આ..હા..હા..હા...! એ વીતરાગચારિત્રની વ્યાખ્યા કરી. શુદ્ધ ઉપયોગ ! આ..હા..હા...! '**જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' જેમાં વ્રતના શુભરાગનો પણ અભાવ (છે) એવો શુદ્ધ ઉપયોગ ! '**જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' આ..હા..હા..હા...! એકલું વીતરાગચારિત્રસ્વરૂપ એમ નથી કહ્યું. '**પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' આ..હા..હા...! ભગવાનમાં એકલી શુદ્ધોપયોગની રમણતા ! જેને શુભઉપયોગ અડતો પણ નથી. આહા..હા...! 'આ પંચમ આરામાં આવું હોય કે નહિ ?' એમ (અત્યારે) કહે છે. (આ) કહે છે ને ! અમે સાક્ષી દઈએ છીએ ને ! વીતરાગચારિત્રપણાનો શુદ્ધ ઉપયોગ હોય છે. આ..હા..હા...! સાતમા (ગુણસ્થાનની) વાત કરી ! આ..હા..હા...! પહેલું વીતરાગચારિત્ર જ આવે. આ..હા...! એની જ વાત કરી, પછી છઠ્ઠે (ગુણસ્થાને) વિકલ્પ આવે એ (ચારિત્ર) નહિ. એને છોડીને પરમ વીતરાગચારિત્રસ્વરૂપ એવો શુદ્ધ ઉપયોગ !

પૂર્ણ અનંત... અનંત... એક-એક ગુણ પવિત્રતાથી પૂર્ણ ભરેલો અને એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ પૂર્ણ ભરેલું, એવા અનંતા... અનંતા.. ગુણોનું એકરૂપ આખું ! એ પરિપૂર્ણ પ્રભુમાં શું ખામી અને શું અધુરાશ છે ? આ..હા..હા...! કાલે જ ભક્તિ આવી હતી ને ? 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા...' 'પ્રભુ મેરે તુમ સબ બાતે પૂરા' આ..હા...! 'પરકી આશ કહાં કરે પ્રીતમ' હે પ્રીતમ ! પરમાત્મસ્વરૂપ ભગવાન ! તને જેનો પ્રેમ લાગ્યો, પ્રતીમ ! આહા..હા...! 'પરકી આશ કહાં કરે પ્રીતમ, તૂ (કિણ વાતે) અધૂરા' ક્યાં અધૂરો છે તું ? પ્રભુ ! તું ક્યાં અધૂરો છો કે તું પરની આશા રાખે છે ? ભાઈ ! મને દેવ આપી દેશે, મને ગુરુ આપી દેશે, શાસ્ત્ર આપી દેશે. આહા..હા...! (એક મુમુક્ષુને) મેં લખીને આપ્યું હતું. ઇ જરી યાદ રાખે. હવે એને પચતુ નથી. ચાર વાર લે અને આઠ વાર ઝાડા (થાય). ચિઠ્ઠી છે ને એમાં આ લખ્યું હતું 'પ્રભુ મેરે તું સબ બાતે પૂરા' સબ બાતે પૂરા, કહાં હૈ અધૂરા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહાંસે તૂ અધૂરા હૈ ? પ્રભુ ! 'પરકી આશા કહાં કરે પ્રીતમ' તને બહિર્લક્ષથી કંઈક લાભ થશે, રાગથી લાભ (થશે), અરે... પ્રભુ ! આ શું કરે છે તું આ ? આહા..હા...! તારામાં પૂર્ણ વીતરાગી અનંતા ગુણો ભર્યા છે ને ! ભંડાર છે એમાંથી કાઢવું છે ને ! આહા..હા...!

અનંતા ગુણોમાં એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ ! એવા અનંતા ગુણના રૂપ ! આહા..હા...! એક જ્ઞાનમાં અનંત આનંદનું રૂપ, અનંત અસ્તિત્વનું રૂપ, અનંત પ્રભુતાનું રૂપ, અનંત અકાર્યકારણતાનું રૂપ ! આ..હા..હા...! અનંત કર્તાપણાનું રૂપ, અનંત કાર્યપણાનું રૂપ, કાર્યપણાનું રૂપ, અનંત સાધનપણાનું રૂપ ! આ..હા..હા...! એક-એક ગુણમાં અનંત ગુણનું રૂપ ! એવો મેરો પ્રભુ ! આહા..હા...! તું ક્યાં (અધૂરો છો) ? પૂરી વાતે પૂરો છો. કહાંસે અધૂરા ? અધૂરો ક્યાં છે ? પ્રભુ ! આહા..હા...! વિકારવાળો તો નહિ, નિમિત્તના સંગવાળો તો નહિ, (પણ) અધૂરો નહિ. આહા..હા...! એવા પૂરા ગુણસ્વરૂપ પ્રભુ ! આ..હા..હા...! એનો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ જયવંત વર્તો !

શ્રોતા :– આમાં સાહેબ ! ભાવ નથી તો દીક્ષા ક્યાંથી આવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– દીક્ષા આ ! ઉપયોગ–શુદ્ધ ઉપયોગ ગ્રહણ કરવો એ ચારિત્ર (છે). આવતું નથી ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોને કહીએ ? કે, જેણે શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ! અને આ 'પ્રવચનસાર'ની પહેલી પાંચ ગાથા. આ..હા...! જેને પાંચ નિશ્ચય આચાર (વર્તે છે). જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, શુદ્ધ ઉપયોગરૂપી આચરણ–આચાર જેને વર્તે છે. આહા..હા...! આવો પ્રભુ !

કહે છે કે, **'જેના પ્રસાદથી...'** ભાષા શું છે ? આહા..હા...! આટલા બોલ નાખ્યા કે, **'પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી...'** આ..હા..હા...! **'આ આત્મા સ્વયમેવ (–પોતે જ) ધર્મ થયો.'** આ..હા..હા..હા...! પોતે ધર્મ થયો ! એ વીતરાગચારિત્ર – પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ તે સ્વયં ધર્મ થયો. આહા..હા...! આ..હા..હા...! ગજબ કર્યું છે ને ! થોડું કહ્યું ઘણું કરીને જાણજો. એવી આ વાત છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આ..હા...!

પ્રભુ ! તું પૂર્ણ છો ને, નાથ ! પાંચમો આરો કે ચોથો આરો તને નડતો નથી, પ્રભુ ! અરે...! સાતમી નરકમાં પડ્યો હોય... પ્રભુ ! આહા..હા...! પણ ત્યાં તું નથી. તું તો તારા પૂર્ણ ગુણસ્વરૂપમાં છો, પ્રભુ ! આ..હા..હા...! તને નરકગતિ અડતી નથી. નરકના દુઃખો પરમાર્થે તેના સ્વભાવને અડતા પણ નથી. એ સાતમી નરકનો સમ્યક્દૃષ્ટિ નારકી ઉત્પન્ન થયો ત્યારે મિથ્યાત્વ હતું. આહા..હા...! પછી સમ્યગ્દર્શન પામ્યો પછી પણ નીકળશે ત્યારે મિથ્યાત્વ થઈ જશે. એ વાત અહીં લીધી નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં તો હું મુનિ છું. (મારી) મોહ ગ્રંથિનો નાશ (થયો હવે) ફરીને ઉત્પન્ન થવાની નથી. આહા..હા...! શુદ્ધનયથી ચ્યુત થાય એવો પાઠ શાસ્ત્રમાં છે. અહીં (કહે છે) અમે અમારી દૃષ્ટિથી ભ્રષ્ટ થઈએ એમ છે નહિ. આહા..હા...! 'શુદ્ધનય નઃ હેય।' તાત્પર્ય આવે છે ને ? 'इदम् तात्पर्य शुद्धनयः' અમને દ્રવ્યસ્વભાવની જે દૃષ્ટિ થઈ છે... આ..હા..હા...! એનું અમને જે પરિણમન છે, એ ઉપરાંત અમને વીતરાગચારિત્ર પરિણમ્યું છે... આ..હા..હા...! પરમ વીતરાગચારિત્ર ! સ્વનો આશ્રય જ્યાં લીધો, ભગવાનના ભેટા થયા ! અને એ ઉપરાંત આ તો મુનિરાજ છે ને મુનિરાજ ! '**પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ...**' આ..હા..હા...! '**કે જેના પ્રસાદથી...**' પરમ વીતરાગ ચારિત્રસ્વરૂપ વિશુદ્ધ ઉપયોગના પ્રસાદથી '**આ આત્મા સ્વયમેવ...**' પરની અપેક્ષા વિના, વ્યવહાર રત્નત્રયની પણ અપેક્ષા વિના '**સ્વયમેવ (–પોતે જ) ધર્મ થયો.**' આ ચારિત્રરૂપી ધર્મ ! આ..હા..હા...! 'चरित्त खलु धम्मो।' આહા..હા...! ચારે કોરની વાત જુઓ તો... 'અષ્ટપાહુડ', 'પંચાસ્તિકાય', 'સમયસાર', ગોમટ્ટસાર' કોઈપણ શાસ્ત્ર (હો), દિગંબર સિદ્ધાંત કોઈપણ લે તો ભગવાનના કહેલાં (સિદ્ધાંતો) સંતો કહે છે. સંતો જાતે અનુભવીને–ચારિત્રમાં અનુભવીને કહે છે. આહા..હા...! તે ચારિત્ર વીતરાગીચારિત્ર (છે). તે ચારિત્ર શુદ્ધ ઉપયોગ (છે) તેને અમે અહીંયાં ધર્મ કહીએ છીએ. આ..હા..હા..હા...! પાંચમો આરો છે ને ઢીકણું આમ છે ને તેમ છે (એમ કહે).

(અહીંયાં કહે છે) '**આત્મા સ્વયમેવ (–પોતે જ)...**' તેથી કહ્યું ને ? પોતે જ. સ્વયં એટલે 'પોતે' અને એવ એટલે 'જ'. પોતે જ ! ઓ..હો..હો..હો...! કોઈ વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના, સ્વયં ભગવાન પરમ વીતરાગાચારિત્રરૂપ (ધર્મ થયો). આ મુનિરાજ ! આ..હા..! આ મુનિ ! આને મુનિ કહીએ, બાપા ! આ..હા..હા...! આવી દશા જેને છે એને બાહ્યપણે નગ્ન દશા હોય. બાહ્યમાં ગમે તે વેષ હોય અને અંતરમાં આવું હોય એમ નહિ. એથી બાહ્ય નગ્નપણું છે એ કાંઈ મૂળ ધર્મ નથી. આહા..હા...! હોય તો નગ્નપણું જ હોય. આવી પરમ ચારિત્રદશાવંતને નિમિત્ત હોય તો નગ્નપણું જ હોય. છતાં તે નગ્નપણું (છે) એ ધર્મ અને ધર્મનું કારણ નથી. આ..હા..હા..હા...! આવો વીતરાગ જિનેશ્વરનો માર્ગ છે !

'**(હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છેઃ)**' પાંચમો શ્લોક.

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसररसरसे ज्ञानतत्त्वे निलीय।**

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(मन्दाक्रान्ता)

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय।**
**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम् ।।५।।**

(હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છે :)

**(અર્થ :–)** એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે) એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે (અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા–જાણ્યા કરે છે).

**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम्।।५।।**

આમાં શ્લોકો થોડા છે. 'સમયસાર'માં કળશો ઘણાં છે – ૨૭૮ (છે). આમાં થોડા છે. આહા..હા...! જંબુદ્વિપનું આ ભરતક્ષેત્ર છે ને પંચમ આરો છે માટે આ ન થઈ શકે એમ નથી, પ્રભુ ! એમ સિદ્ધ કરે છે. ભરતક્ષેત્ર ક્ષેત્રમાં રહી ગયું, પંચમ આરો કાળમાં રહી ગયો, પ્રભુ ! અમારામાં ઇ કાંઈ નથી. આહા..હા...!

આ..હા..હા...! મુનિરાજ કહે છે **'એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...'** શુદ્ધોપયોગ કઈ રીતે ? સમ્યગ્દર્શન સહિત વીતરાગ પરમચારિત્રરૂપ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત કરી. આહા..હા...! આ પંચમ આરાના સંત કહે છે કે, અમે વીતરાગ શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો !! શુભને–રાગને અંગીકાર કર્યો માટે અમે મુનિ છીએ એમ નથી. આહા..હા...! આવી વાણી શ્વેતાંબરમાં ક્યાંય નથી. એના ૩૨, ૪૫ સૂત્રો(માં ક્યાંય નથી).

અહીં તો એક શ્લોક જુઓ ! આ..હા..હા..હા...! ગજબ કરે છે ને ! પરમાત્માને પ્રસિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને, પરમાત્મા પોતે છે અને પરમાત્માનું ચારિત્ર પ્રગટ થયું છે (અર્થાત્) પરમાત્મામાં ચરવું, રમવું એ પ્રગટ થયું છે. આ..હા...! અમે વ્રત પાળીએ છીએ ને દયા પાળીએ છીએ ને... આહા..હા...! એ અમારામાં કાંઈ છે નહિ. અમે પરનું તો પાળી શકતા નથી પણ વ્રતનો વિકલ્પ પણ અમે પાળીએ છીએ એ (પણ) નહિ. અમે તો શુદ્ધ ઉપયોગ(સ્વરૂપ) પરમ વીતરાગચારિત્રને પાળીએ છીએ ! આ..હા..હા...! આહા..હા...! એ અમારો ધર્મ છે, એ જિનવરનો ધર્મ છે, એ જિનેશ્વર અનંત તીર્થંકરોએ કહેલો ચારિત્રરૂપી ધર્મ છે. આહા..હા...!

**'એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...'** ચારિત્રવંતને લેવું છે ને ! પરમ વીતરાગચારિત્ર ! આ..હા..હા...! **'આત્મા સ્વયં ધર્મ થતો...'** આ..હા..હા...! આત્મા પોતાથી જ ધર્મ નામ વીતરાગપર્યાયે પરિણમતો થકો. આ..હા..હા..હા...! સંઘેયણ હલકા છે ને ફલાણું-ઢીકણું હલકું છે માટે વીતરાગચારિત્રની ધર્મદશા અત્યારે ન હોય, એમ રહેવા દે, પ્રભુ ! તું નકાર શેનો કરે છે ? આહા..હા...! તારી શ્રદ્ધામાં જ તને, પૂર્ણાનંદનો નાથ ! વીતરાગ ચારિત્રપણે પરિણમે એનું નામ ચારિત્ર અને એનું નામ ધર્મ (છે), એની તને હજી ખબર પણ નથી. આહા..હા...! એકલા સમ્યગ્દર્શનને અહીં ધર્મ નથી ગણ્યો. સમ્યગ્દર્શન તો ધર્મનું કારણ છે. આવ્યું ને ? '**दंसण मूलो धम्मो।**' ધર્મ તો ચારિત્ર જ છે. પરમ વીતરાગ ચારિત્રરૂપ શુદ્ધોપયોગ તે ધર્મ છે. આહા..હા...! તેનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન વિના એ હોય નહિ. પણ સમ્યગ્દર્શન છે માટે 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું' એમ અહીં નથી. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું' એમ નહિ (પણ) મુનિ હોય એને આત્મજ્ઞાન હોય એમ લેવું. અહીં તો (કહે છે કે) આત્મજ્ઞાન ઉપરાંત શુદ્ધ પરમ વીતરાગચારિત્ર(રૂપ) શુદ્ધ ઉપયોગ તે ધર્મ (છે). આહા..હા...!

એ **'આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી...'** આહા..હા...! '**नित्यानन्दप्रसरसरसे**' નિત્યાનંદનો પ્રસર થયો ! નિત્યાનંદ પ્રભુ ! એનો પર્યાયમાં ફેલાવ થયો. આ..હા..હા..હા...! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ ! પર્યાયમાં પ્રસર થયો–ખીલી નીકળ્યો. કમળ જેમ ખીલે એમ અતીન્દ્રિય આનંદનો સાગર, નાથ ! '**प्रसरसरसे**' આ..હા..હા...! એ ફેલાવથી ઇ સરસ છે. સ-રસ (અર્થાત્) રસ સહિત–આનંદના રસ સહિત ઇ સ-રસ છે. આહા..હા...! સરસ – સ-રસ – પોતાનો રસ – આનંદનો રસ. આહા..હા...! એ સરસ (છે). એને સરસ કહીએ. બાકીના સરસ (નથી). આહા..હા...! **'નિત્ય આનંદના ફેલાવથી સરસ (અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે)...'** આખા શબ્દનો અર્થ કર્યો. નિત્ય નામ શાશ્વત, આનંદનો વિસ્તાર, આ..હા...! ફેલાવ, એનાથી સરસ નામ રસયુક્ત છે. એનો આખો અર્થ કર્યો. આહા..હા...!

**'એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને,...' 'એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**લીધે,...**’ આહા..હા...! અત્યંત અવિચળ – ત્યાં ચળવાનું ન મળે. એકલું જામી ગયેલું રત્ન ! રત્નનો પ્રકાશ જેમ હલતો નથી છતાં પ્રકાશે છે ! આ..હા..હા...! લાખ-કરોડનું રત્ન હોય (તો) આમ પ્રકાશ હોય ! પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... (થાય) પણ હલતું નથી. આહા..હા...! આ..હા..હા...! ‘**અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા...**’ આહા..હા...! રત્નદીપની વ્યાખ્યા કરે છે.

‘**અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ–પ્રકાશવાળી શોભાને પામે છે...**’ આ..હા..હા..હા...! શું શબ્દો ! આ..હા...! આવી ટીકા ભરતક્ષેત્રમાં...! દિગંબરમાં આવી ટીકા બીજે નથી. (તો પછી) બીજે તો ક્યાં છે જ ? એવી ‘અમૃતચંદ્રાચાર્ય’ની ટીકા !! હાજરાહજૂર પરમાત્માને આમ હાથમાં – હથેળીમાં પ્રગટ બતાવે છે !! આવી વાતું છે !

શ્રોતા :– ગુરુદેવ ! આ સત્ય વાત દાંડી પીટીને ખુલ્લે-ખુલ્લી બહાર પાડી એ મુમુક્ષુજીવોનું પરમ સૌભાગ્ય છે, એવું લાગે છે !

પૂજ્ય ગુરુદેવશ્રી :– તો ત્યાં ‘પાલીતાણા’ શું લાભ લેવા ગયા હતા ? આહા..હા...! આ તો ગજબ વાત છે, બાપા ! આ..હા..હા...! ધન્ય ભાગ્ય ! જેને સાંભળવા મળે એ પણ ધન્ય ભાગ્ય છે, બાપા ! આ..હા...! પરમ સત્યનો પડકારનો પોકાર છે ! મુનિઓના પોકાર છે ! આ..હા..હા...!

‘**અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા...**’ જેમ રત્ન. ‘**દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની...**’ આહા..હા...! રત્નનો દીપક–રત્નનો દીવડો–રત્નનો દીવો ! આ..હા..હા...! આ દીવો નહિ, કહે છે. રત્નનો દીવો ! એવો ભગવાન પ્રકાશમાન રત્નનો દીવો અવિચળપણે અકંપપણે બિરાજમાન થયો. આહા..હા...! છે ? ‘**દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની નિષ્કંપ–પ્રકાશવાળી શોભાને પામે છે...**’ આ શોભા ! આ..હા..હા...! ભગવાન તો અવિચળપણે પ્રકાશની અંતર જ્યોતિવાળો સ્વભાવિક વિલસતો શોભાને પામે છે. એ શોભાને પામે છે. આહા..હા...!

‘**(અર્થાત્ રત્નદીપકની માફક...)**’ આ..હા..હા...! ચૈતન્ય રત્ન ! પેલું તો જડ રત્ન. તેથી અહીં પ્રકાશ કીધો ને ? જડ રત્ન (હોય) છે એ પણ આમ પ્રકાશવાળું હોય છે. આહા..હા...! આ ચૈતન્યરત્ન ભગવાન અંદર... આહા..હા...! ‘**(રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે).**’ આ..હા..હા...! ચાહે તો જ્ઞેયો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો... આ..હા..હા...! જાણ્યા જ કરે છે, જાણે જ છે. આ મને અનુકૂળ છે અને આ મને પ્રતિકૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એવું કંઈ છે નહિ. કેમકે જાણનાર જ્યાં જાગ્યો – પ્રકાશમય થયો... આ..હા..હા...! એ તો અનંત જે જ્ઞેયો છે એમાં આ પંચ પરમેષ્ઠી તે ઠીક અને સ્ત્રી-કુટુંબ ઠીક નહિ એવી કંઈ જ્ઞેયમાં છાપ મારી નથી. એ તો આત્મા જાણનાર છે (તો) જ્ઞેય તરીકે જાણે છે. આહા..હા...! એ ચૈતન્યના પ્રકાશમાં આ સ્ત્રી મારી, દીકરો મારો, પૈસા મારાં એવું તો કાંઈ છે નહિ. આહા..હા...! એના પ્રકાશમાં તો જે ચીજ છે તે પ્રકાશે છે – જાણે છે.

આ..હા..હા...! આવી ગાથા ! બહુ સરસ... બહુ સરસ !! આ..હા...! પાઠમાં – કળશમાં છે ને ? '**प्रसररसरसे**' (અર્થાત્) સરસ ફેલાવ – રસનો જેમાં ફેલાવ છે. અતીન્દ્રિય આનંદનો જેમાં વિસ્તાર છે. અતીન્દ્રિય આનંદનો શક્તિનો ભરેલો ભગવાન ! એ પર્યાયમાં અતીન્દ્રિય આનંદથી ખીલી ગયો છે. આ..હા..હા...! એના અતીન્દ્રિય આનંદના ફેલાવથી સરસ છે. એ અતીન્દ્રિય આનંદના ફેલાવથી એની શોભા છે. આ..હા..હા..હા...! કોઈ વ્યવહાર રત્નત્રય, નગ્નપણું એ શોભા કંઈ એની શોભા નથી. આહા..હા...! હોય એ, છતાં એ એની શોભા નથી. આ..હા...! બહુ સારી વાત ! આહા..હા...!

'**(અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા–જાણ્યા કરે છે).**' આ..હા...! જાણ્યા જ કરે છે ! જાણવાનો સ્વભાવ છે તે જાણ્યા જ કરે છે. આહા..હા...! એમાં ટીકાનો વિકલ્પ ઊઠ્યો છે, કહે છે. આહા..હા...! અમે તો અમારા ચૈતન્યના પ્રકાશથી જાણવાનું જ કામ–કાર્ય કરીએ છીએ. ટીકાનો વિકલ્પ એ અમારું કાર્ય નથી. ટીકા અમારી કરેલી નથી ! આ..હા..હા...! એ તો પુદ્ગલની પર્યાય છે, બાપુ ! આહા..હા...! એ 'જ્ઞાન અધિકાર' (પૂરો થયો).

'**(હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામના પ્રથમ અધિકારની અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે :)**' (એ) દર્શાવશે...

卐 卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(मन्दाक्रान्ता)

**निश्चित्यात्मन्यधिकृतमिति ज्ञानतत्त्वं यथावत्**
**तत्सिद्धयर्थं प्रशमविषयं ज्ञेयतत्त्वं बुभुत्सुः।**
**सर्वानर्थान् कलयति गुणद्रव्यपर्याययुक्तया**
**प्रादुर्भूतिन भवति यथा जातु मोहाङ्कुरस्य ।।६।।**

इति प्रवचनसारवृत्तौ तत्त्वदीपिकायां श्रीमदमृतचन्द्रसूरिविरचितायां **ज्ञानतत्त्वप्रज्ञापनो** नाम प्रथमः श्रुतस्कन्धः समाप्तः ।।

---

કળશ-૬
પ્રવચન નં. – ૮૬
તા. ૨૭-૦૫-૭૯

'પ્રવચનસાર'નો 'જ્ઞાન અધિકાર'નો છેલ્લો છઠ્ઠો કળશ. **'હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન...'** (અર્થાત્) જ્ઞાનનું જે કથન. **'પ્રથમ અધિકારની અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે :)'** પહેલો અધિકાર કહ્યો અને બીજો કહેશે તેની સંધિ બતાવે છે.

**निश्चित्यात्मन्यधिकृतमिति ज्ञानतत्त्वं यथावत्**
**तत्सिद्धयर्थं प्रशमविषयं ज्ञेयतत्त्वं बुभुत्सुः।**
**सर्वानर्थान् कलयति गुणद्रव्यपर्याययुक्त्या।**
**प्रादुर्भूतिन भवति यथा जातु मोहाङ्कुरस्य।।६।।**

આહા..હા...! **'આત્મારૂપી અધિકરણમાં રહેલા...'** 'જ્ઞાન અધિકાર' હતો ને ? એ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામના પ્રથમ અધિકારની અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે :)

**(અર્થ :–)** આત્મારૂપી અધિકરણમાં રહેલા (અર્થાત્ આત્માના આશ્રયે રહેલા) જ્ઞાનતત્ત્વનો એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને, તેની સિદ્ધિને અર્થે (–કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે) પ્રશમના લક્ષે (–ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી) જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક (જીવ) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી 'પ્રવચનસાર' શાસ્ત્રની શ્રીમદ્ 'અમૃતચંદ્રાચાર્યદેવ' વિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં **જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન** નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

---

એટલે આપણે ૯૦ (ગાથામાં) આવી ગયું છે. સત્ અકારણ (છે). ૯૦... ૯૦ છે ને ? '**સત્ અને અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક–એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે–કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે...**' છે ? '**તેના વડે–હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું.**' હવે એને (અહીંયાં) ટૂંકામાં 'અધિકરણ' (કહીને કહ્યું). જ્ઞાયકભાવ – ચૈતન્યભાવ (છે) એ આત્મા સાથે સંબંધ રાખે છે. આત્મામાં એ વર્તે છે. જ્ઞાયકભાવ – ચૈતન્યભાવનો આધાર આત્મા છે. આહા..હા...! એનો આધાર નિમિત્ત, રાગ અને પર્યાય પણ નહિ. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

જ્ઞાયકપણું એટલે ચૈતન્યપણું, તે પરદ્રવ્યને છોડીને મારા આત્મામાં વર્તે છે, મારા આત્મા સાથે એને સંબંધ છે. આહા..હા...! મારો આત્મા એ જ્ઞાયકતત્ત્વ–ચૈતન્યતત્ત્વ સાથે જોડાયેલ છે. આહા..હા...! એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. ચૈતન્ય અને જ્ઞાયક દ્રવ્યને આધારે અથવા દ્રવ્યને સંબંધે રહેલું છે. અહીં આધાર કહ્યો. ત્યાં (૯૦મી ગાથામાં) દ્રવ્યમાં વર્તે છે, દ્રવ્યના સંબંધમાં છે (એમ કહ્યું). પરદ્રવ્યને છોડીને ચૈતન્યસ્વરૂપ ભગવાન ! ત્રિકાળી ચૈતન્ય ! ત્રિકાળી ચૈતન્ય સ્વભાવ ! એ પ્રભુ આત્માના સંબંધવાળું, એમાં વર્તનારું (કહ્યું) એને અહીં અધિકરણ કીધું. આહા..હા...!

'**આત્મારૂપી અધિકરણ...**' (અર્થાત્) આત્મારૂપી આધાર. એમાં '**રહેલા...**' આધારમાં રહેલું. આહા..હા...! જ્ઞાનતત્ત્વનો અધિકાર પૂરો કરે છે ને ? (એટલે એમ કહે છે કે) એ ચૈતન્યતત્ત્વ જ્ઞાયકભાવ મારા આત્માના અધિકરણને આધારે રહેલું છે. મારો ભગવાન ! જ્ઞાનનો આશ્રય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહા..હા...!

('સમયસાર') 'સંવર અધિકાર'માં એમ કહ્યું (કે), ભેદજ્ઞાન (અર્થાત્) જે જ્ઞાન રાગથી ભિન્ન પડે છે એ જ્ઞાનને આધારે આત્મા જણાય છે. જણાય છે એ અપેક્ષાએ એને આધાર લીધો. મારો જ્ઞાનસ્વભાવ – 'ઉપયોગ ઉપયોગમાં છે' આહા..હા...! જ્ઞાનસ્વભાવને આધારે આત્મા છે. 'સંવર અધિકાર' ! 'ઉપયોગમાં ઉપયોગ છે' ભેદજ્ઞાનની પર્યાય–દશા થઈ તેને આધારે આત્મા જણાણો માટે તેનો આધાર પર્યાય છે, દ્રવ્ય તેનું આધેય છે. આ..હા..હા...!

અહીં કહે છે કે, મારો પ્રભુ ! જ્ઞાનનો આધાર છે. એ જ્ઞાયકગુણ જે છે, ચૈતન્યસ્વભાવ છે એ મારા આત્માના અધિકરણના આશ્રયે રહેલ છે. એનો આધાર આત્મા છે. એ જ્ઞાનનો આધાર કોઈ નિમિત્તથી જ્ઞાન થાય... આ..હા..હા...! કે, રાગથી જ્ઞાન થાય એમ નથી. કેમકે જ્ઞાનતત્ત્વ – જે ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યતત્ત્વ (છે) એનો આધાર, સંબંધ, સંયોગ આત્મા સાથે છે. આહા..હા...! '**આત્મારૂપી અધિકરણમાં રહેલા...**' આ એટલા શબ્દોનો અર્થ હાલે છે.

ભગવાનઆત્મા ! જે દ્રવ્ય છે એને આધારે રહેલું ચૈતન્ય – ચેતનને આધારે રહેલું ચૈતન્ય. આહા..હા...! ગુણીને આધારે રહેલો ગુણ. આહા..હા...! એ ગુણનો આધાર તો ભગવાનઆત્મા છે. આહા..હા...! તેથી જેને જ્ઞાન પ્રગટ કરવું હોય એણે તો જ્ઞાનનો આધાર આત્મા (છે) ત્યાં દૃષ્ટિ દેવી પડશે એમ કહે છે. આહા..હા...! ચૈતન્ય (કહેતાં) ત્રિકાળી, હોં ! પર્યાય નહિ. જ્ઞાયક ત્રિકાળી કહો કે ચૈતન્ય કહો એનો આધાર આત્મા છે. આહા..હા...! એ '**આત્મારૂપી અધિકરણમાં રહેલા...**' આહા..હા...!

એક કોર એમ કહે કે, જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે, આ જ્ઞાયકગુણ દ્રવ્યને આધારે છે. એ જ્ઞાનની પર્યાય એમ કહે છે કે, મારા ષટ્કારકના પરિણામના આધારે હું છું ! આહા..હા...! સમજાણું ? જે જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે, આ જ્ઞાયક ચૈતન્ય ગુણનો આધાર આ આત્મા છે. ઇ જાણે છે તો પર્યાય ને ? ગુણ કાંઈ જાણતો નથી. આહા..હા...! ભગવાનઆત્મા ! જેમ ત્રિકાળ છે, ધ્રુવ છે એમ જ્ઞાયકસ્વભાવ–ચૈતન્યસ્વભાવ ત્રિકાળ છે, ધ્રુવ છે પણ તેને ધ્રુવને ધરતું જે દ્રવ્ય (છે)... આહા..હા...! તેને હું ધ્રુવને ધરતા દ્રવ્યપણે નક્કી કરું છું. એ નક્કી કરનારી જે પર્યાય છે... આહા..હા...! એ પર્યાય પણ ખરેખર તો ષટ્કારકપણે સ્વતંત્ર પરિણમે છે. આહા..હા...! અરે...! લખાણ તો જુઓ ! વીતરાગના શાસનની સ્યાદ્વાદ શૈલી, આ ! રાગથી પણ થાય (અને) સ્વભાવથી પણ થાય, નિમિત્તથી પણ થાય (અને) ઉપાદાનથી પણ થાય, એ નહિ. આહા..હા...!

શ્રોતા :– દ્રવ્યને આશ્રયે ગુણ માનો તો સત્ અહેતુક ગુણ ન રહ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ગુણ છે ઇ. સત્‌ને આધારે ગુણ છે, ત્રિકાળને આધારે ગુણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રોતા :– પરાધીનતા આવી ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પરાધીનતા નથી. આ તો રહેલું છે એટલું (બતાવવું છે). રહેલું છે એટલું (બતાવવું છે). ગુણ છે ક્યાં ? ગુણ ગુણને આધારે નહિ, ગુણ દ્રવ્યને આધારે છે એટલું સિદ્ધ કરવું છે. એટલે કે ગુણનું–ચૈતન્યનું જ્ઞાયકપણું (છે તેને) દ્રવ્યની સાથે સંબંધ છે. સંબંધ છે ! ગુણ છે સ્વતંત્ર. ગુણ સ્વતંત્ર છે એ પણ ધ્રુવપણું છે અને એ ધ્રુવને ધ્રુવ દ્રવ્ય છે એની સાથે સંબંધ છે. એમ પર્યાય નિર્ણય કરે છે. આહા..હા...! ઝીણી વાત ! આહા..હા...!

અહીંયાં તો નિર્ણય કરનારી પર્યાય છે એ એમ નિર્ણય કરે છે કે, આ કાયમનો રહેલો જે ચૈતન્ય–જ્ઞાયકભાવ (છે તેને) દ્રવ્ય સાથે સંબંધ છે. એને કોઈ બાહ્ય (પદાર્થ) સાથે સંબંધ છે નહિ. એટલી સ્વતંત્રતા સિદ્ધ કરવા કહેવું છે. આ..હા...! અને ગુણ સ્વતંત્ર છે (એમ કહ્યું) પણ સ્વતંત્ર ગુણ પણ છે તો દ્રવ્યમાં ને ? ગુણ કંઈ અધ્ધર છે ? પર્યાય છે ઇ ભિન્ન છે. દ્રવ્ય અને ગુણ તો બન્ને અભિન્ન છે. આહા..હા...! શું કહ્યું ? ગુણની સ્વતંત્રતા ચાલી જાય છે એમ અહીં નથી (કહેવું). કેમકે ગુણ પણ નિત્ય છે અને એનો આધાર આત્મા પણ નિત્ય છે. એ તો અભેદ છે. પર્યાય(ની) જેમ નથી. આહા..હા...!

ખરેખર પર્યાયની ઉત્પત્તિને દ્રવ્ય પહોંચી વળે છે એમ જે કહ્યું, પર્યાયને દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે, દ્રવ્ય પામે છે... આહા..હા...! એની પર્યાયને આ દ્રવ્ય છે એ પામે છે, પહોંચે (છે), બીજું કોઈ તત્ત્વ પામતું નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા...! દ્રવ્યની પર્યાયને, ષટ્ દ્રવ્યની પર્યાયને... આહા..હા...! તે-તે પર્યાયને દ્રવ્ય પામે છે. દ્રવ્ય પહોંચી વળે છે, દ્રવ્ય પ્રાપ્ત કરે છે. એમ કહીને ઇ પર્યાય પરથી થતી નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા...!

અહીંયાં તો ગુણ છે એ ધ્રુવ છે અને દ્રવ્ય છે એ ધ્રુવ છે પણ ગુણનો આધાર તે દ્રવ્ય છે. છે આત્મા ગુણમય, ગુણમય ! છતાં ગુણનો આધાર દ્રવ્ય છે એમ (કહીને) આખી ચીજ સિદ્ધ કરવી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી ઝીણી વાતું ! આ..હા..હા...!

મહા ચૈતન્ય... એ તો આપણે આવી ગયું ને ? બહિર્-અભ્યંતર પ્રકાશવાળું ! ૯૦ (ગાથામાં) આવ્યું છે. બહિર્-અંતર પ્રકાશવાળું, જ્ઞાન અને દર્શન સ્વતઃસિદ્ધ સ્વભાવ, જાણવું અને દેખવું એવો ત્રિકાળી સ્વભાવ એકરૂપ દ્રવ્ય છે એને આધારે છે એમ કહેવું છે. આહા..હા...! ગુણથી દ્રવ્ય જુદું છે એમ નથી. પર્યાય છે તે દ્રવ્યથી જુદી છે. આહા..હા...! એક ન્યાયે અતદ્ભાવે દ્રવ્ય છે તે ગુણ નથી. કેમકે દ્રવ્ય છે એ એકરૂપ છે અને ગુણ છે તે અનેકરૂપ છે. તેથી એ અપેક્ષાએ અતદ્ભાવ કીધો. આહા..હા...! 'પ્રવચનસાર' ! આહા..હા...! પર્યાય છે એ પણ ગુણ અને દ્રવ્યને અતદ્ભાવ છે. પણ છતાં પર્યાય છે ઇ ક્ષણિક છે અને ગુણ છે એ ધ્રુવ છે. એથી તે ગુણનો આધાર – અધિકરણ પ્રભુ છે. આહા..હા...! પોતાનો ભગવાનઆત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહા..હા...! થોડામાં પણ દ્રવ્ય, ગુણ, પર્યાયની પ્રસિદ્ધિ અલૌકિક રીતે કરી છે ! બાપુ ! આ કાંઈ (સાધારણ વાત નથી).

આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણી છે, ભાઈ ! આ કોઈ આલીદુઆલીની વાત નથી. આહા..હા...! જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ તો પર્યાયને પર્યાયમાં જાણે છે. આહા..હા...! એક સમયની પર્યાયને જાણતા, પર્યાયનું સ્વરૂપ જ ત્રણકાળ ત્રણલોકને જાણે એવું (છે). ત્રણકાળ ત્રણલોક છે માટે જાણે એમ પણ નથી. આહા..હા...! એક જ સમયની કેવળજ્ઞાન-દર્શનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે છે એમ કહેવું એ તો એની શક્તિ કેટલી છે એ બતાવે છે. બાકી તો એ પર્યાય ત્રણકાળ ત્રણલોકને અડતો પણ નથી. આહા..હા...! પોતાની પર્યાય એ ત્રણકાળ ત્રણલોકને અડતી નથી. તેમ ત્રણકાળ અને ત્રણલોક જ્ઞાનની પર્યાયને અડતા નથી. છતાં જ્ઞાનની પર્યાય – કેવળજ્ઞાનની (પર્યાય) લોકાલોકને નિમિત્ત કહેવાય છે અને લોકાલોક છે એ કેવળજ્ઞાનની પર્યાયમાં નિમિત્ત (કહેવાય). નિમિત્ત કહેતાં એનાથી થયું છે એમ નહિ. આહા..હા...! લોકાલોકથી કેવળજ્ઞાન થયું છે અને કેવળજ્ઞાન છે તો એનાથી લોકાલોક થયું છે એમ નથી. પણ નિમિત્ત જ્યાં આવ્યું એટલે લોકોને એમ થઈ જાય કે, આ..હા..હા...! આખા લોકાલોકને કેવળજ્ઞાનની એક સમયની પર્યાય નિમિત્ત ! અને કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને નિમિત્ત. આ..હા...! અનંતા સિદ્ધોના અસ્તિત્વને કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત છે. એટલે ? એક બીજી ચીજ છે (એટલું). આહા..હા...!

અહીંયાં કહે છે કે, જ્ઞાનની પર્યાયે નિર્ણય કર્યો કે, આ જ્ઞાનતત્ત્વ જે છે – કાયમી તત્ત્વ (જે છે) એ કાયમી રહેલું દ્રવ્ય છે તેના અધિકરણ અને તેના સંબંધવાળું છે. આહા..હા...! એટલે એ જ્ઞાન–ચૈતન્યસ્વભાવ ચેતનને આધારે છે. ચેતન દ્રવ્ય (છે અને) ચૈતન્ય એના આધારે છે. આ..હા..હા...! એથી કરીને પરાધીન છે એમ એમાં ન થયું. એ તો અભિન્ન અભેદ છે એ અપેક્ષાએ જ્ઞાયકનો સ્વભાવ ચેતનના આધારે છે એમ કહ્યું. આહા..હા...! '**(અર્થાત્ આત્માના આશ્રયે રહેલા)...**' એવા '**જ્ઞાનતત્ત્વનો...**' ત્રિકાળી જ્ઞાયક તત્ત્વ, હોં ! '**એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને,...**' એ પર્યાય (છે). આહા..હા...!

ભગવાન ! જન્મ-મરણરહિત... બાપા ! આહા..હા...! આ જુઓને (એક મુમુક્ષુ) અહીં સામે બેસતા, લ્યો ! પાંત્રીસ વર્ષથી તો બ્રહ્મચર્ય છે. તેત્રીસ વર્ષની ઉંમરે લીધેલું. અત્યારે હેમરેજ થઈ ગયું. અહીં મકાન છે, અહીં રહેતા. આહા..હા...! દેહ જડ છે. ક્યે સમયે તેની પર્યાય કોણ થવાની... આહા..હા...! તે પર્યાયને પહોંચી વળતો એનો પરમાણુ છે. આત્મા એ પર્યાયને પહોંચે નહિ. આત્મા તો જાણનાર-દેખનાર એની પર્યાયને તો આત્મા પહોંચે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની પર્યાયને પામે. એ પર્યાય એમ જાણે છે કે... દ્રવ્ય અને ગુણથી પર્યાય ઉત્પન્ન (થાય છે એમ) હમણા આવશે ને ? ૯૩ (ગાથામાં). દ્રવ્ય ગુણાત્મક છે અને પર્યાય દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થાય છે એમ કહેશે. વસ્તુસ્થિતિ જણાવવી છે ને (એટલે એમ કહેશે). આહા..હા...! પણ પર્યાય છે એ સ્વતઃસિદ્ધ છે. આ..હા...! એ સ્વતઃસિદ્ધ પર્યાય, ષટ્કારકથી પરિણમતી પર્યાય પ્રભુ ! એ પોતે એમાં એમ જાણે છે કે, આ જ્ઞાયકતત્ત્વ છે એ ચેતનને આધારે (છે). ચેતન એટલે દ્રવ્ય. ચૈતન્ય એટલે ગુણ. ચેતન અને ચૈતન્ય–બન્નેમાં ફેર (છે). આહા..હા...! ચેતન એવું જે દ્રવ્ય, એને આધારે ચૈતન્ય એવો ગુણ (છે) એમ પર્યાયે નિર્ણય કર્યો છે. આહા..હા...! આ તો સાદી ભાષા છે. સમજાણું કાંઈ ?

**'એ રીતે યથાર્થપણે...'** જોયું ? કાયમી ચૈતન્યસ્વભાવ દ્રવ્યને આધારે છે, દ્રવ્યને સંબંધે છે, દ્રવ્યમાં એ ચૈતન્યસ્વભાવ વર્તે છે. આહા..હા...! **'એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને...'** એ પર્યાય છે. આહા..હા...! ઓ..હો..હો...! આ ભાષા તો સાદી છે. (એક જણ) કહેતું હતું કે, ચાર ચોપડીનો ભણેલો હોય એ પણ આ વાત સમજી શકે. પકડી તો શકે કે, આ શું કહે છે ? આહા..હા...! આમાં કોઈ મોટા સંસ્કૃત ને વ્યાકરણ (નથી). આહા..હા...! (આ સમજે એમાં) બધું વ્યાકરણ આવી ગયું, સંસ્કૃત આવી ગયું. જ્ઞાનતત્ત્વ દ્રવ્યને આધારે છે, એવો પર્યાયે યથાર્થ નિર્ણય કર્યો. આ..હા...!

(એવો) **'યથાર્થપણે નિશ્ચય કરીને, તેની સિદ્ધિને અર્થે...'** એટલે ? જ્ઞાન–ચૈતન્યસ્વભાવ ચેતનને આધારે છે. એથી તેની પૂર્ણ પર્યાય પ્રગટ કરવાને માટે. આહા..હા...! **'તેની સિદ્ધિને અર્થે..'** એટલે કે જે જ્ઞાયક ચૈતન્ય પૂર્ણ છે, એ પૂર્ણ સ્વરૂપ દ્રવ્યને આધારે છે એવો જે નિર્ણય કર્યો, એ નિર્ણયની પર્યાયમાં જેવું પૂર્ણ ચૈતન્ય અને ચેતન છે, એવી પૂર્ણ પર્યાયની પ્રસિદ્ધિ કરવા. આ..હા..હા...! એટલે કે પૂર્ણ પર્યાયમાં હજી આવ્યો નથી. હજી તો યથાર્થ નિર્ણય, સમ્યગ્દર્શન આદિ થયું (છે). સમજાણું કાંઈ ? આહા..હા...! જ્યારે સમ્યગ્દર્શન, જ્ઞાનમાં એમ થયું કે, આ ચૈતન્ય પૂર્ણ છે એ પૂર્ણ દ્રવ્યને આધારે છે તો પર્યાય એની પૂર્ણ થવી જોઈએ. જેવી પૂર્ણ વસ્તુ છે, પૂર્ણ ગુણ છે તો એવી જ પર્યાય પૂર્ણ થવી જોઈએ. એથી આવા નિર્ણય કરનારે **'તેની સિદ્ધિને અર્થે...'** એ પૂર્ણ (દ્રવ્ય) છે તેની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિને માટે. એમ (કહેવું છે). આહા..હા...! ભાઈ ! માર્ગ બહુ જુદી જાત છે. આહા..હા...! આ તો અંતરના માર્ગની વાતું છે. લોકો બહારથી કલ્પે છે ને ? વ્યવહાર કર્યા ને આ કર્યા, આ કર્યા, પંચકલ્યાણક કર્યા, લાખો રૂપિયા ખર્ચ્યા, ગજરથ કાઢ્યા.. એમાં શું થયું ? એમાં આત્મા ક્યાં આવ્યો ? આહા..હા...! એ થાય છે તેને જ્ઞાનની પર્યાય, જ્ઞાયકને આત્મા સાથે સંબંધ છે એમ જાણીને જાણનારો રહે છે. આહા..હા...! એ જાણનારો રહે છે ઇ જેવું પૂર્ણ સ્વરૂપ છે એવી પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયની પ્રાપ્તિને અર્થે. છે ને ? '**તેની સિદ્ધિને અર્થે...**'

પૂર્ણ ભગવાન ચૈતન્ય, ચેતનને આધારે... આ..હા..હા...! અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે છે. આ..હા...! એવા ચૈતન્યની, ચેતનને આધારે રહેલો ભગવાન એની પૂર્ણ પર્યાયની પ્રસિદ્ધિ. વસ્તુ પૂર્ણ છે તો એની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ થવાને અર્થે. આ..હા..હા...! છે ? '**તેની સિદ્ધિને અર્થે (–કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે) પ્રશમના લક્ષે...**' દ્રવ્યના લક્ષે એમ ત્યાં ન કીધું. '**પ્રશમવિષયં**' એમ પાઠમાં શબ્દ છે. પ્રશમ વિષય છે જેનો. આહા..હા...! '**(–ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી)...**' આહા..હા...! પ્રશમ–વીતરાગતા પ્રાપ્ત કરવાના હેતુથી. આહા..હા...! આમ કહ્યું ને કે, ઉપેય. ઉપાયનો ઉપેય. ઉપાય છે પણ એનો ઉપેય તો સિદ્ધપદ છે. આહા..હા...! એથી ઉપાયે, ચૈતન્યગુણ ચેતનને આધારે છે એવો નિર્ણય કર્યો. પર્યાયમાં પૂર્ણ ગુણ અને પૂર્ણ દ્રવ્યની પ્રતીતિ આવી અને પૂર્ણ છે એવું જ્ઞાન પણ પર્યાયમાં આવ્યું. પણ પૂર્ણ પર્યાય થઈ નથી. આહા..હા...! એથી એ પૂર્ણ પર્યાયને પ્રગટ કરવા માટે. છે ? '**તેની સિદ્ધિને અર્થે...**' એનો અર્થ ઇ (કે), પૂર્ણ છે તેની સિદ્ધિને અર્થે. એટલે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિને અર્થે. આહા..હા...! જેવું ચેતન દ્રવ્ય પૂર્ણ છે, એવો જ ચૈતન્યગુણ પૂર્ણ છે, એવી જ પર્યાય પૂર્ણ કેવળજ્ઞાન થાય તેને અર્થે – એમ ત્રણે પૂરા થઈ જાય. આહા..હા...! આવો માર્ગ ! પહેલાં (તો) માર્ગ જ હજી સાંભળવા મળે નહિ. અરે..રે...! આવી રીત છે.

'**પ્રશમના લક્ષે...**' દ્રવ્યના લક્ષે એમ ન કીધું, ભાઈ ! વીતરાગતા... વીતરાગતા ! ઉપેય જે વીતરાગતા છે... આહા..હા...! એને પ્રાપ્ત કરવા માટે. લક્ષ ત્યાં છે. પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ પર્યાય પ્રગટ કરવી ત્યાં લક્ષ છે એમ કહે છે. ત્યાં આગળ તેનું ધ્યેય છે. ઉપાય અને ઉપેય. દ્રવ્ય તો ધ્યેય છે એ તો દૃષ્ટિમાં ધ્યેય છે પણ પ્રગટ કરવા માટે ઉપેય–જે સિદ્ધપદ (છે) તે તેનું સાધ્ય છે. સાધવા માટે સાધ્ય એ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ શ્લોકો તો ગજબ છે ! 'અમૃતચંદ્રાચાર્ય'ના શ્લોક ! આ..હા..હા...! કેવળજ્ઞાન રેડ્યાં છે એકલા !! એના માહાત્મ્યની એને ખબરું નથી. ભગવાનઆત્મા ! પૂર્ણ જ્ઞાનનો આધાર... આહા..હા...! પૂર્ણ ચૈતન્યનો આધાર ચેતન (છે) એવો જેણે યથાર્થપણે નિર્ણય કર્યો, એને હવે પૂર્ણ જ્ઞાન પૂર્ણ ચેતનને આધારે છે – શક્તિ અને સ્વભાવરૂપે છે એને પર્યાયરૂપે (પ્રગટ) કરવા માટે. આહા..હા...! '**પ્રશમના લક્ષે...**' વીતરાગભાવના લક્ષ–હેતુથી. વાત તો ઇ છે. પ્રશમ–ઉપશમ એટલે આ ઉપશમ(સમ્યગ્દર્શન) એમ નહિ. આહા..હા...! વીતરાગભાવ છે. કષાયરહિત વીતરાગભાવની પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય... આહા..હા...! એને '**(...પ્રાપ્ત કરવાના હેતુથી)...**' આ..હા..હા...!

'**જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક...**' પોતાનું જે જ્ઞાન છે એનો આધાર આત્મા (છે) પણ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ પર્યાયમાં જેટલા જ્ઞેયો છે તેને જાણવાનો ઇચ્છક. આહા..હા...! અનંત જ્ઞેયો જે દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે તેને જાણવાનો ઇચ્છક. આહા..હા...! '**(જીવ) સર્વ પદાર્થોને...**' એ સર્વ પદાર્થોને '**દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે...**' જોયું ? અહીં તો સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે (જાણે છે). એટલે એકના દ્રવ્ય, ગુણ, પર્યાયની જ્યાં સ્વતઃસિદ્ધિ થઈ (તો) એવા અનંતા દ્રવ્ય, ગુણ, પર્યાય એ રીતે છે તેનું એને જ્ઞાન થઈ જાય છે. આહા..હા...! '**જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક...**' હવે જ્ઞેયતત્ત્વનો અધિકાર આવશે. આ જ્ઞાનતત્ત્વનો અધિકાર (પૂરો) થયો અને જ્ઞાનતત્ત્વનું પૂર્ણતાનું બતાવ્યું. હવે જ્ઞેયતત્ત્વની શરૂઆત (કરે છે). એક શ્લોકમાં બન્ને વાત કરે છે. આહા..હા...! આ પંડિતાઈની ચીજ નથી. આહા..હા...!

ભગવાન ચૈતન્ય હીરો ! પ્રકાશનો આધાર જેમ હીરો છે. આહા..હા...! એમ ચૈતન્યનો પ્રકાશ – બહિર્-અભ્યંતર બન્ને કીધાં ને ? ૯૦ ગાથામાં આવી ગયું છે. '**અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું**' એમ આવ્યું હતું. એ તો પોતાનો સ્વભાવ જ એવો છે. અંતર્મુખ પોતાને અને બહિર્મુખ પર – બન્નેને જાણવાના સ્વભાવવાળું ઇ છે. આહા..હા...! એવું એ ચૈતન્ય અને જ્ઞાયક (છે) એની પૂર્ણની પ્રાપ્તિને માટે '**સર્વ પદાર્થોને...**' આ..હા..હા...! સર્વ પદાર્થોને (જાણે છે). છદ્મસ્થ છે, સમ્યક્દૃષ્ટિ છે, જ્ઞાનતત્ત્વનો નિર્ણય કર્યો છે. એ જ્ઞાનતત્ત્વ તો જાણનારું છે. એ જાણનારું છે (તેથી) સર્વ પદાર્થોને જાણવા માટે. આહા..હા...! '**સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે...**' આહા..હા...! વજન અહીં છે – **સર્વ પદાર્થોને** ! આ..હા..હા...! અરે...! મતિ અને શ્રુતજ્ઞાનમાં આત્મા જણાણો કે, આ જ્ઞાયકભાવ ચેતનને આધારે છે, એ જીવ હવે પૂર્ણ સર્વ પદાર્થોને જાણવાનો ઇચ્છક એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો ઇચ્છક. આહા..હા...! છે ? '**તેની સિદ્ધિને અર્થે...**'

'**જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક...**' એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા માટે. આહા..હા...! '**સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.**' આહા..હા...! રાગના વિકલ્પની પણ ઉત્પત્તિ ન થાય એ રીતે પોતાના સ્વભાવને પર્યાયમાં પરિપૂર્ણ પ્રગટ કરવાનો કામી – સર્વ પદાર્થને જાણવાનો ઇચ્છક... આ..હા..હા..હા...! દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે. '**જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.**' (અર્થાત્) વીતરાગતા અને કેવળજ્ઞાન થાય. આહા..હા...! પંચમ આરાના સાધુ આમ વાત કરે છે ! અમને પંચમ આરો નડશે માટે પરને પૂર્ણ જાણી નહિ શકીએ, એમ રહેવા દે, બાપુ ! આહા..હા...! એ શું કીધું ? '**(–કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે)...**' કેવળજ્ઞાન તો અત્યારે છે નહિ, પ્રગટ થતા નથી. સાંભળને ભાઈ ! આહા..હા...!

સમ્યક્દૃષ્ટિની ભાવના કેવળજ્ઞાન પ્રગટાવવાનું ધ્યેય–સાધ્ય હોય છે. ધ્યેય–દૃષ્ટિ દ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એ જુદી વસ્તુ છે. પણ ઉપાયમાં ઉપેય જે પૂર્ણ સિદ્ધપદ છે તે તેનું લક્ષ (છે). પર્યાયની 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે શરૂઆત છે.' આહા..હા...! એક શ્લોક આ...! લ્યો, પાંત્રીસ મીનીટ તો ચાલ્યું. શ્લોક છે ચાર લીટીનો ! આહા..હા...!

અહીં તો કહેવું છે કે, પંચમ આરાનો જીવ, પર્યાયમાં જ્ઞાયકભાવનો સંબંધ દ્રવ્ય સાથે છે, એવું સમ્યગ્દર્શન થયું, એવું જ્ઞાન થયું, તે જ્ઞાન પૂર્ણ પ્રાપ્તિને અર્થે – કેવળજ્ઞાનની પ્રાપ્તિને અર્થે '**સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે...**' આહા..હા...! અત્યારે પાંચમો આરો છે એટલે સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એમ ન બની શકે, એમ નથી. એમ કહે છે. આહા..હા...!

શ્રોતા :– હેય-ઉપાદેય કરવા માટે જાણે છે ?

સમાધાન :– નહિ.. નહિ.. નહિ. પ્રગટ કરવા માટે જાણે છે – પૂર્ણ દશા પ્રગટ કરવા માટે જાણે છે. કારણ કે પૂર્ણ જાણવું એ મારી પર્યાય છે. એ પર્યાય પ્રગટ કરવા માટે, એ પર્યાયમાં સર્વ દ્રવ્ય-પર્યાય જણાશે એટલે પહેલેથી સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ જાણવા માટે પ્રયત્ન કરે છે. આહા..હા...! આવું છે ! આહા..હા...!

શ્રોતા :– બધા પ્રત્યે સમભાવ રહે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વીતરાગતા. વીતરાગભાવે પૂર્ણ પ્રાપ્તિ કરવી છે એમ કહેવું છે. આહા..હા...! '**કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.**'

'**આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**' પહેલો શ્રુતસ્કંધ – ૯૨ ગાથાનો સ્કંધ – આખો પિંડ ! (એ પૂર્ણ થયો).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com